વક્રોક્તિજીવિત

# કુન્તકનો કાવ્યવિચાર

• નગીનદાસ પારેખ •

ગુજરાત સાહિત્ય અકાદમી
ગાંધીનગર

વક્રોક્તિજીવિત

# કુન્તકનો કાવ્યવિચાર

[મૂળ, ગુજરાતી અનુવાદ તથા વિવરણ]

નગીનદાસ પારેખ

ગુજરાત સાહિત્ય અકાદમી
દફ્તર ભંડાર ભવન
સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭

'Vakrokti Jivita—Kuntakno Kavyavichar' (Poetics)
Edited & translated in Gujarati by Nagindas Parekh
Gujarat Sahitya Akademi, Gandhinagar
891·2104

© નગીનદાસ પારેખ

પ્રથમ આવૃત્તિ, સપ્ટેમ્બર ૧૯૮૮
પ્રત : ૧૧૫૦

મૂલ્ય : રૂા. ૭૫-૦૦

**પ્રકાશક**
ડૉ. હસુ યાજ્ઞિક
મહામાત્ર
ગુજરાત સાહિત્ય અકાદમી
દફતર ભંડાર ભવન, સેક્ટર ૧૭
ગાંધીનગર : ૩૮૨ ૦૧૭
ફોન : ૨૨૪૮૦

**મુદ્રક**
ભીખાભાઈ સો. પટેલ
ભગવતી મુદ્રણાલય
૧૬, અજય ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ
દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

# પ્રકાશકીય નિવેદન

ગુજરાત સાહિત્ય અકાદમીનું આ તેત્રીસમું પ્રકાશન છે. ગુજરાતી ભાષાસાહિત્યના ઉત્કર્ષવિકાસની દૃષ્ટિએ મહત્ત્વનાં હોય એવાં સર્જનાત્મક, સંશોધનાત્મક અને સૂચિ પ્રકારનાં પુસ્તકો પ્રકાશિત કરવાનો અકાદમીનો હેતુ રહ્યો છે અને ગુજરાતી, સંસ્કૃત ઇત્યાદિ ભાષાનાં તથા ગુજરાત પ્રદેશના લોકસાહિત્ય અને પ્રાણીજીવન વિશેનાં પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે.

ગુજરાતી અને સંસ્કૃત એ બન્ને ભાષાઓના સાહિત્યના અભ્યાસીઓ માટે સંસ્કૃત કાવ્યશાસ્ત્રના જાણીતા વિદ્વાન શ્રી નગીનદાસ પારેખનું આ સંપાદન ઉપયોગી બનશે. આ ગ્રન્થ પ્રગટ કરવાનો અમને આનંદ છે. નગીનભાઈએ આવો અભ્યાસપૂર્ણ ગ્રન્થ આપ્યો અને તેના પ્રકાશન સમયે પણ વિવિધ તબક્કે સાથ-સહકાર આપ્યો એ માટે આભાર માનું છું. કર્ણાટક યુનિવર્સિટીએ 'વક્રોક્તિજીવિત ઑફ કુન્તક' પુસ્તકમાંથી ડૉ. કે. કૃષ્ણમૂર્તિ સંપાદિત સંસ્કૃત મૂળ પાઠ આ પુસ્તકમાં છાપવાની અનુમતિ આપી એથી એમનો પણ આભારી છું. આ પ્રકારનાં પુસ્તકોના પ્રકાશનમાં ગુજરાતમાં શુદ્ધ અને સમયસરના મુદ્રણમાં હજુ પણ મુશ્કેલી પડતી હોય છે. અમને પણ એમાં મુશ્કેલી ઊભી થઈ ત્યારે શ્રી ભીખાભાઈએ શ્રમ અને સૂઝથી કામ પૂરું કરી આપ્યું એ માટે તથા શ્રી બાલુભાઈ પારેખનો પ્રૂફવાચન માટે આભારી છું. શ્રી. નગીનભાઈ પારેખનાં 'આનંદવર્ધનનો ધ્વનિવિચાર' અને 'મમ્મટનો કાવ્યવિચાર' જેવાં અન્ય સંપાદનોની જેમ જ આ પુસ્તકને પણ સર્વ અભ્યાસીઓનો ઉમળકાભેર આવકાર મળશે તેવી શ્રદ્ધા સાથે.

તા. ૪-૯-૮૮ હસુ યાજ્ઞિક

ગુજરાત સાહિત્ય અકાદમી મહામાત્ર

ગાંધીનગર

## ACKNOWLEDGEMENT

The Gujarat Sahitya Akademi, Gujarat State is grateful to the Karnatak University, Dharwad for the permission to use the Sanskrit text of their publication 'Vakroktijivita of Kuntaka' edited by Dr. K. Krishnamoorthy.

Gujarat Sahitya Akademi
Gandhinagar

**Hasu Yajnik**
Registrar

# એક વધુ ગંગાવતરણ

## ૧

૦. ભારતીય પરંપરામાં કાવ્યનો – એટલે કે કલ્પનોત્થ સાહિત્યનો, તેના સ્વરૂપ, પ્રભાવ અને નિર્માણનો, જેમણે કશીક આગવી દૃષ્ટિથી વિચાર કર્યો છે તેવા મીમાંસકોમાં કુન્તકનું સ્થાન પ્રથમ પંક્તિમાં છે. દસમી શતાબ્દીમાં પહોંચતાં તો કાવ્યના ખેડાણની અને તેના વિવેચનની પરિપાટી એવી ઉચ્ચ કક્ષાએ પહોંચી હતી કે અનેક શાસ્ત્રમાં જે પારંગત હોય તેવી સમર્થ પ્રતિભા માટે પણ કશીક મૌલિક સૈદ્ધાન્તિક ઉદ્‌ભાવના કરવા માટે ઓછો અવકાશ રહ્યો હતો. તોપણ તત્કાલીન કાશ્મીરની ફળદ્રૂપતા અસાધારણ હતી.

૧. કુન્તકની કાવ્યની વ્યાખ્યા બહુપાર્શ્વી છે. કાવ્ય એટલે શબ્દ અને અર્થ, પણ કેવા શબ્દાર્થ? જે શબ્દ અને અર્થ એકબીજાની સાથે મળેલા અને ભળેલા હોય અને જે અમુક બંધમાં વ્યવસ્થિત હોય. એ બંધ પણ કેવો? સર્જકના અનન્ય છટાયુક્ત સર્જનવ્યાપારનું જે પરિણામ હોય અને સંવેદનશીલ ભાવકને જે આહ્‌લાદજનક હોય.

જોઈ શકાશે કે કુન્તકની વ્યાખ્યામાં, વ્યક્ત કરનારને તેમ જ ગ્રહણ કરનારને, વ્યક્ત વસ્તુને તેમ જ વ્યક્ત કરવાની રીતને – એમ પ્રત્યેકને ઉચિત સ્થાન મળ્યું છે. અત્યારની ચલણી પરિભાષામાં કહીએ તો, કુન્તકે કર્તાનો, ભાવકનો અને કૃતિનો – તથા કૃતિના પણ અર્થ, ભાષાશૈલી અને 'સંરચના'નો – પોતાની વ્યાખ્યામાં સુસંગતપણે સમાવેશ કર્યો છે. તેને પરિણામે, આધુનિક કાવ્યવિચારમાં ઐકાન્તિક સર્જકનિષ્ઠા, કૃતિનિષ્ઠા કે બંધારણનિષ્ઠા, અને ભાવકનિષ્ઠા – એવા એવા કારણે જે અતિરેકો સર્જાયા છે, જે ખાઈઓ ખોદાઈ છે તેનાથી કુન્તક બચે છે.

૨. કુન્તકના સિદ્ધાન્તભવનની આધારશિલા – તેના વિચારપિંડનું પ્રાણપ્રદ તત્ત્વ વક્રતા. તેના મતે કાવ્યકૃતિના વર્ણથી લઈને સમગ્ર દેહ સુધીના ઘટકોનું વક્રતા અવિનાભાવી લક્ષણ છે. કાવ્ય એટલે વક્રોક્તિ.

સાદીસીધી, ચાલુ, લોકપ્રસિદ્ધ ઉક્તિના વિરોધે કાવ્યની ઉક્તિ વિશિષ્ટ હોય છે. રાજશેખર કહે છે, કાવ્ય એટલે ઉક્તિવિશેષ. ભોજ કહે છે,

કાવ્ય ઉક્તિપ્રધાન હોય છે. રાઘવને પારિભાષિક સંજ્ઞા લેખે 'ઉક્તિ'નું આપણી કાવ્યવિચારની પરંપરાને આધારે સવિસ્તર વિવરણ કર્યું છે. વ્યવહારભાષા અને કાવ્યભાષા વચ્ચે શો ભેદ છે તેની આ વાત છે. તો કાવ્ય-વિચારના સંદર્ભે આ 'ઉક્તિ'નો વિશેષ શેમાં રહેલો છે? કુન્તક કહે છે. કાવ્યની ઉક્તિ 'વક્ર' હોય છે, અન્યત્ર માત્ર 'વચસ્' હોય છે, પણ કાવ્યમાં 'વક્ર વચસ્' હોય છે.

તો વક્રોક્તિ એટલે કેવી ઉક્તિ? જે ઉક્તિ અસાધારણ છે, વિચિત્ર છે, અતિશયવાળી છે, રમણીય છે, વિદગ્ધતાની છટાવાળી છે, જે પ્રતિભાવંત કવિની—વક્ર કવિની પ્રવૃત્તિનું પરિણામ છે, એવી ઉક્તિ તે વક્રોક્તિ.

કવિને જે કહેવાનું હોય, તે આગવી રીતે જ કહી શકાય. સ્થૂળ-પણે એ અર્થને વ્યક્ત કરતી અનેક શકય ઉક્તિઓ હોય પણ કવિનો વિવક્ષિત અર્થ અમુક શબ્દવિશેષ જ વ્યક્ત કરી શકે, અન્ય કોઈ શબ્દ નહિ અને એવી જ રીતે વ્યક્ત થયેલો અર્થ તે જ કાવ્યાર્થ. તે જ સહૃદયોને આહ્લાદ આપે. 'વક્રોક્તિજીવિત'માં કાવ્યકૃતિની પ્રત્યેક કક્ષાએ પ્રકટ થતી, પ્રવર્તતી વક્રતાનું અનેક ઉત્કૃષ્ટ કવિઓમાંથી ઉદાહરણો આપીને ક્રમશઃ સ્વરૂપવિવરણ કરેલું છે. તેમાં કૃતિનાં અકળ સૌંદર્યસ્થાનોને સહજપણે કળતી કુન્તકની સૂક્ષ્મદર્શિતા સર્વત્ર પ્રતીત થાય છે.

કવિ કૃતિનો નિર્માતા છે. કૃતિ અને ભાવકના સંયોગથી કાવ્યનિષ્પત્તિ થાય છે. આ કાવ્યનિષ્પત્તિ એટલે શું? કાવ્યનિષ્પત્તિ એટલે કૃતિના ભાવનથી ભાવકને થતો વૈચિત્ર્યનો અનુભવ. તેને ભંગિ, વિચ્છિત્તિ, સૌંદર્ય, હૃદ્યત્વ, શોભા, મનોજ્ઞતા, ચારુત્વ વગેરે નામે પણ ઓળખાવેલ છે. આ વૈચિત્ર્ય પ્રસિદ્ધ વ્યવહારસરણીને અતિક્રમતું હોય છે—એ અર્થમાં તે અલૌકિક હોય છે. એને સિદ્ધ કરવા કવિ પ્રસિદ્ધ માર્ગને ત્યજી દઈને અર્થ અન્યથા કહે છે તે વક્રોક્તિ. એ કવિકૌશલથી નિર્મિત છટા છે, કવિપ્રતિભાની પ્રૌઢિનું પરિણામ હોય છે—એટલે કે પ્રતિભાથી ઉલ્લિખિત એવા કવિવ્યાપારનું પરિણામ હોય છે.

ભામહે વક્રોક્તિને કાવ્યાલંકારનો અનિવાર્ય ધર્મ ગણ્યો છે અને કાવ્યત્વ અલંકાર ઉપર જ નિર્ભર હોવાથી તેના મતે વક્રોક્તિ એ કાવ્યનો સ્વભાવ છે. દંડીએ પણ સ્વભાવોક્તિને માન્યતા આપી હોવા છતાં વક્રોક્તિને સર્વાધિક મહત્ત્વની ગણી છે. પરંતુ કુન્તકે વક્રોક્તિને કાવ્યનું

જીવિત જ કહી છે, કારણ કે તેને લીધે જ કાવ્ય દ્વારા લોકોત્તર–ચમત્કાર-કારક વૈચિત્ર્યનો ભાવકને અનુભવ થાય છે. એ સાક્ષાત્ અનુભવની બાબત છે, તર્ક કે અનુમાનનો વિષય નથી.

૩. એક પ્રશ્ન એવો સહેજે થાય કે અત્યન્ત વર્ચસ્વી એવા ધ્વનિ-સંપ્રદાયના ધ્વનિતત્ત્વનું કુન્તકના કાવ્યસિદ્ધાન્તમાં શું સ્થાન છે? ધ્વનિ અને વક્રતાની વચ્ચે કેવોક સંબંધ છે? આ બાબતમાં 'એકાવલી'કાર વિદ્યાધર કહે છે કે કુન્તકે ધ્વનિનો 'ભક્તિ'માં – એટલે કે લક્ષ્યાર્થમાં અન્તર્ભાવ થતો હોવાનું માન્યું છે. વિદ્યાધરના કથનનું તાત્પર્ય એ છે કે કુન્તકે ઉપચાર-વક્રતા અને વક્રતાના અન્ય પ્રકારો નીચે ધ્વનિને લગતા બધા ખ્યાલોનો સમાવેશ કર્યો છે. રુય્યકે પણ કહ્યું છે કે 'વક્રોક્તિજીવિત'-કારે વક્રતા વગેરે દ્વારા સમગ્ર ધ્વનિપ્રપંચને જ સ્વીકાર્યો છે.

'વક્રોક્તિજીવિત'નું વિષયનિરૂપણ સુવ્યવસ્થિત છે. કાવ્યની વ્યાખ્યા અને સામાન્ય સ્વરૂપ પહેલા ઉન્મેષમાં રજૂ કરી, બીજા ઉન્મેષમાં કાવ્યના વર્ણનું અને પદાંશનું, ત્રીજા ઉન્મેષમાં પદાર્થનું અને વાક્યાર્થનું અને છેવટના ચોથા ઉન્મેષમાં પ્રકરણનું અને પ્રબંધનું સ્વરૂપ સમુચિત ઉદાહરણોના વિવરણ સાથે નિરૂપ્યું છે.

૪. વિવિધ કાવ્યતત્ત્વોના નિરૂપણમાં કુન્તકનું સ્વતંત્ર અભિગમ અપનાવવાનું વલણ સહેજે જોઈ શકાય છે, અને તે તે સ્થળે તેની સ્વ-પક્ષની સ્થાપના તર્કપુષ્ટ, સબળ અને સ્પષ્ટ હોવાનું આપણને પ્રતીત થાય છે. રીતિવાદીઓ પાસેથી કુન્તક માર્ગ અને ગુણનાં તત્ત્વ સ્વીકારે છે, પણ તેમનું સ્વરૂપ અને વ્યવસ્થા તે પોતાની રીતે નિશ્ચિત કરે છે. સુકુમાર, વિચિત્ર અને મધ્યમ એવા ત્રણ જ માર્ગ; તે તે માર્ગ અનુસાર જુદી જુદી પ્રકૃતિવાળા માધુર્ય, પ્રસાદ, લાવણ્ય અને આભિજાત્ય એવા ચાર વિશિષ્ટ ગુણ તથા ઔચિત્ય અને સૌભાગ્ય એવા બે સર્વસામાન્ય ગુણ – એ રીતની કુન્તકની વ્યવસ્થા રીતિવિચાર અને ગુણવિચારની પરંપરામાં વધુ સંગીન જણાય છે. અહીં તેમ જ અન્ય બાબતોમાં કુન્તકનું નિરૂપણ વ્યવસ્થા સ્વીકારવા છતાં શાસ્ત્રીય જડતાથી બચે છે. અને તર્કના ચોકઠામાં બંધ-બેસતા ન થતા સહૃદયના કાવ્યાનુભવને માટે અવકાશ રાખે છે. માર્ગો એ દેશધર્મો નથી, પણ કવિના સ્વભાવ પર આધારિત છે – એટલે કે કવિની શક્તિ, વ્યુત્પત્તિ અને અભ્યાસ પર આધારિત છે, તથા ત્રણેય માર્ગો સમકક્ષ છે, તેમાં તરતમભાવ નથી એવું કુન્તકનું સ્પષ્ટ પ્રતિપાદન આપણને ઘણું આધુનિક લાગે છે.

૫. કુન્તકે વાકચવૈચિત્ર્ય નીચે અર્થાલંકારોનું નિરૂપણ કર્યું છે. અર્થોની રમણીય ગોઠવણીના વિવિધ પ્રકારો અનુસાર જે વિવિધ અલંકાર માન્ય કરાય છે, તેમાં આલંકારિકો વચ્ચે ઠીકઠીક મતભેદ રહ્યો છે. મતભેદ એ જાતનો છે: અમુક પ્રકારની ગોઠવણીને રમણીય ગણવી કે નહિ – તેને અલંકાર ગણવો કે કેમ તે બાબત, અને અમુક ગોઠવણીને સ્વતંત્ર અલંકારનો મોભો આપવો કે તેને કોઈ બીજા અલંકારના પેટામાં મૂકવી તે બાબત. આલંકારિકોનું ઉત્તરોત્તર વલણ અલંકારની સંખ્યા વધારવાનું રહ્યું છે. કુન્તકની વિવેકદૃષ્ટિ એ વલણને ખાળે છે. સમુચિત દલીલો આપીને તે સ્વભાવોક્તિ, પ્રેયસ્, ઊર્જસ્વી, ઉદાત્ત, આશિષ, સમાહિત, વિશેષોક્તિ, યથાસંખ્ય, હેતુ, સૂક્ષ્મ, લેશ જેવાને અલંકાર ગણવાની ચોખ્ખી ના પાડે છે; બીજી બાજુ તે ઉપમેયોપમા, તુલ્યયોગિતા, અનન્વય, પરિવૃત્તિ, નિદર્શના, પદાર્થોપમા, કલ્પિતોપમા, પ્રતિવસ્તૂપમા, પ્રતીયમાનોપમા, સમાસોક્તિ, ઉપમારૂપક જેવાને ઉપમાના પેટાપ્રકાર તરીકે સ્થાન આપે છે.

૬. સંસ્કૃત કાવ્યશાસ્ત્ર ઉપર કેટલાક આધુનિકોએ એવો આક્ષેપ કરેલો છે કે તે માત્ર છૂટક પદ્યોનું જ વિવેચન કરે છે, સમગ્ર કે અખંડ કૃતિ સાથે તે કામ પાડતું નથી કે પાડી શકતું નથી. કુન્તકનું પ્રકરણ-વિવેચન અને પ્રબંધવિવેચન આ આક્ષેપનો જાણે કે સબળ રદિયો આપે છે. તેમાં કુન્તકે પ્રસ્તુત કરેલાં અનેક ગણ્યમાન્ય કૃતિઓનાં વિવેચન એવાં સૂઝબૂઝવાળાં અને કૃતિના બહિરંગ તેમ જ અંતરંગના વિશ્લેષણ પર આધારિત છે કે આજના વિદગ્ધ વિવેચકને પણ તેમાંથી ઠીક ઠીક શીખવાજાણવાનું મળશે.

કૃતિના વિવિધ અંશો પરસ્પરાધીન અને એકબીજાને અનુપ્રાણિત કરતા હોય છે; ઉત્તમ કૃતિમાં કુતૂહલ અધ્ધર શ્વાસે ટકી રહે અને પરાકાષ્ઠાએ પહોંચે તેવું કથાવસ્તુ હોવું જોઈએ અને અંત અસાધારણ રહસ્યસ્ફોટથી વિસ્મયજનક હોવો જોઈએ; સ્વયં આસ્વાદ્ય હોવા છતાં જે પ્રધાન વસ્તુને પુષ્ટ ન કરતા હોય તેવા કથાંશો દોષરૂપ છે; જે માત્ર કથાવસ્તુ પર નિર્ભર ન હોય પણ રસનિષ્પત્તિના સૌંદર્યથીય મંડિત હોય એવી કૃતિ જ ચિરંતન બને; કૃતિના મર્મ કે તાત્પર્યનું સૂચક હોય એવું તેનું નામકરણ કવિકૌશલનું દ્યોતક છે – એવા એવા અનેક વિચારો કુન્તકની કાવ્યમીમાંસાનાં ચિરંતન તત્ત્વો છે. ઉત્તમ રચનાઓના ઉત્તમ અંશોના સળેસળ ખોલી આપતું તેનું દૃષ્ટિસંપન્ન વિવેચન વિસ્મયકારક છે.

૭. કાવ્યકૃતિઓના માર્મિક વિવરણને આધારે સાહિત્યના સ્વરૂપનો અને તત્ત્વનો વિચાર કરનાર ભારતીય આચાર્યોની નક્ષત્રમાળામાં કુન્તકની દ્યુતિનો ઝળહળાટ અનેરો છે. વિચારણા, નિરૂપણ અને શૈલી ઉપર કર્તાના વ્યક્તિત્વની મુદ્રા જેવી 'વક્રોક્તિજીવિત'માં અંકિત થયેલી પ્રગટપણે અનુભવાય છે, તેવી બીજા અલંકારગ્રંથોમાં નથી અનુભવાતી. સૂક્ષ્મ સંવેદનશીલ રુચિતંત્ર, પ્રતીતિનો રણકાર, મર્મગ્રાહી સૂઝ, ખંડનું તેમ જ અખંડનું આકલન અને સહૃદયી ભાવોદ્રેકના સંસ્પર્શવાળી અભિવ્યક્તિ – 'વક્રોક્તિજીવિત'કારની આવી ગુણસંપત્તિને લીધે એ અલંકારગ્રંથના પરિશીલનથી આપણી કાવ્યપદાર્થની સમજ સૂક્ષ્મ અને ઊંડી તો બને જ છે, પણ સાથોસાથ એ પરિશીલન પોતે એક અવિસ્મરણીય, રમણીય અનુભૂતિ બની રહે છે.

## ૨

૧. આવા એક કાવ્યમર્મજ્ઞ, કાવ્યતત્ત્વજ્ઞ અને પ્રકાંડ પંડિતના ગ્રંથમણિનો અનુવાદ એ ભારે ભગીરથકાર્ય ગણાય. તે માટે કાવ્યશાસ્ત્રની વ્યાપક અને ઊંડી જાણકારી જોઈએ. લાંબો સમય માનસિક અને શારીરિક પરિશ્રમ કરવાનો રહે. ઘણી ધીરજ જોઈએ. આ બધી મૂડીથી નગીનદાસભાઈ ઘણા મૂડીદાર હોવાનું આપણે જાણીએ છીએ. એમણે આ પહેલાં આનંદવર્ધન, જગન્નાથ અને મમ્મટ જેવા વાગ્દેવતાના અવતારોનો ગુજરાતી અવતાર સિદ્ધ કરેલો છે. ગાંધીટાગોરના જીવન અને સાહિત્યની પ્રેરણા અને વિદ્યાપીઠના ગુરુવર્યો પાસેથી મળેલી દીક્ષાથી તેમનો જ્ઞાનયજ્ઞ સાઠેક વરસથી વણઅટક્યો અહોરાત્ર ચાલતો રહ્યો છે. તેમની નજરમાં 'વક્રોક્તિજીવિત' વસી ગયું એટલે તેના અનુવાદનું કાર્ય બે-ત્રણ વરસ – ક્વચિત્ લગાતાર તો કવચિત્ છૂટક-ત્રુટક રૂપે – તેમનું નિત્યનું અનુષ્ઠાન બની ગયું. આ પુરુષાર્થ કરતાં તેમને કેટલા અને કેવા ઊંડા પાણીમાં ઊતરવું પડયું તેનો હું કેટલેક અંશે સાક્ષી છું.

૨. વિચારણાની ઝીણવટને લીધે વક્રોક્તિજીવિતની શૈલી વિદગ્ધ અને વિકટ છે. એક બાજુ કુન્તક જેમ પ્રત્યેક કારિકાના શબ્દેશબ્દનું સવિસ્તર વિવરણ આપે છે તથા ઉદાહરણોના માર્મિક અંશોનું આનંદ, વિસ્મય અને કૌતુકના અહોભાવી ઉદ્ગાર સાથે રહસ્ય પ્રગટ કરે છે, તેમ બીજી બાજુ તે ખંડનમંડન અને વાદવિવાદની શૈલી પણ અપનાવે છે. વિવિધ સ્થાપિત મતો અને પક્ષોની પરંપરા સામે પ્રબળ યુક્તિઓને આધારે વિપક્ષનું

ખંડન અને સ્વમતનું સ્થાપન તેણે અનેક સ્થળે કર્યું છે, અને તેમાં ઘણી વાર યુક્તિ-પ્રતિયુક્તિની જટાજાળ મિતાક્ષરી શૈલીને લીધે અનુવાદક માટે દુરૂહ બને તેમ છે.

૩. આ વિષમતામાં 'વક્રોક્તિજીવિત'ના પાઠની કેટલીક અસ્પષ્ટતા અને અશુદ્ધિને કારણે વૃદ્ધિ થાય છે, જેથી પંડિતો પણ ગૂંચવાય એવાં સ્થળોની તેમાં ખોટ નથી. કૃષ્ણમૂર્તિએ 'વક્રોક્તિજીવિત'ના ચોથા ઉન્મેષનો પાઠ પ્રથમ વાર પ્રસ્તુત કર્યો અને આગળના ઉન્મેષોની પાઠશુદ્ધિ પણ તેમણે જેસલમેરની મહત્ત્વની હસ્તપ્રતને આધારે કરી છે. તે ઉપરાંત અંબાપ્રસાદના 'કલ્પલતાવિવેક'માં ઉદ્ધૃત પાઠોનો પણ તેમણે લાભ લીધો છે. તેમ છતાં કેટલાંક સ્થળ અસ્પષ્ટ કે શંકાસ્પદ રહ્યાં છે, અને નગીનદાસભાઈએ શ્રીકૃષ્ણમૂર્તિનો પાઠ લીધો હોવા છતાં, કેટલેક સ્થળે અન્ય પાઠો લેવાનું તેમને યોગ્ય લાગ્યું છે. 'વક્રોક્તિજીવિત'ના અનુવાદની દુર્ઘટતાનો ખ્યાલ એ વાત ઉપરથી પણ આવશે કે કૃષ્ણમૂર્તિના અંગ્રેજી અનુવાદમાં તેમ જ ચૌખંભા આવૃત્તિમાં આપેલા રાધેશ્યામ મિશ્રના હિંદી અનુવાદમાં પણ કેટલાંક સ્થળોએ અર્થ અસ્પષ્ટ કે અપ્રતીતિકર લાગે છે. કૃષ્ણમૂર્તિએ તો પોતાના અંગ્રેજી અનુવાદની શૈલીસજાવટ કરી હોવાથી તેમાં ઘણે સ્થળે શબ્દશઃ અર્થને બદલે ભાવાર્થ મળે છે.

૪. નગીનદાસભાઈએ યથાશક્ય એ અનુવાદોનો લાભ લીધો છે. પણ તેમનું પ્રયોજન સંસ્કૃત ન જાણનાર ગુજરાતી વાચકો સુધી 'વક્રોક્તિજીવિત'ને પ્રમાણભૂત રીતે પહોંચાડવાનું છે. જો તેમનો ગુજરાતી અનુવાદ ખોડંગાતો, પરતંત્ર, સંસ્કૃત શૈલી અને અભિવ્યક્તિના પડછાયા જેવો, 'તરજુમિયો' બને તો વાચકોને માટે આ કઠિન ગ્રંથના અવગમનમાં ભારે અંતરાયો ઊભા થાય. એટલે યોગ્ય રીતે જ નગીનદાસભાઈએ અનુવાદને મૂળાનુસારી રાખીને પણ અભિવ્યક્તિની દૃષ્ટિએ શક્ય તેટલો સ્વાભાવિક અને પ્રાસાદિક કરવા પ્રયાસ કર્યો છે. સંસ્કૃત પંડિતોને જો આમાંથી દસવીશ સ્થાને વિગતોમાં સુધારો કરવા જેવું લાગશે, તો નગીનદાસભાઈ તેને જરૂર આવકારશે. અને આ અનુવાદ કરતાં વધુ સારો, વધુ વિશદ અને પ્રમાણભૂત અનુવાદ કોઈના તરફથી મળશે તો આપણે સૌ રાજીના રેડ થઈશું.

મારી તો સંસ્કૃતજ્ઞોને વિનંતી છે કે તેઓ આપણા વ્યાપક જિજ્ઞાસુ વર્ગને માટે કુન્તક સહિતના બધા કાવ્યમીમાંસકોની સંક્ષિપ્ત પણ

પ્રમાણભૂત વિચારણા રજૂ કરતી તથા વિવિધ કાવ્યવિષયોનો જુદા જુદા વિચારસંપ્રદાયો અનુસાર પરિચય આપતી, વિશદ શૈલીમાં લખાયેલી પુસ્તિકાઓની શ્રેણી તૈયાર કરી આપે. તેમાં યથાસ્થાને સંસ્કૃત-પ્રાકૃત ઉપરાંત ગુજરાતી, હિંદી, બંગાળી વગેરે કૃતિઓમાંથી પણ સમુચિત દષ્ટાંત જોડી શકાય.

ભારતીય કાવ્યશાસ્ત્રના કેટલાક પાયાના ગ્રંથોને ગુજરાતી કાવ્યતત્ત્વરસિકો માટે સુલભ કરી આપવાનું ભગીરથ કાર્ય વર્ષો સુધી કરતા રહીને નગીનદાસભાઈએ જે ઋણનો બોજ આપણા પર ચડાવ્યો છે, તે ત્યારે જ કાંઈક હળવો કરી શકીએ, જ્યારે આ ક્ષેત્રમાં એમણે કરેલા કામને આપણે આગળ ચલાવીએ અને વિસ્તારીએ.

હરિવલ્લભ ભાયાણી

# નિવેદન

'ધ્વન્યાલોક' પછી હું 'વક્રોક્તિજીવિત'નું કામ શરૂ કરવાનું વિચારતો હતો પણ સ્વ. મુ. શ્રી રસિકલાલ પરીખની ઇચ્છાને માન આપી વચ્ચે 'કાવ્યપ્રકાશ'નું કામ પતાવ્યું. એ પછી 'વક્રોક્તિજીવિત'ના કામની શરૂઆત ૧૪-૧૧-૮૨ દિવાળીના દિવસે થઈ પણ ૨૬-૧૧-૮૨થી કામ બંધ રહ્યું અને ફરી ૩-૧-૮૩થી શરૂ થયું. ૧૪-૨-૮૩ એ પહેલો અને ૪-૩-૮૬ એ બીજો ઉન્મેષ પૂરો થયો. ૨૧-૩-૮૩થી કામ ફરી બંધ પડ્યું. દરમ્યાન હું લખેલો ભાગ ડૉ. ભાયાણી સાથે વાંચી ગયો. ફરી ૬-૯-૮૩થી લેખન ચાલુ થયું અને ૧૨-૧૦-૮૩ના રોજ ત્રીજો અને ૨૮-૧૦-૮૩ના રોજ ચોથો ઉન્મેષ પૂરો થયો. આમ, વચમાં કામ બંધ રહ્યું તે ગાળા બાદ કરતાં કુલ સાત મહિને કામ પૂરું થયું. એ પછી ત્રીજો અને ચોથો ઉન્મેષ પણ હું ડૉ. ભાયાણી સાથે વાંચી ગયો.

આ પહેલાંના મારા બે ગ્રંથો — 'ધ્વન્યાલોક – આનંદવર્ધનનો ધ્વનિવિચાર' અને 'કાવ્યપ્રકાશ – મમ્મટનો કાવ્યવિચાર' — ની પેઠે આ ગ્રંથમાં પણ મારો પ્રધાન આશય કુંતકનો કાવ્યવિચાર ગુજરાતી વાચકો સમક્ષ રજૂ કરવાનો છે અને તેથી અનુવાદ કરવામાં મેં કેટલીક વાર કારિકાના અનુવાદમાં વૃત્તિનો ભાગ સમાવી દીધો છે, અને ક્યાંક સમજૂતી પણ દાખલ કરી છે, પણ મૂળ જોનાર એ તરત તારવી શકે એવું છે. વળી, કારિકા, વૃત્તિ અને વિવરણ ત્રણે માટે જુદા જુદા ટાઇપની વ્યવસ્થા કરી છે એટલે એ ભાગો જુદા તો પડે જ છે, પણ લખાણ સળંગ વાંચી શકાય એવું રહે એની કાળજી રાખી છે.

આ ગ્રંથ માટે મેં ડૉ. કૃષ્ણમૂર્તિ સંપાદિત પાઠ જ સ્વીકારી લીધો છે; જોકે એમાં કેટલેક સ્થળે ફેરફાર કર્યા છે અને તેની યાદી અલગ આપી છે. કૃષ્ણમૂર્તિ સંપાદિત પાઠ આ ગ્રંથ માટે વાપરવાની પરવાનગી આપવા માટે હું કર્ણાટક યુનિવર્સિટીનો આભારી છું.

ડૉ. કૃષ્ણમૂર્તિના ગ્રંથ ઉપરાંત મેં આચાર્ય વિશ્વેશ્વર સંપાદિત હિંદી 'વક્રોક્તિજીવિત'નો તેમ જ ચૌખંબા ગ્રંથમાળાના શ્રી રાધેશ્યામ શર્મા સંપાદિત 'વક્રોક્તિજીવતિ'નો પણ મારી સમજ માટે ઉપયોગ કર્યો છે. એ જ રીતે ડૉ. દાસગુપ્તના લેખની પણ મદદ લીધી છે. એ સૌ વિદ્વાનોનો

અહીં ઋણસ્વીકાર કરું છું.

ડૉ. ભાયાણીની મદદ વગર આ ગ્રંથ કદાચ તૈયાર થયો જ ન હોત, એટલો બધો શ્રમ અને સમય એમણે એની પાછળ આપ્યા છે. અને ગ્રંથ છપાવા માંડચો ત્યારે હું પ્રૂફ જોઈ શકું એમ ન રહેતાં, અંતિમ પ્રૂફ જોવાનું પણ એમણે સ્વેચ્છાએ ઉપાડી લીધું અને તે પાર ઉતાર્યું. ઉપરાંત, પોતાની અનેકવિધ વિદ્યાકીય પ્રવૃત્તિઓમાંથી સમય કાઢી પ્રસ્તાવના પણ લખી આપી. આ બધાનો આભાર શી રીતે માની શકાય? એટલે એ મિથ્યા પ્રયત્ન કરતો નથી.

ડૉ. વી. એમ. કુલકર્ણીએ આ કામમાં રસ થઈ અવારનવાર સલાહ-સૂચન આપ્યાં છે તે માટે હું તેમનો પણ આભારી છું.

આ અનુવાદનો પહેલો ઉન્મેષ અને બીજા ઉન્મેષનો શરૂઆતનો ભાગ ત્રૈમાસિક 'વિવેચન'માં પ્રગટ થયા હતા તેની હું સાભાર નોંધ લઉં છું. એ જ રીતે, આ ગ્રંથની સૂચિઓમાં અધ્યાપક શ્રી વિજય પંડયાએ કરેલી મદદનો પણ મારે સાભાર ઉલ્લેખ કરવો જોઈએ. અંતે, આ ગ્રંથનું પ્રકાશન હાથ ધરવા માટે હું ગુજરાત સાહિત્ય અકાદમીનો પણ આભાર માનું છું.

આ ગ્રંથની સાથે મારે હાથે સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ચાર પ્રધાન આચાર્યોનો કાવ્યવિચાર ગુજરાતીમાં રજૂ થઈ શકચો એનો મને એક પ્રકારનો સાત્ત્વિક આનંદ છે. આશા રાખું છું કે આ પ્રયત્ન પણ કાવ્ય-જિજ્ઞાસુઓને ઉપયોગી થઈ પડશે.

૨૧, સરદાર પટેલ નગર
અમદાવાદ-૬
રામનવમી : ૨૬-૩-૮૮

નગીનદાસ પારેખ

# અનુક્રમણિકા

[વિષયની સાથે કૌંસમાંના આંકડા કારિકાના છે]


| | |
|---|---|
| **ઉન્મેષ પહેલો** | ૩–૧૦૦ |
| વૃત્તિનું મંગલાચરણ | ૩ |
| ગ્રંથનું મંગલાચરણ (૧) | ૪ |
| ગ્રંથનું નામ, વિષય અને પ્રયોજન (૨) | ૪ |
| કાવ્યનું પહેલું પ્રયોજન (૩) | ૫ |
| કાવ્યનું બીજું પ્રયોજન (૪) | ૭ |
| કાવ્યનું ત્રીજું પ્રયોજન (૫) | ૮ |
| સાલંકાર જ કાવ્ય (૬) | ૮ |
| કાવ્યની વ્યાખ્યા (૭) | ૧૦ |
| शब्दार्थौ काव्यम् | ૧૧–૧૪ |
| सहितौનો અર્થ | ૧૫–૨૦ |
| લોકમાં અને કાવ્યમાં શબ્દ અને અર્થ (૮) | ૨૦ |
| કાવ્યમાંનો શબ્દ (૯) | ૨૧ |
| સર્જનપ્રક્રિયા | ૨૩ |
| કાવ્યમાં અર્થ | ૨૬ |
| વક્રોક્તિ એ જ અલંકાર (૧૦) | ૩૦ |
| સ્વભાવોક્તિનું ખંડન (૧૧) | ૩૧ |
| સ્વભાવોક્તિ અલંકાર્ય (૧૨) | ૩૨ |
| સ્વભાવોક્તિ કાવ્યનું શરીર (૧૩) | ૩૩ |
| સ્વભાવોક્તિને અલંકાર માનતાં બીજા અલંકારોમાં સંકર કે સંસૃષ્ટિ જ રહે (૧૪, ૧૫) | ૩૩ |
| सहितौ શબ્દ અંગે શંકા (૧૬) | ૩૫ |
| सहितौનો સાચો અર્થ (૧૭) | ૩૬ |
| સાહિત્યની વિસ્તૃત વ્યાખ્યા | ૩૭ |
| સાહિત્યનું માહાત્મ્ય | ૩૮ |
| વક્રતાના છ પ્રકાર (૧૮, ૧૯) | ૯૯ |
| (૧) વર્ણવિન્યાસવક્રતા | ૩૩ |

(૨) પદપૂર્વાર્ધવક્રતા ૪૦
क રૂઢિવક્રતા ૪૦
ख પર્યાયવક્રતા ૪૧
ग ઉપચારવક્રતા ૪૨
घ વિશેષણવક્રતા ૪૩
ङ સંવૃતિવક્રતા ૪૪
च વૃત્તિવૈચિત્ર્યવક્રતા ૪૬
छ લિંગવૈચિત્ર્યવક્રતા ૪૬
ज ક્રિયાવૈચિત્ર્યવક્રતા ૪૭
(૩) પ્રત્યયાશ્રયવક્રતા ૫૦
ક. સંખ્યાવૈચિત્ર્યવક્રતા ૫૦
ખ. કારકવૈચિત્ર્યવક્રતા ૫૧
ગ. પુરુષવૈચિત્ર્યવક્રતા ૫૨
(૪) વાક્યવક્રતા (૨૦) ૫૪
(૫) પ્રકરણવક્રતા (૨૧) ૫૫
(૬) પ્રબંધવક્રતા (૨૧) ૫૬
બંધની વ્યાખ્યા (૨૨) ૫૭
તદ્વિદાહ્લાદકારિતાની વ્યાખ્યા (૨૩) ૫૮
ત્રણ માર્ગો (૨૪) ૫૯
કવિના સ્વભાવભેદે માર્ગભેદ ૬૧
ત્રણે માર્ગો રમણીયતાયુક્ત ૬૨
સુકુમારમાર્ગની વ્યાખ્યા (૨૫–૨૯) ૬૩
એના ચાર ગુણો
(૧) માધુર્ય (૩૦) ૭૦
(૨) પ્રસાદ (૩૧) ૭૦
(૩) લાવણ્ય (૩૨) ૭૨
(૪) આભિજાત્ય (૩૩) ૭૨
લાવણ્ય અને આભિજાત્ય વિશે શંકા અને
તેનું સમાધાન ૭૩
સુકુમારમાર્ગનું લક્ષણ (૩૪–૪૩) ૭૫
એના ચાર ગુણ

(૧) માધુર્ય (૪૪) ૮૬
(૨) પ્રસાદ (૪૫–૪૬) ૮૬
(૩) લાવણ્ય (૪૭) ૮૭
(૪) આભિજાત્ય (૪૮) ૮૯
મધ્યમ માર્ગનું લક્ષણ (૪૯–૫૧) ૮૯
એના ચાર ગુણ
(૧) માધુર્યનું ઉદહારણ ૯૦
(૨) પ્રસાદનું ઉદાહરણ ૯૧
(૩) લાવણ્યનું ઉદાહરણ ૯૧
(૪) આભિજાત્યનું ઉદહરણ ૯૨
ત્રણે માર્ગોના સામાન્ય ગુણ
(૧) ઔચિત્ય (૫૩–૫૪) ૯૩–૯૪
(૨) સૌભાગ્ય (૫૫–૫૬) ૯૫
એ બંને ગુણોનો પ્રદેશ (૫૭) ૯૭

**ઉન્મેષ બીજો** **૧૦૧–૧૭૩**

૧. વર્ણવિન્યાસવક્રતાનો પહેલો પ્રકાર (૧)
એના ત્રણ પ્રકારો ૧૦૧
વર્ણવિન્યાસવક્રતાનો બીજો પ્રકાર (૨)
એના ત્રણ પ્રકારો ૧૦૩
વર્ણવિન્યાસવક્રતાનો ત્રીજો પ્રકાર (૩) ૧૦૭
વર્ણની આવૃત્તિ આગ્રહપૂર્વક ન રચવી (૪) ૧૧૧
વર્ણવિન્યાસવક્રતા એ જ વૃત્તિ (૫) ૧૧૩
યમકનું સ્વરૂપ (૬–૭) ૧૧૫

૨. પદપૂર્વાર્ધવક્રતાના પ્રકારો
(૧) રૂઢિવૈચિત્ર્યવક્રતા (૮, ૯) ૧૧૬
(૨) પર્યાયવક્રતા (૧૦–૧૨) ૧૨૨
(૩) ઉપચારવક્રતા (૧૩, ૧૪) ૧૩૩
(૪) વિશેષણવક્રતા (૧૫) ૧૩૮
(૫) સંવૃતિવક્રતા (૧૬) ૧૪૦
(૬) પદમધ્યપ્રત્યયવક્રતા (૧૭) ૧૪૪
એનો બીજો પ્રકાર (૧૮) ૧૪૫

(૭) વૃત્તિવૈચિત્ર્યવક્રતા (૧૯) ૧૪૬
(૮) ભાવવૈચિત્ર્યવક્રતા (૨૦) ૧૪૮
(૯) લિંગવૈચિત્ર્યવક્રતા (૨૧) ૧૪૯
એનો જ બીજો પ્રકાર (૨૨) ૧૫૧
એનો જ ત્રીજો પ્રકાર (૨૩) ૧૫૨
(૧૦) ક્રિયાવૈચિત્ર્યવક્રતાના પાંચ પ્રકાર (૨૪, ૨૫) ૧૫૪
(૧૧) કાલવૈચિત્ર્યવક્રતા (૨૬) ૧૬૦
(૧૨) કારકવક્રતા (૨૭, ૨૮) ૧૬૨
(૧૩) સંખ્યાવક્રતા (૨૯) ૧૬૪
(૧૪) પુરુષવક્રતા (૩૦) ૧૬૫
(૧૫) ઉપગ્રહવક્રતા (૩૧) ૧૬૭
(૧૬) પ્રત્યયાન્તરવક્રતા (૩૨) ૧૬૮
(૧૭) ઉપસર્ગાદિવક્રતા (૩૩) ૧૬૮
બહુવિધવક્રતાનો સંકર (૩૪) ૧૭૧
પદવક્રતાનો ઉપસંહાર ૧૭૨

**ઉન્મેષ ત્રીજો** **૧૭૪-૩૧૪**

વસ્તુ અથવા અર્થની વક્રતા (૧) ૧૭૪
વસ્તુવક્રતાનો બીજો પ્રકાર (૨) ૧૭૯
વાક્યવક્રતા (૩, ૪) ૧૮૪
અલંકારવક્રતા ૧૮૭
સ્વભાવવક્રતાનું ઉદાહરણ ૧૮૭
કવિકૌશલનિરૂપિત રસનું ઉદાહરણ ૧૮૮
વર્ણ્ય પદાર્થનાં બે સ્વરૂપ (૧) ચેતન (૨) જડ (૫) ૧૮૯
પહેલાના બે પ્રકાર (૧) મુખ્ય (૨) ગૌણ (૬) ૧૮૯
બંનેના વર્ણનની રીત (૭) ૧૦૯
ગૌણચેતન અને જડ પદાર્થોનું વર્ણન ઉદ્દીપન
વિભાવ તરીકે (૮) ૧૯૪
પદાર્થનું રમણીય રૂપ જ વર્ણ્યવિષય (૯) ૧૫
પદાર્થનાં સ્વભાવપ્રધાન અને રસપ્રધાન ૫૯
બંને રૂપો અલંકાર્ય (૧૦)
રસવત્ અલંકારનું ખંડન (૧૧)

ભામહના મતનું ખંડન ૧૯૭
ઉદ્દ્ભટના મતનું ખંડન ૧૯૯
દંડીના મતનું ખંડન ૨૦૦
શબ્દાર્થસંગતિ સધાતી નથી ૨૦૨
આનંદવર્ધનના મતનું ખંડન ૨૦૯
પ્રેયસ્ અલંકારનું ખંડન (૧૨) ૨૧૧
ઊર્જસ્વી તથા ઉદાત્ત અને સમાહિતના
    બે પ્રકારોનું ખંડન (૧૩) ૨૧૪
ઉદ્દ્ભટની ઉદાત્તની વ્યાખ્યાની ટીકા ૨૧૮
ઉદ્દ્ભટની સમાહિતની વ્યાખ્યાની ટીકા ૨૨૧
'કાવ્યાદર્શ'ની સમાહિતની વ્યાખ્યાનું ખંડન ૨૨૩
કાવ્યાર્થને નવીનત્વ આપનાર અલંકારો (૧૪) ૨૨૪
(૧) રસવત્ અલંકાર બધા અલંકારોનું જીવિત (૧૫) ૨૨૪
    રસવત્‌ની નવી વ્યાખ્યા (૧૬) ૨૨૪
    દીપક અલંકારની ભામહની વ્યાખ્યાનું ખંડન ૨૨૯
    દીપક અલંકારની ઉદ્દ્ભટની વ્યાખ્યાનું સમર્થન ૨૩૧
(૨) દીપકની નવી વ્યાખ્યા (૧૭) ૨૩૨
    એના બે મુખ્ય પ્રકારો (૧૮) ૨૩૩
    બીજા પ્રકારના ત્રણ પેટા પ્રકારો (૧૯) ૨૩૫
    ચર્ચાનો ઉપસંહાર (૨૦) ૩૩૭
(૩) રૂપકની વ્યાખ્યા અને તેના બે પ્રકારો (૨૧, ૨૨) ૨૩૭
    અલંકારના ત્રણ પ્રકાર (૨૩) ૨૪૨
    બીજા અલંકારથી રૂપકની પુષ્ટિ (૨૪) ૨૪૨
(૪) અપ્રસ્તુતપ્રશંસાની વ્યાખ્યા (૨૫, ૨૬) ૨૪૪
(૫) પર્યાયોક્તની વ્યાખ્યા (૨૭) ૨૪૭
(૬) વ્યાજસ્તુતિની વ્યાખ્યા (૨૮) ૨૪૮
(૭) ઉત્પ્રેક્ષાની વ્યાખ્યા (૨૯, ૩૦, ૩૧) ૨૪૯–૨૫૦
    એનો જ બીજો પ્રકાર (૩૨) ૨૫૪
(૮) અતિશયોક્તિની વ્યાખ્યા (૩૩) ૨૫૬
    અતિશયોક્તિ રસ, પદાર્થ અને અલંકારની
        શોભામાં વધારો કરે છે (૩૪) ૨૫૬

(૯) ઉપમાની વ્યાખ્યા (૩૫) ૨૫૮
તેની વ્યક્ત થવાની ત્રણ રીત (૩૬) ૨૫૮
ઉપમા અને ઉત્પ્રેક્ષાનો ભેદ (૩૭) ૨૬૦
અમુખ્ય ક્રિયાપદથી સધાતી પદાર્થોપમાનું ઉદાહરણ ૨૬૦
એવી જ વાક્યોપમાનું ઉદાહરણ ૨૬૧
મુખ્ય ક્રિયાપદથી સધાતી પદાર્થોપમાનું ઉદાહરણ ૨૬૧
એવી જ વાક્યોપમાનું ઉદાહરણ ૨૬૧
ઇવાદિ વાચકોથી સધાતી પદાર્થોપમાનું ઉદાહરણ ૨૬૨
એવી જ વાક્યોપમાનું ઉદાહરણ ૨૬૨
સમાસમાં ગર્ભિત ઉપમાનું ઉદાહરણ ૨૬૩
પ્રત્યયથી સધાતી ઉપમાનાં ઉદાહરણ ૨૬૪
પ્રતીયમાન ઉપમા ૨૬૪
એમાં પ્રતીવસ્તૂપમાનો સમાવેશ ૨૬૫
ઉપમેયોપમાનો ઉપમામાં સમાવેશ (૩૮) ૨૬૫
તુલ્યયોગિતા જુદો અલંકાર નથી (૩૯, ૪૦) ૨૬૬
એ ઉપમા જ છે (૪૧) ૨૬૭
એની ભામહની વ્યાખ્યા ૨૬૯
કલ્પિતોપમા અને અનન્વયનો ઉપમામાં સમાવેશ (૪૨) ૨૭૧
એની ભામહની વ્યાખ્યા અને દષ્ટાંત ૨૭૧
ઉપમેયોપમાની ભામહની વ્યાખ્યા અને તેનું ઉદાહરણ ૨૭૨
પરિવૃત્તિ પણ જુદો અલંકાર નથી (૪૩) ૨૭૫
પ્રતીયમાન પરિવૃત્તિનું ઉદાહરણ ૨૭૭
નિદર્શનાની ભામહની વ્યાખ્યા અને તેનું ઉદાહરણ ૨૭૯
એને પ્રતીયમાન ઉત્પ્રેક્ષા ગણવી ૨૭૯
(૧૦) શ્લેષાલંકારની વ્યાખ્યા (૪૪) ૨૮૪
એના ત્રણ પ્રકાર ૨૮૫
એના પ્રતિપાદકો (૪૫) ૨૮૫
અર્થશ્લેષની સમજૂતી (૪૬) ૨૮૬
શબ્દશ્લેષની સમજૂતી (૪૭) ૨૮૬
અર્થશ્લેષનું ઉદાહરણ ૨૮૬
શબ્દશ્લેષનું ઉદાહરણ ૨૮૭
ઉભયશ્લેષનું ઉદાહરણ ૨૮૭

(૧૧) વ્યતિરેકની વ્યાખ્યા અને તેના બે પ્રકાર (૪૮) ૨૮૯
વ્યતિરેકનો જુદો પ્રકાર (૪૯) ૨૯૧
(૧૨) વિરોધાલંકારની વ્યાખ્યા (૫૦) ૨૯૨
સમાસોક્તિ અને સહોક્તિનો અસ્વીકાર (૫૧) ૨૯૩
(૧૩) સહોક્તિની નવી સમજૂતી (૫૨) ૨૯૬
(૧૪) દૃષ્ટાંત અલંકારની વ્યાખ્યા (૫૩) ૨૯૯
(૧૫) અર્થાન્તરન્યાસની વ્યાખ્યા (૫૪) ૩૦૦
(૧૬) આક્ષેપની વ્યાખ્યા (૫૫) ૩૦૧
દૃષ્ટાંત, અર્થાન્તરન્યાસ અને આક્ષેપના બે પ્રકાર (૫૬) ૩૦૨
(૧૭) વિભાવનાની વ્યાખ્યા (૫૭) ૩૦૩
(૧૮) સસંદેહ અલંકારની વ્યાખ્યા (૫૮) ૩૦૪
(૧૯) અપહ્નુતિ અલંકારની વ્યાખ્યા (૫૯) ૩૦૫
(૨૦) સંસૃષ્ટિ અલંકારની વ્યાખ્યા (૬૦) ૩૦૭
(૨૧) સંકર અલંકારની વ્યાખ્યા (૬૧) ૩૦૮
બીજા અલંકારમાં સમાઈ જતા અને સૌંદર્ય
વગરના અલંકારો અલંકાર ન ગણાય (૬૨) ૩૧૦
એ રીતે યથાસંખ્ય અલંકાર નથી (૬૩) ૩૧૦
આશીઃ, વિશેષોક્તિ, સૂક્ષ્મ, લેશ અને હેતુ પણ પોતે
જ વર્ણ્ય હોઈ અલંકાર નથી ૩૧૧
ઉપમારૂપક પણ અલંકાર નથી ૩૧૨
વાકયવક્રતાનું સ્વરૂપ (૬૪) ૩૧૪

**ઉન્મેષ ચોથો** ૩૧૫–૩૫૮
પ્રકરણવક્રતાની વ્યાખ્યા (૧, ૨) ૩૧૫
પ્રકરણવક્રતાનો બીજો પ્રકાર (૩, ૪) ૩૧૯
એનો જ ત્રીજો પ્રકાર (૫, ૬) ૩૨૩–૪
એનો જ ચોથો પ્રકાર (૭, ૮) ૩૨૧
એનો જ પાંચમો પ્રકાર (૯) ૩૩૫
એનો જ છઠ્ઠો પ્રકાર (૧૦) ૩૩૯
એનો જ સાતમો પ્રકાર (૧૧) ૩૪૧
એનો જ આઠમો પ્રકાર (૧૨, ૧૩) ૩૪૪
એનો જ નવમો પ્રકાર (૧૪, ૧૫) ૩૪૬

| | |
|---|---|
| પ્રબંધવક્રતાની વ્યાખ્યા (૧૬, ૧૭) | ૩૪૯ |
| પ્રબંધવક્રતાનો બીજો પ્રકાર (૧૮, ૧૯) | ૩૫૬ |
| એનો જ ત્રીજો પ્રકાર (૨૦, ૨૧) | ૩૫૩ |
| એનો જ ચોથો પ્રકાર (૨૨, ૨૩) | ૩૫૫ |
| એનો જ પાંચમો પ્રકાર (૨૪) | ૩૫૬ |
| એનો જ છઠ્ઠો પ્રકાર (૨૫) | ૩૫૭ |
| એનો જ સાતમો પ્રકાર (૨૬) | ૩૫૮ |
| વક્રોક્તિજીવિત (સંસ્કૃત) | ૧-૨૬૧ |
| કારિકાસૂચિ | ૨૬૨ |
| ઉદ્ધરણસૂચિ | ૨૬૬ |
| અંતરશ્લોક, સંગ્રહશ્લોક આદિની સૂચિ. | ૨૭૪ |

# 'વક્રોક્તિજીવિત'ના ડૉ. કૃષ્ણમૂર્તિ–સંપાદિત પાઠમાં કરેલા ફેરફારો

[અહીં પૃષ્ઠ અને પંક્તિનો નિર્દેશ ડૉ. કૃષ્ણમૂર્તિની આવૃત્તિને અનુસરીને કર્યો છે.]

| પૃષ્ઠ | પંક્તિ | |
|---|---|---|
| ૧૦ | ૭ | सेसपुरिसाणं ને બદલે सेसपुरिसाण કર્યું. |
| ૩૨–૩૩ | | ૬૧મા ઉદાહરણનો પાઠ અને છાયા ડૉ. ભાયાણી પ્રમાણે આપ્યાં છે. |
| ૫૧ | છેલ્લી | उत्पादितप्रतीतिःને બદલે उपपादितमिति કર્યું. |
| ૫૨ | ૮ | દંડ રદ કર્યો. |
| ૯૧ | ૧૩ | દંડ રદ કર્યો. |
| ૧૧૨ | ૯ | मनवस्थितम्ને બદલે मवस्थितम् કર્યું. |
| ૧૩૫ | ૭ | इति च ને બદલે इत्यत्र |
| ૧૪૪ | ૮ | પાદટીપમાંના પાઠમાં अलंकृतीनां છે તેનું अलंकृतानां કરી ઉપર લીધું. |
| ૧૫૧ | ૭ | દંડ રદ કર્યો. |
| ૧૫૨ | ૩ | उपपन्नमिति પછી દંડ ઉમેર્યો. |
| | ૮ | मानसस्यને બદલે मानसः |
| | ૧૦ | संप्रबुद्धः પછી દંડ ઉમેર્યો. |
| ૧૫૭ | ૪ | वान्सराविषयनुं वान्तरविषय |
| ૧૬૦ | ૧૦ | वर्णनीयादतिरिक्त પાઠ લીધો, लंकरणम् એટલું રદ કર્યું. |
| ૧૭૦ | ૧૧ | નવો પરિચ્છેદ પાડ્યો. |
| ૧૮૮ | ૪ | પહેલો म રદ કર્યો. |
| ૧૮૯ | | ઉદાહરણ ૧૦૯ અને ૧૧૦ની ખંડિત છાયા ડૉ. ભાયાણી પ્રમાણે આપી છે. |
| ૧૯૩ | ૭ | खपुष्पनुं स्वपुष्प કર્યું. |
| ૧૯૭ | | પંક્તિઓની અવ્યવસ્થા દૂર કરી. |
| ૧૯૯ | ૮ | पद्मनुं पद्द કર્યું. |
| | ૫ | पुष्पकालंनुं पुष्पकाशं કર્યું. |
| ૨૦૪ | છેલ્લી | तुल्यकालनुं तुल्यकार्यं કર્યું. |
| ૨૧૩ | | ૧૬૮મા ઉદાહરણનો પાઠ અને તેની છાયા 'કલ્પલતાવિવેક' પ્રમાણે આપ્યાં છે, આ સૂચન ડૉ. વી. એમ. કુલકર્ણીનું છે. |

# શુદ્ધિપત્ર

[પંક્તિનો ક્રમાંક જાડા ટાઈપમાં હોય ત્યાં પંક્તિ નીચેથી ગણવી.]

| | | |
|---|---|---|
| ૮ | મથાળે | |
| | જમણી બાજુ | [૧-૫-૬ |
| ૧૨ | ૧૧ | 'કરે છે' |
| ૩૧ | ૭ | શણગારવાના |
| ૪૫ | ૪ | किळप्युद्यतः ॥ |
| ૫૮ | ૧ | ઊંચાં |
| ૮૯ | પાનાને મથાળે | |
| | ડાબી બાજુ | ૧-૪૮, ૪૯-૫૦] |
| ૯૦ | જમણી બાજુ | [૧-૫૧ |
| ૯૨ | જમણી બાજુ | [૧-૫૨ |
| ૧૦૨ | ૫ | એથી વધુ |
| | ૧૬ | सौन्दर्यधुर्य |
| | ૨ | विलसालसं |
| ૧૦૩ | | ('અને') |
| ૧૦૫ | ૯ | ચોથા વર્ણનો |
| | ૬ | चुम्बिबिम्बम् |
| ૧૦૬ | ૧ | गुञ्जन्ति |
| | ૫ | जम्बू |
| | ૧૩ | ध्वान्तक्षोदक्षमः |
| ૧૦૮ | ૭ | कदलदलं |
| ૧૧૦ | ૭ | ॥१५॥ |
| ૧૧૨ | ૩ | हंसानां |
| ૧૩૩ | ૭ | તેમાં |
| ૧૩૫ | ૧૩ | શકાય |
| ૧૪૪ | ૧૦ | ગયું છે. |
| ૧૪૫ | ૭ | રચનાની શોભાને |
| ૧૪૬ | ૩ | અવ્યયીભાવ (સ-માસ, તદ્ધિત કૃત્) |
| | ૨ | વગેરે |
| ૧૫૦ | ૯ | ખીલેલાં |
| ૧૫૪ | ૬ | ધાતુના |
| ૧૭૦ | ૩ | નેત્રવાળું |
| ૧૭૨ | ૩ | ઝળહળતી |
| ૧૭૨ | ૬ | જીવિતસર્વસ્વનો |
| ૧૭૪ | છેલ્લી | તેનો |
| ૧૭૬ | ૬ | રસપરિપોષણને |
| ૧૭૯ | ૮ | પીછાંવાળાં |
| | ૧૨ | ગયું છે, |
| ૧૭૯ | ૨ | કહેતાં |
| ૧૮૧ | ૧૦ | કાન્તાનાં |
| ૧૮૯ | ૧૧ | પદાર્થોના એ સ્વરૂપને |
| ૧૯૧ | ૪ | લાંબો |
| | ૧૨ | પહેલાં |
| | ૭ | તેનાં પગલાંમાં |
| ૧૯૩ | ૧૧ | સ્વભાવ અનુસાર જે |
| ૨૨૫ | ૧૨ | પૃ. ૨૬) ૬૫ |
| ૨૨૬ | ૧૧ | ઉન્મેષમાં |
| ૨૩૯ | ૧ | પહેલો 'જ' રદ કરો. |
| ૨૩૯ | ૧૪ | વિદ્યુદ્વલયરૂપી |
| ૨૬૨ | ૬ | સામ્ય |
| ૨૭૧ | પાનાને મથાળે ડાબી બાજુ | ૩-૪૧] |
| ૨૮૦ | ૭ | ઉપપત્તિ |
| ૨૮૬ | ૧૨ | કવિકૌશલ |
| ૩૦૩ | ૫ | યૌવનાવસ્થા |
| ૩૦૯ | ૪ | ગાંઠેલા |
| ૩૪૪ | ૫ | ૧૨, ૧૩ |
| | પાનાને મથાળે | |
| | જમણી બાજુ | [૪-૧૨, ૧૩ |
| ૩૪૫ | પાનાને મથાળે | |
| | ડાબી બાજુ | ૪-૧૨, ૧૩] |
| ૩૫૧ | ૧૬ | સમાપન |

સંસ્કૃત પાઠમાં પૃ. ૯૦ પંક્તિ ૩માં अनर्थःને બદલે अनर्घः વાંચવું.

વક્રોક્તિજીવિત

# કુન્તકનો કાવ્યવિચાર

નગીનદાસ પારેખ

# ઉન્મેષ પહેલો

'ધ્વન્યાલોક'ની પેઠે આ ગ્રંથના પણ બે ભાગ છે: મૂળ કારિકા અને તેના ઉપરની વૃત્તિ. આ બંને ભાગ કુંતકે પોતે લખેલા છે. શરૂઆત વૃત્તિના મંગલાચરણથી થાય છે.

કેવળ શક્તિના પરિસ્પંદ રૂપી સાધનથી ત્રણે લોકના વૈચિત્ર્યરૂપ ચિત્રકર્મ કરનાર શિવને આપણા નમસ્કાર હો. ૧

ત્રણ લોકના પદાર્થોનો તત્ત્વ(જેવા છે તેવા મૂળ સ્વરૂપ)ની દૃષ્ટિએ જ વિચાર કરવામાં આવે તો તેમાં આશ્ચર્ય જેવું કશું છે જ નહિ. પલાશનાં ફૂલ સ્વભાવથી જ લાલ હોય છે. ૨

જો કોઈ પોતાની બુદ્ધિથી જ એ પદાર્થોનું સ્વરૂપ યથારુચિ નક્કી કરે તો એ માત્ર પ્રૌઢિવાદ છે. વસ્તુનું સાચું સ્વરૂપ એવું નથી. ૩

આવા નિર્બંધ અને ખોટા તર્કનો આદર કર્યા વગર હું સાહિત્યના અર્થરૂપી સુધાસાગરનો સાર પ્રગટ કરું છું. ૪

જેથી સાહિત્યતત્ત્વ અને સાહિત્યની રચના એ બંને પાસાંની ચર્ચા કરતો આ ગ્રંથ તદ્‌વિદોને અદ્‌ભુત આનંદ અને ચમત્કારનો અનુભવ કરાવે. ૫

અહીં કુંતક સાહિત્યને લગતા બે મતો રજૂ કરે છે: (૧) જે વસ્તુના યથાતથ વર્ણનને જ સાહિત્ય માને છે, અને (૨) જે એમ માને છે કે કવિ તો બ્રહ્મા જેવો સ્વતંત્ર સર્જક છે, તે વસ્તુતત્ત્વની દરકાર કર્યા વગર ગમે તેવું વર્ણન કરી શકે છે. આ બંને મતો એને ગ્રાહ્ય નથી. એટલે એ પોતાનો મત આ ગ્રંથમાં રજૂ કરે છે, અને તેમાં સાહિત્યતત્ત્વની અને સાહિત્યનિર્માણની ક્રિયાની પણ એ ચર્ચા કરવા માગે છે.

ગ્રંથના આરંભે અભિમત દેવતાને નમસ્કાર કરવાનો રિવાજ છે. એટલે ગ્રંથકાર તેનો જ ઉપક્રમ કરે છે.

૧

**ઉત્તમ કવિઓના મુખચંદ્રરૂપ નાટયમંદિરમાં નૃત્ય કરનારી અને મનોહર ઉક્તિઓ રૂપી (સાત્ત્વિકાદિ ચાર પ્રકારના) અભિનયોથી ઉજ્જ્વલ એટલે કે શોભતી એવી દેવીને વંદન કરું છું.**

આ વાકયનો અર્થ એવો થયો કે જે નટી ઉત્તમ કવિઓના મુખચંદ્રરૂપ નાટયમંદિરમાં હાવભાવયુક્ત અભિનયપૂર્વક નૃત્ય કરતી શોભે છે, તેને વંદું છું. એનું તાત્પર્ય એ છે કે અહીં પ્રસ્તુત વિષય અપૂર્વ કાવ્યાલંકારની રચના કરવી એ છે, એટલે તેની અધિષ્ઠાત્રી દેવી અને આવા પ્રકારની રમણીયતાથી હૃદય હરી લેનારી વાણીરૂપ સરસ્વતીની સ્તુતિ કરું છું.

આ પ્રમાણે નમસ્કાર કર્યા પછી હવે વક્તવ્ય વસ્તુનાં વિષયભૂત નામ, વિષય અને પ્રયોજન જણાવે છે.

વાણીનો (ગ્રંથનો) વિષય નક્કી કરવા માટે, મકાન બાંધવા પહેલાં દોરી બાંધવામાં આવે છે તેમ, (મંગલાચરણ પછીના) પહેલા શ્લોકમાં નામ વગેરે કહે છે. ૬

આ અંતરશ્લોક છે. (?)

૨

**લોકોત્તર ચમત્કારકારી વૈચિત્ર્ય સિદ્ધ કરવા માટે કાવ્યના આ કોઈ અપૂર્વ અલંકારની રચના કરવામાં આવે છે.**

અલંકાર(ગ્રંથ) રચવામાં આવે છે. કોનો? તો કે કાવ્યનો. કવિનું કર્મ તે કાવ્ય. તેનો. પ્રાચીન અલંકારો (અલંકારગ્રંથો) અસ્તિત્વ ધરાવે છે જ, પછી (નવો) અલંકાર(ગ્રંથ) રચવાની શી જરૂર છે? એમ જો પૂછો તો કહેવાનું કે આ (અલંકાર) અપૂર્વ છે. પહેલાં જે કહેવાઈ ગયું છે તેનાથી જુદું જ અમારે કહેવાનું છે. પણ અપૂર્વતા તો ઉત્કૃષ્ટની પણ હોય, અને નિકૃષ્ટની પણ હોય, એટલે કહે છે કે આ તો કોઈ અલૌકિક વિશેષતા ધરાવે છે. એ

અપૂર્વ અલંકાર પણ શા માટે રચો છો ? એમ કોઈ પૂછે તો તેનો જવાબ એ છે કે લોકોત્તર ચમત્કારકારી વૈચિત્ર્યની સિદ્ધિ માટે. અર્થાત્, અસામાન્ય આનંદ આપનાર સૌંદર્ય સાધવા માટે. જોકે સેંકડો અલંકારો અસ્તિત્વ ધરાવે છે, તેમ છતાં તેમાંના કોઈથી આવું સૌંદર્ય સિદ્ધ થતું નથી. અલંકાર શબ્દ, તે શરીરની શોભા વધારતા હોવાને કારણે મુખ્યત્વે કરીને કડાં વગેરેને માટે વપરાય છે. શોભા વધારવાનો ગુણ સમાન હોવાને લીધે લક્ષણાથી ઉપમા વગેરે (કાવ્યાલંકારો) માટે પણ એ વપરાય છે. તે જ પ્રમાણે તેના જેવા ગુણ વગેરે માટે તેમ જ એ બધા ગુણ-અલંકારોનું નિરૂપણ કરનાર ગ્રંથ માટે પણ વપરાય છે. શબ્દ અને અર્થ એક જ પ્રયોજન સિદ્ધ કરતા હોઈ એ બંનેને માટે એક સંજ્ઞા વપરાય છે. જેમ કે 'ગાય' એ શબ્દ પણ છે અને 'ગાય' એ અર્થ પણ છે. (એટલે કે ગ્રંથના નામ માટે અને તેમાં ચર્ચાયેલા વિષય માટે 'અલંકાર' એવો એક જ શબ્દ વપરાય છે.)

એનો અર્થ એ થયો કે આ ગ્રંથનું નામ 'અલંકાર' છે, ઉપમાદિ અલંકારો એનો પ્રતિપાદ્ય વિષય છે અને પહેલાં કહ્યું તેવું વૈચિત્ર્ય એટલે કે સૌંદર્ય સિદ્ધ કરવું એ એનું પ્રયોજન છે.

આમ, આ અલંકાર(ગ્રંથ)નું પ્રયોજન છે એમ સ્થાપિત થયું, તોયે એનાથી અલંકૃત થતું અલંકાર્ય કાવ્ય જો પ્રયોજનહીન હોય તો એ પણ વ્યર્થ બની જાય, એટલે કહે છે કે—

૩

**મનોહર રીતે કહેલો કાવ્યબંધ અભિજાતોના એટલે કે ઉત્તમ કુળમાં જન્મેલાઓના હૃદયને આનંદ આપનાર અને ધર્મ વગેરે પુરુષાર્થોનો ઉપાય થઈ પડે છે.**

અભિજાતો એટલે રાજપુત્રો વગેરે, ધર્માદિ પુરુષાર્થની તથા વિજયપ્રાપ્તિની ઇચ્છા રાખનારા. કોમળ સ્વભાવને લીધે તેઓ મહે-

નતથી ડરતા હોય છે. એમ જો હોય અને તેમના મનને આનંદ આપવાનું કાવ્યનું કામ હોય તો તે તેમના રમકડા જેવું બની જાય, એવું કોઈ કહે માટે કહે છે કે (કાવ્ય) ધર્માદિ પુરુષાર્થોનો ઉપદેશ આપે છે એટલે તેની પ્રાપ્તિનું નિમિત્ત પણ બને છે.

અહીં કોઈ એમ પૂછે કે એવા પુરુષાર્થોનો ઉપદેશ કરનાર બીજાં શાસ્ત્રોએ શો અપરાધ કર્યો કે તેમને છોડીને તમે કાવ્યની ભલામણ કરો છો? – તો કહેવાનું કે કાવ્ય સુકુમાર એટલે કે સુંદર, હૃદયને હરી લે એવી પદ્ધતિએ, શૈલીએ કહેવાયું હોય છે. અભિજાતોને આનંદદાયક હોવા ઉપરાંત એ (સત્કાર્યમાં) પ્રેરનાર હોય છે, એટલે ધર્માદિ પુરુષાર્થોની પ્રાપ્તિનો ઉપાય બની જાય છે. વળી, શાસ્ત્રોની રચનારીતિ કઠોર હોય છે, તેમાંનો ધર્માદિનો ઉપદેશ સમજવો મુશ્કેલ હોય છે, એટલે એ ઉપાય હોવા છતાં, એવા લોકોને માટે એ નકામો થઈ પડે છે.

અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે તમે રાજપુત્રોનો જ શા માટે વિચાર કરો છો, સામાન્ય વાચકોનો કેમ નથી કરતા?– તો કહે છે કે રાજપુત્રો વૈભવ પ્રાપ્ત કરીને આખી પૃથ્વીનો વહીવટ કરવાની સત્તા પ્રાપ્ત કરે છે, એટલે તેઓ જો ઉત્તમ ઉપાયનો ઉપદેશ પામ્યા ન હોય તો ઉચ્છૃંખલ થઈ જઈને બધા જ ઉચિત વ્યવહારોનો ઉચ્છેદ કરનારા બની જઈ શકે છે, તેથી તેમને જ્ઞાન આપવા માટે, કવિઓ, ભૂતકાળમાં થઈ ગયેલા સચ્ચરિત્ર રાજાઓનાં ચરિત્રો, તેમને નમૂનો પૂરો પાડવા કાવ્યમાં ગૂંથે છે. આમ, શાસ્ત્ર કરતાં જુદું અને વધારે મહત્ત્વનું પ્રયોજન કાવ્ય માટે છે જ.

પુરુષાર્થની પ્રાપ્તિરૂપ મુખ્ય પ્રયોજન જવા દઈએ તોયે, લોકવ્યવહાર ચલાવવા માટે નોકર, મિત્ર, સ્વામી વગેરેને રીઝવવા વગેરેનું કામ પણ એના વગર સારી રીતે થઈ શકે એમ નથી. માટે કહ્યું છે કે—

## ૪

**વ્યવહાર કરનારાઓને નવા ઔચિત્યપૂર્ણ વ્યવહારનું સૌંદર્ય સત્કાવ્યના જ્ઞાન વગર પ્રાપ્ત થતું નથી.**

વ્યવહાર એટલે લોકાચાર, તેનો પરિસ્પંદ એટલે ક્રિયાઓના ક્રમરૂપ વ્યાપાર. તેનું સૌંદર્ય, વ્યવહાર કરનારાઓને સત્કાવ્યના જ્ઞાન દ્વારા જ પ્રાપ્ત થાય છે. એનો અર્થ એ છે કે મોટા રાજા વગેરેના વ્યવહારનું વર્ણન કરવાથી તેના અંગભૂત બધા મુખ્ય અમાત્ય વગેરેના પોતપોતાના ઉચિત વ્યવહાર પણ નિપુણપણે વર્ણવાઈ જાય છે, એટલે બધા જ વ્યવહાર કરનારાઓને પોતાના વ્યવહારનું શિક્ષણ મળી રહે છે. તેથી સુંદર કાવ્યોના અભ્યાસ પાછળ શ્રમ કરનાર સૌ કોઈ વ્યવહારનું સૌંદર્ય પ્રાપ્ત કરીને ઉત્તમ ફળ પામે છે.

ત્રીજી કારિકામાં ધર્માદિને એટલે કે ચતુર્વર્ગને કાવ્યનું પ્રયોજન કહ્યું છે, પણ તે પરંપરાથી પ્રયોજન છે. કાવ્યથી ચતુર્વર્ગની પ્રાપ્તિના ઉપાયનું જ્ઞાન થાય છે, અને એ જ્ઞાન દ્વારા ચતુર્વર્ગની પ્રાપ્તિ થાય છે. આમ, કાવ્યનો સીધો સંબંધ એ જ્ઞાન સાથે છે અને ચતુર્વર્ગ સાથે તો એ જ્ઞાન મારફતે પરંપરાથી સંબંધ છે. તે ઉપરાંત, એ પ્રયોજન કાવ્ય વાંચતાંની સાથે જ સિદ્ધ થતું નથી, પણ અમુક સમય વીત્યા પછી સિદ્ધ થાય છે, અને એની પ્રાપ્તિથી થતો આનંદ પણ કાવ્ય વાંચતાંની સાથે જ નહિ, પણ પુરુષાર્થની સિદ્ધિ પછી એટલે કે અમુક સમય વીત્યા પછી જ થાય છે. એટલે એના કરતાં જુદું, એટલે કે કાવ્ય વાંચતાંની સાથે જ સિદ્ધ થતું, સહૃદયના હૃદયસંવાદને કારણે સુંદર અને તે જ સમયે એટલે કે કાવ્ય વાંચતાં જ રમણીય લાગે એવું બીજું એક પ્રયોજન કહે છે—

## ૫

**કાવ્યામૃતનો રસ કાવ્યજ્ઞોના ચિત્તમાં ચારે પુરુષાર્થના ફલના આસ્વાદથી પણ ચડી જાય એવો ચમત્કાર પેદા કરે છે, એટલે કે ફરી ફરીને આનંદ આપે છે.**

આનું તાત્પર્ય એ છે કે આ જે ચતુર્વર્ગના ફલનો આસ્વાદ, ઉત્તમ પુરુષાર્થ હોઈને બધાં શાસ્ત્રોના પ્રયોજન તરીકે પ્રસિદ્ધ છે, તે પણ આ કાવ્યામૃતની ચર્વણા કહેતાં અનુભવના ચમત્કારની એક કલાની સુધ્ધાં સહેજ પણ બરોબરી કરી શકે એમ નથી. શાસ્ત્રો સાંભળવામાં કઠોર, બોલવામાં કઠણ, સમજવામાં મુશ્કેલ વગેરે દોષોથી દૂષિત હોઈ, વાંચતી વખતે અત્યંત કષ્ટદાયક હોય છે. તે વાંચતાં-વેંત સુંદર ચમત્કાર ઉત્પન્ન કરનાર કાવ્યની લેશ પણ સ્પર્ધા કરી શકે એમ નથી, એવું પણ આમાંથી ફલિત થાય છે. આ જ વાત નીચેના બે અંતરશ્લોકમાં કહી છે.

શાસ્ત્ર કડવા ઔષધની પેઠે અવિદ્યારૂપી વ્યાધિનો નાશ કરે છે અને કાવ્ય આનંદ આપનાર અમૃતની પેઠે અવિવેકરૂપી રોગને દૂર કરે છે. ૭

જેને લીધે કાવ્ય વાંચતી વખતે અને ત્યાર પછી પણ રસને કારણે આનંદદાયક થઈ પડે છે તેનો જ હવે વિચાર કરવામાં આવે છે. ૮

## ૬

**કાવ્યની સાચી સમજણ માટે અહીં અલંકાર અને અલંકાર્યને અલગ પાડીને તેનું વિવેચન કરવામાં આવે છે પણ સાચી વાત એ છે કે સાલંકાર હોય તે જ કાવ્ય કહેવાય.**

જેનાથી અલંકૃત કરાય તે અલંકાર એવો વિગ્રહ કરીએ તો

અલંકૃતિ એટલે અલંકાર એવો અર્થ થાય. તેનું વિવેચન એટલે કે વિચાર કરવામાં આવે છે. અને વાચક શબ્દરૂપ અને વાચ્ય અર્થરૂપ જે અલંકાર્ય છે, તેનો પણ વિચાર કરવામાં આવે છે. એ બંનેનું સામાન્ય અને વિશેષ લક્ષણ દ્વારા સ્વરૂપ-નિરૂપણ કરવામાં આવે છે. કેવી રીતે? તો કે અપોદ્ધૃત્ય એટલે કે અલગ પાડીને, જે સમુદાયરૂપ કાવ્યમાં એ બંનેનો સમાવેશ થાય છે તેનાથી જુદા પાડીને. શા માટે? તો કે કાવ્યને સમજવાનો એ ઉપાય છે માટે. એટલે કે કાવ્યની સમજણ માટે આવો વિવેક કરવામાં આવે છે. શબ્દ, અર્થ અને અલંકાર એ ત્રણે મળીને જ કાવ્ય નામે એક અખંડ પદાર્થ બને છે; એમાં પછી આ ત્રણેનું અલગ અસ્તિત્વ રહેતું નથી. તેમ છતાં કાવ્યનું સ્વરૂપ બરાબર સમજવા માટે એ અલંકાર્ય શબ્દ અને અર્થ તેમ જ તેમના અલંકારને જુદા પાડીને, તેમના સામાન્ય અને વિશેષ લક્ષણ દ્વારા અહીં વિવેચન કરવામાં આવે છે. આવી પદ્ધતિ જ છે. વાક્યમાંનાં પદોનું અથવા પદમાંનાં પ્રકૃતિ અને પ્રત્યયોનું અલગ અસ્તિત્વ ન હોવા છતાં વ્યુત્પત્તિ કહેતાં સાચી સમજ માટે તેમને અલગ પાડીને તેમનું વિવેચન કરવામાં આવે છે, તેવું જ આ પણ છે. જો સાચેસાચ એમનું અલગ અસ્તિત્વ ન હોય અને માત્ર સમજણ ખાતર જ એમનું અલગ પાડીને વિવેચન કરવામાં આવતું હોય તો, સાચી વાત શી છે? સાચી વાત એ છે કે સાલંકાર હોય તે જ કાવ્ય કહેવાય. અલંકારસહિતનું જે આખું અવયવ વગરનું વચન તે જ કવિકર્મ અથવા કાવ્ય કહેવાય. એટલે અલંકારવાળું હોય તે જ કાવ્ય એમ થયું. કાવ્ય જુદું અને તેને અલંકાર ચડાવવામાં આવે છે તે જુદા એમ નહિ.

સાલંકાર હોય તે કાવ્ય એવું મોઘમ કાવ્યસ્વરૂપનું વર્ણન કર્યું પણ તેનો સ્પષ્ટ નિર્ણય કર્યો નથી માટે કેવી વસ્તુ કાવ્ય કહેવાય એ જણાવવા માટે કહે છે કે—

૭

**વક્ર કવિવ્યાપારવાળા, તદ્વિદોને આહ્‌લાદ આપનારા બંધમાં સાહિત્યપૂર્વક (સાથે) રહેલા શબ્દાર્થ તે કાવ્ય.**

શબ્દાર્થ તે કાવ્ય, એટલે વાચક (શબ્દ) અને વાચ્ય (અર્થ) મળીને કાવ્ય થાય છે. (શબ્દ અને અર્થ) બે મળીને એક (કાવ્ય) થાય છે એ તો વિચિત્ર વાત છે. તેથી કેટલાક એમ માને છે કે કવિના કૌશલે રચેલા સૌંદર્યાતિશયવાળા શબ્દને જ કાવ્ય કહેવાય. જ્યારે બીજા કેટલાક એમ માને છે કે રચનાવૈચિત્ર્યને લીધે ચમત્કાર ઉત્પન્ન કરનાર અર્થને જ કાવ્ય કહેવાય. એ બંને પક્ષોનું આ(વ્યાખ્યા)થી ખંડન થઈ જાય છે. કારણ કે જેમ પ્રત્યેક તલમાં તેલ હોય છે તેમ શબ્દમાં અને અર્થમાં દરેકમાં તદ્વિદાહ્‌લાદકારિત્વ હોય છે, નહિ કે કોઈ એકમાં જ. જેમ કે—

"આનંદદાયી સુંદર ચંદ્રમા જેવા મુખવાળી, સુંદર હાવભાવો સાથે વાત કરનારી, લાલ ચરણવાળી હે સુંદરી, પુષ્કળ મણિમેખલાનો અવાજ કરતી અને નિરંતર નૂપુરનો મનોહર ઝંકાર કરતી તું જ્યારે તારા પ્રિયતમને ઘરે જાય છે ત્યારે તારા એ જવાથી મને અકારણ વ્યથા શા માટે થાય છે?" ૯, ૧૦

પ્રતિભાના દારિદ્રય અને દૈન્યને કારણે અત્યંત સ્વલ્પ સૂક્તિવાળા એટલે કે જેની પાસે કહેવા વર્ણવવા જેવો કોઈ વિષય નથી તેવા કવિએ અહીં વર્ણસામ્યની રમત જ માત્ર સાધી છે, (આ માટે મૂળ શ્લોક જ જોવો જોઈએ) પણ એમાં અર્થસૌંદર્યની કણી પણ નથી.

આ જો નવી જુવાનીમાં આવેલી, ઊભરાતા યૌવનવાળી તથા સુંદર કાન્તિવાળી કોઈ કાન્તાની કામના કરનાર કોઈ તરુણની ઉક્તિ હોય કે 'હે તરુણી, તું તારા પ્રિયતમને ઘેર જતી હોય છે

ત્યારે તારા એ જવાથી મને શા માટે અકારણ દુઃખ થાય છે?' તો એ ઉક્તિ અત્યંત ગ્રામ્ય છે. વળી, એ દુઃખ અકારણ પણ નથી. કારણ, તે સ્ત્રી એનો અનાદર કરીને જાય છે. એટલે તેના ઉપર પ્રેમ રાખનારના અંતરને વિરહવેદનાની આશંકાથી જે ભીતિ જાગે એ જ એના દુઃખનું કારણ છે. અથવા જો અહીં એવું વિવક્ષિત હોય કે 'તારે જવું હોય તો મારી સાથે કેમ નથી જતી?' અને એ રીતે 'અકારણ' શબ્દનું સમર્થન કરવું હોય તો એ ઉક્તિ પણ વળી વધુ ગ્રામ્ય છે. શ્લોકમાં વાપરેલાં અનેક સંબોધનો મુનિ-ઓનાં રચેલાં સ્તોત્રો જેવાં લાગે છે (કારણ, સ્તોત્રોમાં એક જ દેવતા માટે અનેક સંબોધનો વાપરવામાં આવ્યાં હોય છે.) એ કાવ્યજ્ઞોને આનંદ આપનાર સૌંદર્યમાં વધારો કરતાં નથી. એટલે આ શ્લોક તદ્દન સામાન્ય છે. (એને કાવ્ય ન કહેવાય. એનો અર્થ એ થયો કે અર્થના સૌંદર્ય વગરનું કેવળ શબ્દનું સૌંદર્ય કાવ્ય માટે પૂરતું નથી.)

(શબ્દની) ચારુતા વગરનું કેવળ વસ્તુ પણ કાવ્ય નામને પાત્ર બનતું નથી. જેમ કે—

> ''પદાર્થો સ્વયંપ્રકાશ નથી હોતા. જો તેવા (સ્વયંપ્રકાશ) હોય તો અંધકારમાં પણ તેઓ પ્રગટ કેમ થતા નથી? (પદાર્થોમાં) ગુણોનો અધ્યાસ કહેતાં મિથ્યા પ્રતીતિ કરવાના અભ્યાસ અને વ્યસનની દીક્ષાને કારણે પ્રબળ ગુણવાળો એ સૂર્યનો વ્યાપાર છે. (એટલે કે બધા પદાર્થોને પ્રકાશિત કરવાનું કામ સૂર્યનું છે.) એના તેજ જેવું બીજું શું હોય?''૧૧

આ શ્લોકમાં શુષ્ક તર્કવાક્યની વાસનાથી વ્યાપ્ત ચિત્તવાળા કવિએ કેવળ પ્રતિભામાં પ્રતીત થયેલા વસ્તુમાત્રને શબ્દમાં રજૂ કર્યું છે. પરંતુ એમાં શબ્દસૌંદર્યનો લેશ પણ નથી. કારણ કે આ શ્લોકનું સ્વરૂપ અનુમાનવાક્યનું જ છે. જેમ કે 'અંધકાર સિવાયના પદાર્થો' ધર્મી છે અને 'તેઓ સ્વયંપ્રકાશ નથી' એ સાધ્ય (પુરવાર

કરવાનું) છે, 'કારણ કે તેઓ અંધકારમાં પ્રકાશતા નથી' એ અહીં હેતુ છે. (આમ, આ કોઈ નૈયાયિકનું અનુમાનવાક્યમાત્ર બની રહે છે, કાવ્ય બનતું નથી.)

અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે તો પછી અહીં દૃષ્ટાંત કેમ નથી આપ્યું ? તો એનો જવાબ એ છે કે તર્કશાસ્ત્રને અનુસરીને એ આપોઆપ જ ચિત્તમાં સ્ફુરે છે માટે. જેમ કે કહ્યું છે કે—

> "અજ્ઞાનીઓને માટે દૃષ્ટાંતમાં સાધ્ય અને હેતુ કહેવામાં આવે છે, પણ તદ્વિદો માટે તો એકલો હેતુ જ કહેવો જોઈએ." ૧૨

(વળી, એ શ્લોકમાં વપરાયેલું) विदधाति રૂપ वि ઉપસર્ગ સાથેના धा ધાતુનું રૂપ છે. એનો અર્થ 'કહે છે' એવો થાય છે. અને એ અર્થ અહીં સ્પષ્ટરૂપે બંધબેસતો થતો નથી. કારણ, प्रकाशस्वाभाव्यं न कुर्वन्ति (પ્રકાશસ્વાભાવ્ય કરતા નથી) એવું વાક્ય થાય (જે સંગત નથી.) વળી, 'પ્રકાશસ્વાભાવ્ય' શબ્દ પણ ચિંત્ય એટલે કે અશુદ્ધ જ છે. પ્રકાશ જેનો સ્વભાવ છે તે પ્રકાશસ્વભાવ, તેનો ભાવ એમ કહેવા ભાવવાચક 'य' પ્રત્યય લગાડીએ તો પૂર્વપદની વૃદ્ધિ થવી જોઈએ. (એટલે કે 'પ્રાકાશસ્વાભાવ્ય' શબ્દ થવો જોઈએ.) જો સ્વભાવનો ભાવ તે 'સ્વાભાવ્ય' એમ કરી પછી તેનો પ્રકાશની સાથે સમાસ કરીએ તો 'પ્રકાશસ્વાભાવ્ય' એવો શબ્દ તો બને, પણ એમાંયે 'સ્વભાવ' જે ભાવવાચક શબ્દ છે તેને બીજો ભાવવાચક પ્રત્યય લગાડવો પડે છે. અને એવો પ્રયોગ ઝાઝો થતો નથી, એટલે એવો શબ્દ બનાવી પ્રકાશ જેનો સ્વભાવ છે એવું તે 'પ્રકાશ સ્વાભાવ્ય' એવો વિશેષણસમાસ બનાવવો પણ ઉચિત નથી.

ઉપરાંત, એ શ્લોકના ત્રીજા ચરણમાં અર્થ સમજવામાં બાધા ઉત્પન્ન કરે એવા વધુ પડતા સમાસો અત્યાચારરૂપ થઈ પડે છે અને સહૃદયોને આનંદ આપતા નથી. 'રવિવ્યાપાર' એવા સમાસમાં રવિને પ્રાધાન્ય મળવું જોઈએ તે મળતું નથી, તે ગૌણ બની જાય છે. रवेः व्यापारः એવું પાઠાન્તર યોજી એ દોષ ટાળી શકાત.

અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે (જો તમે અલંકાર વગરના વસ્તુમાત્રને કાવ્ય જ ન કહેતા હો તો અપ્રસ્તુતપ્રશંસા વગેરે જેવાં કેટલાંક સ્થળે) અલંકાર વગરનું વસ્તુમાત્ર સહૃદયોને આનંદ આપનાર શી રીતે થઈ શકે છે? તો એનો જવાબ એ છે કે એ શંકા બરાબર નથી. કારણ, એવે સ્થળે ઉક્તિ બીજા જ પદાર્થને લક્ષ્ય કરતી હોઈ કવિના ચિત્તમાં અપ્રસ્તુતપ્રશંસારૂપે અલંકાર સ્ફુરેલો જ હોય છે.

અહીં કહેવાનો અર્થ એ છે કે અપ્રસ્તુતપ્રશંસા વગેરેમાં કવિ જે પદાર્થનું વર્ણન કરતો હોય છે તે તેને અભિપ્રેત નથી હોતો. બલકે એ પદાર્થના વર્ણન દ્વારા વ્યંજનાથી તે બીજા જ પદાર્થનું વર્ણન કરતો હોય છે અને એમાં જ તેની વિદગ્ધતા પ્રગટ થાય છે અને તે સહૃદયોને આનંદ આપનાર થઈ પડે છે. જો કવિ એ વ્યંજનાલભ્ય વસ્તુ વાચ્યરૂપે રજૂ કરે તો તેમાં કશો ચમત્કાર આવતો નથી. એનો અર્થ એ થયો કે એવે સ્થળે કવિના ચિત્તમાં પહેલેથી જ અપ્રસ્તુતપ્રશંસા અલંકાર સ્ફુરેલો હોય છે અને એ વાક્ય અલંકારશૂન્ય હોતું નથી એટલે સહૃદયોને આનંદ આપે છે.

જ્યારે કોઈ વસ્તુ કવિની પ્રતિભામાં પહેલવહેલું સ્ફુરે છે ત્યારે તે ઘડયા વગરના પથ્થરના ટુકડા જેવા લાગતા હીરા જેવું હોય છે, તે જ્યારે વિદગ્ધ કવિની રચેલી વક્રતાયુક્ત વાણીમાં મુકાય છે ત્યારે સરાણ પર પહેલ પાડેલા હીરાના જેવી મનોહરતા ધારણ કરી સહૃદયોના હૃદયને આનંદ આપનાર કાવ્યત્વને પામે છે. એથી જ એક વિષયનું નિરૂપણ કરતાં સાવધ અને અસાવધ બે કવિઓનાં વાકયો વચ્ચે આસમાનજમીનનું અંતર હોય છે. જેમ કે—

> ‘‘માનિનીઓનાં ઊનાં આંસુઓથી મલિન કટાક્ષપાતોને સ્વીકારતો ઊગેલો ચંદ્ર, અતિશય બી ગયો હોય એમ ધીરે ધીરે આકાશમાં આગળ વધ્યો.’’ ૧૩

(આ શ્લોક ભારવિના કિરાતાર્જુનીય કાવ્યમાં (૩-૨૬) આવે છે.)

> ‘‘પ્રિયના વિરહાનલથી સળગી ઊઠેલા લોચનોવાળી

પુરસ્ત્રીઓના કટાક્ષોથી બીતો એવો ચંદ્ર, નવા કમળના કંદના અંકુરની કાન્તિવાળી કળાઓને એક બે ત્રણ એમ ધીમે ધીમે પ્રગટ કરતો જાણે છાનોમાનો ઊગી રહ્યો છે.” ૧૪

આ બે શ્લોકો વચ્ચેનું અંતર સહૃદયોને સમજાય એવું છે એટલે તેઓ જ એનો નિર્ણય કરે.

શ્રી દાસગુપ્ત બીજા શ્લોકને ચડિયાતો ગણે છે અને મોટા ભાગના વાચકોને પણ એમ જ લાગશે, છતાં નોંધવું જોઈએ કે આચાર્ય વિશ્વેશ્વર અને ચૌખંબા આવૃત્તિના સંપાદક શ્રી રાધેશ્યામ શર્મા પહેલા શ્લોકને ચડિયાતો લેખે છે.

આ ઉપરથી એમ નક્કી થયું કે કેવળ રમણીય શબ્દથી કે કેવળ રમણીય અર્થથી પણ કાવ્ય બનતું નથી. એટલે કહ્યું છે કે—

“બીજા અનેક આલંકારિકોએ રૂપકાદિ (અર્થના) અલંકારોનું અનેક રીતે નિરૂપણ કર્યું છે. સ્ત્રીનું મુખ સુંદર હોય તોયે અલંકાર વગર શોભતું નથી.” ૧૫

“બીજા રૂપકાદિ (અર્થના) અલંકારોને બાહ્ય કહે છે. નામ અને ક્રિયાપદના વ્યાકરણશુદ્ધ પ્રયોગને જ તેઓ વાણીના અલંકાર માને છે.” ૧૬

“એને જ સૌશબ્દ્ય કહે છે. અર્થાલંકાર એવા નથી. પણ અમને તો શબ્દના અને અર્થના બંને પ્રકારના અલંકારો ઇષ્ટ છે.” ૧૭

(આ શ્લોકો ભામહના ‘કાવ્યાલંકાર’માં (૧/૧૫-૧૭) આવે છે.)

આથી શબ્દો અને અર્થો બંને ભેગા મળીને કાવ્ય થાય છે એમ થયું. આ રીતે, બંને મળીને કાવ્ય થાય છે એવું પ્રસ્થાપિત થયા છતાં, કોઈ વાર એ બેમાંથી કોઈ એક સહેજ ઊણો હોય તોયે કાવ્ય ગણાઈ જાય, માટે કહે છે કે सहितौ – બંને સહિતભાવથી, સાહિત્યથી રહેલા હોવા જોઈએ.

અહીં કોઈ કદાચ એમ કહે કે એ બંને વચ્ચે વાચ્યવાચકનો

સંબંધ રહેલો હોઈ, એ બે વચ્ચે સાહિત્યનો, સહિતભાવનો કદી અભાવ હોતો જ નથી, તો કહેવાનું કે એ વાત સાચી, પણ અહીં જે પ્રકારનું સાહિત્ય અભિપ્રેત છે તે વિશિષ્ટ પ્રકારનું છે. કેવું ? તો કે વક્રતાને લીધે વિચિત્ર ગુણો અને અલંકારોની સંપત્તિ પરસ્પરની સ્પર્ધા કરતી હોય એવું. તેથી—

જેમના બધા ગુણો સમાન છે એવા બે મિત્રોની જેમ પરસ્પરની સંગતિમાં રહેલા શબ્દાર્થ જેમાં પરસ્પરની શોભા વધારતા હોય એવી રચનાને કાવ્ય કહી શકાય. ૧૮

> "પછી અરુણના આગમનને લીધે જેનું બિંબ ઝાંખું પડી ગયું છે એવો ચંદ્ર સંભોગથી થાકી ગયેલી સ્ત્રીના ગાલ જેવો ફીકો થઈ ગયો." ૧૯

આ શ્લોકમાં અરુણના આગમનને લીધે ઝાંખા પડી ગયેલા ચંદ્રની અને કામભોગથી થાકેલી સ્ત્રીના ગાલની ફીકાશના સામ્યનું સમર્થન કરવાને લીધે પરિપુષ્ટ થયેલો (ઉપમા) અર્થાલંકાર અત્યંત સુંદર લાગે છે. ઉપરાંત, એમાં હવે પછી જેનું નિરૂપણ કરવામાં આવનાર છે તે વર્ણવિન્યાસની વક્રતારૂપ (અનુપ્રાસ) શબ્દાલંકાર પણ અત્યંત રમણીય છે. અને આ શ્લોકમાં વર્ણવિન્યાસની શોભાથી ઉત્પન્ન થતી લાવણ્ય નામના ગુણની સંપત્તિ તો છે જ.

એવું જ બીજું ઉદાહરણ—

> "લીલાકમળની પેઠે પૃથ્વીમંડળને માથા ઉપર ધારણ કરીને શેષે શેષ પુરુષોના પુરુષાર્થનો ભારે ઉપહાસ કર્યો છે." ૨૦

આ શ્લોકમાં અપ્રસ્તુતપ્રશંસારૂપ અર્થાલંકારના સૌંદર્યથી રચાતું અને અનાયાસ રચાયેલા યમકાનુપ્રાસ(શબ્દાલંકાર)થી શોભતું તથા સમર્પકત્વ એટલે પ્રાસાદિકતાને (પ્રસાદગુણને) કારણે સુભગ એવું કોઈ અપૂર્વ કાવ્યસૌંદર્ય સહૃદયને આનંદ આપે છે.

આ કારિકામાં "શબ્દાર્થૌ" એવું દ્વિવચન વાપર્યું છે તે વાચ્ય અને વાચકની આખી જાતિનો બોધ કરાવે છે. (એનો અર્થ એ

છે કે એ દ્વિવચનનું રૂપ શબ્દની અને અર્થની આખી જાતિનો બોધ કરાવે છે, અર્થાત્ કાવ્યમાં વપરાયેલા બધા જ શબ્દો અને બધા જ અર્થોનું સાહિત્ય સધાયેલું હોવું જોઈએ એવો એનો અર્થ સમજવાનો છે. તેમ જો ન માનીએ અને) આ દ્વિવચન વ્યક્તિગત શબ્દ અને વ્યક્તિગત અર્થનો બોધ કરાવે છે એમ માનીએ તો એક પદમાં રહેલા શબ્દ અને અર્થને પણ કાવ્ય માનવાનો વારો આવે. માટે કહ્યું છે કે 'वंधे व्यवस्थितौ' –'બંધમાં રહેલા.' 'બંધ' એટલે વાકયવિન્યાસ, વાકયની ગોઠવણીથી થતી આખી કૃતિ. તેમાં વ્યવસ્થિત એટલે વિશિષ્ટ ગુણ અને અલંકારથી શોભતી ગોઠવણીમાં ગોઠવાયેલા. 'सहितौ'નો અર્થ અહીં પણ, પહેલાં કહ્યું તેમ, શબ્દનું પોતાની જાતિના બીજા શબ્દ સાથે અને અર્થનું પોતાની જાતિના બીજા અર્થ સાથે પરસ્પરની સ્પર્ધારૂપ સાહિત્ય જ વિવક્ષિત છે. એ વગર કૃતિ સહૃદયોને આનંદ આપી ન શકે. જેમ કે—

> "તું કેમ સંસારને અસાર, ત્રિભુવનને રત્ન લૂંટાઈ ગયું હોય એવું, જીવલોકને જોવા જેવી વસ્તુ વગરનો (નિરાલોક), બાંધવોને મરણશરણ, કંદર્પને દર્પ વગરનો, લોકોની આંખની રચનાને નિષ્ફળ અને જગતને જીર્ણ અરણ્ય બનાવી દેવા તૈયાર થયો છે?" (માલતીમાધવ, ૫-૩૦) ૨૧

આ શ્લોકમાં કોઈ એક પ્રબંધ (માલતીમાધવ-૫-૩૦)માં કોઈ કાપાલિક સ્ત્રી(માલતી)ને મારી નાખવા તૈયાર થયો છે, તેને ઉદ્દેશીને એમ કહેવામાં આવ્યું છે કે એના વિના સંસાર સાર વગરનો, ત્રણે લોક રત્ન લૂંટાઈ ગયું હોય એવા, જીવલોક જોવા જેવી સુંદર વસ્તુ વગરનો, બધા લોકોની આંખની રચના નિષ્ફળ જેવી, કંદર્પ ત્રિભુવનવિજયી હોવાના દર્પ વગરનો અને જગત જીર્ણ અરણ્ય જેવું થઈ જાય એમ છે, તો એવું ન કરવા જેવું કામ કરવા તું શા માટે તૈયાર થયો છે?

આ મહાવાકય જેવા શ્લોકમાં અવાંતર વાક્યો જેવાં, નાયિકાના સકલ લોકને લોભાવે એવા લાવણ્યનું પ્રતિપાદન કરતાં અને

પરસ્પરની સ્પર્ધા કરતાં, અત્યંત રમણીય વાક્યો ગૂંથવામાં આવ્યાં છે, તે કોઈ અપૂર્વ સૌંદર્યને પોષે છે. પણ **मरणशरणं बान्धवजनम्** એ અવાંતર વાક્ય બીજાં અવાંતર વાક્યોની સહેજ પણ બરોબરી કરી શકે એવું નથી, અને તેથી તે સહૃદયોને આનંદ આપે એવું નથી; એક વાક્યમાં ઉપયોગી થઈ શકે એવાં અનેક રમણીય વાક્યો એકી વખતે સ્ફુરતાં હોય ત્યારે વાક્યનો અર્થ પૂરો કરવા (અથવા પાદપૂર્તિ) માટે તેના જેવું બીજું વાક્ય મેળવવા પ્રયત્નપૂર્વક પ્રતિભાને કસવી પડે છે (પણ અહીં કવિએ એવો પ્રયત્ન કર્યો નથી અને **मरणशरणं बान्धवजनम्** એવું નબળું વાક્ય મૂકી દીધું છે. એથી શ્લોકના સૌંદર્યને હાનિ પહોંચી છે.) અહીં પણ પ્રસ્તુત વસ્તુના જેવું બીજું વસ્તુ સહેલાઈથી મળી શકે એમ છે — **मरणशरणं बान्धवजनम्**ને બદલે **विधिमपि विपन्नाद्भुत विधिम्** ( વિધિને કહેતાં વિધાતાને તેના ઉત્તમ સર્જનના નાશથી શોકમગ્ન) એવું વાક્ય મૂકી શકાત.

પહેલાં સૂઝેલા પદાર્થના જેવો બીજો પદાર્થ મળવો અસંભવિત લાગે ત્યારે કવિઓ કોઈક બીજી જ વધુ સુંદર અપૂર્વ શૈલીથી વર્ણન કરી કોઈ અનિર્વચનીય કાવ્યસૌંદર્ય પ્રગટ કરે છે. જેમ કે—

> "કૈલાસ પર્વતને ઉપાડવો, પોતાના અનેક કંઠોની ઝાડી કાપી નાખવી, ઇન્દ્રને કારાવાસમાં પૂરવો, પુષ્પકનું અપહરણ કરવું," (બાલરામાયણ, ૧-૫૧) ૨૨

આ રીતે (રાવણનાં પરાક્રમોનું વર્ણન કરીને પહેલાં વર્ણવેલી વસ્તુઓને અનુરૂપ બીજી વસ્તુ મળવી અસંભવિત લાગતાં "**यस्येदृशा केलयः**" (આવી બધી તો જેની રમતો છે) એવું વાક્ય મૂકી દીધું છે અને તેને લીધે પહેલાંનાં બીજાં વાક્યો પણ કોઈ અપૂર્વ સૌંદર્યને પામે છે.

એવું જ બીજું ઉદાહરણ—

> "તેના મુખચંદ્રનું દર્શન કરતાં દિવસ પૂરો કર્યો,

તેની સાથે વાતો કરવામાં સાંજ વિતાવી, અને કામદેવથી ઉત્સાહિત તેના દેહાર્પણ દ્વારા રાત પણ પૂરી કરી, છતાં એને હજી પણ (મારી પ્રતીક્ષામાં) વાટ ઉપર નજર માંડી રહેલી જોવા માટે મારું મન કેમ ઉત્કંઠિત થઈ રહ્યું છે?" ('તાપસવત્સરાજચરિત', ૧-૬૮) ૨૩

આ શ્લોકમાં હજી પણ તેને આવી રીતે જોવા માટે મારું મન કેમ ઉત્કંઠિત થઈ રહ્યું છે? – એમ વાક્ય પૂરું થયું હોવા છતાં "अथवा प्रेमासमाप्तोत्सवम्" (અથવા પ્રેમનો ઉત્સવ કદી સમાપ્ત થતો જ નથી) એવું વસ્તુ જોડી દીધું છે, તેથી આગલાં વાક્યોમાં પણ જાણે નવો પ્રાણ પુરાયો છે.

જોકે ઉપરના બંને શ્લોકમાં શબ્દ અને અર્થના સાહિત્યનું પ્રાધાન્ય રહે એ રીતે જ વાક્યોની રચના કરેલી છે, તેમ છતાં એમાં કવિપ્રતિભાની પ્રૌઢિ જ પ્રધાનપણે પ્રગટ થાય છે.

(આ બંને શ્લોકોમાં અર્થની સાથે બીજા અર્થનું પરસ્પર-સ્પર્ધી સાહિત્ય સચવાયેલું છે પણ 'असारं संसारम्'માં તે સચવાયેલું નથી તેથી તે શ્લોક સહૃદયોના હૃદયને આનંદ આપી શકતો નથી.) એ જ રીતે, શબ્દનું બીજા શબ્દ સાથે સાહિત્ય ન સચવાયું હોય એવું ઉદાહરણ—

"સૌંદર્યે તેમના દેહને શોભિત કર્યો, એ સૌંદર્યને પૂર્ણ યૌવનના સહકારે (શોભિત કર્યું), એ(પૂર્ણ યૌવન)ને કામદેવની લક્ષ્મીએ (શોભિત કર્યું) અને એ(કામદેવની લક્ષ્મી)ને પ્રિયસંગમથી શોભતા મદે (શોભિત કરી છે.)." (શિશુપાલવધ, ૧૦-૩૩) ૨૪

આ શ્લોકના ઉત્તરાર્ધમાં કવિએ કહેવું એમ જોઈતું હતું કે પ્રિયસંગમે કામદેવની લક્ષ્મીને શોભાવી, તેને બદલે (મદે શોભાવી એમ કહ્યું છે અને પછી) 'મદ' કેવો તો કે 'દયિતસંગમથી શોભતો' એમ કહ્યું છે. (એટલે કે 'દયિતસંગમથી શોભતા મદે લક્ષ્મીને

શોભાવી' એમ કહ્યું છે.) એથી જે 'દયિતસંગમ' શબ્દને પ્રાધાન્ય મળવું જોઈતું હતું તે સમાસનો ભાગ બની જતાં ગૌણ બની ગયો છે, અને તેથી એ કાવ્ય રસજ્ઞોને આનંદ આપે એવું જ રહ્યું નથી. વળી, કાવ્યની શોભા માટે યોજેલો દીપકાલંકાર અંતે જતાં લગભગ તૂટી જાય છે. એટલે પ્રક્રમભંગને કારણે રસિકોને ઉત્પન્ન થતું વૈરસ્ય અનિવાર્ય બની જાય છે, અર્થાત્, તેને લીધે રસિકોને વિરસતાનો અનુભવ થયા વગર રહેતો નથી. આ દોષ ટાળવો હોય તો दयितसंगमभूषाને બદલે दयितसंगतिरेनम् એવો પાઠ સહેલાઈથી લઈ શકાય એમ છે.

અને તો અર્થ એવો થાત કે લક્ષ્મીને મદે શોભાવી અને એ મદને દયિતસંગમે શોભાવ્યો. એમ કરવાથી પ્રક્રમભંગનો દોષ પણ ટળત અને દયિતસંગમને પ્રાધાન્ય પણ મળત.

આ બંને ઉદાહરણોમાંથી દરેકમાં પ્રધાનપણે (શબ્દ કે અર્થમાંથી) કોઈ એકના સાહિત્યનો અભાવ બતાવ્યો છે. (જેમ કે 'असारं संसारम्'માં અર્થના બીજા અર્થ સાથેના સાહિત્યનો અને चारुता०માં શબ્દના બીજા શબ્દ સાથેના સાહિત્યનો અભાવ દર્શાવ્યો છે.) પણ ખરું જોતાં, એ બંનેમાંથી કોઈ એકના સાહિત્યનો અભાવ બીજાના સાહિત્યના અભાવમાં પરિણમે છે. તેથી અર્થ પોતે સ્ફુર્યો હોય તોપણ તેને વ્યક્ત કરવાને સમર્થ શબ્દને અભાવે મરેલા જેવો જ રહે છે, અને તે જ રીતે, શબ્દ પણ વાક્યોચિત (ચમત્કારક) અર્થના અભાવે બીજાનો વાચક બનીને વાક્યને વ્યાધિરૂપ થઈ પડે છે. વધુ વિસ્તાર કરવાની જરૂર નથી.

હવે પ્રસ્તુત મુદ્દો ફરી હાથમાં લઈએ.

ઉપરની ચર્ચાનો સાર એ કે બંધમાં પ્રયોજાયેલા પરસ્પરની સ્પર્ધા કરતા શબ્દાર્થ તે કાવ્ય. હવે આગળ કહે છે કે—

એ બંધ કેવો? તો કે વક્રકવિવ્યાપારશાલી. એટલે કે શાસ્ત્ર વગેરેમાં શબ્દ અને અર્થનો જે જાણીતો ઉપયોગ થાય છે તેના કરતાં જુદો જ, છ પ્રકારની વક્રતાવાળો, કવિવ્યાપાર એટલે તેનો

ક્રિયાક્રમ. તેના વડે જે શોભતો હોય એવો બંધ, એટલે કે રચના. જેમાં પ્રસિદ્ધ ઉપયોગથી જુદો જ ઉપયોગ શબ્દ અને અર્થનો થયો હોય એવી રચના તો કષ્ટકલ્પનાવાળી પણ હોઈ શકે છે, એટલે તેનું નિવારણ કરવા કહ્યું છે કે એ બંધ તદ્વિદાહ્લાદકારી હોવો જોઈએ. તદ્વિદ એટલે કાવ્યમર્મજ્ઞ. તેમને આહ્લાદ આપે એવા બંધમાં શબ્દાર્થ પ્રયોજાયેલા હોવા જોઈએ. અહીં વક્રતા, વક્રતાના પ્રકારો તેમ જ તદ્વિદાહ્લાદકારિત્વની ઉદાહરણ સાથે સમજૂતી આપેલી નથી, તે પાછળથી યથાવસર આપવામાં આવશે.

આમ, કાવ્યની સામાન્ય વ્યાખ્યા બાંધ્યા પછી હવે વિશેષ વ્યાખ્યા આપવાની શરૂઆત કરવા પહેલાં શબ્દ અને અર્થનું સ્વરૂપ સમજાવે છે.—

૮

**વાચ્ય તે અર્થ અને વાચક તે શબ્દ એ તો જાણીતું છે, તેમ છતાં આ કાવ્યમાર્ગમાં એમનો સાચો અર્થ આ પ્રમાણે છે.**

એ વાત તો જાણીતી છે કે જે વાચક હોય છે તે શબ્દ હોય છે અને જે વાચ્ય કે અભિધેય હોય છે તે અર્થ હોય છે. અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે દ્યોતક અને વ્યંજક પણ શબ્દ હોય છે, તેનું શું? તો કહે છે કે તે બંનેનો પણ ઉપચારથી વાચકમાં જ સમાવેશ થઈ જાય છે, કારણ, અર્થપ્રતીતિ કરાવવી એ ત્રણેનો સામાન્ય ધર્મ છે. એ જ રીતે, વાચ્યમાં ઉપચારથી દ્યોત્ય અને વ્યંગ્યનો પણ સમાવેશ થઈ જાય છે, કારણ કે પ્રતીત થવું એ એમનો સામાન્ય ધર્મ છે, આમ, અર્થ એ વાચ્ય છે અને શબ્દ એ વાચક છે, એ તો લોકોમાં જાણીતી વાત છે, તેમ છતાં આ અલૌકિક કાવ્યના કહેતાં સાહિત્યના ક્ષેત્રમાં એ બંનેનો સાચો અર્થ જુદો જ છે અને તે હવે કહેવામાં આવશે.

કેવો? તો કે—

૯

**એક જ અર્થના બીજા શબ્દો હોવા છતાં વિવક્ષિત અર્થનો જે એકમાત્ર વાચક હોય તે જ શબ્દ કહેવાય. અને જે પોતાના સ્વભાવના સૌંદર્યથી સહૃદયને આનંદ આપે એવો હોય તે જ અર્થ કહેવાય.**

કાવ્યમાં તો તે જ શબ્દ કહેવાય જે કાવ્યને યોગ્ય બધી સામગ્રી ધરાવતો હોય. જે વિવક્ષિત અર્થનો એકમાત્ર વાચક હોય, જે અર્થ કહેવા ધાર્યો હોય તેને વ્યક્ત કરનારો જે એકમાત્ર શબ્દ હોય અર્થાત્ તે અર્થને વ્યક્ત કરનારા બીજા અનેક શબ્દો હોવા છતાં જે એક જ શબ્દ કવિને ઇષ્ટ અર્થ (છાયા) બરાબર વ્યક્ત કરતો હોય તે જ શબ્દ કહેવાય. તેથી જ્યાં સામાન્યનું કથન કરવાનું હોય ત્યાં વિશેષનું કથન કરનાર શબ્દ નહિ ચાલે. જેમ કે—

> "હે મકરાકર સમુદ્ર, મોજાંઓથી ઊછળતા પથ્થરોના કઠોર પ્રહારોથી તું આ રત્નોનું અપમાન ન કર. શું (એ રત્નોમાંના જ એક) કૌસ્તુભરત્ને સ્વયં પુરુષોત્તમને તારી આગળ યાચના માટે હાથ લંબાવવાની ફરજ નથી પાડી?"
> (ભલ્લટશતક-૬૨) ૨૫

આ શ્લોકમાં શરૂઆત રત્ન સામાન્યની એટલે કે બધાં જ રત્નોની પ્રશંસાથી કરી છે, પણ પછી ઉપસંહાર કૌસ્તુભ એમ એક વિશેષ રત્નનું નામ દઈને તેની ખાસ પ્રશંસા કરીને કર્યો છે, તેથી શરૂઆત અને ઉપસંહાર વચ્ચે વૈષમ્ય પેદા થયું છે અને તે સુંદર લાગતું નથી. એમ પણ કહી શકાય એમ નથી કે કોઈ એક રત્નમાં જે ગુણો હોય તે સર્વસામાન્ય બધાં જ રત્નોમાં પણ હોય જ. કારણ કે—

> "ઘોડા, હાથી, લોખંડ, લાકડું, પથ્થર, વસ્ત્ર, સ્ત્રી, પુરુષ અને પાણી — એમાં પરસ્પર જે અંતર હોય છે તે બહુ મોટું હોય છે." (તંત્રાખ્યાયિકા, ૧-૪૦) ૨૬

એટલે કે ઘોડા ઘોડા વચ્ચે કે લોઢા લોઢા વચ્ચે કે માણુસ માણુસ વચ્ચે જે ફેર હોય છે તે ઘણો મોટો હોય છે.

એટલે આવા દાખલાઓમાં સામાન્ય-વાચક જ સહૃદયોના હૃદયને આનંદ આપનાર થઈ પડે છે. વળી અહીં "एकेन किं न विहितो भवतः स नाम" એવું પાઠાંતર સહેલાઈથી યોજી શકાય એમ છે (અને તો અર્થ એવો થાત કે એ રત્નોમાંના એકે જ સ્વયં પુરુષોત્તમને તારા યાચક થવાની ફરજ નથી પાડી?) પણ જ્યાં વિશેષરૂપે કોઈ વસ્તુનું પ્રતિપાદન કરવાની જરૂર હોય ત્યાં કવિઓ વિશેષવાચક નામ જ વાપરે છે. જેમ કે—

"બંને થયાં રે અવ શોચવાનાં
તેં યાચતાં સંગમ એ કપાલીનો;
કાન્તિમતી ચંદ્રતણી કલા તે
ને તું વળી લોકની નેત્રકૌમુદી."

(કુમારસંભવ, ૫–૭૧) ૨૭

અહીં શંકરવાચક હજારો શબ્દ મળી શકે એમ હોવા છતાં બીભત્સના આલંબન વિભાવનો વાચક શબ્દ कपालिनः જુગુપ્સા પેદા કરનારો હોઈ તે જ વાપર્યો છે, તે કોઈ અપૂર્વ વાચક-વક્રતા ધારણ કરે છે. सम्प्रति અને द्वयं એ બે શબ્દો પણ અત્યંત રમણીય છે, કારણ, પહેલાં તો એકલી તે (ચંદ્રની કલા) જ (કપાલીના સમાગમની પ્રાર્થનારૂપ) દુર્વ્યસન-દૂષિત હોવાને કારણે શોકનું કારણ બની હતી. હવે તું પાછી તેને એ ખરાબ કામમાં મદદ કરવા તૈયાર થઈ છે, એમ કહી તેની મશ્કરી કરે છે. प्रार्थना શબ્દ પણ અત્યંત રમણીય છે. કારણ કે કાકતાલીય ન્યાયે તારો કપાલી સાથે સંગમ થયો હોત તો તે કદાચ (એટલો) નિંદ્ય ન ગણાત. પણ તું તો માગીને તેની સાથે જોડાય છે, એ કુલીનને માટે અત્યંત કલંકકર છે. 'सा च' 'त्वं च' એ બંનેનો એ રીતે પ્રયોગ કરવાથી બંનેના પરસ્પરસ્પર્ધી લાવણ્યનો જે અનુભવ થાય છે, તેનું પ્રતિપાદન

થાય છે. 'कलावतः' અને 'कान्तिमती' એ બંને પદોમાં મત્વર્થીય ('વાળું' અર્થનો) પ્રત્યય વાપર્યો છે એટલે એ બંનેની પ્રશંસા ધ્વનિત થાય છે. આમ, શ્લોકમાંનો એકેએક અર્થ કોઈ બીજા શબ્દ વડે વ્યક્ત કરી શકાય એમ નથી.

આમ, કવિને વિવક્ષિત વિશેષ અર્થનું કથન કરવાનું સામર્થ્ય તે જ વાચકત્વનું એટલે (કવિના) શબ્દનું લક્ષણ છે. કારણ, તે (કાવ્યરચનાને) સમયે (કવિની) પ્રતિભામાં ઉત્પન્ન થતા કોઈ એક પરિસ્પન્દને લીધે (વાસ્તવિક જગતના) પદાર્થો ભાવોજ્જ્વલ બની જાય છે અથવા પ્રકૃત પ્રસંગને યોગ્ય એવા કોઈ ગૌરવથી તેમનો મૂળ સ્વભાવ ઢંકાઈ જાય છે અને તેઓ કવિની વિવક્ષાને અનુરૂપ વાચ્ય બની જાય છે, તથા તેવા વિશેષ અર્થનું પ્રતિપાદન કરવાને સમર્થ શબ્દો દ્વારા કહેવાઈને સહૃદયોના ચિત્તને ચમત્કારક થઈ પડે છે.

શ્રી દાસગુપ્તને અનુસરીને આ ખંડને સમજવાનો પ્રયત્ન કરીએ તો કુંતકનું કહેવું એવું લાગે છે કે કાવ્યરચના સમયે કવિના ચિત્તમાં એક સ્પંદન જાગે છે, તેને લીધે આ જગતના પદાર્થો પોતાના બાહ્ય જડ સ્વભાવને છોડી દઈને કવિના અંતરમાં ભાવમય સ્વરૂપ ધારણ કરે છે. અંગ્રેજીમાં કહીએ તો The external objects take an ideal or emotional form. એ રીતે એ પદાર્થો કવિની વિવક્ષાને યોગ્ય ભાવમય અર્થો બની જાય છે અને ત્યાર પછી એ જ પરિસ્પંદને લીધે એ ભાવમય અર્થને બરાબર અભિવ્યક્ત કરી શકે એવા શબ્દો દ્વારા તેમનું કથન થાય છે, એટલે તે સહૃદયોને આનંદ આપનાર થઈ પડે છે. આમાં બે વસ્તુ બને છે. એક તો, કવિચિત્તમાં જાગતા પરિસ્પંદને લીધે જાગતિક પદાર્થો ભાવમય મૂર્તિ ધારણ કરે છે. અને પછી એ જ પરિસ્પંદને લીધે કવિને એ ભાવમૂર્તિને શબ્દબદ્ધ કરવાને સમર્થ શબ્દો પણ મળી રહે છે. આમ, પદાર્થોને ભાવમય બનાવી દેનાર અને તે ભાવમય રૂપને શબ્દમાં મૂર્ત કરનાર એક જ પરિસ્પંદ હોય છે, એટલે એ ભાવમય અર્થ અને તેને અભિવ્યક્ત કરનાર શબ્દ વચ્ચે પૂરેપૂરું સામંજસ્ય હોય છે.

આચાર્ય વિશ્વેશ્વર અને ચૌખંબા આવૃત્તિના સંપાદક શ્રી રાધેશ્યામ

શર્મા અહીં જરા જુદી રીતે અર્થ કરે છે. તેઓ 'પરિસ્પંદ'નો અર્થ 'સ્વભાવ' એવો કરે છે એટલે તેમની દૃષ્ટિએ આ વાક્યના પહેલા ખંડનો અર્થ એવો થાય કે કાવ્યરચના સમયે કવિની પ્રતિભામાં જગતના પદાર્થો કોઈ એક વિશિષ્ટ સ્વભાવયુક્ત થઈને પ્રગટ થાય છે. એટલે કે એ પદાર્થોનો મૂળ સ્વભાવ બદલાઈ જાય છે. શ્રી દાસગુપ્તના અર્થઘટનમાં ફલિત તો એ જ થાય છે કે જગતના પદાર્થો કવિપ્રતિભામાં જાગતા કોઈ એક પરિસ્પંદ કહેતાં સંચલનને લીધે ભાવોજ્જ્વલ બનીને પ્રગટ થાય છે. અર્થાત્ ભાવાભિવ્યક્તિને અનુરૂપ સ્વરૂપે પ્રગટ થાય છે. આમ એ બે વચ્ચે વિરોધ નથી. એ જ વાતને ગ્રંથકારે પણ બીજી રીતે રજૂ કરતાં કહ્યું છે કે પ્રસ્તુત પ્રસંગને અનુરૂપ કોઈ ઉત્કર્ષથી પદાર્થોનો મૂળ સ્વભાવ ઢંકાઈ જાય છે અને તેઓ કવિની વિવક્ષાને અનુરૂપ વાચ્ય (અર્થ) બની જાય છે.

આપણે એક દૃષ્ટાંતથી આ વાત જરા વિગતે સમજી લઈએ. ઉપર ૨૭મા ઉદાહરણને જ લઈએ તો એમાં કવિના મનમાં 'શિવ' એવો અર્થ સ્ફુરે છે તે દેવાધિદેવ, ત્રિપુરવિજેતા, આશુતોષ કે એવા કોઈ રૂપે સ્ફુરતો નથી. પણ કવિ અહીં જે ભાવ નિરૂપવા માગે છે તેના વિભાવરૂપે સ્ફુરે છે. એટલે કે જુગુપ્સા ઉત્પન્ન કરે એવા રૂપે સ્ફુરે છે. બીજી રીતે કહીએ તો પ્રસ્તુત પ્રસંગના માહાત્મ્યને જોરે 'શિવ'નો મૂળ સ્વભાવ ઢંકાઈ જાય છે, અને કવિને વિવક્ષિત એવા કોઈ જુદા જ સ્વભાવ સાથે તે પ્રગટ થાય છે અને તેથી તે કવિની વિવક્ષાને યોગ્ય વાચ્ય (અર્થ) બની જાય છે, એટલે કે કવિને જે અર્થ કહેવો છે તે અર્થ બની જાય છે, અને પછી 'શિવ'ના વાચક બીજા હજારો શબ્દો હોવા છતાં જુગુપ્સા ઉત્પન્ન કરી શકે એવા 'કપાલી' શબ્દ દ્વારા તેનું કથન થાય છે, એટલે તે સહૃદયોને આનંદ આપનાર થઈ પડે છે. આ રીતે જેમાં ભાવમય અર્થ અનુરૂપ શબ્દોમાં મૂર્ત થયો હોય એવું ઉદાહરણ આપે છે.

જેમ કે—

"તુચ્છ કીડા જેવા હાથીને અથવા એક રજકણ જેવા મેઘને જોઈને સિંહ ઉશ્કેરાય એ તો ખરું જોતાં સિંહ જાતિમાં જન્મેલા બધા જ સિંહોનું સ્વભાવગત સામાન્ય વર્તન છે; એમ વિચારીને પાર્વતીનો સિંહ દિગ્ગજોને અને પ્રલયકાળની મેઘઘટાને જોઈને પણ ઉશ્કેરાતો નથી, તો એ શાને જોઈને ચમકશે ?" ૨૮

આ શ્લોકમાં હાથીઓને કીડા જેવા કહ્યા છે એથી તિરસ્કાર અને મેઘોને રજકણ જેવા કહ્યા છે એથી અનાદર ધ્વનિત થાય છે. 'બધા' એમ કહેવાનો ધ્વનિ એ છે કે કોઈ પણ મામૂલી સિંહ પણ એમ કરે. એથી અવહેલા ધ્વનિત થાય છે. 'જાતિ' શબ્દને 'માત્ર'થી વિશેષિત કર્યો છે એથી દેવીના સિંહનો ગર્વ ધ્વનિત થાય છે. 'હેવાકનો લેશ' કહ્યો છે, એથી અલ્પતા, તુચ્છતા સૂચિત થાય છે. આમ, આ શ્લોકમાં વપરાયેલા આ બધા શબ્દો વિવક્ષિત અર્થનો જ બોધ કરાવવાની ક્ષમતાનું સૂચન કરે છે. 'ઘટાબંધ' શબ્દ દેવીના સિંહની મહત્તા પ્રતિપાદન કરવા વપરાયો હોઈ તેના મહત્ત્વનું સૂચન કરે છે.

એથી ઊલટું, જ્યાં પદાર્થના વિશેષરૂપનું કથન કરવાની જરૂર હોય ત્યાં તે વિશેષતાનું પ્રતિપાદન કરનાર વિશેષણ ન વપરાય તો કાવ્યની શોભાને હાનિ પહોંચે છે. જેમ કે—

> "જે(ચિંતામણિ)ની આગળ વિધાતાની આખી સૃષ્ટિ નિરર્થક લાગે છે, જેના ઉત્કર્ષના પ્રતિસ્પર્ધીની કલ્પના કરવી એ પણ જેનું ભારેમાં ભારે અપમાન છે, જેની સંપત્તિ પ્રાણીઓના મનોરથોની પહોંચની બહાર છે, અને જેની છાયા પડતાં મણિ બની ગયેલા પથ્થરો વચ્ચે એ ચિંતામણિ પથ્થર ગણાય એ જ ઉચિત છે." ૨૯

આ શ્લોકમાં 'આભાસ' (છાયા) શબ્દ પોતે જ 'માત્ર' વગેરેથી વિશિષ્ટ થવા માગતો હોય એમ લાગે છે, એટલે અહીં "छायामात्रमणीकृताश्मसु मणेस्तस्याश्मतैवोचिता" એવું પાઠાંતર સ્વીકારવું જોઈએ. આ વાત વાચક-વક્રતાના પ્રકારોના સ્વરૂપનિર્ણય વખતે (બીજા ઉન્મેષમાં) ડગલે ને પગલે પ્રગટ થશે, એટલે અહીં લંબાણ કરતા નથી.

આમ, કાવ્યમાં પ્રયોજાતો શબ્દ કેવો હોવો જોઈએ તે ઉદાહરણો સાથે સમજાવ્યા પછી હવે કાવ્યમાં પ્રયોજાતા અર્થની વાત કરે છે.

અર્થ કેવો હોવો જોઈએ? તો કે કાવ્યમાં સહૃદયોને આનંદ આપનાર પોતાના સ્વભાવને લીધે સુંદર. સહૃદયો એટલે કે કાવ્યના મર્મજ્ઞો, તેમને આનંદ આપે એવો પોતાનો જે સ્વભાવ તેને લીધે સુંદર. એનો અર્થ એ થયો કે પદાર્થના ધર્મો તો નાનાવિધ હોય છે, તેમ છતાં કાવ્યમાં તો એવા જ ધર્મ સાથે તેનો સંબંધ વર્ણવવો જોઈએ, જે સહૃદયોને આનંદ આપી શકે એમ હોય; અને જેમાં એવા સામર્થ્યની કલ્પના એટલા માટે કરવામાં આવે છે કે તેમાં કોઈ અપૂર્વ મહત્તા હોય છે અથવા તે રસનો પરિપોષ કરતો અથવા તેની અભિવ્યક્તિ કરતો હોય છે. જેમ કે—

"પૃથ્વીનો ઉદ્ધાર કરતી વખતે પોતાની મહાનતાને કારણે જ પોતાની સ્વાભાવિક ઇચ્છાઓ પૂરી ન કરી શકેલા વરાહનો જય હો! પર્વતો તો એના દંતૂશળ અડતાં જ ચૂરેચૂરા થઈ જાય એટલે એ તેની સાથે પોતાની ખાંધ ખંજવાળી ન શકયા; સાગરોનાં પાણી એટલાં ઓછાં હતાં કે એની ખરીથી પડેલા ખાડામાં જ સમાઈ ગયાં એટલે એ તેમાં પડીને નાહી પણ ન શકયા; પાતાળના કાદવમાં તો એમના મોઢાનો લાંબો આગલો ભાગ (સૂંઢ) જ ડૂબી શકે એમ હતું એટલે એ તેમાં આળોટી જ ન શકયા." ૩૦

આ શ્લોકમાં કવિએ વરાહના એવા એક સ્વભાવનો મહિમા વર્ણવ્યો છે, જે તેની બીજી સ્વાભાવિક ક્રિયાઓનો નિરોધ કરીને તેની સ્વાભાવિક મહત્તાને પ્રગટ કરી સહૃદયોને આનંદદાયક થઈ પડે.

એવું જ બીજું ઉદાહરણ—

"કુશ અને સમિધ વીણવા નીકળેલા મુનિ રોવાના અવાજને અનુસરતા તેની પાસે પહોંચી ગયા. કયા મુનિ? તો કે નિષાદે મારેલા પંખીને જોઈને ઊપજેલો જેમનો શોક શ્લોકત્વને પામ્યો હતો તે." ૩૧

આ શ્લોકમાં કયા મુનિ? તો વાલ્મીકિ એમ માત્ર નામ દેવાને બદલે "નિષાદે મારી નાખેલા પંખીને જોવામાત્રથી ઉત્પન્ન થયેલો જેમનો શોક શ્લોકત્વને પામ્યો હતો તે" એમ કહ્યું છે, એમાં કવિનો અભિપ્રાય એવો છે કે એવા એ મુનિ, આવી દશામાં આવી પડેલી જનક રાજાની પુત્રીને જોઈને જરૂર વિવશ બની જાય અને તેમના અંતરમાં જે ભાવ જાગે તે કરુણરસનો પરિપોષ કરવામાં ઉપયોગી નીવડી સહૃદયોના હૃદયને આનંદ આપનાર થઈ પડે.

આમ, અહીં વાલ્મીકિનો એવો એક ગુણ વર્ણવ્યો છે, જે રસપરિપોષમાં ઉપકારક થઈ સહૃદયોને આનંદદાયક થઈ પડે.

એવું જ ત્રીજું ઉદાહરણ—

"છું સ્વામીનો પ્રિય સુહૃદ હું મેઘ, સૌભાગ્યવંતી!
આવ્યો તારી નિકટ હૃદયે ધારી સંદેશ તેનો:
ગર્જી ઘેરું અધીર અબળા-વેણીઓ છોડવાને
થાકયાપાકયા પથિકગણના પાયમાં વેગ પ્રેરું." ૩૨

('મેઘદૂત'-૨-૩૯, અનુ૦ પૂજાલાલ)

આ શ્લોકમાં પહેલું સંબોધન (अविधवे) જ યક્ષપત્નીને આશ્વાસનનું કારણ થઈ પડે એવું છે. ('अविधवे'-'સૌભાગ્યવંતી' એ શબ્દથી એવું સૂચવાય છે કે તારો પતિ સાજોસમો છે.) 'મને તારા પતિનો મિત્ર જાણજે' એ શબ્દો મેઘની પોતાની ઉપાદેયતા સૂચવે છે. એ મિત્ર પણ સામાન્ય નથી, 'प्रिय' છે. એથી એવું સૂચવાય છે કે હું બધી વિશ્રંભકથા – ગુપ્ત વાતોને પણ પાત્ર છું. આમ, (પહેલા ચરણમાં) તેને આશ્વાસન આપી, ઉન્મુખ બનાવી, 'તેનો સંદેશો લઈને તારી પાસે આવ્યો છું.' એમ કહીને પ્રસ્તુત વાત શરૂ કરે છે. સંદેશાને 'हृदयनिहित' (એટલે કે હૈયામાં રાખેલો) કહ્યો છે, એનાથી સંદેશો સાચવવાની એની સાવધાનતા સૂચિત થાય છે. કદાચ યક્ષપત્નીને એવી શંકા થાય કે સંદેશો પહોંચાડવામાં કુશળ બુદ્ધિવાળા કોઈ બીજાને કેમ ન મોકલ્યો? માટે કહે છે કે આ બાબતમાં હું જ કુશળ છું. હું 'अम्बुवाह' એટલે 'પાણીને

વહન કરનાર' છું. એમ કહીને પોતે સંદેશાનું વહન કરી શકે એમ છે, એવું સૂચન કર્યું છે. વળી, હું કેવો છું ? તો કે 'પ્રવાસીઓના સમૂહોને ઉતાવળ કરાવું છું.' એટલે કે તેઓને વહેલા વહેલા ઘરભેગા થવા પ્રેરું છું. કેવા પ્રવાસીઓને ? તો કે 'વિશ્રામ કરતા'. એટલે કે જેઓ (થાકી ગયા છે, વિશ્રામ કરે છે,) ઉતાવળ કરી શકે એમ નથી એવા. वृन्दानि – 'સમૂહોને' શબ્દ એમ સૂચવે છે કે હું અનેક પ્રવાસીઓને આ પ્રમાણે ઉતાવળ કરાવું છું એટલે મને એનો અભ્યાસ કહેતાં મહાવરો છે. (હું એમાં પાવરધો છું.) કેવી રીતે ઉતાવળ કરાવું છું ? તો કે मन्द्रस्निग्धैर्ध्वनिभिः 'ગંભીર અને મધુર ધ્વનિથી'. એટલે કે વિદગ્ધ દૂતના પ્રરોચક શબ્દ જેવા માધુર્યથી રમણીય ધ્વનિ વડે. ક્યાં વિશ્રામ કરતા ? તો કે 'માર્ગમાં'. એનું સૂચન એ છે કે હું તો જે કોઈ મળી જાય તેને ગમે તેમ કરીને ઝટ ઘેર જવા પ્રેરું છું. તો પછી મારા મિત્રના પ્રેમને ખાતર પ્રયત્નપૂર્વક હું ઉતાવળ કેમ ન કરાવું ? પ્રવાસીઓના સમૂહો કેવા ? તો કે 'અબલાની વેણીને છોડવાને ઉત્સુક'. અહીં 'અબલા' શબ્દથી તેમની પ્રિયતમાઓની વિરહવેદના સહન કરવાની અશક્તિ સૂચવાય છે. 'વેણી છોડવાને ઉત્સુક' એમ કહેવાથી તેમના મનનો પત્ની પ્રત્યેનો અનુરાગ કહેતાં પ્રેમ ધ્વનિત થાય છે. એટલે આ શ્લોકનો અર્થ એ થયો કે ભાગ્યવશાત્ વિરહવેદના વેઠતાં અને પરસ્પર અનુરાગવાળાં બધાં પ્રેમીજનોને સમાગમનું સુખ પ્રાપ્ત કરી આપવારૂપ મિત્રકાર્ય કરવાનું મારું હમેશનું વ્રત છે. અહીં કવિએ મેઘરૂપ પદાર્થના જે સ્વભાવનું વર્ણન કર્યું છે તે જ, ખરું જોતાં, એ પ્રબંધમાં 'મેઘદૂત'ત્વનું જીવિત છે. એટલે એ કાવ્ય કાવ્યમર્મજ્ઞોને અત્યંત આહ્લાદક થઈ પડે છે.

એથી ઊલટું, જેમાં અર્થ સહૃદયોને આનંદ આપે એવો ન હોય, તેવું ઉદાહરણ—

> "અયોધ્યા નગરીની ભાગોળે જ ઉતાવળે ઉતાવળે
> બેચાર ડગલાં ચાલીને શિરીષ જેવી કોમળ સીતાએ 'આજે

કેટલે સુધી જવાનું છે? એમ વારંવાર પૂછીને રામની આંખમાંથી પહેલી વાર આંસુ વહાવ્યાં." (બાલરામાયણ, ૬-૩૪)૩૩

આ શ્લોકમાં असकृत् (વારે વારે) એટલે કે ક્ષણે ક્ષણે અને 'આજે કેટલે સુધી જવાનું છે' એમ કહેવારૂપ કાર્ય સીતાના સ્વભાવની કોઈ મહત્તા પ્રગટ કરતું નથી કે રસપરિપોષ પણ સાધતું નથી. કારણ કે સીતા સહજ ભાવે જ ભારે ઔચિત્યબુદ્ધિથી (વનમાં) જવા તૈયાર થઈ હતી, તે સુકુમારતાને કારણે, આવો વિચાર મનમાં સ્ફુર્યો હોય તોયે મોઢેથી ઉચ્ચારે એવી કલ્પના પણ સહૃદયો કરી શકે એમ નથી. એ જ રીતે, ક્ષણે ક્ષણે કહેવાને લીધે રામની આંખોમાંથી પહેલી વાર આંસુ વહેવા લાગ્યાં એ પણ બંધબેસતું લાગતું નથી. કારણ, એક વાર સાંભળતાં જ રામની આંખમાં આંસુ આવી જાય એમાં જ ઔચિત્ય છે. આ શ્લોક અત્યંત રમણીય હોવા છતાં કવિની સહેજ જ ગફલતને કારણે બગડી ગયો છે. માટે અહીં 'अवशम्' એવો પાઠ કરી લેવો જોઈએ. (એટલે કે એ ત્રીજા ચરણનો પાઠ 'गन्तव्यमद्यकियदित्यवशं ब्रुवाणा' એમ કરી લેવો જોઈએ,) એટલે એનો અર્થ "'આજે કેટલે સુધી જવાનું છે' એમ અવશપણે કહીને સીતાએ પહેલી વાર રામની આંખમાં આંસુ આણ્યાં" એવો થશે.

એટલે (કાવ્યની ઉપર આપેલી વ્યાખ્યામાં શબ્દ અને અર્થ આવા વિશિષ્ટ લક્ષણવાળા જ (એટલે કે તે પ્રસંગે કવિને અભિપ્રેત હોય તેવો ભાવ વ્યક્ત કરનારા જ) લેવા જોઈએ. તો 'નેયાર્થ' અને 'અપાર્થ' વગેરે દોષો દાખલ થશે જ નહિ. અને માટે તેનું જુદું વર્ણન કરવાનું રહેતું નથી.

'કાવ્યપ્રકાશ'માં નેયાર્થની સમજૂતી એવી આપી છે કે રૂઢિ કે પ્રયોજન ન હોવા છતાં કવિ પોતાની સ્વેચ્છાએ લક્ષણા કરે ત્યારે આ દોષ આવે છે. જેમ કે — "હે તન્વી, તારું મુખ શરત્પૂર્ણિમાના ચંદ્રને લપડાક લગાવે છે." અહીં મુખ લપડાક લગાવી શકે નહિ એટલે મુખ્યાર્થ બાધિત થાય છે અને હરાવે છે એવો અર્થ લક્ષણાથી લેવામાં આવે છે. પણ એવી

રૂઢિ નથી તેમ અહીં પ્રયોજન પણ નથી એટલે અહીં નેયાર્થદોષ થયો છે. હારની અતિશયતા બતાવવી એ અહીં પ્રયોજન છે એવું કહી શકાય એમ નથી, કારણ, ચંદ્ર ઉપમાન હોઈ ગુણમાં ચડિયાતો છે, અને તેને ઉતારી પાડવાથી મુખને જ ઉતારી પાડ્યા જેવું થાય છે.

ભામહ પ્રમાણે 'અપાર્થ' એટલે અર્થ વગરનું. એ દોષ શબ્દમાં તેમ જ વાક્યમાં સંભવે છે. જ્યારે છૂટક છૂટક શબ્દોનો અર્થ થતો હોય પણ તે શબ્દો ભેગા થતાં તેમાંથી અર્થ ન નીકળતો હોય ત્યારે શબ્દગત અપાર્થ-દોષ ગણાય. જેમ કે, "ઝાડ, રસ્તો, પથ્થર, પાણી." આમાં દરેક શબ્દનો અર્થ થાય છે, પણ એ ચાર ભેગા થતાં કશો અર્થ નીકળતો નથી. એ જ રીતે, જ્યારે પ્રત્યેક વાક્યનો અર્થ થતો હોય પણ તે ભેગાં થતાં તેમાંથી કશો અર્થ નીકળતો ન હોય ત્યારે વાક્યગત અપાર્થદોષ ગણાય. જેમ કે, "દેવો સમુદ્રને પી જાય છે. હું જરાથી પીડાઉં છું. આ વાદળો ગર્જે છે. હરિને ઐરાવત પ્રિય છે." આ ચારેય વાક્યોમાંના દરેકનો સ્વતંત્ર રીતે અર્થ થાય છે, પણ એ ચાર ભેગાં થતાં તેમાંથી કશો સંબદ્ધ અર્થ નીકળતો નથી. એટલે એ વાક્યગત અપાર્થદોષનું દૃષ્ટાંત છે.

**આમ, કાવ્યમાં પ્રયોજાતા શબ્દો અને અર્થોનું સ્વરૂપ તેમના પ્રસિદ્ધ સ્વરૂપ કરતાં જુદું જ હોય છે એમ કહ્યા પછી વધુમાં કહે છે કે કાવ્યમાં માત્ર એટલું જ પૂરતું નથી, તેમાં જુદા જ પ્રકારનું વૈચિત્ર્ય કહેતાં સૌંદર્ય પણ હોવું જોઈએ.**

કહે છે—

## ૧૦

**એ બંને (શબ્દ અને અર્થ) તો અલંકાર્ય છે, અને વિદગ્ધતાપૂર્વકની કથનશૈલીરૂપ વક્રોક્તિ જ એમનો અલંકાર ગણાય છે.**

એ બંને એટલે કે શબ્દ અને અર્થ બંને તો અલંકાર્ય એટલે કે અલંકૃત કરવા જેવા, અર્થાત્ કોઈ શોભા વધારનાર અલંકારથી શણગારવા જેવા છે. તો શણગાર અથવા અલંકાર કયો? તો કે (શબ્દ અને અર્થ) બે હોવા છતાં તેમનો અલંકાર તો એક જ છે. તે કયો? તો કે વક્રોક્તિ જ. પ્રસિદ્ધ કથનથી જુદી જ વિચિત્ર

એટલે સૌંદર્યયુક્ત વર્ણનશૈલી તે વક્રોક્તિ. એને જ વૈદગ્ધ્યભંગિભણિતિ પણ કહે છે. વૈદગ્ધ્ય એટલે કવિકર્મનું કૌશલ. તેની ભંગિ એટલે શોભા અથવા શૈલી. તે પૂર્વક કથન કરવું તે વૈદગ્ધ્યભંગિભણિતિ. સૌંદર્યયુક્ત વર્ણનશૈલી તે જ વક્રોક્તિ.

અત્યાર સુધી જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે શબ્દ અને અર્થ જુદા છે અને તેમને તેમનાથી જુદા એવા કોઈ અલંકારથી શણગારવાનાં છે એમ નથી, પરંતુ વક્રતાપૂર્વક અથવા સૌંદર્યમય રીતે તેમનું કથન કરવું એ જ તેમનો અલંકાર છે. કારણ, એને લીધે જ તેમાં વિશેષ શોભા આવે છે. વક્રતાની સમજૂતી આપતી વખતે અમે તેનાં ઉદાહરણ આપીશું.

અહીં કદાચ કોઈ એવો વાંધો ઉઠાવે કે વક્રોક્તિ એ જ એકમાત્ર અલંકાર છે, બીજો કોઈ અલંકાર છે જ નહિ, એવું તમે કહો છો એ પ્રસિદ્ધ સિદ્ધાંત વિરુદ્ધ છે. કારણ, બીજા પ્રાચીન આચાર્યોએ સ્વભાવોક્તિ નામનો બીજો અલંકાર પણ ગણાવેલો છે. અને એ અત્યંત રમણીય એટલે કે ગળે ઊતરે એવું છે.

પણ ગ્રંથકારને એ માન્ય નથી, એટલે એનું નિરાકરણ કરવા કહે છે—

## ૧૧

**જે આલંકારિકો સ્વભાવોક્તિને અલંકાર કહે છે**
**તેમને મતે પછી અલંકૃત કરવા જેવું બીજું શું રહે છે?**

જે આલંકારિકો સ્વભાવોક્તિને અલંકાર કહે છે એટલે કે સ્વભાવના અર્થાત્ પદાર્થના જે ગુણધર્મ તેના કથનને જ અલંકાર ગણી લે છે તેમની બુદ્ધિ એટલી પોચટ છે કે તેઓ વિવેક કરવાની મહેનત ટાળે છે, અને તેથી તેમના કથનમાં રહેલી અસંગતિ તેઓ જોઈ શકતા નથી. ખરું જોતાં, સ્વભાવોક્તિ એટલે શું? તો કે સ્વભાવનું કથન. સ્વભાવ એ તો વર્ણવવાની વસ્તુ છે. એને જ જો અલંકાર ગણો તો તેના સિવાય બીજું શું કાવ્યશરીર તરીકે બાકી રહે, જેને અલંકૃત કરવાનું હોય? કશું જ નહિ.

અહીં સ્વભાવોક્તિવાદી પૂર્વપક્ષ એમ કહે છે કે તમે જ પહેલાં એવું પ્રસ્થાપિત કર્યું છે કે અલંકાર સાથેનું અખંડ વાક્ય જ કાવ્ય કહેવાય છે (૧-૬), (એટલે કે આ અલંકાર્ય અને આ અલંકાર એવું નથી.) છતાં અહીં કેમ આમ કહો છો? (એટલે કે અહીં સ્વભાવવર્ણન જો અલંકાર હોય તો અલંકાર્ય શું રહે, એમ કેમ પૂછો છો? અમે પણ તમારી પેઠે માનીએ છીએ કે અલંકાર્ય અને અલંકાર એવો ભેદ કાવ્યમાં હોતો જ નથી.)

એના જવાબમાં ગ્રંથકાર કહે છે કે અમે એમ કહ્યું છે એ વાત સાચી, પરંતુ ત્યાં તો અલંકાર્ય અને અલંકાર એવા વિભાગ સાચેસાચ ન હોવા છતાં સમજણ સ્પષ્ટ કરવા માટે એવા વિભાગ પાડ્યા હતા. વાક્ય અખંડ હોવા છતાં તેના પદ અને વાક્ય અથવા પદ અખંડ હોવા છતાં તેના વર્ણ અને પદ એવા વિભાગ સમજણ સ્પષ્ટ કરવા માટે પાડીએ છીએ તેવું એ છે, એમ અમે પહેલાં કહ્યું જ છે. આ જ વસ્તુ બીજી રીતે આમ કહી શકાય—

૧૨

**સ્વભાવના ઉલ્લેખ વિના તો કોઈ વસ્તુની વાત જ ન થઈ શકે. કારણ, સ્વભાવ વગર તો વસ્તુ જ નિરુપાખ્ય બની જાય.**

સ્વભાવના ઉલ્લેખ સિવાય તો કોઈ વસ્તુની વાત જ ન થઈ શકે. અહીં વસ્તુ એટલે વર્ણ્ય વિષય. કેમ ન થઈ શકે? તો કે સ્વભાવ વગરનું વસ્તુ નિરુપાખ્ય થઈ જાય છે, એટલે તેનું વર્ણન જ થઈ શકતું નથી, તે શબ્દવાચ્ય જ રહેતું નથી. કારણ, સ્વભાવ શબ્દની વ્યુત્પત્તિ એવી છે કે જેના વડે કથન કે જ્ઞાન થાય તે ભાવ. જેના વડે પોતાનું એટલે કે કોઈ વસ્તુનું કથન અથવા જ્ઞાન થાય તે સ્વભાવ. એટલે એ સ્વભાવ જ દરેક વસ્તુના વર્ણન અને જ્ઞાન રૂપે વ્યવહારનું કારણ થઈ પડે છે. સ્વભાવ વગરની વસ્તુ તો સસલાના શિંગડાની પેઠે શબ્દ અને જ્ઞાનને અગોચર બની જાય છે, મતલબ કે તેનું વર્ણન કે જ્ઞાન થઈ શકતું નથી. કારણ,

સ્વભાવયુક્ત વસ્તુ જ વર્ણન કે કથનનો વિષય બની શકે છે. તમે જો એ સ્વભાવકથનને જ અલંકાર કહો તો તો ગાડાવાળાનાં વચનોને પણ સાલંકાર (કાવ્ય) કહેવાનો વારો આવે, કારણ, તેમાં સ્વભાવવર્ણન હોય જ છે.

એ જ વાત બીજી યુક્તિ એટલે કે દલીલથી કહે છે—

૧૩

**શરીરને જ અલંકાર કહો તો એ બીજા શાને શણગારે? કોઈ કદી પોતાના ખભા ઉપર ચડી શકતો નથી.**

કોઈ પણ વસ્તુનું વર્ણન કરવું હોય તો તેનો સ્વભાવ જ વર્ણવવો પડે. અને તે તો વર્ણ્ય વિષય એટલે કે શરીર થયું. એ શરીરને જ જો તમે અલંકાર કહો તો એના સિવાય બીજું શું રહે છે જેને એ શણગારે? (પોતાને જ શણગારે એમ કહો તો એ તર્કવિરુદ્ધ છે. કારણ,) કોઈ પોતે પોતાના ખભા ઉપર ચડી શકે નહિ. શરીર જ શરીરના ખભા ઉપર ચડે એવું કદી બનતું નથી. કારણ, (સ્થિર રહેવું અને ચડવું) એ બે ક્રિયાઓ પરસ્પર વિરોધી છે.

બે ઘડી દલીલને ખાતર માની લઈએ કે સ્વભાવ એ અલંકાર છે, તોયે—

૧૪

**સ્વભાવને જો અલંકાર માનીએ તો તેના સિવાયનો કોઈ બીજો અલંકાર યોજાયો હોય ત્યારે કાં તો તે બંનેનો ભેદ સ્પષ્ટપણે જણાશે અથવા અસ્પષ્ટપણે જણાશે.**

૧૫

**ભેદ જો સ્પષ્ટપણે જણાય તો બધે જ સંસૃષ્ટિ છે, અને અસ્પષ્ટપણે જણાય તો બધે જ સંકર છે, એમ માનવું પડશે અને પછી બીજા અલંકારોને અવકાશ જ નહિ રહે.**

સ્વભાવને જો અલંકાર માનીએ તો, એટલે કે વસ્તુનો પોતાનો જે સ્વભાવ હોય તેને જ અલંકાર માનીએ અને તેના સિવાયનો કોઈ બીજો અલંકાર યોજાયો હોય તો બે સ્થિતિ સંભવે. કઈ? તો કે કાં તો સ્વભાવોક્તિ અને તે સિવાયના બીજા અલંકારના ભેદનું જ્ઞાન સ્પષ્ટપણે થાય અથવા કોઈ વાર અસ્પષ્ટપણે થાય. જો એ જ્ઞાન સ્પષ્ટપણે થાય તો બધાં જ કાવ્યોમાં એકમાત્ર સંસૃષ્ટિ અલંકાર જ છે એમ માનવું પડશે. અને જો એ જ્ઞાન અસ્પષ્ટપણે થાય તો બધાં જ કાવ્યોમાં એકમાત્ર સંકર અલંકાર જ છે એમ માનવું પડશે. તો એમાં બગડી શું ગયું? એમ કહેતા હો તો કહેવાનું કે તો બીજા અલંકારોને અવકાશ જ નહિ રહે. એટલે કે ઉપમા વગેરે બીજા અલંકારોને ક્યાંય સ્થાન જ નહિ મળે. અને તેથી તેમની વ્યાખ્યા કર્યાનો પણ કશો અર્થ નહિ રહે. જો સંસૃષ્ટિ અને સંકર એ બેને જ બીજા અલંકારોનો વિષય માની લઈએ (એટલે કે બીજા બધા અલંકારો સંસૃષ્ટિ અને સંકર રૂપે જ મળશે, સ્વતંત્ર રૂપે નહિ, એમ માની લઈએ) તો તેથી પણ કશું રંધાતું નથી. કારણ, (સ્વભાવોક્તિને અલંકાર માનનાર) આચાર્યોએ જ એવું સ્વીકાર્યું નથી. એટલે આકાશચર્વણ જેવી આ મિથ્યા ચર્ચા આગળ ચલાવવાનો અર્થ નથી.

ફરીથી પ્રસ્તુત વાત ઉપર આવીએ તો કોઈ પણ વસ્તુનું કાવ્યવ્યાપારના વિષય તરીકે વર્ણન કરવું હોય તો સહૃદયોને આનંદ આપે એવા તેના સ્વભાવનું જ કાવ્યના વિષયભૂત શરીર તરીકે વર્ણન કરવું જોઈએ અને તેમાં યથોચિત સૌંદર્યવર્ધક અલંકાર યોજવો જોઈએ. માટે પહેલાં (નવમી કારિકામાં) કહ્યું છે કે "પોતાના સ્વભાવના સૌંદર્યને લીધે સહૃદયોને આનંદ આપતો હોય તે અર્થ", અને (દસમી કારિકામાં) કહ્યું છે કે "એ બંને (શબ્દ અને અર્થ) તો અલંકાર્ય છે"

આમ, શબ્દ અને અર્થના સાચા અર્થ જણાવ્યા એટલે (સાતમી કારિકામાંની) કાવ્યની વ્યાખ્યામાંના એક શબ્દ 'શબ્દાર્થૌ'ની

સમજૂતી પૂરી થઈ. હવે એ વ્યાખ્યામાંના બીજા શબ્દ 'सहितौ'ની સમજૂતી આપવા માટે એમના સાહિત્યનો વિગતે વિચાર કરે છે.

## ૧૬

**શબ્દ અને અર્થ તો હમેશાં ભેગા જ જ્ઞાનનો વિષય બનતા હોય છે તો એ જ બંને ભેગા (सहितौ) હોય છે, એમ કહીને નવું શું કહેવું છે?**

(પૂર્વપક્ષ કહે છે:) શબ્દ અને અર્થ તો સદા ભેગા જ જ્ઞાનનો વિષય બનતા હોય છે. તો પછી એ બંને 'ભેગા' – सहितौ એમ કહીને તમે નવું શું કહો છો? એથી કશું જ નવું નીપજતું નથી. કેવળ પિષ્ટપેષણ થાય છે. સિદ્ધ વસ્તુ જ પુરવાર કરવા જેવું થાય છે. શબ્દ અને અર્થ તો સ્વભાવથી જ ભેગા રહેતા હોય છે, તો કયો બુદ્ધિશાળી માણસ એ જ વાત ફરી કહેવાની નકામી તરખડમાં પડે? (ઉત્તરપક્ષ કહે છે:) તમારી વાત સાચી છે. પણ અહીં જે સાહિત્યની વાત કરી છે તે શબ્દ અને અર્થના નિત્ય-સંબંધરૂપ સાહિત્યની નથી કરી. કારણ, 'સાહિત્ય' શબ્દથી એ નિત્ય-સંબંધની વાત કરીએ તો તો વ્યાકરણનાં કષ્ટકલ્પનાથી રચેલાં 'ગાડ્કુટ' વગેરે વાક્યો તેમ જ ગાડાવાળાનાં અસંબદ્ધ વચનો પણ સાહિત્ય ગણાઈ જાય. અને તેમ કરીએ તો વ્યાકરણ, મીમાંસા અને ન્યાય કરતાં જુદું સાહિત્ય નામનું કોઈ શાસ્ત્ર જ ન હોઈ શકે. અહીં પૂર્વપક્ષ કહે છે કે વ્યાકરણ વગેરે શાસ્ત્રોથી જુદું સાહિત્યશાસ્ત્ર પણ જાણીતું જ છે; તેની જ વાત ફરી કરવાથી પુનરુક્તિ કેમ ન થાય? એનો જવાબ એ છે કે અહીં અમે જેને સાહિત્ય કહીએ છીએ તે, આજ સુધીના લાંબા સમય સુધી કેવળ 'સાહિત્ય' શબ્દમાત્રથી જ ઓળખાતું રહ્યું છે. પણ કવિકર્મકૌશલની પરાકાષ્ઠાએ પહોંચવાને લીધે રમણીય બનેલા એ સાહિત્યને વિશે 'એનો સાચો અર્થ આ છે' એવું કોઈ વિદ્વાને આજ સુધી લગારે વિચાર્યું નથી. એટલે આજે અમે સરસ્વતીના હૃદયરૂપી અરવિંદનાં મકરંદબિંદુઓથી સુંદર અને સત્કવિની વાણીના આંતર આમોદથી મનોહર લાગતા એ

સાહિત્ય શબ્દના સાચા અર્થને સહૃદયરૂપી ભ્રમરોની સમક્ષ રજૂ કરીએ છીએ.

આ ઉક્તિ ગર્વભરી છે, પણ એ ગર્વ સકારણ છે, કારણ, અહીં સાહિત્યની જે સમજૂતી આપી છે તેવી બીજા કોઈ આચાર્યે એ પહેલાં આપી નહોતી અને છતાં સાહિત્ય શબ્દ તો વપરાતો આવ્યો જ હતો.

એ પછી કુંતક શબ્દ અને અર્થના સાહિત્યની સમજૂતી આ પ્રમાણે આપે છે —

૧૭

**સૌંદર્ય સિદ્ધ કરવા માટે શબ્દ અને અર્થ એ બંનેની, એમાંથી કોઈ બીજા કરતાં ચડિયાતું પણ ન હોય તેમ ઊતરતું પણ ન હોય, જેમાં બંને એકબીજાની સ્પર્ધા કરતા હોય એ કારણે મનોહર એવી કોઈ અલૌકિક એટલે કે ચિત્તમાં ચમત્કાર પેદા કરે એવી વિન્યાસ-ભંગિ — ગોઠવણી તે સાહિત્ય.**

અહીં કોઈ એવો વાંધો ઉઠાવે કે એવું સામ્ય તો બંને દોષયુક્ત હોય તોયે સંભવે, તેનું શું ? તો કે એટલા માટે તો કહ્યું છે કે એ ગોઠવણી સૌંદર્ય સિદ્ધ કરે એવી જોઈએ (शोभा-शालितां प्रति). શોભા કહેતાં સૌંદર્ય, તેનાથી જે વખણાય, શોભે તે શોભા-શાલી. તેનો ભાવ તે શોભાશાલિતા. તે સિદ્ધ કરવા માટે (तां प्रति) એટલે શોભાશાલિતા સિદ્ધ કરવા માટે (ઉપયોગી થઈ પડે એવી). અને એવી વિન્યાસભંગિ સહૃદયોને આનંદ આપનારી જ હોય. એમાં પરસ્પર સ્પર્ધા કરતા હોય એ રીતે (શબ્દ અને અર્થની) યોજના એટલે કે પરસ્પરના સામ્યને લીધે સુંદર એવી જે ગોઠવણી તેનું નામ સાહિત્ય. અહીં એટલે કે કાવ્યમાં શબ્દનું બીજા શબ્દની સાથે અને અર્થનું બીજા અર્થની સાથે સાહિત્ય અભિપ્રેત છે. કાવ્યની વ્યાખ્યા વાકયમાં પૂરી થાય છે અર્થાત્ કાવ્ય પૂરું વાકય જ હોય છે એવું અમે (સાતમી કારિકામાં) કહી જ ગયા છીએ.

એનો અર્થ એ છે કે અનેક શબ્દો અને અનેક અર્થો ભેગા મળીને

બનેલું વાક્ય કાવ્ય કહેવાય છે. એ વાક્યમાં રહેલા બધા જ શબ્દો અને બધા જ અર્થોનું પરસ્પર સ્પર્ધારૂપ સાહિત્ય અહીં અભિપ્રેત છે, નહિ કે કોઈ એક શબ્દ કે અર્થનું.

અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે (તમે શબ્દની સાથે શબ્દનું જ અને અર્થની સાથે અર્થનું જ સાહિત્ય કેમ માનો છો?) એક શબ્દનું બીજા અર્થ સાથે અથવા એક અર્થનું બીજા શબ્દ સાથે સાહિત્ય કેમ નથી માનતા? તો એનો જવાબ એ છે કે એ યોગ્ય નથી. કારણ, (શબ્દ સાથે બીજા શબ્દનું અને અર્થ સાથે બીજા અર્થનું સાહિત્ય એવો) ક્રમ બદલી નાખવાને કોઈ પ્રયોજન નથી, તેમ એમ કરવાથી અન્વય પણ બરાબર સધાતો નથી. તેથી જેમાં શબ્દની અને અર્થની પોતપોતાની સૌંદર્યસંપત્તિ સહૃદયોને આનંદ આપનાર પરસ્પર સ્પર્ધાપૂર્વક સ્ફુરતી હોય તેવી કોઈ અલૌકિક વાક્યરચના જ સાહિત્ય નામને પાત્ર બને છે.

આ જ વાત ત્રણ અંતરશ્લોકોમાં કહી છે:

માર્ગને એટલે કે રીતિને અનુરૂપ માધુર્યાદિ ગુણોનો ઉદય, વક્રતા એટલે કે વૈચિત્ર્યનો અતિશય જેમાં હોય એવો અલંકારોનો વિન્યાસ, અને વૃત્તિના ઔચિત્યથી મનોહર એવો રસનો પરિપોષ – એ બાબતો પરસ્પરની સ્પર્ધા કરતી શબ્દ અને અર્થ બંનેમાં ઉચિત રીતે વિદ્યમાન હોય એવી, તદ્વિદોને આનંદ આપનારી કોઈ અલૌકિક અવસ્થિતિ તે પદ, વાક્ય અને પ્રમાણના અર્થાત્ વ્યાકરણ, મીમાંસા અને ન્યાયના સારરૂપ 'સાહિત્ય' કહેવાય છે. ૩૪, ૩૫, ૩૬.

પદ, વાક્ય, પ્રમાણ અને સાહિત્ય એ ચારેનો એટલે કે વ્યાકરણ, મીમાંસા, ન્યાય અને સાહિત્ય એ ચારે શાસ્ત્રોનો દરેક વાક્યમાં ઉપયોગ થાય છે. પદસંસ્કારશાસ્ત્ર એટલે કે વ્યાકરણથી આપણે પદની જોડણી જેમ કે, ग्+औ+ વિસર્ગ = गौः (ગાય), અને તેના શબ્દ તરીકેના પાંચ સંબંધો જેમ કે, નામ, લિંગ, પરિમાણ, વચન અને કારક; અથવા વાક્યમાંના બીજા શબ્દો સાથેના તેના છ પ્રકારના સંબંધો જેમ કે, કર્તા, કર્મ, કાળ, પુરુષ, વચન અને

ભાવનું જ્ઞાન થાય છે. શબ્દોના પરસ્પર અન્વયરૂપ સંબંધને આધારે વાકયનો અર્થ આ થાય છે, એવું વાકયવિચારશાસ્ત્ર એટલે કે મીમાંસાની મદદથી સમજાય છે. પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી આ ન્યાયસંગત છે એવું પ્રમાણુશાસ્ત્ર આપણને સમજાવે છે, અને આ વાકય એના વ્યાપારમાહાત્મ્યને લીધે સહૃદયના હૃદયને આનંદદાયક છે એવું સાહિત્યશાસ્ત્ર આપણને સમજાવે છે.

આ બધાનું પોતપોતાના વિષયમાં પ્રાધાન્ય હોય છે, અને બીજા વિષયોમાં એઓ ગૌણ હોય છે, તેમ છતાં બધી જ વાઙ્મયરચનાના પ્રાણભૂત સાહિત્યરૂપી કાવ્યવ્યાપારનું જ, ખરું જોતાં, બધે મહત્ત્વ હોય છે. કારણ કે બીજા વિષયોમાં એ ગૌણરૂપે આવ્યું હોય છે ત્યારે પોતાના પરિમલમાત્રથી તેને સુવાસિત કરી દે છે, અને જો તેમાં સાહિત્યની એવી સુવાસ પણ નથી હોતી તો તે રચનામાં રમણીયતાનો અભાવ વરતાય છે અને તેની ઉપાદેયતાને ખૂબ હાનિ પહોંચે છે તથા રચના વ્યર્થ થઈ જાય છે. શાસ્ત્રોથી સાહિત્યનું પ્રયોજન ભિન્ન છે અને શાસ્ત્રોમાં બતાવેલા ચાર પુરુષાર્થરૂપ ફળથી અધિક ફળ એ મેળવી આપે છે, એ પહેલાં (કારિકા ત્રણ અને પાંચમાં) કહી ગયા છીએ.

એ પછી બીજા ચાર અંતરશ્લોકોમાં સાહિત્યનો મહિમા કહે છે:

અર્થનો વિચાર ન કરીએ તોપણ કેવળ બંધના સૌંદર્યની સંપત્તિથી જ જે તદ્વિદોના હૃદયમાં સંગીતની પેઠે આનંદ ઉત્પન્ન કરે છે; (૩૭) અને વાકયાર્થ સમજાયા પછી તો પદવાકયાર્થથી જુદા જ અને તેની પારના પાનકરસના આસ્વાદ જેવા આસ્વાદનો જે સહૃદયોને અનુભવ કરાવે છે; (૩૮) જેના વિના રસિકોને વાકય જીવિત વગરના શરીર જેવું, સ્ફુરણ વગરના જીવિત જેવું નિર્જીવ લાગે છે; (૩૯) અને જેને લીધે તદ્વિદોને જ જેનો અનુભવ થાય છે એવા કોઈ અપૂર્વ સૌભાગ્ય એટલે કે સૌંદર્યને કવિવાણી શી રીતે પામે છે, તેનો હવે વિચાર કરીએ. ૪૦

આમ, કાવ્યની વ્યાખ્યામાંના 'सहितौ' શબ્દની સમજૂતી આપ્યા પછી કવિવ્યાપારની વક્રતા સમજાવે છે.

૧૮

**કવિવ્યાપારની વક્રતાના છ પ્રકાર સંભવે છે. અને તે દરેકના વિચ્છિત્તિ કહેતાં સૌંદર્યથી શોભતા અનેક ભેદો છે.**

કવિનો કાવ્યરચનારૂપ વ્યાપાર એ જ કવિવ્યાપાર. તેની વક્રતા એટલે પ્રસિદ્ધ રચનાશૈલીથી જુદું જ સૌંદર્ય. તેના છ પ્રકારો સંભવે છે. એનો અર્થ એ છે કે પેટા પ્રકારો તો અનેક સંભવે છે પણ મુખ્ય ભેદો આટલા જ સંભવે છે.

હવે એ ભેદો ગણાવે છે—

૧૯

**(૧) વર્ણવિન્યાસવક્રતા, (૨) પદપૂર્વાર્ધવક્રતા, અને વક્રતાનો ત્રીજો પ્રકાર પણ છે તે (૩) પ્રત્યયવક્રતા.**

આમ, આ કારિકામાં ત્રણ વક્રતા ગણાવી છે, અને બાકીની ત્રણ હવે પછીની કારિકા ૨૦મી અને ૨૧મીમાં ગણાવશે.

(૧) વર્ણોનો વિન્યાસ એટલે કે ગોઠવણી તે વર્ણવિન્યાસ. વર્ણોને, અક્ષરોને વિશેષ રીતે ગોઠવવા તે. તેની વક્રતા એટલે પ્રસિદ્ધ પ્રસ્થાનથી જુદી સૌંદર્યમય શૈલીએ કરેલી રચના. વિશેષ પ્રકારની (વર્ણોની) ગોઠવણીથી ઉત્પન્ન થતું, સહૃદયોને આનંદ આપે એવું શબ્દસૌંદર્ય તે વર્ણવિન્યાસવક્રતા જેમ કે—

> "પહેલાં લાલ રંગનો, ત્યાર પછી સોનાના જેવી કાન્તિવાળો, પછી વિરહથી પીડાતી સુંદરીના કપોલના જેવી કાન્તિવાળો અને ત્યાર પછી રાત્રિના પ્રારંભે અંધકારનો નાશ કરવાને સમર્થ અને તાજા મૃણાલના કંદના ટુકડા જેવી કાન્તિવાળો ચંદ્ર ઉપર ચડે છે." ૪૧

આ શ્લોકમાં વર્ણવિન્યાસની વક્રતાને લીધે ઉત્પન્ન થતું

શબ્દસૌંદર્ય સારી રીતે ખીલ્યું છે. (એ મૂળ શ્લોક જોવાથી જ અનુભવી શકાશે). એ જ વર્ણવિન્યાસવક્રતાને પ્રાચીન આલંકારિકો એ અનુપ્રાસ કહ્યો છે. એના પ્રભેદોના સ્વરૂપનું નિરૂપણ વ્યાખ્યા કરતી વખતે (બીજા ઉન્મેષની પહેલી કારિકામાં) આવશે.

(૨) પદપૂર્વાર્ધવક્રતા : નામ કે ક્રિયારૂપ પદનો જે પહેલો અર્ધો ભાગ એટલે કે નામનું મૂળ રૂપ અને ક્રિયાપદનો મૂળ ધાતુ, તેની વક્રતા એટલે સુંદર ગોઠવણી, તે પદપૂર્વાર્ધવક્રતા.

પ્રકૃતિ એટલે મૂળ શબ્દ — નામ અથવા ધાતુ — અને પ્રત્યય મળીને પદ બને છે. તેમાં અહીં મૂળ શબ્દની — નામની અથવા ધાતુની — વક્રતાની વાત છે.

એના અનેક પ્રકારો સંભવે છે.

(ક) (અ) (જેનો અર્થ રૂઢિથી નક્કી થયો છે એવા) રૂઢિશબ્દનો જ, પ્રસંગને અનુરૂપ, વાચ્ય ધર્મ કરતાં જુદા જ ધર્મનો અધ્યારોપ કરી પ્રયોગ કરવામાં આવે ત્યારે પદપૂર્વાર્ધવક્રતાનો પહેલો પ્રકાર થાય. જેમ કે—

"હું રામ છું, બધું સહી લઈશ." ૪૨

એ આખો શ્લોક આ પ્રમાણે છે :

"સ્નિગ્ધ અને શ્યામલ મેઘોની કાન્તિથી આકાશ લીંપાઈ ગયું છે, ઉત્સાહભરી બગલીઓ ચક્કર લગાવતી ઊડી રહી છે, મેઘના મિત્ર મયૂરો આનંદ-કેકા કરી રહ્યા છે; ભલે આમ થતું. હું તો કઠોર હૃદયનો રામ છું. બધું સહી લઈશ. પણ સીતાનું શું થશે? અરેરે! દેવી, ધીરજ રાખ."

આ શ્લોકમાં 'રામ' શબ્દ એના (રૂઢિથી નક્કી થયેલા) વાચ્યાર્થ 'દશરથપુત્ર રામ'નો બોધ નથી કરાવતો પણ તેથી જુદો જ, અત્યંત દુઃખ સહન કરવારૂપ પ્રસંગને ઉચિત એવા બીજા ધર્મનો તેના ઉપર અધ્યારોપ કરેલો હોઈ, 'બધાં દુઃખોને સહન કરનારો રામ' એવા અર્થનો બોધ કરાવે છે, માટે એ પદપૂર્વાર્ધવક્રતાનો દાખલો છે. આનંદવર્ધન વગેરે ધ્વનિવાદીઓ એને અર્થાન્તરસંક્રમિતવાચ્યધ્વનિનું ઉદાહરણ ગણે છે.

(આ) બીજો પ્રકાર : જ્યારે કોઈ વિશેષ નામના વાચ્યાર્થના પ્રસિદ્ધ ધર્મમાં કોઈ લોકોત્તર વિશેષતાનો અધ્યારોપ ગર્ભિત રાખી

તેનો પ્રયોગ કરવામાં આવે ત્યારે બીજા પ્રકારની પદપૂર્વાર્ધવક્રતા થાય. (એનો અર્થ એ થયો કે પહેલો પ્રકાર ધર્મીગત અતિશયતાનો અને બીજો પ્રકાર ધર્મગત અતિશયતાનો બોધ કરાવે છે.) જેમ કે—

> "આ રામ પોતાનાં પરાક્રમ અને ગુણોને લીધે ત્રણે લોકમાં ભારે પ્રસિદ્ધિ પામેલા છે, અને જેમણે એક જ બાણ મારીને હારબંધ ઊભેલા વિશાળ તાડમાં પાડેલાં કાણાંમાંથી નીકળતા સાત સૂરો વડે ચારણ જેવો આ પવન પણ જેની કીર્તિ ગાય છે, તેને દેવ જો ન ઓળખે તો આપણું ભાગ્ય જ અવળું એમ જ સમજવું." ૪૩

આ શ્લોકમાં 'રામ' શબ્દ લોકોત્તર શૌર્યાદિ ધર્મોના અતિશયના અધ્યારોપ સાથે વાપર્યો છે એટલે એ વક્રતા સૂચવે છે.

ઉપર પદપૂર્વાર્ધવક્રતાના (પહેલા પેટા વિભાગના) બે પ્રકારો દર્શાવી તેમનાં ઉદાહરણ આપ્યાં છે, તેમાં પહેલામાં ધર્મી 'રામ'ની કોઈ વિશેષતા સૂચવાય છે, જ્યારે બીજામાં રામના ધર્મ, શૌર્ય વગેરેની વિશેષતા સૂચવાય છે. એ એ બે વચ્ચેનો ફેર છે.

(ખ) 'પર્યાયવક્રતા' એ પદપૂર્વાર્ધવક્રતાનો બીજો પ્રકાર છે. કોઈ વસ્તુ માટે અનેક શબ્દો ઉપલભ્ય હોય ત્યારે પ્રસ્તુત પ્રસંગને અનુરૂપ કોઈ એક જ શબ્દથી તેનો ઉલ્લેખ કરવામાં આવે ત્યારે આ બીજા પ્રકારનું ઉદાહરણ થાય. જેમ કે—

> "ડાબી આંખ કાજળવાળી થઈ ગઈ છે અને છાતી પર મોટું સ્તન ઊગી નીકળ્યું છે, કમર એકાએક પાતળી થઈ ગઈ છે અને નિતંબનો ભાગ અત્યંત વિસ્તાર પામ્યો છે. સ્મરરિપુ(શિવ)ના શરીરને પહેલી જ વાર કાન્તા(પાર્વતી)ના શરીર સાથે ભળી જતું જોઈને (શિવના) ગણો એકદમ આશ્ચર્યચકિત થઈને વારે વારે જોવા લાગ્યા. એ શરીર તમારું રક્ષણ કરો." ૪૪

આ શ્લોકમાં (શિવવાચક બીજાં અનેક નામો ઉપલબ્ધ હોવા છતાં અહીં વપરાયેલું) 'સ્મરરિપુ' નામ કોઈ જુદી જ વક્રતા પ્રગટ કરે છે. કારણ, કામદેવના શત્રુ શિવનું શરીર કાન્તા (પાર્વતી) સાથે ભળી જાય એ કદી સંભવિત જ નથી, એટલે ગણો એકદમ વિસ્મય પામે એ તર્કસંગત છે. એ ભળી જવું પણ વારંવાર જોવામાં આવતું હોય તો આશ્ચર્ય ન થાય, માટે અહીં 'પહેલી જ વાર' એમ કહ્યું છે, તેમાં જ ચમત્કારનો પ્રાણ છે.

આ પર્યાયવક્રતા વાચ્યમાં અસંભવિત કોઈ ધર્મને ગર્ભિત રાખવાથી પણ સધાય છે. જેમ કે—

"અંગરાજ, સેનાપતિ, રાજવલ્લભ (રાજાના વહાલા),
આ દુઃશાસનને ભીમથી બચાવો." ૪૫

અહીં કર્ણ માટે વાપરેલા આ ત્રણે પર્યાયો કર્ણ દુઃશાસનનું રક્ષણ કરવા સમર્થ નથી એવું સૂચવી 'એને બચાવ' એમ કહી તેનો ઉપહાસ કરે છે.

(ગ) 'ઉપચારવક્રતા' નામે પદપૂર્વાર્ધવક્રતાનો બીજો એક પ્રકાર છે. એમાં અમૂર્ત વસ્તુનો મૂર્ત વસ્તુવાચક શબ્દથી ઉલ્લેખ કર્યો હોય છે. જેમ કે—

"વિના કારણ થયેલા અપમાનની કણી પણ સ્વમાની માણસોના મનને ખટક્યા કરે છે."

અથવા જેમ કે—

"હાથે ભેગો થાય એવો યશ."

પહેલા દાખલામાં વપરાયેલો 'कणिका' શબ્દ મૂર્ત વસ્તુની અલ્પતા બતાવે છે, પણ અલ્પતાના સામાન્ય ગુણને આધારે તે અમૂર્ત અપમાનની અલ્પતા દર્શાવવા વાપર્યો છે, તે સહૃદયોને આનંદ આપનાર હોઈ વક્રતાને પોષે છે.

બીજા દાખલામાં 'हस्तावचेयम्' (હાથે ભેગો થાય એવો) શબ્દ મૂર્ત પુષ્પ વગેરે વસ્તુઓ માટે વપરાય છે, પણ ભેગા થવા

૩૫ સામાન્ય ગુણને આધારે તે યશ જેવી અમૂર્ત વસ્તુ માટે વાપર્યો છે તેમાં વક્રતા પ્રગટ થાય છે.

પ્રવાહી વસ્તુનો વાચક શબ્દ તરંગિતત્વ વગેરે સામાન્ય-ગુણના સાદૃશ્યને આધારે નક્કર વસ્તુના વાચક તરીકે કવિઓમાં વપરાતો જોવા મળે છે. જેમ કે—

"શ્વાસથી ઉત્પન્ન થયેલા કંપને લીધે તરંગિત થતા સ્તનતટ ઉપર." ૪૬

આ દાખલામાં નક્કર સ્તનને પ્રવાહીમાં જ સંભવે એવા તરંગથી યુક્ત કહ્યો છે, તેમાં વક્રતા પ્રગટ થાય છે. આ શ્લોક આખો આ જ ઉન્મેષમાં ઉદાહરણ ૧૦૬ તરીકે ઉતારેલો છે.

કોઈ વાર અમૂર્ત વસ્તુ માટે પણ પ્રવાહી પદાર્થવાચક શબ્દ વપરાય છે. જેમ કે—

"લાંબા સમયથી દેવોની સેના સાથેનાં યુદ્ધોને વીસરી ગયેલા મારા બાહુઓ છાંટાભાર સમય માટે શૌર્યની ગરમીથી ઊપડેલી ચળ શમાવવા અધીરા થયા છે." ૪૭

અહીં 'થોડા સમય માટે' કહેવાને બદલે 'છાંટાભાર સમય માટે' કહ્યું છે તેમાં વક્રતા રહેલી છે. આ શ્લોક આખો ત્રીજા ઉન્મેષમાં બાવીસમા દૃષ્ટાંત તરીકે ઉતારેલો છે.

પહેલા ઉદાહરણમાં 'તરંગિત થતા'માં અને બીજા દૃષ્ટાંતમાં 'છાંટાભાર' એ પ્રયોગમાં વક્રતા રહેલી છે.

(ઘ) વિશેષણવક્રતા એ પણ પદપૂર્વાર્ધવક્રતાનો (ચોથો) પ્રકાર છે. એમાં વિશેષણને કારણે જ કાવ્યમર્મજ્ઞોને આનંદ આપનાર વક્રતા પ્રગટ થતી હોય છે. જેમ કે—

"(તારા વિરહમાં નાયિકાના શરીરનો) દાહ ચાંગળામાં પાણી લે તો સૂકવી નાખે એવો છે, એનાં આંસુ એટલાં બધાં પડે છે કે ખાળમાંથી વહી શકે, તેના શ્વાસ ધ્રૂજતી જ્યોતે બળતી દીપમાળા જેવા છે, તેનું શરીર પીળાશમાં ડૂબી ગયું છે, વધુ તો શું કહું?–આખી રાત બારી

આગળ હાથની છત્રી કરી ચાંદનીને ખાળતી તારી રાહ જોતી રહે છે.” ૪૮

આ શ્લોકમાં વિશેષ્યરૂપ દાહ, આંસુ, શ્વાસ અને શરીર (શબ્દો)માંથી કોઈ સૌંદર્ય પ્રગટ થતું નથી, પરંતુ એ દરેકની સાથે જે વિશેષણ વાપર્યું છે તેને લીધે કંઈ ઓર સૌંદર્ય પ્રતીત થાય છે.

અથવા જેમ કે—

“ગુરુજનો પાસે હોવાને કારણે લજ્જાથી માથું નમાવીને કુચકલશોને કંપાવનારા દુઃખાવેગને રોકી રાખી, આંસુ સારતાં સારતાં ચકિત હરિણીના આકર્ષક નેત્રત્રિભાગથી મારા તરફ જે કટાક્ષ ફેંક્યો તેનાથી તેણે મને ‘ઊભા રહો’ એમ નહોતું કહ્યું ?” ૪૯

આ શ્લોકમાં ‘चकितहरिणिहारि’ એ ક્રિયાવિશેષણ, ચકિત હરિણીના જેવા આકર્ષક લોચન સાથેના સામ્યને લીધે ગુરુજનોની હાજરીમાં સંકોચને કારણે સુંદર લાગતા નેત્ર ત્રિભાગ(આંખના ત્રીજા ભાગ)થી કરેલા કટાક્ષને કોઈ અપૂર્વ શોભા અર્પે છે.

(૬) સંવૃતિવક્રતા નામનો પદપૂર્વાર્ધવક્રતાનો આ એક પાંચમો પ્રકાર છે. એમાં પ્રકરણને અનુરૂપ કોઈ અપકર્ષ કે ઉત્કર્ષને કારણે વસ્તુનો સ્પષ્ટ રીતે નામ દઈને ઉલ્લેખ કરી શકાતો નથી અને તેને છુપાવવાનું સામર્થ્ય ધરાવનાર કોઈ શબ્દથી તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. જેમ કે—

“હે પ્રિયતમે, તે (એકપત્નીનું) મિથ્યા વ્રત લેનાર આ (પદ્માવતીની સાથે લગ્ન કરીને અત્યંત નિંદ્ય એવું) કંઈક કરવા તૈયાર થયો છે.” ૫૦

‘તાપસવત્સરાજ’ નાટકના ચોથા અંકમાં આ શ્લોક આવે છે. પોતાની પત્ની વાસવદત્તાના અવસાનના સમાચાર જાણી દુઃખી થયેલો રાજા ઉદયન જ્યોતિષીઓના કહેવા પ્રમાણે તે પાછી મળશે એવી આશાથી જ્યારે પદ્માવતી સાથે લગ્ન કરવાને તૈયાર થાય છે, ત્યારે તે આ સ્વગતોક્તિ કરે છે. આખો શ્લોક આ પ્રમાણે છે :

चक्षुर्यस्य तवाननादपगतं नाभूत् क्वचिन्निर्वृतम्
येनैषा सततं त्वदेकशयनं वक्षःस्थलीकल्पिता ।
येनोद्भासितया विना बत जगत् शून्यं क्षणाज्जायते
सोऽयं दम्भधृतव्रतः प्रियतमे कर्तुं किमप्युद्यत ॥

(જેની આંખે તારા મુખથી દૂર જતાં કદી સુખ નથી અનુભવ્યું, જેણે પોતાની આ છાતીને એકમાત્ર તારી જ શય્યા બનાવી છે, જેના વડે શોભતું ન હોય તો આ જગત ક્ષણમાં (તારે માટે) સૂનું થઈ જતું તે મિથ્યા વ્રત લેનાર આ, કંઈક કરવા તૈયાર થયો છે.)

આ શ્લોકમાં વાસવદત્તાના મૃત્યુસમાચારથી ખિન્નહૃદય થયેલો વત્સરાજ, તેને ફરી પ્રાપ્ત કરવાના લોભને વશ થઈને પદ્માવતીને પરણવાની ઇચ્છા કરે છે, પણ એ(કાર્ય)ને જ ન કરવા જેવું સમજી, એ મહાપાતક જેવું નિંદ્ય છે, (એનું તો નામે ન લેવાય), એમ છુપાવવાને સમર્થ किमपि (કંઈક) સર્વનામથી સૂચવે છે.

એવું જ બીજું ઉદાહરણ—

"નિદ્રાથી મીંચાઈ ગયેલી આંખોવાળી, અને મદથી મંથર ગતિવાળી તે સુંદરીએ ઉચ્ચારેલા, સાર્થક પણ નહિ તેમ નિરર્થક પણ નહિ એવા તે મધુર વર્ણો આજે પણ મારા હૃદયમાં કંઈક ધ્વનિત કરી રહ્યા છે." ૫૧

આ શ્લોકમાં किमपि (કંઈક) શબ્દથી (એ વર્ણો) સાંભળીને થયેલો આનંદ અનુભવથી જ સમજાય એવો અવર્ણનીય હતો એવું સૂચવાય છે. तानि (તે) શબ્દથી એવું સૂચવાય છે કે એ વર્ણો એવા (આનંદમય) અનુભવપૂર્વક સ્મરાય છે. नाप्यर्थवन्ती (સાર્થક પણ નહિ) એ વિશેષણથી એવું સૂચવાય છે કે એ વર્ણો (માત્ર) સ્વસંવેદ્ય હોઈ અનિર્વચનીય છે. न च यानि निरर्थकानि (તેમ નિરર્થક પણ નહિ) એ શબ્દો એવું સૂચવે છે કે એ વર્ણો અલૌકિક ચમત્કારકારી હોઈ નિરર્થક પણ નહોતા. 'तानि', 'नाप्यर्थवन्ती' અને 'न च यानि निरर्थकानि' એ ત્રણેમાં વિશેષણની વક્રતા પ્રગટ થાય છે. (જ્યારે किमपि એ સંવૃતિવક્રતાનું ઉદાહરણ છે.)

(ચ) વૃત્તિવૈચિત્ર્યવક્રતા નામે પદપૂર્વાર્ધવક્રતાનો આ એક છઠ્ઠો પ્રકાર છે. એમાં (સમાસ, તદ્ધિત અને સુપ્ પ્રત્યયોની તથા બીજી) અનેક રચનાઓમાંથી કોઈ અમુક જ સુંદર રચનાને કવિ પસંદ કરે છે. જેમ કે—

"અંકુરો વચ્ચે પલ્લવો." ૫૨

અહીં अंकुराणाम् मध्ये એમ કહેવાને બદલે 'मध्येऽङ्कुरं' એવો અવ્યયીભાવ સમાસ વાપર્યો છે તેમાં વક્રતા રહેલી છે. अंकुरमध्ये એવો તત્પુરુષ સમાસ પણ વાપરી શકાત, પણ એમાં ચમત્કાર નથી.

અથવા જેમ કે—

"શરીર પીળાશમાં ડૂબી ગયું."

આ શ્લોક આખો પહેલાં ૪૮મા ઉદાહરણ તરીકે આવી ગયો છે. અહીં 'પાંડુતા' કહેવાને બદલે 'ઇમનિચ્' પ્રત્યયવાળો 'पांडिमा' શબ્દ વાપર્યો છે તેમાં વક્રતા રહેલી છે.

ત્રીજું ઉદાહરણ—

"અમૃતની ધારાના પ્રવાહથી આનંદ આપનાર ચંદ્ર પૂર્ણ કળાવાળો ન હોય તોયે માણસને બેચેન નથી કરી મૂકતો એવું નથી." ૫૪

આ શ્લોકમાં બે નકાર વાપરીને ભારપૂર્વકનો હકાર સૂચવ્યો છે તેમાં વક્રતા રહેલી છે.

(છ) 'લિંગવૈચિત્ર્ય' નામનો પદપૂર્વાર્ધવક્રતાનો બીજો એક સાતમો પ્રકાર જોવામાં આવે છે. એમાં ભિન્ન લિંગના શબ્દોને પણ વૈચિત્ર્ય કહેતાં સૌંદર્ય સાધવા માટે સમાનાધિકરણમાં એટલે કે એક જ વિભક્તિમાં વાપરવામાં આવે છે. જેમ કે—

"આ જડ જગતમાં મારી વાત(સાંભળવા)ને પાત્ર મોટા કાન અને મોટા હાથ(સૂંઢ)વાળો કોણ હશે ?" ૫૫

આ આખો શ્લોક બીજા ઉન્મેષમાં ૩૫મા ઉદાહરણ તરીકે ઉતારેલો છે. એમાં कः (કોણ) અને पात्रम् (પાત્ર) એ શબ્દો જુદા જુદા લિંગના

છે છતાં તેમને એક જ વિભક્તિમાં વાપર્યા છે, તેથી આ લિંગવૈચિત્ર્ય-વક્રતાનું ઉદાહરણ છે.

એવું જ બીજું ઉદાહરણ—

"મૈથિલી તેની દારા છે." ૫૬

અહીં 'મૈથિલી' શબ્દ સ્ત્રીલિંગનો છે અને 'दाराः' એ બહુવચનમાં જ વપરાતો પુંલ્લિંગ શબ્દ છે. બંનેને અહીં સમાનાધિકરણમાં વાપર્યા છે એટલે આ લિંગવૈચિત્ર્ય-વક્રતાનું ઉદાહરણ છે.

લિંગવૈચિત્ર્યવક્રતાનો બીજો પણ એક પ્રકાર હોય છે, જેમાં કોઈ શબ્દ અનેક લિંગમાં વાપરી શકાય એવો છતાં, 'સ્ત્રી એ નામ જ કોમળ છે' માટે કવિઓ તેનો સ્ત્રીલિંગમાં જ ઉપયોગ કરતા હોય છે. જેમ કે—

"સામે પેલો કિનારો જુઓ." ૫૭

અહીં કિનારા માટે तट એવો પુંલ્લિંગ અને तटं એવો નપુંસકલિંગ શબ્દ વાપરી શકાય એમ છે, તેમ છતાં કવિએ तटी એવું સ્ત્રીલિંગ રૂપ જ વાપર્યું છે.

પદપૂર્વાર્ધવક્રતાના અત્યાર સુધી જે પ્રકારો બતાવ્યા તે બધા જેમાં પદનો પૂર્વાર્ધ નામ હોય એવા હતા. હવે પદનો પૂર્વાર્ધ જેમાં ધાતુ હોય એવા પ્રકારો બતાવે છે.

(જ) પદપૂર્વાર્ધ ધાતુનો 'ક્રિયાવૈચિત્ર્યવક્રતા' નામે એક આઠમો પ્રકાર છે. એમાં ક્રિયાવૈચિત્ર્ય સધાય એવે રૂપે વૈદગ્ધ-ભંગિભણિતિને લીધે રમણીય પ્રયોગ કવિઓ કરે છે. ક્રિયાવૈચિત્ર્ય રચનાને બહુવિધ વિચ્છિત્તિ કહેતાં સૌંદર્ય અર્પતું જોવા મળે છે. જેમ કે—

"રતિક્રીડા સમયે વસ્ત્ર હરાઈ જતાં જેનાં બે નેત્રો (પાર્વતીના) કિસલય જેવા કોમળ હાથો વડે ઢંકાઈ ગયાં છે એવા રુદ્રનું પાર્વતી વડે ચુંબન કરાયેલું ત્રીજું નેત્ર જય પામે છે." ૫૮

અહીં શિવનાં ત્રણ નેત્રોને ઢાંકી દેવા રૂપ પ્રયોજન કહેતાં

સાધ્ય સમાન હોવા છતાં તેમ જ (ત્રણે નેત્રોનું) લોચનત્વ સરખું હોવા છતાં દેવીના પરિચુંબનથી જેને ઢાંકી દેવામાં આવે છે તે ભગવાન શંકરનું ત્રીજું નેત્ર જય પામે છે, અર્થાત્ સર્વોત્કૃષ્ટ ઠરે છે, એવો આખા વાક્યનો અર્થ છે. આ શ્લોકમાં जयति ક્રિયાપદનું સહૃદયોનાં હૃદય જ અનુભવી શકે એવું કોઈ અપૂર્વ સૌંદર્ય પ્રગટ થતું જોઈ શકાય છે.

એવું જ બીજું ઉદાહરણ—

"સ્વેચ્છાએ સિંહનું રૂપ ધારણ કરનાર, મધુરિપુ વિષ્ણુના, પોતાની કાન્તિથી ચંદ્રને ઝાંખો પાડનાર, અનેક શરણાગતોનાં દુઃખોને કાપનાર નખો તમારું રક્ષણ કરો." ૫૯

આ શ્લોકમાં સકલ લોકમાં જાણીતી એવી નખોની જે છેદન ક્રિયા, તેના કરતાં જુદી જ શરણાગતોનાં દુઃખોના છેદનરૂપ કોઈ અપૂર્વ ક્રિયાનું વર્ણન કરી ક્રિયાવૈચિત્ર્ય સાધ્યું છે.

એવું જ ત્રીજું ઉદાહરણ—

"શંભુનાં શરોનો અગ્નિ તમારાં પાપોને બાળી મૂકો." ૬૦

'અમરુશતક'ના બીજા શ્લોકનો આ ખંડ છે. એ શ્લોક આખો ધ્વન્યાલોક(૨–૫)માં પણ ઉતારેલો છે. તે આ પ્રમાણે છે:

"તરતના જ અપરાધી કામી જેવો શંભુનાં શરોનો અગ્નિ તમારાં પાપોને બાળી મૂકો, જે અગ્નિને કમળ જેવી આંખોવાળી ત્રિપુરની યુવતીઓ તરફથી હાથે વળગવા જતાં ઝટકી નાખવામાં આવે છે, વસ્ત્રના છેડાને પકડવા જતાં જોરથી હડસેલી કાઢવામાં આવે છે, ચરણે પડ્યો હોય છે છતાં ગભરાટ કે ક્રોધને કારણે ધ્યાનમાં લેવાતો નથી અને આલિંગન દેવા જતાં આંસુભરી આંખે જેનો તિરસ્કાર કરવામાં આવે છે."

આ શ્લોકમાં પણ પહેલા(ઉદાહરણ)ની પેઠે (સકળ લોકમાં પ્રસિદ્ધ બીજી વસ્તુઓના દહનરૂપ ક્રિયાથી જુદી, પાપોનું દહન કરવારૂપ ક્રિયાનું વર્ણન કરી કોઈ અપૂર્વ) ક્રિયાવૈચિત્ર્ય સાધ્યું છે.

એવું જ ચોથું ઉદાહરણ—

"રમતિયાળ, ચંચળ અને ગર્વભરી આંખોવાળી લીલાવતી સુંદરીઓએ કાનમાં પહેરેલાં કમળની પાંદડીને સ્પર્શતી આંખો વડે રમતવાતમાં (ધનુષ ચડાવતાં) રોકી દેવાયેલો ઢીલા ધનુષવાળો કામદેવ જય પામે છે." ૬૧

આ શ્લોકમાં લીલાવતી સુંદરીઓ વડે આંખ(ના ઇશારા)થી રમતવાતમાં રોકી દેવાયેલો અને તેની ધનુષ ચડાવવાની પ્રવૃત્તિથી વિમુખ કરાયેલો તથા જેણે પોતાનું ધનુષ ઢીલું કર્યું છે એવો કામદેવ જય પામે છે (जयति) એમ કેમ કહ્યું છે? કારણ, એ સુંદરીઓને આવો જય મળે છે એટલે તેઓ વિજય પામે છે (जयन्ति) એમ કહેવું જોઈએ.

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે એ સ્ત્રીઓનાં નેત્રોના હાવભાવમાં જ આવો વિજય પ્રાપ્ત કરવાની શક્તિ અને પ્રૌઢતા છે એ જોઈને, ત્રિભુવન ઉપર વિજય મેળવવાનું મારું કામ તો એથી જ સિદ્ધ થઈ જાય છે એમ વિચારી, બુદ્ધિશાળી કામદેવે પોતાનું ધનુષ ચડાવવાનું બંધ રાખ્યું. (કામદેવને મળેલી) આ સહાયનું અતિશય મહત્ત્વ કવિના ચિત્તમાં जयति (વિજય પામે છે) એ ક્રિયાપદ દ્વારા કર્તૃત્વના કારણ તરીકે (એટલે કે વિજય-પ્રાપ્તિના કારણ તરીકે) સ્ફુર્યું છે, એટલે સહૃદયોના હૃદયને આનંદ આપનાર કોઈ અપૂર્વ ક્રિયાવૈચિત્ર્યનો અનુભવ થાય છે.

મતલબ કે અહીં કામદેવ જય પામે છે એમ કહ્યું છે છતાં તેનું કારણ એ સુંદરીઓની સહાય છે એમ બતાવ્યું છે એટલે એ સુંદરીઓ જ જય પામે છે એવું વ્યંજનાથી સૂચિત થતું હોઈ અહીં અપૂર્વ ક્રિયા-વૈચિત્ર્ય સધાયું છે.

એવું જ પાંચમું ઉદાહરણ—

"તે વર્ણો હૃદયમાં કંઈક અપૂર્વ ધ્વનિત કરે છે." ૬૨

ઉપર આવી ગયેલા ૫૧મા ઉદાહરણનો આ પાછલો ભાગ છે.

**અહીં કવિએ 'जल्पन्ति' 'वदन्ति' વગેરે ક્રિયાપદો નથી વાપર્યાં, કારણ, એ વર્ણો કોઈક અપૂર્વ સૌંદર્યપૂર્વક કોઈ અનિર્વચનીય અર્થ સૂચવે છે, એવું કવિને કહેવું છે.**

અત્યાર સુધીમાં વક્રતાના પહેલા બે પ્રકારો (૧) વર્ણવિન્યાસવક્રતા અને (૨) પદપૂર્વાર્ધવક્રતાનું નિરૂપણ થયું. તેમાં પદપૂર્વાર્ધવક્રતાના આઠ પેટા ભેદો ગણાવ્યા. તે આ પ્રમાણે: (૧) રૂઢિવૈચિત્ર્ય. એના પણ બે ઉપભેદો (ક) જેમાં ધર્મીની અતિશયતા સૂચવાતી હોય અને (ખ) જેમાં ધર્મની અતિશયતા સૂચવાતી હોય. (૨) પર્યાયવૈચિત્ર્ય, (૩) ઉપચારવૈચિત્ર્ય, (૪) વિશેષણવૈચિત્ર્ય, (૫) સંવૃતિવક્રતા, (૬) વૃત્તિવૈચિત્ર્ય, (૭) લિંગવૈચિત્ર્ય અને (૮) ક્રિયાવૈચિત્ર્ય. હવે વક્રતાના ત્રીજા ભેદ પ્રત્યયવક્રતાનું નિરૂપણ કરે છે.

**(૩) વક્રતાનો ત્રીજો પણ એક પ્રકાર છે અને તે પ્રત્યયાશ્રય.**

**પ્રત્યય એટલે નામને અને ધાતુને લાગતા પ્રત્યયો. એને આધારે રહેલી વક્રતા તે પ્રત્યયાશ્રયવક્રતા. એના પણ ઘણા પ્રકારો સંભવે છે: (૧) સંખ્યાવૈચિત્ર્યથી થતો, (૨) કારકવૈચિત્ર્યથી થતો અને (૩) પુરુષવૈચિત્ર્યથી થતો.**

**(૧) સંખ્યાવૈચિત્ર્યથી થતો પ્રકાર: એમાં કાવ્યની શોભા સાધવા માટે સંખ્યા કહેતાં વચનનું વૈચિત્ર્ય યોજવામાં આવે છે. જેમ કે—**

**"મૈથિલી તેની દારા છે." ૬૩**

આમાં મૈથિલી એકવચન છે અને 'દારા' એ બહુવચન છે. એટલે એ પ્રત્યયવક્રતામાં વચનવક્રતાનું ઉદાહરણ થયું. આ જ ઉદાહરણ પહેલાં લિંગવક્રતામાં આપવામાં આવ્યું હતું. કારણ, મૈથિલી સ્ત્રીલિંગ છે અને दाराः પુંલ્લિંગ છે. આમ, આમાં વચનવક્રતા અને લિંગવક્રતા બંનેનું ઉદાહરણ આવી જાય છે.

**બીજું ઉદાહરણ—**

**"આંખો ખીલેલાં કમલોનાં વન અને બે હાથો સરોજોના ભંડાર છે." ૬૪**

અહીં (આંખો અને હાથો એ મૂળ સંસ્કૃતમાં દ્વિવચનમાં છે અને કમલોનાં વન અને સરોજોના ભંડાર બહુવચનમાં છે, અને) એ દ્વિવચન અને બહુવચનનો સમાનાધિકરણમાં ઉપયોગ કર્યો છે તેથી ચમત્કારક લાગે છે.

(૨) કારકવૈચિત્ર્યથી સધાતો : એમાં અચેતન પદાર્થમાં ચેતનનો અધ્યારોપ કરી રસાદિના પરિપોષ માટે ચેતનની ક્રિયાનો સમાવેશ કરી કર્તૃત્વ વગેરે કારકનો પ્રયોગ કરવામાં આવે છે. જેમ કે—

"આંસુનો પ્રવાહ ધીરે ધીરે બંને સ્તનોને નવડાવી રહ્યો છે. મધુર પંચમ સ્વર તેના કંઠમાં બળજબરીએ રૂંધાઈ રહ્યો છે, શરદની જ્યોત્સ્ના જેવો ફીકો કપોલ હથેલી ઉપર પડચો છે, ખબર નથી તેના (મનમાં પેદા થતા) વિકારો શાના જેવા છે?" ૬૫

આ શ્લોકમાં આંસુના પ્રવાહ વગેરે અચેતન પદાર્થોમાં પણ ચેતનનો અધ્યારોપ કરી કવિએ કર્તૃત્વનું નિરૂપણ કર્યું છે. તે (નાયિકા) વિવશ થઈ ગઈ છે એટલે આ (આંસુનો પ્રવાહ વગેરે) બધા આ રીતે વર્તે છે. પણ તે પોતે તો કશું જ કરવાને અશક્ત છે, એવો (કવિનો) અભિપ્રાય છે. વળી, કપોલ વગેરે તેના અવયવોની આવી અવસ્થા તો પ્રત્યક્ષ દેખી શકાય છે, એટલે આપણે તે જાણી શકીએ છીએ. પણ તેના મનમાં જે વિકારો કહેતાં ભાવો કે વિચારો જાગતા હશે તે તો તેને જ અનુભવગમ્ય હોઈ આપણે જાણી શકતા નથી.

બીજું ઉદાહરણ—

"ત્રિપુરવિજયી ભગવાન શિવ તારા ધનુર્વિદ્યાના આચાર્ય છે, તેં કાર્તિકેયને હરાવ્યો છે, ફરસીથી હઠાવી દેવાયેલો સાગર તારું ઘર છે, પૃથ્વી તેં દાનમાં આપી દીધેલી છે, એ બધું ખરું, પણ મારી તલવાર રેણુકાનું ગળું કાપનાર તારી ફરસી સાથે સ્પર્ધામાં ઊતરતાં શરમાય છે." ૬૬

રાજશેખરના 'બાલરામાયણ' નાટકના બીજા અંકમાં આ રાવણની પરશુરામ પ્રત્યેની ઉક્તિ છે. એમાં પરશુરામના જીવનના કેટલાક પ્રસંગોનો ઉલ્લેખ છે. જેમ કે પરશુરામ ભગવાન શંકર પાસે ધનુર્વિદ્યા શીખ્યા હતા, તેમણે કાર્તિકેયને હરાવ્યો હતો, પોતાની ફરસીથી સમુદ્રને હઠાવી દઈ, ત્યાં વાસ કર્યો હતો અને આખી પૃથ્વી જીતીને તે કશ્યપને દાનમાં આપી દીધી હતી તથા પિતાની આજ્ઞાથી પોતાની માતા રેણુકાનું માથું કાપી નાખ્યું હતું.

આ શ્લોકમાં 'તલવાર શરમાય છે' એમ કહ્યું છે, એમાં પહેલા શ્લોકની પેઠે (અચેતન પદાર્થમાં ચેતનનો અધ્યારોપ રહેલો છે એટલે) કારકવૈચિત્ર્યની પ્રતીતિ થાય છે.

(૩) પુરુષવૈચિત્ર્યથી સધાતી વક્રતા એ પ્રત્યયવક્રતાનો ત્રીજો પ્રકાર છે. એમાં કવિઓ પહેલા બીજા પુરુષને બદલે ત્રીજા પુરુષનો ઉપયોગ કરે છે. કાવ્યમાં વૈચિત્ર્ય સાધવા માટે 'તમે' કે 'અમે' કહેવાને બદલે નામ વાપરે છે. જેમ કે—

"તેને જો દેવ ન ઓળખે તો આપણું ભાગ્ય જ અવળું એમ જ સમજવું." ૬૭

આ શ્લોક આખો પહેલાં ૪૩મા ઉદાહરણરૂપે આવી ગયો છે.

એમાં 'તમે ન ઓળખો' એમ કહેવાને બદલે 'દેવ ન ઓળખે' એમ વૈચિત્ર્ય સાધવા માટે કહ્યું છે. એ જ રીતે, પુરુષનો વિપર્યાસ ક્રિયાપદ વગર જ નામનો ઉપયોગ કરવાથી પણ સાધી શકાય છે. જેમ કે—

"હે તપોધને, આ સેવક કંઈક પૂછવા ઇચ્છે છે, જો છુપાવવા જેવું ન હોય તો જણાવવાની કૃપા કરશો." ૬૮

અહીં 'હું પૂછવા ઇચ્છું છું' એમ કહેવાને બદલે તાટસ્થ્ય બતાવવા માટે 'સેવક પૂછવા ઇચ્છે છે' એમ કહ્યું છે.

મૂળમાં 'પૂછવા ઇચ્છે છે', એવી ક્રિયાપદવાળી રચના નથી, પણ प्रष्टुमनाः 'પૂછવાની ઇચ્છાવાળો' એવું સમાસાત્મક વિશેષણ વાપરેલું છે.

એટલે કહ્યું છે કે ક્રિયાપદ વગર જ નામનો ઉપયોગ કરવાથી પણ પુરુષનો વિપર્યાસ સાધી શકાય છે.

ત્રીજું ઉદાહરણ—

"હે પ્રિયતમે, તે મિથ્યાવ્રત લેનાર આ કંઈક કરવા તૈયાર થયો છે." ૬૯

અહીં 'હું' કહેવાને બદલે પહેલાંની પેઠે (તાટસ્થ્ય દર્શાવવા) 'આ' કહ્યું છે તેથી વૈચિત્ર્યની પ્રતીતિ થાય છે.

વક્રતાના આ કેટલાક મુખ્ય પ્રકારો નમૂના દાખલ બતાવ્યા છે. મહાકવિઓની વાણીમાં વક્રતાના હજારો પ્રકારો સંભવે છે. તે સહૃદયોએ પોતે જ જોઈ લેવા.

આ ઓગણીસમી કારિકા સુધીમાં ગ્રંથકારે વક્રતાના આટલા ભેદોપભેદો ગણાવ્યા છે:

૧. વર્ણવિન્યાસવક્રતા. એને જ પ્રાચીનો અનુપ્રાસ અને યમક કહે છે.

૨. પદપૂર્વાર્ધવક્રતા. પદના પૂર્વાર્ધરૂપ નામની વક્રતા અને ધાતુની વક્રતા. એમાં નામની વક્રતાના આઠ ભેદ છે:

(૧) રૂઢિવૈચિત્ર્યવક્રતા. એમાં

(ક) જેમાં પ્રસિદ્ધ ધર્મથી જુદા બીજા ધર્મનો અધ્યારોપ કર્યો હોય; અને

(ખ) જેમાં પ્રસિદ્ધ ધર્મમાં લોકોત્તર અતિશયનો અધ્યારોપ હોય.

(૨) પર્યાયવક્રતા. એના બે ભેદ:

(ક) જેમાં પ્રસંગને અનુરૂપ વિશેષ પર્યાય વાપર્યો હોય; અને

(ખ) જેમાં વાચ્યમાં ન સંભવે એવા બીજા કોઈ ગુણ ગર્ભિત રાખીને પર્યાય વાપર્યો હોય.

આ બંનેને મમ્મટ વગેરે 'પરિકરાલંકાર' કહે છે.

(૩) ઉપચારવક્રતા. એના બે ભેદ:

(ક) અમૂર્ત માટે મૂર્તવાચક શબ્દ વાપરવો

(ખ) નક્કર માટે પ્રવાહીવાચક શબ્દ વાપરવો

(૪) વિશેષણવક્રતા.

(૫) સંવૃતિવક્રતા.

(૬) વૃત્તિવૈચિત્ર્યવક્રતા.
(૭) લિંગવૈચિત્ર્યવક્રતા. એના બે ભેદ :
(ક) ભિન્ન લિંગોનો સમાનાધિકરણમાં ઉપયોગ
(ખ) સુકુમારતા સૂચવવા સ્ત્રીલિંગનો ઉપયોગ
(૮) ક્રિયાવૈચિત્ર્યરૂપ પદપૂર્વાર્ધવક્રતા.

૩. પ્રત્યયાશ્રયવક્રતા. એના ત્રણ ભેદ :
(૧) સંખ્યાવૈચિત્ર્યથી સાધેલી વક્રતા
(૨) કારકવૈચિત્ર્યથી સાધેલી વક્રતા
(૩) પુરુષવૈચિત્ર્યથી સાધેલી વક્રતા.

આ રીતે વાક્યના અવયવરૂપ પદોમાંના પ્રત્યેકના વર્ણ વગેરે અવયવો દ્વારા સંભવિત વક્રતાની સમજૂતી આપી હવે પદોના સમૂહરૂપ વાક્યની વક્રતા સમજાવે છે—

૨૦

**વાક્યની વક્રતા (પદની વક્રતા કરતાં) જુદી છે. તેના હજારો ભેદો છે. એમાં (ઉપમા વગેરે) આખો અલંકાર-વર્ગ સમાઈ જાય છે.**

વાક્યની વક્રતા જુદી છે. વાક્યની એટલે પદસમૂહની. અવ્યય, કારક, વિશેષણ (વગેરે) સહિતનું ક્રિયાપદ તે વાક્ય. આ રીતે જેની પ્રતીતિ થાય છે તે શ્લોક વગેરેની વક્રતા. વક્રતા એટલે ભંગિ-ભણિતિવૈચિત્ર્ય — વર્ણનશૈલીનું સૌંદર્ય. એ આ પહેલાં કહેલી (વર્ણપદાદિની) વક્રતા કરતાં જુદું સમુદાયરૂપ (વાક્ય) વૈચિત્ર્યથી ઉત્પન્ન થતું વાક્યસૌંદર્ય કોઈ અપૂર્વ હોય છે. જેમ કે—

"પહેલાં લક્ષ્મી જ્યારે તમારી સેવામાં ઉપસ્થિત થઈ હતી ત્યારે તમે તેનો ત્યાગ કરી (તેને બાજુએ હઠાવી દઈને) મારી સાથે વનમાં આવ્યા હતા. એ રોષને લીધે તમારો આશ્રય પામેલી હું તમારા ઘરમાં રહું એ એનાથી સહેવાયું નહિ." ૭૦

લક્ષ્મણ સીતાને વનમાં છોડીને પાછો વળે છે ત્યારે કરુણ-રસથી ભરાઈ ગયેલા હૃદયવાળી સીતાએ પતિને મોકલેલો આ

સંદેશો છે, કે પહેલાં લક્ષ્મી જ્યારે તમારી સેવામાં હાજર થઈ હતી ત્યારે તમે તેને એક બાજુએ હઠાવી દઈ તેનો ત્યાગ કરી મારી સાથે વનમાં આવ્યા હતા; ત્યારે તેને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે તમે આમ કરશો. આથી ક્રોધે ભરાઈને તેણે સ્ત્રીસ્વભાવસહજ સપત્નીદ્વેષને લીધે હું તમારા ઘરમાં રહું એ સહન ન કર્યું'.

એનો ધ્વનિ એવો છે કે (વનવાસનાં) કષ્ટો વેઠવાનો કઠિન સમય આવ્યો હતો ત્યારે પણ આટલી બધી કૃપા કરી જેને સાથે રાખી હતી તેનો હવે સામ્રાજ્ય મળતાં વગર વાંકે ત્યાગ કરી તિરસ્કાર કર્યો, એ ઉચિત છે કે અનુચિત એનો વિચાર વ્યવહારપરંપરાના જાણકાર આપે જ કરવો રહ્યો.

એ વાક્યવક્રતા એવી છે કે એના હજારો ભેદો સંભવે છે. હજાર શબ્દ અહીં હજારની નિશ્ચિત સંખ્યાનો વાચક નથી, પણ સહસ્રદલ(હજારી ગોટો)ની પેઠે સંખ્યાબાહુલ્યનો વાચક છે. કારણ કે કવિપ્રતિભા અનંત હોવાથી આ વક્રતાની સંખ્યા પણ નક્કી થઈ શકે એમ નથી. વાક્યની આ જે બહુવિધ વક્રતા છે તે કેવી છે, તેની તમને ખબર નથી, એવી આશંકા કોઈ કરે માટે કહે છે કે 'એમાં આખો અલંકારવર્ગ સમાઈ જાય છે.' કવિઓમાં પ્રસિદ્ધ એવા ઉપમાદિ બધા જ અલંકારો એમાં સમાઈ જશે, અલગ નહિ રાખી શકાય. વક્રતાના પ્રકારભેદ રૂપે જ તેમનો ઉલ્લેખ થઈ શકશે. એ અલંકારોનું નિરૂપણ તેમની વ્યાખ્યા કરતી વખતે ઉદાહરણ સાથે કરવામાં આવશે.

આમ, વાક્યવક્રતાની સમજૂતી આપ્યા પછી વાક્યના સમુદાયરૂપ પ્રકરણની અને પ્રકરણના સમુદાયરૂપ પ્રબંધની વક્રતા સમજાવે છે—

## ૨૧

**પ્રકરણમાં અને પ્રબંધમાં સ્વાભાવિક અને (વ્યુત્પત્તિથી) આણેલા સૌંદર્યને લીધે મનોહર એવી જે વક્રતા હોય છે તેનું નિરૂપણ કરીએ છીએ.**

પ્રબંધના એક ભાગરૂપ પ્રકરણમાં અથવા નાટક વગેરે પ્રબંધો-માં વક્રતા એટલે કે વિન્યાસવૈચિત્ર્ય જેવું હોય છે તેનું નિરૂપણ કરવામાં આવે છે. એ વૈચિત્ર્ય કેવું? તો કે સ્વાભાવિક અને આહાર્ય એટલે કે વ્યુત્પત્તિથી મેળવેલા સૌંદર્યને લીધે મનોહર.

એમાં પ્રકરણની વક્રતાનું ઉદાહરણ જેમ કે — રામાયણમાં માયાવી સુવર્ણમૃગને વેશે આવેલા મારીચની પાછળ ગયેલા રામનું કરુણ આક્રંદ સાંભળીને ગભરાઈ ગયેલી જનકરાજાની પુત્રી સીતાએ તેમના પ્રાણ બચાવવા, પોતાના જીવનની રક્ષાની પરવા કર્યા વગર, લક્ષ્મણને કઠોર વચન કહીને મોકલ્યો એવું આવે છે.

એ અત્યંત અનુચિત છે. કારણ, અનુચર રૂપે લક્ષ્મણ પાસે હોવા છતાં પ્રધાનપાત્ર રામ આવું કરે એ કલ્પી શકાતું નથી. વળી, રામને તો બધી જાતના અતિશયોથી યુક્ત વર્ણવેલા છે, એટલે તેના પ્રાણનું રક્ષણ નાનો ભાઈ કરે એવી કલ્પના કરવી એ અત્યંત અનુચિત છે, એવો વિચાર કરી 'ઉત્તર-રાઘવ' નામે નાટકમાં કવિએ માયામૃગને મારવા ગયેલા લક્ષ્મણને બચાવવા માટે સીતાએ રામને મોકલ્યા એવું નિરૂપણ કર્યું છે.

આ નિરૂપણ તદ્વિદોને આનંદ આપે છે એ જ એની વક્રતા છે.

એવું જ બીજું ઉદાહરણ — 'કિરાતાર્જુનીય'માં કિરાત પુરુષની ઉક્તિનો વાચ્યાર્થ જ જોઈએ તો તેમાં ફક્ત પોતાના બાણ-ની શોધનું જ વર્ણન છે. પણ ખરું જોતાં, તેના તાત્પર્યાર્થનો વિચાર કરીએ તો એ ઉક્તિનો વાક્યાર્થ અર્જુન સાથે યુદ્ધમાં પરિણમે છે. એ કાવ્યમાં કહ્યું છે કે—

> "મારામાં બુદ્ધિભેદ ઉત્પન્ન કરવા માટે તમે સામનો પ્રયોગ કર્યો, લોભ બતાવ્યો, ભય બતાવ્યો અને બાણ મેળવવા માટે એવી રીતે બોલ્યા જેથી અન્યાયી વાત પણ ન્યાયી લાગે." ૭૧

પ્રબંધમાં વક્રતાનું ઉદાહરણ, જેમ કે — કોઈ મહાકવિએ રચેલા રામકથાવિષયક નાટક વગેરેમાં (૧. વર્ણવિન્યાસવક્રતા, ૨. પદ-

પૂર્વાર્ધવક્રતા, ૩. પ્રત્યયાશ્રિતવક્રતા, ૪. વાક્યવક્રતા અને ૫. પ્રકરણવક્રતા) પાંચ પ્રકારની વક્રતાને લીધે સુંદર સહૃદયના હૃદયને આનંદ આપે એવું મહાપુરુષનું વર્ણન કરવાનો જ ઉપક્રમ લાગે છે. પણ ખરું જોતાં, 'રામની જેમ વર્તવું, રાવણની જેમ નહિ' એવો વિધિનિષેધાત્મક ઉપદેશ જ અંતે તો ફલિત થાય છે.

વળી, જેમ કે 'તાપસવત્સરાજ' નાટકમાં કુસુમ જેવા કોમળ ચિત્તવાળા અને વિનોદરસિક નાયકનું ચરિત્ર વર્ણવવાનો ઉપક્રમ કર્યો છે, પરંતુ ખરું જોતાં, રાજા આવી વિપત્તિમાં આવી પડે ત્યારે આવા રાજનીતિવ્યવહારમાં નિપુણ મંત્રીઓએ આવા આવા ઉપાયો વડે તેને ઉગારી લેવો, એવો ઉપદેશ (કવિએ) આપેલો છે. આ વાત વિશેષ વ્યાખ્યા આપતી વખતે સ્પષ્ટ થઈ જશે.

આ પ્રમાણે કવિવ્યાપારની વક્રતાના છ પ્રકાર અહીં માત્ર નામ દઈને ગણાવ્યા છે. એમની વ્યાખ્યા કરતી વખતે વિસ્તારથી સમજાવીશું.

હવે ક્રમ પ્રમાણે (કાવ્યની વ્યાખ્યામાં વપરાયેલા) બંધ શબ્દની સમજૂતી આપવાનું પ્રાપ્ત થાય છે એટલે તે જ કરીએ છીએ—

## ૨૨

**શબ્દ અને અર્થના સૌભાગ્ય અને લાવણ્યનો પરિપોષ કરનાર અને કાવ્યરચનારૂપ વ્યાપારવાળો વાક્યનો જે વિન્યાસ કહેતાં ગોઠવણી તે બંધ.**

સૌભાગ્ય એટલે પ્રતિભાના સ્ફુરણને લીધે જન્મતું ચેતન-ચમત્કારિત્વ એટલે કે સહૃદયોના ચિત્તને ચમત્કારનો અનુભવ કરાવવાની શક્તિ. અને લાવણ્ય એટલે સંનિવેશનું સૌંદર્ય.

એટલે બંધનો એવો અર્થ થયો કે શબ્દ અને અર્થની સહૃદયોના ચિત્તને ચમત્કારનો અનુભવ કરાવવાની શક્તિને તથા સંનિવેશના સૌંદર્યને પોષક એવો કવિવ્યાપારયુક્ત વાક્યનો વિન્યાસ.

જેમ કે—

"નિતંબ ઉપર ડાબો હાથ રાખીને, કમરને લીલાથી

લચકાવીને સ્તનોને ઊંચા કરીને તથા ચિબુકને ખભે અડાડીને તેણે મારા તરફ બંને છેડે નવા ઇન્દ્રનીલ મણિ ગૂંથ્યા હોય એવી મોતીની માળા જેવા સુંદર અને કામજ્વર પેદા કરનારા બે-ત્રણ કટાક્ષો ઈર્ષ્યાપૂર્વક ફેંક્યા.” ૭૨

આ શ્લોકમાં સમગ્ર કવિકૌશલ્યથી પ્રાપ્ત થતા ચેતન-ચમત્કારિત્વરૂપ ‘સૌભાગ્ય’નો તથા થોડા વર્ણવિન્યાસના સૌંદર્યથી ઉત્પન્ન થતા તેમ જ પદોને જોડવાના સૌંદર્યથી પ્રાપ્ત થતા ‘લાવણ્ય’નો અત્યંત પરિપોષ થયેલો છે.

બંધનું સ્વરૂપ દર્શાવ્યા પછી સહૃદયાહ્લાદકારિત્વ સમજાવે છે.

૨૩

**શબ્દ, અર્થ અને અલંકાર એ ત્રણેથી સ્વરૂપમાં જુદું અને અતિશયમાં લોકોત્તર એવું કોઈક અનિર્વચ-નીય એટલે કે સહૃદયોના હૃદયથી જ અનુભવાતું, આમોદ એટલે રંજન કરવાની શક્તિને લીધે સુંદર તત્ત્વ તે તદ્વિદાહ્લાદકારિત્વ.**

જેમ કે—

“જેને ખાવાથી કૂજતા હંસોના અવાજમાં તૂરાશથી કંઠ સાફ થઈ જવાને લીધે કોઈ જુદી જ મીઠાશ આવે છે, તે તરુણ હાથણીની કોમળ દંતકળીની સ્પર્ધા કરતી મૃણાલની નવી ગાંઠો અત્યારે તળાવમાં બહાર નીકળી રહી છે.” ૭૩

આ શ્લોકમાં અર્થ, શબ્દ અને અલંકાર એ ત્રણેમાંથી કોઈ-ને પણ વિશે કવિએ પ્રધાનપણે પ્રયત્ન કરેલો લાગતો નથી. પરંતુ પ્રતિભાવૈચિત્ર્યને કારણે અપૂર્વ તદ્વિદાહ્લાદકારિત્વ એમાં ખીલી ઊઠ્યું છે.

જોકે બધાં જ ઉદાહરણોમાં કાવ્યની પૂરી વ્યાખ્યા લાગુ પડી શકે છે, તેમ છતાં તેમાં જે અંશ અમે બતાવ્યો છે તે જ અંશ પ્રધાનપણે જોવા મળે છે, એમ સહૃદયોએ જાતે સમજી લેવું.

એનો અર્થ એ છે કે ગ્રંથમાં જુદા જુદા સંદર્ભમાં જે ઉદાહરણો આપ્યાં છે તેમાં કાવ્યનાં બધાં જ લક્ષણો હોય તો છે, તેમ છતાં જે શ્લોકમાં જે વસ્તુ પ્રધાન હોય તેના ઉદાહરણ તરીકે અહીં તેને રજૂ કરવામાં આવ્યો છે. એનો અર્થ એવો નથી કે એ સિવાયના અંશો એમાં નથી.

આ રીતે કાવ્યની સામાન્ય વ્યાખ્યા આપ્યા પછી એનાં વિશેષ લક્ષણનો વિષય દર્શાવવા માટે એના ભિન્ન ભિન્ન ત્રણ માર્ગો છે તે કહે છે—

## ૨૪

**કવિની પ્રવૃત્તિના કારણરૂપ કાવ્યના ક્ષેત્રમાં ત્રણ માર્ગો છે: (૧) સુકુમાર, (૨) વિચિત્ર અને (૩) બંનેના મિશ્રણરૂપ મધ્યમ.**

કાવ્યના ક્ષેત્રમાં ત્રણ માર્ગો સંભવે છે. ન બે કે ન ચાર. સ્વરાદિની સંખ્યાની પેઠે તદ્વિદોએ એટલા જ સ્વીકારેલા છે. એ માર્ગો કેવા છે? તો કે કવિની પ્રવૃત્તિના એટલે કે કાવ્યરચનાના કારણરૂપ છે. તેમનાં નામ શાં છે? તો કે સુકુમાર, વિચિત્ર અને મધ્યમ. એ મધ્યમ કેવો છે? તો કે સુકુમાર અને વિચિત્ર એ બંનેની છાયાવાળો. એ માર્ગોનું સ્વરૂપ તેમની વ્યાખ્યા આપતી વખતે કહીશું.

આ બાબતમાં અનેક મતભેદો સંભવે છે. કારણ, (વામનાદિ) પૂર્વાચાર્યોએ વિદર્ભાદિ દેશવિશેષને આધારે વૈદર્ભી વગેરે ત્રણ રીતિઓ કહેલી છે. વળી, તેઓના ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ પ્રકારો પણ પાડેલા છે. (દંડી વગેરે) બીજાઓએ વૈદર્ભ અને ગૌડીય નામના બે માર્ગો ગણાવેલા છે. આ બંને વાત યુક્તિસંગત નથી. કારણ કે દેશભેદથી જો રીતિભેદ સ્વીકારીએ તો દેશો તો અનંત છે, એટલે રીતિઓ પણ અસંખ્ય માનવી પડે. વળી, દેશધર્મ પ્રમાણે મામાની દીકરીને પરણવાની જેમ, અમુક જ રીતિએ કાવ્ય કરવું એવી વ્યવસ્થા કરી શકાતી નથી. કારણ, દેશધર્મનો

તો માત્ર વૃદ્ધોના વ્યવહાર ઉપર જ આધાર હોય છે, એટલે તેની વ્યવસ્થા કરવી અશક્ય નથી. જ્યારે સહૃદયોને આનંદ આપે એવું કાવ્ય કરવું એ તો શક્તિ, વ્યુત્પત્તિ વગેરે અનેક કારણોની અપેક્ષા રાખે છે એટલે તેની બાબતમાં મનમાની વ્યવસ્થા કરી શકાતી નથી.

વળી, દક્ષિણના લોકોમાં સંગીતને માટે સારો કંઠ વગેરે રૂપ ધ્વનિની રમણીયતા હોય છે, તેમ કાવ્યશક્તિ પણ સ્વાભાવિક હોય છે એમ કહી શકાતું નથી. તેમ જો હોત તો તો બધા એવાં (સહૃદયોને આનંદ આપે એવાં) કાવ્ય કરતા હોત. ઉપરાંત, શક્તિ હોય તોયે વ્યુત્પત્તિ વગેરે આહાર્ય (જાતે મેળવવાની) કારણસામગ્રી અમુક દેશમાં જન્મ્યા એટલે મળી જતી નથી. કેમ કે એ સામગ્રી કોઈ એક દેશમાં જ હોય એવો નિયમ નથી. કારણ, તે દેશમાં પણ કેટલાકમાં નથી હોતી. વળી બીજે પણ એ જોવા મળે છે.

વળી, રીતિઓના ઉત્તમ, મધ્યમ, અધમ એમ ત્રણ પ્રકાર પાડવા યોગ્ય નથી. કારણ, સહૃદયોને આનંદ આપે એવા કાવ્યની રચનામાં (ગૌડી અને પાંચાલી રીતિઓમાં) વૈદર્ભી જેવું સૌંદર્ય ન સંભવતું હોય તો એ મધ્યમ અને અધમ રીતિઓનો ઉપદેશ કરવો વ્યર્થ છે. જો એમ કહો કે એનો પરિહાર કરવા માટે એનો ઉપદેશ કરવો પડે છે, તો એ યુક્તિસંગત નથી. કારણ, તેઓ (રીતિકાર વામનાચાર્ય) પણ એવું માનતા નથી. વળી, ગરીબ માણસ લાચારીથી યથાશક્તિ દાન કરે તેમ યથાશક્તિ (મધ્યમ અધમ રીતિનું, ગમે તેવું) કાવ્ય કરવું યોગ્ય નથી. આમ, અમારો વાંધો દેશવિશેષને આધારે રીતિની વ્યાખ્યા કરવા કે નામ પાડવા સંબંધે જ નથી (પરંતુ તેના સ્વરૂપ વિશે પણ છે, જેને આધારે ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ભેદ કરવામાં આવ્યા છે.) (ભામહ અને દંડી વગેરે) જેઓ બે રીતિઓ સ્વીકારે છે તેમને પણ આ જ દોષો લાગુ પડે છે. એટલે આ નિઃસાર વસ્તુની ચર્ચા લંબાવવાનો અર્થ નથી.

કવિના સ્વભાવભેદને કારણે કાવ્યમાર્ગનો ભેદ માનવો એ જ યોગ્ય છે. સુકુમાર સ્વભાવના કવિમાં સહજ શક્તિ પણ તેવી જ ઉદ્ભવે છે, કારણ, શક્તિ અને શક્તિમાન વચ્ચે ભેદ નથી હોતો. એ શક્તિ પોતાને અનુરૂપ સૌકુમાર્યને કારણે રમણીય એવી વ્યુત્પત્તિ પ્રાપ્ત કરે છે. અને એ શક્તિ અને એ વ્યુત્પત્તિ બંને મળીને કવિને સુકુમાર માર્ગનો અભ્યાસ કરવાને તત્પર બનાવે છે.

રીતિની બાબતમાં કુંતકનો ફાળો ખૂબ મહત્ત્વનો છે. એણે રીતિનું મૂળ કવિસ્વભાવમાં બતાવીને આ ચર્ચામાં કવિને કેન્દ્રમાં સ્થાપ્યો અને તેનો જેવો સ્વભાવ તેવી રીતિ એવું માનસશાસ્ત્રીય નિરૂપણ કર્યું. વૉલ્ટર પેટરનું અત્યંત પ્રચલિત થયેલું વચન — 'The style is the man'— આપણે આ રીતે પણ સમજી શકીએ.

એ જ રીતે, જે કવિનો સ્વભાવ તદ્વિદાહ્લાદકારી કાવ્યરચનાની બાબતમાં આ સૌકુમાર્યથી જુદા એવા વૈચિત્ર્યથી રમણીય હોય, તેનામાં તેને અનુરૂપ કોઈ વિચિત્ર શક્તિ જ ઉત્પન્ન થાય છે. તેને લીધે તે તેવી વૈદગ્ધ્યપૂર્ણ વ્યુત્પત્તિ પ્રાપ્ત કરે છે. અને એ (વિચિત્ર શક્તિ અને વિચિત્ર વ્યુત્પત્તિ) બંનેને લીધે વૈચિત્ર્યની વાસનાવાળો કવિ વિચિત્રમાર્ગનો અભ્યાસ કરે છે.

એ જ રીતે, (સુકુમાર અને વિચિત્ર સ્વભાવવાળા) એ બંને પ્રકારના કવિના સ્વભાવના મિશ્રણરૂપ સ્વભાવવાળા કવિમાં તેને અનુરૂપ મિશ્રિત શોભાતિશયવાળી કોઈ શક્તિ ઉત્પન્ન થાય છે. તેને લીધે એ બંનેના સ્વભાવને લીધે સુંદર એવી વ્યુત્પત્તિ તે પ્રાપ્ત કરે છે, અને પછી એ બંનેની છાયાના પરિપોષને લીધે સુંદર (માર્ગનો) અભ્યાસ કરે છે.

આ રીતે આ (ત્રણે પ્રકારના) કવિઓ કાવ્યરચનાનાં બધાં સાધનોની પરાકાષ્ઠાને લીધે રમણીય એવું સુકુમાર, વિચિત્ર કે ઉભયાત્મક કાવ્ય રચવાનો આરંભ કરે છે. એ (સુકુમાર, વિચિત્ર

અને ઉભયાત્મક) જ એ કવિઓને (કાવ્યરચનામાં) પ્રવૃત્ત કરનાર 'માર્ગો' કહેવાય છે.

જોકે કવિસ્વભાવભેદે માર્ગભેદ માનીએ તો અનંત જુદા જુદા માર્ગો માનવા અનિવાર્ય થઈ પડે. તેમ છતાં, તે બધાની ગણના કરવી અશક્ય છે, એટલે સામાન્ય રીતે ત્રણ જ માર્ગ માનવા યોગ્ય છે. હવે રમણીય કાવ્યના સ્વીકારની દૃષ્ટિએ જોઈએ તો સુ-કુમાર સ્વભાવવાળાં કાવ્યોનો એક સમુદાય ગણવો પડે. એ સિવાયનાં અરમણીય કાવ્યો તો સ્વીકારવા જેવાં જ નથી હોતાં એટલે સુકુમારથી ભિન્ન પણ રમણીય એવાં કાવ્યોનો બીજો વર્ગ થાય, અને તે વિચિત્ર કહેવાય. એ બંને રમણીય હોઈ એ બંનેની છાયા જેમાં હોય એવો ઉભયાત્મક વર્ગ પણ રમણીયતાયુક્ત છે એમ માનવું એ જ યુક્તિસંગત છે. એટલે આ ત્રણેમાંનો દરેક પોતાના નિર્દોષ સ્વભાવને લીધે તદ્વિદોને આહ્લાદ આપવાની પૂરી શક્તિ ધરાવે છે. એમાંનો કોઈ ઊણો નથી.

અહીં કુંતક એક શંકા ઉત્પન્ન કરી તેનું નિરસન કરે છે. શંકા એવી છે કે —

બંને પ્રકારની શક્તિ એટલે પ્રતિભા તો આંતરિક હોઈ એને સ્વાભાવિક કહી શકાય એ યોગ્ય છે, પણ વ્યુત્પત્તિ અને અભ્યાસ તો આહાર્ય એટલે બહારથી પ્રાપ્ત કરેલાં હોય છે, તેમને એ શી રીતે લાગુ પડે? – એટલે કે તેમને સ્વાભાવિક શી રીતે કહી શકાય? એનો જવાબ એ છે કે એ દોષ નથી. કારણ, કાવ્યરચનાની વાત બાજુએ રાખીએ તોયે બીજી બાબતોમાં પણ અનાદિવાસનાના અભ્યાસવાળો કોઈ પણ માણસ, પોતાના સ્વભાવને અનુરૂપ જ વ્યુત્પત્તિ અને અભ્યાસ ધરાવે છે. અને બંને — વ્યુત્પત્તિ અને અભ્યાસ — સ્વભાવની અભિવ્યક્તિ દ્વારા જ સફળતા પામે છે. કારણ, સ્વભાવ અને એ બે વચ્ચે ઉપકાર્ય-ઉપકારકનો સંબંધ હોય છે. એટલે સ્વભાવ એ બંનેને ઉત્પન્ન કરે છે અને બંને સ્વભાવને પરિ-પુષ્ટ કરે છે. આથી અચેતન પદાર્થોનો સ્વભાવ પણ પોતાના

સ્વભાવને અનુરૂપ બીજા પદાર્થોના સાન્નિધ્યના પ્રભાવથી અભિવ્યક્ત થાય છે: જેમ કે, ચન્દ્રકાન્તમણિમાંથી ચન્દ્રના કિરણના સ્પર્શ-માત્રથી સ્વાભાવિક રીતે પાણી ઝમવા માંડે છે.

આમ, માર્ગો ગણાવ્યા પછી અનુક્રમે તેમની વ્યાખ્યા આપે છે—

૨૫

**"અમ્લાન એટલે કે દોષરહિત પ્રતિભામાંથી અંકુરની પેઠે સ્વયમેવ ફૂટી નીકળેલા, નવા શબ્દાર્થને લીધે સુંદર, પ્રયત્ન વગર રચાયેલા સ્વલ્પ અને મનોહર અલંકારવાળો,**

૨૬

**જેમાં પદાર્થોનો સ્વભાવ જ એવો પ્રધાન હોય કે વ્યુત્પત્તિજન્ય આહાર્ય કૌશલ તેની આગળ તિરસ્કારપાત્ર — ગૌણ લાગે એવો, રસાદિના રહસ્યને સમજનાર સહૃદયોના મનઃસંવાદને લીધે સુંદર,**

૨૭

**વિચાર કે પ્રયત્ન વગર સ્વાભાવિક રીતે જ જેમાં પદાદિની યોજના એવી થઈ હોય કે તેના સૌંદર્યથી રસિકોના મનનું રંજન થાય એવો, વિધાતાના કૌશલથી સધાતા નિર્માણના અતિશય એટલે કે સુંદર સૃષ્ટિ જેવો,**

૨૮

**જેમાં જે કાંઈ વૈચિત્ર્ય હોય તે બધું પ્રતિભામાંથી પ્રગટેલું અને સૌકુમાર્ય-મંડિત હોય એવો,**

૨૯

**આ સુકુમાર માર્ગ છે, જે માર્ગે થઈને ખીલેલાં કુસુમોના વનમાં થઈને જેમ ભ્રમરો જાય તેમ સત્કવિઓ ગયા છે.**

આ પાંચ કારિકાઓનું એક વાક્ય છે અને એમાં સુકુમાર માર્ગની વ્યાખ્યા આપેલી છે. ગ્રંથકાર વૃત્તિમાં એની વિગતે સમજૂતી આપે છે. એમાં કારિકાના ક્રમને ન અનુસરતાં વાક્યના અન્વય અને અર્થને અનુસરી પહેલાં ૨૯મી કારિકા લીધી છે અને ત્યાર પછી અનુક્રમે ૨૮, ૨૫, ૨૬ અને ૨૭ કારિકાઓ સમજાવી છે.

**[૨૯] પહેલાં જેનો ઉલ્લેખ કર્યો હતો અને ઉપર જેની વ્યાખ્યા આપી છે તે માર્ગનું નામ સુકુમાર છે. એ માર્ગે કાલિદાસ વગેરે ઉત્તમ કવિઓ ગયા છે, એટલે કે તેમણે એ માર્ગને અનુસરીને કાવ્યો રચ્યાં છે. કેવી રીતે ગયા છે? તો કે ખીલેલાં કુસુમોના વનમાં થઈને ભ્રમરો જાય તેમ. ખીલેલાં કુસુમોના વન સાથે સરખામણી કરી છે એનો વ્યંગ્યાર્થ એ છે કે એ માર્ગ કુસુમોની સુકુમારતા જેવું આભિજાત્ય ધરાવે છે. કવિઓને ભ્રમર સાથે સરખાવ્યા છે તેથી એવું સૂચવાય છે કે એ કવિઓ કુસુમના મકરંદ કહેતાં મધના જેવો સાર સંગ્રહવાના સ્વભાવવાળા છે.**

[૨૮] વળી, એ માર્ગ કેવો છે? તો કે જેમાં જે કાંઈ વૈચિત્ર્ય કહેતાં સૌંદર્ય અથવા અલંકારો હોય તે બધા જ પ્રતિભામાંથી કહેતાં કવિશક્તિમાંથી પ્રગટેલા હોય, ગમે તેમ પ્રયત્ન કરીને લાદેલા ન હોય. વળી, એ માર્ગ કેવો છે? તો કે સૌકુમાર્યપરિસ્પંદસ્પંદિ. સૌકુમાર્ય એટલે આભિજાત્ય, તેનો પરિસ્પંદ એટલે તદ્વિદોને આનંદ આપે એવી રમણીયતા. તેનાથી સ્પંદિત એટલે રસમય બનેલો. જેમ કે—

“વધી પડ્યા તાપથી, ધીખતો દી;
ને દૂબળી સાવ થયેલ રાત્રિ;
એકાબીજાથી અવળું જ વર્તતાં,
દુઃખી, શું પ્રેમી, ઝઘડેલ દંપતી!” (રઘુવંશ ૧૬-૪૫) ૭૪
(અનુ૦ પ્રજારામ રાવળ)

આ શ્લોકમાં શ્લેષની છાયાવાળો કવિની પ્રતિભામાત્રથી સ્ફુરેલો અકૃત્રિમ (અનાહાર્ય) (ઉપમા) અલંકાર કોઈ અપૂર્વ

સૌંદર્યને પોષે છે જેમ કે 'प्रवृद्धतापः' અને 'तन्वी' એ બે વાચકો કહેતાં શબ્દો (પહેલો નરજાતિનો અને બીજો નારીજાતિનો હોઈ) (પ્રસ્તુત દિવસના અને રાત્રિના) સુંદર સ્વભાવ માત્રનું વર્ણન કરવા આવેલા હોઈ (પતિના સંતાપ અને પત્નીની કૃશતારૂપ) બીજા અર્થની પ્રતીતિ કરાવતા નથી. (એનો અર્થ એ છે કે प्रवृद्धतापः અને तन्वी એ બંને શબ્દો દિવસના તાપનો અને રાત્રિની ક્ષીણતાનો તેમ જ પતિના સંતાપનો અને પત્નીની કૃશતાનો બંનેનો શ્લેષને લીધે બોધ કરાવી શકે એમ છે, પણ આ શ્લોક ગ્રીષ્મ ઋતુનું વર્ણન કરવા લખાયો છે એટલે એની અભિધા દિવસરાતને લગતા અર્થ પૂરતી મર્યાદિત થઈ ગઈ છે એટલે તે પતિપત્નીને લગતા બીજા અર્થનો બોધ કરાવી શકતી નથી) પરંતુ કવિના કૌશલથી પ્રગટ થતી બીજા પ્રકારની પ્રતીતિને અનુકૂળ છે એટલા માત્રથી એ બે શબ્દો તદ્વિદાહ્લાદકારિતાને પામે છે.

એ બીજો પ્રકાર શો છે? તો કે બીજા અર્થની પ્રતીતિ કરાવનાર તરીકે विरोध અને विभिन्न એ બે શબ્દોનો પ્રયોગ. એને લીધે બીજો અર્થ કરવામાં મદદ મળે છે. જેમ કે, ઉપમેયરૂપ રાત્રિ અને દિવસ બે ભેગાં રહી શકતાં નથી એ વિરોધ, અને બંનેના સ્વભાવ જુદા છે એ બંનેની ભિન્નતા છે. અને ઉપમાનરૂપ પતિપત્નીમાં ઈર્ષ્યાકલહરૂપ વિરોધ અને રોષને લીધે જુદાં રહે એ ભિન્નતા. 'अतिमात्रम्' અને 'अत्यर्थम्' એ બે ક્રિયાવિશેષણો બંને પક્ષોની લાગણીની અતિશયતાની પ્રતીતિ કરાવતાં હોઈ ખૂબ જ રમણીય લાગે છે. શ્લેષની છાયા સામાન્ય રીતે ક્લેશસાધ્ય હોવા છતાં અહીં અનાયાસ આવી છે એટલે મનોહર થઈ પડી છે.

[૨૫] વળી એ માર્ગ કેવો છે? તો કે અમ્લાન પ્રતિભામાંથી ફૂટી નીકળેલા નવા શબ્દાર્થને લીધે સુંદર. અમ્લાન એટલે દોષરહિત, પૂર્વજન્મના અને આ જન્મના સંસ્કારોને લીધે પ્રૌઢ

થયેલી પ્રતિભારૂપ અનિર્વચનીય કોઈ કવિશક્તિ. તેમાંથી ફૂટી નીકળેલા એટલે નવા અંકુરની પેઠે સ્વયમેવ ફૂટી નીકળેલા, નહિ કે બળજબરીએ ખેંચી કાઢેલા; નવા એટલે તાજા, તદ્વિદોને આનંદ આપવાને સમર્થ એવા શબ્દ અને અર્થ, એ બેને લીધે મનોહર.

વળી કેવો? તો કે પ્રયત્ન વગર રચાયેલા સ્વલ્પ અને મનોહર અલંકારવાળો. અહીં 'સ્વલ્પ' શબ્દ છે તે આખા પ્રકરણને લાગુ પડે છે, માત્ર એક વાક્ય કે શ્લોકને નહિ.

એનો અર્થ એ છે કે સુકુમાર માર્ગમાં જે અલંકાર આવે તે પ્રયત્ન વગર સ્વાભાવિક રીતે આવેલા હોવા જોઈએ અને અલંકારોનો ઠઠારો ન હોવો જોઈએ. ખપ પૂરતા જ અલંકારો હોવા જોઈએ. ધ્વનિકારે આ જ વાત ધ્વનિ કાવ્યમાં અલંકાર અપૃથગ્યત્નનિર્વર્ત્ય હોવા જોઈએ, એમ કહીને કહેલી છે. આવા અલંકારો કોઈ વાક્યમાં કે શ્લોકમાં જ નહિ પણ આખા પ્રકરણમાં અલ્પ જ હોવા જોઈએ.

જેમ કે—

"પૂરાં ખીલેલાં ન હોવાને કારણે બાલચંદ્રના જેવાં વાંકાં અત્યંત રાતાં પલાશનાં ફૂલ વસંત સાથે તરતનો જ સમાગમ સાધેલી વનસ્થલીઓના નખક્ષતો જેવાં શોભવા લાગ્યાં." (કુમારસંભવ, ૩-૨૯) ૭૫

આ શ્લોકમાં 'બાલચંદ્રના જેવાં વાંકાં' 'અત્યંત રાતાં' અને 'વસંત સાથે તરતનો જ સમાગમ સાધેલી' એ શબ્દો સ્વભાવનું વર્ણન કરવા માટે જ વપરાયેલા હોવા છતાં સૌંદર્યને કારણે 'નખક્ષતો જેવાં' એ મનોહર અને પ્રયત્ન વગર સ્વાભાવિક રીતે પ્રગટ થતા ઉપમા અલંકાર સાથે જોડાતાં ભારે ચમત્કારી બની જાય છે.

[૨૬] વળી એ માર્ગ કેવો? તો કે જેમાં પદાર્થોનો સ્વભાવ જ એવો પ્રધાન હોય કે વ્યુત્પત્તિજન્ય આહાર્ય કૌશલ તેની આગળ તિરસ્કારપાત્ર કે ગૌણ લાગે. એનો સાર એ છે કે કવિની પ્રતિભામાં પ્રગટ થયેલો વસ્તુના સ્વભાવનો મહિમા જ એવો હોય છે કે બીજાં કાવ્યોમાંનું વ્યુત્પત્તિજન્ય અનેકવિધ સૌંદર્ય

પણ તિરસ્કારપાત્ર લાગે. 'રઘુવંશ'માંનું મૃગયાવર્ણનને લગતું પ્રકરણ એનું ઉદાહરણ છે. જેમ કે—

"જેની આગળ ગર્વભર્યો કાળિયાર ચાલતો હતો અને જેમાં હરણનાં ધાવતાં બચ્ચાં ભાગતી હરિણીઓની ગતિને વારે વારે અવરોધતાં હતાં એવું મોઢામાં ઘાસવાળું હરણોનું ટોળું તેની સામે આવ્યું." (રઘુ૦ ૯–૫૫) ૭૬

એવું જ બીજું ઉદાહરણ 'કુમારસંભવ'માં આવે છે. ત્યાં

"જોડાંએ પોતાના ભાવ ક્રિયા દ્વારા વ્યક્ત કર્યા." (કુમાર૦ ૩–૧૧) ૭૭

એમ કહીને પછી પ્રાણીઓના ધર્મનું વર્ણન કરતાં કહ્યું છે—

"કાળિયારે સ્પર્શસુખથી જેણે આંખો મીંચી દીધી છે એવી હરિણીને શિંગડા વતી ખંજવાળી."

(કુમાર૦ ૩–૩૬) ૭૮

આ બંને ઉદાહરણોમાં પ્રાણીઓની સ્વાભાવિક ક્રિયાઓનું જ વર્ણન છે અને છતાં એ સ્વભાવવર્ણન એવું ચમત્કારક છે કે સહૃદયોને આનંદ આપે. સ્વભાવોક્તિવાદી આને સ્વભાવોક્તિ અલંકારનાં ઉદાહરણ કહે, પણ કુંતક તો સુકુમાર માર્ગને અવલંબીને કરેલું ચમત્કારક સ્વભાવવર્ણન હોઈ એને વક્રોક્તિ જ કહે.

વળી કેવો? તો કે રસાદિના રહસ્યને જાણનારાઓના મનઃસંવાદને લીધે સુંદર. રસ એટલે શૃંગાર વગેરે, અને આદિ એટલે રતિ વગેરે. (સ્થાયીભાવ, ભાવ, ભાવાભાસ વગેરે) પણ સમજી લેવા. એના રહસ્યના જાણનારા એટલે તદ્વિદો, સહૃદયો. તેમનો મનઃસંવાદ એટલે હૃદયસંવેદન, પોતાને અનુભવ થયો હોય એ રીતે સાક્ષાત્કરવું તે. એને લીધે સુંદર એટલે કે સહૃદયોના હૃદયને આનંદ આપે એવા વાક્યની રચના, એવો અર્થ છે. આનાં ઉદાહરણ 'રઘુવંશ'માંના રાવણને મારીને પુષ્પકમાં પાછા ફરેલા રામે સીતાને 'તારા વિરહથી દુઃખી થયેલા મેં અમુક અમુક પ્રદેશમાં

આવું આવું દુઃખ અનુભવ્યું હતું' એનું વર્ણન કરતાં જે વચનો કહેલાં છે તે બધાં જ ઉતારી શકાય. જેમ કે—

"હે ભીરુ, રાતે હું પહેલાં અનુભવેલાં તારાં સકંપ આલિંગનો સંભારતો સંભારતો ગુફાઓને ભરી દેતી મેઘની ગર્જનાઓ (મહાકષ્ટે) જેમ તેમ સહન કરતો."

(રઘુ૦ ૧૩-૨૮) ૭૯

અહીં (જેમાં પશુંપંખીના સ્વભાવનું પ્રધાનપણે વર્ણન હોય, અને જેમાં ચેતન પદાર્થોનું રસપરિપૂર્ણ વર્ણન હોય એવા) બે વિભાગો પાડવામાં આવ્યા છે તેનો હેતુ એ છે કે વિભાવાદિરૂપે રસનું અંગ બનતાં પંખીઓના અવાજ, વૃક્ષો, જલ, વસંત ઋતુ વગેરે પદાર્થો તો અતિશયયુક્ત સ્વભાવવર્ણનની પ્રધાનતાથી જ રસનું અંગ બની જાય છે. અને એમનાથી જુદા વિશિષ્ટ ચેતનાયુક્ત દેવ, ગંધર્વ વગેરે શૃંગારાદિ રસથી પરિપૂર્ણરૂપે વર્ણવાય તો સહૃદયોના હૃદયને આનંદ આપે છે, એ વાત કવિઓએ સ્વીકારેલી છે. ઉપરનાં ઉદાહરણોમાં એવું જ જોવા મળે છે.

આ ભાગ બરાબર સમજવા માટે એ જાણવું આવશ્યક છે કે બીજા ઉન્મેષમાં કુંતક વર્ણ્ય વસ્તુના બે પ્રકાર પાડે છે: (૧) ચેતન અને (૨) અચેતન. એમાં ચેતનના બે ભેદ: (૧) મુખ્ય ચેતન — દેવ, માનવ, ગંધર્વ વગેરે અને (૨) ગૌણ ચેતન — પશુપંખી વગેરે. આમાંથી મુખ્ય ચેતન પદાર્થોનું વર્ણન શૃંગારાદિ રસોના પરિપોષવાળું અને ગૌણ ચેતન પદાર્થોનું તેમ જ જડ પદાર્થોનું વર્ણન મોટે ભાગે રસના ઉદ્દીપન વિભાવ તરીકે કરવામાં આવે છે. પહેલું ઉદાહરણ ગૌણ ચેતન પદાર્થો કે જડ વસ્તુના વર્ણનનું અને બીજું મુખ્ય ચેતન પદાર્થના રસપરિપૂર્ણ વર્ણનનું છે.

[૨૭] વળી કેવો? તો કે વિચાર કે પ્રયત્ન વગર સ્વાભાવિક રીતે જ જેમાં પદાદિની યોજના એવી થઈ હોય કે તેના સૌંદર્યથી રસિકોના મનનું રંજન થાય એવો; એનો અર્થ એ છે કે જો એવું (એટલે કે પ્રયત્ન કે પૂર્વવિચાર વગર સ્વાભાવિક રીતે

સધાયેલું–unpremeditated) કૌશલ એમાં હોય તો તે 'આટલું' છે' એવું તેને વિશે કેમે કહી શકાતું નથી, માત્ર અત્યંત ઉત્કૃષ્ટ રૂપે (ભાવકના) ચિત્તમાં અનુભવાય છે. (અર્થાત્, તે શબ્દમાં વર્ણવી શકાતું નથી, માત્ર અનુભવી જ શકાય છે.)

વળી કેવો? તો કે વિધાતાના કૌશલથી સધાતા નિર્માણના અતિશય એટલે કે સુંદર સૃષ્ટિ જેવો. અર્થાત્ બ્રહ્માના કૌશલથી રચાયેલી રમણીના લાવણ્ય વગેરે જેવી સૃષ્ટિની જેને ઉપમા આપી શકાય એવો. અર્થાત્ જેમાં બ્રહ્માની પેઠે કવિનું કૌશલ પણ અકળ હોય એવો. જેમ કે—

> "ઇન્દ્રને જીતનાર લંકેશ્વર(રાવણ)ને પણ જે(કાર્તવીર્ય અર્જુન)ના કારાગારમાં, પણછથી બાંધેલી હોઈ ભુજાઓ હાલીચાલી ન શકે અને દસે મોઢાંમાંથી નિઃશ્વાસ પડચા કરે એવી દશામાં, તેની મહેરબાની થતાં સુધી પુરાઈ રહેવું પડયું હતું." ८०

આ શ્લોકમાં બીજાં કોઈ વિશેષણો વગર જ કવિની પ્રતિભાનું પરિણામ ચરમ ઉત્કર્ષને પામ્યું છે.

ઇન્દ્રને પણ હરાવનાર રાવણની લાચાર દશાનું વર્ણન કવિએ બે જ ક્રિયાવિશેષણો — ज्याबन्धनिष्पन्दभुजेन અને विनिःश्वसद्वक्त्रपरंपरेण —થી એવું આબાદ કર્યું છે કે બીજાં કોઈ વિશેષણની જરૂર જ રહેતી નથી — એ જ કવિની પ્રતિભાનો ઉત્કર્ષ બતાવે છે.

સુકુમાર માર્ગનું વર્ણન કરતા ઉપરના પાંચ શ્લોકના કુલકમાંના પહેલા શ્લોકમાં પ્રધાનપણે શબ્દ અને અલંકારના સૌંદર્યનું પ્રતિપાદન કરેલું છે. બીજામાં વર્ણનીયના સૌંદર્યનું અને ત્રીજામાં બીજી યુક્તિઓ ઉપર આધાર રાખવાની જરૂર ન પડે એવી રચનાના સૌંદર્યનું પ્રતિપાદન કરેલું છે. ચોથા શ્લોકમાં એમ કહ્યું છે કે વૈચિત્ર્ય પણ સૌકુમાર્યને અવિરોધી હોવું જોઈએ. અને પાંચમામાં વિષય અને વિષયીના સૌકુમાર્યનું પ્રતિપાદન કરેલું છે.

છેલ્લા વાક્યનો અર્થ એ કે કાવ્યમાં વિષય કહેતાં content અને વિષયી કહેતાં form બંને સુંદર હોવાં જોઈએ. બંને વચ્ચે સામંજસ્ય હોવું જોઈએ.

આમ, સુકુમાર માર્ગની વ્યાખ્યા આપ્યા પછી ગ્રંથકાર એના ગુણોનું સ્વરૂપ સમજાવે છે.

### ૩૦

**સમાસ વગરનાં મનોહર પદોનો વિન્યાસ એ જ જેનું જીવિત છે એવું માધુર્ય એ સુકુમાર માર્ગનો પહેલો ગુણ છે.**

મનોહર એટલે સાંભળવામાં રમણીય અને અર્થની દૃષ્ટિએ પણ રમણીય એવાં પદો. 'સમાસ વગરનાં'નો અર્થ 'જેમાં વધુ પડતા સમાસ ન હોય એવાં' કરવાનો છે; 'જેમાં બિલકુલ સમાસ હોય જ નહિ એવાં' એવો અર્થ લેવાનો નથી. જેમ કે—

> "એકાંતમાં ક્રીડાની મસ્તીમાં હસતાં હસતાં શિવના માથા પરથી ચંદ્રલેખાને ખેંચી લઈ પોતાને માથે ધારણ કરી 'મને એ સારી લાગે છે?' એમ પાર્વતીએ પૂછતાં ચંદ્રમૌલિ શિવે આપેલો પરિચુંબનરૂપ ઉત્તર તમારું રક્ષણ કરો." ૮૧

અહીં પદો સમાસ વગરનાં છે, શબ્દ અને અર્થ રમણીય છે, અને વિન્યાસનું વૈચિત્ર્ય છે. આમ અહીં ત્રણે વાનાં પ્રકાશે છે.

આમ, માધુર્યની વાત કર્યા પછી પ્રસાદની વાત કરે છે—

### ૩૧

**જેને લીધે કવિનો રસ અને વક્રોક્તિવિષયક અભિપ્રાય વગર મહેનતે સમજાઈ જાય અને અર્થનો એકદમ બોધ થાય તે પ્રસાદ.**

રસ અને વક્રોક્તિ એટલે શૃંગારાદિ રસો અને બધા જ અલંકારો. આ પ્રસાદ ગુણમાં મુખ્યત્વે ચાર વસ્તુ હોય છે: (૧)

સમાસ વગરનાં પદો, (૨) પ્રસિદ્ધ અર્થવાચક શબ્દો, (૩) દૂરાન્વય-નો અભાવ અને (૪) સમાસ હોય તોયે તે તરત સમજાય એવા હોય. 'आकूत' (અભિપ્રાય) શબ્દ અહીં તાત્પર્યના સૌંદર્યના અર્થમાં વપરાયો છે.

ઉદાહરણ—

"બરફવાળો શિયાળો પૂરો થતાં કિંપુરુષોની સ્ત્રીઓના હોઠ સાફ થઈ ગયા, તેમના મોઢાની કાન્તિ સફેદ થઈ ગઈ અને તેમના ગાલ ઉપરના પત્રવિશેષકોમાં પસીનો દેખાવા લાગ્યો." (કુમારસંભવ, ૩–૩૩) ૮૨

આ શ્લોકમાં સમાસ વગરનાં પદો વગેરે બધાં જ લક્ષણો મોજૂદ છે. અને વિવિધ પ્રકારના પત્રવિશેષકોના વૈચિત્ર્યથી સધાયેલું સ્ત્રીઓનાં વદનનું સૌંદર્ય મોતી જેવાં પ્રસ્વેદબિંદુઓથી ઓર ખીલ્યું છે, તે પણ બરાબર સ્પષ્ટ રીતે અનુભવાય છે.

એનું જ બીજું ઉદાહરણ—

"આની સાથે તું તાલવનના મર્મર શબ્દથી ગાજતા સમુદ્રતીરે વિહાર કર. દૂર દૂરના દ્વીપોમાંથી લવિંગનાં ફૂલની સુગંધ લઈને આવતો વાયુ તારા સ્વેદને હરી લેશે." (રઘુ-વંશ, ૬–૫૭) ૮૩

આ બંને દાખલા રસવિષયક સૌંદર્યના છે. હવે વક્રોક્તિ એટલે અલંકારવિષયક સૌંદર્યનો દાખલો આપે છે.

અલંકારની અભિવ્યક્તિનું ઉદાહરણ—

"બાલચંદ્રના જેવાં વાંકાં"—૮૪

આ શ્લોક પહેલાં ૭૫મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૬૬). એમાં ચંદ્રને આપેલી નખક્ષતની ઉપમા અત્યંત સુંદર છે.

આમ, પ્રસાદગુણની સમજૂતી આપી હવે લાવણ્યની સમજૂતી આપે છે—

## ૩૨

**વર્ણવિન્યાસની અને વિચ્છિત્તિયુક્ત પદોની યોજનાની સ્વલ્પ સંપત્તિથી ઉત્પન્ન થતું બંધનું સૌન્દર્ય તે લાવણ્ય કહેવાય.**

સંપત્તિનો અર્થ પણ શોભા જ થાય છે. એ શોભા કેવી? તો કે બંને પ્રકારની એટલે કે વર્ણવિન્યાસની અને પદયોજનાની શોભા. એ સ્વલ્પ એટલે થોડી જ, અત્યંત આગ્રહપૂર્વક રચેલી નહિ. એનો અર્થ એ થયો કે શબ્દ અને અર્થના સૌકુમાર્યથી સુંદર રચનાનું સૌષ્ઠવ તે લાવણ્ય નામનો ગુણ કહેવાય. જેમ કે—

> "સ્નાનને લીધે ભીના થયેલા, છૂટા, ધૂપની વાસવાળા અને સંધ્યા સમયે મલ્લિકાનાં પુષ્પો ગૂંથેલા સ્ત્રીઓના વાળમાં, વસંત પૂરી થવાથી જેનું જોર ઓછું થઈ ગયું છે એવા કામદેવને બળ મળ્યું." (રઘુ૦ ૧૬–૫૦) ૮૫

આ શ્લોકનું રચનાસૌંદર્ય સહૃદયોને અનુભવમાત્ર ગમ્ય છે, શબ્દથી કહી શકાય એવું નથી.

બીજું ઉદાહરણ—

> "તેણે પોતાનાં બાણોથી અસુર સ્ત્રીઓના ગાલ પત્રલેખા વગરના કરી નાખ્યા." (રઘુ૦ ૬–૭૨) ૮૬

આ ઉદાહરણમાં પણ વર્ણવિન્યાસની વિચ્છિત્તિ અને પદયોજનાની સંપત્તિ રચનાના સૌંદર્યનું કારણ છે, એ સ્પષ્ટ જોઈ શકાય એમ છે.

આમ, લાવણ્ય સમજાવ્યા પછી આભિજાત્ય સમજાવે છે—

## ૩૩

**સાંભળવામાં કોમળ, ચિત્ત જેને સહેલાઈથી સ્પર્શી શકે એવો, સ્વભાવથી જ કોમળ છાયાવાળો ગુણ તે આભિજાત્ય કહેવાય.**

આવી વસ્તુને આભિજાત્ય કહે છે: કાનને કોમળ લાગે એટલે કે રમણીય લાગે એવો. મન જેને સહેલાઈથી સ્પર્શી શકે

એવો. અહીં સહેલાઈથી સ્પર્શી શકે એ પ્રયોગમાં અતિશયોક્તિ છે. (કારણ, આભિજાત્ય ગુણ અમૂર્ત હોઈ એને સ્પર્શ કરી ન શકાય, તેમ ચિત્ત પણ અમૂર્ત હોઈ કશાને સ્પર્શ કરી ન શકે.) એટલે અહીં અર્થ એવો લેવાનો કે જો બંને વસ્તુ સ્પર્શયોગ્ય હોય અને તે એકબીજાને સ્પર્શે તો સૌકુમાર્યને લીધે જે સ્પર્શસુખનો અનુભવ થાય તેવો અનુભવ કરાવે એવો. આહાર્ય એટલે કૃત્રિમ રીતે મેળવેલી નહિ, પણ સ્વાભાવિક કોમળ છાયાવાળો જે ગુણ તે આભિજાત્ય કહેવાય, એવો અહીં અર્થ છે. જેમ કે—

> "જે(કાર્તિકેયના મોર)નું ખરી પડેલું જ્યોતિર્લેખાથી વીંટળાયેલું પીંછું, પાર્વતી પુત્રપ્રેમને લીધે કમલદલને સ્થાને કાને ધારણ કરે છે." (મેઘદૂત, ૧-૪૪) ૮૭

અહીં શ્રવણસુભગતા અને સ્વભાવથી જ કોમળ છાયા (રૂપ આભિજાત્ય) સહૃદયો સંવેદી શકે એ રીતે સ્ફુરે છે.

અહીં કોઈ એવી શંકા કરે કે લાવણ્ય અને આભિજાત્ય એ તો લોકોત્તર રમણીસૌંદર્યરૂપ વસ્તુના ધર્મ તરીકે પ્રસિદ્ધ છે, તે કાવ્યના ગુણ શી રીતે બની શકે?

એ શંકા બરાબર નથી. કારણ, એ રીતે જોઈએ તો તો પહેલાં સ્વીકારેલા માધુર્ય અને પ્રસાદ એ બે ગુણો પણ કાવ્યના ધર્મ ન બની શકે. એમ જુઓ તો, માધુર્ય એ તો ગોળ વગેરે ગળી વસ્તુના ધર્મ તરીકે જાણીતું છે, તેમ છતાં આનંદ આપવાના સામાન્ય ગુણને લીધે ઉપચારથી એ કાવ્યનો ગુણ પણ કહેવાય છે. એ જ રીતે, પ્રસાદ એ સ્વચ્છ જળના કે સ્ફટિકના ધર્મ તરીકે જાણીતો છે, પણ સ્પષ્ટપણે દેખાડવાના સામાન્ય ગુણને લીધે ઉપચારથી ઝટ પ્રતીતિ કરાવવાની શક્તિ માટે પણ એ વપરાય છે. એ જ રીતે, કાવ્યમાં કવિની પ્રતિભા અને કૌશલથી સધાતું કાન્તિને લીધે કમનીય રચનાસૌંદર્ય ચિત્તમાં ચમત્કાર પેદા કરવાના સામાન્ય ગુણને કારણે ઉપચારથી લાવણ્ય સિવાય બીજા કોઈ

શબ્દથી ઓળખાવી શકાય એમ નથી. એ જ રીતે કાવ્યમાં સ્વભાવથી કોમળ છાયા હોય તે આભિજાત્ય શબ્દથી નિર્દેશાય છે.

કોઈ કદાચ એમ કહે કે (આનંદવર્ધન વગેરે) કેટલાકે પ્રતીયમાન વસ્તુ લલનાના લાવણ્ય જેવું હોવાથી તેને લાવણ્ય કહ્યું છે. જેમ કે—

प्रतीयमानं पुनरन्यदेव
वस्त्वस्ति वाणीषु महाकवीनाम् ।
यत्तत्प्रसिद्धावयवातिरिक्तं
विभाति लावण्यमिवाङ्गनासु ॥

(ધ્વન્યાલોક, ૧-૪)

(પણ પ્રતીયમાન તો મહાકવિઓની વાણીમાં રહેલી, પ્રસિદ્ધ અવયવોથી ભિન્ન નારીના દેહમાં વિલસતા લાવણ્ય જેવી, જુદી જ વસ્તુ છે.)

તો પછી તમે બંધસૌંદર્યમાત્રને લાવણ્ય કેમ કહો છો? એના જવાબમાં ગ્રંથકાર કહે છે: એ કંઈ દોષ નથી. કારણ, એ દૃષ્ટાંતથી તો એટલું જ સિદ્ધ થાય છે કે વાચ્ય-વાચકરૂપ પ્રસિદ્ધ અવયવોથી ભિન્નરૂપે પ્રતીયમાન વસ્તુનું અસ્તિત્વ હોય છે. પરંતુ એથી કંઈ બધા જ પુરુષોના લોચનથી ગ્રહણ કરાતું લલનાનું લાવણ્ય અને કેવળ સહૃદયોથી જ અનુભવાતું પ્રતીયમાન વસ્તુ, એ બંને સરખાં છે એવું કહી ન શકાય. વળી, પદ અને પદાર્થ ન જાણવાવાળાઓનું પણ શ્રવણમાત્રથી હૃદય હરી લેનાર રચનાસૌષ્ઠવને જ લાવણ્ય કહી શકાય.

કહેવાનો અર્થ એ છે કે, જેમ લલનાનું લાવણ્ય સાધારણ માણસોને પણ અનુભવગોચર થાય છે, તેમ કાવ્યનું બંધસૌંદર્ય પણ પદપદાર્થના જ્ઞાન વગરના સામાન્ય માણસોને પણ શ્રવણમાત્રથી અનુભવગોચર થાય છે. એટલે એ બંધસૌંદર્યને જ લાવણ્ય કહેવું યોગ્ય છે.

પણ પ્રતીયમાન વસ્તુ તો કાવ્યના મર્મજ્ઞોને જ અનુભવગોચર થાય છે. જેમ કામિનીનું કેટલુંક સૌભાગ્યસૌંદર્ય તો તેનો ઉપ-

ભોગ કરવાને પાત્ર નાયકને જ અનુભવગોચર થાય છે, પણ તેનું લાવણ્ય તો સત્કવિઓની વાણીના સૌંદર્યની પેઠે બધા જ માણસોને અનુભવગોચર થતું હોય છે, એ અમે પહેલાં કહ્યું જ છે, માટે વિસ્તાર કરવાનો અર્થ નથી.

આમ, સુકુમારમાર્ગનું લક્ષણ આપ્યા પછી વિચિત્રમાર્ગનું લક્ષણ આપે છે.

૩૪

**પ્રતિભાના પ્રથમ પ્રાકટ્ય વખતે જ જેમાં શબ્દાર્થની અંદર વક્રતા સ્ફુરતી લાગે;**

૩૫

**જેમાં કવિઓ એક અલંકારથી સંતોષ ન પામતાં હારમાં મણિબંધની પેઠે એક અલંકારમાં બીજો અલંકાર ઉમેરે છે;**

૩૬

**જેમાં રત્નોનાં કિરણોની છટાના બાહુલ્યથી ઝળહળતાં આભૂષણો કાન્તાના શરીરને ઢાંકી દઈને શોભાવે છે,**

૩૭

**તેમ ઝળહળતા અલંકારો પોતાના શોભાતિશયની અંદર રહેલા અલંકાર્યને પ્રકાશિત કરે છે.**

૩૮

**જેમાં અનૂતન વર્ણ્ય વિષય પણ ઉક્તિવૈચિત્ર્યમાત્રથી કોઈ પરાકાષ્ઠાને પહોંચાડાય છે;**

૩૯

**જેમાં કવિની પ્રતિભાને બળે સામાન્ય પદાર્થો પણ કવિની રુચિ અનુસાર જુદા જ (સૌંદર્યયુક્ત) બની જાય છે;**

૪૦

**જેમાં વાચ્ય-વાચક વૃત્તિથી ભિન્ન એવી કોઈ વાક્યાર્થની પ્રતીયમાનતા યોજવામાં આવી હોય છે;**

૪૧

**જેમાં પદાર્થોનો સ્વભાવ કોઈ કમનીય વૈચિત્ર્ય વડે પુષ્ટ અને સરસ અભિપ્રાયવાળો વર્ણવાયો હોય છે;**

૪૨

**જેમાં વક્રોક્તિનું વૈચિત્ર્ય જીવિતરૂપ બની જતું હોય છે અને જેમાં કોઈ અપૂર્વ અતિશયનું કથન કરવાની શક્તિ હોય છે;**

૪૩

**એવા અતિ દુઃસંચર વિચિત્ર માર્ગ ઉપર થઈને તલવારની ધારના માર્ગ ઉપર થઈને સુભટોના મનોરથો જાય તેમ વિદગ્ધ કવિઓ ગયા છે.**

[૪૩] એ વિચિત્ર નામનો માર્ગ કેવો છે? તો કે 'અતિ દુઃસંચર'. જેના ઉપર ચાલવામાં અત્યંત મુશ્કેલી પડે એવો. વધુ તો શું કહીએ? પણ 'જેના ઉપર થઈને વિદગ્ધ કવિઓ' અર્થાત્ માત્ર કોઈક વિદ્વાન કવિઓ જ એ માર્ગે ગયા છે, એટલે કે એ માર્ગને અનુસરીને કાવ્યરચના કરી છે, એવો અર્થ છે. કેવી રીતે? તો કે તલવારની ધારના માર્ગ ઉપર થઈને જતા સુભટો કહેતાં મહાવીર પુરુષોના મનોરથો એટલે કે સંકલ્પોની જેમ — અહીં કહેવાનો આશય એ છે કે ઔચિત્યને અનુસરીને ચાલનાર મનોરથોને એ તલવારની ધાર જેવા માર્ગ ઉપર યથારુચિ ચાલવામાં કોઈ મ્લાનતા(એટલે કે જોખમ)ની સંભાવના નથી, જો પ્રત્યક્ષ યુદ્ધમાં ઊતરવું પડે તો કદાચ કંઈક જોખમનો સંભવ ખરો. તલવારની ધાર સાથે માર્ગની સરખામણી કરી છે એ સૂચવે છે

કે માર્ગ કેવો કઠિન છે અને એના ઉપર ચાલનારમાં કેટલી કુશળતા હોવી જોઈએ.

[૩૪] એ માર્ગ કેવો છે? તો કે જેમાં શબ્દ અને અર્થમાં પોતામાં જ રહેલી વક્રતા કહેતાં ઉક્તિનું વૈચિત્ર્ય, સૌંદર્ય સ્ફુરતું હોય, ધોધમાર વહેતું હોય એમ લાગે. ક્યારે? તો કે 'પ્રતિભાના પ્રથમ પ્રાકટ્ય વખતે જ', એટલે કવિશક્તિ પહેલીવહેલી પ્રગટે ત્યારે જ. એનો અર્થ એ કે કવિના કોઈ પ્રયત્ન વગર જ શબ્દ અને અર્થમાં કોઈ સ્વાભાવિક વક્રતા કહેતાં સૌંદર્ય સ્ફુરાયમાણ થતું લાગે. જેમ કે—

> "હે પવન, આ તે તારી કેવી રીત છે કે લોકોના પગ તળે કચડાતી ધૂળને ઉપાડીને તું (સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રો જેવા) તેજસ્વી પદાર્થોને વસવા યોગ્ય આકાશમાં સ્થાપે છે; એ ધૂળના ઊડવાથી માણસોની આંખોને જે ઉપદ્રવ થાય છે તેની વાત જવા દઈએ તોય (એને લીધે) તારા પોતાના શરીરમાં ઉત્પન્ન થતો મલિનતારૂપી દોષ તું શી રીતે સહન કરે છે?" (સુભાષિતાવલી, ૧૦૩૨) ૮૯

આ શ્લોકમાં અપ્રસ્તુતપ્રશંસા નામે અલંકાર પ્રધાનપણે વાક્યાર્થ છે. એનો ઉપયોગ કવિએ વાચ્યથી જુદા જ પ્રતીયમાન અર્થનો બોધ કરાવવા કરેલો છે અને તેમાં કવિની વિચિત્ર પ્રતિભાએ વક્રતાયુક્ત શબ્દ અને અર્થનો ઉપયોગ એટલી સુંદર રીતે કરેલો છે કે પ્રતીયમાન અર્થ પણ જાણે વાચ્યાર્થ હોય એમ તત્ક્ષણ સમજાઈ જાય છે. એ બીજા અર્થનો બોધ તત્ક્ષણ જ થતો હોઈને શબ્દોના બે અર્થો થતા હોવા છતાં અહીં શ્લેષ છે એમ કહી શકાય એમ નથી, કારણ, અહીં વાચ્ય અને પ્રતીયમાનનું પ્રાધાન્ય સરખું નથી. પ્રતીયમાન અર્થનો સ્પષ્ટપણે બોધ થાય એ માટે દ્વિ-અર્થી શબ્દો વાપરવાથી અતિશય ચમત્કાર પેદા થાય છે.

[૩૫] એ વિચિત્ર માર્ગનું જ બીજી રીતે વર્ણન કરતાં કહે છે કે એમાં કવિઓ એક અલંકારથી સંતોષ ન માનતાં તેમાં બીજો

અલંકાર યોજે છે. કેવી રીતે? તો કે જેમ જડિયાઓ મોતીના હાર વગેરેમાં રત્નજડિત પદક વગેરે ઉમેરે છે તેમ. જેમ કે—

"હે વારાંનિધિ, બોધિસત્ત્વ જીતિયા હેલાથી કહ્યું શું વધુ?
છે ના કો તુજશો બીજો પરહિતે લીધેલ જેણે વ્રત;
આવ્યા પાન્થ તૃષાર્તને વિમુખ થૈ જે લાંછના મેળવી,
તેનો ભાર ઉઠાવવે મરુ તણો તું થાય સાહાય્યક."
(કાવ્યપ્રકાશ, ૧૦-૪૯૪) ૯૦

આ શ્લોકમાં અત્યંત નિંદ્ય ચરિત્રવાળા કૃપણ ધનિકરૂપ બીજો અર્થ મનમાં રાખીને તેના જેવા (પાણી હોવા છતાં તરસ્યાને માટે નકામા) સમુદ્રનું વાચ્યરૂપે વર્ણન કર્યું છે, એટલું જ અપ્રસ્તુત-પ્રશંસા અલંકારનું સ્વરૂપ છે. પ્રતીયમાન નિંદ્ય કંજૂસના બીજા જ અર્થમાં પર્યવસાન પામતું વાકય પણ પ્રારંભથી જ રમણીયરૂપે રચાયેલું હોવાને લીધે સહૃદયોને આનંદ આપનાર થઈ પડે છે. એવી રીતે એ વ્યાજસ્તુતિ જેવો બીજો અલંકાર અપ્રસ્તુતપ્રશંસાના આભૂષણરૂપે આવ્યો છે. અહીં સંકરાલંકાર કહી શકાય એમ નથી, કારણ, બંને અલંકારો સ્ફુટરૂપે જુદા જુદા પ્રતીત થાય છે. અહીં સંસૃષ્ટિ પણ નથી, કારણ, બંનેનું પ્રાધાન્ય સરખું નથી. વળી બંને વાચ્ય અલંકાર પણ નથી, કારણ, એક અર્થ વાચ્ય છે અને બીજો પ્રતીયમાન છે. આમ, અહીં એક અલંકારમાં બીજો અલંકાર ગૂંથ્યો છે.

બીજું ઉદાહરણ—

"ઓ કઠિયારા, તેં આ અકાળે ફળનારા આંબાવાડિયાને કાપી નાખ્યું એ સારું કર્યું. બીજાં ઝાડનું નામ સુધ્ધાં ભૂંસાઈ જેવું ગયું હતું તે ફરી પાછું પ્રગટ થયું; બીજું, વિધાતાનું પોતાના માર્ગથી સ્ખલન થતું હતું તેનો તેં હાથ પકડયો; અને ન જોયેલું જોવાના કષ્ટમાંથી લોકોની આંખોને ઉગારી લીધી." (ભલ્લટશતક, ૮૬) ૯૧

પહેલા ઉદાહરણનું વિગતે કરેલું વિવરણ આને પણ લાગુ પડે છે.

એવું જ બીજું ઉદાહરણ—

"શું તારુણ્યતરુ તણી રસભરી ફૂટી નવી વલ્લરી,
કે લીલાલહરંત આ લહર છે લાવણ્યના સિંધુની,
કે આલિંગન કાજ વ્યાકુલ થતા પ્રેમીજનો કારણે
છે સાક્ષાદ્ ઉપદેશયષ્ટિ અથવા શૃંગારના દેવની ?"

(સુભાષિતાવલી, ૧૪૭૧) ૯૨

આ શ્લોકમાં રૂપકાલંકાર છે, અને તેમાં સૌંદર્યનો અતિશય પ્રગટ કરવા માટે સંદેહાલંકારવાળી ઉક્તિ યોજવામાં આવી છે, તે ચિત્તને ચમકાવનારી છે. બાકીનું પહેલાં બે ઉદાહરણોની જેમ સમજી લેવું.

[૩૬-૩૭] વળી એ માર્ગ કેવો છે ? તો કે 'જેમાં રત્નોનાં કિરણોની....કરે છે.' કેવી રીતે ? તો કે કંકણ વગેરે અલંકારોની પેઠે. એ અલંકારો કેવા ? તો કે રત્નોનાં કિરણોની છટાથી ઝળહળતા. કેવી રીતે ? તો કે કાન્તાના શરીરને પોતાના ઝળહળાટથી ઢાંકી દઈને શોભાવે છે તે જ રીતે ઉપમાદિ અલંકારો પણ શોભાવે છે. એ અલંકારો પોતાના શોભાતિશયમાં રહેલા અલંકાર્યને પ્રકાશિત કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે એ કાવ્યમાં અલંકારનો મહિમા જ પ્રધાન હોય છે અને તેની જ શોભાના અતિશય વચ્ચે રહેલો અલંકાર્ય પણ એથી શોભે છે. જેમ કે—

"ઓ રાક્ષસો, ગભરાઓ નહિ. આર્ય(રામચંદ્ર)ના સંગ્રામરૂપી મહોત્સવમાં તમારામાંથી કોઈ ભાગ પામ્યા વગર નહિ રહે. તમે ઘણા છો તેથી શું થઈ ગયું ? આમ ઊંચાનીચા શા માટે થાઓ છો ? તેમની ઉદાર ભુજાઓના અગ્નિમાંથી છૂટતાં બાણોની સંપત્તિ પૂરી થઈ ગઈ નથી." ૯૩

આ શ્લોકમાં યુદ્ધનું મહોત્સવના રૂપક વડે એવી રીતે વર્ણન

કર્યું છે કે 'રામ પોતાના શૌર્યથી તમને સૌને જ મારી નાખશે' એવો અલંકાર્ય અર્થ અલંકારોની શોભાના અતિશયની અંદર રહ્યો રહ્યો પ્રકાશે છે. જેમ કે, તમારામાંનો કોઈ સામાન્ય રાક્ષસ પણ કોઈ દૂર દૂરને સ્થાને હશે તોયે ભાગ પામ્યા વગર રહેનાર નથી. માટે સમરમહોત્સવનો ભાગ મેળવવાની લાલચથી ઊંચાનીચા થવાનું છોડી દો. સંખ્યામાં તમે ઘણા છો એટલે બધાને ભાગ મળવો અશક્ય છે, એમ તમે માનો છો તે બરાબર નથી. અસંખ્ય માણસોને ભાગ આપવાનું અશક્ય બની જવાનાં બે કારણો સંભવે છે. કાં તો સંપત્તિ ખૂટી જાય અથવા દાતા કંજૂસ હોય. અહીં એ બેમાંથી એકે કારણ નથી, એવું છેલ્લા ચરણ દ્વારા કહેવામાં આવ્યું છે.

બીજું ઉદાહરણ—

"કયા દેશને વિરહવ્યથામાં ડૂબેલો અને સૂનો કરી મૂક્યો છે?" (હર્ષચરિત, ૧) ૯૪

બીજું ઉદાહરણ—

"કયા પુણ્યશાળી અક્ષરો એમના નામની સેવા કરે છે?" (હર્ષચરિત, ૧) ૯૫

અહીં પહેલા ઉદાહરણમાં "ક્યાંથી આવ્યા છે" અને બીજા ઉદાહરણમાં "એમનું નામ શું છે" એવો અલંકાર્ય અર્થ અપ્રસ્તુતપ્રશંસારૂપ અલંકારની શોભાની છાયા પામીને તેની શોભાથી છવાઈ જવાથી સહૃદયોને આનંદ આપે એવો બની ગયો છે. વ્યાજસ્તુતિ, પર્યાયોક્ત વગેરે અલંકારોમાં આવું ઘણી વાર બને છે.

અહીં એક પ્રશ્ન એવો ઉઠાવવામાં આવ્યો છે કે રૂપક વગેરે અલંકારોની વ્યાખ્યા આપતી વખતે તેમના સ્વરૂપનો નિર્ણય કરવામાં આવનાર છે, તો પછી અહીં તેમનાં ઉદાહરણ આપવાનું પ્રયોજન શું?

એના જવાબમાં ગ્રંથકાર કહે છે કે તમારી વાત સાચી છે. પણ વિચિત્રમાર્ગની એ જ તો વિચિત્રતા છે કે અલૌકિક

સૌંદર્યાતિશયવાળા અલંકારોની રચના કોઈક અપૂર્વ વાક્યવક્રતા પ્રગટ કરે છે. (એ બતાવવા માટે અહીં રૂપકાદિ અલંકારોનાં ઉદાહરણ આપ્યાં છે. જોકે એમનું વિગતે નિરૂપણ યથાસ્થાને કરવામાં આવશે.)

[૩૮] વિચિત્ર માર્ગનું જ બીજું લક્ષણ આપતાં કહે છે કે "જેમાં....પહોંચાડાય છે." જોકે વસ્તુ નવું ન હોય, તેમાં કોઈ નવીનતા ન હોય, તોયે તેને લોકોત્તર અતિશયની કોટિએ પહોંચાડવામાં આવે છે. શી રીતે? તો કે માત્ર ઉક્તિવૈચિત્ર્યથી, કથનની વિદગ્ધતાને જોરે એવો અહીં અર્થ છે. જેમ કે—

> "તેનું સૌંદર્ય કંઈ ઓર છે, તેમ તેના હલનચલનનું લાલિત્ય પણ ઓર છે. એ શ્યામા કહેતાં સુંદર સ્ત્રી લગારે સામાન્ય પ્રજાપતિ કહેતાં બ્રહ્માની રચેલી લાગતી નથી.'' (ગાથાસપ્તશતી, ૯૬૯) ૯૬
>
> એવું જ બીજું ઉદાહરણ—
>
> "હે તન્વી, સરસ કદલીની હારોથી શોભતો અને ઉત્કૃષ્ટ કુંજોને લીધે રમણીઓના હાવભાવને અંકુરિત કરતો આ નર્મદાનો કાંઠો છે; અહીં સુરતનો શ્રમ હરનારા વાયુ વાય છે અને તેમની આગળ અકારણ ક્રોધે ભરાયેલો કામદેવ ચાલે છે." (કાવ્યપ્રકાશ, ઉ. ૧૭) ૯૭

અહીં ઉક્તિનું વૈચિત્ર્ય એ જ કાવ્યાર્થ છે. અહીં કોઈ નવો વાચ્યાર્થ (કાવ્યવિષય) નથી. આ ઉક્તિવૈચિત્ર્ય હજારો પ્રકારનું સંભવે છે, એટલે પોતે જ સમજી લેવું.

[૩૯] વળી વિચિત્ર માર્ગને બીજી રીતે વર્ણવે છે — કહે છે "જેમાં કવિની....બની જાય છે." જેમાં બધા જ પદાર્થો જુદી જ જાતના બની જાય છે. કેવી રીતે? તો કે (કવિની) રુચિ પ્રમાણે. એટલે કે તેની પ્રતિભાને અનુરૂપ બની જાય છે. શાથી? તો કે મહાકવિની પ્રતિભાના મહત્ત્વને લીધે, ઉત્તમ કવિની પ્રતિભાના અતિશયને લીધે. કેમ કે કવિ વર્ણ્ય વસ્તુનું તે તે પ્રસંગને

અનુરૂપ સહૃદયોના હૃદયને આનંદ આપે તેવું કોઈ અપૂર્વ રૂપાન્તર કરી નાખે છે.

જેમ કે—

"હે મરુભૂમિ, તું પોતે ઘગી રહી છે, તારે આશ્રયે રહેલાં વૃક્ષો અને વેલીઓ સુકાય છે, વટેમાર્ગુઓ તને ટાળે છે, ન છીપે એવી તરસ સાથે તારે મૈત્રી છે; એવો કયો અનર્થ કહેતાં આફત છે જેનો તને અનુભવ નથી? પણ એક બાબતમાં તું નસીબદાર છે કે ચાંગળું પાણીના સ્વામી બની ગર્વથી ગર્જના કરતા મામૂલી મેઘો તારા ઉપર ઉપકાર કરવા તૈયાર નથી થતા." (સુભાષિતાવલી, ૯૪૮) ૯૮

અથવા—

"વિધાતાની બધી સૃષ્ટિમાં એકમાત્ર તેજને ધારણ કરનાર અને પ્રકાશિત કરનાર સૂર્ય જો થોડા સમય માટે સમુદ્રમાં ડૂબી ન જતો હોય તો એ શી રીતે અંધકારને, ચંદ્રને અને આ વિશાળ તારામંડળને સ્પષ્ટપણે પ્રકાશિત કરી શકત?" ૯૯

ઉપરના પહેલા ઉદાહરણમાં કવિએ જગતમાં નિંદ્ય ગણાતી મરુભૂમિને પોતાની પ્રતિભાને જોરે લોકોત્તર ઉદારતાના પરમ શિખરે ચડાવી દઈને તેનું એવું એક નવું જ સ્વરૂપ પ્રગટ કર્યું છે, જેનો વ્યંજનાથી બોધ થતાં આપણને એમ થાય છે કે આપણી પ્રશંસાને પાત્ર ઉદારતાના હજારો દાખલા મોજૂદ હોવા છતાં ખરેખર ઉદાર કહી શકાય એવો દાખલો તો આ મરુભૂમિનો જ છે, એવું અહીં તાત્પર્ય છે.

અવયવોનો અર્થ કરીએ તો, તરસને, તૃષાને 'ન છીપે એવી' વિશેષણ લગાડ્યું છે તેથી એમ સમજાય છે કે વ્યંજિત (નિર્ધન) વ્યક્તિને ત્રણે લોકનું રાજ્ય મળે તોયે સંતોષ થાય એમ નથી. 'વટેમાર્ગુઓ ટાળે છે' એમ કહ્યું છે તેથી એમ સમજાય છે કે (વ્યંજિત નિર્ધન વ્યક્તિ) ઉદાર હોય તોપણ (તેની સંપત્તિમાંથી)

બધાને ભાગ મળે એ અસંભવિત હોવાથી યાચકો શરમાઈને પોતે જ તેની પાસે જતા નથી. 'આશ્રયે રહેલાં વૃક્ષો અને વેલીઓ સુકાય છે' એમ કહ્યું છે તેથી એમ સમજાય છે કે આવે સંકટને સમયે પણ તેના આશ્રિતો એકનિષ્ઠાપૂર્વક તેને વળગી રહે છે. 'તું પોતે ઘગી રહી છે' એમ કહ્યું છે તેનો વ્યંગ્યાર્થ એ છે કે પોતાના પહેલાં કહેલા આશ્રિત પરિજનોને સંતોષવાની અશક્તિને કારણે એ મનસ્તાપ વેઠે છે, નહિ કે પોતાની સહેજ પણ ભોગલાલસા પૂરી ન પડવાને કારણે. ઉત્તરાર્ધથી, પોતાની સ્થિતિ આવી ખરાબ હોવા છતાં એ પારકાનો ઉપકાર માથે ચડાવવા ઇચ્છતો નથી તેથી એ સૌની પ્રશંસાને પાત્ર છે, એમ સમજાય છે.

બીજા ઉદાહરણમાં પણ, સૂર્ય સમુદ્રમાં ડૂબી જાય છે એ તો વિધિનિમિત્ત યોગ્ય સમયે બનતી કુદરતી ઘટના છે. પણ કવિની પ્રતિભાએ તેને નવું જ સ્વરૂપ આપ્યું છે. એવું ઘટાવવામાં આવ્યું છે કે સૂર્યના ઉદયથી તો એના પક્ષના અને સામા પક્ષના બધા જ પદાર્થો ઢંકાઈ જાય છે, અને તેથી વિધાતાની સૃષ્ટિના બધા જ પદાર્થોને પ્રકાશિત કરવાનું પોતે સ્વીકારેલું વ્રત પાળી શકે એટલા માટે સૂર્ય પોતે જ સમુદ્રમાં ડૂબી જાય છે. નહિ તો ચંદ્ર, અંધકાર અને તારાઓ વગેરે તો કદી પણ લગારે પ્રગટ ન થઈ શકત, એવી કવિએ નવીનતાભરી રજૂઆત કરી છે, તે વ્યંજિત થતી મહાન વ્યક્તિને લાગુ પડતી હોવાથી અત્યંત ચમત્કારી બની જાય છે.

[૪૦] વિચિત્ર માર્ગને જ બીજી રીતે વર્ણવતાં કહે છે, "જેમાં વાચ્યવાચકવૃત્તિથી" વગેરે. જેમાં કાવ્યનો જે મુખ્યપણે વિવક્ષિત અર્થ હોય તેને વ્યંજિત રાખ્યો હોય છે, કારણ, તે અનિર્વચનીય હોય છે. એ શી રીતે કરવામાં આવે છે? તો કે વાચ્યવાચકવૃત્તિ એટલે કે શબ્દ અને અર્થની શક્તિ સિવાયની અર્થાત્ અભિધા અને લક્ષણા સિવાયની વ્યંજના શક્તિ દ્વારા. 'વૃત્તિ' શબ્દ અહીં શબ્દાર્થની અર્થ વ્યક્ત કરાવનારી શક્તિ માટે વાપર્યો છે. 'પ્રતીયમાન' શબ્દની વિગતે સમજૂતી વાકયવક્રતાની

સમજૂતી આપતી વખતે આપવામાં આવશે. ઉપર આપેલાં બંને ઉદાહરણોને એનાં ઉદાહરણ ગણી શકાય.

અથવા આ ઉદાહરણ—

"આંસુની ધારા તેના મુખચંદ્રની મનોહર શોભાને હરી લેતી નથી, તેમ નિઃશ્વાસો તેના બિંબાધરની મધુર કાન્તિને ઝાંખી પાડતા નથી. તારા વિરહમાં તેના કપોલની પાકાં લવલીનાં પાન જેવી કાન્તિ દિવસે દિવસે વધતી જાય છે." (કવીન્દ્રવચનામૃત, ૨૭૫; સદુક્તિકર્ણામૃત, ૧૪૧; સુભાષિતાવલિ, પૃ. ૪૦; સુભાષિતરત્નકોશ, ૫૩૯) ૧૦૦

આ શ્લોકમાં, "તારા વિરહની વેદના છુપાવવા મહામહેનતે પ્રયત્ન કરતી તેને, આવા ભારે સંકટમાં પડેલી હોવા છતાં, વધુ તો શું કહું, આંસુ સારવાનો કે નિસાસા નાખવાનો પણ વખત મળતો નથી, ફક્ત છુપાવી ન શકાય એવી તેના કપોલની પાકાં લવલીનાં પાન જેવી (પીળી) કાન્તિ રોજ રોજ વધતી જાય છે." એવું તાત્પર્ય દૂતીની ઉક્તિમાંથી વાચ્યથી જુદી (વ્યંજના) વૃત્તિ દ્વારા સમજાય છે. નાયિકાની આવી કાન્તિનું વર્ણન પ્રેમીની ઉત્કંઠાનું કારણ બને છે.

[૪૧] વિચિત્ર માર્ગનું વળી બીજી રીતે વર્ણન કરે છે કે 'જેમાં પદાર્થોનો' વગેરે. જેમાં પદાર્થોનો સ્વભાવ સ-રસ અભિપ્રાયવાળો એટલે કે રસથી ઊભરાતો હોય એવો વર્ણવાયો હોય છે. શી રીતે? તો કે કોઈ કમનીય વૈચિત્ર્યથી પુષ્ટ કરીને, એટલે કે કોઈ મનોહર લોકોત્તર વૈદગ્ધ્યથી પરિપોષ કરીને. કારિકામાં 'ભાવ' શબ્દ વપરાયો છે, તેના અર્થ બધા જ પદાર્થો એવો થાય છે, માત્ર રત્યાદિ ભાવો જ નહિ. ઉદાહરણ—

"જેનામાં નવો નવો કામવિકાર જન્મ્યો છે એવી તે તરુણીએ રમતાં રમતાં જે સ્મિત કર્યું તે સાચે જ માત્ર સ્મિત નહોતું. તે સ્મિતના પડદા પાછળ મૃગનયનીનું બીજું જ કાંઈ પ્રગટ થતું દેખાતું હતું." ૧૦૧

આ શ્લોકના પૂર્વાર્ધમાં 'તે સાચે જ માત્ર સ્મિત નહોતું' એમ કહ્યું છે તેમાં અભિલાષથી સુંદર સ-રસ અભિપ્રાય સૂચિત થયો છે અને ઉત્તરાર્ધમાં 'સ્મિતના પડદા પાછળ બીજું જ કાંઈ પ્રગટ થતું દેખાતું હતું' એમ કહ્યું છે તેમાં કમનીય વૈચિત્ર્યની શોભા છે.

આમ, ૪૦મી કારિકામાં ગણાવેલાં વિચિત્ર માર્ગનાં બંને લક્ષણો એમાં જોવા મળે છે. એક તો વિષયમાં રસ હોવો જોઈએ અને બીજું કથનમાં વૈદગ્ધ્ય હોવું જોઈએ. એ બંને અહીં છે.

[૪૨] હવે વિચિત્ર માર્ગનો ઉપસંહાર કરતાં કહે છે કે 'જેમાં વક્રોક્તિનું વૈચિત્ર્ય' વગેરે. એ વિચિત્ર માર્ગ એવો છે, જેમાં 'વક્રોક્તિનું વૈચિત્ર્ય' એટલે કે અલંકારોનું સૌંદર્ય જીવિત-રૂપ હોય છે. એ વૈચિત્ર્યને કારણે જ આ માર્ગને 'વિચિત્ર' માર્ગ કહે છે. એ વૈચિત્ર્ય શું છે? તો કે જેમાં કોઈ અપૂર્વ અતિશયનું કથન કરવાની શક્તિ તેના સ્વરૂપનો જ ભાગ બનીને રહેલી હોય છે. જેમ કે—

> "જેની સેનાની ધૂળના ગોટેગોટા ઊડતાં, બે હાથો વડે, દૂર દૂર આવેલી આઠ આંખોને એકી સાથે ઢાંકી ન શકાતાં બ્રહ્માએ પોતે જે કમળ ઉપર બેઠા હતા તેની પાંદડી એકે એકે ઊંચી કરી ઓરડી બનાવી દીધી; એમ કરતાં તેમને ઘણી વાર લાગી અને બધી આંખોને એકીસાથે ઢાંકી ન શકયા તેથી અકળાઈ પણ ગયા, પણ એ બધો વખત તેમનો સ્વાધ્યાય ચાલુ રહ્યો." (બાલરામાયણ, ૭-૬૬) ૧૦૨

આ શ્લોકમાં (પોતાની આંખોને ધૂળથી બચાવવા માટે બ્રહ્માએ કમળની પાંદડીઓ ઊંચી કરી એવી) સંભાવનાના અનુમાનને આધારે કરેલી ઉત્પ્રેક્ષા વ્યંજિત થાય છે, એ જ એનું વૈચિત્ર્ય છે. એ અતિશયોક્તિ ઉત્તરોત્તર વધતી જવાને કારણે સુંદર લાગે છે.

આ રીતે વિચિત્ર માર્ગની વ્યાખ્યા આપી હવે તેના ગુણોનું નિરૂપણ કરે છે.

## ૪૪

**આ માર્ગમાં પદોનું વૈદગ્ધ્યસાધક માધુર્ય યોજવામાં આવે છે. શિથિલતાનું નિવારણ થતાં એ રચનાના સૌંદર્યનું અંગ બની જાય છે.**

આ વિચિત્ર માર્ગમાં માધુર્ય વાક્યના એક ભાગરૂપ શબ્દમાં યોજવામાં આવે છે. જે શૈથિલ્ય કહેતાં કોમળતાનો ત્યાગ કરી રચનાની સુંદરતાનું અંગ બને છે. મતલબ કે શૈથિલ્યનું નિવારણ થતાં રચના કોમલભાવ છોડી દૃઢબંધ બને છે અને તેથી તે સુંદર લાગે છે. આમ એ રચનાના સૌંદર્યનું સાધન બને છે. જેમ કે—

"શું તારુણ્ય-તરુતણી રસભરી" — એ શ્લોકના પૂર્વાર્ધમાં. ૧૦૩

આ શ્લોક પહેલાં ઉદાહરણ ૯૨ તરીકે આવી ગયો છે (પૃ. ૭૯), ત્યાં જોઈ લેવો.

આમ માધુર્યને સમજાવ્યા પછી હવે પ્રસાદ સમજાવે છે—

## ૪૫

**સમાસ વગરનાં પદોની યોજના કવિપરંપરામાં પ્રસાદ તરીકે પ્રસિદ્ધ છે. તે પણ અહીં ઓજના સહેજ સ્પર્શ સાથે ઘણે ભાગે જોવામાં આવે છે.**

કવિપરંપરામાં સમાસ વગરનાં પદોની યોજના પ્રસાદ ગુણ નામે જાણીતી છે. એ પ્રસાદ ગુણ આ વિચિત્ર માર્ગમાં, ઓજના સહેજ સ્પર્શ સાથે ઘણી વાર જોવા મળે છે, કારણ, એથી રચનામાં સૌંદર્ય આવે છે. એ ઓજની સમાસવાળી વૃત્તિને પ્રાચીન આચાર્યોએ 'ઓજોગુણ' નામ આપેલું છે, એટલે અહીં તાત્પર્ય એ કે પહેલાં ૩૧ મી કારિકામાં કહેલા પ્રસાદ ગુણમાં સહેજ ઓજનો સ્પર્શ હોવો જોઈએ એવું અહીં કહ્યું છે. એટલે કે આ

વિચિત્ર માર્ગમાં, ૩૧મી કારિકામાં વર્ણવેલા પ્રસાદ ગુણમાં થોડો ઓજોગુણનો સ્પર્શ ઉમેરવાનો રહે છે. જેમ કે—

"મદમાતી સુંદરીની કીકી આંખને ખૂણે લઈ જઈને અપલક અને તેજસ્વી તથા સ્મિતને કારણે ચમકતી આંખે એક ભ્રમર નચાવીને પ્રિયતમ પ્રત્યે પ્રેરેલી વિલાસને લીધે મંથર દૃષ્ટિ વિજય પામે છે." ૧૦૪

આમાં ક્ષ્મ, સ્ફ, ત્સુ, દ્દગ, ઘ, ભ્ર, ષ્ટ વગેરે ઓજોગુણના વ્યંજક વર્ણો આવેલા છે.

પ્રસાદનું જ બીજી રીતે વર્ણન કરતાં કહે છે—

૪૬

**આ વિચિત્ર માર્ગમાં, એક વાકયમાં બીજાં વ્યંજક વાકયો પણ પરસ્પર અન્વિત પદોની પેઠે ગૂંથવામાં આવે છે ત્યારે આ પ્રસાદનો એક બીજો પ્રકાર થાય છે.**

જેમ કે—

"ઓ કઠિયારા"—વગેરે ૧૦૫

આ શ્લોક ઉદાહરણ ૯૧ રૂપે આવી ગયો છે (પૃ. ૭૮), ત્યાં જોઈ લેવો.

પ્રસાદને સમજાવ્યા પછી 'લાવણ્ય' ને સમજાવે છે—

૪૭

**આ વિચિત્ર માર્ગમાં એકબીજામાં પરોવાઈ ગયેલાં અને અંતે આવેલો વિસર્ગ લોપ ન પામ્યો હોય એવાં પદોથી તેમ જ યુક્તાક્ષર પહેલાં આવતા હ્રસ્વ અક્ષરોથી લાવણ્ય એકદમ વધી જાય છે.**

આ વિચિત્ર માર્ગમાં આવાં પદોથી લાવણ્ય એકદમ વધી જાય છે. કેવાં? તો કે પરસ્પર જોડાઈ ગયેલાં. વળી કેવાં? તો કે જેને અંતે આવતો વિસર્ગ લોપ ન પામ્યો હોય એવાં અને યુક્તાક્ષર પહેલાં આવતા હ્રસ્વ કહેતાં લઘુ સ્વરોવાળાં. પહેલાં ૩૨ મી

કારિકામાં 'લાવણ્ય'નાં જે લક્ષણો ગણાવેલાં છે, તેને લીધે વાક્યમાં જે સૌંદર્ય આવ્યું હોય, તેમાં આ ત્રણ બાબતો વધારો કરે છે, એવો અહીં અર્થ છે. જેમ કે—

"હે કૃશાંગી, શ્વાસથી ઉત્પન્ન થયેલા કંપને લીધે તરંગિત થતા તારા સ્તનતટ ઉપર કાજળ ધોવાવાને લીધે કાળાં થઈ ગયેલાં આંસુનાં બિંદુઓ પછડાઈને કણકણ કેમ થઈ જાય છે? અને સંકુચિત થયેલા કંઠમાં રૂંધાવાને લીધે અસ્પષ્ટ અને કોકિલના મધુર પંચમ સ્વરની પેઠે કાનમાં અમૃત સીંચનારાં હીબકાં કેમ અટકી જાય છે અને ફરી શરૂ થાય છે?" (કવીન્દ્રવચનામૃત, ૪૦૫) ૧૦૬

આ શ્લોકમાં श्यामलाः, कणशः, बिन्दवः, हुङ्काराः અને प्रणयिनः વગેરે પદોમાં છેવટનો વિસર્ગ લોપ પામ્યો નથી, પહેલા ચરણમાં कम्पમાં क, तरंगितમાં र, स्तनમાં स्त પહેલાંનો णि, ત્રીજા ચરણમાં किञ्चમાં कि, कण्ठમાં क અને कर्णમાં क વગેરે યુક્તાક્ષર પહેલાં આવેલા અક્ષરો હ્રસ્વ છે, અને श्वासोत्कम्पतरङ्गिणि અને 'धौताञ्जनश्यामलाः' વગેરેમાં પદો એકબીજામાં જોડાઈ ગયાં છે, એને લીધે શ્લોકના લાવણ્યમાં વધારો થયો છે.

બીજું ઉદાહરણ—

"ઓ પલ્લીપતિની પુત્રી, તારાં આ અર્ધાં પાકેલાં ટીમરુનાં ફળ જેવાં વચમાં કાળાં અને ફરતે પીળાં બે સ્તનો શબર યુવકના કરમર્દનને લાયક થયાં લાગે છે; એટલે પોતાના કુંભસ્થળ માટે અભયદાન માગવા દીન થઈને હાથીઓનું ટોળું તને વિનંતી કરે છે કે એ સ્તનોને તું પાંદડાંના વસ્ત્રથી ઢાંકીશ નહિ." (સદુક્તિકર્ણામૃત, ૨-૩૭૯) ૧૦૭

ત્રીજું ઉદાહરણ—

"જેને ખાવાથી...." વગેરે. ૧૦૮

આ શ્લોક પહેલાં ઉદાહરણ ૭૩ રૂપે આવી ગયો છે (પૃ. ૫૮), ત્યાં જોવો.

આમ 'લાવણ્ય' સમજાવ્યા પછી 'આભિજાત્ય' સમજાવે છે—

૪૮

**આ વિચિત્ર માર્ગમાં પ્રૌઢિએ રચેલું અતિ-કોમળ પણ નહિ તેમ અતિ કઠોર પણ નહિ એવું આભિજાત્ય મનોહર થઈ પડે છે.**

પ્રૌઢિએ રચેલું એટલે કવિના સઘળા કૌશલે રચેલું. જેમ કે—

"હે સુતનુ, કહે તો ખરી, હથેલીને પથારી કરી સૂતેલો અને દબાવાને લીધે વધુ ફીકો પડેલો તારો ગાલ કામદેવરૂપી રાજાની લીલાના યુવરાજપદે કોના અભિષેકનું સૂચન કરે છે?" (કાવ્યપ્રકાશ, ૭-૨૨૩) ૧૦૯

આ રીતે સુકુમાર માર્ગમાં કહેલા (માધુર્ય, પ્રસાદ, આભિજાત્ય અને લાવણ્ય) ગુણો જ વિચિત્ર માર્ગમાં કોઈ નવો અતિશય પ્રાપ્ત કરે છે.

આ પહેલાંના (સુકુમાર) માર્ગમાં કહેલા આભિજાત્ય વગેરે ગુણો અહીં (વિચિત્ર માર્ગમાં) આહાર્ય (એટલે કે કવિની વ્યુત્પત્તિ વગેરેથી ઉત્પન્ન થતા લોકોત્તર ચમત્કારરૂપ) સંપત્તિ પ્રાપ્ત થતાં, નવો જ ઉત્કર્ષ પામે છે. ૧૧૦

આ અંતરશ્લોક છે.

આમ, વિચિત્ર માર્ગનું નિરૂપણ કર્યા પછી મધ્યમ માર્ગનું નિરૂપણ કરે છે—

૪૯

**જેમાં વૈચિત્ર્ય અને સૌકુમાર્યનું મિશ્રણ હોય છે, એ બંને સહજ અને આહાર્ય સૌંદર્યથી શોભતાં હોય છે;**

૫૦

**જેમાં માધુર્યાદિ ગુણો મધ્યમ વૃત્તિને અનુસરીને બંધના સૌંદર્યાતિશયને પોષતા હોય છે;**

## ૫૧

**જેમાં બંને માર્ગની સંપત્તિ પરસ્પરસ્પર્ધિ રૂપે રહેલી હોય છે; એવો આ મધ્યમ માર્ગ ભિન્ન રુચિના સહૃદયોને મનોરંજક થઈ પડે છે.**

[૫૧] આ માર્ગને મધ્યમ માર્ગ કહે છે. એ કેવો છે? તો કે એ જુદી જુદી રુચિવાળા એટલે કે સુકુમાર, વિચિત્ર અને મધ્યમ એ ત્રણે માર્ગના પ્રેમીઓને મનોહર થઈ પડે એવો છે.

[૪૯] એમાં સુકુમાર અને વિચિત્ર એ બંને માર્ગોનું સૌંદર્ય સરખા પ્રમાણમાં, એટલે કે ન કોઈ વધારે ન કોઈ ઓછું હોય છે. એમાં વિચિત્ર માર્ગનું વૈચિત્ર્ય અને સુકુમાર માર્ગનું સૌકુમાર્ય એકબીજા સાથે ભળી જઈને શોભે છે. એનો અર્થ એ છે કે એમાં સહજા અને આહાર્યા અર્થાત્ કવિપ્રતિભામાંથી પ્રગટેલી અને વ્યુત્પત્તિથી પ્રાપ્ત થયેલી બંને પ્રકારની સુંદરતા હોય છે એટલે તે ખૂબ દીપી ઊઠે છે.

[૫૦] એમાં માધુર્યાદિ ગુણોનો સમૂહ, મધ્યમ વૃત્તિને અનુસરીને એટલે કે બંનેની શોભા ધરાવતી પોતાની સ્વાભાવિક ગતિને અનુસરીને, રચનાની શોભાના અતિશયને પોષતો હોય છે.

હવે એ માર્ગના ગુણોનાં ઉદાહરણો જોઈએ. માધુર્યનું ઉદાહરણ જેમ કે—

> "ખજૂરીનાં વૃક્ષોની હારવાળા મહાસાગરને કિનારે, લતાવાળાં વૃક્ષોને અઢેલીને લહેરથી ઝૂકેલી, કાંઠાના મંદ મંદ પવનથી જેના વાળ ઊડી રહ્યા છે એવી, અપરાંતની સ્ત્રીઓ જેનાં પરાક્રમોનાં ગીત ગાય છે." (પાદતાડિતકભાણ, શ્લોક ૫૫) ૧૧૧

કુંતકે સુકુમાર માર્ગના માધુર્ય ગુણમાં ઝાઝા સમાસ નથી હોતા એમ કહ્યું છે અને વિચિત્ર માર્ગના માધુર્ય ગુણમાં શિથિલતા નથી હોતી એમ કહ્યું છે. આ ઉદાહરણમાં એ બંનેનું મિશ્રણ છે. એમાં ઝાઝા સમાસ પણ નથી તેમ શિથિલતા પણ નથી, ઉપરાંત 'न्त', 'ल', 'क' વગેરે

મનોહર વર્ણોની અનેક વાર આવૃત્તિ થઈ છે. એથી બંધનું સૌંદર્ય વધ્યું છે. આમ, આ શ્લોક મધ્યમ માર્ગના માધુર્ય ગુણનું દૃષ્ટાંત બન્યો છે.

**પ્રસાદનું ઉદાહરણ—**

**"તેના મુખચંદ્રનું...." વગેરે ૧૧૨**

આ શ્લોક **પહેલાં** ઉદાહરણ ૨૩ તરીકે આવી ગયો છે (પૃ. ૧૭–૧૮). ત્યાં જોઈ લેવો.

સુકુમાર માર્ગના પ્રસાદ ગુણમાં રસ અને વક્રોક્તિનો અભિપ્રાય વિના કષ્ટે વ્યંજિત કરવાની તથા અર્થનો ઝટ બોધ કરાવવાની શક્તિ હોય છે. વિચિત્ર માર્ગના પ્રસાદ ગુણમાં ઓજોગુણના સ્પર્શવાળી સમાસ વગરની રચના અને એક વાક્યમાં એકથી વધુ અવાંતર વાક્યોની ગૂંથણી હોય છે. આ શ્લોકમાં શૃંગાર રસ અને દીપક અલંકાર સહેલાઈથી વ્યંજિત થાય છે. એમાં ઝાઝા સમાસ નથી અને तद्वक्त्रेन्दु विलोकनेन, मन्मथकृतोत्साहै, मार्गदत्तनयना વગેરે સમાસોમાં ઓજોગુણનો સ્પર્શ પણ છે. 'દિવસ પૂરો કર્યો', 'રાત પણ પૂરી કરી', 'સાંજ વિતાવી' વગેરે અવાંતર વાક્યો પણ મુખ્ય વાક્યમાં ગૂંથાયેલાં છે, એટલે તે મધ્યમ માર્ગના પ્રસાદ ગુણનું ઉદાહરણ બન્યો છે.

**લાવણ્યનું ઉદાહરણ—**

> **"ગાલ ઉપર આંગળીનાં નિશાન પડયાં છે એ બતાવે છે કે એણે હાથ પર ગાલ મૂકયો. હશે. આંખો આંસુ વહેવાથી મેલી થઈ છે, નિસાસાથી હોઠ સુકાઈ ગયો છે, વેણી છૂટી ગઈ છે એટલે વાળ આમતેમ ઊડે છે, મન નિર્વેદથી સૂનું થઈ ગયું છે, દુઃખની વાત છે કે કૂટનીતિમાં પાવરધા દુષ્ટ મંત્રીઓ મારી પુત્રીને ખૂબ રંજાડી રહ્યા છે."**
> **(તાપસવત્સરાજ, ૩–૭૬) ૧૧૩**

સુકુમાર માર્ગના લાવણ્ય ગુણમાં પદ અને વર્ણની શોભા ઝાઝી મહેનત વગર સધાઈ હોય છે અને વિચિત્ર માર્ગના લાવણ્ય ગુણમાં અંતે વિસર્ગવાળાં અને યુક્તાક્ષર પહેલાંનો અક્ષર હ્રસ્વ હોય એવાં પદો હોય છે. આ શ્લોકમાં વર્ણો અને પદોની ગોઠવણી રમણીયતાયુક્ત છે, અને એ સાધવા માટે ઝાઝી મહેનત કરવી પડી નથી. વળી એમાં अधरः, मनः, वेदिभिः વિસર્ગાન્ત પદો છે, અને पर्व, करस्वापा, कपोलस्थलि, निर्भरमुक्त

વગેરે શબ્દોમાં યુક્તાક્ષર પહેલાંનો અક્ષર હ્રસ્વ છે. એટલે એ મધ્યમ માર્ગના લાવણ્ય ગુણનું ઉદાહરણ બન્યો છે.

આભિજાત્યનું ઉદાહરણ—

"સ્તનભારથી લચી પડેલી કિન્નરીઓ, લાંબી વેલનો આગલો ભાગ પકડીને, શીકરથી સંકોચાઈ ગયેલી આંખે, જેના પ્રવાહમાંથી પડતું મંદાકિનીના ઝરણનું પાણી પીએ છે." ૧૧૪

સુકુમાર માર્ગનો આભિજાત્ય ગુણ કોમળ અને સુશ્રાવ્ય વર્ણોવાળો હોય છે, જ્યારે વિચિત્ર માર્ગનો આભિજાત્ય ગુણ પ્રૌઢિયુક્ત અને અત્યંત કઠોર પણ નહિ અને અત્યંત કોમળ પણ નહિ એવો હોય છે. આ શ્લોકના પૂર્વાર્ધમાં થોડા કઠોર વર્ણો પણ છે આમ, એમાં બંનેનું મિશ્રણ છે એટલે એ મધ્યમ માર્ગનું દૃષ્ટાંત બન્યો છે.

## ૫૨

**છાયાવૈચિત્ર્યથી આનંદ આપનાર આ મધ્યમ માર્ગને સુંદર વેશભૂષાના શોખીન ભુજંગો જેવા કોઈ સૌંદર્યશોધના વ્યસની કવિઓ પસંદ કરે છે.**

આમ, મધ્યમ માર્ગની સમજૂતી આપ્યા પછી તેનો ઉપસંહાર કરતાં કહે છે – કેટલાક કવિઓ "છાયાવૈચિત્ર્યથી આનંદ આપનાર" મધ્યમ માર્ગનો આદરપૂર્વક આશ્રય લઈને કાવ્યરચના કરે છે, કારણ, તેઓ સુંદર વસ્તુના ચાહક હોય છે. એ માર્ગ કેવો છે? તો કે "છાયાવૈચિત્ર્યથી એટલે કે (સુકુમાર અને વિચિત્ર બંને માર્ગની) શોભાના વૈચિત્ર્યથી આનંદ આપનાર. કોની પેઠે? તો કે સુંદર વેશભૂષાના શોખીન નગરજનોની પેઠે. એમનો વેશ પણ રંગવૈવિધ્યને કારણે મનોરંજક જ હોય છે.

અમે અહીં ગુણોનાં ઉદાહરણ ગણ્યાંગાંઠયાં જ આપ્યાં છે. પ્રત્યેક પદના સૌંદર્યનું વૈચિત્ર્ય સહૃદયોએ પોતે જ કલ્પી લેવું. છતાં અમે અહીં દિગ્દર્શન કરીએ છીએ. જેમ કે—માતૃગુપ્ત, માયુરાજ, મંજીર વગેરે કવિઓનાં કાવ્ય સૌકુમાર્યથી શોભતાં

માલૂમ પડશે. એ કાવ્યો સુકુમાર અને વિચિત્ર માર્ગ બંનેનાં લક્ષણોવાળાં જોવા મળશે, એટલે તેમને મધ્યમ માર્ગના નમૂના ગણવાં. એ જ રીતે, કાલિદાસ, સર્વસેન વગેરેનાં કાવ્ય સ્વાભાવિક સકુમાર માર્ગના નમૂના ગણવા. એ જ રીતે, ભટ્ટ બાણના હર્ષચરિતમાં પુષ્કળ વિચિત્રવક્રતા જોવા મળે છે. ભવભૂતિ અને રાજશેખરનાં બંધસૌંદર્યને લીધે સુંદર લાગતાં મુક્તકોને પણ આ વાત લાગુ પડે છે. આમ, સહૃદયોએ પોતે જ દરેક કાવ્ય વિશે નિર્ણય કરવો. અમે અહીં ત્રણે માર્ગોનાં લક્ષણોનું દિગ્દર્શન જ કર્યું છે. કારણ, ઉત્તમ કવિના કૌશલના પ્રકારોનું પૂરું સ્વરૂપવર્ણન કદી કોઈ કરી શકે એમ નથી. ત્રણે માર્ગોમાં ચારે ગુણો સમુદાયના (એટલે કે આખા કાવ્યના) ધર્મ તરીકે રહેલા હોય છે. એ કેવળ શબ્દ વગેરેના ધર્મ નથી હોતા, એ તેમનાં લક્ષણો બતાવતી વખતે કહેલું જ છે.

પોતપોતાના ગુણોને લીધે રમણીય એવા ત્રણે માર્ગોની સમજૂતી આપ્યા પછી હવે ત્રણે માર્ગોને સામાન્ય એવા ગુણોનું સ્વરૂપ વર્ણવે છે—

## ૫૩

**કથનના વૈચિત્ર્યથી વસ્તુના સ્વભાવના ઉત્કર્ષને સ્પષ્ટરૂપે જે પોષે તે ઔચિત્ય. પદાર્થોનું સ્વભાવાનુરૂપ વર્ણન કરવું એ જ એનો પ્રાણ છે.**

ઔચિત્ય એ એક કાવ્યગુણ છે. એ કેવો છે? તો કે એને લીધે સ્વભાવ કહેતાં પદાર્થનો ઉત્કર્ષ કહેતાં મહત્ત્વ સ્પષ્ટરૂપે પોષાય છે. પ્રકાર શબ્દ અહીં અભિધા કહેતાં કથનના વૈચિત્ર્યના અર્થમાં વાપરેલો છે. ઉચિત રીતે કથન કરવું એ જ એનું જીવિત કહેતાં સારતત્ત્વ છે. એને અનુકૂળ હોય એવા અલંકારો જ શોભારૂપ થઈ પડે છે. જેમ કે

"બંનેએ રુદ્રાક્ષની માળા હાથમાં લીધી છે, ભયને લીધે બંનેના હાથ ઠરી ગયા છે, બંનેએ સુંદર જટા બાંધી

છે, જાણે બીજાં ઈશ્વરપાર્વતી ભેગાં ન થયાં હોય.” (તાપસ-વત્સરાજ, ૩-૮૪) ૧૧૫

બીજું ઉદાહરણ—

“પર્વતની પાસે આ ઇન્દ્રની સેનાનો પડાવ છે, એટલે પર્વતની બીજી બાજુએ તારી સેના પડાવ નાખે. કારણ, એ વાત નક્કી છે કે તારા ઝાલ્યા ન રહે એવા હાથીઓ દેવોના હાથીઓની મદલેખાની સૌરભને સહી નથી શકતા.” ૧૧૬

ત્રીજું ઉદાહરણ—

“હે નાગરાજ, આ મહેન્દ્ર પર્વતના વચલા ભાગની આસપાસ સખત ચૂડ ભેરવ; તેં તો શિવના યોગાભ્યાસ વખતે પર્યંકબંધ (એક પ્રકારનું આસન) સહન કર્યો છે, તારી આગળ આના તે શા ભાર?” (કાવ્યમીમાંસા, પૃ. ૮૮; સરસ્વતીકંઠાભરણ, પૃ. ૬૨) ૧૧૭

ઉપરનાં પહેલાં બે ઉદાહરણોમાં અલંકારોને લીધે જ વર્ણ્ય વસ્તુના ગુણોનો પરિપોષ થયો છે, જ્યારે ત્રીજા ઉદાહરણમાં સ્વાભાવિક મહાનતાના વર્ણનથી એ સધાયું છે.

ઔચિત્યનું સ્વરૂપ જ બીજી રીતે વર્ણવે છે—

૫૪

**જેમાં વક્તા કે શ્રોતાના શોભાતિશયયુક્ત સ્વભાવથી વાચ્યવસ્તુ ઢંકાઈ જાય તેને પણ ઔચિત્ય કહે છે.**

જેમ કે—

પાત્રે સમર્પી સઘળી સમૃદ્ધિ
શરીર માત્રે જ ઊભેલ રાજન્,
આરણ્યકે સર્વ કણો લીધેલા
નીવારના દંડ સમા દીસો છો.

—(રઘુવંશ, ૫-૧૫) ૧૧૮

આ શ્લોકમાં દાનવીર રાજા રઘુના સ્વભાવનું પ્રશંસાપૂર્વક વર્ણન કરતાં મુનિએ પોતાના અનુભવસિદ્ધ વ્યવહારને અનુસરીને (નીવારના છોડની ઉપમા આપી) અલંકાર યોજના કરી છે તેથી ઔચિત્ય પરિપુષ્ટ થયું છે. અહીં વક્તાના સ્વભાવે વાચ્યાર્થને એટલે કે રઘુના ઔદાર્યને લગભગ ઢાંકી દીધું છે.

શ્રોતાના સ્વભાવથી વાચ્યાર્થ દબાઈ ગયો હોય એવું ઉદાહરણ—

> "ભ્રમરો અશોકપુષ્પના ગુચ્છોનો રસ ચૂસી રહ્યા હતા અને તેની ડાળે નવાં પાંદડાં હાલતાં હતાં તે ગાઢ ચુંબન અટકાવવા હાથ હલાવતી વધૂઓની નકલ જેવું લાગતું."
> (કિરાતાર્જુનીય, ૮-૬) ૧૧૯

અહીં સાંભળનાર વધૂજનોને અશોકની ડાળનું આવું વર્ણન પોતાના અનુભવ અનુસાર ઔચિત્યપૂર્ણ લાગે છે.

એવું જ બીજું ઉદાહરણ—

> "હે પ્રિય સખી, સ્નાન કરવા જનારાઓ વાવને કાંઠે આવેલી કુંજો જુએ છે. એ કુંજો તેમને હાથથી પકડતી નથી, કશું કહેતી પણ નથી, છતાં એમને પાછા વળવા દેતી નથી." ૧૨૦

અહીં અનુભવનાર કોઈ સ્ત્રી એટલી તો ભોળી છે કે તેના એ સ્વભાવનું સૌંદર્ય વાચ્યાર્થને ઢાંકી દે છે અને તેથી ઔચિત્યનો પરિપોષ થાય છે.

આમ, ઔચિત્ય સમજાવ્યા પછી સૌભાગ્ય સમજાવે છે—

## ૫૫

**એ બધી (શબ્દ વગેરે) ઉપાદેય સામગ્રીમાંથી જેને માટે કવિની પ્રતિભા સારી રીતે પ્રયત્ન કરે છે, તેનો ગુણ સૌભાગ્ય કહેવાય છે.**

કવિ આગળની શબ્દ વગેરે નાનાવિધ સામગ્રીમાંથી કવિની પ્રતિભા જે એક વસ્તુ માટે સાવધાનતાપૂર્વક પ્રવૃત્ત થાય છે, એટલે

કે પ્રયત્ન કરે છે તે વસ્તુ પ્રસ્તુત બની જાય છે એટલે કે કાવ્યનો વિષય બની જાય છે, અને તેથી તેમાં જે ગુણ પ્રગટે છે, તેને સૌભાગ્ય કહે છે.

એ સૌભાગ્ય ગુણ કેવળ પ્રતિભાના વ્યાપારથી સિદ્ધ થતો નથી, પરંતુ કાવ્યરચનાની સમગ્ર સામગ્રી ભેગી થાય ત્યારે એ સિદ્ધ થાય છે. માટે કહે છે—

૫૬

**(એ સૌભાગ્ય) સર્વ સંપત્તિના વ્યાપારથી સિદ્ધ થાય છે અને સહૃદયોને એ અલૌકિક આનંદ આપનાર તથા કાવ્યનું એકમાત્ર જીવિત છે.**

બધી સામગ્રી એટલે (પ્રતિભા, વ્યુત્પત્તિ, વક્રોક્તિ, ગુણ, માર્ગ વગેરે કાવ્યોચિત) બધી જ સામગ્રીની જે સંપત્તિ કહેતાં અનવદ્યતા અથવા પરાકાષ્ઠા તેના પરિસ્પંદથી કહેતાં વ્યાપારથી સિદ્ધ થતું. વળી કેવું ? તો કે સહૃદયોને અલૌકિક આનંદ આપનાર. વધુ શું કહેવું, એ જ કાવ્યનું એકમાત્ર જીવિત છે, એવો અહીં અર્થ છે જેમ કે—

> "છાતી ઉપર બંને બગલો સુધી સ્તનોનો ઉભાર ફેલાયો છે, આંખોમાં સ્નેહભર્યા કટાક્ષો શરૂ થાય છે, સ્મિતસુધાથી સીંચેલા શબ્દો ઉચ્ચારતાં ભમરો નાચતાં શીખી ગઈ છે, ચિત્તમાં કામના અંકુર ફૂટવા લાગ્યા છે અને બધાં અંગોએ લાવણ્યને વધાવી લીધું છે — તન્વીના શરીરમાં તારુણ્યનો પ્રવેશ થતાં ધીમે ધીમે તેની કાન્તિ જ કંઈ ઓર થઈ જાય છે." (કાવ્યાનુશાસન, ૬૯૭) ૧૨૧

આ શ્લોકમાં સ્ત્રીના શરીરમાં યૌવનનો પહેલો પ્રવેશ થતાં તેના આકારમાં, ચિત્તમાં અને તેની ચેષ્ટાઓમાં જે વૈચિત્ર્ય દાખલ થાય છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. છાતી ઉપર સ્તનોનો ઉભાર ફેલાયો છે, અંગોએ લાવણ્યને વધાવી લીધું છે એમાં આકારના સૌંદર્યનું સૂચન છે; કામના અંકુર ફૂટવા લાગ્યા છે

એમાં મનનું સૌંદર્ય સૂચિત થયું છે; અને આંખોમાં સ્નેહભર્યા કટાક્ષો શરૂ થયા છે, સ્મિતસુધા સીંચેલા શબ્દો ઉચ્ચારતાં ભમરો નાચવા લાગી છે એમાં ચેષ્ટાનું સૌંદર્ય સૂચવાયું છે. सूत्रित, सिक्त, ताण्डवपण्डित, कन्दलित વગેરે પદોમાં ઉપચારવક્રતા જોવા મળે છે. स्निह्यत् કાલવિશેષનું દ્યોતક હોઈ એમાં પ્રત્યયવક્રતા જોવા મળે છે. अन्यैव काचित् એ પ્રયોગ અવર્ણનીયનો અર્થ સૂચવી સંવૃતિ-વક્રતાનું સૌંદર્ય પ્રગટ કરે છે. अंगैर्वृतम् એમાં કારકવક્રતા છે. આ બધાને લીધે અહીં વિચિત્ર માર્ગના લાવણ્ય ગુણનો અતિરેક જોવા મળે છે. આમ, આ શ્લોકમાં પ્રતિભાના વ્યાપારથી ઉત્પન્ન થયેલું બધી સામગ્રીથી ખીલેલું સહૃદયોના હૃદયને આનંદ આપનાર કોઈ અનિર્વચનીય 'સૌભાગ્ય' પ્રગટ થાય છે.

એ પછી ઉપર કહેલા (ઔચિત્ય અને સૌભાગ્ય એ) બે ગુણોનો વિષય કહેતાં પ્રદેશ દર્શાવે છે—

## ૫૭

**આ બંને ગુણો ત્રણે માર્ગમાં પદ, વાક્ય અને પ્રબંધમાં વ્યાપક અને ઉજ્જવલ રૂપે રહેલા હોય છે.**

આ ઔચિત્ય અને સૌભાગ્ય નામના બંને ગુણો ઉજ્જવલ રૂપે પદ, વાક્ય અને પ્રબંધ એ ત્રણેમાં વ્યાપક રૂપે રહેલા હોય છે, એટલે કે કાવ્યનાં સઘળાં અંગોમાં વ્યાપીને રહ્યા છે. ક્યાં? તો કે સુકુમાર, વિચિત્ર અને મધ્યમ એ ત્રણે માર્ગોમાં. એમાં પદનું ઔચિત્ય એટલે પદની નાના પ્રકારની વક્રતા. સ્વભાવનું સ્પષ્ટ-રૂપે વર્ણન કરવું એ જ વક્રતાનું પરમ રહસ્ય છે. ઔચિત્યપૂર્વક કથન કરવું એ જ જીવિત રૂપ હોવાથી વાક્યના કોઈ એક અંશમાં પણ ઔચિત્યનો અભાવ હોય તો તેથી તદ્વિદાહ્લાદકારિત્વને હાનિ પહોંચે છે.

જેમ કે રઘુવંશમાં—

"આ નિષાદરાજની નગરી છે. જ્યાં મૌલિમણિને ઉતારીને મેં જટા બાંધતાં સુમંત્રે રડતાં રડતાં કહ્યું હતું કે 'હે કૈકેયી, તારા મનોરથો સિદ્ધ થયા!'"

(રઘુવંશ, ૧૩-૫૯) ૧૨૨

અહીં રઘુપતિ આદર્શ મહાપુરુષના બધા ગુણો ધરાવતા હોય એ રીતે વર્ણવાયા છે, એટલે એ રામચંદ્ર 'કૈકેયી તારા મનોરથો સિદ્ધ થયા!' એવાં તુચ્છ વચનો યાદ રાખે અને અત્યારે કહી સંભળાવે એ અત્યંત અનુચિત લાગે છે.

કોઈ પ્રબંધમાં પણ જો કોઈ પ્રકરણના એક ભાગમાં પણ ઔચિત્યનો અભાવ હોય તો તે એક ભાગમાં બળેલા વસ્ત્રની પેઠે દૂષિત બની જાય છે. જેમ કે એ રઘુવંશમાં જ દિલીપ અને સિંહના સંવાદમાં—

"જો એક ગાયના રક્ષણમાં નિષ્ફળ જવાના અપરાધને કારણે ક્રોધાગ્નિથી સળગી ઊઠેલા ગુરુથી તું બીતો હોય તો એ ક્રોધને તો તું ઘડાના જેવા આઉવાળી કરોડો ગાય આપીને શમાવી શકે એમ છે." (રઘુવંશ, ૨-૪૯) ૧૨૩

એમ સિંહ કહે એ તો ઉચિત જ છે, કારણ, તે રાજાનો ઉપહાસ કરવા કહે છે, પણ રાજા દિલીપને તો પોતાના યશનું રક્ષણ કરવામાં પ્રાણો પણ તૃણ જેવા તુચ્છ લાગે છે; એ સિંહને જવાબ આપતાં કહે છે—

"બીજી ગાયો આપવાથી મુનિનો ક્રોધ શી રીતે શમી શકે? કારણ, આ તો કામધેનુની પુત્રી છે. તેં એના ઉપર પ્રહાર કર્યો છે તે રુદ્રના પ્રભાવથી કરી શક્યો છે."

(રઘુવંશ, ૨-૫૪) ૧૨૪

તેમાંથી 'બીજી ગાયો એના બદલામાં આપી શકાય એવો જો કદાચ સંભવ હોય તો મુનિએ અને મારે એની પ્રાણરક્ષાની

ઉપેક્ષા કરવી ઉચિત ગણાય' એવો જે ફલિતાર્થ નીકળે છે તે અત્યંત અનુચિત છે.

આવો જ ત્રીજો દાખલો 'કુમારસંભવ'માં જોવા મળે છે. પોતાના પરાક્રમથી ત્રણે લોકને જીતનાર તારકાસુરને જીતવાના ઉપાયની વિચારણા વખતે કામદેવ ઇન્દ્રને કહે છે—

> "સૌંદર્યના કારણે તારા મનમાં પ્રવેશ પામેલી પણ પતિવ્રતને કારણે તારે વશ ન થનારી કઈ પતિવ્રતા પોતે લજ્જા ત્યજીને તારે ગળે વળગે એમ તું ઇચ્છે છે?"
>
> (કુમારસંભવ, ૩-૭) ૧૨૫

સ્વર્ગના અધિપતિપદ પર પ્રતિષ્ઠિત ઇન્દ્રની પણ આવી ઇચ્છા પૂરી કરવા દ્વારા સૂચિત થતા કોઈ પતિવ્રતાના પાતિવ્રત્યનો નાશ કરવા રૂપ અવિનયી આચરણનું કથન અત્યંત અનૌચિત્યપૂર્ણ લાગે છે.

આવી ચર્ચા તો કાલિદાસ જેવા કવિની બાબતમાં જ થઈ શકે, જેમની સૂક્તિઓનું સ્વાભાવિક સૌંદર્ય સહજ સૌકુમાર્યની મુદ્રાવાળું હોય છે. જેઓ કેવળ આહાર્ય એટલે વ્યુત્પત્તિસિદ્ધ કાવ્યરચનાકૌશલને કારણે વખણાતા હોય તેવા કવિઓની બાબતમાં આવી ચર્ચા થઈ શકતી નથી.

સૌભાગ્ય પણ કાવ્યનાં સકલ અંગોમાં વ્યાપકપણે રહેલો બીજો ગુણ છે. પદ, વાક્ય, પ્રકરણ અને પ્રબંધમાંના પ્રત્યેકની નાનાવિધ સુંદર કારણ-સામગ્રીમાં સહૃદયો એને સંવેદી શકે છે અને અનેક રસોના મિશ્રણને કારણે સુંદર અને અલૌકિક ચમત્કાર-કારી કાવ્યનું એ એકમાત્ર જીવિત છે. એટલે વિસ્તાર કરવાની જરૂર નથી.

માર્ગનું નિરૂપણ પૂરું કરી હવે ગ્રંથકાર બીજા મુદ્દાની અવ-તારણા કરે છે.

૫૮

**આ ત્રણ માર્ગ, ઉત્કર્ષને પ્રાપ્ત કરવાને ઉત્સુક કેટલાક કવિઓએ વારંવાર ખેડેલા છે, એમાં કોઈ ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરીને તેઓ પ્રસિદ્ધિને પામ્યા છે. હવે બધા કવિઓ ત્રણ માર્ગ ઉપર જેને અનુસરીને ચાલશે તે સ્વૈરવિહારને લીધે રમણીય એવો કોઈ અલૌકિક સુંદર પદરચનાનો ક્રમ કહેવામાં આવે છે.**

સુકુમાર વગેરે આ ત્રણ માર્ગો ઉપર કોઈક મહાકવિઓ જ, સામાન્ય કવિઓ નહિ, ઉત્કર્ષ પામવાની ઉત્કંઠાથી વારે વારે ચાલ્યા છે. એ માર્ગોમાં કોઈ લોકોત્તર ભૂમિકાને પ્રાપ્ત કરીને તેઓ પ્રસિદ્ધિ પામ્યા છે. હવે બધા કવિઓ જેને અનુસરીને આ ત્રણ માર્ગો ઉપર ચાલશે તે સ્વૈરવિહારને કારણે રમણીય લાગતો કોઈ અલૌકિક સુંદર પદરચનાનો એટલે કે નામો અને ક્રિયાપદોની ગોઠવણીનો ક્રમ વર્ણવવામાં આવે છે. કારિકામાં मार्ग, स्वैरविहार, पद વગેરે શબ્દો શ્લેષની છાયાપૂર્વક સમજવાના છે.

**શ્રી રાજાનક કુંતક વિરચિત વક્રોક્તિજીવિત કાવ્યાલંકારમાં પહેલો ઉન્મેષ પૂરો થયો.**

## ઉન્મેષ બીજો

એવો સાર્વત્રિક નિયમ છે કે સામાન્ય વ્યાખ્યા આપ્યા પછી વિશેષ સમજૂતી આપવી જોઈએ, એટલે પહેલા ઉન્મેષની સાતમી કારિકામાં "शब्दार्थौ सहितौ०" કહીને કાવ્યની સામાન્ય વ્યાખ્યા આપી તેના એટલે કે કાવ્યના ઘટકરૂપ શબ્દ અને અર્થના સાહિત્યની વિશેષ સમજૂતી પહેલા ઉન્મેષમાં આપવામાં આવી છે. હવે જેનો સૌથી પહેલો ઉલ્લેખ (૧–૧૮માં) કર્યો છે તે વર્ણવિન્યાસ વક્રતાની વિશેષ સમજૂતી આપવાની શરૂઆત કરીએ છીએ—

૧

**એક, બે કે વધારે વર્ણો થોડે થોડે અંતરે વારંવાર ગૂંથવામાં આવે ત્યારે તે ત્રણ પ્રકારની વર્ણવિન્યાસવક્રતા કહેવાય.**

અહીં વર્ણ શબ્દ વ્યંજનનો પર્યાય છે. એટલે વર્ણવિન્યાસ-વક્રતાનો અર્થ વ્યંજનવિન્યાસની વિચ્છિત્તિ એટલે કે શોભા એવો થાય. એના ત્રણ પ્રકાર છે. કયા કયા? તો કે (૧) જેમાં એક જ વર્ણ ફરી ફરી યોજાયો હોય, (૨) જેમાં બે વર્ણો ફરી ફરી યોજાયા હોય અને (૩) જેમાં બેથી વધુ વર્ણો ફરી ફરી યોજાયા હોય. કેવી રીતે? તો કે થોડે થોડે અંતરે. એમને જ વર્ણવિન્યાસવક્રતાના ત્રણ પ્રકાર કહે છે. અહીં पुनः पुनः (ફરીફરી) એવો પુનરુક્તિવાળો પ્રયોગ કરવામાં આવ્યો છે તે અયોગવ્યવચ્છેદના અર્થમાં સમજવાનો છે, અન્યયોગવ્યવચ્છેદના અર્થમાં સમજવાનો નથી. એનો અર્થ એ છે કે વર્ણો ફરી ફરી યોજાય એ જ વર્ણવિન્યાસવક્રતાનું લક્ષણ છે. વર્ણવિન્યાસવક્રતા અને વર્ણોની ફરી ફરી યોજના એ બે કદી જુદાં પડી જ ન શકે — એ બેનો અયોગ થાય જ નહિ

એવો અયોગવ્યવચ્છેદનો નિયમ છે. અનેક વાર યોજાયેલા વર્ણો જ વર્ણવિન્યાસવક્રતાના પ્રયોજક બને, એક જ વાર ફરી યોજાયા હોય તો ન બને, એવો અન્યયોગવ્યવચ્છેદનો નિયમ અહીં નથી. વર્ણની એક વાર પણ ફરી યોજના થાય તોયે તે વર્ણવિન્યાસવક્રતા ગણાય. એથી વધુ વાર અનેક વાર ફરી ફરી વપરાય તો જ વર્ણવિન્યાસ વક્રતા ગણાય એવું નથી.

અયોગવ્યવચ્છેદ અને અન્યયોગવ્યવચ્છેદ એ બે શબ્દો બરાબર સમજી લેવા જેવા છે. વિશેષણની સાથે જ્યારે एव (જ) વપરાય ત્યારે તે અયોગવ્યવચ્છેદ સૂચવે છે. જેમ કે, 'પાર્થ ધનુર્ધર જ છે.' એનો અર્થ એ થયો કે પાર્થ અને ધનુર્ધારણ એ બેને અલગ પાડી શકાય એમ નથી. એ બેના અયોગનો એમાં નિષેધ છે. एव (જ) જ્યારે નામ સાથે વપરાય છે ત્યારે તે અન્યયોગવ્યવચ્છેદ સૂચવે છે. જેમ કે અર્જુન જ ધનુર્ધર છે. એટલે કે અર્જુન સિવાય બીજો કોઈ ધનુર્ધર નથી. એટલે અર્જુન સિવાય કોઈ બીજા સાથે ધનુર્ધરત્વના યોગનો એમાં નિષેધ છે.

એક વર્ણની આવૃત્તિનું ઉદાહરણ—

धम्मिल्लो विनिवेशिताल्पकुसुमः सौन्दर्यं धुर्यं स्मितम्
विन्यासो वचसां विदग्धमधुरः कण्ठे कलः पञ्चमः ।
लीलामन्थरतारके च नयने यातं विलासालसम्
कोऽप्येवं हरिणीदृशः स्मरशरापातावदातः क्रमः ॥१॥

"વેણીમાં થોડાં ફૂલ ગૂંથ્યાં છે, સ્મિત અત્યંત સુંદર છે, વાણી વિદગ્ધ અને મધુર છે, કંઠ કોકિલના જેવો મીઠો પંચમ છે, આંખોની કીકી લીલાથી મંથર છે, ગતિ વિલાસને લીધે અલસ છે, કામદેવનાં બાણ વાગતાં જ મૃગનયનીનું બધું હલનચલન જ કંઈ ઓર થઈ ગયું છે." ૧

આ શ્લોકના પહેલા ચરણમાં विनिवेशितમાં 'વ'ની અને सौन्दर्यधुर्यમાં 'ર્ય'ની આવૃત્તિ છે. विन्यासो वचसो विदग्धमधुरःમાં 'વ'ની, कण्ठे कलःમાં 'ક'ની, ત્રીજા ચરણમાં लीलामन्थरतारकेમાં 'લ'ની અને 'ર'ની, नयने यातंમાં 'ય'ની, विलासोलसंમાં 'લ'ની અને 'સ'ની તથા ચોથા ચરણમાં स्मरशरापातावदातःમાં 'ર' અને 'ત'ની આવૃત્તિ હોવાથી એમાં કોઈ અપૂર્વ સૌંદર્ય

અનુભવાય છે, માટે ગ્રંથકારે એને વર્ણવિન્યાસવક્રતાનું એટલે કે બીજા આચાર્યોને મતે અનુપ્રાસનું ઉદાહરણ માન્યું છે.

એક, બે અને અનેક વર્ણોની આવૃત્તિનું ઉદાહરણ—

भग्नैलावल्लरीकास्तरलितकदलीस्तम्बताम्बूलजम्बू
जम्बीरास्तालतालीसरलतरलतालासिका यस्य जह्नुः ।
वेल्लत्कल्लोलहेला बिसकलनजडाः कूलकच्छेषु सिन्धोः
सेनासीमन्तिनीनामनवरतरताभ्यासतान्ति समीराः ॥२॥

"એલચીની લતાઓને ભાંગનાર, કેળ, નાગરવેલ, જાંબુ, લીંબુને હલાવનાર, તાડ, ખજૂરી, સાલ અને લતાઓને નચાવનાર, તથા ચંચલ લહેરોની સાથે ક્રીડા કરવાને લીધે શીતલ થયેલ વાયુ સાગરના કિનારા ઉપર જેની સેનાની સ્ત્રીઓના અવિરત રતિના શ્રમને હરે છે." ૨

આ શ્લોકના પહેલા ચરણમાં 'લ'નો પાંચ વાર ઉપયોગ થયો છે. स्तम्ब, ताम्बूल, जम्बीर, ताल, ताली, सरलतरलतालासिका વગેરેમાં અનેક વર્ણોની અનેક વાર આવૃત્તિ થઈ છે અને એમાં જ ताल, तालीમાં બે વર્ણોની આવૃત્તિ પણ જોવા મળે છે. આમ, આ શ્લોકમાં વર્ણવિન્યાસવક્રતાના ત્રણે પ્રકારો જોવા મળે છે.

આ વર્ણવિન્યાસવક્રતાનો બીજો એક સુંદર પ્રકાર બતાવે છે—

૨

**અને પોતાના વર્ગના છેલ્લા વર્ણ સાથે જોડાયેલા સ્પર્શ વર્ણો, બેવડા ત, લ, ન વગેરે, 'ર' વગેરે સાથે જોડાયેલા બાકીના વર્ણો પણ પ્રસ્તુત ઔચિત્યપૂર્વક વપરાયા હોય તો શોભી ઊઠે છે,**

આ કારિકામાં બીજા પ્રકારની વર્ણવિન્યાસવક્રતાના ત્રણ પ્રકાર ગણાવ્યા છે. કારિકાની શરૂઆતમાં च (અને શબ્દ વાપર્યો છે તે એમ સૂચવે છે કે આ કારિકાને આગલી કારિકા સાથે સંબંધ છે. હવે અહીં ગણાવેલા ત્રણ પ્રકારો કયા? તો કે (૧) જેમાં

પોતાના વર્ગના છેલ્લા વર્ણ સાથે જોડાયેલા સ્પર્શ વર્ણો વપરાયા હોય. 'ક' થી 'મ' સુધીના વર્ણો વર્ગીય સ્પર્શ વર્ણો કહેવાય છે. એના પાંચ વર્ગો છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | ઙ – ક | વર્ગ |
| ચ | છ | જ | ઝ | ઞ – ચ | વર્ગ |
| ટ | ઠ | ડ | ઢ | ણ – ટ | વર્ગ |
| ત | થ | દ | ધ | ન – ત | વર્ગ |
| પ | ફ | બ | ભ | મ – પ | વર્ગ |

જેમાં પોતાના વર્ગના છેલ્લા અક્ષર સાથે જોડાયેલા કથી મ સુધીના વર્ગીય સ્પર્શ વર્ણો ફરી ફરી યોજાયા હોય એ પહેલો પ્રકાર. (૨) જેમાં બેવડા ઉચ્ચારાતા ત લ ન વગેરે ફરી ફરી યોજાયા હોય તે બીજો પ્રકાર. અને (૩) જેમાં તે સિવાયના બાકીના વ્યંજન વર્ણો 'ર' વગેરે સાથે જોડાઈને ફરી ફરી યોજાયા હોય તે ત્રીજો પ્રકાર. પહેલી કારિકામાં 'થોડે થોડે અંતરે' શબ્દો આવે છે તેનો સંબંધ આ કારિકા સાથે પણ છે. એટલે કે આ ત્રણ પ્રકારના વર્ણો થોડે થોડે અંતરે ફરી ફરી યોજાયા હોય એવો અર્થ લેવાનો છે. એ કેવા? તો કે પ્રસ્તુત ઔચિત્યથી શોભતા. પ્રસ્તુત એટલે વર્ણ્ય વિષય, તેનું જે ઔચિત્ય તેનાથી શોભતા. એનો અર્થ એ થયો કે આવા અનુપ્રાસ પ્રસ્તુત રસને ઉચિત હોવા જોઈએ. તો જ તે શોભે. જે અનુપ્રાસ, અનુપ્રાસ સાધવાના વ્યસનને કારણે યોજ્યા હોય છે તે પ્રસ્તુત ઔચિત્યને ઝાંખું પાડે છે. એવા અનુપ્રાસ ન યોજવા. પ્રસ્તુત રસને ઉચિત હોય એમ કહ્યું છે એનો અર્થ એ છે કે જ્યાં વીર, બીભત્સ, રૌદ્ર, ભયાનક વગેરે કઠોર રસોનું નિરૂપણ હોય ત્યાં તેવા કઠોર વર્ણો વાપરવાની છૂટ છે એમ જણાવે છે.

બીજા આચાર્યોએ આ બીજા પ્રકારની વર્ણવિન્યાસવક્રતાનો વિચાર ગુણો અને વૃત્તિઓના સંબંધમાં કરેલો છે અને જુદી જુદી વૃત્તિઓમાં

અને ગુણોમાં કયા કયા વર્ણો વપરાય છે તેનો નિર્દેશ કરેલો છે. 'સાહિત્યદર્પણ'માં ગુણોને લગતો ભાગ આ પ્રમાણે છે :

"જે આનંદથી ચિત્ત દ્રવી જાય છે તેને માધુર્ય કહે છે. એમાં પોતાના વર્ગના છેલ્લા અક્ષર સાથે જોડાયેલા 'ટ' વર્ગ સિવાયના બીજા વર્ગોના અક્ષરો વપરાય છે. વળી લઘુસ્વરયુક્ત 'ર'કાર અને 'ણ'કાર તથા સમાસ વગરની કે થોડા સમાસવાળી રચના માધુર્યવ્યંજક હોય છે.

ચિત્તના વિસ્તારરૂપ દીપ્તતાને ઓજ કહે છે. વર્ગના પહેલા અને ત્રીજા વર્ણ સાથે તે જ વર્ગના બીજા અને ચોથા વર્ણનો સંયોગ, ઉપર, નીચે કે બંને બાજુ રેફનો એટલે કે 'ર'કારનો પ્રયોગ અને ટ, ઠ, ડ, ઢ, શ એ વર્ણો ઓજો ગુણને અભિવ્યક્ત કરવામાં કારણ બને છે. એમાં સમાસબહુલ ઉદ્ધત રચના હોય છે.

સૂકા લાકડામાં અગ્નિની પેઠે જે ચિત્તમાં એકદમ વ્યાપી જાય છે તે પ્રસાદ બધા જ રસોમાં અને રચનાઓમાં આવશ્યક છે." સાંભળતાંવેંત અર્થનો બોધ કરાવે એવા શબ્દો એના વ્યંજક છે.

મમ્મટે કાવ્યપ્રકાશમાં ગુણો, વૃત્તિઓ અને રીતિઓનો સમન્વય આ રીતે સાધેલો છે.

માધુર્યવ્યંજક વર્ણોથી ઉપનાગરિકા, ઓજ પ્રકટ કરતા વર્ણોથી પરુષા અને બાકીનાથી કોમલા વૃત્તિ સધાય છે. કેટલાક એને વૈદર્ભી વગેરે રીતિઓ કહે છે.

પહેલા પ્રકારનું ઉદાહરણ—

उन्निद्रकोकनदरेणुपिशङ्गिताङ्गा
गुञ्जन्ति मञ्जु मधुपाः कमलाकरेषु ।
एतच्चकास्ति च रवेर्नवबन्धुजीव-
पुष्पच्छदाभमुदयाचलचुम्बि बिम्बिम् ॥३॥

"ખીલેલાં રક્તકમલોના પરાગથી પીળાં થયેલાં અંગોવાળા ભ્રમરો કમલ-તલાવડીમાં મધુર ગુંજન કરી રહ્યા છે, અને બપોરિયાનાં ફૂલના ગુચ્છા જેવું ઉદયાચલને ચુંબન કરતું આ સૂર્યનું બિંબ પ્રકાશે છે."

(શાર્ઙ્ગધરપદ્ધતિ, ૩૭૨૬) ૩

આ શ્લોકમાં पिशाङ्गिता, गुञ्जन्ति, मञ्जु चुम्बि, बिम्बम् વગેરે શબ્દોમાં વર્ગના છેલ્લા વર્ણ સાથે જોડાયેલા વર્ણો વપરાયેલા છે એટલે એ પહેલા પ્રકારની વર્ણવિન્યાસવક્રતાનું ઉદાહરણ થયું.

બીજું ઉદાહરણ—

कदलीस्तम्बताम्बूलजम्बजम्बीराः ॥४॥

આ જ ઉન્મેષનું બીજું ઉદારણ જુઓ (પૃ. ૧૦૩) એમાં પોતાના વર્ગના છેલ્લા વર્ણ 'મ' સાથે જોડાયેલા 'બ' ચાર વાર આવે છે.

ત્રીજું ઉદાહરણ—

सरस्वतीहृदयारविन्दमकरन्दबिन્दुसन्दोहसुन्दराणाम् ॥५॥

"સરસ્વતીના હૃદયરૂપી અરવિંદના મકરંદ કહેતાં મધનાં બિંદુઓના સમૂહને લીધે સુંદર—" ૫

એમાં પોતાના વર્ગના છેલ્લા વર્ણ 'ન' સાથે જોડાયેલો 'દ' પાંચ વાર વપરાયો છે.

બીજા પ્રકારનું ઉદાહરણ—

प्रथममरुणच्छायस्तावत्ततः कनकप्रभः
तदनुविरहोत्ताम्यत्तन्वीकपोलतलद्युतिः ।
प्रसरति ततो ध्वान्त क्षोदक्षमः क्षणदामुखे
सरसबिसिनीकन्दच्छेदच्छविर्मृगलाञ्छनः ॥

"પહેલાં લાલ રંગનો" વગેરે૦ ૬

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૪૧મા ઉદાહરણ તરીકે આવ્યો છે (પૃ. ૩૯) ત્યાં અનુવાદ જોઈ લેવો. એના બીજા ચરણમાં विरहोत्ताम्यत्तन्वीમાં બે જગ્યાએ બેવડો 'त्त' વપરાયો છે અને ચોથા ચરણમાં च्छेदच्छविમાં બે જગ્યાએ 'ચ્છ' આવે છે. એટલે એને બીજા પ્રકારનું ઉદાહરણ ગણ્યું લાગે છે. એટલે 'ત લ ન વગેરે' કહ્યું છે તેમાં વગેરેમાં 'ચ્છ' આવી જાય છે એમ સમજવું.

ત્રીજા પ્રકારનું ઉદાહરણ—

ઉપરના જ શ્લોકમાં ત્રીજું ચરણ.

એમાં क्ष (क् + ष) યુક્તાક્ષરની ત્રણ વાર આવૃત્તિ થઈ છે તેથી એને ત્રીજા પ્રકારનું ઉદાહરણ ગણ્યું લાગે છે.

અથવા—

આ ઉન્મેષના પહેલા ઉદાહરણના પહેલા ચરણમાં આવતો આ ખંડ—

सौन्दर्यधूर्यस्मितम् ॥७॥

એમાં બે વાર 'ર્ય' આવે છે.

એ જ રીતે कल्हार પછી ल्हाद શબ્દ વાપરવામાં આવે તો તે આ ત્રીજા પ્રકારનું ઉદાહરણ થાય.

કઠોર રસના નિરૂપણ પ્રસંગે કઠોર વર્ણના અનુપ્રાસનું ઉદાહરણ—

उत्ताम्यत्तालवश्च प्रतपति तरणावांशवी तापतन्द्री-
मद्रीद्रोणीकुटीरे कुहुरिणि हरिणारातयो यापयन्ति ॥८॥

"સૂર્ય અતિશય તપતાં સૂકાં તાળવાંવાળા સિંહ પહાડની તળેટીની ગુફામાં સૂર્યનાં કિરણોની ગરમીને લીધે ચડેલી તંદ્રામાં સમય વિતાવે છે." (કવીન્દ્રવચનામૃત, ૯૩) ૮

અહીં ભયાનક રસ છે એટલે કવિએ ત, પ, વ, ર, હ અને ણ વગેરે કઠોર વર્ણો વારે વારે વાપર્યા છે.

આ પહેલી બે કારિકામાં વર્ણવિન્યાસવક્રતાના જે છ પ્રકારો બતાવ્યા છે તે બધામાં વર્ણોની આવૃત્તિ થોડે થોડે અંતરે થવી જોઈએ એમ કહેલું છે. હવે આ ત્રીજો પ્રકાર એવો બતાવે છે જેમાં વર્ણો અંતર વગર પાસે પાસે આવૃત્ત થયા હોય.

એ જ વર્ણવિન્યાસવક્રતાનું બીજા એક પ્રકારના વૈચિત્ર્ય કહેતાં સૌંદર્ય મારફતે નિરૂપણ કરે છે—

૩

**કોઈ વાર અંતર રાખ્યા વગરની મનોહર અનુ-પ્રાસયોજના પણ સ્વરોના ભેદને લીધે સૌંદર્યને અત્યંત પરિપોષક થઈ પડે છે.**

કોઈ વાર વાક્યમાં અનિયત સ્થાને અને કોઈ વાર તો વચ્ચે અંતર ન હોય તોયે, એક, બે કે વધુ વર્ણો ફરી ફરી યોજાયા

હોય, તો તે રચના હૃદયને આકર્ષક થઈ પડે છે. કહેવાનો અર્થ એ છે કે આવું કોઈ વાર જ બને છે, એને યમક કહી શકાય એમ નથી. કારણ, યમકનું સ્થાન નિયત હોય છે. અહીં અંતર વગર એમ કહ્યું છે તેમાં વચમાં આવતા સ્વરોને લેખામાં લેવાના નથી, કારણ, તેમ કરવું યોગ્ય નથી.

એક વર્ણ વ્યવધાન વગર ફરી આવ્યો હોય એવું ઉદાહરણ—

वामं कज्जलवद्विलोचनमुरो रोहद्विसारिस्तनम् ॥९॥

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૪૪મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૪૧), અનુવાદ ત્યાં જોવો.

એમાં कज्जलમાં 'જ' અને પછી તરત 'જ' આવ્યો છે અને विलोचनमुरो रोहत्માં 'ર' પછી 'ર' આવ્યો છે તેથી આ દાખલો આપ્યો છે.

બે વર્ણો વ્યવધાન વગર ફરી આવ્યા હોય એવું ઉદાહરણ—

ताम्बूलीनद्धमुग्धक्रमुकतरुतलस्रस्तरे सानुगाभिः
पायं पायं कलाचीकृतकदलदलं नारिकेलीफलाम्भः ।
सेव्यन्तां व्योमयात्राश्रमजलजयिनः सैन्यसीमन्तिनीभि-
र्दात्यूहव्यूहकेली कलितकुहकुहारावकान्ता वनान्ताः ॥१०॥

"આપણી સેનાની સ્ત્રીઓ પોતાની સખીઓ સાથે, નાગરવેલથી વીંટાયેલાં સોપારીનાં વૃક્ષો નીચેના બિછાના ઉપર બેસીને, કેળના પાંદડાના પડિયા કરી, નાળિયેરનું પાણી પી પીને, આકાશયાત્રાના શ્રમથી થયેલા પસીનાને હરી લેનાર અને ચાતકોના ટોળાની રમતના કલબલાટથી ગાજતા સુંદર વનપ્રદેશોનું સેવન કરો." (બાલરામાયણ, ૧-૬૩) ૧૦

આ શ્લોકમાં 'पायं पायं' 'कदलदल,' केली कलित,' 'कुहकुहाराव'માં બે અક્ષરો વ્યવધાન વગર ફરી આવ્યા છે માટે આ દાખલો આપ્યો છે.

બીજું ઉદાહરણ—

अयि पिबत चकोराः कृत्स्नमुन्नाम्य कण्ठान्
क्रमुकवलनचञ्चच्चञ्चवश्चन्द्रिकाम्भः ।
विरहविधुरितानां जीवितत्राणहेतो-
र्भवति हरिणलक्ष्म्या येन तेजोदरिद्रः ॥११॥

"સોપારી ખાઈને તીણી થયેલી ચાંચોવાળા હે ચકોરો, કંઠ ઊંચા કરીને ચંદ્રિકારૂપી બધું પાણી પી જાઓ, જેથી મૃગલાંછન ચંદ્ર તેજ વગરનો થઈ જાય અને વિરહવેદનાથી પીડાતા જનોના પ્રાણ બચે." (બાલરામાયણ, ૫-૭૩) ૧૧

આ શ્લોકમાં कृत्स्नमुन्नाम्य અને चञ्चच्चञ्चवः વગેરેમાં બબ્બે વર્ણો વ્યવધાન વગર ફરી આવ્યા છે.

જેમાં અનેક વર્ણો વ્યવધાન વગર ફરી આવ્યા હોય એવું ઉદાહરણ—

सरलतरलतालासिका ॥१२॥

આમાં ર, લ, ત વ્યવધાન વગર બે વાર આવ્યા છે. આ જ ઉન્મેષમાં બીજા ઉદાહરણ તરીકે આવેલો શ્લોક જુઓ (પૃ. ૧૦૩).

કારિકામાં 'अपि' શબ્દ છે તેનો અર્થ એવો છે કે કોઈ વાર વ્યવધાન સાથે પણ વર્ણો ફરી આવે તોયે આ પ્રકારની વક્રતા થઈ શકે.

બે વર્ણોની વ્યવધાન સાથે આવૃત્તિ થતી હોય એવું ઉદાહરણ-

स्वस्थाः सन्तु वसन्त ते रतिपतेरग्रेसरा वासराः ॥१३॥

"હે વસંત, કામદેવની આગળ આગળ ચાલનાર તારા દિવસોનું ભલું થાઓ." ૧૩

આમાં सन्तु वसन्त અને अग्रेसरा वासराःમાં सन्तु અને सन्त વચ્ચે 'વ' આવે છે અને सरा અને सरा વચ્ચે 'વા' આવે છે.

અનેક વર્ણોની વ્યવધાન સાથે આવૃત્તિ થઈ હોય એવું ઉદાહરણ—

चकितचातकमेचकिताविंयति वर्षात्यये ॥१४॥

વર્ષાઋતુ પૂરી થતાં ચકિત ચાતકોથી વ્યાપ્ત આકાશમાં." ૧૪

'ચકિત' વર્ણગુચ્છ બે વાર આવે છે પણ તેમની વચ્ચે ચાતક્રમે એ વર્ણોનું વ્યવધાન છે.

કારિકામાં सा स्वराणामसारूप्यात् (સ્વરોના ભેદને લીધે) શબ્દો આવે છે એનો અર્થ એ છે કે આવૃત્ત થતા વર્ણોમાં અકારાદિ સ્વરો તેના તે ન હોય, જુદા હોય તો તેથી કોઈ નવું જ સૌંદર્ય પ્રગટે છે જેમ કે—

राजीवजीवितेश्वरे ॥१२॥

"કમલના જીવનાધાર સૂર્યનો (ઉદય થતાં)" ૧૫

એમાં जीव અને जीवि સ્વરભેદે આવૃત્ત થયા છે.

બીજું ઉદાહરણ—

धूसरसरिति ॥१६॥

"ધૂસર નદીમાં" ૧૬

એમાં सर सरिની સ્વરભેદે આવૃત્તિ થઈ છે.

ત્રીજું ઉદાહરણ—

"स्वस्थाः सन्तु वसन्त" ॥१७॥

એમાં सन्तु અને सन्तની સ્વરભેદે આવૃત્તિ થઈ છે.

ચોથું ઉદાહરણ—

तालताली ॥१८॥

આ બંને પ્રકારની વર્ણવિન્યાસવક્રતાવાળી વાક્યરચના યમકનો આભાસ ઉત્પન્ન કરતી હોઈ તે મોતીના હારમાં ગૂંથેલા રત્નજડિત પદક જેવી સુંદર લાગે છે અને તેથી સહૃદયોના હૃદયને આનંદ આપનાર થઈ પડે છે. તેથી જ પહેલા ઉન્મેષની પાંત્રીસમી કારિકામાં કહ્યું હતું કે—

"જેમાં કવિઓ એક અલંકારથી સંતોષ ન માનતાં હારમાં મણિબંધની પેઠે એક અલંકારમાં બીજો અલંકાર ઉમેરે છે." ૧૯

૪

**અત્યંત આગ્રહપૂર્વક રચેલી ન હોવી જોઈએ,**
**તેમ કઠોર વર્ણોથી ભૂષિત પણ ન હોવી જોઈએ,**
**પહેલાં જેની આવૃત્તિ થઈ ગઈ હોય તે વર્ણોનો ત્યાગ**
**કરી નવા વર્ણોની આવૃત્તિથી શોભતી કરવી જોઈએ.**

અત્યંત આગ્રહપૂર્વક રચેલી ન હોવી જોઈએ. એમાં 'આગ્રહ'નો અર્થ 'વ્યસનિતા' કરવાનો છે. એટલે કે વર્ણોની ફરી ફરીને આવૃત્તિ એનું વ્યસન લાગ્યું હોય એમ પ્રયત્નપૂર્વક ન રચવી જોઈએ. પ્રયત્ન વગર રચાયેલી હોવી જોઈએ. વ્યસન વળગ્યું હોય એમ પ્રયત્નપૂર્વક રચવા જતાં પ્રસ્તુત ઔચિત્યને હાનિ પહોંચતાં શબ્દ અને અર્થનું પરસ્પરસ્પર્ધી સાહિત્ય સચવાતું નથી. જેમ કે—

भण तरुणि વગેરે. ૨૦

આ ઉદાહરણ પહેલા ઉન્મેષમાં ૯મું છે. (પૃ. ૧૦). એનો અર્થ અને એની ચર્ચા ત્યાં જોઈ લેવી.

'તેમ કઠોર વર્ણોથી ભૂષિત પણ ન હોવી જોઈએ જેમ કે—

शीर्णघ्राणांघ्रि વગેરે. ૨૧

સૂર્યશતકનો આ છઠ્ઠો શ્લોક કાવ્યપ્રકાશમાં સાતમા ઉલ્લાસમાં ૩૦૧મા ઉદાહરણ તરીકે ઉતારેલો છે.

शीर्णघ्राणांघ्रिपाणीन् व्रणिभिरपघनैर्घर्घराव्यक्त घोषान्
दीर्घाघ्रातानघोघैः पुनरपि घटयत्येक उल्लाघयन् यः
घर्मांशोस्तस्य वोऽन्तर्द्विगुणघनघृणानिघ्ननिर्विघ्नवृत्ते-
र्दत्तार्घाः सिद्धसंघैर्विदधतु घृणयः शीघ्रमंहोविघातम् ॥

"અનેક પાપોને કારણે નાક, પગ અને હાથ ગળી જવાથી ઘાવાળાં બાકીનાં અંગોથી ઘર્ઘર અસ્પષ્ટ અવાજે બોલનારા કોઢિયાઓને, જેના અંતરમાં બેવડી ઘનીભૂત થયેલી દયાથી પાપનું અચૂક નિવારણ કરવાનો જેનો સ્વભાવ થઈ ગયો છે એવો જે સૂર્ય એકલો નીરોગી બનાવી દઈ તેનાં ગળી ગયેલાં અંગોને ફરી નવાં

બનાવી દે છે, તેનાં સિદ્ધો અને દેવો વડે પૂજાતાં કિરણો સત્વર તમારાં પાપોનો નાશ કરો."

આ શ્લોકમાં બધે જ કઠોર વર્ણોનો ઉપયોગ કર્યો છે તેથી એ વર્ણવિન્યાસવક્રતાનું સુંદર ઉદાહરણ નથી.

તો પછી વર્ણવિન્યાસવક્રતા કેવી રચવી? તો કે 'પહેલાં જેની આવૃત્તિ થઈ ગઈ હોય તે વર્ણોનો ત્યાગ કરી નવા વર્ણોની આવૃત્તિથી શોભતી.' આમાં બે વસ્તુ છે. (૧) જે વર્ણોની આવૃત્તિ વારે વારે થઈ ગઈ હોય તેનો ત્યાગ કરવો, અને (૨) નવા વર્ણોની આવૃત્તિ કરવી. આ બંને વાનાંથી શોભતી હોય એવી વર્ણવિન્યાસવક્રતા રચવી, જેમ કે—

एतां पश्य पुरस्तटीमिह किल क्रीडाकिरातो हरः
कोदण्डेन किरीटिना सरभसं चूडान्तरे ताडितः ।
इत्याकर्ण्य कथाद्भुतं हिमनिधावद्रौ सुभद्रापते-
र्मन्दं मन्दमकारि येन निजयोर्दोर्दण्डयोर्मण्डनम् ॥

"આ સામેનો કિનારો જુઓ, અહીં પહેલાં કિરાત વેશધારી શિવના માથા ઉપર અર્જુને પોતાના ધનુષનો જોરથી પ્રહાર કર્યો હતો. એવી હિમાલય પર્વત ઉપર સુભદ્રાપતિ અર્જુનની અદ્ભુત કથા સાંભળીને જેણે ધીરે ધીરે પોતાની ભુજાઓને (લડવા માટે) તૈયાર કરી." ૨૨

આ શ્લોક 'અભિનવભારતી'ના ૧૬મા અધ્યાયમાં, 'સરસ્વતીકંઠાભરણ'માં અને હેમચન્દ્રના 'કાવ્યાનુશાસન'માં ઉતારેલો છે. એમાં પહેલાં 'પ'ની, પછી 'ક' 'ડ' અને 'ત'ની અને તે પછી 'દ્ર'ની 'મ'ની અને 'ન્દ'ની અને 'ણ્ડ'ની આવૃત્તિ યોજી છે. આમ એમાં ઉપર કહેલાં બંને વાનાં સચવાયાં છે.

બીજું ઉદાહરણ—

हंसानां निनदेषु વગેરે. ૨૩

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૭૩મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૫૮) ત્યાં જોવો.

ત્રીજું ઉદાહરણ—

**एतन्मन्दविपक्व વગેરે ૨૪**

આ શ્લોક પણ પહેલા ઉન્મેષમાં ૧૦૭મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૮૮)

ચોથું ઉદાહરણ—

णमह दसाणणसरवसकरतुलिअवलन्तसेलभअविहलं
वेवं तथोरथणहरहरकअकठिग्गहं गोरिं ॥२५॥
नमत दशाननसरभसकरतुलितवलच्छैलभयविह्वलम् ।
वेपमानस्थूलस्तन भरहटकृतकठिग्रहां गौरीम् ॥छाया॥

"રાવણે જોરથી હાથ પર ઉઠાવી લેવાને કારણે હાલતા કૈલાસ પર્વત ઉપર ભયથી બેબાકળી બની ગયેલી અને ઊછળતાં ભારે સ્તનો સાથે શિવને ગળે વળગી પડેલી ગૌરીને નમસ્કાર હો." ૨૫

એમાં પણ પૂર્વાર્ધમાં અને ઉત્તરાર્ધમાં જુદા જુદા વર્ણોની આવૃત્તિ છે.

આમ વર્ણવિન્યાસવક્રતાની સમજૂતી આપી તેનો ઉપસંહાર કરે છે—

**૫**

**વર્ણના સૌંદર્ય અનુસાર (માધુર્યાદિ) ગુણો અને (સુકુમારાદિ) માર્ગનું અનુસરણ કરનારી આ (વર્ણ-વિન્યાસ) વક્રતાને પ્રાચીન ઉદ્‌ભટાદિ આચાર્યોએ (ઉપનાગરિકા વગેરે) વૃત્તિના વૈચિત્ર્ય કહેતાં સૌંદર્યથી યુક્ત કહી છે.**

વર્ણનું સૌદર્ય એટલે તેના માધુર્ય વગેરે ગુણો; (કેટલાક વર્ણો કાનને મધુર લાગે એવા હોય છે તો કેટલાક કઠોર હોય છે.) એ ગુણને ધ્યાનમાં રાખીને જે વસ્તુનું વર્ણન કરવાનું હોય તેને અનુરૂપ વર્ણોની યોજના કરવી જોઈએ. એમ કરવાથી માધુર્ય વગેરે

ગુણો તેમ જ સુકુમાર વગેરે માર્ગોનું પણ અનુસરણ થશે. અહીં ગુણોનો ઉલ્લેખ પહેલો કર્યો છે અને માર્ગોનો પછી કર્યો છે, તેનું કારણ એ છે કે ગુણોનો સંબંધ રસ સાથે વધુ અંતરતમ હોય છે અને ગુણો મારફતે જ માર્ગોનું અનુસરણ થઈ શકે છે.

આનો અર્થ એ કે જોકે આ વર્ણવિન્યાસવક્રતા વ્યંજનોના સૌંદર્ય અનુસાર જ યોજાય છે, તેમ છતાં એની યોજના અમુક ચોક્કસ ગુણવિશિષ્ટ માર્ગને અનુસરીને વર્ણ્ય વસ્તુના સ્વરૂપમાં પ્રવેશી શકાય એ રીતે કરવી. કારણ, એ વર્ણવિન્યાસવક્રતાના અનેક પ્રકારો એ માર્ગોમાંથી ફૂટતા – ફલિત થતા હોય છે. (ઉદ્‌ભટાદિ) પ્રાચીન આચાર્યોએ એને જ, સ્વતંત્ર રીતે, વૃત્તિવૈચિત્ર્યયુક્ત કહી છે (એટલે કે એ જ વૃત્તિ છે એમ કહ્યું છે). ઉપનાગરિકા વગેરે વૃત્તિઓની વિવિધતા તેમ જ સંખ્યા બધી જ આ વર્ણ-વિન્યાસવક્રતામાં સમાઈ જાય છે, એવું પૂર્વસૂરિઓએ કહ્યું છે.

આ બધાનું તાત્પર્ય એ છે કે આ વર્ણવિન્યાસવક્રતાએ બધા ગુણોના સમન્વય દ્વારા સુકુમાર વગેરે માર્ગોનું અનુસરણ કરવાનું રહે છે. આથી એ પરતંત્ર હોય અને એના અસંખ્ય પ્રકારો હોય એ બંને અનિવાર્ય છે. તેથી એ સ્વતંત્ર છે અને એના અમુક જ પ્રકાર છે એમ કહેવું તર્કસંગત નથી.

અહીં કોઈ એવો પ્રશ્ન ઉઠાવે કે પહેલાં (આ ઉન્મેષની પહેલી કારિકામાં) "એક, બે કે વધારે૦" એમ કહીને તમે જ એના મર્યાદિત અમુક (ત્રણ) જ પ્રકાર ગણાવ્યા છે અને એ સ્વતંત્ર છે, એમ પણ કહ્યું છે, છતાં હવે આમ કેમ કહો છો ? તો કહેવાનું કે એ કંઈ દોષ નથી. કેમ કે લક્ષણકારો કોઈ આખા પદાર્થના ભાગરૂપ પદાર્થ બીજાને સમજાવવા માટે તેને પહેલાં આખાથી અલગ પાડી તે સ્વતંત્ર હોય એમ તેના સ્વરૂપનું નિરૂપણ કરે છે. અને પછી તેને આખાના એક ભાગરૂપે સમજાવે છે. એટલે આ વાતનો વિસ્તાર કરવાની જરૂર નથી.

આ જે વર્ણવિન્યાસવક્રતા નામે શબ્દાલંકાર છે, એનું કોઈ નિયત સ્થાન નથી, એટલે એ આખા વાક્યનો વિષય હોય એ રીતે એનું નિરૂપણ કર્યું છે. તેમ છતાં, જો એનું સ્થાન નિયત કરી નવા પ્રકારે એની યોજના કરવામાં આવે તો તે કોઈ જુદું જ સૌંદર્ય ધારણ કરે છે. (અનુપ્રાસનો આવો નિયત સ્થાનવાળો પ્રકાર તે યમક) એનું સ્વરૂપ હવે કહે છે—

૬, ૭

**સમાન વર્ણના, જુદા અર્થવાળા, પ્રસાદયુક્ત, શ્રુતિમધુર અને ઔચિત્યમય શબ્દોથી સધાતો આદિ વગેરે નિયત સ્થાને શોભતો આ વર્ણવિન્યાસ-વક્રતાનો યમક નામે જુદો પ્રકાર જોવામાં આવે છે, તેનું કોઈ જુદું સૌંદર્ય ન હોઈ તેનું વધુ વિવેચન કરતા નથી.**

એક, બે કે વધુ સમાન વર્ણો વચમાં અંતર રાખીને કે અંતર રાખ્યા વગર યોજાય તેનું નામ યમક. યમકમાં સમાન વર્ણના બે સમુદાયોની યોજના થાય છે, તેમ છતાં તે બંનેનો અર્થ જુદો જુદો થતો હોય છે.

આથી જ વિશ્વનાથે યમકની વ્યાખ્યા એવી કરી છે કે

सत्यर्थे पृथगर्थायाः स्वरव्यंजनसंहतेः ।
क्रमेण तेनैवावृत्तिर्यमकं विनिगद्यते ॥

એટલે કે સ્વરવ્યંજનના સમુદાયની તે જ ક્રમમાં આવૃત્તિ તે યમક. એ વર્ણસમુદાયનો જો અર્થ થતો હોય તો બંને સ્થળે જુદો થવો જોઈએ. અર્થ ન થતો હોય તો તો કોઈ પ્રશ્ન જ નથી.

બીજું શું હોવું જોઈએ ? તો કે એ વર્ણસમુદાય પ્રસાદ-ગુણયુક્ત એટલે કે મહેનત વગર તરત અર્થ સમજાય એવો હોવો જોઈએ. અને શ્રુતિમધુર એટલે કાનને ગમે એવો, કઠોર વર્ણો વગરનો હોવો જોઈએ. વળી, એ ઔચિત્યમય એટલે કે વસ્તુના સ્વભાવને અર્થાત્ કાવ્યવિષયને બિલકુલ અનુરૂપ હોવો જોઈએ.

એટલે કે જ્યાં યમકની રચના પ્રયત્નપૂર્વક વ્યસન વળગ્યાની પેઠે કરી હોય ત્યાં પણ ઔચિત્ય તો સચવાવું જ જોઈએ. એ યમક ચરણમાં આદિ, મધ્ય કે અંત્ય એવા કોઈ નિયત સ્થાને યોજાયો હોય ત્યારે શોભે છે. વર્ણવિન્યાસવક્રતાનો આ પ્રકાર ઉપર કહેલાં લક્ષણોથી યુક્ત હોવા છતાં અહીં એનો વિસ્તાર કરવામાં આવતો નથી, કારણ, એમાં સ્થાન નિયત હોય છે તે સિવાય બીજું કોઈ સૌંદર્ય સંભવતું નથી. અર્થાત્ એમાં વર્ણવિન્યાસના વૈચિત્ર્ય સિવાય બીજું કોઈ પણ જીવાતુભૂત તત્ત્વ જોવા મળતું નથી. એટલે એને હમણાં કહેલી વર્ણવિન્યાસવક્રતા અથવા યમકાલંકારનો જ એક ભેદ માનવો ઉચિત છે. એનાં ઉદાહરણ 'શિશુપાલવધ'ના ચોથા સર્ગમાં ઘણાં છે, પણ તેમાં પ્રસાદગુણયુક્ત તો થોડાં જ છે. 'રઘુવંશ'માં પણ વસંતવર્ણન(સર્ગ ૯)માં એનાં ઉદાહરણો મળે એમ છે.

આ રીતે, પદના ઘટક વર્ણોની વક્રતાનું નિરૂપણ કર્યા પછી વર્ણસમુદાયરૂપ પદની વક્રતાનું નિરૂપણ કરવાનું આવે છે. એમાં પદપૂર્વાર્ધની વક્રતાના કેટલા પ્રકારો સંભવે છે તેનાથી શરૂઆત કરે છે—

## ૮, ૯

**જ્યારે લોકોત્તર તિરસ્કાર કે લોકોત્તર પ્રશંસાનું કથન કરવાના ઇરાદાથી વાચ્યાર્થની પ્રતીતિ રૂઢિથી અસંભવિત કોઈ ધર્મના ગર્ભિત અધ્યારોપ સાથે અથવા કોઈ વિદ્યમાન ધર્મના અતિશયના ગર્ભિત અધ્યારોપ સાથે કરાવવામાં આવે ત્યારે રૂઢિવૈચિત્ર્ય-વક્રતા નામનો પદપૂર્વાર્ધવક્રતાનો પ્રકાર થાય.**

[૧] "જ્યારે રૂઢિથી અસંભવિત કોઈ ધર્મના ગર્ભિત અધ્યારોપની પ્રતીતિ કરાવવામાં આવે." શબ્દનો અમુક ચોક્કસ અર્થનો બોધ કરાવવાનો જે ધર્મ તે રૂઢિ કહેવાય છે. (અર્થાત્ આ શબ્દનો આ અર્થ એમ જે નક્કી થયું હોય છે તે રૂઢિ કહેવાય છે.) રૂઢિ

શબ્દ रूह् = ચડવું ધાતુ ઉપરથી આવેલો છે. એમાં શબ્દ કોઈ એક જ વિશેષ અર્થનો બોધ કરાવે છે. એ રૂઢિના બે પ્રકાર છે: (૧) ચોક્કસ સામાન્ય અર્થનો બોધ કરાવનાર, અને (૨) કોઈ ચોક્કસ વિશેષ અર્થનો બોધ કરાવનાર. તેથી રૂઢિ શબ્દથી અહીં રૂઢિપ્રધાન શબ્દ એમ સમજવાનું છે. કારણ, ધર્મ અને ધર્મીનો ઉપચારથી અભેદ માનવામાં આવે છે. શબ્દનો રૂઢિથી અર્થ કરતાં જે ધર્મનો અર્થ નીકળવો અસંભવિત હોય એવા કોઈ ધર્મનો અધ્યારોપ જેમાં ગર્ભિત એટલે કે અભિપ્રેત હોય તે રૂઢિવૈચિત્ર્ય-વક્રતાનો એક પ્રકાર થયો.

બીજો પ્રકાર એવો છે જેમાં કોઈ વિદ્યમાન ધર્મના અતિશય-નો અધ્યારોપ ગર્ભિત હોય.

આવો અધ્યારોપ શા માટે કરવામાં આવે છે? તો કે લોકોત્તર તિરસ્કાર કે લોકોત્તર પ્રશંસા કરવા માટે, એટલે કે વર્ણ્ય વિષયનો અત્યંત તિરસ્કાર કરવા માટે અથવા તેને ખૂબ ઉતારી પાડવા માટે અથવા તેની પ્રશંસાપાત્ર જે મોટાઈ હોય તેને ખૂબ વધારીને કહેવા માટે આમ કરવામાં આવે છે. અહીં જે વર્ણ્ય વિષય છે તે રૂઢિ શબ્દથી દર્શાવવામાં આવ્યો હોય છે. એ રૂઢિ શબ્દનો જે વાચ્યાર્થ તે અહીં વર્ણ્ય વિષય હોય છે અને તેની નિંદા કે સ્તુતિ અભિપ્રેત હોય છે. આને રૂઢિવૈચિત્ર્યવક્રતા કહે છે. કારણ, એમાં આ યુક્તિને લીધે એટલે કે અસંભવિત ધર્મના ગર્ભિત અધ્યારોપને લીધે અથવા વિદ્યમાન ધર્મના અતિ-શયના ગર્ભિત અધ્યારોપને લીધે રૂઢિ શબ્દમાં વક્રતા કહેતાં સૌંદર્ય આવે છે.

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે અનુમાનની પેઠે સામાન્ય-માત્રનો બોધ કરાવનાર શબ્દો નિયત વિશેષનો બોધ સ્વાભાવિક રીતે જ સહેજ પણ કરાવી શકતા નથી, તેમ છતાં, આ યુક્તિને લીધે તેઓ કવિને વિવક્ષિત નિયત વિશેષનો બોધ કરાવી શકે છે અને તેથી કોઈ અલૌકિક ચમત્કારી બની જાય છે.

આ ભાગ બરાબર સમજવા માટે થોડા વિશેષ વિવેચનની જરૂર છે. યોગદર્શનમાં પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એ ત્રણ જ પ્રમાણો માનેલાં છે. વ્યાસભાષ્યમાં પ્રત્યક્ષને વિશેષાવધારણાપ્રધાન અને અનુમાનને સામાન્યાવધારણાપ્રધાન કહેલું છે. દરેક પદાર્થના બે અંશ અથવા રૂપ હોય છે: સામાન્ય અને વિશેષ. જેમ કે આ પુસ્તક છે, એનું પુસ્તકત્વ એ સામાન્ય રૂપ છે. દુનિયામાં બીજાં હજારો પુસ્તકો છે તેવું એ પણ એક પુસ્તક છે, એ એનું સામાન્ય રૂપ થયું. પણ એ ઉપરાંત એનું વ્યક્તિગત વિશેષ રૂપ પણ છે. એ આટલા ઇંચ લાંબું, આટલા ઇંચ પહોળું, આટલું જાડું વગેરે છે, એ એનું વિશેષ રૂપ છે. આપણે જ્યારે એને પ્રત્યક્ષ જોઈએ છીએ ત્યારે એના આ વિશેષ રૂપનો જ પ્રધાનપણે બોધ થાય છે. અને આપણે જ્યારે અનુમાનથી કે કોઈના કહેવાથી શબ્દપ્રમાણ દ્વારા એનું જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ ત્યારે એના પુસ્તકરૂપી સામાન્ય રૂપનો જ આપણને બોધ થાય છે. આથી યોગદર્શનમાં પ્રત્યક્ષ પ્રમાણને सामान्यविशेषात्मनोऽर्थस्य विशेषावधारणप्रधाना वृत्तिः प्रत्यक्षम् અને અનુમાન વગેરેને सामान्यावधारणप्रधाना वृत्तिरनुमानम् । કહ્યું છે. એને આધારે અહીં ગ્રંથકારે અનુમાનને સામાન્યમાત્રનો બોધ કરાવનાર કહ્યું છે. અનુમાન સામાન્યમાત્રનો બોધ કરાવનાર હોઈ સામાન્ય અગ્નિનો બોધ કરાવી શકે છે, વિશેષ અગ્નિનો બોધ કરાવી શકતું નથી. તેથી, જેમ સામાન્યમાત્રનો બોધ કરાવનાર અનુમાન વિશેષનો બોધ કરાવી શકતું નથી તેમ સામાન્યમાત્રનો બોધ કરાવનાર શબ્દો પણ અભિધાશક્તિ દ્વારા વિશેષનો બોધ કરાવી શકતા નથી. એ માટે વ્યંજના વગેરેનો આશ્રય લેવો પડે છે.

જેમ કે—

> "ગુણો સહૃદયો વડે સ્વીકારાય છે ત્યારે જ ખરેખર ગુણ બને છે, જ્યારે રવિકિરણો અનુગ્રહ કરે છે ત્યારે જ કમળ કમળ બને છે." ૨૯

અહીં 'કમળ કમળ બને છે' એમ કહેવાનો કશો અર્થ નથી. એટલે એનો મુખ્યાર્થ બાધિત થાય છે અને પછી લક્ષણાથી 'વ્યંગ્યગુણવિશિષ્ટ કમળ' એવો અર્થ થાય છે અને તેનું પ્રયોજન લક્ષ્મી કહેતાં શોભા, સૌરભ અને પૂર્ણ વિકાસ વગેરે સેંકડો ગુણોનું સૂચન કરવાનું છે. આમ, ધ્વનિવાદીઓને મતે, એ અર્થાન્તરસંક્રમિતવાચ્ય ધ્વનિનું ઉદાહરણ થાય.

કુંતકને મતે અહીં સામાન્ય અર્થવાચક 'કમળ' શબ્દ કવિની યુક્તિને લીધે 'કવિને અભિપ્રેત એવા ગુણોવાળું કમળ' એવો અર્થ વ્યક્ત કરે છે, એટલે રૂઢિવૈચિત્ર્યવક્રતાનું ઉદાહરણ છે.

આઠમી કારિકામાં 'प्रतीयते' એ ક્રિયાપદવૈચિત્ર્યનો અભિપ્રાય એ છે કે આવા દાખલાઓમાં શબ્દનો વાચકત્વરૂપ અભિધાવ્યાપાર નથી હોતો, પણ બીજા અર્થનો બોધ કરાવનાર વ્યંજનાવ્યાપાર હોય છે. આ વાત તર્કસંગત હોવા છતાં અમે અહીં એનો વિસ્તાર કરતા નથી. કારણ, ધ્વનિકાર આનંદવર્ધનાચાર્યે આવા દાખલામાં વ્યંગ્યવ્યંજક ભાવનું સારી રીતે સમર્થન કરેલું છે એટલે પુનરુક્તિ કરવાનો અર્થ નથી.

આ રૂઢિવૈચિત્ર્યવક્રતા બે પ્રકારની સંભવે છે: (૧) જેમાં રૂઢિ શબ્દથી નિર્દેશાતું પાત્ર પોતે જ પોતાને વિશે ઉત્કર્ષ કે અપકર્ષનો આરોપ કરી બોલતું કવિએ ચીતર્યું હોય, અથવા (૨) જેમાં વક્તા કોઈ બીજો હોય.

જેમ કે—

"સ્નિગ્ધ અને શ્યામલ મેઘોની કાન્તિથી આકાશ લીંપાઈ ગયું છે, ઉત્સાહભરી બગલીઓ ચક્કર લગાવતી ઊડી રહી છે, પવનમાં શીકર ભળેલી છે, મેઘના મિત્ર મયૂરો આનંદકેકા કરી રહ્યા છે; ભલે આમ થતું. હું તો અત્યંત કઠોર હૃદયનો રામ છું, બધું સહી લઉં છું. પણ સીતાનું શું થશે? 'અરેરે! દેવી, ધીરજ ધર.'" (મહાનાટક, ૫–૭, ધ્વન્યાલોક, ૨–૧; કાવ્યપ્રકાશ, ઉદા. ૧૧૨.) ૨૭

આ શ્લોકમાં, 'રામ' શબ્દથી, 'હું અત્યંત કઠોર હૃદયનો છું', 'બધું સહું છું' એ શબ્દો મારફતે પણ જેનો બોધ કરાવી શકાતો નથી એવી કોઈ અકલ્પ્ય અને અસાધારણ ક્રૂરતા એ નામને લીધે સૂચવાય છે, જેને લીધે આવા વિવિધ ઉદ્દીપન વિભાવોને સહન કરવાનું સામર્થ્ય અને જનકસુતાના દુઃસહ

વિરહની વેદનાથી દુઃખમય સમયે પણ લગારે લજવાયા વગર પોતાના પ્રાણનું રક્ષણ કરવાની વિચક્ષણતા એ બતાવી શકે છે. 'વૈદેહી' એ પદથી વર્ષાકાળના (મેઘ, બલાકા, મયૂર વગેરે) સુંદર પદાર્થોને જોઈને સ્વસ્થ રહેવાની તેની અશક્તિસૂચક તેના સ્વાભાવિક સૌકુમાર્યસુલભ કોઈ અલૌકિક કાતરત્વ સૂચિત થાય છે. અને એ (એટલે કે સીતાના સ્વાભાવિક સૌકુમાર્યસુલભ કાતરત્વ) જ પહેલાં કહેલા(જનકસુતા રૂપ સામાન્ય અર્થ)થી ભિન્ન (સૌકુમાર્યના અતિશયરૂપ) વિશેષતાનું કથન કરનાર તુ (પણ) પદનું જીવિત છે.

આ દૃષ્ટાંતમાં શબ્દના વાચ્યાર્થમાંથી જેનો બોધ ન થઈ શકે એવા ધર્મનું આરોપણ ગર્ભિત છે. એ પહેલો પ્રકાર થયો.

જેમાં કોઈ વિદ્યમાન ધર્મના અતિશયનો વાચ્યમાં ગર્ભિત આરોપ કરવામાં આવ્યો હોય એવું ઉદાહરણ—

"પછી પૃથ્વીના ઇન્દ્ર દિલીપના પુત્ર રઘુએ નિર્ભયતાપૂર્વક હસીને ઇન્દ્રને કહ્યું, જો આ જ તારો નિશ્ચય હોય તો હથિયાર ઉઠાવ; રઘુને જીત્યા વગર તને સફળતા નહિ મળે." (રઘુવંશ, ૩–૫૧) ૨૮

આ શ્લોકમાં 'રઘુ' શબ્દથી જેનો પ્રભાવ સર્વત્ર અપ્રતિહત છે એવા ઇન્દ્રના પણ આવા (અશ્વહરણરૂપ) નિશ્ચયને નિષ્ફળ બનાવવાના સામર્થ્યને કારણે પોતાના કોઈ અપૂર્વ પૌરુષાતિશયનું સૂચન થાય છે.

જ્યાં વક્તા બીજો હોય એવું ઉદાહરણ—

"એની આજ્ઞા ઇન્દ્ર પણ માથે ચડાવે છે, શાસ્ત્રો તો એની નવી આંખ છે, ભૂતપતિ પિનાકપાણિનો એ ભક્ત છે, દિવ્ય નગરી લંકા એની રાજધાની છે, ખુદ બ્રહ્માના વંશમાં એ જન્મેલો છે. એ જો 'રાવણ' ન હોય તો એના જેવો બીજો વર મળે એમ નથી. પણ બધામાં બધા ગુણ ક્યાંથી હોય?" (બાલરામાયણ, ૧–૩૬) ૨૯

આ શ્લોકમાં 'રાવણ' શબ્દ એને વર તરીકે નાલાયક ઠેરવે એવા રાવણની જગપ્રસિદ્ધ દુષ્ટતા સિવાયના કોઈ દોષનું સૂચન કરે છે, જેને લીધે ઉચ્ચ કુળમાં જન્મ, વિદ્વત્તા, સદાચાર, પ્રભાવ, સંભોગસુખની સમૃદ્ધિ વગેરે વરમાં હોવા જોઈતા બધા ગુણોનો છેદ ઊડી જાય છે.

આ જ પ્રકારમાં એટલે કે જેમાં વક્તા કોઈ બીજો હોય એ પ્રકારમાં કોઈ વિદ્યમાન ગુણના અતિશયનો ગર્ભિત અધ્યારોપ હોય એવું ઉદાહરણ—

> "આ રામ પોતાના પરાક્રમને લીધે ત્રણે લોકમાં ભારે પ્રસિદ્ધિ પામેલા છે." વગેરે. ૩૦

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૪૩મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૪૧), એટલે ત્યાં જોઈ લેવો.

એમાં 'રામ' શબ્દથી ત્રિભુવનમાં અજોડ અને રાવણનો અનુચર પણ વિસ્મય પામે એવું અદ્ભુત શૌર્ય સૂચિત થાય છે.

આ રૂઢિવૈચિત્ર્યક્તાના, પ્રતીયમાન ધર્મો અનેક હોવાને કારણે, અનેક પ્રકારો સંભવે છે. તે જાતે જ સમજી લેવા. જેમ કે—

> "ગુરુદક્ષિણા માટે માગવા આવેલ કોઈ વેદનો પારંગત રઘુ પાસેથી ઇચ્છા પૂરી ન થતાં કોઈ બીજા દાતા પાસે ગયો એવો આજ સુધી ન આવેલો અપવાદ મારે માથે ન આવો." (રઘુવંશ, ૫-૨૪) ૩૧

આ શ્લોકમાં 'રઘુ' શબ્દથી ત્રણે લોકમાં અજોડ એવા ઔદાર્યનો અતિરેક વ્યંજિત થાય છે. આ રૂઢિવૈચિત્ર્યવક્રતામાં ખૂબી એ છે કે શબ્દ સામાન્યમાત્રનો બોધ કરાવવાનું છોડીને કવિને વિવક્ષિત વિશેષ અર્થનો બોધ કરાવવાનું સામર્થ્ય પ્રાપ્ત કરે છે અને એ રીતે અતિશય સૌંદર્ય પ્રગટ કરે છે.

સંજ્ઞા એટલે કે વિશેષ નામરૂપ શબ્દો તો અમુક ચોક્કસ વ્યક્તિનો જ બોધ કરાવે છે, એટલે તેમાં કાંઈ સામાન્ય વિશેષ

**ભાવ સંભવતો નથી – એમ ન કહેવું જોઈએ. કારણ, સંજ્ઞાવાચક શબ્દો પણ તેમના વાચ્યાર્થની હજારો અવસ્થાઓનો સાધારણ-ભાવે બોધ કરાવે છે, તેમ છતાં, તેઓ સ્વરશ્રુતિન્યાયે અથવા લગ્નાંશુકન્યાયે કવિને અભિપ્રેત ચોક્કસ દશા વિશેષનો પણ બોધ કરાવી શકે છે.**

અહીં કહેવાનો અર્થ એ છે કે વિશેષ નામો અમુક ચોક્કસ વ્યક્તિનો બોધ કરાવે છે એ વાત સાચી, પણ એ ચોક્કસ વ્યક્તિના જીવનમાં અનેક મનઃસ્થિતિઓ, અનેક પરિસ્થિતિઓ, અનેક ગુણધર્મો વગેરે પ્રગટ થયાં હોય છે, તે બધાંને પણ એ વિશેષ નામ સામાન્યપણે લાગુ પડે જ છે, એટલે કવિને ઇષ્ટ કોઈ એક વિશેષ મનઃસ્થિતિ કે પરિસ્થિતિ કે ધર્મનો પણ તે બોધ જરૂર કરાવી શકે. જેમ કે 'રામ' એ વિશેષ નામ તો રામના જન્મથી માંડીને અવસાન સુધીનું સમગ્ર જીવન જેનામાં મૂર્ત થયું છે તે વ્યક્તિનો બોધ કરાવે છે, એટલે એના આખા જીવનમાંથી કવિને તે પ્રસંગે એના જીવનની જે પરિસ્થિતિ અથવા મનોદશા કે એના શૌર્ય, પરાક્રમ, સહનશીલતા વગેરે જે કોઈ ગુણધર્મનો બોધ કરાવવો ઇષ્ટ હોય તે પણ એ કરાવી શકે. જેમ સંગીતમાં સાત સ્વરો છે. પણ તેમાંના પ્રત્યેકની અનંત છાયા શ્રુતિ પ્રમાણે સંભવે છે અને ગાયક એમાંથી ગમે તેનો જરૂર પડ્યે ઉપયોગ કરી શકે છે, તેવું આ છે. અહીં બીજું દષ્ટાંત લગ્નાંશુકનું આપેલું છે. પણ તે સ્પષ્ટ થતું નથી.

જેમ પુસ્તક શબ્દના સામાન્ય અને વિશેષ એવા બે અંશો અથવા રૂપો છે, તેવા જ રામના પણ સંભવે. રામ શબ્દ આખા જીવનવ્યાપી વ્યક્તિત્વને લાગુ પડે તેમ એ સમગ્ર જીવનના કોઈ એક અંશવિશિષ્ટ વ્યક્તિત્વને પણ લાગુ પડી શકે, એટલું જ અહીં કહેવાનું છે.

**[૨] આમ 'રૂઢિવક્રતા'નું વિવેચન કર્યા પછી ક્રમમાં આવતી 'પર્યાયવક્રતા'નું વિવેચન કરે છે—**

## ૧૦, ૧૧, ૧૨

**જે વાચ્યની નિકટતમ હોય, તેના અતિશયને પોષક હોય, જે પોતે અથવા પોતાના વિશેષણ મારફતે બીજી રમ્યછાયાના સ્પર્શને લીધે તેને અલંકૃત**

**કરી શકે એમ હોય, જે પોતાના સૌંદર્યના ઉત્કર્ષને લીધે મનોહર હોય, જે અકલ્પ્ય અર્થનું સૂચન કરનાર હોય, જે અલંકારની શોભા વધારનાર હોય તેવા પર્યાયના ઉપયોગથી પરમોત્કૃષ્ટ પર્યાયવક્રતા સધાય છે.**

ઉપર કહેલાં વિશેષણવાળો હોય તે જ કાવ્યમાં પર્યાય ગણાય. તેને લીધે જે વૈચિત્ર્ય કહેતાં શોભા વિશેષ પ્રગટે તે પરમોત્કૃષ્ટ કોઈ અપૂર્વ પર્યાયવક્રતા કહેવાય છે. પર્યાયપ્રધાન શબ્દ પર્યાય કહેવાય છે. એની પર્યાયપ્રધાનતા એમાં રહેલી છે કે કોઈ વાર તે વિવક્ષિત વસ્તુનો વાચક બને છે, પણ કોઈ વાર બીજો જ શબ્દ વાચક બને છે. આ રીતે જોતાં પર્યાયના ઘણા પ્રકારો બતાવેલા છે.

એ પ્રકારો કેટલા છે તે હવે કહે છે. (૧) વાચ્યની નિકટતમ હોય એટલે કે બીજા પર્યાય શબ્દો હોવા છતાં નિકટતમ હોવાને કારણે વિવક્ષિત વસ્તુને એ જે રીતે વ્યક્ત કરી શકતો હોય તે રીતે બીજો કોઈ ન કરી શકતો હોય. જેમ કે—

> ''હું તારા ઉપર ખોટો આરોપ મૂકવા માગતો નથી. તપસ્વીઓનાં બાણનો શો આદર? મારી પાસે ગુફામાં બીજાં બાણો છે, જે વજ્રપાણિ ઇન્દ્રના પણ પરાક્રમધનનો ભંડાર છે.'' (કિરાતાર્જુનીય, ૧૩–૫૮) ૩૨

અહીં ઇન્દ્રના વાચક હજારો પર્યાય શબ્દો મોજૂદ હોવા છતાં 'વજ્રપાણિ' (वज्रिणः) શબ્દ વાપર્યો છે તે પર્યાયવક્રતાને પોષે છે. કારણ, વજ્ર સતત પાસે હોવા છતાં સુરપતિ ઇન્દ્રનું પરાક્રમધન ગણાય એવાં બાણોની લોકોત્તરતા એથી વ્યંજિત થાય છે. 'તપસ્વી' શબ્દ પણ અત્યંત રમણીય છે. કારણ, સુભટો કહેતાં વીર યોદ્ધાઓનાં બાણનો આદર કહેતાં બહુમાન તો કદાચ યોગ્ય ગણાય, પણ તપસ્વીઓના મામૂલી બાણોનો શો આદર!

બીજું ઉદાહરણ—

> 'અલ્યા કોણ છે?' 'હમણાં તું મને ઓળખશે.'
> 'કામદેવ.'

'સદ્‌ભાગ્યે તમે મને સંભારો છો.'
'કેમ આવ્યો?'
'તમને ઉન્મત્ત બનાવવા.'
'કેવી રીતે?'
'બળજબરીએ.'
'તારું બળ શું છે?'
'આ જો.'

'જોઉં છું' એમ કહીને જેમણે પ્રિયાના ગળે હાથ ભરાવેલા કામદેવને આગ ઝરતા પોતાના ત્રીજા નેત્રથી ભસ્મ કરી નાખ્યો તે ત્રિશૂળધારી શિવને નમસ્કાર હો." ૩૩

અહીં શિવવાચક હજારો પર્યાય મોજૂદ હોવા છતાં 'શૂલિનઃ'-નો જે પ્રયોગ કર્યો છે તેનો અભિપ્રાય એ છે કે એ ભગવાન શિવને નમસ્કાર સિવાય બીજું શું થાય? કે જેમણે અભિમાનમાં આવીને વિનયવિવેક છોડી દેનાર કામદેવ ઉપર કોપાયમાન થયેલા હોવા છતાં અને ત્રિશૂલ સતત પાસે હોવા છતાં તેના તરફ જોવા સિવાય ક્રોધને ઉચિત કોઈ આયુધ ન વાપર્યું. કેવળ દૃષ્ટિપાત કરવા માત્રથી જ ક્રોધનું કાર્ય પૂરું કર્યું એથી ભગવાન શિવનો પ્રભાવાતિશય પરિપુષ્ટ થયો છે. માટે તેમને 'નમસ્કાર હો' એ વચન તર્કસંગત લાગે છે.

(૨) વાચ્યના અતિશયને પોષક હોય એવો પર્યાય વાપરવો એ પદપૂર્વાર્ધવક્રતાનો એક બીજો પ્રકાર છે. કારણ, પદાર્થ સ્વાભાવિક રીતે જ સુંદર હોય તોયે એ પર્યાયને કારણે તેના સૌંદર્યમાં ખૂબ વધારો થાય છે અને તેથી તે સહૃદયોના હૃદયને આનંદ આપનાર થઈ પડે છે. જેમ કે—

"રઘુવંશના રાજાઓના સંબંધી, કામવ્યાપારના દીક્ષાગુરુ, ગૌરાંગીઓના વદનના ઉપમાન તરીકે પ્રસિદ્ધ, તારા વધૂઓના વલ્લભ, ચંડીપતિ શિવના ચૂડામણિ અને

દક્ષિણની તરુણીના તરતના ઘસેલા દાંતના જેવી દ્યુતિવાળા આ ચંદ્રને જો'' (બાલરામાયણ, ૧૦-૪૧) ૩૪

ચંદ્ર સ્વભાવથી જ સૌંદર્યસંપન્ન છે, તેમ છતાં આ શ્લોકમાં તેને માટે વપરાયેલા પર્યાયો અથવા વિશેષણપદો એવાં છે જે સહૃદયોના હૃદયને આનંદ આપનાર કોઈ અપૂર્વ અતિશય ઉત્પન્ન કરી પદપૂર્વાર્ધવક્રતાને પોષે છે. અહીં પ્રસંગ એવો છે કે રામ રાવણને મારીને પુષ્પક વિમાનમાં બેસીને સીતા સાથે અયોધ્યા પાછા ફરતા હોય છે ત્યારે તેની સાથેની વિશ્રંભકથા દરમ્યાન કહે છે કે 'હે સુંદરી, આ ચંદ્રને જો.' રમણીયતાને કારણે મનોહર હે સીતા, સકળ લોકોના લોચનના ઉત્સવરૂપ ચંદ્રનો વિચાર કર. કારણ, તારા જેવાં રમણીય માણસો જ ચંદ્ર જેવા રમણીય પદાર્થનો વિચાર કરે એ યોગ્ય છે. 'રઘુવંશના રાજાઓનો સંબંધી' એમ કહીને એવું સૂચવવા માગે છે કે એ કંઈ અજાણ્યો નથી, એ તો અમારો રઘુવંશીઓનો સગો છે. એટલે એના તરફ નજર કરી એનું સંમાન કર. આથી પ્રકારાન્તરે રામનો ચંદ્ર વિશેનો આદર જ સૂચિત થાય છે. બાકીનાં બીજાં વિશેષણો પણ ચંદ્રના અલૌકિક ગૌરવમાં વધારો કરવા માટે જ આવ્યાં છે એમ જાહેર કરે છે. તેથી પ્રત્યેક વિશેષણ જુદી જુદી રીતે ચંદ્રના ઉત્કર્ષને જ પ્રગટ કરતું હોઈ અનેક પર્યાયો હોવા છતાં એમાં પુનરુક્તિ નથી. ત્રીજા ચરણમાં વિશેષણવક્રતા છે, પર્યાયવક્રતા નથી.

(૩) વાચ્યને અલંકૃત કરી શકે એવો પર્યાય વાપરવો એ પદપૂર્વાર્ધવક્રતાનો એક બીજો પ્રકાર છે. કેવી રીતે? તો કે બીજી રમ્યછાયાના સ્પર્શને લીધે. વળી કેવી રીતે? તો કે પોતે અથવા પોતાના વિશેષણ મારફતે. જેમાં પર્યાય પોતે વાચ્યાર્થને અલંકૃત કરતો હોય એવું ઉદાહરણ—

"આ જડ જગતમાં મારી વાત (સાંભળવાને) પાત્ર મોટા કાન અને મોટા હાથ(સૂંઢ) વાળો કોણ હશે? એમ વિચારી આવેલા ભ્રમરને જેણે તરત જ ઝટકી નાખ્યો

(મારી નાખ્યો) તેને 'માતંગ' ન કહીએ તો શું કહીએ ?"
(સુભાષિતાવલી, ૬૨૮) ૩૫

આ એક અન્યોક્તિ છે. હાથીના કાન મોટા હોય છે અને તેનો 'કર' એટલે કે તેની સૂંઢ પણ મોટી હોય છે. એટલે તે મારી વાત સાંભળશે અને તેનો ઉપાય પણ કરશે, એવી આશાએ કોઈ ભ્રમર તેની પાસે ગયો, પણ તેણે તો તરત જ મોટા કાન ફફડાવી તેને ઝટકી નાખ્યો, એવો આ શ્લોકનો વાચ્યાર્થ છે. પણ એમાંથી બીજો અર્થ એવો સમજાય છે કે કોઈ વિપત્તિમાં આવી પડેલો માણસ કોઈ સાધનસંપન્ન માણસ પાસે એવી આશાએ જાય છે કે આ મારી વાત સાંભળશે અને ઉપાય પણ કરશે. પણ પેલા માણસે તો એને તરત જ તગેડી મૂક્યો. આવો માણસ ચંડાળ ઘાતકી જ કહેવાય. આ શ્લોકમાં બે શબ્દો શ્લેષયુક્ત છે તેથી આ અર્થ વધારે આકર્ષક બન્યો છે. એક તો कर. એના બે અર્થ થાય. હાથીની બાબતમાં સૂંઢ અને માણસની બાબતમાં 'હાથ'. એ જ રીતે 'मातङ्ग' એટલે હાથીના સંબંધમાં 'હાથી' અને માણસના સંબંધમાં 'ચંડાળ'.

આ શ્લોકમાં 'मातङ्ग' શબ્દ પ્રસ્તુત પ્રકરણમાં માત્ર હાથીનો અર્થ વ્યક્ત કરે છે. પરંતુ શ્લેષથી ચંડાળરૂપી અપ્રસ્તુત અર્થનો બોધ કરાવી, રૂપકાલંકારની છાયાના સ્પર્શથી, 'गौर्वाहीक' (વાહીક બળદ છે)ની પેઠે સાદૃશ્યમૂલક લક્ષણા સંભવી શકે છે, એટલે પ્રસ્તુત અર્થ હાથી ઉપર 'ચંડાલત્વ'નો આરોપ કરાવી પર્યાયવક્રતાને પોષે છે. કારણ કે આવા દાખલાઓમાં પ્રસ્તુતના અપ્રસ્તુત સાથેના સંબંધનું નિરૂપણ કોઈ વાર રૂપકાલંકાર દ્વારા તો કોઈ વાર ઉપમા દ્વારા થતું હોય છે. જેમ કે—

'આ તે જ છે' (એટલે કે આ હાથી ચંડાળ જ છે) એ રૂપક અલંકાર થયો અને 'આ તેના જેવો છે' (એટલે કે આ હાથી ચંડાળ જેવો છે) એ ઉપમા અલંકાર થયો. અને એ જ (ધ્વનિવાદીઓને મતે) શબ્દશક્તિમૂલ સંલક્ષ્યક્રમવ્યંગ્ય પદધ્વનિનો દાખલો છે.

આવાં અનેક શ્લિષ્ટ પદો વપરાયાં હોવાને લીધે (શબ્દ-શક્તિમૂલ સંલક્ષ્યક્રમવ્યંગ્ય) વાક્યધ્વનિનું ઉદાહરણ—

"कुसुमसमययुगमुपसंहरन्नजृम्भत ग्रीष्माभिधानः फुल्लमल्लिकाधवलाट्टहासो महाकाल ।" ॥३६॥

આના બે અર્થ થાય છે; એક ગ્રીષ્મઋતુને લગતો અને બીજો શિવને લગતો.

ગ્રીષ્મઋતુને લગતો અર્થ—

"જેમાં ફૂલો ખીલે છે તે વસંત ઋતુના બે માસ ચૈત્ર અને વૈશાખનો ઉપસંહાર કરી, હવેલીઓને શ્વેત બનાવી દેતા ખીલેલી જૂઈના હાસ્યવાળો ગ્રીષ્મ નામનો લાંબા દિવસોવાળો સમય ઉદય પામ્યો." ૩૬

શિવને લગતો અર્થ—

"વસંત ઋતુ જેવા શોભીતા સત્ અને ત્રેતા યુગનો અંત આણી, ખીલેલી જૂઈના જેવા શુભ અટ્ટહાસ્યવાળા, ગ્રીષ્મ જેવા મનાતા શિવ પ્રગટ થયા." ૩૬

એવું જ બીજું ઉદાહરણ—

"वृत्तेऽस्मिन् महाप्रलये धरणीधारणायाधुना त्वं शेषः ।" ३७॥

"આ મહાપ્રલય થઈ ગયા પછી પૃથ્વીને ધારણ કરવા માટે હવે તમે જ શેષ છો." ૩૭

ઉપલા ઉદાહરણની પેઠે આ ઉદાહરણ પણ 'હર્ષચરિત'માંથી લેવામાં આવેલું છે. પ્રસંગ એવો છે કે હર્ષવર્ધનના પિતા પ્રભાકરવર્ધનનું મૃત્યુ થયું છે, અને મોટા ભાઈ રાજ્યવર્ધનનું ખૂન થયું છે, એવા સમયે હર્ષવર્ધનનો સેનાપતિ સિંહનાદ હર્ષવર્ધનને આ શબ્દો કહે છે. એટલે પ્રકરણને લીધે એવો અર્થ સમજાય છે કે તમારા પિતા અને મોટાભાઈના મૃત્યુરૂપ મહાપ્રલય પછી પૃથ્વી કહેતાં રાજ્યની ધુરા ધારણ કરવા તમે જ હવે શેષ એટલે કે બાકી રહ્યા છો. પણ એમાં વપરાયેલા 'મહાપ્રલય' અને 'શેષ' એ બે શ્લેષયુક્ત શબ્દોને લીધે એમાંથી બીજો અર્થ એવો

સમજાય છે કે મહાપ્રલય પછી પૃથ્વીને ધારણ કરનાર શેષ એટલે કે શેષ-નાગ તમે જ છો. આ બંને ઉદાહરણો 'ધ્વન્યાલોક'માં પણ આવે છે.

આ ઉદાહરણોમાં 'યુગ' વગેરે શબ્દો પ્રસ્તુત અર્થનો બોધ કરાવવા માટે જ વપરાયા હોવા છતાં અપ્રસ્તુત અર્થનો બોધ પણ કરાવી શકે છે, તેથી કોઈ અપૂર્વ કાવ્યસૌંદર્ય પ્રગટ કરે છે અને પ્રતીયમાન અલંકાર એટલે કે અલંકારધ્વનિ એવા નામને પાત્ર બને છે.

કારણ, આનંદવર્ધનને મતે એ અલંકારધ્વનિનું ઉદાહરણ છે.

વિશેષણ શ્લેષયુક્ત હોવાથી જ્યાં બીજી રમ્ય છાયાનો સ્પર્શ લાગ્યો હોય એવું ઉદાહરણ—

> "અત્યંત સ્નિગ્ધ, મુગ્ધ અને ધવલ નેત્રોવાળા, વિદગ્ધ અને હાવભાવયુક્ત જેને જોઈને બધી સ્ત્રીઓ એમ સમજે છે કે શિવે જે મદનને ભસ્મ કરી નાખ્યો હતો તે (અમે જોઈએ છીએ તે મદન નહિ હોય પણ જેને મદનફળ એટલે મીંઢળ લાગે છે તે મદન) કાષ્ઠ જ હોવો જોઈએ." ૩૮

આ શ્લોકમાં 'કાષ્ઠ' એ વિશેષણ અહીં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તે(નાયક)ના કરતાં કામદેવ નીરસ કહેતાં સૌંદર્યહીન છે એવું પ્રતિપાદિત કરી, બીજી રમ્ય છાયાનો સ્પર્શ કરનાર શ્લેષની છાયાને કારણે સુંદર રચનાનો બોધ કરાવે છે. અહીં એ મદન નામના વૃક્ષરૂપ અપ્રસ્તુત વસ્તુની પ્રતીતિ કરાવી રૂપકાલંકારની છાયાના સંસ્પર્શને લીધે કોઈ અપૂર્વ પર્યાયવક્રતા પ્રગટ કરે છે.

(૪) 'પોતાના સૌંદર્યના ઉત્કર્ષને લીધે મનોહર' હોય એવો પર્યાય વાપરવો એ પદપૂર્વાર્ધવક્રતાનો એક બીજો પ્રકાર છે.

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જોકે જે વસ્તુનું વર્ણન કરવામાં આવે છે તે બીજી વસ્તુના વ્યંજક તરીકે આવી હોય છે, તેમ છતાં તેનું પોતાનું સ્વાભાવિક સૌંદર્ય જ એટલું બધું હોય

છે કે તે સહૃદયોને આનંદ આપનાર થઈ પડે છે. જેમ કે—

(આ શ્લોકનો અર્થ કંઈક અસ્પષ્ટ છે. ભાવાર્થ એવો છે કે—)

"સમુદ્રના નૃત્યકુશળ તરંગો ઉપર પડતાં વિષમકાંડ એટલે પંચબાણ કહેતાં કામદેવના સગા(ચંદ્ર)નાં કિરણોથી ઊઠી પડેલા મને કામપીડિતા પ્રિયતમાનો વિરહ આમ ઉત્કંઠિત કરે છે." ૩૯

આ શ્લોકમાં કવિએ ચંદ્રને માટે 'विषमकाण्डकुटुम्ब' એવો પર્યાય વાપર્યો છે. કારણ, આ શ્લોક બોલનાર વિરહવ્યથાથી પીડાતો અને માટે જ ચંદ્રનો દ્વેષ કરનાર કોઈ નાયક છે. એ પર્યાય જાણીતો ન હોવા છતાં સુંદર સંદર્ભમાં વપરાયો હોવાને લીધે જાણે અત્યંત જાણીતો હોય એવો લાગે છે. અને એની કલ્પના અપૂર્વ હોવાથી સહૃદયોને ચમત્કારક થઈ પડે છે. વળી, એ પોતાના સૌંદર્યના ઉત્કર્ષને લીધે મનોહર અને અપૂર્વ કલ્પના-રૂપ હોઈ, કવિઓ બીજા પર્યાયો છોડી દઈને એનો જ ઉપયોગ કરે છે. જેમ કે કાળા વાંકડિયા વાળવાળી એમ કહેવાને બદલે કવિ "યમુનાના કલ્લોલ જેવા વાળવાળી" એમ કહે છે. અથવા "ગૌરાંગીના વદનના ઉપમાન તરીકે જાણીતો" એમાં સ્ત્રીવાચક હજારો પર્યાયો મોજૂદ હોવા છતાં અગ્રામ્યતાને લીધે અત્યંત રમણીય એવો 'गौरांगी' શબ્દ વાપર્યો છે.

(૫) 'અકલ્પ્ય અર્થનું સૂચન કરનાર' પર્યાયનો ઉપયોગ કરવો એ પદપૂર્વાર્ધવક્રતાનો બીજો એક પ્રકાર છે. જે વસ્તુનું વર્ણન કરવામાં આવતું હોય તેમાં કોઈ કલ્પી ન શકાય એવો ગુણ રહેલો છે એવો બોધ કરાવવાના ઇરાદાથી જે પર્યાય વપરાયો હોય તે પણ પર્યાયવક્રતાનો જ દાખલો ગણાય છે. જેમ કે—

"હે રાજન, હવે વ્યર્થ પરિશ્રમ ન કરશો. કારણ, મારા ઉપર છોડશો તોયે તમારું એ બાણ નકામું જશે.

> પવનનો વેગ વૃક્ષને ઉખેડી નાખવાને સમર્થ હોય તોયે તે પર્વતને કશું કરી ન શકે." (રઘુવંશ, ૨–૩૪) ૪૦

આ શ્લોકમાં રાજા માટે 'મહીપાલ' શબ્દ વાપર્યો છે, તે એવું સૂચવે છે કે તે આખી પૃથ્વીનું રક્ષણ કરવાનું સામર્થ્ય ધરાવે છે; અને છતાં જેનું તેણે પ્રાણને ભોગે પણ રક્ષણ કરવાનું છે એવી ગુરુની ગાયરૂપ એક જીવનું પણ રક્ષણ કરી શકે એમ નથી, એવો સ્વપ્ને પણ અકલ્પ્ય અર્થ સૂચિત કરવા માટે કવિએ એ સંબોધત વાપર્યું છે.

એવું જ બીજું ઉદાહરણ—

> "જો જીવદયાને કારણે તું આ કરતો હોય તો તારા મૃત્યુથી માત્ર આ એક ગાય બચવા પામશે. પણ જો તું જીવતો રહેશે તો હે પ્રજાનાથ, તું સર્વદા તારી આખી પ્રજાને પિતાની જેમ આફતોમાંથી બચાવી શકીશ." (રઘુવંશ, ૨–૪૮) ૪૧

અહીં અર્થ એવો છે કે જો તું જીવદયાને કારણે પોતાના પ્રાણનો ત્યાગ કરતો હોય તો તે પણ યોગ્ય નથી, કારણ, તારા મરવાથી આ એક ગાય જ બચવા પામશે; આ ત્રણે વસ્તુ આદરપાત્ર નથી, અર્થાત્ ઉચિત નથી.

અહીં જે ત્રણ વસ્તુ કહી તે આ છે: (૧) પોતાની આખી પ્રજાનું રક્ષણ કરવાના કર્તવ્યની ઉપેક્ષા કરવી, (૨) એક ગાયના રક્ષણને મહત્ત્વ આપવું, અને (૩) એ માટે પોતાના મોંઘામૂલા પ્રાણ જતા કરવા.

પણ જો તું જીવતો રહેશે તો હે પ્રજાનાથ, તું સદા આખી પૃથ્વી ઉપર વસતી બધી પ્રજાનુ આફતોથી પિતાની પેઠે રક્ષણ કરી શકીશ, એમ કહ્યું છે એથી (રાજાના નિર્ણય પ્રત્યે) અત્યંત અનાદર પ્રગટ થાય છે. વાક્યનો આ અર્થ તદ્દન સ્પષ્ટ હોવા છતાં અહીં એક બીજું તાત્પર્ય પ્રતીત થાય છે. કારણ કે જે કોઈ પ્રજાનાથની પદવી ધરાવતો હોય તે સદા બધી પ્રજાનું રક્ષણ ન કરે

એ અકલ્પ્ય વસ્તુ છે. (જો દિલીપ પોતાના નિશ્ચય પ્રમાણે વર્તે તો) તે એવો ઠરે એ વસ્તુ ખ્યાલમાં રાખીને કવિએ આ (પ્રજાનાથ સંબોધન અથવા આ આખું વાક્ય) ઉચ્ચાર્યું છે. એનો વ્યંગ્યાર્થ એ છે કે તારી નજર આગળ એક સામાન્ય પ્રાણી સિંહ તારા ગુરુની હોમધેનુને ખાઈ જાય છે, તેના પ્રાણની રક્ષા કરવાની તારી ફરજની ઉપેક્ષા કરી તું જીવતો રહે તો એ ન્યાયે તો તું તારી પ્રજાનું કદાપિ લેશ પણ રક્ષણ કરશે એવી સંભાવના રહેતી નથી, એ પ્રમાણસિદ્ધ વાત છે. કહ્યું છે કે—

"પ્રમાણોની સાથે આવતા પ્રવાહને કોણ રોકી શકે?"

૪૨

એટલે કે પ્રમાણોમાંથી જે નિર્ણય ફલિત થતો હોય તેને કોણ નિવારી શકે? રાજા એક સાધારણ સિંહથી પોતાના ગુરુની હોમધેનુનું રક્ષણ નથી કરી શકતો તે પોતાની બધી પ્રજાનું રક્ષણ નહિ જ કરી શકે, એ દીવા જેવું સ્પષ્ટ છે.

**અહીં એટલે કે પર્યાયવક્રતામાં વાચ્યાર્થ અને પ્રતીયમાન અર્થની પરસ્પર પ્રતિયોગિતા ઉદાહરણ અને પ્રત્યુદાહરણની રીતે સમજી લેવી.**

એનો અર્થ એ છે કે પર્યાયવક્રતામાં અમુક પર્યાયને કારણે કાવ્યમાં સૌંદર્ય આવતું હોય છે અને તેનું કારણ એ હોય છે કે એ પર્યાયને લીધે એક નવો જ વ્યંગ્યાર્થ સ્ફુરતો હોય છે. એમ સાચેસાચ બને છે કે કેમ એની ખાતરી કરવા એ વાક્યમાં જે પર્યાય વપરાયો હોય તેને હઠાવી દઈ બીજો પર્યાય મૂકી જોવો. જો એમ કરવાથી તે સ્થાને ઇષ્ટ વ્યંગ્યાર્થ ન સ્ફુરતો હોય અને પરિણામે કાવ્યનું સૌંદર્ય હરાઈ જતું હોય તો માનવું કે અહીં વાપરેલો પર્યાય ખરેખર પર્યાયવક્રતા ધરાવે છે. એથી ઊલટું બને એટલે કે તે પર્યાયને બદલે બીજો વાપરવાથી કશો ફેર ન પડે તો માનવું કે એ પર્યાયવક્રતાનો દાખલો નથી.

**(૬) અલંકારની શોભા વધારનાર હોય તેવા પર્યાયનો ઉપયોગ કરવો એ પદપૂર્વાર્ધવક્રતાનો એક બીજો પ્રકાર છે. અહીં**

મૂળમાં 'अलंकारोपसंस्कार' શબ્દ વાપરેલો છે. એ સમાસનો બે રીતે વિગ્રહ થઈ શકે. તૃતીયા સમાસ તરીકે અને ષષ્ઠીસમાસ તરીકે. આમ એના બે અર્થ થાય. તૃતીયા પ્રમાણે વિગ્રહ કરતાં અલંકાર વડે એટલે કે રૂપક વગેરે અલંકાર વડે જે બીજા પ્રકારની શોભા ઉત્પન્ન થાય છે તેને કારણે મનોહર અર્થાત્ હૃદયને આનંદ આપનાર, જેની રચના છે એવો. ષષ્ઠી પ્રમાણે વિગ્રહ કરી એ તો અલંકારનો એટલે કે ઉત્પ્રેક્ષા વગેરે અલંકારનો જે ઉપસંસ્કાર એટલે તેમાં ઉમેરેલી જે બીજી શોભા તે વાળો.

તૃતીયાસમાસ અનુસારનું ઉદાહરણ—

"જે લીલા સમયે તાડનો પંખો બને છે, જે કેલિ સમયે (તેલ, વાટ, વગેરે) ઉપાધિ વગરનો દીપ બને છે, ક્રોધની રમત વખતે જે હથિયાર બને છે, હોઠ ઉપર દાંતથી થયેલા ઘા માટે મલમ બને છે, જે શણગાર વખતે દર્પણ બને છે, થાકીને સૂતી વખતે દેવીના ગાલનું ઉશીકું બને છે, તે શિવની જટામાંના કંદલી પુષ્પ સમો ચંદ્ર તમારી વિપત્તિઓને દૂર કરો." ૪૩

આ શ્લોકમાં તાડના પંખા વગેરેની સાથે કાર્ય વગેરેની સમાનતાને કારણે અભેદોપચારથી રૂપકાલંકારની યોજના બધા જ પર્યાયોની શોભા વધારનાર તરીકે કરવામાં આવી છે.

ષષ્ઠીસમાસ અનુસારનું ઉદાહરણ—

"હે દેવી, જો, ચંદ્રની શોભાનો તિરસ્કાર કરનાર તારા વદન કમળથી પરાજિત થયેલાં કમળો એકાએક ઝાંખાં પડી જાય છે." (રત્નાવલી, ૧–૨૫) ૪૪

આ શ્લોકમાં સાંજને વખતે સ્વાભાવિક રીતે જ કમળો ઝાંખાં પડી જાય છે. એ ઘટનાને પ્રિયતમાની ખુશામત કરતા ચતુર નાયકે એવી રીતે ઘટાવી કે નાયિકાના મુખ સાથેની સરખામણીમાં સુંદરતાની બાબતમાં કમળો હારી જવાથી ઝાંખાં પડી ગયાં છે; આમ, વ્યંગ્ય ઉત્પ્રેક્ષાલંકાર સર્જાય છે. અને એ તર્કસંગત

પણ છે. કારણ, બધાં જ કમળોની શોભા ચંદ્ર શોભાથી તિરસ્કૃત થાય છે. પણ ચંદ્રની શોભાનો પણ તિરસ્કાર કરનાર તારા વદન કમળ-થી એ કમળો યોગ્ય રીતે જ પરાજિત થઈ ઝાંખાં પડી જાય છે. આમ, વ્યંગ્ય ઉત્પ્રેક્ષારૂપ અલંકારની શોભાનો અતિશય પ્રગટ થાય છે.

આમ, પર્યાયવક્રતાનું નિરૂપણ કર્યા પછી ક્રમાનુસાર ઉપચાર-વક્રતાનું નિરૂપણ કરે છે—

## ૧૩, ૧૪

**જેમાં પ્રસ્તુત પદાર્થથી ઘણા દૂરના પદાર્થની સહેજ પણ સમાનતાને કોઈ ધર્મના અતિશયના પ્રતિપાદન માટે ઉપચાર કે ગૌણીવૃત્તિથી વર્ણવવામાં આવે, અને જેને લીધે રૂપકાદિ અલંકાર સરસતાને પામે તે, તેમાં ઉપચાર પ્રધાન હોવાને કારણે, ઉપ-ચારવક્રતા કહેવાય છે.**

ઉપચારવક્રતા એ વક્રતાનો એક પ્રકાર છે. એમાં ઉપચાર પ્રધાન હોય છે. એનું સ્વરૂપ કેવું હોય છે? તો કે એમાં વર્ણ્ય પદાર્થમાં કોઈ કહેવા ધારેલા સામાન્ય ધર્મનું આરોપણ કરવામાં આવે છે. એમાં પ્રસ્તુત વર્ણ્ય પદાર્થ અને અપ્રસ્તુત પદાર્થ વચ્ચે ઘણું અંતર હોય છે.

અહીં કોઈ એવો વાંધો લે કે વર્ણ્ય વસ્તુ તો અમૂર્ત હોય છે એટલે તેના દેશગત અંતર સંભવતું નથી. કાલગત અંતર પણ ન જ હોય, કારણ, તે ક્રિયાશ્રિત હોય છે. જોકે વર્ણ્ય વસ્તુ ક્રિયાસ્વરૂપ અને કારકસ્વરૂપ બંને પ્રકારનું હોઈ શકે છે, તેમ છતાં તેમાં દેશગત કે કાલગત વ્યવધાન હોઈ શકતું નથી, કારણ કે અનુમાનની પેઠે શબ્દ મારફતે પદાર્થના સામાન્ય સ્વરૂપનો જ બોધ થઈ શકે છે, વિશેષનો નહિ. તો પછી પદાર્થો વચ્ચે અંતર હોય છે એમ જે કહ્યું છે તેનું સમર્થન શી રીતે થઈ શકે?

અહીં જે વાંધો ઉઠાવવામાં આવ્યો છે તેનું સ્વરૂપ આવું છે: કવિ જેનું વર્ણન કરે છે તે પદાર્થો તો કાલ્પનિક હોઈ અમૂર્ત હોય છે. અને તેથી તેમની વચ્ચે દેશગત અંતર ન સંભવે, વળી કાલગત અંતર પણ ન સંભવે, કારણ, તે ક્રિયાશ્રિત હોય છે. અને કવિએ વર્ણવેલા કાલ્પનિક પદાર્થો ક્રિયાનો આશ્રય બની શકે કારણ તે અમૂર્ત હોય છે.

અહીં સામો પક્ષ કદાચ એમ કહે કે કવિના વર્ણવેલા પદાર્થો ક્રિયાસ્વરૂપ અને કારણ કહેતાં કર્તાસ્વરૂપ પણ હોઈ શકે છે. તો એનો જવાબ એ છે કે આપણને શબ્દ મારફતે પદાર્થોનો જે બોધ થાય છે તે અનુમાનથી થતા બોધની પેઠે સામાન્ય સ્વરૂપનો હોય છે, વિશેષ સ્વરૂપનો હોતો નથી. એટલે તેમાં દેશકાલભેદે આવતી વિશેષતાનો સમાવેશ હોતો નથી. એટલે કવિએ કલ્પેલા અને કેવળ શબ્દમાં રજૂ કરેલા પદાર્થો અમૂર્ત અને ક્રિયાના આશ્રય થવાને અપાત્ર હોઈ તેમની વચ્ચે દેશગત કે કાલગત અંતર સંભવતું નથી. તો પછી કારિકામાં પદાર્થો વચ્ચે અંતર હોય છે એમ જે કહ્યું છે તેનું સમર્થન શી રીતે થઈ શકે?

એના જવાબમાં સિદ્ધાંતી કહે છે કે તમારી વાત સાચી છે. પણ અહીં જે 'दूरान्तर' શબ્દ વાપર્યો છે તે પ્રધાનપણે દેશકાલગત અંતર કે વ્યવધાનનો વાચક હોવા છતાં અહીં ઉપચારથી સ્વભાવના અંતરના અર્થમાં વપરાયો છે. અને પદાર્થોના આ સ્વભાવનું અંતર વિરુદ્ધ ધર્મના અધ્યાસરૂપ હોય છે, એટલે કે તેમાં વિરુદ્ધ ધર્મનો આરોપ કરવામાં આવ્યો હોય છે. એટલે કે એ અંતર અમૂર્તત્વ અને મૂર્તત્વ, દ્રવત્વ અને ઘનત્વ, અચેતનત્વ અને ચેતનત્વ વચ્ચેના અંતર એટલે વિરોધ રૂપ હોય છે.

બીજી રીતે કહીએ તો, જ્યારે અચેતન પદાર્થમાં ચેતનનો, અમૂર્તમાં મૂર્તતાનો, ઘન પદાર્થમાં પ્રવાહિતાનો આરોપ કરવામાં આવે ત્યારે આ પ્રકારની ઉપચારવક્રતા ગણાય.

એ સમાનતા કેવી હોય છે? તો કે નામમાત્રની જરા જેટલી. એ સમાનતા શા માટે વર્ણવવામાં આવે છે? તો કે કોઈ અપૂર્વ અતિશયયુક્ત સ્વભાવનું કથન કરવા માટે. જેમ કે—

"સ્નિગ્ધ અને શ્યામલ મેઘોની કાન્તિથી આકાશ લીંપાઈ ગયું છે." ૪૫

અહીં આકાશ સ્નિગ્ધ અને શ્યામલ કાંતિથી લીંપાઈ ગયું છે એમ કહ્યું છે એ કેવળ આલંકારિક પ્રયોગ છે. એનો હેતુ કાન્તિની ગાઢતાનો અતિરેક વ્યક્ત કરવાનો છે. લીંપવાની ક્રિયા જેમાં લીંપવાની શક્તિ હોય એવા નીલ વગેરે રંગદ્રવ્ય વડે જેને લેપી શકાય એવા વસ્ત્ર જેવા કોઈ પદાર્થ ઉપર જ થઈ શકે. અહીં લીંપાયેલું આકાશ અને એને લીંપનાર કાન્તિ બંને અમૂર્ત છે. પણ આકાશ રંગાઈ ગયું છે એટલી જરા જેટલી સમાનતાને આધારે, શ્યામલતાનો અતિશય વ્યક્ત કરવા માટે, ઉપચારથી, આકાશ સ્નિગ્ધ શ્યામલ કાન્તિથી લીંપાઈ ગયું એમ કહ્યું છે. 'સ્નિગ્ધ' શબ્દ પણ ઉપચારવક્રતા ધરાવે છે. જેમ કોઈ મૂર્ત વસ્તુ જોઈ સ્પર્શી શકાશ એવા સ્નેહન ગુણના સંબંધમાં આવતાં સ્નિગ્ધ (ચીકણી) કહેવાય છે, તેમ કાન્તિ અમૂર્ત હોવા છતાં ઉપચારથી તેને સ્નિગ્ધ કહી છે.

બીજું ઉદાહરણ—

"જેમાં સોય ભોંકી શકાય એવા ગાઢ અંધકારથી કશું દેખી ન શકાય એવા રાજમાર્ગે થઈને સ્ત્રીઓ પોતાના પ્રિયતમને ઘેર જતી હોય ત્યારે કસોટી ઉપરની સોનાની રેખા જેવી સ્નિગ્ધ વીજળીના ઝબકારથી તેમને માર્ગ બતાવજે; વરસીને ને ગર્જના કરીને બહુ અવાજ ન કરતો, નહિ તો તેઓ ગભરાઈ જશે." (મેઘદૂત, ૩૭) ૪૬

અહીં અંધકાર અમૂર્ત હોવા છતાં તેની અતિશયતા અને ગાઢતાને લીધે ઉપચારથી તેને સોય ભોંકી શકાય એવો કહ્યો છે, જે કોઈ મૂર્ત પદાર્થ વિશે જ યોગ્ય ગણાય.

ત્રીજું ઉદાહરણ—

"મદમાતાં વાદળોવાળું આકાશ, વર્ષાની ધારાઓથી ડોલતાં અર્જુનનાં વન, અને નિરહંકાર ચંદ્રવાળી રાત્રિ

પણ ચિત્ત હરી લે છે.” (ગૌડવહો, શ્લો. ૪૦૫; ધ્વન્યાલોક, ૨–૧) ૪૭

અહીં મદમાતા હોવાપણું અને નિરહંકારત્વ એ ચેતનના સામાન્ય ધર્મો અહીં ઉપચારથી વાદળોમાં અને ચંદ્રમાં આરોપિત થયા છે.

આ ઉપચારવક્રતા સત્કવિઓનાં કાવ્યોમાં હજારો પ્રકારે સંભવે છે એટલે સહૃદયોએ જાતે સમજી લેવી. (કારિકામાં ઘણા દૂરના પદાર્થની' એમ કહ્યું છે) તેથી થોડું અંતર હોય તો આવા ઉપચારમાં વક્રતા છે એમ નથી કહેવાતું. જેમ કે 'गौर्वाहिक' 'વાહીક બળદ છે.'

એનો અર્થ એ છે કે જ્યાં જ્યાં ગુણસાદશ્યથી ઉપચાર એટલે કે ગૌણી લક્ષણા હોય ત્યાં ત્યાં ઉપચારવક્રતા હોય એમ ન કહી શકાય. એમાં ચમત્કાર હોય તો જ ઉપચારવક્રતા કહેવાય. જેમ જ્યાં જ્યાં વ્યંગ્યાર્થ હોય ત્યાં ત્યાં ધ્વનિકાવ્ય એમ ન કહેવાય, જ્યાં વ્યંગ્યાર્થ ચારુત્વયુક્ત ચમત્કારવાળો હોય ત્યાં જ ધ્વનિ કહેવાય તેમ.

આ એક ઉપચારવક્રતાનું બીજું સ્વરૂપ છે 'જેને લીધે રૂપક વગેરે અલંકારો સરસતાને પામે છે.'

રૂપક વગેરે બધા જ અલંકારોની શોભાના મૂળમાં આ ઉપચારવક્રતા રહેલી હોય છે. અને એને લીધે એ અલંકારોની શોભા સરસતાને પામે છે એટલે કે આસ્વાદ્ય ચમત્કારક બને છે. આ કારિકામાં यन्मूला અને सरसोल्लेखा એ બે પદો સમાનાધિકરણમાં આવેલાં છે. સામાન્ય રીતે એવાં પદો વચ્ચે વિશેષણ વિશેષ્યભાવ હોય છે, પણ અહીં એ બે વચ્ચે કારણકાર્ય ભાવ છે. એટલે કે ઉપચારવક્રતા મૂળમાં હોવાને લીધે રૂપકાદિ અલંકારો સરસતાને પામે છે, અર્થાત્ આસ્વાદ્ય બને છે. એ બધા અલંકારોનું એ જ જીવાતુભૂત તત્ત્વ છે. જેમ કે—

अतिगुरवो राजमाषा न भक्ष्याः ।

“બહુભારે એવા અડદ ન ખાવા.” ૪૮

આ વાક્યમાં अतिगुरवो અને राजभाषा એ બે પદો સમાનાધિકરણમાં આવેલાં છે. પણ એમનો સંબંધ માત્ર વિશેષ્ય-વિશેષણનો નથી પણ કારણકાર્યનો છે. અડદ ન ખાવા કારણ, એ પચવામાં બહુ ભારે છે, એવો એનો અર્થ છે.

અહીં કોઈ કદાચ એવો પ્રશ્ન પૂછે કે આ પહેલાં જે ઉપચારવક્રતાનો પ્રકાર કહ્યો તેમાં અને આમાં શો ફેર ? તો એનો જવાબ એ કે એ પહેલાં કહેલા પ્રકારમાં સ્વભાવભેદને કારણે સામાન્ય જરા જેટલી સમાનતાને આધારે અતિશયનું પ્રતિપાદન કરવા માટે તે ધર્મ માત્રનો અધ્યારોપ કરવામાં આવ્યો હોય છે. જ્યારે આ પ્રકારમાં બે પદાર્થો વચ્ચે અંતર થોડું હોઈ સાદૃશ્યને કારણે બંને ઘણા નજીક હોય છે અને તેથી તેને ઉચિત ઉપચારથી તે (પદાર્થના ધર્મનો નહિ પણ તે) પદાર્થનો જ અધ્યારોય કરવામાં આવે છે. જેમ કે—

> "કાલ કહેતાં યમરાજના કાનના કમળ (આભૂષણરૂપ). અથવા સેનારૂપી વનના ઝેરી પલ્લવરૂપ, અથવા ગાંભીર્યરૂપી પાતાળના નાગરાજ(રૂપ) તલવારો હોય પછી તમારી આગળ વિષ્ણુ(રાક્ષસ)નાચે શા ભાર ?" ૪૯

આ શ્લોકમાં યમરાજના કર્ણોત્પલ વગેરેના સાદૃશ્યને લીધે અભેદોપચારથી (તલવારોમાં) તે પદાર્થનો અધ્યારોપ કરવામાં આવ્યો છે.

ટૂંકમાં કહેવું હોય તો, પહેલા પ્રકારની ઉપચારવક્રતામાં ધર્મનો અધ્યારોપ હોય છે, જ્યારે બીજા પ્રકારમાં ધર્મીનો, તે પદાર્થનો અધ્યારોપ હોય છે. પહેલા પ્રકારમાં અંતર ઘણું હોય છે અને સામ્ય નામનું હોય છે, જ્યારે બીજા પ્રકારમાં અંતર ઓછું અને સામ્ય ઘણું હોય છે.

ચૌદમી કારિકામાં 'રૂપકાદિ અલંકારો' કહ્યા છે તેમાં આદિ પદથી અપ્રસ્તુતપ્રશંસા અલંકારના અન્યોક્તિ નામના ભેદમાં ઉપચારવક્રતા જ તેના જીવિતરૂપ હોય છે.

વળી, કવિઓ ઘણી વાર કોઈ બીજા જ પદાર્થને પ્રધાનપણે

વ્યંગ્યરૂપે મનમાં રાખીને તેના જેવા લક્ષણની સમાનતાને આધારે કોઈ બીજા જ પદાર્થનું વર્ણન કરતા જોવામાં આવે છે. જેમ કે—

> "હે હરણ, એક તારામાં જ ત્રણે લોકને આશ્ચર્ય-ચકિત કરનાર અપૂર્વ મહિમા જોવા મળે છે; આકાશમાં ચંદ્રની મૂર્તિ એ તારા વિહારની વનભૂમિ છે, અને અમૃત ઝરતાં તેનાં કિરણો એ તારો ચારો છે." ૫૦

(આ શ્લોકમાં દેખીતી રીતે તો ચંદ્રમાંના હરણનું વર્ણન છે, પણ એ દ્વારા લોકોત્તર મહિમાવાળી કોઈ બીજી વ્યક્તિનું વર્ણન કરવાનો કવિનો અભિપ્રાય છે. એ રીતે આ અન્યોક્તિ છે.) એમાં પ્રસ્તુત અને અપ્રસ્તુત બંનેમાં રહેલા લોકોત્તરત્વરૂપ સામાન્ય ધર્મને આધારે પ્રધાનપણે પ્રતીયમાતરૂપ વિવક્ષિત વસ્તુમાં અભેદોપચારથી તે (હરિણત્વ)નો આરોપ કરવામાં આવ્યો છે. આમ, એ બે (રૂપક અને અપ્રસ્તુતપ્રશંસા) અલંકારોમાં ઉપચાર-વક્રતા જ જીવિતરૂપ છે, તેમ છતાં, રૂપક વાચ્ય હોય છે અને અપ્રસ્તુતપ્રશંસા વ્યંગ્ય હોય છે, એટલો એ બે વચ્ચે ભેદ છે. આ વાત એ બંનેનાં સ્વલક્ષણની વ્યાખ્યા વખતે સ્પષ્ટ થશે.

[૩] આ પ્રમાણે ઉપચારવક્રતાનું વિવેચન પૂરું કર્યા પછી ક્રમ પ્રમાણે વિશેષણવક્રતાનું વિવેચન કરે છે—

## ૧૫

**જેમાં વિશેષણની ખૂબીને કારણે ક્રિયા કે કારકનું સૌંદર્ય ખીલી ઊઠતું હોય તે વિશેષણવક્રતા કહેવાય,**

જેમાં સૌંદર્ય ખીલી ઊઠતું હોય તે વિશેષણવક્રતા કહેવાય. શાનું ? તો કે ક્રિયારૂપ વસ્તુનું અને નામરૂપ વસ્તુનું. શાને લીધે ? તો કે વિશેષણની ખૂબીને લીધે. ક્રિયા અને નામ એ બંનેના ભેદક લક્ષણરૂપ જે વિશેષણ તેની ખૂબી કે અતિશયને લીધે. એ અતિશય

કયો ? તો કે એ અતિશય બે પ્રકારનો હોય છે : (૧) પદાર્થના સ્વાભાવિક સૌંદર્યને ખીલવનાર અને (૨) અલંકારની શોભાને પોષનાર.

જેમાં સ્વાભાવિક સૌંદર્ય ખીલ્યું હોય એવું ઉદાહરણ—

"રાત્રિ પૂરી થતાં, નવા નખક્ષતોમાં પસીનો ભળતાં બળતરાને લીધે અધીં મીંચાઈ જતી, પ્રિયતમે જોરથી પકડીને ખેંચવાથી ખૂલી ગયેલી સુંદર અલકલટથી અધીં ઢંકાઈ ગયેલી, સુરતના આનંદથી અવશ થઈ વિવિધ આસનોમાં મસળાવાથી આળસ અને લજ્જાભરી તથા મદ્યપાનને લીધે થોડી સફેદ અને થોડી લાલ એવી યુવતીની આંખો જય પામે છે." ૫૧

આ શ્લોકમાં યોજેલાં વિવિધ વિશેષણોની ખૂબીને લીધે યુવતીની આંખનું સ્વાભાવિક સૌંદર્ય અદ્ભુત ખીલી ઊઠે છે.

બીજું ઉદાહરણ—

"બે હાથ વચ્ચે ગાલ રાખ્યા છે, ગાલ પરની પત્ર લેખા ઊભરાતાં આંસુથી ચેરાઈ ગઈ છે, ચિત્તવૃત્તિ કાનમાં કેન્દ્રિત થઈ છે, — આમ એ તન્વી અહીં ગીતધ્વનિ સાંભળી રહી છે." ૫૨

ત્રીજું ઉદાહરણ—

"સ્વચ્છ અને શીતલ ચંદ્રિકાથી વ્યાપ્ત, લાંબા સમયથી નિઃશબ્દ હોવાને કારણે મનોહર દિશાઓ કોઈના હૃદયમાં શાંતિના તો કોઈના હૃદયમાં કામના ઉદયનું કારણ બની." ૫૩

ક્રિયાવિશેષણવક્રતાનું ઉદાહરણ—

"હાથીઓનો રાજા, આંખો મીંચીને, વનવાસના સ્વેચ્છાવિહારરૂપ મહોત્સવોને સંભારવા લાગ્યો." ૫૪

આ બધાં ઉદાહરણોમાં વિશેષણો (નામ અથવા ક્રિયાના) સ્વાભાવિક સૌંદર્યને ખીલવે છે.

વિશેષણ અલંકારની શોભામાં વધારો કરતું હોય એવું ઉદાહરણ—

"ચંદ્રની શોભાનો તિરસ્કાર કરનાર—" ૫૫

આ શ્લોક આ જ ઉન્મેષમાં ૪૪મા ઉદાહરણ તરીકે આવ્યો છે. (પૃ. ૧૩૨), ત્યાં જોવો. એમાં અહીં ઉતારેલા વિશેષણથી પ્રતીયમાન ઉત્પ્રેક્ષા અલંકારની શોભા પરિપોષ પામે છે.

આ વિશેષણવક્રતા જ પ્રસ્તુત ઔચિત્ય અનુસાર બધાં ઉત્તમ કાવ્યોના જીવિતરૂપે જોવા મળે છે. કારણ કે એને લીધે જ રસ પરમ પરિપોષ પામે છે. જેમ કે—

"બે હાથ વચ્ચે—" ૫૬

આ શ્લોક આ જ ઉન્મેષમાં ૫૨મા ઉદાહરણ તરીકે આવ્યો છે (પૃ. ૧૩૯), ત્યાં જોવો.

"જેની પોતાની ખૂબીથી રસ, વસ્તુ તેમ જ ક્રિયાનો સ્વભાવ અને અલંકાર લોકોત્તર સૌંદર્યને પામે તેવું જ વિશેષણ પ્રયોજવું." ૫૭

આ અંતરશ્લોક છે.

આમ, વિશેષણવક્રતાનો વિચાર કર્યા પછી ક્રમાનુસાર સંવૃતિવક્રતાનો વિચાર કરે છે—

## ૧૬

**જેમાં કથનનું વૈચિત્ર્ય સાધવા માટે કોઈ સર્વનામ વગેરેથી વર્ણ્ય વસ્તુને ઢાંકી દેવામાં આવે તેને સંવૃતિવક્રતા કહેવાય.**

સંવૃતિવક્રતા એટલે સંવૃતિથી સધાતી વક્રતા, અથવા સંવૃતિપ્રધાન વક્રતા, એમ બે રીતે સમાસનો વિગ્રહ થઈ શકે. એમાં વર્ણ્ય વસ્તુને ઢાંકી દેવામાં આવે છે. એમાં હેતુ કથનનું વૈચિત્ર્ય કહેતાં સૌંદર્ય સાધવાનો હોય છે. એને લીધે વર્ણ્ય વસ્તુ અપૂર્વ સૌંદર્ય પ્રાપ્ત કરે છે. એમાં સાધન સર્વનામ વગેરે હોય છે. વગેરેમાં આ હેતુ સાધી શકે એવા કોઈ અપૂર્વ શબ્દોનો સમાવેશ થાય છે.

આ સંવૃતિવક્રતાના અનેક પ્રકારો સંભવે છે.

(૧) જેમાં કોઈ અત્યંત સુંદર વસ્તુનું વર્ણન થઈ શકે એમ તો હોય, પણ તેમ કરવાથી તે રખેને મર્યાદિત થઈ જાય એટલા માટે, સામાન્યવાચક સર્વનામથી તેને ઢાંકી દઈ, તેના કાર્યનું કથન કરનાર અને તેના અતિશયનું સૂચન કરનાર બીજા વાકય વડે તેની પ્રતીતિ કરાવવામાં આવતી હોય (તે સંવૃતિવક્રતાનો પહેલો પ્રકાર ગણાય). જેમ કે—

> "પોતાના પિતા લગ્ન કરવાને ઇચ્છે છે એ જોઈને તે નાની ઉંમરના જુવાને (ભીષ્મે) કરવા જેવું કર્યું, જેથી કામદેવ પુષ્પચાપની અણી ઉપર ગાલ મૂકીને કંઈક વિચારમાં પડી ગયો." ૫૮

અહીં, સદાચારપ્રવણ હોઈને, ગુરુજન પ્રત્યેની આંતરિક ભક્તિને કારણે, લોકોત્તર ઉદારતાનો ગુણ ધરાવનાર અને વિવિધ વિષયોના ઉપભોગ પ્રત્યે વિરક્ત મનવાળા શાન્તનુપુત્ર ભીષ્મે, માની ન શકાય એવું હોવા છતાં, પોતાની ઇન્દ્રિયો સંયમમાં રાખી, એમ કહી શકાત, તેમ છતાં, કવિએ સામાન્યવાચક સર્વનામથી એને ઢાંકી દઈ બીજા કાર્યનું વર્ણન કરનાર બીજા વાકયથી એની પ્રતીતિ કરાવી છે, તેથી એમાં કોઈ અપૂર્વ ચમત્કારકારિતા પ્રગટ થઈ છે.

(૨) સંવૃતિવક્રતાનો એક બીજો પ્રકાર એવો છે, જેમાં પોતાના સ્વાભાવિક સૌંદર્યની પરાકાષ્ઠાએ પહોંચેલી કોઈ વસ્તુની વિશેષતા શબ્દોથી વર્ણવી શકાય એવી નથી એમ જણાવવા, તેને સર્વનામથી ઢાંકી દઈ, તેના કાર્યનું વર્ણન કરનાર અને તેની વિશેષતાને વ્યક્ત કરનાર બીજા વાકય વડે તેને પ્રગટ કરવામાં આવે છે. જેમ કે—

> "પછી મધુરિપુ કૃષ્ણ દ્વારકા ચાલ્યા જતાં, તેમણે ઝંપાપાત કરવાને લીધે નમી ગયેલી યમુનાને કાંઠે ઊગેલી વેતસલતાને પકડીને ઉત્કંઠિત રાધાએ ઊભરાતાં આંસુથી રૂંધાયેલા અને ગળગળા કંઠે તારસ્વરે તે ગીત ગાયું, જે

સાંભળીને પાણીમાં રહેતાં જળચર પ્રાણીઓ પણ વ્યાકુળ બનીને રોવા લાગ્યાં.'' ૫૯

આ શ્લોકમાં (તે ગીતમાંના તે) સર્વનામથી ઢંકાઈ ગયેલું (રાધાના કરુણરસાત્મક ગીતના ઉત્કર્ષરૂપ) વસ્તુને (જેને સાંભળીને પાણીમાં રહેતાં જળચર પ્રાણીઓ પણ વ્યાકુળ બનીને રોવા લાગ્યાં —એ) તેના કાર્યનું કથન કરનાર બીજા વાક્ય વડે પ્રગટ કર્યું છે, તેથી એ સહૃદયોને આનંદ આપે એવું બન્યું છે.

એવું જ બીજું ઉદાહરણ—

''હે કૃષ્ણ, રૂંધાયેલા અને ગદ્ગદિત કંઠે વિશાખા એવું તો રડી કે લોકોને થયું કે સો જન્મે પણ કોઈએ કોઈના પ્રેમમાં ન પડવું.'' ૬૦

આમાં પૂર્વાર્ધમાં ઢાંકેલું રુદનરૂપ વસ્તુ તેના અતિશયનું કથન કરનાર બીજા વાક્યથી કહીને સહૃદયોને આનંદ આપે તેવું બનાવી દીધું છે.

(૩) સંવૃતિવક્રતાનો ત્રીજો એક પ્રકાર એવો છે, જેમાં અતિશય સુકુમાર વસ્તુ તેના કાર્યના અતિશયનું કથન કર્યા વગર જ ફક્ત ઢંકાવાને લીધે જ રમણીય બની જઈ પરાકાષ્ઠાએ પહોંચે છે. જેમ કે—

''દર્પણમાં સંભોગનાં ચિહ્નો જોતી પાર્વતીએ પોતાની પાછળ બેઠેલા પ્રિયતમને (દર્પણમાં) પોતાના પ્રતિબિંબ પાસે જોઈને લજ્જાથી શું શું ન કર્યું ?'' (કુમારસંભવ, ૮–૧૧) ૬૧

અહીં પાર્વતીની ક્રિયાઓને 'શું શું' એ સર્વનામથી ઢાંકી દીધી છે એટલા માત્રથી તે રમણીયતાની પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે.

(૪) સંવૃતિવક્રતાનો ચોથો પ્રકાર એવો છે, જેમાં કોઈ વસ્તુ જાત અનુભવે જ સમજાય એવી છે, વાણીથી કહી શકાય એવી નથી, એવું જણાવવા તેને ઢાંકવામાં આવે છે. જેમ કે—

''તે વર્ણો આજે પણ મારા હૃદયમાં કંઈક ધ્વનિત કરી રહ્યા છે.'' ૬૨

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ઉદાહરણ ૫૧ તરીકે આવી ગયો છે. (પૃ. ૪૫), ત્યાં જોવો.

એની સમજૂતી પહેલાં અપાઈ ગઈ છે.

(૫) સંવૃતિ વક્રતાનો પાંચમો પ્રકાર એવો છે, જેમાં પારકાની અનુભવસંવેદ્ય વસ્તુ વક્તા વર્ણવી શકે એમ નથી, એવું પ્રતિપાદન કરવા માટે તેને ઢાંકવામાં આવે છે. જેમ કે—

"કામદેવ તેથી કંઈક વિચારમાં પડી ગયો." ૬૩

આ જ ઉન્મેષમાં ૫૮મા ઉદાહરણ તરીકે આ શ્લોક આવી ગયો છે (પૃ. ૧૪૧).

અહીં વ્યંગ્યાર્થ એવો છે કે જેના પ્રતાપનો મહિમા ત્રણે લોકમાં ફેલાયેલો છે તે કામદેવ પોતાની શક્તિ નિષ્ફળ જતાં વિષાદને લીધે પોતે જ અનુભવી શકે એવા કોઈક વિચારમાં પડી ગયો.

(૬) સંવૃતિવક્રતાનો છઠ્ઠો પ્રકાર એવો છે, જેમાં કોઈ વસ્તુ સ્વભાવથી જ અથવા કવિવિવક્ષાથી કોઈ દોષયુક્ત હોઈ મહાપાતકની પેઠે કહેવા જેવું નથી એવું સૂચવવા માટે તેને ઢાંકવામાં આવે છે. જેમ કે—

"જો અમારા સેનાપતિએ પોતાના તીક્ષ્ણ બાણથી એને તરત જ મારી ન નાખ્યો હોત તો એ દુર્દાન્ત પ્રાણીએ તારા જે હાલ કર્યા હોત તે કહેવા મુશ્કેલ છે; તારા એવા હાલ ન થાઓ." (કિરાતાર્જુનીય, ૧૩–૪૯) ૬૪

બીજું ઉદાહરણ—

"ઓ સખી, આ બટુના હોઠ ફફડે છે, એ ફરી કંઈક કહેવા ઇચ્છતો હોય એમ લાગે છે, એને રોક. (કારણ) જે મોટાની નિંદા કરે છે તે જ માત્ર પાપમાં નથી પડતો, જે તેનું સાંભળે છે તે પણ પાપમાં પડે છે." (કુમારસંભવ, ૫–૮૩) ૬૫

આ બે ઉદાહરણોમાંના પહેલામાં અર્જુનને મારી નાખવાની વાત અને બીજામાં શિવની નિંદાની વાત કહેવા જેવી નથી તેથી તેને ઢાંકી દઈને રમણીયતા સાધી છે.

આ બંને ઉદાહરણમાંની બંને વસ્તુ સ્વભાવથી જ દોષયુક્ત છે.

જેમાં કવિવિવક્ષાને લીધે દોષ આવ્યો હોય એવી વસ્તુને ઢાંકી દેવાનું ઉદાહરણ—

"તે મિથ્યાવ્રત લેનાર આ કંઈક કરવા તૈયાર થયો છે." ૬૬

આ ઉદાહરણ પહેલા ઉન્મેષમાં ઉદાહરણ ૫૦ (પૃ. ૪૪-૪૫), અને ૬૯ તરીકે આવી ગયું છે? ચોથા ઉન્મેષમાં ૧૦મા ઉદાહરણ તરીકે એ શ્લોક આખો ઉતારેલો છે.

એની સમજૂતી પહેલાં (પહેલા ઉન્મેષમાં ૫૦મા ઉદાહરણ વખતે પૃ. ૪૫) આપી ગયા છીએ.

આમ, સંવૃતિવક્રતા(ના છ પ્રકાર)નો વિચાર કર્યા પછી પ્રત્યયવક્રતાનો એક પ્રકાર પદની વચમાં આવતો હોઈ અહીં જ તેનો વિચાર કરવો યોગ્ય છે, તેથી તેનો વિચાર કરીએ છીએ—

૧૭

**પોતાની ખૂબીથી વર્ણ્ય વસ્તુના ઔચિત્યની શોભામાં વધારો કરી પદની વચમાં આવેલો પ્રત્યય કોઈ જુદા જ પ્રકારની વક્રતા કહેતાં ચારુતા પ્રગટ કરે છે.**

પદની વચમાં આવેલો કૃત્ વગેરે પ્રત્યય કોઈ ઓર કહેતાં અપૂર્વ વક્રતા પ્રગટ કરે છે, એટલે ચારુતાને ઉદ્દીપિત કરે છે. શું કરીને? તો કે પ્રસ્તુત એટલે કે વર્ણ્ય વસ્તુના ઔચિત્યની શોભામાં વધારો કરીને. શાનાથી? તો કે પોતાની ખૂબીથી. જેમ કે—

"ઉત્સાહભરી બગલીઓ ચક્કર લગાવતી ઊડી રહી છે." ૬૭

આ શ્લોક આખો બીજા ઉન્મેષમાં ૨૭મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૧૧૯).

બીજું ઉદાહરણ—

"આંખોમાં સ્નેહભર્યા કટાક્ષો શરૂ થયા છે." ૬૮

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૧૨૧મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૬૯).

આ દાખલાઓમાં (वेल्लत्, स्निह्यत्) વર્તમાન કૃદંતનો शतृ પ્રત્યય કોઈ ભૂતકાળની અને ભવિષ્યની શોભા વગરની, વર્તમાન કાળની સ્વભાવથી જ સુંદર એવી પ્રસ્તુત વસ્તુના ઔચિત્યની શોભાને પ્રગટ કરી સહૃદયોનાં હૃદયોને આનંદ આપે એવી વક્રતા ઉત્પન્ન કરે છે.

હવે આ પ્રત્યયવક્રતાના જ બીજા ભેદનું વિવેચન કરે છે—

### ૧૮

**આગમ વગેરેના સ્વભાવથી સુંદર (પ્રત્યયવક્રતાનો) બીજો પ્રકાર, રચનાની શોભાને ઉત્પન્ન કરનાર કોઈ અપૂર્વ શબ્દવક્રતાને પુષ્ટ કરે છે.**

પ્રત્યયવક્રતાનો બીજો પ્રકાર કોઈ અપૂર્વ શબ્દવક્રતા ઉત્પન્ન કરે છે. એ પ્રકાર કેવો છે? તો કે આગમ વગેરેના સ્વભાવને લીધે સુંદર. આગમ એટલે मुम् વગેરે. એ આગમવગેરેનો જે પોતાનો સ્વભાવ તેને લીધે સુંદર. એ કેવી શબ્દવક્રતાને ઉત્પન્ન કરે છે? તો કે સંનિવેશ કહેતાં રચનાનીશોભાને ઉત્પન્ન કરનારી, એવો અહીં અર્થ છે.

'આગમ એટલે આવી પડેલું કે ઉમેરો. 'मुम्' એટલે મકાર, એટલે કે અનુસ્વાર. સંસ્કૃતના કેટલાક સમાસોમાં આગળના ઘટક પછી અનુસ્વાર ઉમેરાય છે, તો કેટલાંક દ્વિરુક્ત રૂપોમાં પણ પ્રત્યય તરીકે અનુસ્વાર હોય છે. તેવાં પદોની વર્ણરચનામાં રમણીયતા પ્રતીત થાય છે.

જેમ કે—

"હું જાણું છું કે તારી સખી (મારી પત્ની) મારા ઉપર અત્યંત સ્નેહ રાખે છે એટલે આ પહેલા વિરહથી તેની આવી દશા થઈ હશે એમ કલ્પું છું. હું મને સૌભાગ્યશાળી માનું છું (सुभगंमन्यभाव) તેથી આમ બોલું છું એવું નથી. થોડી જ વારમાં, મેં તને જે કહ્યું તે તું પ્રત્યક્ષ જોવા પામીશ." (મેઘદૂત, ૯૦) ૬૯

બીજું ઉદાહરણ—

"(તેના શરીરનો) દાહ ચાંગળામાં પાણી લે તો સૂકવી નાખે એવો છે (प्रसृतिंपच)." ૭૦

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૪૮મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૪૩).

ત્રીજું ઉદાહરણ—

"કેળના પાંદડાના પડિયા કરી, નાળિયેરનું પાણી પી પીને (पायं पायं)." ૭૧

આ શ્લોક આ જ ઉન્મેષમાં ૧૦મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૧૦૮).

આ ત્રણ દાખલાઓમાં सुभगंमन्यभाव, प्रसृतिंपच અને पायं पायं વગેરે શબ્દોમાં મુમાદિના સ્વભાવથી સુંદર પ્રત્યયો રચનાની શોભા ઉત્પન્ન કરનાર શબ્દવક્રતાને પોષે છે.

આમ, પ્રસંગોપાત્ત પદની વચમાં આવતા પ્રત્યયની વક્રતાનો વિચાર કરી એના પછી આવતી વૃત્તિવક્રતાનો વિચાર કરે છે—

૧૯

**જેમાં અવ્યયીભાવ વગેરે (સમાસ, તદ્ધિત, કૃત વગેરે) વૃત્તિઓનું સૌંદર્ય પ્રગટ થતું હોય તેને વૃત્તિ-વૈચિત્ર્યવક્રતા જાણવી.**

અહીં કહેવાનો અર્થ એ છે કે ઉચિત આધાર પર રચાયેલી આ (સમાસ, તદ્ધિત, કૃત્, વગેરે વૃત્તિઓ)નું સ્વાભાવિક સૌંદર્ય અભિવ્યક્ત થતું હોય તેને વૃત્તિવૈચિત્ર્યવક્રતા કહે છે.

'વૃત્તિ' એટલે મૂળ શબ્દ ઉપરથી બીજા શબ્દ સાધવાની રીત.

જેમ કે—

> "વસંત ઋતુમાં (अधिमधु) લતાઓનો તાજો રસ બહાર નીકળવાનો કોઈ માર્ગ ન મળતાં, અંદર ને અંદર ભેગો થઈને ઘૂમરાયા કરે છે, અને ઊભરાઈને બહાર આવેલી મનોહર સુવાસને લીધે સુંદર શોભાને ધારણ કરે છે." ૭૨

આ શ્લોકમાં (अधिमधु) શબ્દમાંનો વિભક્તિના અર્થને આધારે બનાવેલો અવ્યયીભાવ સમાસ (વસંતરૂપ) સમયનો વાચક હોવા છતાં (मधौ इति अधिमधु એ રીતે) વિષય સપ્તમીનો બોધ કરાવી नवरस શબ્દની શ્લેષછાયાથી વ્યાપ્ત વૈચિત્ર્ય કહેતાં સૌંદર્ય પ્રગટ કરે છે. (એનો અર્થ એ છે કે એ સમાસ વસંત ઋતુનો બોધ કરાવવા ઉપરાંત સાતમી વિભક્તિનો અર્થ પણ વ્યક્ત કરે છે અને नवरस શબ્દમાં શ્લેષની છાયા ઉમેરે છે. એને લીધે વસંત ઋતુ ચિત્તમાં પ્રેમના વિચારો જગાડે છે એવો અર્થ વ્યંજિત થાય છે.) અવ્યયીભાવ સમાસ વગર પણ (मधौ એવું સાતમી વિભક્તિનું રૂપ વાપરીને) એ અર્થ તો વ્યક્ત કરી શકાત, પણ તેમાં આવું તદ્વિદાહ્‌લાદકારિત્વ ન આવત. એ ઉપરાંત, ઉદ્વૃત્ત, પરિમલ, સ્પન્દ, સુભગ વગેરે શબ્દોની ઉપચારવક્રતા પણ અહીં સ્ફુરતી લાગે છે.

બીજું ઉદાહરણ—

> "સ્વર્ગથી માંડીને પાતાળ સુધી નવા જ પ્રકાશની

શોભા ફેલાવનાર તમારાં પરાક્રમોએ શાને સફેદ નથી બનાવી દીધું? તેમણે તો તમારા દુશ્મનોની સ્ત્રીઓના તેમના પતિઓએ રચેલા નખક્ષતો રૂપી અલંકારોને પણ સફેદ બનાવી દીધા છે.” (સુભાષિતાવલી, શ્લો. ૨૯૫૪) ૭૩

આ શ્લોકમાં પાંડુત્વ, પાંડુતા, પાંડુભાવ વગેરે શબ્દો કરતાં પાંડિમા શબ્દ વાપરવાને લીધે કોઈ અપૂર્વ વૃત્તિવૈચિત્ર્યવક્રતા પ્રગટી છે.

ત્રીજું ઉદાહરણ—

“સુગંધી દ્રવ્યોનું ચૂર્ણ લગાવીને સ્નાન કરવાને લીધે જેમનામાંથી લાવણ્યરૂપી અમૃત ઝરી રહ્યું છે એવી સિંહલની સ્ત્રીઓના મુખની કાન્તિનું પાન કરવાને લીધે ચંદ્રમા કાન્તિ ફેલાવે છે. એથી જ તે ઇન્દ્ર સુધ્ધાં ત્રણે લોક પર વિજય મેળવનાર કામદેવની પાનગોષ્ઠીના મહોત્સવ પ્રસંગે એકછત્ર સામ્રાજ્ય ભોગવે છે.” ૭૪

આ શ્લોકમાં ‘એકાતપત્રની પેઠે આચરે છે તે एकातपत्रायते’ એ રીતે એકાતપત્ર નામને ધાતુ બનાવીને બનાવેલા एकातपत्रायते શબ્દમાંનો નામધાતુનો પ્રયોગ અને બીજા સમાસના પ્રયોગોને લીધે અપૂર્વ વક્રતા કહેતાં સૌંદર્ય પ્રગટ થાય છે.

આમ, વૃત્તિવૈચિત્ર્યવક્રતાનું નિરૂપણ કર્યા પછી પદપૂર્વાર્ધમાં સંભવતી હવે પછી આવતી ભાવવક્રતાનું નિરૂપણ કરે છે—

૨૦

**જેમાં ભાવ કહેતાં ક્રિયા (જે સદા સાધ્ય રૂપ હોય છે તે)ની સાધ્યતાનો તિરસ્કાર કરીને તેને સિદ્ધરૂપે વર્ણવી હોય તે ભાવવૈચિત્ર્યવક્રતા કહેવાય છે.**

અહીં વર્ણવ્યું છે તેવા સ્વરૂપની હોય તે ભાવવૈચિત્ર્યવક્રતા કહેવાય. ભાવ એટલે ધાતુનો ક્રિયાવ્યાપાર. તેનું વૈચિત્ર્ય એટલે

બીજી કોઈ પણ રીતે જેનું વર્ણન ન થઈ શકે એવી રમણીયતા. તેને લીધે પ્રાપ્ત થતી વક્રતા કહેતાં શોભા તે ભાવવૈચિત્ર્યવક્રતા. એ વક્રતા કેવી? તો કે જેમાં ભાવ કહેતાં ક્રિયા સિદ્ધરૂપે એટલે કે બની ચૂકી હોય એ રૂપે વર્ણવવામાં આવી હોય. શું કરીને? તો કે સાધ્યતાનો પણ અનાદર કરીને એટલે કે ક્રિયા હમેશાં નિષ્પાદ્યમાન એટલે કે ચાલુ થતી અવસ્થામાં જ હોય છે એ ખૂબ જાણીતી વાત છે. તેનો પણ અનાદર કરીને. કહેવાનું તાત્પર્ય એ છે કે ક્રિયા હજી સિદ્ધ થઈ નથી, થવાની છે એવું કહેવાથી પ્રસ્તુત અર્થ દુર્બળ રહેતો હોય ત્યારે તે ક્રિયા સિદ્ધ થઈ છે, પૂરી થઈ ચૂકી છે એમ કહેવાથી પ્રસ્તુત અર્થનો પૂરતો પરિપોષ થાય છે. જેમ કે—

> "નિઃશ્વાસના આયાસથી અધરની કાન્તિ મલિન થઈ ગઈ છે, કેળ જેવી એ બાહુલતા એવી પાતળી થઈ ગઈ છે કે બાજુબંધ કેયૂર બની ગયા છે, કપોલની કાન્તિ ફિક્કી પડી ગઈ છે અને અત્યંત આંસુ વહેવાને લીધે આંખના ખૂણા એવા તો લાલ થઈ ગયા છે કે જેથી કામદેવનો પ્રતાપ ખૂબ વધી ગયો છે." ૭૫

અહીં ક્રિયાઓને સિદ્ધ થઈ હોય એ રીતે વર્ણવી છે તે ખૂબ જ ચમત્કારક લાગે છે.

આમ, ભાવવક્રતાનું નિરૂપણ કરી પ્રાતિપદિક એટલે નામની અંદર રહેલી લિંગવક્રતાનું નિરૂપણ કરે છે—

## ૨૧

**જેમાં ભિન્ન લિંગવાળા શબ્દો સમાનાધિકરણથી**
**વપરાવાને લીધે કોઈ અપૂર્વ શોભા ઉત્પન્ન થાય છે,**
**તે લિંગવૈચિત્ર્યવક્રતા કહેવાય છે.**

એમાં સ્ત્રી વગેરે લિંગોનો વિશિષ્ટ રીતે ઉપયોગ કરવાથી વક્રતા કહેતાં શોભા ઉત્પન્ન થાય છે. કારિકામાં 'ઉત્પન્ન થાય છે,' એ ક્રિયાપદ અધ્યાહાર છે એમ ગણવું જોઈએ, કારણ, બીજું

કોઈ ક્રિયાપદ છે નહિ. એ વક્રતા કેવી છે? તો કે જેમાં જુદાં જુદાં લિંગવાળા શબ્દો સમાનાધિકરણથી એટલે કે એક જ વિભક્તિમાં હોય એ રીતે એક જ વસ્તુને લાગુ પડતા હોય ત્યારે કોઈ અપૂર્વ શોભા પ્રગટ થાય છે. જેમ કે—

"જેના ઉપર પણછ ચડાવવાની ક્રિયાએ જ અનેકોનાં વીરવ્રત છોડાવી દીધાં છે, તે શિવધનુષ ઉપર મારે આ બે ભુજાઓ વડે બાણ ચડાવવાનું છે, એથી મને પેલું અયોનિજ સ્ત્રીરત્ન પ્રાપ્ત થનાર છે, તેથી મારી આ વીસે આંખો ગેલમાં આવીને ખીલેલાં કમળનું વન બની ગઈ છે." (બાલરામાયણ, ૧-૩૦) ૭૬

આ શ્લોકમાં दृशां विंशतिः (વીસ આંખો) અને फुल्लपङ्कजवनम् (ખીલેલાં કમળનું વન) એ બે ભિન્ન લિંગવાળા શબ્દો એક જ વિભક્તિમાં એક જ વસ્તુ માટે વાપર્યા છે તેથી અહીં લિંગવૈચિત્ર્યવક્રતા પ્રગટી છે.

બીજું ઉદાહરણ—

"દક્ષિણાનિલે કલ્પલતાને હલાવીને તેના નવા પલ્લવોના નાના પંખાથી તેના વક્ષસ્થલ ઉપર બધાં અંગોને સુગંધિત કરતો અંગરાગ ભભરાવ્યો." (બાલરામાયણ, ૭-૬૬) ૭૭

આ શ્લોકમાં सर्वास्पदम् અને सौरभम् એ બે શબ્દો નપુંસકલિંગના અને अङ्गरागः શબ્દ પુંલ્લિંગનો છે, છતાં એ ત્રણે સમાનાધિકરણમાં એક જ વસ્તુ માટે વપરાયા છે, તેથી અહીં લિંગવૈચિત્ર્યવક્રતા પ્રગટી છે.

ત્રીજું ઉદાહરણ—

"ઋતુઓએ મહામહેનતે તૈયાર કરેલી માળા તેના (વિષ્ણુના) ખભે પહેરાવતી વખતે, જેમાંથી મકરંદબિંદુ ટપકતાં હતાં એવાં લક્ષ્મીનાં કરકમળ સુંદર કર્ણપૂર બની ગયાં." ૭૮

આ શ્લોકમાં करारविन्दं અને कर्णपूरः એ બે ભિન્ન લિંગના શબ્દો એક વિભક્તિમાં વપરાયા છે તેથી અહીં લિંગવૈચિત્ર્યવક્રતા પ્રગટી છે.

લિંગવૈચિત્ર્યવક્રતાનો એક બીજો પ્રકાર છે—

૨૨

**સ્ત્રીલિંગી નામ જ સુંદર છે, એટલા માટે જેમાં બીજાં લિંગ વાપરી શકાય એમ હોવા છતાં શોભા ઉત્પન્ન કરવા માટે સ્ત્રીલિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હોય છે.**

લિંગવૈચિત્ર્યવક્રતાનો બીજો પ્રકાર એવો છે જેમાં અનેક લિંગમાં વાપરી શકાય એવો શબ્દ પણ સ્ત્રીલિંગમાં વાપર્યો હોય છે. એની પાછળ હેતુ સૌંદર્ય સિદ્ધ કરવાનો હોય છે. શા માટે? તો કે સ્ત્રીલિંગી નામ જ મનોહર હોય છે, કારણ, રસાદિની સાથે તેનો સંબંધ જોડવાનું સુગમ હોઈ કોઈ નવું જ સૌંદર્ય પ્રગટે છે. ઉદાહરણ—

"ગ્રીષ્મ ઋતુની ગરમીથી તપી ગયેલી, પીળી પડી ગયેલી, અને (ગુફા રૂપી) મોંમાંથી નીકળતી ગરમ હવાને લીધે હાલતાં લતાઓનાં પાંદડાંવાળી આ તટી અત્યંત તપી રહી છે, એટલે લાગે છે કે, થોડી જ વારમાં ચંદ્રમાની (શીતળતાની) કીર્તિને ટપી જનાર અને આખા ભુવનને વ્યાપી વળનાર કોઈ મેઘ આવી રહ્યો છે." ૭૯

આ શ્લોકમાં તટ શબ્દ ત્રણે લિંગમાં વાપરી શકાય એવો હોવા છતાં સૌંદર્યને કારણે સ્ત્રીલિંગમાં જ વાપર્યો છે. એને લીધે (તટીરૂપ) નાયિકા પ્રત્યેના (મેઘરૂપી) નાયકના કોઈ વ્યવહારનો સંબંધ જોડવો સુગમ થયો છે અને તેથી એમાં નવું જ સૌંદર્ય ઉમેરાતાં એમાં વક્રતા પ્રગટી છે.

આ લિંગવૈચિત્ર્યવક્રતાનો જ એક ત્રીજો પ્રકાર બતાવે છે—

૨૩

**જ્યાં બીજું લિંગ યોજી શકાય એમ હોય ત્યાં પણ સૌંદર્ય સાધવા માટે વાચ્યના ઔચિત્ય અનુસાર કોઈ ચોક્કસ લિંગનો ઉપયોગ કરવામાં આવે તે આ વક્રતાનો બીજો એક પ્રકાર ગણાય.**

આવાં લક્ષણવાળી બીજા એક પ્રકારની લિંગવક્રતા હોય છે. એમાં કોઈ ચોક્કસ લિંગનો એટલે કે ત્રણમાંથી કોઈ એક જ લિંગનો કવિની વિવક્ષા પ્રમાણે ઉપયોગ કરવામાં આવે છે. કેવી રીતે? તો કે બીજા લિંગનો પ્રયોગ થઈ શકતો હોય તોયે. શા માટે? તો કે વિચ્છિત્તિ કહેતાં શોભા, સૌંદર્ય સિદ્ધ કરવા માટે. શા કારણથી? તો કે વાચ્યના એટલે કે વર્ણ્ય વસ્તુના ઔચિત્યની દૃષ્ટિએ યોગ્ય હોય છે માટે. મતલબ કે પદાર્થના ઔચિત્યને અનુસરીને. જેમ કે—

> "હે ભીરુ, તને રાક્ષસ (રાવણ) જે માર્ગે થઈને લઈ જતો હતો તે માર્ગ, બોલવાને અશક્ત એવી આ લતાઓએ (રાવણ જે દિશામાં ગયો હતો તે દિશામાં) વળેલાં પાંદડાં-વાળી પોતાની ડાળીઓ વડે મને કૃપા કરીને બતાવ્યો હતો." (રઘુવંશ, ૧૩–૨૪) ૮૦

અહીં સંદર્ભ એવો છે કે સીતાની સાથે રામ પુષ્પક વિમાનમાં બેસીને જતા હોય છે ત્યારે તેઓ પોતે જ પોતાનું વિરહદુઃખ કહી સંભળાવે છે કે "રાવણ તને એવી ઉતાવળમાં ઘાંઘો થઈને જે માર્ગે થઈને લઈ ગયો તે માર્ગે તેનાં અંગો સાથે અથડાવાથી લતાઓની સ્થિતિ આવી થઈ ગઈ. લતાઓની એ ઉન્મુખ સ્થિતિ તને જે માર્ગે લઈ જવામાં આવી હતી તેનું અનુમાન કરવામાં કારણ બની." આ વાત રામે ખૂબ સુંદર રીતે કહી છે કે 'હે ભીરુ અર્થાત્ કોમળ સ્વભાવને કારણે ગભરુ ચિત્તવાળી, એવાં ક્રૂર કર્મનો કરનાર રાવણ તને જે માર્ગે થઈ લઈ ગયો તે મને આ સામે પ્રત્યક્ષ દેખાતી લતાઓએ બતાવ્યો હતો.' તેઓ પોતે અચેતન હોઈ, ખરું જોતાં, માર્ગ બતાવવાનું સંભવિત નહોતું, એટલે કવિને અહીં પ્રતીયમાન ઉત્પ્રેક્ષા અલંકાર અભિપ્રેત છે. જેમ કે, "તારા ભીરુત્વનો, રાવણની ક્રૂરતાનો અને તારું રક્ષણ કરવાનો પ્રયત્ન કરવાની મારી વ્યગ્રતાનો વિચાર કરી સ્ત્રીસ્વભાવને લીધે કોમળ હૃદયની હોઈ, પોતાની જાતિની તારા

પ્રત્યે પક્ષપાતને કારણે એ લતાઓએ કૃપા કરીને માર્ગ બતાવ્યો. શાના વડે? તો કે વળેલાં પાંદડાંવાળી શાખાઓ વડે. કારણ, વાગિન્દ્રિય ન હોવાથી તેઓ બોલી શકે એમ નહોતી. જે કોઈ બોલ્યા વગર માર્ગ બતાવે છે તે સૌ તે દિશામાં હાથ ઊંચા કરી આંગળીઓ વડે જ બતાવે એ સમજી શકાય એવું છે.

રઘુવંશમાં બીજો પણ એક શ્લોક આવે છે—

> "મૃગલીઓએ પણ, મને તારા માર્ગની ચોક્કસ ખબર નહોતી એટલે દર્ભાંકુરો ખાવાનું છોડીને, આંખની પાંપણો ઊંચી કરી દક્ષિણ દિશા તરફ નજર માંડી મને તેની જાણ કરી." (રઘુવંશ, ૧૩-૨૫) ૮૧

લતાઓએ તને જે માર્ગે લઈ જવામાં આવી હતી તે મને બતાવ્યો હતો. પણ હું તે સમજી શક્યો નહોતો. એટલે તેમના કરતાં વધુ બુદ્ધિશાળી મૃગલીઓએ મને તે બતાવ્યો. એ મૃગલીઓએ તે ક્રૂર દુઃખદાયક દૃશ્ય જોઈને એક જ દિશામાં નજર માંડી હતી. તેઓ પાંપણ ઊંચી કરીને દક્ષિણ દિશા તરફ નજર માંડીને ઇશારાથી એમ જણાવતી હતી કે તને આકાશમાર્ગે દક્ષિણ દિશામાં લઈ જવામાં આવી છે.

આ બંને શ્લોકમાં વૃક્ષ અને મૃગ વગેરે માટે પુંલ્લિંગ કે નપુંસકલિંગ નામો મળી શકે એમ હોવા છતાં કવિએ વર્ણ્ય વસ્તુના ઔચિત્યને અનુસરીને સ્ત્રીલિંગનાં નામો જ વાપર્યાં છે. કારણ, એ જ ચમત્કાર ઉત્પન્ન કરે એવાં છે. આથી એમાં કોઈ અપૂર્વ વક્રતા પ્રગટ થઈ છે.

આ રીતે વિભક્તિ-પ્રત્યયોવાળા શબ્દોમાં સંભવતા નામરૂપ પદપૂર્વાર્ધની વક્રતાનો યથાસંભવ વિચાર કરી, હવે વિભક્તિના અને ક્રિયાપદને લાગતા પ્રત્યયોવાળા શબ્દોના ધાતુરૂપ પદપૂર્વાર્ધની વક્રતાનો વિચાર કરે છે. એની વક્રતા ક્રિયાવૈચિત્ર્યને કારણે જ હોય છે. તેથી ક્રિયાવૈચિત્ર્યના જ કેવા અને કેટલા પ્રકાર સંભવે છે તે, તેના સ્વરૂપનિરૂપણ માટે, કહે છે—

## ૨૪, ૨૫

**(૧) કર્તાની અત્યંત અંતરંગતા, (૨) બીજા કર્તાથી વિચિત્રતા, (૩) પોતાના વિશેષણની વિચિત્રતા, (૪) ઉપચારની મનોહરતા અને (૫) કર્મ વગેરેની સંવૃતિ — પ્રસ્તુત ઔચિત્યથી શોભતાં આ પાંચ વાનાં પાંચ પ્રકારનાં ક્રિયાવૈચિત્ર્ય ગણાય છે.**

ક્રિયાવૈચિત્ર્ય વક્રતા એટલે ધાતુના વૈચિત્ર્યની વક્રતા. એના પાંચ પ્રકાર છે. એમનું વર્ણન હવે પછી કરવામાં આવશે. એ બધા જ પ્રસ્તુત એટલે કે વર્ણ્ય વસ્તુના ઔચિત્યને કારણે રમણીય હોય છે.

(૧) એમાં જે પહેલો પ્રકાર છે તેનું નામ 'કર્તાની અત્યંત અંતરંગતા' એવું છે. એનો અર્થ એ છે કે કર્તા સ્વતંત્ર હોઈ પોતે એટલું સામર્થ્ય ધરાવે છે કે ક્રિયા સંપાદન કરી શકે. જેમ કે—

> "ભગવાન શેષનાગનું માથું જ એના ચૂડામણિ ઉપરનો આખી પૃથ્વીનો ભારે મોટો બોજો ખભા ઊંચા રાખીને ઉપાડી શકે. એ જો લહેરમાં આવીને સહેજ પણ નમી જાય તો આ ચૌદે લોક ભારે મોટા કંપની સાથે આકાશમાં આમતેમ ગબડવા માંડે." ૮૨

અહીં 'उद्धुरता' એટલે કે (આખી પૃથ્વીને) ધારણ કરવાની ક્રિયા, કર્તાના એટલે કે શેષનાગના મસ્તકના પ્રસ્તુત ઔચિત્યના મહિમાને લીધે એટલી અંતરંગતાને પામે છે કે બીજી કોઈ પણ ક્રિયા પામી ન શકે. અને તેથી અહીં ક્રિયાવૈચિત્ર્યવક્રતા પ્રગટ થાય છે.

બીજું ઉદાહરણ—

> "'મને એ સારી લાગે છે?' એમ પાર્વતીએ પૂછતાં પિનાકપાણિ શિવે આપેલો પરિચુંબન રૂપ ઉત્તર તમારું રક્ષણ કરો." ૮૩

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૮૧મા ઉદાહરણ તરીકે થોડા પાઠાંતર સાથે આવી ગયો છે (પૃ. ૭૦).

અહીં શિવ ચુંબન સિવાય બીજી કોઈ પણ ક્રિયા મારફતે પાર્વતીના લોકોત્તર સૌંદર્યનું કથન કરી ન શકત. એટલે આ શ્લોકમાં ક્રિયાવૈચિત્ર્યમૂલક વક્રતા કહેતાં શોભા આવી છે.

ત્રીજું ઉદાહરણ—

"રુદ્રનું પાર્વતી વડે ચુંબન કરાયેલું ત્રીજું નેત્ર જય પામે છે." ૮૪

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૫૮મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૪૭).

ચોથું ઉદાહરણ—

"ઢીલા ધનુષવાળો કામદેવ જય પામે છે." ૮૫

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૬૧મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૪૯).

આ બંને ઉદાહરણોના વૈચિત્ર્ય કહેતાં સૌંદર્યની સમજૂતી પહેલાં આપી છે.

(૨) ક્રિયાવૈચિત્ર્યવક્રતાનો બીજો પ્રકાર એવો છે, જેમાં બીજા કર્તાથી વિચિત્રતા સધાતી હોય છે. પ્રસ્તુત હોવાને કારણે અને એક જ જાતિનો હોવાને કારણે એ કર્તામાં વૈચિત્ર્ય આવે છે. એ ક્રિયાને જ બીજા કર્તા કરતાં કોઈ જુદા જ પ્રકારે સિદ્ધ કરે છે, એ જ એનું વૈચિત્ર્ય અથવા સૌંદર્ય છે. જેમ કે—

"શક્તિ કદી કોઈ એક જ જગ્યાએ કેન્દ્રિત થયેલી હોતી નથી. બધા જ પદાર્થો સ્વભાવથી જ ઓછીવત્તી શક્તિ ધરાવતા હોય છે. વડવાગ્નિ જે સાગરને પીવા યુગોથી મથી રહ્યો છે તેને અગસ્ત્ય એક ઘૂંટડામાં પી ગયા." ૮૬

અહીં એક ઘૂંટડામાં સમુદ્રને પી જવો એ નિરંતર પ્રયત્ન અને અભ્યાસને લીધે પરાકાષ્ઠાએ પહોંચેલા વડાવાગ્નિ કરતાં પણ

કોઈ અપૂર્વ ક્રિયાવૈચિત્ર્ય ધારણ કરી કોઈ અપૂર્વ વક્રતા કહેતાં શોભા પ્રગટ કરે છે.

વડવાગ્નિ યુગો થયાં સમુદ્રને પીવાનો પ્રયત્ન કર્યા કરે છે આમ એને પીવાની ક્રિયાનો લાંબા સમયનો અભ્યાસ પણ છે અને એનામાં એને વળગી રહેવાની ખંત પણ છે, એટલે એ ક્રિયામાં એ પરાકાષ્ઠાએ પહોંચેલો છે, તેમ છતાં એ સમુદ્રને પી શક્યો નથી, અને અગસ્ત્ય એ સમુદ્રને એક ઘૂંટડામાં પી ગયા, એમાં અગસ્ત્યની પીવાની ક્રિયા પેલા વડવાગ્નિની પીવાની ક્રિયા કરતાં કોઈ જુદા જ પ્રકારની લાગે છે. આમ, વડવાગ્નિરૂપ બીજા કર્તા કરતાં અગસ્ત્યરૂપ કર્તાની વિશેષતા પ્રગટ થાય છે અને તે વિશેષતા એની ક્રિયાની વિશેષતાથી સિદ્ધ થાય છે. આમ, આ ક્રિયાવૈચિત્ર્યવક્રતાના બીજા પ્રકારનું ઉદાહરણ બને છે.

બીજું ઉદાહરણ—

શરણાગતોનાં દુઃખોને કાપનાર નખો." ૮૭

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૫૯મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૪૮).

ત્રીજું ઉદાહરણ—

"શંભુનાં શરોનો અગ્નિ તમારાં પાપોને બાળી મૂકો." ૮૮

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૬૦મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૪૮).

આ બંનેની વક્રતાની સમજૂતી પહેલાં આપી છે.

(૩) ક્રિયાવૈચિત્ર્યવક્રતાનો ત્રીજો પ્રકાર એવો છે, જેમાં ક્રિયાના પોતાના વિશેષણની ચારુતા હોય છે. ક્રિયા જ પ્રધાનપણે પ્રસ્તુત હોઈ તેનું વિશેષણ જો ચારુતાયુક્ત હોય તો એથી વૈચિત્ર્ય કહેતાં સૌંદર્ય સધાય છે. જેમ કે—

"ચંદ્રોદય થતાં જ સ્ત્રીઓએ સુંદર કાન્તિવાળી દૂતીઓ સાથે વાત કરવામાં આંખ અને મન રોકાયેલાં હોવાથી

ઊલટસૂલટ વેશભૂષા કરી સખીઓને હસાવી.'' (કાવ્યમીમાંસા પૃ. ૬૯-૭૦) ૮૯

આ શ્લોકમાં વેશભૂષા કરવી એ ક્રિયાને લગાડેલા विपरीतभूषाविन्यासहासितसखीजनम् (ઊલટસૂલટ વેશભૂષા કરી સખીઓને હસાવી એ રીતે) એવા વિશેષણને લીધે કોઈ અપૂર્વ સૌંદર્ય પ્રગટ થાય છે. કારણ કે અહીં મુખ્ય વર્ણ્ય વિષય એ સ્ત્રીઓનો પોતાના પ્રેમી તરફનો અનુરાગ છે. અને આ રીતે આદર કહેતાં ઉત્સાહપૂર્વક આભૂષણ ધારણ કરવાની ક્રિયા એ અનુરાગની વ્યંજક છે અને તેને સારી રીતે ઉત્તેજે છે.

બીજું ઉદાહરણ—

''ચકિત હરિણીના જેવા આકર્ષક નેત્રત્રિભાગથી મારા તરફ જે કટાક્ષ ફેંક્યો.'' ૯૦

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૪૦મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૪૪).

એની ચારુતા પહેલાં સમજાવી છે. આ ક્રિયાવિશેષણ ક્રિયાનું અને કારક એટલે કર્તાનું બંનેનું સૌંદર્ય વધારે છે. કારણ, વિચિત્ર ક્રિયા કરવી એ કારકનું વૈચિત્ર્ય છે.

(૪) ક્રિયાવૈચિત્ર્યવક્રતાનો ચોથો પ્રકાર એવો છે, જેમાં ઉપચારની મનોહરતા હોય છે. ઉપચાર એટલે સાદૃશ્ય વગેરે સંબંધને આધારે બીજા ધર્મનો અધ્યારોપ કરવો. એવા અધ્યારોપથી ચારુતા આવે છે. જેમ કે—

''અંગો ઊછળતા નિર્મળ લાવણ્યના સાગરમાં તરતાં લાગે છે, સ્તન અને નિતંબ વિકાસની પ્રૌઢતાને ખોલે છે, અને આંખોની લીલા સ્પષ્ટપણે સરળતાને સ્થાનભ્રષ્ટ કરે છે. અહો, આ મૃગનયનીનો તારુણ્ય સાથે ગાઢ પરિચય થઈ ગયો છે.'' (સદુક્તિકર્ણામૃત, ૨-૧૧) ૯૧

આ શ્લોકમાં તરુણીનાં અંગોને 'ઊછળતા નિર્મળ સૌંદર્યના

સાગરમાં તરતાં' કહ્યાં છે અને તે જાણે તરતાં તરતાં સામે પાર જવા મથે છે એવી કલ્પના છે. આ ચેતન પદાર્થમાં જ સંભવે એવા સાદૃશ્યને આધારે ઉપચારથી તરુણીનાં અંગો તરે છે એવી ઉત્પ્રેક્ષા કરી છે. અને ઉત્પ્રેક્ષામાં મોટે ભાગે ઉપચાર જ તેના જીવિતરૂપ હોય છે, એ વાત ઉત્પ્રેક્ષાના નિરૂપણ વખતે કહેવામાં આવશે.

'સ્તન અને નિતંબ વિકાસની પ્રૌઢતાને ખોલે છે' એમ કહ્યું છે એમાં સ્તન અને નિતંબને સચેતન પદાર્થ તરીકે પોતાના વિસ્તારના પ્રૌઢત્વને ખોલતાં માન્યાં છે. કોઈ સચેતન માણસ જેમ પોતાની કોઈ સાચવવા જેવી વસ્તુને સીલ મારીને અમુક સમય સુધી રાખી મૂકે છે અને યોગ્ય સમયે પોતે જ સીલ તોડીને ઉઘાડે છે, તે રીતે, એ કાર્યના સામ્યને કારણે, સ્તનનિતંબમાં ખોલવાની ક્રિયાનો ઉપચાર કરવામાં આવ્યો છે. કહેવાની મતલબ એ છે કે બાલ્યાવસ્થામાં જે શક્તિરૂપે અવ્યક્ત દશામાં રહેલું હતું તે (એટલે કે સ્તનનિતંબનું પ્રૌઢત્વ એટલે કે વિસ્તાર) તારુણ્ય બેસતાં જ પ્રગટ થવાની તક પામે છે.

'આંખોની લીલા સ્પષ્ટપણે સરળતાને સ્થાનભ્રષ્ટ કરે છે' અર્થાત્ બાલ્યાવસ્થામાં આંખોમાં જે સરલતા રહેતી તેને પ્રગટ રીતે હઠાવી દઈને આંખના હાવભાવ નવયૌવનને અનુરૂપ કોઈ અપૂર્વ સૌંદર્ય ધારણ કરે છે. જેમ કોઈ સચેતન માણસ કોઈ બાબતમાં કોઈ સુપ્રચલિત વ્યવહારને હઠાવી દઈને પોતાને મનગમતો કોઈ બીજો વ્યવહાર તેની જગ્યાએ પ્રસ્થાપિત કરે છે, એ ક્રિયાની સમાનતાને આધારે સુંદરીઓની આંખોની લીલામાંથી સરળતાને હઠાવી દેવાનો ઉપચાર કરવામાં આવ્યો છે. આ રીતે, આ ઉપચારને લીધે, આ શ્લોકમાંની ત્રણે ક્રિયાઓ કોઈ અપૂર્વ વક્રતા કહેતાં સૌંદર્યને પામે છે. આ વાક્યમાં વક્રતાના બીજા પ્રકારો પણ પ્રત્યેક પદમાં સંભવે છે, તેનો વિચાર બીજે પ્રસંગે કરીશું.

(૫) ક્રિયાવૈચિત્ર્યવક્રતાનો એક પાંચમો પ્રકાર એવો છે, જેમાં કર્મ વગેરેનું સંવરણ કરવામાં આવે છે. એટલે કે પ્રસ્તુત ઔચિત્ય અનુસાર અતિશયની પ્રતીતિ કરાવવા માટે કર્મ વગેરેનું છુપાવીને કથન કરવામાં આવે છે. એનાથી ક્રિયાના વૈચિત્ર્યમાં વધારો થાય છે એટલે એને ક્રિયાવૈચિત્ર્યનો એક પ્રકાર ગણવામાં આવે છે.

"વિશાળ લોચનવાળી રમણીના મનમાં જ્યારે પ્રેમની માદકતા ઉત્પન્ન થાય છે ત્યારે સર્વવ્યાપી સૌંદર્યલક્ષ્મી તેની આંખોને કોઈ અપૂર્વ માધુર્ય અર્પે છે, તેના કાનમાં કંઈ અપૂર્વ વસ્તુ કહે છે, અને તેના ચિત્તમાં કંઈક અપૂર્વ એવું ચીતરી દે છે." ૯૨

આ શ્લોકમાં તે રમણીના જ અનુભવનો વિષય હોઈ વર્ણન ન કરી શકાય એવી કોઈ અનિર્વચનીય સૌંદર્યયુક્ત વસ્તુનું પ્રત્યેક પદથી પ્રતિપાદન કરતી (અર્પે છે, કહે છે, ચીતરે છે) ક્રિયાઓ પોતામાં કોઈ અપૂર્વ સૌંદર્ય ઉત્પન્ન કરે છે. ઉપરાંત, અહીં ઉપચારવક્રતા પણ છે. કારણ, અર્પણ કરવું, કહેવું, ચીતરવું એ બધા ચેતનના ધર્મો છે અને તેનું અહીં ઉપચારથી આરોપણ થયું છે.

બીજું ઉદાહરણ—

" 'હે પ્રિય, તમારા નૃત્યની ગતિ જરા ધીમી કરી ક્ષણ ભર ઊભા રહો એટલે હું તમારા માથાનું આભૂષણ (ચંદ્રકળા) ઢીલું થઈ ગયું છે તેને બરાબર સ્થિર કરી આપું' એમ પ્રેમથી મધુરતાપૂર્વક કહીને પાર્વતીએ માથા પરનો ચંદ્ર બાંધી આપતાં આનંદમાં આવી ગયેલા શિવનો કોઈ અપૂર્વ ગર્વ જય પામે છે." ૯૩

આ શ્લોકમાં 'કોઈ અપૂર્વ' (कोऽपि) એ સર્વનામથી માત્ર શિવના જ અનુભવનો વિષય હોઈ વર્ણવી ન શકાય એવો વિશિષ્ટ

શિવનો ગર્વ છે એમ કહ્યું છે, એમાં કર્તાનું સંવરણ થયું છે. 'જય પામે છે' એટલે કે સર્વોત્કૃષ્ટ છે એવો અર્થ થતો હોઈ એમાં ક્રિયાવૈચિત્ર્ય પણ છે.

"આ રીતે, પદપૂર્વાર્ધવક્રતાની વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં માત્ર એનું દિગ્દર્શન જ કર્યું છે. બાકીનું (ઉત્તમ કવિઓનાં) કાવ્યમાં જાતે જોઈ લેવું." ૯૪

આ સંગ્રહશ્લોક છે.

આ રીતે, વિભક્તિના પ્રત્યયોવાળાં અને ક્રિયાપદના પ્રત્યયોવાળાં બંને પ્રકારનાં પદોના પૂર્વાર્ધરૂપ નામની અને ધાતુની વક્રતાનો યથાયોગ્ય વિચાર પૂરો કરી, હવે તેમના જ પ્રત્યયરૂપ પાછલા ભાગની વક્રતાનો વિચાર કરવામાં આવે છે. એમાં ક્રિયાવૈચિત્ર્યવક્રતા પછી આવતા ક્રમપ્રાપ્ત કાલની વક્રતાનો વિચાર કરીએ છીએ, કારણ, કાલ જ ક્રિયાનો પરિચ્છેદક એટલે કે વિશેષતા આપનાર છે.

૨૬

**જેમાં કાળ ઔચિત્યની અંતરંગતાને લીધે રમણીયતા ધારણ કરતો હોય તે કાલવૈચિત્ર્યવક્રતા કહેવાય.**

હવે જે વક્રતાનું નિરૂપણ શરૂ કર્યું છે તે કાલવૈચિત્ર્યવક્રતા કહેવાય છે. કાલ એટલે વ્યાકરણમાં લટ્ વગેરે પ્રત્યયથી વ્યક્ત કરાતો વર્તમાન વગેરે નામે જાણીતો કાળ. એને લીધે જ પદાર્થો ઉદય પામે છે અને તિરોધાન પામે છે. એ કાળનું વૈચિત્ર્ય એટલે વિશિષ્ટ રીતે કરેલો પ્રયોગ અને એથી ઉત્પન્ન થતી શોભા તે કાલવૈચિત્ર્યવક્રતા. એમાં કાળ રમણીયતાને પામે છે. શાથી? તો કે ઔચિત્યની અંતરંગતાને લીધે. કાવ્યનો જે પ્રસ્તુત વર્ણ્ય વિષય હોય તેના ઔચિત્યની અંતરંગતા એટલે કે તેના અતિશયના ઉત્પાદક હોવું તે. અર્થાત્ એમાં કાળ વર્ણ્ય વિષયના

ઔચિત્યને ઉઠાવ આપે છે અને તેથી કાવ્યમાં અપૂર્વ સૌંદર્ય પ્રગટે છે. જેમ કે—

> "થોડી જ વારમાં વરસાદનું પાણી ભરાઈ જવાને લીધે રસ્તાઓ ખાડાટેકરા પરખાય નહિ એવા અને ખૂબ જ ધીમે ચાલવું પડે એવા થઈ જવાથી મનોરથોને પણ દુર્લંઘ્ય બની જશે." (ગાથાસપ્તશતી, ૬૭૫) ૯૫

આ શ્લોક ધ્વન્યાલોકમાં ૩-૧૬ નીચે ઉદાહરણ તરીકે આવે છે.

પ્રિયતમાના વિરહની વેદનાથી પીડાતા કોઈ માણસની આ ઉક્તિ છે. ભાવિ વર્ષાકાળની તેના બધા અનુષંગો સાથે તે કલ્પના કરે છે, અને ઉદ્દીપન વિભાવના સામર્થ્યયુક્ત વર્ષાકાળનું સ્વાભાવિક સૌંદર્ય પોતે સહન નહિ કરી શકે, તેથી ભયવ્યાકુળ બની આ પ્રમાણે કહે છે કે 'થોડી જ વારમાં રસ્તાઓ મનોરથો માટે પણ દુર્લંઘ્ય બની જશે'—એમાં ભવિષ્ય કાળનો પ્રત્યય 'શ' કોઈ અપૂર્વ પ્રત્યયવક્રતા પ્રગટ કરે છે.

બીજું ઉદાહરણ—

> "(વસંતના પ્રારંભમાં જ) પ્રકૃતિના આ પદાર્થો નવસૌંદર્ય પ્રાપ્ત કરી લાગણીશીલ માણસોને કોઈ અપૂર્વ સંદેશ પહોંચાડી રહ્યા છે અને પોતે સૌંદર્યાતિશયની કોઈ અનિર્વચનીય દશાએ પહોંચવાની તૈયારી કરી રહ્યા છે, ત્યાં તો કામદેવની કોઈ વ્યાકુળ કરનારી પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ છે; તો જ્યારે વસંતનો વૈભવ પૂરો ખીલ્યો હશે ત્યારે એ શું કરશે એનો વિચાર કરતાં અમે કંપીએ છીએ." ૯૬

આ શ્લોકમાં व्यवस्यन्ति (તૈયારી કરી રહ્યા છે), 'जृम्भते (શરૂ થઈ ગઈ છે), कर्ता (કરશે), कम्पामहे(કંપીએ છીએ)માંનો પ્રત્યેક પ્રત્યય એક નિયત કાળનો બોધ કરાવી પદના પાછલા ભાગની (પ્રત્યયની) કોઈ અપૂર્વ વક્રતા પ્રગટ કરે છે. જેમ કે—

૧૧

વસંતઋતુ હજી હમણાં જ શરૂ થઈ છે અને તેને લીધે પદાર્થોના સ્વાભાવિક સૌંદર્યમાં વધારો થતાં તેઓ ઉદ્દીપન વિભાવનું કામ કરી રહ્યા છે, ત્યાં જ, વસંતની નામમાત્રની સહાય મળતાં અતુલ શક્તિ પ્રાપ્ત કરીને મદને રસિક હૃદયોને દુઃખ દેવાનું શરૂ કરી દીધું છે; તેથી એ રીતે જોતાં તો, વસંતનો વૈભવ જ્યારે પુરબહારમાં ખીલ્યો હશે ત્યારે માનિનીઓના માનભંગને કારણે અભિમાનથી પોતાની સ્વાભાવિક સૌંદર્યસંપત્તિ પોષાતાં અને વિજય મેળવવાનો અવસર મળી જતાં, તે શું નહિ કરે એમ વિચારી, કામદેવના બાણોના પ્રહારથી ભયભીત થઈને અમે કંપીએ છીએ એટલે કે ચકિત થઈ જઈએ છીએ — એમ કોઈ પ્રિયાવિરહથી પીડાતો રસિક પુરુષ કહે છે.

આ રીતે કાળવક્રતાનું નિરૂપણ પૂરું કરી ક્રમ પ્રમાણે આવતી કારકવક્રતાનું નિરૂપણ કરે છે—

## ૨૭, ૨૮

**જેમાં ભંગીભણિતિની કોઈ અપૂર્વ રમ્યતાનો પરિપોષ કરવા માટે, કારકોને ઊલટસૂલટ કરી ગૌણ કારકમાં મુખ્યત્વનો અધ્યારોપ અને મુખ્ય કારકમાં ગૌણત્વનો અધ્યારોપ કરી, ગૌણ કારકને પ્રધાનરૂપે યોજવામાં આવે તે કારકવક્રતા કહેવાય.**

કારકવક્રતામાં કારકોને ઊલટસૂલટ કરી નાખવામાં આવે છે, એટલે કે સાધનોને ઉલટાવી નાખવામાં આવે છે. એટલે કે ગૌણને મુખ્ય અને મુખ્યને ગૌણ બનાવી દેવામાં આવે છે. કેવી રીતે? તો કે મુખ્યની અપેક્ષાએ સાધન વગેરે જે કારક ગૌણ હોય તેને મુખ્ય તરીકે પ્રયોજવામાં આવે છે. કઈ યુક્તિથી? તો કે તેમાં મુખ્યત્વનો અધ્યારોપ કરીને. તો પછી મુખ્યની શી વ્યવસ્થા? તો કે મુખ્યને ગૌણ તરીકે પ્રયોજવું. શા માટે? તો કે ભંગીભણિતિની કોઈ અપૂર્વ રમ્યતાનો પરિપોષ કરવા માટે.

આમ, અચેતન પદાર્થમાં પણ ચેતન પદાર્થમાં સંભવતા સ્વાતંત્ર્યનો અથવા સાધન વગેરે અમુખ્ય કારકોમાં કર્તૃત્વનો અધ્યારોપ કરવાથી જેમાં કારકોની ઊલટસૂલટ ચમત્કારક લાગતી હોય, તે કારકવૈચિત્ર્યવક્રતા કહેવાય. જેમ કે—

> "ઇક્ષ્વાકુવંશીઓને કદી દીનતા ધારણ કરવામાં રાચતી માગણવૃત્તિ શીખવવામાં આવી નથી. રઘુકુલમાં કોણે કદી સેવાભાવસૂચક હાથ જોડ્યા છે? એ બધું મેં કર્યું તેમ છતાં સાગરે રસ્તો ન ખોલ્યો એટલે હવે બીજું શું થાય? મારો હાથ એકાએક ધનુષ ચડાવવા ધસી જાય છે." (મહાનાટક, ૪-૭૮; સરસ્વતી કંઠાભરણ, પૃ. ૬૨) ૯૭

આ શ્લોકમાં 'હું હાથમાં ધનુષ લેવાને ઇચ્છું છું' એમ કહેવાને બદલે કરણ એટલે કે સાધન એવા 'હાથ'માં કર્તૃત્વનો અધ્યારોપ કર્યો છે તે કોઈ અપૂર્વ કારકવક્રતા સિદ્ધ કરે છે.

બીજું ઉદાહરણ—

> "આંસુનો પ્રવાહ." ૯૮

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૬૫મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૫૧).

ત્રીજું ઉદાહરણ—

> "એકબીજાને ટોણો મારતા મારા દસ ડાબા હાથોએ એકી વખતે ધનુષ પકડી લીધું છે, એથી તેઓ પ્રસન્ન છે. હવે મારી સેવા કરવાને ઉત્સુક એવા મારા દસ જમણા હાથોમાં પણછ ચડાવવા માટે 'હું પહેલો, હું પહેલો' એવી હરીફાઈ આકાશમાં ચાલી રહી છે." (બાલરામાયણ, ૧-૫૦). ૯૯

આમાં પણ આગલા ઉદાહરણની પેઠે અચેતન પદાર્થમાં કર્તૃત્વનો આરોપ કરવાને લીધે કારકવક્રતા આવી છે.

ચોથું ઉદાહરણ—

"ત્રિપુરવિજયી ભગવાન." ૧૦૦

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૬૬મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૫૧).

એમાં આગલાં ઉદાહરણોની પેઠે તલવારમાં કર્તૃત્વનો અધ્યારોપ કરેલો છે.

આમ, કારકવક્રતાનું નિરૂપણ કરી, ક્રમ પ્રમાણે સંખ્યાવક્રતાનું નિરૂપણ કરે છે. કારણ, સંખ્યા કારકનું નિયમન કરનાર હોય છે. અર્થાત્ સંસ્કૃતમાં એકવચન, દ્વિવચન અને બહુવચનના પ્રત્યય જુદા જુદા હોય છે.

૨૯

**જેમાં કવિઓ કાવ્યમાં વૈચિત્ર્ય લાવવાની ઇચ્છાને વશ થઈને સંખ્યા(વચન)માં ઊલટપાલટ કરી નાખે છે તેને સંખ્યાવક્રતા કહે છે.**

કવિઓ જ્યારે કાવ્યનું સૌંદર્ય પ્રગટ કરવાની ઇચ્છાને વશ થઈને સંખ્યા કહેતાં વચનમાં ફેરફાર કરે છે, એટલે કે એક ને બદલે બીજું વચન વાપરે છે, ત્યારે તે સંખ્યાવક્રતા કહેવાય છે. એનો અર્થ એ છે, કે જ્યાં એકવચન કે દ્વિવચન વાપરવાનું હોય ત્યાં વૈચિત્ર્યને ખાતર બીજું જ વચન વાપરવામાં આવે અથવા બે ભિન્ન વચનનાં નામો જ્યાં સમાન અધિકરણથી યોજાય ત્યાં વચન-વક્રતા કહેવાય. જેમ કે—

"કપોલ ઉપર ચીતરેલી પત્રાવલિ હથેલીના દબાણથી ભૂંસાઈ ગઈ છે, આ અમૃત જેવો મીઠો અધરરસ નિઃશ્વાસ પી ગયા છે, આંસુ વારે વારે કંઠે વળગીને સ્તનોને કંપાવે છે, ઓ નિર્દયહૃદયની, તને ક્રોધ વહાલો લાગ્યો, અમે નહિ." (અમરુશતક, ૮૫, ધ્વન્યાલોક, ૨-૧૬) ૧૦૧

અહીં 'હું નહિ' न त्वहं એમ કહેવાને બદલે 'અમે નહિ'

न तु वयम् એવું બહુવચનનું રૂપ અંતરંગતાનો અભાવ અને તાટસ્થ્ય સૂચવવા માટે વાપર્યું છે.

બીજું ઉદાહરણ—

"હે મધુકર, અમે તો તત્ત્વાન્વેષણમાં જ મરી ગયા, ખરો કૃતાર્થ તો તું છે." (અભિજ્ઞાનશાકુન્તલ, ૧-૨૪) ૧૦૨

અહીં પણ આગલા ઉદાહરણની પેઠે તાટસ્થ્ય જ સૂચિત થાય છે.

ત્રીજું ઉદાહરણ—

"આંખો ખીલેલાં કમળોનાં વન, અને બે હાથ સરોજોના ભંડાર છે." ૧૦૩

આ વાક્ય પહેલા ઉન્મેષમાં ૬૪મા ઉદાહરણ તરીકે આવી ગયું છે (પૃ. ૫૦).

અહીં દ્વિવચનવાળા શબ્દો (नयने અને पाणौ) બહુવચનના શબ્દો (काननानि અને सरोजाकराः) સાથે સમાન અધિકરણમાં વપરાયા હોઈ એ વચનની ફેરબદલી સહૃદયોના હૃદયને હરી લે છે.

ચોથું ઉદાહરણ—

"શાસ્ત્રો તો એની નવી આંખ છે." ૧૦૪

આ શ્લોક આખો આ ઉન્મેષમાં ૨૯મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૧૨૦).

અહીં પણ આગલા ઉદાહરણની પેઠે એકવચનના અને બહુવચનના શબ્દોને સમાન અધિકરણમાં યોજવાથી વૈચિત્ર્ય સધાયું છે.

આમ, સંખ્યાવક્રતાનું નિરૂપણ કર્યા પછી, સંખ્યા સાથે પુરુષનો સંબંધ હોવાથી, ક્રમ પ્રમાણે પુરુષવક્રતાનું નિરૂપણ કરે છે.

૩૦

**જેમાં કાવ્યના સૌંદર્ય માટે આત્મભાવ (પહેલો પુરુષ અને બીજો પુરુષ) અને પરભાવ (ત્રીજો પુરુષ) ઊલટસૂલટ યોજવામાં આવે તે પુરુષવક્રતા જાણવી.**

એનો અર્થ એ છે કે જેમાં પહેલો કે બીજો પુરુષ વાપરવાને બદલે સૌંદર્ય સાધવા માટે કોઈ વાર ત્રીજો પુરુષ વપરાય છે. એ જ રીતે, નામ અને સર્વનામ એક જ કામ કરતાં હોઈ, પહેલા-બીજા પુરુષને બદલે ત્રીજા પુરુષનું નામ વાપરવામાં આવે તોયે તે પુરુષવક્રતામાં જ ગણાય છે. જેમ કે—

> "કૌશાંબીને આપણા દુષ્ટ દુશ્મનોએ અપમાનિત કરીને કબજે કરી છે અને આપના પતિ રાજનીતિથી વિરુદ્ધ વર્તનાર અને પ્રમાદી છે, એ હું જાણું છું. સ્ત્રીઓનાં હૃદય સદા પ્રિયજનના વિરહથી દુઃખી થતાં હોય છે, એટલે મારું મન કશું કહેવાને ઉત્સાહ ધરાવતું નથી. હવે પછી શું કરવું એ દેવી પોતે જાણે." (તાપસવત્સરાજ, ૧-૬૭) ૧૦૫

આ શ્લોકમાં 'તમે જાણો' એવો બીજા પુરુષનો પ્રયોગ કરવાને બદલે કવિએ 'દેવી પોતે જાણે' એવો માત્ર નામનો (ત્રીજા પુરુષનો) જ પ્રયોગ કર્યો છે, એથી વક્તા પોતે એ કામને અશક્ય માને છે અને તેથી ઉદાસીન છે એવું સમજાય છે. રાણી પોતે મુખત્યાર હોઈ સ્વતંત્રપણે હિતાહિતનો વિચાર કરી પોતે જ શું કરવું તેનો નિર્ણય કરી શકે છે, એવો અર્થ સમજાય છે, તે આ વાક્યને સૌંદર્ય અર્પે છે. કારણ, એ જ આ વાક્યનું જીવિત હોય એમ લાગે છે.

આ રીતે, પુરુષવક્રતાનું નિરૂપણ કર્યા પછી, આત્મનેપદ અને પરસ્મૈપદ પુરુષને આશ્રયે રહેલા હોઈ, તેમની વક્રતાનો વિચાર કરવાનો આ ઉચિત અવસર છે, એટલે તેનો વિચાર કરે છે. ધાતુ-ઓના લક્ષણ અનુસાર એટલે કે એ આત્મનેપદ છે, પરસ્મૈપદ છે કે ઉભયપદ છે તેના નિયમ અનુસાર, અમુક જ પદમાં ધાતુ વપરાય એને પ્રાચીન આચાર્યો 'ઉપગ્રહ' કહે છે, એ જાણીતી વાત છે, તેથી હવેની કારિકામાં એ જ શબ્દ વાપરવામાં આવ્યો છે—

## ૩૧

**જેમાં કાવ્યની શોભા માટે બંને પદોમાંથી ઔચિત્યને કારણે કોઈ એક જ પદનો ઉપયોગ થાય છે તેને ઉપગ્રહવક્રતા કહે છે.**

અર્થાત્, કાવ્યની શોભા માટે જ્યારે આત્મનેપદ અને પરસ્મૈ-પદ એ બંનેમાંથી વર્ણ્ય વસ્તુના ઔચિત્ય અનુસાર કોઈ એક જ એટલે કે આત્મનેપદ કે પરસ્મૈપદ જ યોજવામાં આવે ત્યારે ઉપગ્રહવક્રતા કહેવાય.

જેમ કે—

> "બીજા મૃગો ઉપર બાણ છોડવા માટે તેણે કાન સુધી પહોંચેલી દૃઢ મૂઠી, ભયથી અત્યંત ચંચળ બની ગયેલી તેમની દૃષ્ટિ જોઈને પ્રૌઢ પ્રિયતમાનાં નયનોની લીલાનું સ્મરણ થતાં ઢીલી પડી ગઈ." (રઘુવંશ, ૯–૫૮) ૧૦૬

આ દાખલામાં પ્રિયતમાનાં નેત્રોની લીલાનું સ્મરણ થતાં તેનું ચિત્ત તેમાં પરવશ થઈ જાય છે અને તેનો શારીર પ્રયત્ન પાછો પડતાં આપોઆપ જ મૂઠી છૂટી જાય છે. આ અર્થ કર્મને જ કર્તા બનાવતા આત્મનેપદ પ્રયોગને લીધે સમજાય છે અને તેથી વાકચમાં કોઈ અપૂર્વ ચમત્કારક સૌંદર્ય આવે છે.

આમ, ઉપગ્રહવક્રતાનું નિરૂપણ કર્યા પછી એ પછી આવતી પ્રત્યયાન્તરવક્રતાનું નિરૂપણ કરે છે—

## ૩૨

**જેમાં સામાન્ય પ્રત્યય ઉપરાંત આવતો બીજો પ્રત્યય કાવ્યની કોઈ અપૂર્વ શોભામાં વધારો કરે તે બીજા પ્રકારની પ્રત્યયવક્રતા છે.**

સામાન્ય રીતે લાગતા પ્રત્યય ઉપરાંતનો 'તર' 'તમ' જેવો પ્રત્યય જ્યારે કાવ્યની શોભામાં વધારો કરે ત્યારે તે બીજા પ્રકારની પ્રત્યયવક્રતા કહેવાય.

જેમ કે—

"જે વસ્તુની અંદર રહેલા સૂક્ષ્મ અને સુંદર તત્ત્વને વાણી વડે બહાર કાઢે છે અને જે વાણીમાત્રથી આ મનોહર જગતનું બહાર નિર્માણ કરે છે, એ બંને કવિવરોને હું વંદન કરું છું. પણ જે એ બંનેના શ્રમને સમજે છે અને તેમના બોજાને હળવો કરવાની ક્ષમતા ધરાવે છે તેને એ બંને કરતાં પણ વધુ વંદન કરું છું." ૧૦૭

અહીં वन्देतराम् એ પ્રયોગમાં કવિના ચિત્તમાં કોઈ અપૂર્વ પ્રત્યયવક્રતા ઝબકી ઊઠતી લાગે છે. અને તેથી જ પહેલાંના બે કરતાં વિશેષતા સૂચવવા માટે पुनः (પણ) શબ્દનો કવિએ ઉપયોગ કર્યો છે.

આવી રીતે, નામ અને આખ્યાત એટલે કે ક્રિયાપદમાંના પ્રત્યેકના પ્રકૃતિ અને પ્રત્યય એવા અવયવો જુદા પાડી તેમની સંભવિત વક્રતાઓનું નિરૂપણ કરી, હવે ઉપસર્ગ અને નિપાત એ બંને અવ્યુત્પન્ન એટલે કે પ્રકૃતિ અને પ્રત્યય જેવા અવયવો વગરના હોઈ, એમનામાં વિભાગ સંભવતા ન હોઈ, અવયવરહિત અવિભક્ત ઉપસર્ગો અને નિપાતોની વક્રતાનું સામગ્રિક રીતે નિરૂપણ કરે છે—

## ૩૩

**જેમાં વાક્યના એકમાત્ર જીવિતરૂપે રસાદિની વ્યંજના ઉપસર્ગો અને નિપાતો દ્વારા થતી હોય તે બીજા પ્રકારની પદવક્રતા છે.**

એનો અર્થ એ છે કે જેમાં ઉપસર્ગો અને નિપાતો વાક્યના એકમાત્ર જીવિતરૂપે શૃંગારાદિ રસોને વ્યંજિત કરતા હોય તે પદ-વક્રતાનો પહેલાં કહેલા પ્રકારો કરતાં જુદો જ એક પ્રકાર છે. જેમ કે—

"પણ સીતાનું શું થશે? અરેરે, દેવી, ધીરજ ધર." ૧૦૮

આ આખો શ્લોક આ ઉન્મેષમાં ૨૭મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૧૧૯).

એ શ્લોકમાં, વર્ષાકાળમાં ઉગ્રરૂપે પ્રગટેલા ઉદ્દીપન વિભાવોની સંપત્તિથી રામ ગભરાઈ જાય છે, સીતાનું જરૂર મૃત્યુ થવાનું એમ તેમને લાગે છે, અને તેને બચાવવાનો ઉત્સાહ જાગતાં તેનામાં જ એકાગ્ર થઈ જવાથી સીતાની મૂર્તિ તેમના ચિત્તમાં જાણે પ્રત્યક્ષ ખડી થાય છે અને તેથી બંને વચ્ચેનું અંતર પણ ભુલાઈ જાય છે. આમાં પ્રગટ થતા પરાકોટિએ પહોંચેલા વિપ્રલંભ શૃંગારની પ્રતીતિ કાવ્યના એકમાત્ર જીવિતરૂપે થાય છે તેનું કારણ એકસાથે યોજાયેલા અનેક નિપાતો છે, અને એને લીધે કોઈ અપૂર્વ વાક્યવક્રતા પ્રગટ થાય છે. તુ (પણ) શબ્દની વક્રતાની સમજૂતી પહેલાં (આ જ ઉન્મેષના ૨૭મા ઉદાહરણ વખતે, પૃ. ૧૧૯) આપી ચૂક્યા છીએ.

બીજું ઉદાહરણ—

"તે પ્રિયાનો આ વિયોગ એકદમ આવી પડ્યો છે. મારે માટે એ સહેવો અત્યંત મુશ્કેલ છે. નવાં વાદળો પણ ચડી આવ્યાં છે એટલે તડકાને અભાવે દિવસો પણ રમણીય બની જશે." (વિક્રમોર્વશીય, ૪-૩) ૧૦૯

આ શ્લોક ધ્વન્યાલોકમાં પણ નિપાતોની વ્યંજકતાના ઉદાહરણ તરીકે ઉતારેલો છે. ૩-૧૬.

અહીં બે તત્ત્વો છે, જેમની દુઃસહ દુઃખ ઉત્પન્ન કરવાની શક્તિ સમાન છે: પ્રિયાવિરહ અને વર્ષાકાળ. એ બંને એકી સાથે આવી પડ્યાં છે એવું च શબ્દના બે વાર થયેલા પ્રયોગથી સમજાય છે. વિરહાગ્નિને બહેકાવતા દક્ષિણાનિલના જેવું કામ એ પ્રયોગ કરે છે અને તેથી કોઈ અપૂર્વ વાક્યવક્રતા પ્રગટે છે. ઉપરાંત સુ અને દુઃ એ બે શબ્દો પણ પ્રિયાવિરહ દૂર કરવાનો કોઈ ઉપાય નથી એવું સૂચવે છે.

ત્રીજું ઉદાહરણ—

"આંગળીથી નીચલો હોઠ ઢાંકચો હોય એવું, મનાઈના શબ્દોથી બેબાકળું અને તેથી સુંદર લાગતું, વારેવારે ખભા તરફ વળતું એવું સુંદર પાંપણોવાળાં નેત્રવાળા સુંદરીનું મુખ ગમેતેમ કરીને મેં ઊંચું તો કર્યું પણ ચુંબાયું નહિ." (અભિજ્ઞાનશાકુન્તલ, ૩-૨૭) ૧૧૦

આ શ્લોકમાં, પ્રથમ મિલન વખતે જાગેલા અભિલાષથી વિવશ થયેલા પોતાના અનુભવની સ્મૃતિથી તે વખતનું નાયિકાના મુખચંદ્રનું સૌંદર્ય જેના ચિત્તમાં છપાઈ ગયું છે એવા નાયક(દુષ્યન્ત)-ના, પહેલી વાર ચુંબન કરવામાં ચૂકી જવાથી જાગેલ પશ્ચાત્તાપના આવેશને વ્યંજિત કરતો તુ શબ્દ કોઈ અપૂર્વ વાકચવક્રતાને ઉત્તેજિત કરે છે.

આ સિવાયની પ્રત્યયવક્રતા આવી પ્રત્યયાંતર વક્રતામાં સમાઈ જતી હોવાથી તેનો જુદો નિર્દેશ કર્યો નથી, એટલે વાચકોએ પોતે જ સમજી લેવી જેમ કે—

"એ(મેઘધનુષ)ને લીધે તારું શ્યામ શરીર મોર-પીંછથી શોભતા ગોપવેશધારી વિષ્ણુના જેવી અત્યંત શોભા ધારણ કરશે." (મેઘદૂત, ૧૫) ૧૧૧

આમાં, 'अतितराम्' નો પ્રયોગ ખૂબ જ ચમત્કારક છે. એવી રીતે બીજી પ્રત્યયવક્રતાઓ પણ મળતાં આવતાં લક્ષણવાળી વક્રતાને આધારે જાતે સમજી લેવી.

આમ, આ અનેક પ્રકારની શોભા (નામ, ક્રિયાપદ, ઉપસર્ગ અને નિપાત એવા) ચાર પ્રકારનાં પદોમાં રહેલી હોઈ વાકચના એક ભાગમાં જીવિતરૂપે પ્રતીત થાય છે, તેમ છતાં આખા વાકચની શોભાનું કારણ બને છે.

વક્રતાના અનેક પ્રકારોમાંનો કોઈ એક પણ કવિકર્મ કહેતાં કાવ્યની તદ્વિદાહ્લાદકારિતાનું કારણ બને છે. ૧૧૨

આ અંતરશ્લોક છે.

જો આવી રીતે વક્રતાના એક પ્રકારનો પણ આવો મહિમા હોય તો અનેક પ્રકારો સામટા ભેગા થાય તો શું કરે તે કહે છે—

૩૪

**કોઈ વાર એકબીજાની શોભા વધારતા વક્રતાના અનેક પ્રકારો ભેગા થઈને કાવ્યની શોભાને અનેકવિધ સૌંદર્યથી મનોહર બનાવી દે છે.**

કોઈ વાર એક પદમાં કે વાકયમાં અનેક વક્રતા-પ્રકારો કવિપ્રતિભાને પ્રતાપે પ્રગટે છે, અર્થાત્ એકઠા થાય છે. શા માટે ? તો કે પરસ્પરની શોભા વધારવા માટે. અને તેઓ આ શોભાને જ ચિત્રના સૌંદર્યની પેઠે અનેક પ્રકારની કાન્તિથી રમણીય વક્રતાને ઉત્પન્ન કરે છે. જેમ કે—

"અંગો તરતાં લાગે છે." ૧૧૩

આ શ્લોક આ જ ઉન્મેષમાં ઉદાહરણ ૯૧ તરીકે આવી ગયો છે ત્યાં જોવો (પૃ. ૧૫૭).

આ શ્લોકમાંનાં ત્રણ ક્રિયાપદોમાંના દરેકમાં ત્રણ પ્રકારનું વૈચિત્ર્ય પ્રગટ થાય છે : ક્રિયાવૈચિત્ર્ય, કારકવૈચિત્ર્ય અને કાલવૈચિત્ર્ય. **प्रथिम** (વિસ્તાર), **स्तनजघन** (સ્તન અને નિતંબ) અને **तरुणिमा** (તારુણ્ય) એ ત્રણેમાં વૃત્તિવૈચિત્ર્ય છે **लावण्य**, **जलधि**, **प्रागल्भ्य**, **सरलता** અને **परिचय** એ શબ્દોમાં ઉપચારવક્રતા છે. આમ, એ બધા વક્રતાના અનેક પ્રકારો એક પદમાં કે વાકયમાં ભેગા થઈને કાવ્યની શોભાને ચિત્રના અનેકવિધ સૌંદર્યથી મનોહર બનાવી વાકયની વક્રતાને સહૃદયહૃદયાહ્લાદકારી બનાવે છે.

આ પ્રમાણે નામ, ક્રિયાપદ, ઉપસર્ગ અને નિપાત રૂપ ચાર પ્રકારનાં પદોની સંભવે એટલા (૧૭) પ્રકારની વક્રતાનું નિરૂપણ કર્યા પછી હવે આ પ્રકરણનો ઉપસંહાર કરી બીજા પ્રકરણની અવતારણા કરે છે—

## ૩૫

**વાણી રૂપી વેલીના પદરૂપી પલ્લવોમાં વસતી રસસંપત્તિને અનુરૂપ અને વક્રતાથી જળહળની કોઈ અપૂર્વ ઉજ્જવળ શોભા પ્રકાશી રહી છે, તેને જોઈને વિદગ્ધ ભ્રમરો વાક્યરૂપી ફૂલોમાંનું અત્યંત સુગંધ-યુક્ત મનોહર મધુ નવી ઉત્કંઠાથી અધીરા થઈને પાન કરો.**

વાણી એ જ એક વેલી છે. તેમાંથી કોઈ અલૌકિક વિચ્છિત્તિ કહેતાં શોભા પ્રગટે છે. કેવી રીતે? તો કે પદો એટલે કે નામ, ક્રિયાપદ વગેરે પદો જ એનાં પાંદડાં છે, તેને આશ્રયે રહીને. એ વિચ્છિત્તિ કેવી છે? તો કે રસસંપત્તિને અનુરૂપ. વળી કેવી? તો કે વક્રતાથી ઝળહળતી. વળી કેવી? તો કે ઉજ્જવળ એટલે કે સૌંદર્યાતિશયને લીધે રમણીય. એ વિચ્છિત્તિને એ પ્રકારની જોઈને વિદગ્ધ કહેતાં ચતુર પુરુષરૂપી ભ્રમરો એનું મધુ પીઓ એટલે કે એના મકરંદનો આસ્વાદ લો. એ મધુ કેવું છે? તો કે વાક્યરૂપી પુષ્પમાં રહેલું છે. વળી કેવું? તો કે અત્યંત સુગંધ-યુક્ત. જેની સુગંધ ખૂબ ફેલાયલી છે એવું અને તેને લીધે મનોહર. કેવી રીતે આસ્વાદ લો? તો કે નવી ઉત્કંઠાથી અધીરા થઈને. ભ્રમરોમાં વેલીઓને પહેલાં ફૂટેલાં પાન જોઈને વિશ્વાસ જાગે છે અને તેઓ પછીથી ખીલનારાં કોમળ કુસુમોના મધુનું પાન કરવાનો મહોત્સવ માણે છે. તેવી જ રીતે, સહૃદયો પદમાં રહેલી કોઈ અપૂર્વ વક્રતાવિચ્છિત્તિ જોઈને નવી ઉત્કંઠાથી અધીરા મનના થઈને વાક્યમાં રહેલી કોઈ અપૂર્વ વક્રતારૂપી જીવિતસર્વસ્વના વિચાર કરે છે, એવો અર્થ છે. અહીં જે રસનો ઉલ્લેખ કર્યો છે તેના બે અર્થ છે. પુષ્પપક્ષે ઋતુમાં પેદા થતો રસ અને કાવ્ય-પક્ષે શૃંગારાદિ રસ. વક્રતાનો એક અર્થ બાલચંદ્રના જેવા સુંદર વેલીના વળાંકો અને કાવ્યપક્ષે ઉક્તિવૈચિત્ર્ય. વિચ્છિત્તિનો અર્થ વેલીપક્ષે પાંદડાં સારી રીતે અલગ અલગ વહેંચાયેલાં હોવાં અને

કાવ્યપક્ષે કવિકૌશલની કમનીયતા. ઉજ્જ્વળતાનો વેલીપક્ષે અર્થ પત્રછાયાવાળા હોવું અને કાવ્યપક્ષે સન્નિવેશસૌંદર્યની અધિકતા. આમોદનો અર્થ વેલીપક્ષે પુષ્પની સુગંધ અને વાક્યપક્ષે તદ્વિદોને આનંદ આપવાની શક્તિ. મધુ એટલે ફૂલપક્ષે મધ-મકરંદ અને વાક્યપક્ષે કાવ્યને આવશ્યક બધી સામગ્રીનો સમુદાય.

**શ્રી રાજાનક કુંતક વિરચિત વક્રોક્તિજીવિત કાવ્યાલંકારમાં બીજો ઉન્મેષ પૂરો થયો.**

# ઉન્મેષ ત્રીજો

એ રીતે, આગલા (બીજા) ઉન્મેષમાં વાકયના અવયવોરૂપ પદોની શકય વક્રતાનો વિચાર કરતાં વાચક એટલે કે શબ્દની વક્રતાની શોભાના પ્રકારોનું દિગ્દર્શન કરાવ્યું હતું. હવે વાકયની વક્રતાની શોભાની ચર્ચા કરવા માટે વાચ્ય એટલે કે વર્ણનીય તરીકે પ્રકરણમાં જે વસ્તુ મુખ્ય હોય તેની વક્રતાનું સ્વરૂપ નિરૂપે છે, કારણ, પદાર્થનું જ્ઞાન થયા પછી જ વાકયાર્થનું જ્ઞાન થઈ શકે છે.

કહેવાની મતલબ એ છે કે બીજા ઉન્મેષમાં વાચક શબ્દોની વક્રતાની વાત કરી. હવે આ ત્રીજા ઉન્મેષમાં, વાચ્યની અર્થાત્ અર્થની વક્રતાની વાત કરી, વાકયની વક્રતાની વાત કરવામાં આવશે.

૧

**વસ્તુનું ઉત્કર્ષશાલી સ્વભાવથી સુંદર રૂપે કેવળ વક્રશબ્દો દ્વારા વર્ણન તે વસ્તુની અથવા અર્થની વક્રતા કહેવાય.**

વસ્તુનું એટલે કે જેનું વર્ણન કરવા ધાર્યું હોય તે પદાર્થનું, આવું એટલે કે કારિકામાં કહ્યા મુજબનું, વર્ણન તે તેની એટલે કે વર્ણ્ય વસ્તુની વક્રતા એટલે કે વક્રત્વની શોભા કહેવાય. એ વર્ણન કેવી રીતનું ? તો કે એના ઉત્કૃષ્ટ સ્વાભાવિક ધર્મથી યુક્ત હોય એ રૂપે, એ વર્ણન કરેલું હોવું જોઈએ. કેવી રીતે ? તો કે કેવળ વક્ર શબ્દો દ્વારા. વક્ર એટલે નાનાવિધ વક્રતાવિશિષ્ટ. શબ્દ એટલે વિવક્ષિત અર્થને વ્યક્ત કરી શકે એવો કોઈ એક જ શબ્દ. કેવળ એવા શબ્દ દ્વારા જ એ વર્ણન કરેલું હોવું જોઈએ. ‘વિવક્ષિત અર્થને વ્યક્ત કરી શકે’ એમ કહ્યું છે, તેઓ અર્થ એ

છે કે એ શબ્દ વાચ્ય-વાચક સંબંધથી એ અર્થનો બોધ કરાવે એમ નહિ, પણ વ્યંજનાથી પણ બોધ કરાવી શકે. એટલે એનો સાર એ થયો કે વસ્તુના સ્વભાવના સૌંદર્યનું વર્ણન કરવાના આવા પ્રસંગે ઉપમાદિ વાચ્યાલંકારોનો ઝાઝો ઉપયોગ કરવો ઉચિત નથી, કારણ, એથી વસ્તુના સ્વાભાવિક સૌંદર્યના અતિશયને હાનિ પહોચે છે.

અહીં કોઈ એવો વાંધો ઉઠાવે કે તમે સહૃદયોના હૃદયને આનંદ આપનાર જે સ્વભાવવર્ણનને વાચ્યવક્રતા અથવા વસ્તુ-વક્રતા કહો છો, તેને જ પૂર્વાચાર્યોએ સ્વભાવોક્તિ નામે અલંકાર કહેલો છે. તો તમે એનો દોષ કાઢવાનો અનુચિત પ્રયાસ શા માટે કરો છો? કારણ, તેમને મતે વસ્તુનો જે સામાન્ય ધર્મ છે તે જ માત્ર અલંકાર્ય છે, અને એના અતિશયયુક્ત સ્વભાવ-સૌંદર્યનું જે પરિપોષણ કરવામાં આવે છે તે અલંકારરૂપે પ્રતીત થાય છે. એટલે સ્વભાવોક્તિને અલંકાર માનવો એ જ તર્કસંગત છે. આમ જેઓ માને છે તેમનું ખંડન હવે કરવામાં આવે છે.

આ તમારી વાત બરાબર નથી, કારણ, કાવ્યરચના એ કંઈ ના છૂટકે ગમે તેમ પતાવવાની વસ્તુ નથી. કારણ, કાવ્યનું લક્ષણ જ એ છે કે તે તદ્વિદાહ્લાદકારી હોય.

આનો અર્થ એ છે કે વસ્તુના ગમે તેવા સામાન્ય અચમત્કારક ધર્મનું વર્ણન કરવું એ કાવ્યનું કામ જ નથી. કાવ્યે તો તદ્વિદાહ્લાદકારી ધર્મનું વર્ણન કરવાનું છે. જ્યારે તમે તો કહો છો કે કાવ્યનો વર્ણ્ય વિષય વસ્તુનો સામાન્ય ધર્મ છે. એમ જો હોય તો કાવ્ય તદ્વિદાહ્લાદ-કારી બની જ ન શકે એ તમારા પક્ષનો પહેલો દોષ છે.

એ ઉપરાંત, અનુત્કૃષ્ટ ધર્મયુક્ત વર્ણ્ય પદાર્થને અલંકૃત કરશો તો તે અયોગ્ય ભીંત ઉપર ચીતરેલા ચિત્રની પેઠે શોભા-જનક નહિ થાય. તેથી અત્યંત રમણીય સ્વાભાવિક ધર્મયુક્ત વસ્તુ જ વર્ણન માટે પસંદ કરવું જોઈએ, અને તેને યથાયોગ્ય ઔચિત્ય-પૂર્વક રૂપકાદિ અલંકારથી શોભાવવું જોઈએ. પણ વધારામાં એટલું

કહેવું જોઈએ કે કવિ જ્યારે વસ્તુનું સ્વાભાવિક સૌંદર્ય જ પ્રધાનપણે વર્ણવવા માગતો હોય ત્યારે રૂપકાદિ અલંકારો ઝાઝા ઉપકારક નથી થતા, કારણ, ઝાઝા અલંકારને લીધે વસ્તુનું સ્વાભાવિક સૌંદર્ય અથવા રસાદિનું પરિપોષણ ઢંકાઈ જવાનો ભય રહે છે. આ બાબતમાં અલંકાર્ય વસ્તુ, બધી રીતે, કોઈ વિલાસવતી સ્ત્રીના જેવું છે. તે હમેશાં અલંકાર્ય હોવા છતાં સ્નાન સમયે, વિરહવ્રત પાળતી હોય ત્યારે કે સુરતાવસાન સમયે વધુ પડતા અલંકારો સહન કરી શકતી નથી. કારણ, સ્વાભાવિક સૌંદર્ય જ રસિક હૃદયોને આનંદ આપે છે. જેમ કે—

> "(પાર્વતીને શણગારવા આવેલી) સ્ત્રીઓ તેને સામે બેસાડીને, પ્રસાધનસામગ્રી પાસે જ હોવા છતાં, તેના સ્વાભાવિક સૌંદર્યથી દૃષ્ટિ આકર્ષાતાં ક્ષણભર તો 'આને શણગારવાની શી જરૂર?' એમ વિચારી બેસી રહી." (કુમારસંભવ, ૬-૧૩) ૧

અહીં (પાર્વતીના) એવા સ્વાભાવિક સૌંદર્યથી મનોહર શોભાના અતિશયનું પ્રતિપાદન કરવાનો કવિનો અભિપ્રાય છે. અને એને અલંકારો પહેરાવવાથી કદાચ એનું સ્વાભાવિક સૌંદર્ય ઢંકાઈ જશે એવી શંકાની સંભાવના કરી છે. કારણ, જે વસ્તુના સ્વાભાવિક સૌંદર્યાતિશયનું પ્રધાનપણે વર્ણન કરવું હોય તેના સ્વભાવના એ સહજ સૌંદર્યને ઢાંકી દેનારા અને બીજા ધર્મોની પ્રતીતિની અપેક્ષા રાખનારા અલંકારોની રચના ઉપકારક થતી નથી.

આ ઉપરાંત, રસપરિપોષણને લીધે સુકુમાર એવી પ્રતીતિને વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવના ઔચિત્ય સિવાય બીજી કોઈ રીતે ઉપસ્થાપિત કરવા જતાં, તે પ્રસ્તુત વસ્તુ કે રસની શોભાને બાધક થઈ પડે છે. તેથી જ નવયૌવનમાં પ્રવેશ કરતી તરુણી વગેરે પદાર્થો, તેમ જ સુંદર વસંત વગેરે ઋતુઓના પ્રારંભ પરિપોષ અને સમાપ્તિ વગેરે એવાં સુકુમાર છે કે એનું પ્રતિપાદન

કરનાર વાકયની વક્રતા ઉપરાંતના બીજા અલંકારોથી કવિઓ વડે એ ઝાઝાં શણગારાતાં જોવામાં આવતાં નથી. જેમ કે—

"તારુણ્યમાં પ્રવેશ કરતી મૃગનયનીનું શું રમ્ય નથી હોતું? તેનું સ્મિત સહેજ મુગ્ધ હોય છે, તેની દૃષ્ટિનો વૈભવ તરલ અને મધુર હોય છે, તેની વાણીનો પ્રવાહ અભિનવ વિલાસની ઉક્તિઓથી સ-રસ બનેલો હોય છે, તેની ગતિ નવી ખીલેલી લીલારૂપી કળીના પરિમલથી ભરી ભરી હોય છે." (ધ્વન્યાલોક, ૪–૨) ૨

એવું જ બીજું ઉદાહરણ—

"(વયઃસંધિમાં આવેલી) કન્યાઓ કામવ્યવહારમાં કેળવાયેલી હોતી નથી, માધુર્યના સ્પર્શથી તેમનું મન પ્રફુલ્લ હોય છે, સામાના મનમાં જાગેલા ભ્રમની ગંધ પામી જઈને તેના હૃદયને ભેદી નાખે એ રીતે આંખો મીંચે છે, મનની અનુરાગની ઇચ્છાને પૂરી કરતી નથી, શ્રમ વગર જ અળસાય છે, અને વૃત્તાંત જાણ્યા વગર જ કામને વશ થાય છે." ૩

ત્રીજું ઉદાહરણ—

"છાતી ઉપર બંને બગલો સુધી૦" ૪

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ઉદાહરણ ૧૨૧ તરીકે આવી ગયો છે (પૃ. ૯૬).

ચોથું ઉદાહરણ—

"ફૂલો હજી લતાઓની ગર્ભગ્રંથિઓમાં જ છે, પલ્લવો હજી અંકુરની અંદર છે, કોયલના કંઠમાં ચંચળ સ્વરની હજી ઇચ્છા માત્ર જાગી છે, પરંતુ બેત્રણ દિવસમાં જ લાંબા સમયથી છોડી દીધેલું કામદેવનું ધનુષ્ય જો અભ્યાસવશ થયું તો ત્રણે લોકને જીતી લેશે." (વિદ્ધશાલભંજિકા,

૧-૧૩; કવીન્દ્રવચના. ૬૮; સદુક્તિકર્ણામૃત ૨, ૭૫૧) ૫

પાંચમું દૃષ્ટાંત—

"જેને ખાવાથી કૂજતા૦" ૬

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૭૩મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૫૮).

છઠ્ઠું ઉદાહરણ—

"વસંત માસ યુવતીઓને નિશાન બનાવનાર, અણીવાળાં, નવપલ્લવોનાં પીંછાવાળા, આંબાની નવી મંજરીનાં કામદેવનાં બાણ તૈયાર કરે છે, પણ હજી આપતો નથી." (ધ્વન્યાલોક, ૨-૨૪) ૭

આવા દાખલાઓમા વર્ણ્ય વસ્તુના સ્વાભાવિક સૌંદર્યનું પ્રધાનપણે વર્ણન કરતા હોય ત્યારે કવિઓ તે ઢંકાઈ જવાના ભયે ઝાઝા અલંકારો યોજતા નથી. અને જો કદાચ યોજે છે તો તે સ્વાભાવિક સૌંદર્યને સારી પેઠે ખીલવવા માટે, નહિ કે અલંકારવૈચિત્ર્ય સાધવા માટે. જેમ કે—

"નવયૌવનાઓનું કયું અંગ સુંદર નથી બની ગયું! આંખોનું કાજળ ધોવાઈ ગયું છે, ગાલોની કાન્તિ સ્ફટિક જેવી સ્વચ્છ થઈ ગઈ છે, હોઠ કૃત્રિમ રંગ વગરના થઈ ગયા છે, અંગો હાથીના બચ્ચાના દાંત જેવાં સફેદ થઈ ગયાં છે." ૮

આ શ્લોકમાં 'હાથીના બચ્ચાના દાંત જેવાં સફેદ' એ ઉપમાથી સ્વાભાવિક સૌંદર્ય જ ખીલી ઊઠે છે.

બીજું ઉદાહરણ—

"તરુણ હાથણીની કોમળ દંતકળીની સ્પર્ધા કરતી." ૯

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૭૩મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૫૮).

અને આ જ વાત તર્કસંગત લાગે છે. કારણ, વર્ણવવાની પ્રસ્તુત વસ્તુના ઔચિત્યને કારણે મહાકવિઓ કોઈ વાર કેવળ

સ્વાભાવિક સૌંદર્યને જ પ્રધાનપણે પ્રગટ કરવા ઇચ્છતા હોય છે, તો કોઈ વાર વિવિધ રચનાવૈચિત્ર્યયુક્ત સૌંદર્યને પ્રગટ કરવા ઇચ્છતા હોય છે. એમાંથી પહેલા પ્રસંગે રૂપકાદિ અલંકારોનું એટલું મહત્ત્વ હોતું નથી. પણ બીજા પ્રસંગે તે જ મુખ્ય રૂપે પ્રતીત થાય છે. તેથી, એ રીતે જોતાં, સ્વાભાવિક સૌંદર્યરૂપ પદાર્થના ઉત્કૃષ્ટ સ્વભાવને અલંકાર્ય માનવો એ જ તર્કસંગત છે. એને અલંકાર માની જ ન શકાય. કોઈ અતિશય વગરના ધર્મવાળી વસ્તુને શણગારો તોયે પિશાચને શણગારવાની જેમ તે તદ્વિદાહ્લાદકારી ન હોવાને કારણે અનુપાદેય જ રહેશે. એટલે વધુ લંબાણ કરવાનો અર્થ નથી.

પણ પ્રસ્તુત ઔચિત્યને કારણે અતિશયયુક્તરૂપે પ્રધાનપણે વર્ણવાતો વસ્તુનો સ્વભાવ, પોતાના મહિમાને કારણે બીજા અલંકારોને સહન કરતો નથી અને પોતે જ અત્યંત શોભાશાલી હોઈ અલંકાર્ય હોય છે, તેમ છતાં એને અલંકાર કહેવો એમ કહેતા હો તો એ તો અમારો જ પક્ષ થયો. (અર્થાત્ સ્વભાવ તો અલંકાર્ય જ છે, છતાં તેને લીધે કાવ્યમાં શોભા આવે છે માટે ઉપચારથી તેને અલંકાર કહેતા હો તો એ અમને માન્ય છે.) અમારો હેતુ સ્વભાવવર્ણનમાં સ્વભાવવર્ણન ઉપરાંતના કોઈ અલંકારનો અસ્વીકાર કરવાનો જ હોઈ અહીં અમે વાંધો લેતા નથી.

વર્ણ્યમાન વસ્તુની આ જ વક્રતા છે કે બીજી પણ કોઈ છે? એના જવાબમાં કહે છે—

૨

**કવિના સહજ અને આહાર્ય કૌશલથી શોભતી,**
**નવી જ કલ્પનાને કારણે લોકપ્રસિદ્ધ પદાર્થોને ટપી**
**જનારી સૃષ્ટિ તે બીજા પ્રકારની વસ્તુવક્રતા.**

વર્ણ્યમાન પદાર્થની નિર્મિતિ કહેતાં સૃષ્ટિ તે બીજા પ્રકારની વસ્તુવક્રતા છે. એ સૃષ્ટિ કેવી છે? તો કે સહજ અને આહાર્ય

કૌશલથી શોભતી. સહજ એટલે સ્વાભાવિક અને આહાર્ય એટલે શિક્ષણ, અભ્યાસ વગેરેથી મેળવેલું, અર્થાત્ કવિની સ્વભાવગત કવિત્વશક્તિ અને અભ્યાસ વગેરેથી મેળવેલી વ્યુત્પત્તિને કારણે પ્રૌઢ બનેલું એવું કૌશલ. તેના વડે શોભતી. વળી કેવી? તો કે નવી નવી કલ્પનાને કારણે લોકપ્રસિદ્ધ પદાર્થોને ટપી જનારા પદાર્થને વિષય કરતી. એવી જે વક્રતા તેણે કરેલી જે સૃષ્ટિ તે બીજા પ્રકારની વસ્તુવક્રતા. આ બધાનું તાત્પર્ય એ કે કવિઓ વર્ણવવાના પદાર્થો નહિ હોય ત્યાંથી નવા ઉત્પન્ન નથી કરતા. તેઓ તો કેવળ સત્તામાત્રથી પ્રતીત થતા પદાર્થોને એવી કોઈ વિશેષતા અર્પે છે જેને લીધે તે સહૃદયાહ્લાદકારી રમણીયતાને પામે છે. આટલો જ કહ્યું છે કે—

"જે વસ્તુની અંદર રહેલું." ૧૦

આ શ્લોક બીજા ઉન્મેષમાં ૧૦૭મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૧૬૮).

આ રીતે, સત્તામાત્રથી પ્રતીત થતા પદાર્થોમાં કોઈ અલૌકિક શોભાતિશય ઉત્પન્ન કરે એવા સૌંદર્યનું કથન કરવામાં આવે છે, જેથી તે પદાર્થોનું વાસ્તવિક સ્વરૂપ આચ્છાદિત થઈ જાય છે, અને અપૂર્વ સૌંદર્યથી મન હરી લેનાર અને પોતાના જ તેજે ઝળહળતા રૂપે તે જ સમયે પ્રતીત થનાર વર્ણનીય પદાર્થના સ્વભાવનું સૌંદર્ય પ્રગટ થાય છે. એટલે કવિને વિધાતા કહે છે. કહ્યું છે કે—

"અપાર કાવ્યસંસારમાં કવિ એક જ પ્રજાપતિ છે. તેને જેમ રુચે છે તેમ આ વિશ્વ પલટાય છે." (અગ્નિપુરાણ, અધ્યાય ૩૩૮; ધ્વન્યાલોક, ૩-૪૨) ૧૧

આમ, વર્ણનીય વસ્તુની વક્રતા બે પ્રકારની હોય છે: (૧) સહજ (એટલે કે પ્રતિભા અથવા શક્તિથી ઉત્પન્ન થયેલી) અને (૨) આહાર્યા (એટલે કે શિક્ષણ, અભ્યાસ વગેરેથી પ્રાપ્ત કરેલી વ્યુત્પત્તિથી ઉત્પન્ન થતી). એમાંથી જે આહાર્ય વક્રતા છે, તે

જોકે પ્રસ્તુત વર્ણ્ય વિષયને શોભાવતી હોય છે, તેમ છતાં અલંકાર સિવાય બીજું કશું નથી હોતી. તેથી તેના અનેક ભેદોપભેદો જોવામાં આવે છે. જેમ કે—

"આ(ઉર્વશી)ને રચવામાં શું કાન્તિ દેનાર ચંદ્ર, અથવા કેવળ શૃંગારરસમય મદન, અથવા પુષ્પાકર વસંત પોતે બ્રહ્મા થયો હતો? કારણ, વેદાભ્યાસથી જડ થઈ ગયેલા અને વિષયો વિશે કૌતૂહલ વગરના ઘરડા મુનિ તો આવા સુંદર રૂપની રચના કરવાને કેવી રીતે સમર્થ થાય?" (વિક્રમોર્વશીય, ૧-૮) ૧૨

આ શ્લોકમાં કાન્તાના કાન્તિમત્ત્વ, અસીમ વિલાસસંપત્તિની પાત્રતા, સરસતા, લોકોત્તર સૌંદર્ય અને સુકુમારતાનું પ્રતિપાદન કરવા માટે, તે તે સ્વભાવના પ્રાધાન્યને લીધે ઉચિત સંભાવનાનું અનુમાન કરીને (એટલે કે જે ગુણ જેનામાં પ્રધાન હોય તે તેનો નિર્માતા હોઈ શકે એવી સંભાવનાનું અનુમાન કરીને) ત્રણ જુદા જુદા નિર્માતાઓની એ સૃષ્ટિ હશે એવી ઉત્પ્રેક્ષા કરી છે. (જેમ કે એ ચંદ્રની રચના હોવાથી એનામાં કાન્તિમત્ત્વ, કામદેવની રચના હોવાથી અસીમ વિલાસસંપત્તિ તથા સરસતા અને પુષ્પાકર વસંતની રચના હોવાથી અસામાન્ય સૌષ્ઠવ અને સુકુમારતા હોય એ સંભવિત છે, એટલે એ ત્રણની એના બ્રહ્મારૂપે ઉત્પ્રેક્ષા કરી છે). અને એ ત્રણેનાં વિશેષણો સાથે 'સ્વયમ્'નો યોજેલો સંબંધ એ જ વાતને ખૂબ સ્પષ્ટપણે પ્રગટ કરે છે. જેમ કે, જે (ચંદ્ર) પોતે જ મનોહર કાન્તિવાળો હોય તે પોતાના સૌજન્યને કારણે અરોચકી એટલે કે જેને અસુંદર વસ્તુ ગમે જ નહિ એવો હોઈ તેનામાં કાન્તિમાન વસ્તુ નિર્માણ કરવાની નિપુણતા હોય એ ઉચિત છે. એ જ રીતે, જે (મદન) પોતે જ કેવળ શૃંગારરસરૂપ હોય તે પોતાની રસિકતાને લીધે જ સ-રસ વસ્તુ નિર્માણ કરવાની કુશળતા ધરાવતો હોય એ ઉચિત છે, તે જ રીતે, જે (વસંત) પોતે જ પુષ્પાકર હોય તે પોતાના આભિજાત્યને કારણે એવી સુકુમાર વસ્તુનું જ સર્જન

કરે એ ઉચિત છે. એટલા માટે જ શ્લોકના ઉત્તરાર્ધમાં વાપરેલાં વિશેષણો દ્વારા વ્યતિરેકથી એમ બતાવેલું છે કે કાન્તિમત્ત્વ વગેરે ગુણો બીજી કોઈ રીતે સંભવતા જ નથી. કારણ, બ્રહ્મા તો વેદાભ્યાસને લીધે જડ થઈ ગયેલા હોવાથી કાન્તિમય વસ્તુની રચના કરવામાં અનભિજ્ઞ હોય, વિષયો પ્રત્યે કૌતૂહલ ન હોવાને કારણે સ-રસ પદાર્થોની રચના કરવામાં વિમુખ હોય, અને વૃદ્ધ હોવાને કારણે સુકુમાર અને સરસ પદાર્થોની રચનામાં તેને રસ ન હોય.

આમ, કવિએ પોતાના વર્ણ્ય વિષયને કોઈ અલૌકિક અને અપૂર્વ વિશેષતા અર્પવા ઉત્પ્રેક્ષા અલંકાર યોજ્યો છે; અને એ વિશેષતા પોતે જ પોતાના સ્વાભાવિક સૌંદર્યના મહત્ત્વથી તથા એ ઉત્પ્રેક્ષા અલંકારની સહાયથી અર્થ એટલે કે વર્ણનીય વિષય નાયિકાનો મહિમા કરવા માટે સંદેહાલંકારનો સાથ સ્વીકારે છે અને તેનાથી પુષ્ટ થાય છે. આમ, અહીં કવિએ પદાર્થમાં એટલે કે વર્ણ્ય વિષય નાયિકાના સૌંદર્યરૂપી પદાર્થમાં, એ અલૌકિક નિર્માતાની રચના છે એવી વિશેષતા ઉત્પન્ન કરી છે, જેથી એ જાણે પહેલી જ વાર નિર્માયું હોય — અપૂર્વ હોય એવું લાગે છે.

વળી, જ્યાં કવિ કાવ્યમાં પહેલી વાર તે વખતે જ વર્ણવાતી કલ્પિત વસ્તુનું વર્ણન કરતો હોય છે ત્યાં પણ, વસ્તુ તો સ્વસત્તાથી અસ્તિત્વ ધરાવતી હોઈ નવી નથી હોતી, પણ વસ્તુઓ વચ્ચેના સંબંધની જ નવી રીતે કલ્પના કરવામાં આવી હોય છે, અને તેને લીધે કાવ્યમાં નવીન સૌંદર્ય આવે છે. જેમ કે—

"અરે ભાઈ, તું કોણ છે?
હું સ્વર્ગનો માળી છું.
અહીં શાથી?
ફૂલ લેવા આવ્યો છું.

તમને જો બહુ નવાઈ લાગતી હોય તો સાંભળો.
યુદ્ધમાં કોઈ અજ્ઞાત નામવાળા રાજા ઉપર માળાઓ વર્ષાવતી

સ્વર્ગની અપ્સરાઓએ નંદનવનને ફૂલ વગરનું બનાવી દીધું છે એટલે મારે અહીં આવવું પડ્યું." ૧૩

આવા દાખલાઓમાં વર્ણનીય વસ્તુનો વિશિષ્ટ અતિશય સિદ્ધ કરવા માટે અલંકારયોજના કરવી પડે છે. જેમ કે આ ઉદાહરણમાં અલંકારની કલ્પના વગર કોઈ રીતે વાક્યાર્થની સંગતિ સધાતી નથી. કારણ, આવા કલ્પિત વિષયમાં પ્રત્યક્ષાદિ પ્રમાણોથી વસ્તુની ઉપપત્તિ સ્થાપી શકાતી નથી, એટલે (સ્વર્ગનો માળી અહીં ફૂલ ખરીદવા આવે એવા વર્ણનીય વિષયરૂપ) સ્વાભાવિક વસ્તુ અહીં ધર્મીરૂપે સ્થાપી શકાતું નથી. એટલે વિદગ્ધ કવિની પ્રતિભાએ યોજેલા અલંકારનો વિષય બનવાને કારણે જ એ સહૃદયાહ્લાદકારી બને છે. અહીં યોજાયેલા અલંકારની સમજૂતી આ પ્રમાણે છે: ઘનઘોર યુદ્ધમાં વીરને શોભે એવા પરાક્રમની પ્રશંસા સાંભળી એ અજ્ઞાત નામનો રાજા પતિ તરીકે મળવાથી ઉલ્લાસમાં આવેલી સ્વર્ગની અપ્સરાઓએ મંદાર વગેરે પુષ્પોની હજારો માળા તેને પહેરાવવા માટે ફૂલો ચૂંટી લીધાં હોવાથી નંદનવન ફૂલ વગરનું થઈ ગયું એવી ઉત્પ્રેક્ષા અહીં કરવામાં આવી છે. કવિઓ ઉત્પ્રેક્ષાના વિષયભૂત વસ્તુને 'આ તેના જેવું છે' અને 'આ તે જ છે' એમ બે રીતે નિરૂપે છે, એ વાત એ અલંકારોની વ્યાખ્યાને પ્રસંગે ચર્ચવામાં આવશે. આમ, આ શ્લોકમાંની ઉત્પ્રેક્ષા, અપ્રસ્તુતપ્રશંસાની યોજનાને લીધે, વર્ણ્યમાન રાજાના પ્રતાપના અતિશયનો પરિપોષ કરી, પોતે અત્યંત સુંદર રૂપે પ્રગટ થઈ સહૃદયોનાં હૃદયોને આકર્ષે છે.

આ શ્લોકમાં અપ્રસ્તુતપ્રશંસાથી પરિપુષ્ટ થયેલી ઉત્પ્રેક્ષા છે એમ કુંતક કહે છે. જ્યારે બીજા કેટલાક અહીં અતિશયોક્તિ અલંકાર છે એમ માને છે. તેનો જવાબ આપતાં હવે કુંતક કહે છે કે—

ઉત્પ્રેક્ષામાં અતિશય હોય છે એ તો એની વ્યાખ્યામાં જ ભામહે કહી દીધેલું છે:

"ઉત્પ્રેક્ષામાં અતિશય હોય છે." (ભામહ, ૨-૯૧) ૧૪
વળી અતિશયોક્તિ વિશે ભામહે જ કહેલું છે કે—
"એના વિના અલંકાર કેવો ?" (ભામહ, ૨-૮૫) ૧૫

આમ, અતિશયોક્તિ બધા અલંકારોને અનુગ્રાહક એટલે કે ઉપકારક થઈ પડે છે. તેથી કોઈ એમ કહે કે અહીં મુખ્ય અલંકાર અતિશયોક્તિ છે તો તેથી કંઈ ફેર પડતો નથી.

કવિપ્રતિભાએ ઉત્પ્રેક્ષેલા અત્યંત અસંભવિત પદાર્થોનું વર્ણન પણ આ દૃષ્ટિએ જ સંગત લાગે છે, સ્વતંત્ર રીતે નહિ. અથવા "હેતુપૂર્વક કરેલું અલૌકિક વસ્તુનું વર્ણન તે અતિશયોક્તિ" એવું ભામહનું લક્ષણ સ્વીકારીએ તો આ શ્લોકમાં પણ અતિશયોક્તિ જ છે એમ માનવું પડે. તેમ છતાં અહીં પ્રસ્તુત રાજાનો અતિશય સાધવા ઉપરાંત બીજી કશી વિશેષતા એથી સધાતી નથી.

પહેલાં (બીજા ઉન્મેષમાં) શબ્દની અને અહીં (ત્રીજા ઉન્મેષમાં) અર્થની વક્રતાની સમજૂતી આપ્યા પછી હવે (શબ્દ અને અર્થ મળીને બનતા) વાકયની વક્રતાનું નિરૂપણ કરવાનો આરંભ કરે છે—

### ૩, ૪

**(સુકુમાર, વિચિત્ર વગેરે) માર્ગમાં યોજાયેલા વક્ર શબ્દ, અર્થ, ગુણ અને અલંકારની સૌંદર્યસંપત્તિથી જુદી જ અને એ રીતે કહેવું એ જ જેનો પ્રાણ છે, એવી વાકયની વક્રતા જુદી જ હોય છે, સુંદર ફલક ઉપર દોરેલા ચિત્રના રંગોના સૌંદર્યથી જુદા જ, ચિત્રકારના મન હરી લેનારા અનિર્વચનીય કૌશલના જેવું કાવ્યકર્તાનું અનિર્વચનીય કૌશલ તે જ વાકયવક્રતા.**

વાકયની વક્રતા એ જુદી જ વસ્તુ છે. અહીં વાકય એટલે પરસ્પર અન્વિત પદસમુદાય. એની વક્રતા શબ્દ વગેરેની વક્રતાથી જુદી જ છે. કારિકામાં બીજું કોઈ ક્રિયાપદ છે નહિ એટલે 'છે' ક્રિયાપદ અધ્યાહાર છે એમ સમજી અર્થ કરવો. સુકુમાર વગેરે

માર્ગમાં યોજાયેલા વક્ર કહેતાં પ્રસિદ્ધ વ્યવહારથી જુદી રીતે વપરાયેલા શબ્દો, અર્થો, ગુણો અને અલંકારોની જે શોભા તેના કરતાં જુદી જ આ વાક્યની વક્રતા હોય છે. કોઈ અનિર્વચનીય રીતે અપૂર્વ રીતે કહેવું એ જ એનું જીવિત સર્વસ્વ હોય છે.

એ વક્રતા કાવ્યકર્તાના કોઈક અલૌકિક કૌશલ કહેતાં નૈપુણ્ય રૂપ હોય છે. કવિનું અપૂર્વ કૌશલ તે જ વાક્યવક્રતા. ચિત્રની ઉપમાથી આ વાત સમજાવતાં કહે છે કે જેમ ચિત્રનાં ઉપકરણોના સૌંદર્ય કરતાં ચિત્રકારનું કૌશલ જુદું જ હોય છે તેમ. ફલક, આલેખ્ય અને વર્ણની છાયા વગેરેની જે મનોહર શોભા તેના કરતાં એ જુદું જ તત્ત્વ છે. અહીં ફલક એટલે ચિત્રની આધારભૂમિ, જેના ઉપર ચિત્ર ચીતર્યું હોય તે, આલેખ્ય એટલે ચિત્રસૂત્રના નિયમાનુસાર દોરેલી રેખાઓથી થતી આકૃતિ. અને વર્ણ એટલે રંજક દ્રવ્યો. છાયા એટલે કાન્તિ.

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જેમ ચિત્રનાં ફલક, આલેખ, વર્ણ વગેરે સર્વ ઉપકરણોથી અલગ અને ચિત્રમાં રજૂ કરેલા પ્રકૃત પદાર્થોના જીવનરૂપ ચિત્રકારનું કૌશલ અલગ રૂપે પ્રધાનપણે પ્રતીત થાય છે, તેમ માર્ગ, શબ્દ, અર્થ, ગુણ અને અલંકાર વગેરે બધા પદાર્થોથી જુદું, કાવ્યમાં વર્ણવેલા પ્રકૃત પદાર્થોના જીવનરૂપ, સહૃદયસંવેદ્ય કવિકૌશલરૂપ વક્રત્વ વાક્યમાં પ્રતીત થાય છે.

તેથી જ પદાર્થોના સ્વાભાવિક સૌંદર્યના વર્ણનમાં કે શૃંગાર વગેરે રસોના વર્ણનમાં અને નાના પ્રકારના અલંકારોની યોજનામાં શોભા ઉત્પન્ન કરવામાં આ વાક્યવક્રતાનો પરાકોટિનો પરિપોષ સહૃદયોના હૃદયને આનંદ આપનાર થઈ પડે છે. પદ અને વાક્યના એક ભાગમાં રહેલો જે કોઈ વક્રતા-પ્રકાર હોય છે તે પણ કવિકૌશલને કારણે જ હોય છે. કારણ, યુગોજૂના પદાર્થોના સ્વભાવ અને અલંકારના પ્રકારો તેના તે રહેવા છતાં તેનાં નવાં નવાં ચમત્કારક રૂપાંતરો જોવા મળે છે તે પણ આ કવિકૌશલને જ કારણે મળે છે. માટે કહ્યું છે કે—

"સૃષ્ટિના આરંભથી ઉત્તમ કવિઓ રોજ રોજ એનો સાર ગ્રહણ કરતા રહે છે તેમ છતાં હજી પણ અકબંધ રહેલું વાણીનું સૌંદર્ય જય પામે છે." ૧૬

આ શ્લોકનો અર્થ એવો છે કે સૃષ્ટિ શરૂ થઈ ત્યારથી મોટા કવિઓ પોતપોતાની વ્યક્તિગત પ્રતિભા પ્રમાણે રોજ રોજ જેનું સારસર્વસ્વ લઈને વાપરતા હોય છે, તેમ છતાં અનંત નવી નવી કલ્પનાઓના સ્ફુરણને કારણે જે એવો ને એવો અકબંધ રહે છે તે વાણીના સૌંદર્યનો ભંડાર જય પામે છે, એટલે કે સર્વોત્કૃષ્ટ ઠરે છે. આ રીતે આ શ્લોકનો અર્થ જોકે સુસંગત થાય છે, તેમ છતાં એમાં કોઈ અલૌકિક કવિકૌશલ વિલસતું જોવા મળે છે. કારણ, કવિ પોતાના અભિમાનના ધ્વનિ સાથે એવું કહે છે કે— સૃષ્ટિની શરૂઆતથી ઉત્તમ કવિઓ રોજ રોજ એનો સાર લેતા આવ્યા છે, છતાં આજે પણ એ અકબંધ જેવો જ છે. એનો અર્થ એ કે તત્ત્વનું જ્ઞાન ન હોવાને કારણે કોઈ કવિ એ વાણીના ભંડારમાંથી કશું જ લઈ શક્યો નથી. હવે મારી પ્રતિભાએ જ, એના તત્ત્વાર્થનું જ્ઞાન હોઈ, પહેલવહેલો એ ભંડાર ખોલ્યો છે, અને મારી લોકોત્તર કાવ્યરચનાના સાફલ્યને લીધે વાણીનું સૌંદર્ય જય પામે છે, એવો સંબંધ છે.

જોકે રસ, પદાર્થોના સ્વભાવ અને અલંકાર એ ત્રણેનું જીવિત કવિકૌશલ જ છે, તેમ છતાં અલંકાર સાથે એને વિશેષ સંબંધ છે. કારણ, એના વગર, જે વર્ણ્ય વસ્તુનો અલંકાર થવાને લાયક હોય છે, પણ જે કેવળ વ્યાખ્યાબદ્ધ સ્વરૂપે જ ખરેખર વપરાયો હોય છે, તે અલંકારમાં કોઈ તદ્વિદાહ્લાદકારી તત્ત્વ ન હોવાથી, તેમાં કોઈ સૌંદર્ય પ્રતીત થતું નથી અને પ્રવાહપતિત બીજા પુષ્કળ સામાન્ય પદાર્થોના જેવો જ તે પણ લાગે છે. જેમ કે—

"દુર્વાના જેવી શ્યામ (વર્ણની) સુંદરી, પ્રિયંગુ (શ્યામા) લતા જેવી લાગે છે." ૧૭

આમાં કેવળ સાદૃશ્યને આધારે ઉપમા યોજી છે. પણ કશું કવિ-કૌશલ નથી એટલે એ સહૃદયોને આનંદ આપી શકે એમ નથી.

પણ એ જ ઉપમા નવી કલ્પનાપૂર્વક વપરાય તો તે મનોહર બની જાય છે અને લોકોત્તર વિન્યાસવિચ્છિત્તિને લીધે અતિશય સૌંદર્ય પ્રાપ્ત કરી કોઈ અપૂર્વ તદ્વિદાહ્લાદકારિત્વને પ્રગટ કરે છે. જેમ કે—

"આને રચવામાં." ૧૮

આ શ્લોક આ જ ઉન્મેષમાં ૧૨મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૧૮૧).

બીજું ઉદાહરણ—

"શું તારુણ્યતરુ તણી." ૧૯

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૯૨મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૭૯).

આમ, આ અલંકારવક્રતા સ્વતંત્રરૂપે પણ સંભવતી હોવા છતાં કવિકૌશલ-આધારિત વાક્યવક્રતામાં એનો સમાવેશ કરવો એ જ તર્કસંગત લાગે છે. માટે જ પહેલાં કહ્યું છે કે—

"વાક્યની વક્રતા (પદની વક્રતા કરતાં) જુદી છે. તેના હજારો ભેદો છે. એમાં (ઉપમા વગેરે) આખો અલંકાર વર્ગ સમાઈ જાય છે." ૨૦

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૨૦મી કારિકા તરીકે આવી ગયો છે (પૃ. ૫૪).

સ્વભાવવક્રતાનું ઉદાહરણ—

"હે ભાઈ, ગોપવધૂઓના વિલાસના સખા, રાધાની એકાન્તક્રીડાના સાક્ષી એવા યમુનાના તીર પરના લતા-મંડપો કુશળ તો છે ને? હવે તો મદનશય્યા રચવા માટે કોમળ કૂંપળો તોડવાની જરૂર ન રહેતાં મને લાગે છે કે તેમની લીલી ઝલક ઝાંખી પડી ગઈ હશે અને તેઓ જરઠ થઈ ગયા હશે." ૨૧

આ શ્લોકમાં જોકે વસ્તુમાં સંભવે એવો અને સહૃદયો અનુભવી શકે એવો સ્વભાવ જ માત્ર વર્ણવેલો છે અને તે પણ બહુ ઉચ્ચકોટિનો નથી, તેમ છતાં એમાં વિરલ વિદગ્ધોનાં હૃદયો જ અનુભવી શકે એવું, પદાર્થમાં લીન રહેલું, નવીન કલ્પનાને લીધે મનોહર, સૂક્ષ્મ અને સુભગ કોઈ એવું સ્વરૂપ પ્રગટ થાય છે, જેને લીધે વાક્યવક્રતારૂપી કવિકૌશલને કોઈ અપૂર્વ પરમ સૌંદર્ય પ્રાપ્ત થાય છે. કારણ, કવિકૌશલ સિવાય એમાં બીજો કોઈ ચમત્કાર જોવા મળતો નથી.

કવિકૌશલનિરૂપિત રસનું ઉદાહરણ—

> "એ સાહસી ક્ષત્રિયાના બચ્ચાને લોકો જેવો વર્ણવે છે તેવો જ તે સાચે જ હશે, વાત ખોટી નહિ હોય, પરંતુ લાંબા સમયથી દેવોની સેના સાથેનાં યુદ્ધોને વીસરી ગયેલા મારા બાહુઓ છાંટાભાર સમય માટે શૌર્યની ગરમીથી ઊપડેલી ચળ શમાવવા અધીરા થયા છે." ૨૨

આ શ્લોકનો ઉત્તરાર્ધ પહેલા ઉન્મેષમાં ૪૭મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૪૩).

અહીં ઉત્સાહ નામે સ્થાયી ભાવ છે. એનો આલંબન વિભાવ રામ છે. તેના સૌન્દર્યાતિશય એટલે કે પરાક્રમાતિશયની પ્રશંસામાં જે કંઈ કહેવાયું છે તે બધું રાવણ સાચું માને છે. છતાં તે વિજય મેળવવાની ઇચ્છા સેવે છે. એની વિદગ્ધ કથનશૈલીના વૈચિત્ર્યથી એ ઉત્સાહ નામક સ્થાયી ભાવ અત્યંત પરિપોષ પામીને રસ રૂપે આસ્વાદાય છે તેથી અહીં વાક્યવક્રતારૂપ કોઈ અપૂર્વ કવિકૌશલ સૂચિત થાય છે. આ પહેલાંના પ્રકરણમાં આવી ગયેલાં બીજાં ઉદાહરણમાંના દરેકમાં, એ જ રીતે કહેવું એ જેનું જીવિત છે એવી વાક્યવક્રતા સહૃદયોએ જાતે જ સમજી લેવી.

"આ (કવિકૌશલ) પોતાના સ્વાભાવિક મહત્ત્વયુક્ત અને ઔચિત્ય ગુણ ધરાવતા વક્રતાના બધા પ્રકારોને પણ ઉત્તેજિત કરવાને સમર્થ છે. ૨૩

સૃષ્ટિના પ્રારંભથી જ અસ્તિત્વ ધરાવતા રસ, વસ્તુસ્વભાવ અને અલંકાર આ કવિકૌશલ દ્વારા તદ્વિદાહ્લાદકારી નવીનતાને પામે છે.” ૨૪

આ બે અંતરશ્લોક છે.

આમ, કાવ્યને ઉપયોગી શબ્દ, અર્થ અને અભિધા (કથન-શૈલી) એ ત્રણેનાં સ્વરૂપ સમજાવ્યા પછી હવે વર્ણ્ય વસ્તુનું વર્ગીકરણ કરે છે—

૫

**કાવ્યમાં વર્ણવેલા અપરિમ્લાન સ્વભાવ અને ઔચિત્યને કારણે સુંદર પદાર્થોનાં બે સ્વરૂપ છે. (૧) ચેતન અને (૨) જડ.**

કાવ્યનો વિષય બનતા પદાર્થોનાં સ્વરૂપ કહેતાં સ્વભાવનું અહીં વર્ગીકરણ કરવામાં આવે છે. એ પદાર્થોના બે પ્રકાર છે એવું વિદ્વાનોનું કહેવું છે: (૧) ચેતન અને (૨) જડ. ચેતન એટલે જેમનામાં જ્ઞાન હોય એવા અર્થાત્ પ્રાણીઓ અને જડ એટલે તે સિવાયના ચેતનશૂન્ય પદાર્થો. ધર્મીઓના આ બે પ્રકારને કારણે જ ધર્મના પણ બે પ્રકાર પડે છે. એ પદાર્થના સ્વરૂપને અપરિમ્લાન સ્વભાવ અને ઔચિત્યને લીધે સુંદર કલ્પેલું છે. અપરિમ્લાન એટલે નવા પરિપોષથી સુંદર એવો જે સ્વભાવ એટલે કે વસ્તુનો ધર્મ, તેનું ઔચિત્ય એટલે તે પ્રસંગે ઉપયોગી દોષ-રહિત સ્વરૂપ, તેને કારણે સુંદર એટલે કે તદ્વિદોને આનંદ આપનાર.

આ જ બે ભેદોનો અલગ અલગ વિચાર કરે છે—

૬

**એમાંથી પહેલા પ્રકારના દેવતા વગેરે અને સિંહ વગેરે એવા મુખ્ય અને ગૌણ એવા બે પ્રકાર પાડવામાં આવે છે.**

પહેલાં ચેતન અને જડ એવા જે બે પ્રકાર પાડ્યા તેમાંના પહેલા એટલે કે ચેતન પદાર્થોને લગતા પ્રકારના બે ભેદ પાડવામાં આવે છે, કારણ, ત્રીજો ભેદ છે જ નહિ. એ બે ભેદો એટલે દેવતા વગેરેનો મુખ્યચેતન વર્ગ અને સિંહ વગેરેનો ગૌણ-ચેતન વર્ગ. દેવતા વગેરેમાં દેવ, દૈત્ય, સિદ્ધ, વિદ્યાધર, ગંધર્વ વગેરેનો સમાવેશ થાય છે અને તે મુખ્યચેતન કહેવાય છે. જ્યારે સિંહ વગેરેમાં સિંહ વગેરે બધાં પશુઓ અને પ્રાણીઓનો સમાવેશ થાય છે અને તે ગૌણચૈતન કહેવાય છે. એનું કારણ એ છે કે મુખ્યચેતનમાં બુદ્ધિ વગેરેનું જેટલું પ્રાધાન્ય હોય છે તેટલું ગૌણચેતનમાં હોતું નથી.

આમ, એક તો દેવતા વગેરે મુખ્યચેતનોનું એક સ્વરૂપ કવિતાવર્ણનનો વિષય બને છે અને બીજું પશુ પ્રાણી પક્ષી સાપ વગેરે અમુખ્ય અથવા ગૌણચેતનોનું સ્વરૂપ કવિતાવર્ણનનો વિષય બને છે. એ જ વાતને વિશેષ ફોડ પાડીને સમજાવે છે—

૭

**મુખ્યચેતન પદાર્થોનું વર્ણન અક્લિષ્ટ રતિ વગેરેના પરિપોષથી સુંદર બને છે અને બીજા એટલે કે ગૌણચેતન પદાર્થોનું વર્ણન તેમની જાતિને સ્વાભાવિક એવી ક્રિયાના ઉલ્લેખથી ઉજ્જવલ બને છે.**

મુખ્ય એટલે દેવ, દાનવ વગેરે જે ચેતન પદાર્થો છે તેઓ આવી રીતે સત્કવિઓના વર્ણનનો વિષય બને છે. કેવી રીતે? તો કે અક્લિષ્ટ રત્યાદિના પરિપોષથી સુંદર બને એ રીતે. અહીં અક્લિષ્ટ એટલે કે ક્લેશ વગર, ખેંચતાણ વગર સરલ રીતે સમજાય અને તાજગીને કારણે સુંદર લાગે એવા રતિ વગેરે સ્થાયી ભાવનો પરિપોષ એટલે કે શૃંગાર વગેરે રસત્વની પ્રાપ્તિ અર્થાત્ રસરૂપે આસ્વાદ યોગ્ય બનવું તે — કારણ, 'સ્થાયી જ રસત્વને પામે છે' એમ કહેલું છે. એને લીધે મનોહર લાગે એ રીતે એ મુખ્યચેતન પદાર્થોનું વર્ણન સત્કવિઓ કરે છે. એનાં ઉદાહરણ

'વિક્રમોર્વશીય'ના ચોથા અંકમાં ઉન્મત્ત પુરૂરવાનાં પ્રલાપવચનો છે. જેમ કે—

"કદાચ તે રોષે ભરાઈને પોતાની દૈવી શક્તિથી અદૃશ્ય થઈ ગઈ હશે, પણ તે લાંબો સમય કોપ કરતી નથી; કદાચ તે સ્વર્ગમાં ઊડી ગઈ હશે, પણ મારા પ્રત્યે તેને ખૂબ પ્રેમ છે; મારી સામેથી તેનું અપહરણ કરવાની તો દાનવોની પણ તાકાત નથી; છતાં તે મારી નજર આગળથી બિલકુલ અદૃશ્ય થઈ ગઈ છે એ કેવું કમનસીબ!" ('વિક્રમોર્વશીય', ૪–૨) ૨૫

અહીં રાજા પુરૂરવા પોતાની પ્રિયા ઉર્વશીના વિરહની વેદનાના આવેશમાં તેના ન દેખાવાનું કારણ સમજી શકતો નથી. એટલે પહેલાં તે ઉર્વશીની સ્વાભાવિક સુકુમારતાને અનુરૂપ એક સંભવિત કારણની કલ્પના કરે છે, પણ તરત જ તે તર્કસંગત ન લાગતાં તેને છોડી દઈ તેના અદૃશ્ય થવાનું બીજું કારણ કલ્પે છે અને તેનાથી પણ તેના ન દેખાવાનો બરાબર ખુલાસો ન થતાં તે નિશ્ચિત નિરાશામાં ડૂબી જઈ મૂઢ થઈ જાય છે. આમ, અહીં વિપ્રલંભ શૃંગાર રસ પરિપોષની પરાકોટિએ પહોંચે છે. એ જ રસને આગળ બીજા શ્લોકથી ઉદ્દીપિત કર્યો છે. જેમ કે—

"જો એ મૃગનયની મેઘવૃષ્ટિથી ભીની થયેલી રેતી-વાળી વનભૂમિને પગથી અડી હોત તો તેના ભારે નિતંબને લીધે તેના પગલામાં પાછલો એડીનો ભાગ ઊંડો અને આગલો ભાગ અળતાવાળો દેખાત." (વિક્રમોર્વશીય, ૪–૬) ૨૬

આ શ્લોકમાં જો તે કદાચ પૃથ્વીને અડી હોય એવી આશંકાથી તે પાછી મળવાનો સંભવ પેદા થાય છે. પણ જો આવી હોત તો પાણીથી પોચી થયેલી રેતીવાળી વનભૂમિ ઉપર તેના નિતંબ ભારે હોવાને કારણે પાછલા ભાગમાં ઊંડાં અને આગલા ભાગમાં અળતાવાળાં તેનાં પગલાંની હાર દેખાત. પણ એ તો દેખાતી

નથી એટલે એની નિરાશા ઘેરી બને છે અને તે એ પછીનાં વિલાપવાક્યોનું કારણ બને છે.

કરુણ રસનાં ઉદાહરણ તાપસવત્સરાજના બીજા અંકમાં વત્સરાજના વિલાપમાં જોવા મળે છે. જેમ કે—

> "ધારાગૃહને જોઈને દીનવદને લીલાગૃહમાં આંટો મારીને લાંબો નિસાસો નાખી, કેસરની લતાઓની વીથિઓમાં નજર નાખતો, ઓ બેટા, તું મારી પાસે શા માટે આવે છે, અને ખુશામત કરે છે? તારી ક્રૂર મા તો મારી પેઠે તને પણ છોડીને દૂર દૂરને દેશ ચાલી ગઈ છે." (તાપસવત્સરાજ, ૨-૭૧) ૨૭

અહીં કવિએ રસપરિપોષના કારણરૂપ વિભાવાદિ સામગ્રી સારી રીતે રજૂ કરી છે. જેમ કે આ શ્લોકની અવતરણિકા તરીકે આવેલું વિદૂષક વાક્ય આ પ્રમાણે છે—

> "આ પણ એક દુઃખદ અકસ્માત છે કે દેવીએ પુત્રની જેમ પાળેલો મૃગ આપની પાછળ આવી રહ્યો છે." ૨૮

એને લીધે હરણનું બચ્ચું, ધારાગૃહ વગેરે કરુણ રસના ઉદ્દીપન વિભાવનું કામ સારી રીતે બજાવે છે. તેથી જ રુમણ્વાનના 'આ તો જખમ ઉપર મીઠું ભભરાવવા જેવું થાય છે,' એ વાક્ય પછી તરત જ આ નીચેનું વાક્ય મૂકવામાં આવ્યું છે—

> "હે દેવી, તારા કાને પહેરેલા પદ્મરાગમણિને દાડમનું બીજ માની વારે વારે તેને ચાંચ વડે ખેંચનાર અને પગ વડે તારા આ ગાલ પર પ્રહાર કરનાર તારો નર્મસાથી પોપટ દુઃખી થઈને વારે વારે રડે છે, છતાં તું કેમ નિશ્ચિતપણે તેને જવાબ આપતી નથી?" (તાપસવત્સરાજ, ૨-૭૧) ૨૯

અહીં પોપટની આવી ધૃષ્ટતા એ અત્યંત વહાલો હતો એમ

બતાવવા માટે નિરૂપેલી છે. ગાલને લગાડેલું 'આ' એવું વિશેષણ એણે પોતે અનુભવેલી ગાલની સુકુમારતાના ઉત્કર્ષનું દ્યોતક છે. આ રીતે જ ઉદ્દીપન વિભાવના નિરૂપણ દ્વારા જ કરુણ રસને રમણીયતાની પરાકાષ્ઠાએ પહોંચાડી શકાય છે.

વિપ્રલંભ શૃંગાર અને કરુણ એ બે રસો સુકુમાર છે એટલે એ બેનાં ઉદાહરણ અહીં આપ્યાં છે. બીજા રસોનાં ઉદાહરણ જાતે સમજી લેવાં.

એ રીતે, ગૌણચેતન સિંહ વગેરેનો જે બીજો પ્રકાર છે, તે આ રીતે કવિઓના વર્ણનનો વિષય બને છે. કેવી રીતે? તો કે તેમની જાતિને સ્વભાવગત એવી ક્રિયાના ઉલ્લેખથી શોભે એ રીતે. એટલે કે તે તે જાતિની જે સ્વભાવ અનુસાર ચેષ્ટા હોય તેનું વાસ્તવિક રૂપે નિરૂપણ કરવામાં આવે, તે ઉજ્જવળ કહેતાં તદ્વિદો-ને આનંદ આપનાર બને છે. જેમ કે—

> "કોઈ વાર એ (સિંહ) પારિયાત્ર પર્વતની ગુફારૂપી ઘરમાં આંખ મીંચીને, આગલા બે પગ એકબીજા ઉપર રાખી તેના ઉપર દાઢની કળીથી શોભતી દાઢી રાખી સૂતો." ૩૦

અહીં પર્વતની ગુફામાં ઊંઘતા સિંહના પોતાની જાતિને અનુરૂપ આસનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બીજું ઉદાહરણ—

"ગ્રીવાભંગે રૂપાળે વળી વળી દગ પૂંઠે ધપંતા રથે દૈ,
પેઠેલો પૂર્વકાયે શરપતનભયે પૂંઠ ભાગેથી ઝાઝો,
દુર્વા ચાવેલ અર્ધા શ્રમવિવૃત મુખેથી સર્યા વેરી માર્ગે,
જો, જો, લાંબી ફલંગે નભ મહીં ઘણું તો દોડતો અલ્પ ભોમે."
(અભિજ્ઞાનશાકુંતલ, ૧–૭) ૩૧

(અનુ. શ્રી ઉમાશંકર જોશી)

આ જ વાત બીજી રીતે સમજાવે છે—

## ૮

**ગૌણચેતન અને મોટા ભાગના જડ પદાર્થોનું પણ રસના ઉદ્દીપન વિભાવ તરીકે વર્ણન કરવામાં આવે ત્યારે તે સુંદર લાગે છે.**

અમુખ્ય એટલે ગૌણચેતન પ્રાણીઓનું વર્ણન પ્રસ્તુત વિષયના અંગ તરીકે કરવું જોઈએ, જેથી તેઓ રસનું ઉદ્દીપન કરવાને સમર્થ થાય; રસો એટલે શૃંગાર વગેરે રસો ઉદ્દીપન એટલે પરિપોષ. એ રીતે કરેલું વર્ણન સુંદર એટલે કે સહૃદયોને આનંદ આપે એવું લાગે છે. જેમ કે—

> "આંબાની મંજરી ખાવાથી મીઠા થયેલા કંઠે નર કોકિલે જે મધુર ટહુકો કર્યો તે માનિનીઓના માનનો ભંગ કરનાર કામદેવનું વચન બની ગયો." (કુમારસંભવ, ૨-૩૨) ૩૨

મોટા ભાગના જડ પદાર્થોનું વર્ણન રસના ઉદ્દીપન વિભાવ તરીકે જ કરવામાં આવે તો તે સુંદર લાગે છે. અહીં જડ એટલે પાણી, ઝાડ, વસંત ઋતુ વગેરે સમજવાં. જેમ કે—

> "આ મારા મનને દુર્લભ વસ્તુ માગતું રોકવું મુશ્કેલ છે. એક તો કામદેવ એને વીંધી રહ્યો છે, તેમાં વળી પાકીને પીળાં પડી ગયેલાં પાંદડાં મલય પવનથી ખરી જતાં બગીચાના આંબાઓને નવા અંકુર ફૂટવા માંડશે પછી તો પૂછવું જ શું ?" (વિક્રમોર્વશીય, ૨-૬) ૩૩

બીજું ઉદાહરણ—

> "કુરબકનાં વૃક્ષોને અંકુર ફૂટવાની તૈયારી છે, સેવાળથી છવાયેલા કિનારાવાળાં તળાવો શોભી રહ્યાં છે, નદીઓ ફીણના લિસોટાથી સીમંતિની (સેંથીવાળી સુંદરી) જેવી લાગે છે; એવે સમયે, હે કૃશાંગી, લાંબી ફેલાયેલી લતાઓથી છવાયેલાં વન પણ કંદર્પ રૂપી ધનુર્ધારીની ક્રીડાભૂમિ બની જાય છે." ૩૪

આવી રીતે પદાર્થોના સ્વાભાવિક સૌંદર્યના વર્ણનની વાત કરી હવે તેનો ઉપસંહાર કરે છે—

૯

**વર્ણનીય વસ્તુના આ રમણીયતાપૂર્ણ શરીરને જ, ઉપાદેય હોવાને કારણે, કવિઓએ વર્ણનનો વિષય માનવો જોઈએ.**

કવિએ વર્ણ્ય વિષયનું એવું સ્વરૂપ જ વર્ણવવું જોઈએ, જે રમણીયતાથી ઊભરાતું હોય, જેમાં કોઈ ક્ષતિ ન હોય, અને જે સહૃદયોને આકર્ષે એવું હોય. (એના ઉપર જ કવિઓએ પોતાની શક્તિ અજમાવવી જોઈએ.) પોતાના સૌંદર્યથી શોભતા એવા પદાર્થોને જ બીજા અલંકારો વધારાની શોભારૂપ થઈ પડે છે.

કહેવાની મતલબ એ છે કે પદાર્થોનો પોતાનો સુંદર સ્વભાવ એ જ એની સાચી અથવા મુખ્ય શોભા છે, પણ એના વર્ણનમાં યોજેલા બીજા અલંકારો તો મૂળ શોભામાં ઉમેરો કરનારા જ છે.

આ જ બાબતનો બીજી રીતે વિચાર કરે છે—

૧૦

**ધર્માદિના ઉપાય હોવાને કારણે વ્યવહારયોગ્ય બીજું એક સ્વરૂપ પણ વર્ણનનો વિષય બને છે.**

ચેતન અને અચેતન પદાર્થોનું બીજું એક રૂપ વર્ણનનો વિષય બને છે. એ રૂપ કેવું છે? તો કે વ્યવહારયોગ્ય એટલે કે લોકવ્યવહારને યોગ્ય. શાથી? તો કે ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચાર પુરુષાર્થોની સિદ્ધિનાં સાધન બનવાની એની યોગ્યતાને કારણે-કહેવાનો અર્થ એ છે કે કાવ્યમાં વર્ણવવાને યોગ્ય સ્વરૂપવાળા જે મુખ્યચેતન એટલે કે દેવદાનવમાનવ વગેરે રૂપ બધા પદાર્થો છે તે ચાર પુરુષાર્થના સંપાદનમાં સાધનરૂપ બનતા હોય એ રીતે પ્રધાનપણે વર્ણવાવા જોઈએ. એ જ રીતે, જે ગૌણચેતન રૂપ સિંહ વગેરે પદાર્થો છે, તે પણ ધર્મ, અર્થ, કામ, મોક્ષ વગેરેના ઉપાય બનતા

હોય એ રીતે પ્રધાનપણે વર્ણવાવા જોઈએ; જેમ કે, શૂદ્રક વગેરે રાજાઓનાં અને શુકનાસ વગેરે મંત્રીઓનાં ચરિત્રો ચતુર્વર્ગના અનુષ્ઠાનનો ઉપદેશ આપનાર બને એ રીતે જ વર્ણવવામાં આવે છે. ગૌણચેતન પદાર્થો જેવા કે હાથી, હરણ વગેરેનાં વર્ણનો, યુદ્ધ અને મૃગયા વગેરેનાં અંગરૂપે થતી તેમની ક્રિયાઓને લીધે સુંદર સ્વરૂપે જ કાવ્યોમાં જોવા મળે છે. તેથી જ, એવા સ્વરૂપનો ઉલ્લેખ જ પ્રધાનપણે થતો હોવાને કારણે કાવ્ય, કાવ્યનાં ઉપકરણ અને કવિની સરખામણી ચિત્ર, ચિત્રનાં ઉપકરણ અને ચિત્રકાર સાથે પહેલાં કરવામાં આવી હતી. આ રીતે, પોતાના સ્વભાવના પ્રાધાન્યથી અને રસના પ્રાધાન્યથી એમ બે રીતે, વર્ણનનો વિષય બનતા વસ્તુનું સ્વાભાવિક સૌંદર્યથી રસમય સ્વરૂપ એવું જે શરીર તે અલંકાર્ય જ ગણાય.

એટલે કે પદાર્થનાં સ્વભાવપ્રધાન અને રસપ્રધાન એમ બે સ્વરૂપો કાવ્યમાં વર્ણનનો વિષય બને છે. અને એ બંને અલંકાર્ય જ ગણાય. અલંકાર ન ગણાય.

એમાં પદાર્થનું સ્વાભાવિક સ્વરૂપ કેમ અલંકાર ન ગણાય એનું પ્રતિપાદન પહેલાં (કારિકા ૯માં) કરી ચૂક્યા છીએ. હવે મુખ્યચેતન પદાર્થોના કાર્યમાં રહેલો રસ પણ અલંકાર્ય જ ગણાય, અલંકાર ન ગણાય, એવું પ્રતિપાદન કરવામાં આવે છે. ભામહ વગેરે પૂર્વાચાર્યોએ એને અલંકાર ગણ્યો છે, તેનું હવે ખંડન કરવામાં આવે છે—

## ૧૧

**રસવત્ અલંકાર નથી, કારણ, એમાં વસ્તુના પોતાના સ્વરૂપથી અલગ બીજા કશાની પ્રતીતિ થતી નથી તેમ શબ્દાર્થની સંગતિ પણ સચવાતી નથી.**

રસવત્ અલંકાર નથી. પહેલાંના આચાર્યોએ જેને રસવત્ અલંકાર કહ્યો છે તે ખરું જોતાં અલંકાર જ નથી. શાથી? તો

કે એમાં વર્ણ્યમાન વિષયનું જે પોતાનું સ્વરૂપ એટલે કે વ્યાપાર તેનાથી વધારાનું બીજું કશું પ્રતીત થતું નથી (જેને અલંકાર્ય કહી શકાય); અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સત્કવિઓનાં બધાં જ અલંકૃત વાક્યોમાં આ અલંકાર્ય અને આ અલંકાર એમ બે જુદી જુદી વસ્તુ અલગ રીતે બધા ભાવકોના મનમાં પ્રતીત થાય છે. પણ રસવત્ અલંકારવાળા વાક્યમાં ખૂબ ધ્યાનપૂર્વક જોવા છતાં આ બે અલગ વસ્તુઓનો ભેદ સમજી શકાતો નથી.

જેમ કે, (તમે જેને રસવત્ અલંકાર કહો છો તેમાં) શૃંગારાદિ રસ જ જો પ્રધાનપણે વર્ણ્ય વિષય એટલે કે અલંકાર્ય હોય તો એના સિવાય બીજો કોઈ અલંકાર હોવો જોઈએ. અને જો તમે એમ કહો કે એ રસ પોતે જ તદ્વિદાહ્‌લાદકારી હોઈ એને જ અલંકાર કહીએ છીએ, તોયે તેના સિવાય બીજું કંઈક અલંકાર્ય વસ્તુ તમારે બતાવવું જોઈએ, જેને એ અલંકૃત કરતો હોય. પરંતુ ભામહ વગેરે પ્રાચીન આલંકારિકોએ જેને રસવત્ અલંકાર કહ્યો છે તેનાં ઉદાહરણોમાં આવું કોઈ તત્ત્વ લેશ પણ જોવામાં આવતું નથી, જેને અલંકાર્ય કહી શકાય. જેમ કે—

"જેમાં શંગારાદિ રસ સ્પષ્ટપણે દર્શાવ્યો હોય તે રસવત્."
(ભામહ, ૩–૬) ૩૫

(૧) એવી રસવત્‌ની વ્યાખ્યા છે. એમાં સ્પષ્ટને બદલે સ્પૃષ્ટ એવું પાઠાન્તર પણ મળે છે. એટલે જેમાં શૃંગાર વગેરે રસો સ્પષ્ટ હોય અથવા જેમાં એમનો સ્પર્શ હોય એવો અર્થ કરીએ તો તેમાં કાવ્ય સિવાય સમાસના અર્થ રૂપ બીજો કોઈ પદાર્થ પ્રતીત થતો નથી.

(૨) અને જો એમ કહો કે એ રસવત્ અલંકાર એ જ કાવ્ય છે, તોપણ એથી મુશ્કેલી ટળતી નથી. કારણ, એક વાર એમ સ્વીકાર્યું કે કાવ્યના ઘટક શબ્દ અને અર્થ છે અને તેમના જુદા જુદા અલંકારો છે, પછી હવે એમ કહો કે કાવ્ય એ જ

અલંકાર છે, તો એમાં ઉપક્રમ અને ઉપસંહારના વિરોધ રૂપ દોષ આવે છે.

(૩) અથવા જો 'જેના વડે શૃંગારાદિ સ્પષ્ટરૂપે દર્શાવાયા છે તે' એ રીતે સમાસ છોડો તોપણ એ 'તે' કોણ છે તે જણાવવું જ પડશે. જો એમ કહો કે કથનનું વૈચિત્ર્ય એ જ એ 'તે' છે, તો એનું પણ સારી રીતે સમર્થન થઈ શકે એમ નથી. કારણ, કથન કરતાં તેની શોભા વધારનાર વૈચિત્ર્ય જુદું જ હોવું જોઈએ. કથન જ (પોતાની શોભા વધારનાર અલંકાર) ન હોઈ શકે.

(૪) સ્પષ્ટ રૂપે દર્શાવેલા રસોના પ્રતિપાદનનું વૈચિત્ર્ય—એવો એ સમાસનો અર્થ છે એમ કહો તો તેથી મુશ્કેલી ટળતી નથી. કારણ, શૃંગારાદિ સ્પષ્ટરૂપે દેખાય એનો અર્થ એ રસની એના સ્વરૂપે નિષ્પત્તિ થાય એમ જ સમજાય છે.

(૫) રસવત્ એટલે રસવાળા કાવ્યનો અલંકાર તે રસવત્-અલંકાર એવો અર્થ કરો તો કાવ્ય રસવાળું હોય પછી તેને આ અલંકાર લાગે છે, માટે એ રસવત્ અલંકાર એટલે કે રસવત્નો અલંકાર કહેવાય છે, એમ કહેવાથી એનું સ્વરૂપ સ્પષ્ટ થાય એવો કોઈ અર્થ નીકળતો નથી. અથવા એ અલંકારને લીધે જ કાવ્ય રસવાળું બને છે એમ કહો તો પછી એ અલંકાર રસવત્નો અલંકાર રહેતો નથી, એ પોતે જ રસવાન બની જાય છે. અને એને લીધે કાવ્ય રસવાન બને છે, એમ કહેવું પડે.

(૬) અથવા, "આનો પુત્ર 'અગ્નિષ્ટોમયાજી' થશે" — એમ બોલાય છે, તેમ અહીં પણ જે કાવ્ય જે અલંકારને લીધે રસવાળું થવાનું છે તે અલંકાર, કાવ્ય પાછળથી રસવાળું થવાનું છે માટે રસવાળા કાવ્યનો એટલે રસવત્ અલંકાર કહેવાય છે, એમ કહો તો તે પણ ટકી શકે એમ નથી. કારણ, 'અગ્નિષ્ટોમયાજી' શબ્દનો મૂળ અર્થ ભૂતકાળમાં જેણે અગ્નિષ્ટોમ યજ્ઞ કર્યો હોય તેવો માણસ એવો થાય છે, તેમ છતાં જે માણસ ભવિષ્યમાં અગ્નિષ્ટોમ યજ્ઞ કરનાર છે તેને માટે પણ વાપરી શકાય છે. પણ આ દાખલામાં

તેમ થઈ શકે એમ નથી. કારણ, રસવાળા કાવ્યનો અલંકાર તે રસવત્ અલંકાર એવું એનું સ્વરૂપલક્ષણ છે, એટલે કાવ્ય રસવાળું હોય તો જ એ રસવત્ અલંકાર કહેવાય. આમ, એના સ્વરૂપનો આધાર કાવ્ય રસવાળું હોય એના ઉપર છે, અને કાવ્યના રસવાળા થવાનો આધાર એ અલંકાર ઉપર છે. એ અલંકાર લાગે તો જ કાવ્ય રસવાળું થાય. આમ, એમાં ઇતરેતરાશ્રયનો દોષ આવે છે, એનું નિવારણ કોણ કરી શકે?

(૭) અથવા જેમાં રસ છે તે રસવત્ (કાવ્ય), અને તેની સાથે જોડાયેલો જે અલંકાર તે રસવત્ અલંકાર, એમ કહો તો-પણ એમાંથી કાવ્ય અને અલંકાર એ બે સિવાય કોઈ ત્રીજા તત્ત્વનું દર્શન થતું નથી અને એ બંને પક્ષોનું ખંડન કરી ચૂકયા છીએ (કે રસવાન અલંકાર હોય તો બીજું કશુંક અલંકાર્ય હોવું જોઈએ અને જો અલંકાર્ય હોય તો અલગ અલંકાર હોવો જોઈએ.) અને એનાં ઉદાહરણો પણ લક્ષણ કહેતાં વ્યાખ્યા જેવાં જ નકામાં હોવાથી એની જુદી ચર્ચા કરતા નથી. જેમ કે—

> "મરી ગઈ છે એમ માની જેને ફરી મળવા માટે મેં મરણનું સ્મરણ કર્યું હતું, તે જ આવંતી મને આ જન્મમાં જ શી રીતે પ્રાપ્ત થઈ?" (દંડીનો કાવ્યાદર્શ, ૨-૨૮૦) ૩૬

(દંડીએ આ શ્લોકને રસવત્ અલંકારનું ઉદાહરણ માન્યું છે. પણ) એમાં કાવ્યના વર્ણ્યવિષયના શરીરરૂપ રતિપરિપોષની ચિત્તવૃત્તિ સિવાય બીજું કશું અલગ વસ્તુ પ્રતીત થતું નથી. એટલે એને અલંકાર્ય જ ગણીએ એ તર્કસંગત છે.

(૮) અને ઉદ્ભટે—

"સ્વશબ્દ, સ્થાયી ભાવ, સંચારી ભાવ, વિભાવ તથા અભિનય એટલે કે અનુભાવમાં રહેતા રસને સ્પષ્ટરૂપે દર્શાવે તે રસવદ-લંકા(ર)" ૩૭

એમ કહીને પોતે પહેલાં કહેલી વ્યાખ્યાને જ વધુ સ્પષ્ટ કરી છે. એ સંબંધે કહેવાનું કે રસ સ્વશબ્દવાચ્ય છે એવું અમે પહેલાં કદી સાંભળ્યું નથી. એટલે આ રસના સર્વજ્ઞો અને તેના પરમાર્થને જાણનાર એ વિદ્વાનોને પૂછવું જોઈએ કે આ સ્વ-શબ્દનિષ્ઠતા કોની છે, રસોની કે રસવત્(અલંકાર)ની? જો રસની કહેતા હો તો 'જેનો આસ્વાદ લેવાય તે રસ'—એવી રસની વ્યાખ્યા છે, એટલે રસો સ્વશબ્દનિષ્ઠ છે એમ કહો તો એનો અર્થ એ થયો કે શૃંગાર વગેરે રસો શૃંગાર વગેરે શબ્દોમાં જ રહેલા છે, અને જે કોઈને એ શબ્દનું જ્ઞાન થાય છે તેને તેનો આસ્વાદ પણ આવે છે. મતલબ કે શૃંગાર વગેરે રસોનો સ્વશબ્દથી કરાતો ઉલ્લેખ સાંભળીને તેના આસ્વાદનો આનંદ પ્રાપ્ત થાય છે. એ ન્યાયે તો 'ઘેવર' વગેરે પદાર્થોનું નામ લેવા માત્રથી તેના આસ્વાદનો આનંદ મળી રહે છે. અને એટલે એ ઉદારચરિત મહા-પુરુષોએ કોઈ પણ સુખના ઉપભોગનું સુખ મેળવવાની ઇચ્છા સેવનાર સૌ માટે નામમાત્ર લેવાથી ત્રૈલોક્યના રાજ્યની પ્રાપ્તિ સુધીનાં બધાં સુખો વગર મહેનતે પ્રાપ્ત કરી આપ્યાં છે, માટે નમસ્કાર હો એ મહાત્માઓને!

વળી, રસવત્ (અલંકાર) રસાદિ શબ્દોમાં રહેલો છે એમ પણ કહી શકાય એમ નથી. કારણ, જો રસ પોતે જ એ શબ્દોમાં રહેતો નથી તો રસની સાથે સંકળાયેલા એ અલંકારની તો વાત જ શી? રસને અલંકાર કહી શકાય એ વાતનું તો પહેલાં જ ખંડન કરી ચૂકયા છીએ. એ વ્યાખ્યાના બાકી રહેલા ભાગ સ્થાયી–સંચારી વગેરેની ટીકા તો અમે પહેલાં કરી ગયા છીએ એટલે ફરી એની ચર્ચા કરતા નથી.

(૯) અને દંડીએ—

"રસના સંશ્રય (સંબંધ)ને લીધે એ રસવત્ અલંકાર કહેવાય છે." ૩૮

એવી જે વ્યાખ્યા કરી છે તે પણ તર્કની દૃષ્ટિએ ટકી શકે એવી નથી. કેમ કે રસ જેનો સંશ્રય છે તે રસસંશ્રય કહેવાય. તેને લીધે આ રસવત્ અલંકાર બને છે. તેમ છતાં એ તો બતાવવાનું જ રહે છે કે જેનો સંશ્રય રસ છે તે પદાર્થ રસ સિવાય બીજો કયો છે? જો એમ કહો કે એ પદાર્થ કાવ્ય પોતે જ છે, તો એનું ખંડન અમે પહેલાં કરી ચૂકયા છીએ. (કે કાવ્ય પોતે અલંકાર ન હોઈ શકે. અલંકાર તો કાવ્યના એક ઘટક શબ્દ કે અર્થનો ધર્મ છે.) વળી, કાવ્ય પોતે જ પોતાને શણગારે એટલે કે કાવ્ય પોતે જ અલંકાર્ય પણ રહે અને અલંકાર પણ બને એ શકય નથી.

(૧૦) અથવા રસસંશ્રયને છઠ્ઠી તત્પુરુષ સમાસ ગણી રસનો સંશ્રય તે રસસંશ્રય એમ વિગ્રહ કરીએ, અથવા રસ જેનો આશ્રય લે છે તે રસસંશ્રય એમ વિગ્રહ કરીએ, તોયે રસનો સંશ્રય શું છે, અથવા રસ શાનો આશ્રય લે છે, તે તો કહેવું જ પડશે. (અને એ કાવ્ય છે એમ કહો તો એનું ખંડન થઈ જ ગયું છે.) અને એ વ્યાખ્યાનું ઉદાહરણ પણ વ્યાખ્યાના જેવું જ હોઈ અમે તેની જુદી ચર્ચા કરતા નથી.

(૧૧) અહીં रससंश्रयात्‌ને બદલે

रसपेशलम् । ૩૮

એવો પાઠ લઈએ તોયે એમાં કશો ફેર પડતો નથી.

(૧૨) અથવા એમ કહો કે અલંકાર્ય આખરે તો પ્રતિપાદક વાકયમાંથી પ્રતીત થતા પદાર્થો રૂપ હોય છે. તેમાં રસનો અનુ-પ્રવેશ થતાં તે પદાર્થોનું પોતાનું સ્વરૂપ ઓગળી જઈને તે અલંકાર શી રીતે બની શકે એ પણ ચિંત્ય છે, એટલે કે સ્વીકાર્ય બને એવું નથી. એટલું જ નહિ, ધારો કે અલંકાર્ય રસના અનુપ્રવેશથી અલંકાર બની જાય છે એમ માની લઈએ તોયે પ્રધાન અને ગૌણનો એમાં વિપર્યાસ થાય છે (એટલે કે અલંકાર્ય જે પ્રધાન છે તે અલંકાર એટલે ગૌણ બની જાય છે), એટલે એ વાત સ્વીકારી શકાય એમ નથી.

હવે કારિકામાંનો 'શબ્દાર્થોની સંગતિ પણ સચવાતી નથી' એ ભાગ સમજાવે છે. શબ્દ અને અર્થનો એટલે કે વાચક અને વાચ્યનો સમન્વય કહેતાં સંગતિ સધાતી નથી એટલે પણ રસવત્ અલંકાર એ શબ્દનું સમર્થન થઈ શકે એમ નથી. રસવદલંકાર એ શબ્દમાં પહેલાં જેમાં રસ છે તે રસવત્ એમ રસને વત્ પ્રત્યય લગાડચા પછી તેનો જે અલંકાર તે રસવદલંકાર એમ ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવામાં આવે છે. અથવા રસવાન અલંકાર તે રસવદલંકાર એવો વિશેષણ (કર્મધારય) સમાસ કરવામાં આવે છે. એમાંથી જો પહેલો પક્ષ એટલે કે એ ષષ્ઠીતત્પુરુષ સમાસ છે એમ સ્વીકારીએ તો પ્રશ્ન એ થાય છે કે રસ સિવાય બીજો કયો પદાર્થ અહીં હોય છે, જેનો એ અલંકાર થઈ શકે? એ પદાર્થ તે કાવ્ય પોતે જ છે એમ જો કહો તો એ અલંકાર્ય કાવ્યમાં એનાથી જુદો એવો બીજો કયો પદાર્થ છે, જેને રસવદલંકાર નામ આપી શકાય? એવો કોઈ વિશેષ અલગ પદાર્થ જોવા મળતો નથી, જેને રસવદલંકાર નામ આપી શકાય. (અર્થાત્ આ રીતે વિચારીએ તો અલંકાર્ય અને અલંકાર એવા બે અલગ પદાર્થો મળતા નથી) એટલે ષષ્ઠીતત્પુરુષ સમાસ માનવાથી રસવદલંકાર શબ્દ તથા તેના અર્થ વચ્ચે કોઈ સંગતિ સધાતી નથી.

અથવા જો એમ કહો કે ષષ્ઠીતત્પુરુષ અને કર્મધારય બંને સમાસમાં બીજાં ઉદાહરણ મારફતે શબ્દાર્થની સંગતિ સાધી શકાય એમ છે, જેમ કે—

> "આ લતા જાણે મારી પ્રિયા ઉર્વશી છે. એનાં પલ્લવ મેઘના જળથી ભીનાં થયેલાં છે, કેમ જાણે એનો અધર આંસુથી ધોવાઈ ગયો ન હોય, ઋતુ વીતી જવાને કારણે એને ફૂલ આવવાં બંધ થઈ ગયાં છે, કેમ જાણે એણે આભૂષણોનો ત્યાગ ન કર્યો હોય, એના ઉપર ભ્રમરો ગુંજારવ કરતા નથી, કેમ જાણે એ ચિંતાને કારણે મૂંગી ન થઈ

ગઈ હોય. મને એમ લાગે છે કે પગે પડેલા મારો તિરસ્કાર કરવાથી એ ક્રોધી સ્વભાવની અત્યારે પસ્તાઈ રહી છે.'' (વિક્રમોર્વશીય, ૪-૩૮) ૪૦

અથવા—

''ખરેખર, મારા અનેક અપરાધોને સંભારીને મારી અસહિષ્ણુ પ્રિયા જ આ નદીના રૂપમાં પલટાઈ ગઈ છે. તરંગો એના ભ્રૂભંગ છે, ક્ષુબ્ધ પંખીઓની હાર એનો કંદોરો છે, ક્રોધથી ખસી ગયેલા વસ્ત્રની જેમ એ ફીણને ફંગોળે છે, અને વારંવાર ઠોકર ખાતી એ વાંકેચૂકે રસ્તે જઈ રહી છે.'' (વિક્રમોર્વશીય, ૪-૨૮) ૪૧

આ બંને દૃષ્ટાંતોમાં રસ અને અલંકાર બંને સ્પષ્ટપણે જોઈ શકાય છે. તેથી એ બેને અલગ અલગ જોવામાં અહીં કોઈ મુશ્કેલી નથી. એટલે ષષ્ઠીતત્પુરુષ સમાસની રીતે જે રસવાળું છે તેનો અલંકાર એ રીતે રસવદલંકાર સમજીએ તો રસવત્ નામ અને તેના અર્થ વચ્ચે અસંગતિ રહેતી નથી.

કારણ, અહીં લતા, નદી વગેરે રસવત્ પદાર્થો છે અને રૂપક એ તેના અલંકાર છે. આમ, અલંકાર્ય અને અલંકાર બંને અલગ અલગ પ્રાપ્ત થઈ શકે છે.

અલંકાર એ રસપરિપોષનું કારણ હોઈ તે રસને કારણે અલંકારને રસવત્ કહી શકાય. એ રીતે રસવાન અલંકાર એવો કર્મધારય સમાસ પણ લઈએ તોયે તેમાં કશી અસંગતિ આવતી નથી.

કારણ, અહીં નાયિકામાં લતા કે નદીના આરોપરૂપ અલંકાર છે અને તે રસપરિપોષક છે એટલે તે રસને કારણે એ અલંકારને રસવત્ અલંકાર કહેવામાં કશી જ અસંગતિ નથી.

આ રીતે, આ બંને ઉદાહરણોમાં લતા અને નદી ઉદ્દીપન વિભાવ છે, અને નાયક પોતાની પ્રિયતમાના વિચારથી પ્રભાવિત અંતઃકરણવાળો હોઈ તન્મય (એટલે કે ઉર્વશીમય) છે એટલે

બધા જ નિશ્ચેતન પદાર્થોને જોઈને તેમાં પ્રિયતમાના સામ્યનો અધ્યારોપ અથવા તેના ધર્મનો અધ્યારોપ કરે છે, જે ઉપમા કે રૂપક અલંકાર યોજ્યા વગર બીજી કોઈ રીતે થઈ શકે એમ નથી, કારણ, એ અલંકારોની વ્યાખ્યા જ એવી છે.

અહીં કહેવાનો અર્થ એ છે કે અહીં નદી અને લતા એ પદાર્થો અલંકાર્ય છે, અને ઉપમા અને રૂપક એ અલંકાર છે. હવે નદી અને લતા એ પદાર્થોનો શૃંગાર રસ સાથે સંબંધ જોડાવાથી એ પદાર્થો રસવત્ છે. અને આ અલંકારો એના અલંકાર છે એટલે એમને રસવત્ અલંકાર માનવામાં દોષ નથી.

આના જવાબમાં હવે સિદ્ધાંતી કહે છે કે—

તમારી વાત સાચી છે. પણ રસવાન એવો જે અલંકાર તે રસવદલંકાર એમ કર્મધારય સમાસ માનીએ તો અલંકાર શબ્દનો પ્રયોગ છોડી દઈ માત્ર રસવાન શબ્દનો જ પ્રયોગ કરવો જોઈએ. (રસવાન અલંકાર એમ કહેવામાં રસ ગૌણ બની જાય છે અને અલંકાર પ્રધાન બની જાય છે એ ઉચિત નથી. એટલે આ કાવ્યમાં રસવાન અલંકાર છે એમ કહેવાને બદલે આ કાવ્ય રસવાન છે એમ જ કહેવું જોઈએ.) અલંકાર રસવાન છે એવી પ્રતીતિ જો સ્વીકારીએ તો તે તર્કસંગત નથી (કારણ, એમાં અલંકારને અને રસને એકરૂપ માની લેવા પડે છે), અને રૂપકાદિ અલંકારોને પછી સ્થાન જ રહેતું નથી.

જે રસવાન છે તેનો અલંકાર, એમ ષષ્ઠીતત્પુરુષ સમાસ માનીએ તોયે સ્પષ્ટ સમન્વય સધાતો નથી. કારણ, જે કોઈ કાવ્ય છે તે રસવાન તો છે જ. એ રસવત્ત્વનો અતિશય સાધવા માટે તદ્વિદાહ્લાદકારી કાવ્યની રચના કરવામાં આવે છે અને તેને અલંકાર ચડાવવામાં આવે છે. આમ, રસવત્ કાવ્યનો અલંકાર તે રસવદલંકાર એમ જો સમજીએ તો રૂપકાદિ બધા જ અલંકારો પણ રસવત્ અલંકાર ગણાય. કારણ, તે અલંકારો પણ રસવત્ કાવ્યમાં જ યોજાયેલા હોય છે. અને દરેક અલંકાર રસના અતિ-

શયમાં વધારો કરતો હોઈ તે પણ રસવાન ગણાય. આમ, વિશેષણ (કર્મધારય) સમાસ લઈએ તોયે પરિણામ તો આ જ આવે છે.

અને આમ માની લઈએ (એટલે કે રસવદલંકાર છે એમ માની લઈએ) તોયે એથી તે તે અલંકારની જાણીતી વ્યાખ્યામાં કશો નવો ઉમેરો થતો નથી. કારણ, દરેક અલંકારની પોતાની ચોક્કસ વ્યાખ્યા હોય છે અને કાવ્યના વસ્તુના સૌંદર્યમાં વધારો કરવાનો સામાન્ય ગુણ પણ તે ધરાવતો હોય છે. આ બે તત્ત્વો ભેગાં મળીને અલંકારને અલંકાર બનાવે છે. જો આમાંથી માત્ર સામાન્ય ગુણ ઉપર જ ભાર મૂકવામાં આવે તો પ્રત્યેક અલંકારની વિશેષ વ્યાખ્યાનું કશું મૂલ્ય જ ન રહે. તેથી એવા દાખલાઓને રસવત્ અલંકાર ન ગણી શકાય. કારણ, તજ્જ્ઞોએ એ વાત સ્વીકારી નથી. બલ્કે તેમણે બીજા અલંકારોને પ્રધાન ગણાવેલા છે.

અથવા, ચેતન પદાર્થના વર્ણનમાં રસવદલંકાર અને અચેતન પદાર્થોના વર્ણનમાં ઉપમા વગેરે બીજા અલંકારો, એવો કેટલાક વિષય-વિભાગ કરે છે, તે પણ વિદ્વાનોના હૃદયને આકર્ષતું નથી, એટલે કે તર્કસંગત નથી. કારણ, અચેતન પદાર્થોમાં પણ રસનું ઉદ્દીપન કરવાનું સામર્થ્ય જેમાં હોય એવી સુંદરતા અને સરસતાનો ઉલ્લેખ સારા કવિઓ કરતા હોય છે, એટલે ઉપમા વગેરે બીજા અલંકારો માટે બહુ ઓછો વિષય રહેશે અથવા રહેશે જ નહિ. (અને અચેતન પદાર્થોમાં રસ સંભવે જ નહિ એમ માનીએ તો) શૃંગારાદિ રસના પ્રવાહથી મનોહર સારા કવિઓની અચેતન પદાર્થોના વર્ણન કરતી ઘણી કૃતિઓને નીરસ જાહેર કરવી પડશે, એવું પૂર્વસૂરિઓએ પ્રતિપાદન કરેલું છે.

આ ઉલ્લેખ આનંદવર્ધનાચાર્યના ધ્વન્યાલોકનો છે. તેમાં બીજા ઉદ્યોતની પાંચમી કારિકા ઉપરની વૃત્તિમાં આ ચર્ચા આવે છે. જુઓ 'આનંદવર્ધનનો ધ્વનિવિચાર' પૃ. ૭૪-૭૬)

અથવા એક બીજા જ પ્રકારના વૈચિત્ર્ય કહેતાં સૌંદર્યને

રસવદલંકાર માનવામાં આવે, જેમ એ પૂર્વાચાર્ય આનંદવર્ધને કહ્યું છે કે—

"જો કોઈ કાવ્યમાં પ્રધાન વાકયાર્થ બીજો હોય અને રસાદિ તેનાં અંગરૂપે આવેલાં હોય તો તે કાવ્યમાં રસાદિ અલંકાર ગણાય એવો મારો મત છે." (ધ્વન્યાલોક, ૨–૫) ૪૨

એટલે કે જે કાવ્યમાં બીજો વાકયાર્થ પ્રધાનપણે અલંકાર્ય-રૂપે આવેલો હોય તેમાં તેના અંગ તરીકે યોજાતો શૃંગારાદિ રસ અલંકાર ગણાય, કારણ, એવા દાખલાઓમાં જે ગૌણ હોય છે તે પ્રધાનને ભાવાભિવ્યક્તિ દ્વારા વિભૂષિત કરતો હોય છે, એટલે અલંકારનો નિર્ણય કરવો સહેલો પડે છે. જેમ કે—

> "તરતના જ અપરાધી કામી જેવો શંભુનાં બાણોનો અગ્નિ તમારાં પાપોને બાળી મૂકો, જે અગ્નિને ત્રિપુરની કમલ જેવી આંખોવાળી યુવતીઓ તરફથી હાથે વળગવા જતાં ઝટકી નાખવામાં આવે છે, વસ્ત્રના છેડાને પકડવા જતાં જોરથી હડસેલી કાઢવામાં આવે છે, ચરણે પડ્યો હોય છે છતાં ગભરાટ કે ક્રોધને કારણે ધ્યાનમાં લેવાતો નથી અને આલિંગન દેવા જતાં આંસુભરી આંખે જેનો તિરસ્કાર કરવામાં આવે છે." (ધ્વન્યાલોક ૨–૫) ૪૩

આનંદવર્ધનને મતે આ શ્લોકમાં શિવના પ્રભાવનો અતિશય એ જ પ્રધાન વાકયાર્થ છે અને શ્લેષસહિતનો ઈર્ષ્યાવિપ્રલંભ અને કરુણ તેના અંગરૂપે આવેલા છે, એટલે એ રસવદલંકારનું ઉદાહરણ છે. આ બે વિરોધી રસો શિવ પ્રત્યેની રતિના અંગરૂપે આવેલા હોઈ તેમનો ભેગો સમાવેશ દોષરૂપ નથી. કુંતકનો મત જુદો છે.

અહીં શિવનાં બાણોના અગ્નિથી બળતી અસુરસ્ત્રીઓની, 'આંસુભરી કમળ જેવી આંખો' વગેરે શબ્દોથી સમજાતી વિહ્વળ-તાનો કરુણરસ, ત્રિપુરારિ શિવના પ્રભાવના વર્ણનનું અંગ છે. (આનંદવર્ધન સૂચવે છે તેમ) ઈર્ષ્યાવિપ્રલંભ અહીં અંગ નથી, કારણ, તેનો તો અહીં અનુભવ જ થતો નથી. એટલે કહેવાનો

અર્થ એ છે કે કવિપ્રતિભાથી પોષાઈને પ્રકર્ષ પામતા કરુણરસથી ઉદ્દીપિત થઈ સુંદર બનેલો શિવના પ્રભાવનો અતિશય સહૃદયોના હૃદયને આનંદ આપનાર થઈ પડે છે.

કામી તથા શરાગ્નિનું તેજ બંને સરખાં શબ્દવાચ્ય છે એટલા માત્રથી, જેમનામાં વિરુદ્ધ ધર્મોનો અધ્યાસ કરવામાં આવ્યો છે એવા એ બે વિરુદ્ધ ધર્મી પદાર્થોની એકતા કોઈ પણ રીતે સ્થાપી નહિ શકાય. કારણ, પરમેશ્વર પ્રયત્ન કરે તોયે એ સ્વભાવ બદલી શકાય એમ નથી. અને એ બંને અર્થો (શ્લેષને લીધે) શબ્દવાચ્ય હોવા છતાં તેટલા માત્રથી તદ્વિદોને તે(વિરુદ્ધ ધર્મના અધ્યાસની અથવા વિરુદ્ધ ધર્મી પદાર્થોના ઐક્ય)ની અનુભૂતિ થતી નથી. એમ જો હોત તો તો 'ગોળની ગાંગડી' વગેરે શબ્દ ઉચ્ચારાતાં તેના સ્વાદનો અને પ્રીતિ વિષાદ વગેરેનો અનુભવ થાત. એ (વિરોધી રસોના ઐકચની) પ્રતીતિ થાય છે એમ માનીએ તોયે બે વિરોધી રસોના સમાવેશનો દોષ અનિવાર્ય બની જાય છે. બે રસોના સમાવેશનો દોષ પણ અહીં ગુણપ્રધાન ભાવનો પ્ર (અહીં પાઠ ખંડિત છે. શ્રી કૃષ્ણમૂર્તિએ કરેલી પૂર્તિ જોતાં અહીં અર્થ એવો લાગે છે કે અહીં બે રસોના સમાવેશનો દોષ છે. તેનો પરિહાર એ બેમાંથી એક પ્રધાન છે અને બીજો ગૌણ છે, એમ કહેવાથી પણ થઈ શકે એમ નથી. શ્રીકૃષ્ણમૂર્તિએ પણ અર્થ એ જ કરેલો છે.)

અને જો શિવનો પ્રભાવ જ પ્રધાન છે અને આ બે રસો તેનાં અંગ છે, એટલે એ રસવદલંકાર થઈ શકે, એમ જો કહેતા હો તો તે પણ બરાબર નથી. કારણ, કરુણ એક જ વાસ્તવિક રીતે જોતાં પ્રધાન છે. બીજાનો કહેતાં શૃંગારનો તો કોઈ પાયો જ નથી, એટલે અસ્તિત્વ ધરાવતી અને ન ધરાવતી બે વસ્તુઓની પેઠે એ બેના સામ્યની વાત જ ન થઈ શકે. એટલે આ અનુચિત વિષયનું પિષ્ટપેષણ કરવાનો કોઈ અર્થ નથી.

કદાચ આ ઉદાહરણથી એ ગ્રંથકારને પોતાને જ સંતોષ નહિ થયો હોય અને તેથી પોતે બાંધેલા લક્ષણ સાથે સંગતિ બતાવવા તેમણે રસવદલંકારનું બીજું ઉદાહરણ આપી તે સમજાવ્યું છે. જેમ કે—

> "'હસે છે શાનો? હવે હું તને મારાથી દૂર જવા દેવાની નથી. ઘણે દિવસે તારું દર્શન થયું છે. ઓ નિષ્કરુણ, તને આ પ્રવાસનો શોખ ક્યાંથી લાગ્યો? કોણે તને મારાથી અળગો કર્યો?' તારા દુશ્મનની સ્ત્રીઓ સ્વપ્નમાં પતિને કંઠે વળગી પડીને આ પ્રમાણે ઠપકો આપે છે, પણ પછી જાગી જતાં જુએ છે કે પોતાના બાહુપાશ તો ખાલી છે, એટલે હૈયાફાટ રુદન કરે છે." (ધ્વન્યાલોક, ૨-૫) ૪૪

આનંદવર્ધનને મતે આ શ્લોકમાં રાજાની પ્રશસ્તિ જ પ્રધાન છે અને કરુણ તેનું અંગ છે એટલે આ શુદ્ધ રસવદલંકારનું ઉદાહરણ છે.

અહીં 'આપે જેમના પતિઓને મારી નાખ્યા છે એવી આપના દુશ્મનોની સ્ત્રીઓ શોકને લીધે લાચાર બનીને કરુણરસની પરાકાષ્ઠાએ પહોંચી આવું દુઃખ અનુભવે છે' એ તાત્પર્ય હોઈ, એ જ પ્રધાનપણે વાક્યાર્થ છે; અને એના ભાગ રૂપે કરુણનું નિરૂપણ થયું છે એટલે કરુણ જ પ્રધાન છે. પ્રવાસ વિપ્રલંભ શૃંગાર અહીં પ્રધાન નથી. પરસ્પર અન્વિત શબ્દોના સમૂહરૂપ વાક્ય દ્વારા ગૌણરૂપે પ્રતીત થતો હોઈ એ (કરુણ રસ) અલંકાર કહેવાય છે. અને એ નિર્વિષય ન હોવાથી (એટલે કે એના વિભાવ મોજૂદ હોવાથી) રસના આલંબન વિભાવાદિરૂપ પોતાની કારણ સામગ્રીનો અભાવ ન હોવાથી એના સ્વરૂપની (એટલે કે વિભાવ, અનુભાવ અને વ્યભિચારીના સંયોગથી રસનિષ્પત્તિ થાય છે એ રસના સ્વરૂપની વ્યાખ્યાની) ઉપપત્તિ સધાતી નથી, એમ પણ કહી શકાય એમ નથી. બે વિરોધી રસોના સમાવેશનો દોષ પણ ટકી શકે એમ જ નથી. કારણ, બંને રસો વાસ્તવ રૂપે વિદ્યમાન હોવાથી તેમના અનુભવની પ્રતીતિ થતી હોઈને એ બે વચ્ચે આત્મવિરોધ

નથી કારણ કે એ બે વચ્ચે પ્રાધાન્ય વિશે સ્પર્ધા નથી તેથી એ બંને વિરોધી રસોની પ્રતીતિ પણ તદ્વિદોને આહ્લાદ આપનારી થઈ પડે છે. કેમ કે અહીં કેવળ કરુણ (કે વિપ્રલંભ) રસ જ છે એવો નિર્ણય કરવા માટે કોઈ પ્રમાણ નથી. અને પ્રવાસ-વિપ્રલંભના કારણરૂપ આલંબન વિભાવાદિ સામગ્રી સ્વપ્ન વખતે શબ્દમાં મુકાયેલી છે, અને સ્વપ્ન ઊડી જતાં જ મૂળનો કરુણ રસ પાછો હાજર થઈ જાય છે, એમ માનીએ તો બંને રસોની પ્રતીતિ તર્કસંગત છે એમ કહેવાય. હવે અહીં કોઈ એવો પ્રશ્ન ઉઠાવે કે એ પ્રવાસ-વિપ્રલંભ શરૂઆતમાં ઉત્પન્ન થાય જ શી રીતે, એ તો કહો. તો કહેવાનું કે આ વાંધો બરાબર નથી. કારણ, અહીં જેની પ્રશંસા કરવામાં આવી છે તે મહાપુરુષના પ્રતાપની વાતોથી ચકિત થઈ ગયેલા તેના દુશ્મનો અને તેમની સ્ત્રીઓ ફાવે તેમ નાસભાગ કરે અને જુદાં પડી જાય, એ તર્કની દૃષ્ટિથી અસંગત નથી.

અહીં સુધી કુંતકે આનંદવર્ધનાચાર્યનો પક્ષ માંડયો છે. આનંદ-વર્ધનનો પક્ષ એવો છે કે એ શ્લોકમાં રાજાની સ્તુતિ પ્રધાન છે અને શત્રુની સ્ત્રીઓનો કરુણ અને વિપ્રલંભ એ બંને તેને ઉપકારક હોઈ ગૌણ છે, એટલે અહીં અલંકાર ગણાય. કુંતકને આ માન્ય નથી. એ એમ માને છે કે અહીં એક કરુણ રસ જ છે. અને હવે એ મતનું પ્રતિપાદન કરે છે.

અહીં કરુણ રસ જ છે એવું નિશ્ચિતપણે માની લઈએ એટલે એના પરિપોષની પરાકાષ્ઠાએ પહોંચવાથી એકાગ્રતાને લીધે જડ બની ગયેલા ચિત્તવાળી શત્રુની સ્ત્રીઓ, પોતે જેનાથી ટેવાયેલી છે તે વાસનાઓમાં જ ડૂબેલી રહે છે, અને લાંબા સમય પછી સ્વપ્નમાં પ્રિયજનનો સમાગમ પ્રાપ્ત થતાં, પોતે પહેલાં અનુભવેલા વ્યવહાર પ્રમાણે પતિ સાથે વાર્તાલાપ શરૂ કરે છે અને એકાએક

જાગી જાય છે. જાગી જતાં જ આગળપાછળની વાતનો ખ્યાલ આવતાં, સ્વપ્નમાં જોયેલી વાતના પ્રસ્તુત વસ્તુ સાથેના વિસંવાદથી તેમનું હૃદય ચિરાઈ જાય છે, અને તેઓ આ પ્રમાણે રડે છે – એવું વર્ણન કરુણ રસનો જ પરિપોષ કરે છે અને (સ્વપ્ન, વિબોધ વગેરે રતિના) વ્યભિચારી ભાવો ઔચિત્યપૂર્વક એમાં પ્રવેશ પામતાં સૌંદર્ય ધારણ કરે છે. પછી અહીં પ્રવાસ-વિપ્રલંભના અલગ અસ્તિત્વની વાતમાં રસનો લેશ પણ ક્યાંથી હોય?

અથવા કોઈ એમ કહે કે અહીં રાજાની સ્તુતિ જ પ્રધાન છે, અને કરુણ તેનું અંગ છે, એટલે અલંકાર છે, તો તે પણ બરાબર નથી. કારણ, આ બંને ઉદાહરણોમાં પ્રધાન વાક્યાર્થ કરુણ રસ જ જુદે જુદે રૂપે પ્રતીત થાય એ રીતે નિરૂપાયો છે. પર્યાયોક્ત અને અન્યાપદેશમાં થાય છે તેમ વ્યંજનાથી સમજાતા અર્થો વાચ્યથી જુદા નથી હોતા (એટલે કે શબ્દમાં મૂકી શકાય એવા હોય છે), પણ કરુણ તો રસ હોઈ એ તો વ્યંગ્ય જ છે. અને એ જો હોય તો વાચ્ય ન જ હોય. વળી, એ ગુણીભૂતવ્યંગ્યનો વિષય પણ નથી, કારણ, અહીં વ્યંગ્યાર્થ પ્રધાનપણે કરુણરસ રૂપે જ પ્રતીત થાય છે. ઉપરાંત, (કરુણ અને વિપ્રલંભ) બંનેને વ્યંગ્ય ગણી શકાય એમ નથી, કારણ, તો તો બંનેને જ પ્રધાન ગણવા પડે, અને એ બે વચ્ચે અંગાંગિભાવ ઘટાવી ન શકાય. (રસવદલંકારના પક્ષના ઉપર ચર્ચેલા) વિકલ્પો અમે યથાસંભવ કલ્પીને (તેનું ખંડન કર્યું છે.) પર્યાયોક્ત અને અન્યાપદેશનો દાખલો અહીં લાગુ પડે એમ નથી એટલે હવે ચર્ચા અહીં જ પૂરી કરીએ છીએ.

ઉપરાંત, આનંદવર્ધને પોતાની કારિકામાં તો એમ કહ્યું છે કે 'એવા કાવ્યમાં રસાદિ અલંકાર હોય છે.' એનો અર્થ એ થયો કે રસ પોતે જ અલંકાર હોય છે, નહિ કે રસવત્. એટલે રસને જે મતુપ્ પ્રત્યય (વત્) લગાડ્યો છે તેનો કશો અર્થ નથી. આમ, શબ્દ અને અર્થની સંગતિના અભાવે અનવસ્થા જ પેદા થાય છે.

આમ રસવત્ અલંકાર એ વર્ણ્ય વિષયનો જ ભાગ હોઈ અમે એનું ખંડન કર્યું છે અને હવે એને મળતા જ પ્રેયસ્ અલંકારનું ખંડન કરીએ છીએ.

૧૨

**પ્રેયસ્ પણ અલંકાર નથી. કારણ, એ રીતે તો એના વિરોધી અપ્રેયસ્‌ને પણ અલંકાર ગણવો પડે. પ્રશંસાની સાથે જ્યાં ઉપમા વગેરે બીજા અલંકાર પણ વપરાયા હોય ત્યાં એ અલંકારોનો સંકર કે સંસૃષ્ટિ માનવાનો પ્રસંગ આવે. અને બીજા અલં-કારોની પેઠે, પ્રશંસા ન હોય એવે સ્થળે પણ એ જોવામાં આવતો હોવો જોઈએ.**

(આ કારિકા હસ્તપ્રતમાં મળતી નથી. વૃત્તિને આધારે પુનર્ઘટિત કરેલી છે.)

પૂર્વાચાર્યોએ જે(પ્રેયસ્)ને અલંકાર કહ્યો છે તે અલંકાર સંભવતો નથી. કારણ, કેટલાકોએ 'પ્રિયતરનું કથન તે પ્રેયસ્' એવી એની વ્યાખ્યા કરેલી છે, અને કેટલાકોએ એના ઉદાહરણને જ વ્યાખ્યા માની લઈ માત્ર ઉદાહરણ જ આપેલું છે. જેમ કે —

> "પોતાને ઘરે આવેલા કૃષ્ણને વિદુરે જે કહ્યું તે પ્રેયસ્ અલંકારનું ઉદાહરણ છે: તમારા આગમનથી મને જે આનંદ થયો છે તે જતે કાળે તમે ફરી આવશો ત્યારે થશે." ૪૫

પૂર્વાચાર્યોને આ ઉદાહરણ માન્ય છે. કારણ તેમણે કહ્યું છે કે —

"હે ગોવિંદ, તમારા ઘરે આવવાથી મને આજે જે આનંદ થયો છે." ૪૬

આ ચર્ચા ખમી શકે એમ નથી કેમ કે 'જતે કાળે....' એમ કહીને જે કહ્યું છે તે જ વર્ણ્ય વિષય તરીકે વસ્તુનું સ્વરૂપ છે, તેને અલંકાર કહીએ એટલે પછી અલંકાર્ય તરીકે કશું બાકી રહેતું નથી. એક જ વસ્તુ અલંકાર્ય પણ હોય અને અલંકાર

પણ હોય એમ કહેવું તર્કસંગત નથી. એક જ ક્રિયાની બાબતમાં એકી વખતે એક જ વસ્તુ કર્મ પણ હોય અને કરણ પણ હોય એમ કહેવું તર્કસંગત નથી. જેમાં એક જ વસ્તુ કર્મ પણ હોય અને કરણ પણ હોય એવાં વાક્યો મળી આવે છે. જેમ કે —

> "તું તને તારા વડે જાણે છે, તું તારા વડે તને સર્જે છે, તારા પોતાના જ કાર્યથી તું તારામાં લય પામે છે." ૪૭

એમ જો કોઈ કહે તો તે પણ અસંગત જેવું જ છે. કારણ, અહીં વાસ્તવમાં અભેદ હોવા છતાં કાલ્પનિક ઉપચારથી વિભાગ પાડીને વ્યવહાર કર્યો છે. ઉપરાંત, પરમેશ્વર વિશ્વમય હોવાથી અને વિશ્વ પરમેશ્વરમય હોવાથી સાચેસાચ એ બે વચ્ચે અભેદ હોવા છતાં ઈશ્વરનું માહાત્મ્ય પ્રતિપાદન કરવા માટે પ્રત્યેક વસ્તુનો સ્વભાવ જુદો હોવાને લીધે વૈવિધ્યસભર જગતપ્રપંચની રચનામાં, બધા પ્રમાતાઓ વડે અનુભવાતા ભેદની પ્રતીતિનું કોઈ પણ રીતે અતિક્રમણ થતું નથી (એટલે કે ભેદનો અનુભવ થાય જ છે). તેથી એ દાખલામાં તો ઈશ્વર જ એક એવો છે જે કોઈનો પ્રાપ્ય હોઈ જાણવું વગેરે ક્રિયાનું કર્મ પણ બની શકે છે અને કશાકનો સાધક હોઈ કરણ પણ બની શકે છે, અને છતાં એમાં કશું અસંગત નથી. પણ આ પ્રેયસના ઉદાહરણમાં તો બે વસ્તુ અલગ પાડવાનો પ્રયત્ન કરવા છતાં બે અલગ વસ્તુઓ હાથ આવતી નથી, તેથી "પોતાના સ્વરૂપ સિવાય બીજા કશાની પ્રતીતિ થતી ન હોવાથી" વગેરે જે દોષ અમે રસવદલંકારની બાબતમાં બતાવ્યો છે, તે અહીં પણ લાગુ પડે છે. અને જો બે વસ્તુ અલગ ન પાડી શકાતી હોય તો એકની એક વસ્તુ અલંકાર્ય અને અલંકાર પણ બને એવી સ્થિતિ પેદા થાય, અને રસવત્‌ની પેઠે પ્રેયસ્‌માં પણ બે વિરોધી ક્રિયાનો દોષ આવે અને માટે જ અમે પહેલાં (૧-૧૩) કહી ગયા છીએ કે "કોઈ કદી પોતાના ખભા ઉપર ચડી શકતો

નથી.” તે જ વાત અહીં પણ લાગુ પડે છે.

હવે, “એના વિરોધી અપ્રેયસ્‌ને પણ અલંકાર ગણવો પડે” — એમ કહીને બીજો દોષ બતાવે છે. એનો અર્થ એ છે કે જો આપણે પ્રેયસ્‌ને અલંકાર ગણીએ તો તો એ રીતે વિચારતાં પ્રેયસ્‌થી વિરુદ્ધ એવા અપ્રેયસ્‌ને પણ, સુંદર હોવાને કારણે, અલંકાર માનવો પડે. ‘તો તેમાં પણ વાંધો શો?’ એવું કોઈ કહે તો કહેવાનું કે એ બરાબર નથી. કારણ, પ્રાચીન આલંકારિકોએ જ એનો સ્વીકાર કર્યો નથી. એ ઉપરાંત, લોકવ્યવહારમાં અલંકાર્ય અને અલંકાર શબ્દો જે રીતે વપરાય છે તેમાં રહેલો એ બે વચ્ચેના તફાવતનો સામાન્ય સિદ્ધાંત ધ્યાનમાં રાખીને પૂર્વાચાર્યોએ કાવ્યમાં એ શબ્દોનો વ્યવહાર કરેલો છે. લોકવ્યવહારમાં તો ત્રણે લોકમાંના અનંત પદાર્થો, જેવા કે સિદ્ધો, વિદ્યાધરો વગેરે, બધા જ અલંકાર્ય ગણાય છે, અને કટક-કેયૂર વગેરે અલંકારો તો અમુક થોડા જ છે. તે જ પ્રમાણે, કાવ્યમાં પણ વર્ણ્ય વિષયરૂપ શરીરો અનંત છે, અને તે જ અલંકાર્ય છે, અને ઉપમા વગેરે અલંકારો તો અમુક થોડા જ છે. પ્રેયસ્ વગેરે વર્ણ્ય વિષયોને પણ જો અલંકાર ગણવામાં આવે તો વર્ણ્યમાન વિષયથી જુદા એવા અલંકારો પણ અનંત થઈ જાય. અને અલંકારો જો અનંત થઈ જાય તો તેમની કલ્પના કરવી અને તેમને નામ આપવાં એ પણ અશક્ય બની જાય. એટલે લોકવ્યવહારમાં અલંકાર્ય અને અલંકારનો જે અર્થ છે તેનાથી લગારે વધુ કે ઓછો નહિ એવા અર્થમાં જ કાવ્યમાં એ શબ્દનો ઉપયોગ થવો જોઈએ.

અહીં જ બીજો વાંધો રજૂ કરતાં કહે છે કે “પ્રશંસાની સાથે જ્યાં ઉપમા વગેરે બીજા અલંકાર વપરાયા હોય ત્યાં બે અલંકારોનો સંકર અથવા સંસૃષ્ટિ માનવી પડે.” પહેલું તો એ કે પ્રશંસાવચનો અલંકાર્ય હોવા છતાં જો તેમને અલંકાર માનવામાં આવે, અને કાવ્યમાં રૂપકાદિ બીજા અલંકાર પણ વપરાયા હોય તો ત્યાં પ્રેયસ્‌ના સંસર્ગને કારણે બે અલંકારોની સંસૃષ્ટિ અથવા

સંકર નામના અલંકાર માનવા પડે. પ્રશંસાયુક્ત વાક્યોવાળાં પ્રેયસ્ અલંકારનાં ઉદાહરણોને આલંકારિકોએ સંસૃષ્ટિ કે સંકરનાં ઉદાહરણ આ પહેલાં કદી કહ્યાં નથી. કારણ, એવી પ્રતીતિ જ થતી નથી. જેમ કે —

> "ચન્દ્રમાંનું કલંક, સ્મરવિજયી શંકરનો કંઠ, મુરારિ કૃષ્ણ, દિગ્ગજોનાં મદરૂપી મેશવાળાં ગંડસ્થળો તો હજી પણ કાળાં ને કાળાં જ રહ્યાં છે, તો પછી હે પૃથ્વીના તિલકરૂપ રાજા, તારા યશે ધોળું શું કર્યું, એ કહેશે?" ૪૮

આ શ્લોકમાં રાજાની પ્રશંસા એ અલંકાર્ય છે અને વ્યાજસ્તુતિ એ અલંકાર છે. અહીં બે અલંકારોની પ્રતીતિ થતી નથી એટલે અહીં સંકર કે સંસૃષ્ટિ છે એમ ન કહી શકાય. વળી, પ્રેયસ્ અને વ્યાજસ્તુતિ ઉપરાંત કોઈ ત્રીજી વસ્તુની પ્રતીતિ પણ અહીં થતી નથી, જેને અલંકાર્ય કહી શકાય.

આ જ વાંધો બીજી રીતે દર્શાવતાં કહે છે કે "બીજા અલંકારોની પેઠે, પ્રશંસા ન હોય એવે સ્થળે પણ એ જોવામાં આવતો હોવો જોઈએ." એટલે કે આપણે પ્રેયસ્‌ને અલંકાર માનીએ તો જ્યાં પ્રશંસા ન હોય એવે સ્થળે પણ, ઉપમાદિ બીજા અલંકારોની પેઠે એનો એટલે કે પ્રેયસ્‌નો ઉપયોગ થયેલો મળવો જોઈએ, પણ તે મળતો નથી. તેથી રસવત્‌ની પેઠે પ્રેયસ્ પણ તર્કસંગત રીતે અલંકાર ગણાવાને લાયક નથી. એ બંનેની સ્થિતિ સરખી જ છે.

આમ, પ્રેયસ્‌નો અલંકાર તરીકે અસ્વીકાર કર્યા પછી, વર્ણ્ય વસ્તુરૂપ હોવાથી, તેના જેવા બીજા અલંકારોનો પણ અસ્વીકાર કરે છે —

૧૩

**એ જ રીતે, ઊર્જસ્વી અને ઉદાત્ત એ બે પણ અલંકાર નથી. તે જ રીતે, સમાહિતના બે પ્રકારો પણ અલંકાર નથી.**

ઊર્જસ્વી અને ઉદાત્ત નામના બે અલંકારોનો આલંકારિકોએ એ જ ક્રમમાં ઉલ્લેખ કરેલો છે, પણ એ અલંકારો નથી. શાથી? તો કે રસવત્‌નું ખંડન કરતાં આ પહેલાં જે દલીલ કરી છે તે એ બેને પણ લાગુ પડે છે. એટલે રસવત્‌ની પેઠે એ બે પણ અલંકાર નથી.

જોકે પ્રાચીન આલંકારિકોએ એમની વ્યાખ્યા અને ઉદાહરણો આપીને એમને અલંકાર કહ્યા છે, પણ તે તર્કસંગત નથી, એટલે સ્વીકારી શકાય એમ નથી. જેમ કે કેટલાક આલંકારિકોએ આમાંના પહેલા એટલે કે ઊર્જસ્વીની વ્યાખ્યા અને ઉદાહરણ આ પ્રમાણે આપેલાં છે —

"કામ, ક્રોધ વગેરે કારણોને લીધે અનૌચિત્યથી પ્રવૃત્ત થયેલા ભાવો અને રસોનું નિરૂપણ ઊર્જસ્વી કહેવાય."

> "તેનો કામ એટલો તો વધી ગયો કે તેણે સજ્જનનો માર્ગ છોડી દઈ બળાત્કારે પાર્વતીનો સમાગમ કરવાનો પ્રયત્ન કર્યો." (ઉદ્‌ભટ, ૪–૫, ૬) ૪૯, ૫૦

કેટલાક આલંકારિકોએ ઉદાહરણને જ વ્યાખ્યા માની લઈને તે જ ઉતાર્યું છે. જેમ કે —

> "ઊર્જસ્વી, જેમ કે સર્પાસ્ત્ર પાછું આવતાં તેને ફરી અર્જુન ઉપર છોડવાની વિનંતી કરતાં કર્ણે, તેને બાજુએ રાખી, કહ્યું કે હે શલ્ય, કર્ણ કદી બે વાર બાણ ચડાવે છે?" (ભામહ, ૩–૭) ૫૧

> અથવા —

> "હું તને મારીશ એવી મનમાં બીક રાખીશ નહિ. મારી તલવાર ભાગતાને મારવા કદી રાજી નથી હોતી." (દંડી, ૨–૨૯૩) ૫૨

આમાંની પહેલી વ્યાખ્યા અને ઉદાહરણની બાબતમાં, પહેલું તો એ વિચારવાનું કે જેનાથી પ્રવૃત્ત થયેલા રસાદિનું નિરૂપણ

અલંકાર બની જાય છે, તે અનૌચિત્ય કયું છે? કારણ, અનૌચિત્ય એ ઔચિત્યનું વિરોધી છે, એટલે એનાથી પ્રતીત થતા રસભાવાદિના પરિપોષને જ હાનિ પહોંચે છે એટલું જ નહિ પણ તેના સૌંદર્યનો જ નાશ થાય છે. માટે જ કહ્યું છે કે—

"અનૌચિત્ય સિવાય રસભંગનું બીજું કોઈ કારણ નથી." (ધ્વન્યા., ૩–૧૪) ૫૩

કદાચ કોઈ એમ કહે કે અહીં જે અનૌચિત્ય કહ્યું છે તે સાચું અનૌચિત્ય નથી, પણ અહીં જે વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવો ઔચિત્યપૂર્વક યોજાયા છે, તેનાથી બીજે તો નિરવદ્ય રસની પ્રતીતિ થાય છે અને તેથી ત્યાં અનૌચિત્ય નથી હોતું, પણ અહીં આ શ્લોકમાં વિશિષ્ટ સંદર્ભને કારણે અનૌચિત્ય અનુભવાય છે, અને તેથી જ "કામક્રોધાદિને કારણે" એમ કહીને અનૌચિત્યને વાજબી ઠરાવવામાં આવ્યું છે. પણ આ દલીલ બરાબર નથી. કારણ, ઔચિત્યપૂર્વક પરિપોષ પામેલા રસના નિરૂપણમાં કામાદિ કારણોને લીધે કંઈક અનૌચિત્યપૂર્વક રસનું કે ભાવનું નિરૂપણ, સામાન્ય માણસોની બાબતમાં કરી શકાય, પણ આ શ્લોકમાં છે તેમ શિવ જેવા સર્વસંપૂર્ણ પાત્રની બાબતમાં તો એવું ચાલે જ નહિ. ઔચિત્યપૂર્વક નિરૂપાયેલો રસ તો ઉચિત વિભાવાદિને કારણે અને કવિકૌશલથી પ્રાપ્ત થયેલા સૌંદર્યને લીધે સ્વાભાવિક રમણીયતા ધરાવતો હોવાને કારણે, ચન્દ્રની કૌમુદી જેમ ચન્દ્રકાન્તમણિને પિગળાવે છે, તેમ પોતાના પરમ સૌંદર્યથી સહૃદયના હૃદયને આશ્ચર્યથી ભરી દે છે. એ રસ કામાદિ ક્ષુદ્ર કારણોને લીધે ઝાંખો પડી અલંકાર રૂપે શી રીતે ભાસે? અને તેથી જ ઉત્તમ કવિઓ એવે પ્રસંગે પણ, બીજા પ્રસંગોની પેઠે રસનો સંચાર કરે છે. એ રીત જ પ્રશસ્ય છે. જેમ કે—

"પાર્વતીને તરત મળવાની ઉત્સુકતાવાળા પશુપતિ શિવે
પણ કેટલાક દિવસ ભારે કષ્ટથી વિતાવ્યા. પ્રેમના એ ભાવો

વિભુ એવા શિવને પણ પીડતા હોય તો (બીજા) કોને ન પીડે?" (કુમારસંભવ, ૪-૯૫) ૫૪

આ ચર્ચા તો અમે પ્રસંગોપાત્ત કરી.

ભરતમુનિના રસસિદ્ધાંતના જ્ઞાતા અને આ વિષયના પારંગત એવા એ વિદ્વાન(ઉદ્ભટ)ને અમારે એ પૂછવું છે કે અહીં વર્ણવાયેલા ભગવાન શિવ રસાભાસનો વિષય છે કે નથી? ઔચિત્ય-અનૌચિત્યની ચર્ચાનો શો અર્થ છે? તમે આ પ્રશ્નનો જે જવાબ આપો તે દલીલ ખાતર સ્વીકારી લેવાને અમે તૈયાર છીએ. તેમ છતાં, તમે કહો તેવો શિવની ભાવરૂપ કે ભાવાભાસરૂપ ચિત્તવૃત્તિનો વિશેષ જ પ્રધાનપણે વર્ણવાતો હોઈ, તે અલંકાર્ય જ રહે છે (અલંકાર બની જતો નથી).

"હે શલ્ય, કર્ણ કદી બે વાર બાણ ચડાવે છે?" એ દાખલામાં મુખ્ય વાકયાર્થ લોકોત્તર પુરુષાર્થની બડાશ મારનાર વીરપુરુષની સહજ ઉત્સાહથી સીંચાયેલી ચિત્તવૃત્તિ સિવાય બીજો કશો નથી. બીજી વાર બાણ ચડાવવાનો વિચાર સુધ્ધાં પોતાના વીર સ્વભાવનું અપમાન છે એમ માનનાર કર્ણે 'કર્ણ કદી બીજી વાર બાણ ચડાવે છે?' એવો પ્રશ્ન પૂછીને એની સંભાવના જ રહેવા દીધી નથી. કર્ણે પોતાને માટે વાપરેલું 'કર્ણ' એવું અભિધાન પુરુષવક્રતાને કારણે તેના પૌરુષને પોષે છે. 'શલ્ય' એવું સંબોધન પણ અહીં રૂઢિવૈચિત્ર્ય દર્શાવે છે. 'પાર્થ' શબ્દ પણ અહીં સાભિપ્રાય છે. અહીં જો બીજો કોઈ પણ માણસ હોત તો તેનો સામનો બીજા કોઈ પણ જાતના અસ્ત્રથી થઈ શકત અને તે તેનો નાશ કરત એવો સંભવ માની શકાત. આ બધું આપણે સંદર્ભ ઉપરથી સમજી શકીએ છીએ. 'પાછું આવતાં' એ હેતુ દર્શાવે છે — અર્જુનને મારવા. એ બાણ મહામહેનતે પોતાની મેળે પાછું આવ્યું છતાં સ્વાભિમાની કર્ણે તેને પાછું કાઢ્યું. એમ સ્વાભિમાનનો ઉત્કર્ષ પ્રકરણથી સમજાય છે. આ ઉદાહરણ એ જ ઊર્જિત

ચિત્તવૃત્તિ. આમ અહીં પ્રધાન ચેતન પદાર્થનાં લક્ષણવાળી અતિશયયુક્ત વિશેષ ચિત્તવૃત્તિ એ વસ્તુસ્વભાવ જ છે, અને એનું જ અહીં મુખ્યભાવે વર્ણન કરેલું છે, એટલે એ અલંકાર્ય છે, અલંકાર નથી.

પહેલાં કહ્યું છે તેમ—

"વસ્તુનું ઉત્કર્ષશાળી સ્વભાવથી સુંદર રૂપે કેવળ વક્ર શબ્દો દ્વારા વર્ણન તે વસ્તુની અથવા અર્થની વક્રતા કહેવાય." (૩-૧)

તેથી રસ, ભાવ અને તેના આભાસો એ આવી ચિત્તવૃત્તિ જ હોઈ, એ બધીનો ઇચ્છીએ તો અલંકાર્યમાં જ સમાવેશ કરી શકીએ, અને તેમને અલંકાર ગણવા એ કોઈ રીતે યોગ્ય નથી. આમ, રસવત્ વગેરેની બાબતમાં જે વાંધા રજૂ કર્યા હતા તે બધા જ અહીં ઊર્જસ્વીને પણ લાગુ પડે છે. એ જ રીતે "હું તને મારીશ એવી મનમાં બીક રાખીશ નહિ" – એ ઉદાહરણને પણ આ જ વાત લાગુ પડે છે અને તેથી તેની સ્વતંત્ર ચર્ચા કરવાની જરૂર નથી.

એ જ રીતે, ઉદાત્તના બંને પ્રકારો પણ અલંકાર્ય જ હોઈ તેમને અલંકાર માનવા યોગ્ય નથી. તેમાં પહેલાની તો વ્યાખ્યાનો જ અર્થ કરવો મુશ્કેલ છે. એ વ્યાખ્યા એવી છે કે—

"ઋદ્ધિ કહેતાં સમૃદ્ધિવાળી વસ્તુ તે ઉદાત્ત." (ઉદ્ભટ, ૪-૮) ૫૫ ક

એનો અર્થ કરીએ તો એમ થાય કે વસ્તુ એ ઉદાત્ત અલંકાર છે. કેવી વસ્તુ એમ પૂછતાં જો એ વસ્તુને સમૃદ્ધિશાળી એવું વિશેષણ લગાડવામાં આવે તો અર્થ એવો થાય કે સમૃદ્ધિશાળી વસ્તુ, જે પોતે વર્ણનનો વિષય છે, તે જ અલંકાર છે. આમ, એક જ વસ્તુમાં બે વિરોધી ક્રિયારૂપ દોષ અનિવાર્ય બની જાય છે. વળી વર્ણ્ય વસ્તુ સિવાયની બીજી કોઈ વસ્તુની પ્રતીતિ ન થતી હોઈ ઊર્જસ્વીની પેઠે ઉદાત્ત પણ, તર્કસંગત રીતે, અલંકાર ઠરી ન શકે.

અથવા અહીં એ વ્યાખ્યાનો એવો અર્થ કરવામાં આવે કે સમૃદ્ધિવાળી વસ્તુ જેમાં કે જેની હોય તે ઉદાત્ત અલંકાર, તોયે તે બીજા શબ્દોથી વ્યક્ત થતી અને સમાસના અર્થમાંથી ફલિત થતી વસ્તુ બતાવવી તો પડે જ. કાવ્ય જ એ વસ્તુ છે એમ કહો તો તેનો કંઈ અર્થ નથી. કારણ, અલંકાર કાવ્યનો હોય છે એ જાણીતી વાત છે, કાવ્ય પોતે જ અલંકાર હોતું નથી.

અથવા સમૃદ્ધિવાળી વસ્તુ જેમાં કે જેની હોય તે (ઉદાત્ત) અલંકાર એ રીતે સમાસ છોડીએ તોયે વર્ણ્ય વસ્તુ કરતાં જુદી, અલંકાર જેવી કોઈ વસ્તુ હાથ ન આવતી હોઈ, શબ્દ અને અર્થની અસંગતિરૂપ દોષ પણ આવે છે.

ઉપરાંત, ઉદાત્તને જો અલંકાર માનીએ અને જો તેમાં બીજો અલંકાર પણ વપરાયો હોય તો એવે સ્થાને સંસૃષ્ટિ કે સંકર માનવાનો વારો આવશે, પણ કોઈએ ઉદાત્તને એ નામ આપ્યું નથી. વળી, રૂપકાદિ અલંકારો જેમ ગમે તે પ્રસંગે વાપરી શકાય છે તેમ ઉદાત્ત અલંકાર પણ, જ્યાં સમૃદ્ધિશાળી વસ્તુનું વર્ણન ન હોય એવા પ્રસંગે પણ, વપરાતો જોવામાં આવવો જોઈએ, પણ તેવું તો જોવામાં આવતું નથી. એટલે ઉદાત્તના આ પહેલા પ્રકારને અલંકાર ગણવો એ કોઈ પણ રીતે તર્કસંગત નથી.

એ જ રીતે, ઉદાત્તના બીજા પ્રકારને પણ અલંકાર્ય ગણવો એ જ તર્કસંગત છે, નહિ કે અલંકાર ગણવો. એની વ્યાખ્યા આ પ્રમાણે છે—

"....જ્યાં મહાપુરુષનું ચરિત્ર મુખ્ય ઘટનારૂપે નહિ પણ ગૌણરૂપે આવ્યું હોય (ત્યાં ઉદાત્ત અલંકાર માનવો)." (ઉદ્ભટ, ૪-૮) ૫૫ ખગઘ.

અહીં વાક્યાર્થતત્ત્વને જાણનારા એ વિદ્વાને (ઉદ્ભટે) પોતે જ વિચાર કરવો જોઈએ કે ગૌણરૂપે આવેલા 'મહાપુરુષના ચરિત્ર'ને પ્રસ્તુત વાક્યાર્થ સાથે કંઈ સંબંધ છે કે નહિ? જો હોય તો તે

એમાં લીન થઈ ગયું નથી અને તેનો અલગ નિર્દેશ થયો છે એટલે બીજા શબ્દાર્થોની પેઠે તેને પણ એનો એક અવયવ કહેતાં ભાગ જ કહેવો વાજબી છે, જેમ હાથ વગેરેને શરીરના ભાગ કહીએ છીએ. જો સંબંધ નથી એમ કહો તો એને વાક્યાર્થ સાથે સંબંધ નથી એટલે બીજા વાક્યમાંના શબ્દાર્થની પેઠે એનું અસ્તિત્વ જ સંભવતું નથી, પછી એ અલંકાર હોવાની તો વાત જ શી?

કદાચ અહીં કોઈ એમ કહે કે એવાં વાક્યોમાં આવેલા રૂપકાદિ અલંકારનો પણ મુખ્ય વાક્યાર્થ સાથે સંબંધ હોય છે, તો એ સંબંધને કારણે તે પણ અલંકાર મટી જાય છે, એમ કહેવું જોઈએ. એનો જવાબ એ છે કે વાત સાચી છે, પણ એ સંબંધ બે પ્રકારનો હોય છે. કોઈ વાર બીજા દોષોની પેઠે તે પ્રસ્તુત તાત્પર્યાર્થના અંગરૂપે હોય છે, તો કોઈ વાર તે બીજા અલંકારોની પેઠે મુખ્યાર્થની શોભામાં માત્ર વધારો કરનારરૂપે હોય છે. સંબંધ જો પ્રસ્તુત તાત્પર્યાર્થના અંગરૂપે હોય તો એને લગતી દલીલ આ પહેલાં આવી જ ગઈ છે. જો શોભામાં વધારો કરનારરૂપે સંબંધ હોય તો મહાપુરુષોના ચરિત્રની બાબતમાં જે વાંધાઓ બતાવ્યા તે બધા જ અહીં પણ લાગુ પડ્યા વગર ન રહે. જેમ કે ઉદાત્તથી વિરુદ્ધ એવા અનુદાત્તને પણ અલંકાર ગણવો પડે; જો એમાં બીજો અલંકાર વપરાયો હોય તો બે અલંકારની સંસૃષ્ટિ કે સંકર છે એમ માનવું પડે; અને જ્યાં ઉદાત્ત ન હોય એવા સ્થાને પણ બીજા અલંકારોની પેઠે એ વપરાયેલો મળવો જોઈએ.

પૂર્વાચાર્યોએ પરંપરા પ્રત્યેના આદરપૂર્વક સંગત ઉદાહરણો આપીને આ અલંકારનું પ્રતિષ્ઠાપન કરવાનો પ્રયત્ન કર્યો છે, તેમ છતાં, એ પણ વર્ણ્ય વસ્તુના ભાગરૂપ જ હોઈ, એ સહૃદયોના ધ્યાનને સહેજ પણ પાત્ર નથી. જેમ કે—

(એ તૂટક શ્લોકનો કશો અર્થ થઈ શકતો નથી.) ૫૬

"તારી ચિરસ્થાયી ચંદ્રિકા જેવી તેજસ્વી કીર્તિ બધા દુર્ગો ઉપર ફેલાઈ ગઈ છે અને મહેન્દ્ર પર્વત ઉપર ફરતા હાથીઓને તેણે સફેદ બનાવી દીધા છે." ૫૭

આ દાખલાઓમાં વર્ણવાયેલું, વ્યતિરેકથી પોષાયેલું મહાપુરુષનું ચરિત્ર અલંકારની શોભાને જ હાનિ પહોંચાડે છે એમ નથી, તેના પ્રસ્તુત વાક્યાર્થના તાત્પર્યને પણ હાનિ પહોંચાડે છે. (આ શી રીતે તે સમજાતું નથી. --અનુ૦) એટલે અહીં આ રીતે અર્થ કરવો જોઈએ.

ભૂતકાળના મહાપુરુષોએ પાડેલા ચીલાથી ચાતરીને ચાલવા માટે, અને બીજો કોઈ અસામાન્ય પુરુષ પણ ન કરી શકે એવાં પરાક્રમો કરવા માટે જોઈતું વીરત્વ એ અહીં મુખ્ય વાક્યાર્થ છે. તેથી કવિ કહે છે કે એ પ્રદેશોમાં લોકશ્રુતિમાં વિખ્યાત એવા વીર પુરુષોનાં પરાક્રમોની વાતોનો પાર નથી, તેમ છતાં એ પ્રદેશોમાં પણ તારાં પરાક્રમોની વાત ફેલાવાની ધૃષ્ટતા દાખવે છે.

એ જ રીતે, સમાહિતને પણ અલંકાર નહિ પણ અલંકાર્ય જ ગણવો જોઈએ. માટે જ કહ્યું છે કે "તે જ રીતે સમાહિતના બે પ્રકારો પણ અલંકાર નથી." તે જ રીતે એટલે પહેલાં કહી ગયા તે કારણોસર સમાહિત નામનો અલંકાર પણ અલંકાર નથી. એની વ્યાખ્યા આ પ્રમાણે છે—

"રસ, ભાવ, રસાભાસ અને ભાવાભાસની, ક્રમની ખબર ન પડે એવી પ્રશાંતિ જ્યારે બીજા રસના અનુભાવો સિવાય વર્ણવાય ત્યારે સમાહિત અલંકાર કહેવાય." (ઉદ્ભટ, ૪-૭) ૫૮

રસ, ભાવ અને એ બંનેના આભાસની, પ્રશાંતિની દશા અહીં ઉદ્દિષ્ટ છે. અને પછી આવનાર બીજા રસના તરંગોથી એ મુક્ત છે. એના વ્યંજકોનો વ્યાપાર થંભી ગયો છે, કારણ, રસોદયની પહેલી વ્યંજક પ્રવૃત્તિ વિરમી ગઈ છે અને બીજા રસને લગતી એની વ્યંજક પ્રવૃત્તિ હજી શરૂ થઈ નથી. ક્રમ જાણી ન શકાય એવી

આ પ્રશાંતિની દશા સંધ્યાસમય જેવી છે, જેમાં દિવસનું અજવાળું ખબર ન પડે એ રીતે ધૂંધળું થતું જાય છે. આ સમાહિત નામનો સ્વભાવસુંદર અલંકાર ઉત્તમ કવિઓ પણ ભારે પ્રયત્ને રચી શકે છે, અને કાવ્યરસિકોને એ આનંદ આપનાર થઈ પડે છે. જેમ કે—

"આંસુથી ખરડાયેલી આંખોની રતાશ ચાલી ગઈ,
ભવાનું ચઢવાનું અને હોઠનું ફફડવાનું બંધ થઈ ગયું,
ગાલ સુધી પહોંચેલો તારો ક્રોધ ગાઢ સંસ્કારને કારણે બીજા
કોઈ ભાવને પેસવા દેતો નથી." ૫૯

આ દલીલ પણ નકામી છે. કારણ, કોઈ રસના અસ્તિત્વ ઉપર જ એના અસ્તિત્વનો આધાર છે. અને રસો તો બધા ચિત્ત-વૃત્તિરૂપ જ હોય છે. એટલે તેમને જો અલંકાર ગણીએ તો તેમની વિરુદ્ધની ચિત્તવૃત્તિઓને પણ અલંકાર ગણવી પડે, અને તે કોઈ રીતે યોગ્ય નથી.

ઉપરાંત, અહીં વર્ણ્ય વિષય પ્રધાન ચેતનરૂપ છે. એનો સ્વભાવ જ એવો છે કે એ પોતા સિવાય બીજા કશાની વ્યંજનાને સહી ન શકે. આમ, કેવળ સ્વભાવથી જ એ પોતા સિવાય બીજા કોઈ પદાર્થના સંપર્કને સહી શકતો ન હોઈ, પહેલાં કહેલો દોષ જ અહીં પણ અનિવાર્ય થઈ પડે છે, કે પોતા સિવાય બીજા કોઈ પદાર્થની પ્રતીતિ ન થતી હોઈ (અહીં કોઈ અલંકાર છે એમ માની ન શકાય.)

જોકે બીજા કેટલાકોએ સમાહિત અલંકારની બીજી રીતે વ્યાખ્યા આપી છે, અને તેમ છતાં તે પણ અલંકાર થઈ શકે એમ નથી. માટે જ કહ્યું છે કે—

"સમાહિત અલંકારના બે પ્રકારો પણ અલંકાર નથી." ૬૦

પહેલાં કહેલા પ્રકારનો સમાહિત અને આ બીજા પ્રકારનો સમાહિત પણ અલંકાર થઈ શકે એમ નથી. એ બીજા પ્રકારની વ્યાખ્યા અને ઉદાહરણ આ પ્રમાણે છે—

"કોઈ શરૂ કરેલા કાર્યનું સાધન દૈવવશાત્ આવી મળે, તેને સમાહિત કહે છે." (કાવ્યાદર્શ ૩-૨૯૮) ૬૧

એનો અર્થ સ્પષ્ટ છે.

"તેનું રૂસણું મુકાવવા માટે હું તેને પગે પડવા જતો હતો ત્યાં દૈવયોગે મને મદદ કરવા મેઘગર્જના થઈ." (કાવ્યાદર્શ, ૩-૨૯૯) ૬૨

આમાં આગલી વસ્તુનું પાછલી વસ્તુથી સમર્થન થાય છે, માટે એને સમાહિત કહે છે, એમ કેટલાક કહે છે, તે તેમ ભલે હોય. કારણ, આવી પરિસ્થિતિને સમાહિત કહેવા સામે કોઈને વાંધો છે જ નહિ. પણ એ બંને વસ્તુઓ રસયુક્ત વૃત્તાંતો છે, અને તેમનામાંથી એક પ્રધાન અને બીજું ગૌણ એવું છે નહિ, એટલે તેમને અલંકાર ગણવા કોઈ રીતે ઉચિત નથી. બંને એકસરખી રીતે વર્ણ્ય વિષય જ છે. અહીં જો એવો અર્થ કરવામાં આવે કે મેઘગર્જના કેમ જાણે નાયકને મદદ કરવા માટે જ થઈ, તો અહીં ઉત્પ્રેક્ષા અલંકાર થાય. આથી વધુ ચર્ચા કરવાની જરૂર નથી.

આ રીતે, અત્યાર સુધીમાં સ્વાભાવિક સૌંદર્યને લીધે મનોહર પદાર્થોના ચેતન અને અચેતન એવા બે પ્રકાર બતાવવામાં આવ્યા. હવે એ જ પદાર્થોને કવિપ્રતિભાને લીધે લોકોત્તર સૌંદર્ય પ્રાપ્ત થતાં તે નવું જ અપૂર્વ સૌંદર્ય પામે છે, તેની ચર્ચા કરવામાં આવશે. આ રીતે, અલંકારરચનાને લીધે જે સૌંદર્યાતિશય ઉત્પન્ન થાય છે, તેના ઉપરાંત તદ્વિદોને આહ્લાદ આપનાર કોઈ તત્ત્વ અલંકાર્ય વસ્તુમાં હોતું નથી.

"વસ્તુનો જે પ્રસિદ્ધ ધર્મ હોય છે, તે વિચ્છિત્તિ કહેતાં અલંકાર બનતો નથી. તે જ તો શ્રેષ્ઠ કવિઓનો વર્ણના-વિષય હોય છે." ૬૩

"એ જ વસ્તુધર્મ જ્યારે (કવિકૌશલને લીધે) લોકોત્તર સૌંદર્યપૂર્વક વર્ણવાય ત્યારે નવા જેવો લાગે, એ યોગ્ય છે." ૬૪

આ બે અંતરશ્લોકો છે.

આમ, કાવ્યાર્થને નવીનત્વ અર્પનાર અલંકારો છે. હવે તેમની ચર્ચાની જ શરૂઆત કરે છે—

૧૪

**અભિવ્યક્તિના બે પ્રકાર છે. તેમાંનો એક અલંકાર્યના અંશરૂપે રહી તેની શોભામાં વધારો કરે છે અને બીજો પોતે ગૌણ રહી તેને (અલંકાર્યને) પ્રધાનપણે વ્યંજિત કરે છે અને અલંકારરૂપે પ્રગટ થાય છે.**

એને સમજાવતાં કહે છે કે રસવદલંકાર વગેરે અલંકાર્યના ભાગરૂપે રહીને તેની શોભામાં વધારો કરે છે. પણ બીજા (રૂપકાદિ) અલંકારો પોતે ગૌણરૂપે રહીને તેને પ્રધાનપણે વ્યંજિત કરી પોતે અલંકાર છે એમ પ્રગટ કરે છે. એનાં ઉદાહરણ પાછળથી આપીશું. અત્યારે તો આ જ મુદ્દાની વિગતે ચર્ચા કરીશું.

૧૫

**એ રસવત્ નામનો અલંકાર બધા અલંકારોનું જીવિત અને કાવ્યનો એકમાત્ર સાર શી રીતે બને, તેનો હવે વિચાર કરીએ છીએ.**

પહેલાં જેની પૂરી ચર્ચા કરી ગયા છીએ તે રસવત્ નામનો અલંકાર, કવિકર્મરૂપ કાવ્યનું એકમાત્ર સારસર્વસ્વ તથા ઉપમાદિ બધા અલંકારોનું જીવિત શી રીતે બને છે, તેની હવે વ્યાખ્યા અને ઉદાહરણો આપીને ચર્ચા કરીએ છીએ.

એ જ રસવદલંકારની વ્યાખ્યા—

૧૬

**જે અલંકાર કાવ્યને રસમય બનાવવાને કારણે અને તદ્વિદોને આહ્લાદ આપવાને કારણે રસના જેવો હોય તે રસવત્ અલંકાર.**

અલંકાર રસવત્ હોઈ શકે છે. હવે કહેવામાં આવનાર લક્ષણો ધરાવતો રૂપકાદિ અલંકાર રસવત્ કહેવાય. એ કેવો હોય

છે? તો કે રસ જેવો, અર્થાત્ શૃંગારાદિ રસ જેવો. બ્રાહ્મણની જેમ વર્તતો ક્ષત્રિય પણ બ્રાહ્મણ જેવો—બ્રાહ્મણવત્—કહેવાય છે, તેમ રસના જેવો અલંકાર પણ રસ જેવો — રસવત્ કહેવાય છે. શાથી? તો કે તે કાવ્યને રસમય બનાવે છે માટે. કેવી રીતે? તો કે કાવ્યને સહૃદયોને આનંદ આપે એવું બનાવીને. જેમ રસ કાવ્યને રસમય અને તદ્વિદોને આહ્લાદ આપે એવું બનાવે છે તેમ ઉપમાદિ અલંકારો પણ એ બંને કાર્યો કરતા હોય ત્યારે રસવદલંકાર બને છે. જેમ કે —

> "રાગયુક્ત શશીએ ચંચલતારકિત નિશામુખને એવી રીતે પકડ્યું (ચૂમ્યું) કે રાગને લીધે પહેલેથી જ આખું તિમિરાંશુક ખસી પડ્યું તેની ખબરે ન પડી." (ધ્વન્યાલોક, ૧-૧૪; 'અભિનવનો ધ્વનિવિચાર', પૃ. ૨૬, ૬૫

આ શ્લોકમાં પોતાના અવસરને યોગ્ય સુંદર સ્વરૂપવાળાં ચન્દ્ર અને રાત્રિનું વર્ણન એ પ્રધાન વાક્યાર્થ છે. તેની શોભામાં વધારો કરનાર તરીકે કવિએ (ચન્દ્રમાં) નાયકના વ્યવહારનું આરોપણ કરીને રૂપકાલંકાર યોજ્યો છે. એ અલંકાર પણ શ્લેષની છાયાને લીધે તથા (ચન્દ્રનું પુંલ્લિંગ અને રાત્રિનું સ્ત્રીલિંગ એમ) વિશિષ્ટ લિંગને જોરે વિશેષણવક્રતાવાળો બન્યો છે. આમ, એ અલંકાર કાવ્યની સરસતાને ખીલવીને અને સહૃદયોને આનંદ આપીને પોતે જ રસવદલંકાર બની ગયો છે.

પ્રેમિકા અને પ્રેમીનું નામ લીધા વગર પણ રૂપક તેમનો બોધ શી રીતે કરાવી શકે છે, તે અમે એકદેશવિવર્તિ રૂપકની ચર્ચા વખતે વિગતે બતાવીશું. અહીં પહેલાં કહેલા વાંધા (સંસૃષ્ટિ-સંકર અલંકાર માનવા પડે વગેરે) લાગુ પડી શકે એમ નથી. તેમ 'બીજે પણ જોવામાં આવતો હોવો જોઈએ' એ વાંધો પણ, રૂપકાલંકાર બીજે પણ વપરાયેલો જોવામાં આવતો હોઈ આ ઉદાહરણને

લાગુ પડતો નથી. 'પોતાથી જુદી બીજી કોઈ વસ્તુની પ્રતીતિ ન થતી હોવાથી એક જ વસ્તુને અલંકાર્ય અને અલંકાર બંને માનવાં પડે, અને વર્ણ્ય વસ્તુને જ અલંકાર માનીએ તો વિરુદ્ધ ક્રિયાનો દોષ આવે', એ બધા વાંધાઓનો પણ બીજાં ઉદાહરણોથી પરિહાર કરવામાં આવ્યો છે. જેમ કે—

> "હે મધુકર, તું એની ભયથી કંપતી, ચંચલ અને તીરછી દૃષ્ટિને વારંવાર સ્પર્શે છે, કંઈ ખાનગી વાત કહેતો હોય એમ તેના કાન પાસે જઈને ચક્કર મારતો ગણગણે છે, હાથ હલાવતી એવી તેના રતિસર્વસ્વ અધરનું પાન કરે છે; અમે તો તત્ત્વાન્વેષણ કરવામાં જ મરી ગયા, ખરેખર ધન્ય તો તું જ છે." (શાકુન્તલ, ૧–૨૪) ૬૬

અહીં તાત્પર્યાર્થ એ છે કે ભ્રમરમાં પ્રેમીના વ્યવહારનું આરોપણ કરનાર (રૂપક નામનો) રસવદલંકાર પ્રધાન એવા શૃંગાર રસની શોભા વધારે છે.

અથવા જેમ કે—

> "કપોલ ઉપર ચીતરેલી પત્રાવલિ" ૬૭

આ શ્લોક બીજા ઉદ્યોતમાં ઉદાહરણ ૧૦૧ તરીકે આવી ગયો છે (પૃ. ૧૬૪) ત્યાં જોવો.

અને એ જ રીતે આ જ ઉદ્યોતમાં આવેલું ૪૩મું ઉદાહરણ—

> "શંભુનાં બાણોનો અગ્નિ" ૬૮

એ શ્લોકમાં રસવદલંકારનું ખંડન કરવું યોગ્ય નથી (ગ્રંથકાર પોતે કરી ગયા છે) એમ કોઈ કહે તો એ વાત સાચી છે. પણ અમે જે વાંધો લીધો હતો તે વિપ્રલંભ શૃંગારને અંગ ગણવા સામે હતો. બાકીનું તો આ દૃષ્ટાંતો જેવું જ હોઈ રસવદલંકાર માન્યા વગર છૂટકો નથી. (પણ કુંતકે રસવત્નો અર્થ જ બદલી નાખ્યો છે, એ વાત ધ્યાનમાં રહે.)

વળી, (રસવદલંકાર ઉપરાંત) બીજો કોઈ અલંકાર આવ્યો હોય ત્યારે રસવત્‌ને કારણે સંસૃષ્ટિ કે સંકર અલંકાર માનવો પડે એનો પણ વિરોધ ન કરી શકાય. જેમ કે—

"આંગળીઓ વડે કેશસમૂહની જેમ, કિરણો વડે અંધકારને સમેટી લઈ ચન્દ્ર બંધ કમલલોચનવાળા રજનીના મુખને જાણે કે ચુંબન કરે છે." (કુમારસંભવ, ૮–૬૩) ૬૯

આ શ્લોકમાં (ઉત્પ્રેક્ષા નામે) રસવદલંકાર અને રૂપક વગેરે ભેગા આવેલા છે, એમ સ્પષ્ટ જોઈ શકાય છે. એમાં ચન્દ્ર રજનીના મુખને જાણે કે ચુંબન કરે છે એવી ઉત્પ્રેક્ષારૂપ રસવદલંકાર પ્રધાનપણે નિરૂપાયો છે અને તેના અંગરૂપે ઉપમાદિ આવ્યા છે. કેમ કે ઉપમાદિ વગરના કેવળ રસવદલંકારથી પ્રસ્તુત રસનો પરિપોષ સધાતો નથી.

"પાંડુ પયોધર પર આર્દ્ર એટલે કે ભીના, તરતના જ થયેલા નખક્ષતો જેવા ઇન્દ્રધનુને ધારણ કરનારી અને કલંકવાળા (નાયિકાના ઉપભોગને કારણે કલંકિત) ચન્દ્રને પ્રસન્ન એટલે કે ઉજ્જવળ (અને નાયકપક્ષે આનંદિત) કરનારી શરદ ઋતુએ (નાયિકાએ) રવિ (રૂપ બીજા નાયક)નો તાપ (સંતાપ) વધારી મૂકચો." (ધ્વન્યાલોકલોચન, ૧–૧૩; 'આનંદવર્ધનનો ધ્વનિવિચાર', પૃ. ૨૯) ૭૦

આ શ્લોકમાં, શરદ ઋતુ વખતે પ્રકૃતિના પદાર્થોનો જે સ્વભાવ હોય છે તેને, કવિએ 'इव' (જાણે કે) વગેરે ઉત્પ્રેક્ષાવાચક શબ્દો વાપર્યા વગર જ પ્રતીયમાન ઉત્પ્રેક્ષા નામનો રસવદલંકાર વાપરીને કોઈ અપૂર્વ રમણીયતાએ પહોંચાડચો છે. વળી, કવિએ 'सकलङ्क' જેવા શ્લેષયુક્ત શબ્દો વાપર્યા છે, જે અપરાધી નાયકવિષયક બીજા અર્થની સગવડ કરી આપી સૌંદર્યમાં વધારો કરે છે તથા 'પાંડુ પયોધર પરના તાજા નખક્ષત જેવું ઇન્દ્રધનુ ધારણ કરતી' એમ કહીને શ્લેષ અને ઉપમા યોજ્યાં છે, તે તેમાં ઓર

વધારો કરે છે. આવી રીતે, 'કલંકિત(ચન્દ્ર)ને પ્રસન્ન કરતી શરદે બીજા(નાયક રૂપ સૂર્ય)નો સંતાપ વધારી દીધો' એમ કહીને રૂપકાલંકાર યોજીને વેશ્યાના વ્યવહારનું આરોપણ ખૂબ સુંદર રીતે કર્યું છે. અહીં પણ પ્રતીયમાનોત્પ્રેક્ષારૂપ રસવદલંકાર જ પ્રધાન છે અને ઉપમા વગેરે તેનાં અંગ છે, એમ પહેલાંની પેઠે સંગતિ સધાય છે.

જ્યારે અલંકારો પ્રથમ ઉદયને કારણે સુંદર લાગતા રત્યાદિની પેઠે વર્તતા હોય ત્યારે પણ આ જ સિદ્ધાંત સહૃદયોએ લાગુ પાડવો. જેમ કે —

> "વસંતલક્ષ્મીએ પોતાના મુખ ઉપર ભ્રમર રૂપી અંજનના ચિતરામણથી શોભતું તિલક ધારણ કરીને પ્રભાતના સૂર્યના જેવી કોમળ લાલી વડે આમ્રના પ્રવાલ રૂપી હોઠને શણગાર્યો." (કુમારસંભવ, ૩–૩૦) ૭૧

આ શ્લોકમાં નાયિકાના વ્યવહારના આરોપણરૂપ રૂપક અલંકાર શ્લેષની છાયાની મદદથી શૃંગાર રસની જેમ વર્તે છે, એટલે એ રસવદલંકાર બને છે.

જે પદાર્થો નીરસ જેવા જ હોય છે તે બધાને આ રીતે જ રસમય બનાવી શકાય છે. જેમ કે —

> "પૂરાં ખીલેલાં ન હોવાને કારણે બાલચન્દ્રના જેવાં વાંકાં અત્યંત રાતાં પલાશનાં ફૂલ વસંત સાથે તરતનો જ સમાગમ સાધેલી વનસ્થલીઓના નખક્ષતો જેવાં શોભવાં લાગ્યાં." ૭૨

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૭૫મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૬૬).

બધાં કાવ્યોના રહસ્યરૂપ કાષ્ઠ અને પાષાણ જેવા પદાર્થોને પણ અલંકારોને જોરે નવું ચેતન અર્પનાર, તેમ જ સહૃદયોને ચમત્કારનો અનુભવ કરાવનાર આ તત્ત્વ છે.

"રસવત્ નામનો બધા અલંકારોનો આ અગ્રણી કાવ્યના ઉત્કર્ષનું એકમાત્ર કારણ હોઈ ચૂડામણિ જેવો શોભે છે." ૭૩

"કવિકૌશલનું સર્વસ્વ આજે જ સ્પષ્ટ રીતે પ્રગટ કરવામાં આવ્યું છે; આશા રાખીએ છીએ કે વિદ્વાનોના વિચારનો એ વિષય બનશે." ૭૪

આ બે અંતરશ્લોકો છે.

આ રીતે નીરસ પદાર્થોને રસમય બનાવવા માટે રસવદલંકાર-નું નિરૂપણ કર્યું છે.

હવે કેવળ પોતાના સ્વરૂપથી જ અસ્તિત્વ ધરાવતા પદાર્થોમાં કોઈ અપૂર્વ શોભા ખીલવવા માટે દીપક અલંકારનું નિરૂપણ શરૂ કરે છે. પ્રાચીન આચાર્યોએ જેમને દીપાવવાનાં છે તે પદની અપેક્ષાએ દીપાવનાર પદને આધારે, તે વાક્યના આદિમાં, મધ્યમાં કે અંતમાં આવેલું હોય તે પ્રમાણે એ અલંકારના આદિદીપક, મધ્યદીપક અને અંતદીપક એવા પ્રકાર પાડેલા છે. દીપાવે તે દીપક એવી વ્યુત્પત્તિને આધારે ક્રિયાપદને જ દીપક અલંકાર કહ્યો છે. જેમ કે —

> "મદ ઉત્પન્ન કરે છે પ્રીતિને, તે રૂસણાથી ભંગ પામતા કામને, તે પ્રિયાના સમાગમની ઉત્કંઠાને અને તે અસહ્ય માનસિક દુઃખને." ૭૫
>
> "માળા અને વસ્ત્ર ધારણ કરેલી સ્ત્રીઓને મધુ કહેતાં વસંત શોભાવે છે, અને હારીત, પોપટ વગેરે પંખીઓની વાણી પર્વતોની ઉપત્યકાઓને." ૭૬
>
> "કંસારીવાળાં જંગલોનો, સુકાતા જતા જળવાળી નદીઓનો અને પ્રવાસીઓનાં ચિત્તનો ગ્રીષ્મ અંત લાવવા ઇચ્છે છે." ૭૭

આ ત્રણ શ્લોકો અનુક્રમે આદિ, મધ્ય અને અંત દીપકનાં ઉદા-હરણો છે. એમાં પહેલા શ્લોકમાં પહેલા ચરણમાં जनयति ક્રિયાપદ, બીજામાં

બીજા ચરણમાં अलंकुरुते ક્રિયાપદ અને ત્રીજામાં ચોથા ચરણમાં निनीषति ક્રિયાપદ આવેલું છે.

**આ શ્લોકોમાં ક્રિયાપદોમાં જ દીપકત્વ એટલે દીપાવવાની શક્તિ છે, કારણ, (વાક્યમાંના બીજા પદાર્થો) ક્રિયાપદ સાથે જોડાયેલા હોય એ રૂપે જ ક્રિયાપદથી સ્થાપિત થાય છે.**

અહીં સુધી દીપક અલંકારની ભામહની વ્યાખ્યા સમજાવી છે. ભામહે વાક્યના આદિ, મધ્ય કે અંતમાં આવેલા ક્રિયાપદને આધારે ત્રણ પ્રકાર પાડ્યા છે અને તે ક્રિયાપદોને જ દીપક માને છે. કારણ, ક્રિયાપદને કારણે જ બીજા શબ્દો તેની સાથે જોડાયેલા હોય એ રીતે પ્રતીત થાય છે. કુંતકને આ વાત માન્ય નથી. એનો મુખ્ય વાંધો માત્ર ક્રિયાપદને જ દીપક ગણવા સામે છે. અને હવે એ ભામહની વ્યાખ્યા સામે વાંધા રજૂ કરે છે.

**(૧) આ રીતે જોતાં તો દીપક અલંકાર ન હોય એવાં બધાં વાક્યોને પણ તેમાં એક જ ક્રિયાપદ હોવાને કારણે દીપક અલંકારનાં ઉદાહરણ માનવાં પડશે, અને પછી દીપક અલંકાર એકલો જ રહેશે.**

**(૨) વળી, એ શોભા વધારે છે એમ કહેવા માટે કોઈ તર્કસંગત દલીલ ન હોવાથી એને અલંકાર ગણવો એ જ ઉચિત નથી.**

કહેવાની મતલબ એ છે કે ક્રિયાપદ વાક્યના આદિ, મધ્ય કે અંતમાં આવે એથી શી રીતે શોભામાં વધારો થાય છે તે તર્કસંગત રીતે બતાવ્યું નથી. એટલે બધાં ક્રિયાપદો એકસરખાં જ હોઈ કાં તો બધાંને જ દીપક માનવાં પડશે અથવા આદિ, મધ્ય કે અંતમાં આવેલાં ક્રિયાપદો પણ અલંકાર નથી એમ માનવું પડશે.

**(૩) બીજું એ કે, ક્રિયાપદની વાત જવા દઈએ તોયે, એ રીતે જોઈએ તો, કોઈ પણ વાક્યમાંનાં બધાં જ પદો એકબીજા સાથે જોડાયેલાં હોઈ તેઓ બીજાં પદોને પ્રકાશિત કરે એટલે કે દીપાવે એ તેમનો સ્વભાવ જ છે. વાક્યાર્થ પદોના પરસ્પર સંબંધ ઉપર આધારિત હોઈ બધાં જ વાક્યોને દીપક અલંકારનાં ઉદાહરણ ગણવાં પડે એવી સ્થિતિ ફરી ઉપસ્થિત થશે.**

(૪) જો એમ કહો કે આદિ, મધ્ય કે અંતમાં આવેલા ક્રિયાપદમાં એ પ્રકારની વિશેષતા આવે છે માટે તેને અલંકાર ગણવો જોઈએ, તો અમે પૂછીએ છીએ કે આદિ, મધ્ય કે અંતમાં આવતાં ક્રિયાપદો અને વાકય વગેરેના સ્વરૂપમાં એવી કઈ વિશેષતા દાખલ થાય છે, જે બીજાં ક્રિયાપદોમાં કે વાકયનાં બીજાં પદોમાં ન હોય? એવું તો કંઈ છે નહિ. એટલે બધાં જ પદોને દીપક અલંકાર કહેવા પડશે.

(૫) ક્રિયાપદના પ્રકારભેદને લીધે તે આદિ, મધ્ય કે અંતમાં આવે છે એમ કહો તો એ સ્થિતિ તો એ જ અર્થના વાચક બીજા વાકય વગેરેની પણ સંભવે છે, અને એ રીતે દીપકના અનંત પ્રકારો થઈ જશે.

(૬) દીપક અલંકારમાં વપરાયેલા ક્રિયાપદમાં ભૂ વગેરે (ધાતુ) જેવી વ્યાકરણગત વિશેષતા ઉપરાંત કોઈ બીજી વિશેષતા હોવી આવશ્યક છે, જેને લીધે એને કાવ્ય કહી શકાય.

(૭) અથવા દીપક અલંકારની એવી વ્યાખ્યા કરીએ કે જ્યારે સમાન વિભક્તિનાં અનેક નામો એક જ ક્રિયાપદ સાથે જોડાયેલાં હોય ત્યારે એવા ક્રિયાપદને દીપક અલંકાર કહેવો, તોયે કાવ્યશોભા ઉત્પન્ન કરનાર કારણ તો જણાવવું રહ્યું. ખરું જોતાં બીજા વિદ્વાનોએ કહેલું જ છે કે પ્રસ્તુત અને અપ્રસ્તુત વચ્ચેનું પ્રતીયમાન સામ્ય એ જ એ કારણ છે, બીજું કશું નહિ. જેમ કે —

"જેમાં પ્રસ્તુત અને અપ્રસ્તુત વસ્તુઓ આદિ, મધ્ય કે અંતમાં હોઈને ઉપમાનું સૂચન કરતી હોય તે દીપક અલંકાર કહેવાય." (ઉદ્ભટ, ૧-૧૪) ૭૮

અને એનું ઉદાહરણ બીજા એક ગ્રંથમાં આપેલું છે કે —

> "દિગ્ગજોના મદથી હરાઈ ગયેલા હૃદયવાળા હાથીઓ વનમાં, અને કવિઓ વક્રોક્તિથી વિષમ મહાકવિઓના માર્ગમાં મુશ્કેલીથી ફરે છે." ૭૯

આ ગાથામાં પ્રસ્તુત અને અપ્રસ્તુત વસ્તુઓનું પ્રતીયમાન સામ્ય ખીલી ઊઠ્યું છે તે સહૃદયોને આનંદ આપનાર કાવ્યસૌંદર્ય જ દીપક અલંકારનું સારસર્વસ્વ છે. એમાં ક્રિયાપદ તો બીજા કોઈ પણ વાકયમાંના અથવા આ જ વાકયમાંના બીજા કોઈ પણ શબ્દ જેવું જ છે.

અહીં વાકયાર્થ એ છે કે —

દિગ્ગજોના મદની સુગંધથી ચલિત થયેલાં મનવાળા હાથીઓ જેમ જંગલમાં મહામુશ્કેલીએ ફરે છે, તેમ વક્રોક્તિથી શોભતા મહાકવિઓના માર્ગે કવિઓ પણ મહામુશ્કેલીએ ચાલે છે, એવો અહીં च ('અને') શબ્દનો અર્થ છે. એ કવિઓ સ્વાભિમાની હોઈને પૂર્વના મહાકવિઓ કરતાં કાંઈક વિશેષ સિદ્ધ કરવાની ઇચ્છા સેવતા મહામહેનતે કાવ્યરચના કરે છે, એવો અહીં અભિપ્રાય છે.

તેથી (પ્રતીયમાન) સામ્ય એ જ આ (દીપક) અલંકારનું સારતત્ત્વ છે. એ પ્રતીયમાન હોય છે માટે જ એ ઉપમાથી જુદો મનોહર અલંકાર બને છે. અને જ્યાં ત્રિવિધ (વસ્તુ, અલંકાર અને રસરૂપ) વ્યંગ્યાર્થમાંના કોઈ પણ એક રૂપે પ્રતીયમાન સામ્ય પ્રગટ થતું હોય ત્યાં આ જ ન્યાય લાગુ પાડવો. પ્રતીયમાન અર્થ સિવાયનું બીજું બધું તો સમાચારરૂપ જ છે. જેમ કે —

> "સૂર્ય આથમ્યો, ચન્દ્ર પ્રકાશે છે, પંખીઓ માળામાં પાછાં વળે છે." (ભામહ, ૨-૮૭) ૮૦

હવે દીપક અલંકારને બીજું જ રૂપ આપવાને અને તેમાં કોઈ અપૂર્વ કાવ્યશોભા સાધવાને બીજી રીતે વ્યાખ્યા આપવાનો પ્રારંભ કરે છે.

## ૧૭

**પ્રસ્તુત અપ્રસ્તુત વસ્તુઓના ઔચિત્યપૂર્ણ, અમ્લાન, સહૃદયોને આનંદ આપનાર, શબ્દોથી ન કહેવાયેલા એટલે કે પ્રતીયમાન ધર્મને દીપાવે (પ્રકાશિત કરે) તેવું વસ્તુ તે દીપક.**

કોઈ પણ સિદ્ધ વસ્તુ દીપક બની શકે છે. એમ જો હોય તો તો ગમે તે બધી જ વસ્તુ દીપક ગણાઈ જાય, માટે કહે છે કે 'પ્રકાશિત કરે (દીપાવે) તેવી'. એટલે કે વર્ણ્ય વસ્તુના ધર્મ-વિશેષને જે પ્રકાશિત કરે, દીપાવે તે અલંકાર બને. એ ધર્મ કેવો ? તો કે અશક્ત એટલે કે અપ્રગટ, શબ્દ દ્વારા ન કહેવાયેલો. માટે જ તેને પ્રગટ કરવો રહે છે. વળી કેવો ? તો કે ઔચિત્ય-પૂર્ણ, એટલે કે સુંદર. વળી કેવો ? તો કે અમ્લાન એટલે કે તરત જ મનને આકર્ષે એવો. અને એવો હોય એટલે સહૃદયોને આનંદ આપનાર થઈ જ પડે.

એના જ પ્રકારો બતાવે છે —

૧૮

**દીપકના બે પ્રકારો જોવામાં આવે છે: (૧) કાં તો એ એકલો (કેવળ) હોય છે, અથવા (૨) હારમાં ગોઠવાયેલો હોય છે, એટલે કે એક જ વસ્તુ અનેક વસ્તુઓને દીપાવતી હોય છે અથવા ઘણી વસ્તુઓ બીજી ઘણી વસ્તુઓને દીપાવતી હોય છે."**

અહીં દીપકના બે પ્રકાર બતાવ્યા છે, કારણ, બે પ્રકાર જોવામાં આવે છે. કેવા ? તો કે (૧) એકલો એટલે કે સહાય વગરનો, અને (૨) હારમાં ગોઠવાયેલો એટલે કે પોતાના જેવા બીજા દીપકોની હારમાં ગોઠવાયેલો. એ કેવી રીતે કામ કરે છે ? તો કે (૧) એક વસ્તુ ઘણી વસ્તુઓને પ્રકાશિત કરે, દીપાવે ત્યારે તે કેવળ દીપક કહેવાય. જેમ કે—

> "આ સંસારને અસાર, ત્રિભુવનને રત્ન લૂંટાઈ ગયું હોય એવું, જીવલોકને જોવા જેવી વસ્તુ વગરનો (નિરાલોક), બાંધવોને મરણશરણ, કંદર્પને દર્પ વગરનો, લોકોની આંખની રચનાને નિષ્ફળ અને જગતને જીર્ણ અરણ્ય બનાવી દેવા તું કેમ તૈયાર થયો છે ?" ૮૧

આ શ્લોક ૧લા ઉન્મેષમાં ૨૧મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૧૬).

અહીં 'કરવાને તૈયાર થયો છે' એ પદ સંસાર વગેરેના અસાર વગેરે અનેક ધર્મોને પ્રકાશિત કરે છે એટલે એ કેવળ દીપકનું ઉદાહરણ બન્યો છે.

(૨) હારમાં ગોઠવાયેલો દીપક એ બીજો પ્રકાર છે. એમાં ઘણી વસ્તુઓ ઘણી વર્ણનીય વસ્તુઓની દીપક બનતી હોય છે. જેમ કે —

> "શ્રેષ્ઠ કવિ શબ્દોના, અનુભવી જડિયો રત્નો અને મોતીના અને વૃદ્ધ માળી પુષ્પોના સ્થાનાસ્થાનને (એટલે કે કયું કયાં વાપરવું અને કયાં ન વાપરવું તે) જાણે છે." ૮૨

અહીં કોઈ એમ કહે કે પ્રાચીન આચાર્યોએ દીપકનું આ જ ઉદાહરણ આપેલું છે, અને તમે એનું ખંડન કરેલું છે, છતાં હવે તમે તમારી વ્યાખ્યાના ઉદાહરણ તરીકે એને જ ટાંકો છો, તો એમાં એવું વધારાનું શું આવ્યું, જેને આધારે તમે સિદ્ધાંત-સિદ્ધ વ્યાખ્યાનો અસ્વીકાર કરો છો? આ સંબંધમાં કહેવાનું કે તમારી વાત સાચી છે. પણ પૂર્વાચાર્યોએ તો વાકયના (આદિ, મધ્ય કે અંત) કોઈ એક ભાગમાં આવેલું ક્રિયાપદ પોતાના સંબંધ-માં આવેલાં અનેક નામોને પ્રકાશિત કરતું હોય એવા એક જ પ્રકારના દીપકનું પ્રતિપાદન કર્યું છે, જ્યારે અમે તો એ અનેક નામો જ વર્ણનીય વસ્તુઓની કોઈ વિશેષતાને પ્રકાશિત કરતાં હોઈ એ બધાં જ દીપકો છે, એવું પ્રતિપાદન કરીએ છીએ.

'સ્થાનાસ્થાનને જાણે છે,' એનો અભિપ્રાય એવો છે કે વર્ણ્ય વિષયની શોભામાં વધારો કરે એવી કોઈ અનેરી વિશેષતા એ જાણે છે. એટલે શું? તો કે શ્રેષ્ઠ કવિ શબ્દની યોજનાની વિદગ્ધ-તાને લીધે કોઈ વિશેષ સૌંદર્ય ઉત્પન્ન કરે છે, અનુભવી જડિયો મોતી અને રત્નોની ગોઠવણીમાં અને વૃદ્ધ માળી પુષ્પોની ગૂંથણીમાં કોઈ વિશેષ સૌંદર્ય ઉત્પન્ન કરે છે.

જોકે શ્રેષ્ઠ વગેરે શબ્દોથી બીજાં નામો સાથે પ્રતીયમાન સામ્ય (અમુક અંશે) સૂચિત થાય છે, તેમ છતાં દીપક તો તાત્પર્યમાંથી જ પ્રધાનપણે સધાય છે. અને વાક્યાર્થમાંથી અહીં સામ્ય સ્પષ્ટ રીતે પ્રગટ થતું નથી. જેમ કે —

"ચન્દ્રનાં કિરણોથી રાત્રિનું, કમળોથી નલિનીનું, પુષ્પગુચ્છોથી લતાનું, હંસોથી શરદની શોભાનું, અને સજ્જનોથી કાવ્યનું ગૌરવ વધે છે." (ધ્વન્યાલોક, ૨-૨૭) ૮૩

આ શ્લોકમાં ચંદ્રનાં કિરણો વગેરે બધી જ વસ્તુઓથી વર્ણવેલી તે તે વસ્તુઓના સૌંદર્યમાં વધારો થાય છે એટલે એ બધી જ કર્તા સ્થાને રહેલી વસ્તુઓ દીપકો છે. બાકીનું પહેલાની પેઠે સમજી લેવું.

## ૧૯

**(દીપકના) બીજા પ્રકારના ત્રણ પેટા પ્રકારો છે: (૧) જેમાં ઘણી વસ્તુઓ બીજી ઘણી વસ્તુઓને પ્રકાશિત કરે; (૨) જેમાં એક પદાર્થ બીજાને અને તે વળી ત્રીજાને પ્રકાશિત કરે એવો ક્રમ ચાલે; (૩) જેમાં પ્રકાશિત થયેલા પદાર્થો બીજાને પ્રકાશિત કરે.**

હારમાં ગોઠવાયેલા દીપકના બીજા પ્રકારના અવસ્થાભેદને કારણે ત્રણ પેટા પ્રકાર હોય છે. તેમાંના પહેલા પેટા પ્રકારનું વર્ણન તો 'જેમાં ઘણા પદાર્થો બીજા ઘણા પદાર્થોને પ્રકાશિત કરે' એમ કહીને ઉપર કર્યું છે.

બીજા પેટા પ્રકારનું વર્ણન, તે પછી 'જેમાં એક પદાર્થ બીજાને અને તે વળી ત્રીજાને પ્રકાશિત કરે એવો ક્રમ ચાલે' એમ કહીને કરેલું છે. અહીં 'પ્રકાશિત કરવું'નો અર્થ (તે પદાર્થમાં) સૌંદર્ય ઉત્પન્ન કરવું એવો જ છે. એક પદાર્થ પ્રકાશિત કરે છે અને બીજો પ્રકાશિત થાય છે, આમ ક્રમ ચાલ્યા કરે છે. બીજો ત્રીજાને પ્રકાશિત કરે છે.

બીજા પેટા પ્રકારનું ઉદાહરણ —

"પૃથ્વીમંડળનું ભૂષણ રાજાઓ છે, તેઓનું ભૂષણ લક્ષ્મી છે. લક્ષ્મીનું ભૂષણ સ્થિરતા છે; તેનું ભૂષણ પ્રગલ્ભતા છે, તેનું ભૂષણ રાજનીતિ છે અને તેનું ભૂષણ શૌર્ય છે. જેની પાસે એવી રાજનીતિ હોય છે તેની શક્તિનું માપ ત્રણે લોક પણ કાઢી શકે?" ૮૪

આ શ્લોકમાં કવિએ પાછલું પદ આગલા પદને પ્રકાશિત કરે એવા દીપકો હારમાં ગૂંથેલા છે.

અથવા —

"પવિત્ર વિદ્યા વપુને શોભાવે છે, તેનું ભૂષણ ઉપશમ છે, ઉપશમનું ભૂષણ પરાક્રમ છે અને તે સફળ રાજનીતિથી શોભે છે." (કિરાતાર્જુનીય, ૨–૩૨) ૮૫

અથવા —

"તેમનાં વપુને સૌંદર્યે શોભાવ્યાં હતાં, અને તેને નવયૌવને, તેને કામદેવની શ્રીએ અને તેને દયિતાના સંગમથી શોભતા મદે." (શિશુપાલવધ, ૧૦–૩૩) ૮૬

ત્રીજા પેટા પ્રકારની વ્યાખ્યા આ જ શ્લોકના ઉત્તરાર્ધમાં 'દીપક'ને બદલે 'દીપિત' એવું પાઠાંતર કરી લેવાથી પ્રાપ્ત થશે અને એનો અર્થ એવો થશે કે જે બીજા વડે દીપિત – પ્રકાશિત થયું છે એટલે કે સૌંદર્યવાન બન્યું છે, તે બીજા કશાને પ્રકાશિત કરે ત્યારે ત્રીજો પેટા પ્રકાર થાય. જેમ કે —

"મદ પ્રીતિને ઉત્પન્ન કરે છે, તે રૂસણાથી લંગ પામતા કામને." વગેરે. ૮૭

આ શ્લોક આ જ ઉન્મેષમાં ૭૫મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૨૨૯).

અહીં જો કોઈ એમ કહે કે પૂર્વાચાર્યોએ પહેલાં આ જ ઉદાહરણ આપ્યું હતું અને તેનું તમે પહેલાં ખંડન કર્યું હતું,

પણ હવે તમને એ સ્વીકાર્ય હોય એમ લાગે છે, તો એનો ખુલાસો તમારે કરવો જોઈએ; તો અમે કહીશું કે વાત સાચી છે. અમારો ખુલાસો એ છે કે પૂર્વાચાર્યોના કહેવાનું તાત્પર્ય એ હતું કે એકલું ક્રિયાપદ જ દીપક હોઈ શકે, જ્યારે અમારું કહેવું એવું છે કે ઘણાં કર્તાપદો પણ દીપક હોઈ શકે છે.

આ શ્લોકમાં પ્રીતિ વગેરે પહેલાં હતાં જ નહિ અને મદ વગેરેને લીધે પહેલી જ વાર ઉત્પન્ન થયાં એવું નથી. કારણ, મદ વગેરે પ્રીતિ વગેરેનાં નિયત કારણ નથી. અહીં કવિનો અભિપ્રાય એટલો જ સમજવો જોઈએ કે પ્રીતિ વગેરે પોતે જ અસ્તિત્વ ધરાવતાં હોય છતાં મદાદિ તેમાં કોઈ અપૂર્વ સૌંદર્ય ઉત્પન્ન કરે છે. યૌવનના સંબંધમાં जनयति (ઉત્પન્ન કરે છે) એ ક્રિયાપદનો અર્થ એવો કરવો જોઈએ કે યૌવન એ સ્ત્રીઓના અસાધારણ સૌંદર્યમાં વધારો કરે છે. અથવા આપણે અહીં ज्वलयति (પ્રદીપ્ત કરે છે) એવો પાઠ લેવો. હવે આ ચર્ચાનો ઉપસંહાર કરતાં કહે છે કે—

૨૦

**બીજા પદાર્થો સાથે યથાયોગ્ય રીતે જોડાતા ક્રિયાપદવાળું, તદ્વિદોના હૃદય સાથે સંવાદ સાધનારું અને વર્ણ્ય વિષયની શોભામાં વધારો કરનારું વસ્તુ તે દીપક.**

આમ દીપકનું નિરૂપણ કર્યા પછી સામ્યપ્રધાન રૂપકની ચર્ચા કરે છે.

૨૧, ૨૨

**જે વસ્તુ પોતાનું સ્વરૂપ (બીજાને) અર્પી દઈને સામ્ય વ્યક્ત કરી વર્ણ્ય વસ્તુની શોભાનું કારણ બને તે ઉપચારૈકસર્વસ્વ રૂપક અલંકાર કહેવાય. એના બે પ્રકાર છે: (૧) સમસ્તવસ્તુવિષય અને (૨) એકદેશવિવર્તિ.**

એને સમજાવતાં કહે છે કે વસ્તુ રૂપક કહેવાય. કેવું વસ્તુ? તો કે જે અર્પી દેતું હોય. શું? તો કે પોતાનું રૂપ, એટલે કે વાચ્યનું વાચકાત્મક રૂપ. અહીં અલંકારની વાત છે એટલે સ્વનો સંબંધ અલંકાર સાથે છે. એનો અર્થ એ થયો કે અલંકારરૂપી ઉપમાન વસ્તુ, અલંકાર્ય ઉપમેયને પોતાનું સ્વરૂપ કહેતાં વાચક શબ્દ અર્પે છે, એટલે કે ઉપમેય ઉપર ઉપમાનનો અધ્યારોપ કરવામાં આવે છે. કેવી રીતે? તો કે સામ્ય સૂચવીને. ઉપરાંત, વર્ણ્ય વિષયની શોભાનું કારણ બનીને. અહીં કારણ શબ્દ જનક કે જ્ઞાપકના અર્થમાં નહિ પણ નિમિત્તના અર્થમાં સમજવાનો છે. કેમ કે પહેલાં કહેલા લક્ષણવાળા સામ્યને લીધે જ વર્ણ્ય વસ્તુ સહૃદયોના હૃદયને આનંદ આપનાર થઈ પડે છે. એ સામ્ય કેવું છે? તો કે, ઉપચારૈકસર્વસ્વ. ઉપચાર એટલે ઉપમેય ઉપર ઉપમાનનો આરોપ. એ જ જેનું એકમાત્ર જીવિત છે એવું. કારણ, એને લીધે જ રૂપક રૂપક કહેવાય છે. આ રૂપક અલંકારનો પ્રાણ ઉપચારવક્રતા છે. એ વાત પહેલાં (૨-૧૪) કહેવામાં આવી છે. "જેને (ઉપચારવક્રતાને) લીધે રૂપક વગેરે અલંકારો રસમય બને છે." અને પૂર્વાચાર્યોએ એનું સમર્થન કરેલું છે.

'મુખ ચંદ્ર છે' એ રૂપક અલંકારનો દાખલો છે. અહીં કોઈ એવો પ્રશ્ન પૂછે કે એ બે વિશેષણ વિશેષ્યરૂપ ભિન્ન પદાર્થો સમાનાધિકરણમાં શી રીતે વાપરી શકાય? તો એનો ખુલાસો એ છે કે ચંદ્ર શબ્દ પહેલાં તો સીધી રીતે ચંદ્રમાનો બોધ કરાવે છે, પણ પછી વસ્તુ અને ગુણના નિકટના સંબંધને લીધે અતિશયકાન્તિમત્ત્વ વગેરે ગુણોનો પણ ગુણવૃત્તિથી બોધ કરાવે છે. અને ત્યાર પછી તેને મળતા મુખના ગુણનો પણ બોધ કરાવી મુખનું વિશેષણ બને છે અને સહૃદયોના ચિત્તને ચમત્કારનો અનુભવ કરાવે છે.

ઉપમેય શબ્દ ઉપમાન શબ્દને પણ મર્યાદિત કરે છે, કારણ, એ બેનું પૂરેપૂરું એકત્વ ન્યાયસંગત રીતે સાધી શકાતું નથી. તેથી જ

જ એટલે કે વિશેષણ અને વિશેષ્યના આ સ્વભાવને લીધે જ, વદનચંદ્ર એવા સમાસનું સમર્થન થઈ શકે છે, અને તેથી જ સહૃદયોના હૃદયસંવાદને જોરે 'મુખ ચંદ્ર છે' વગેરે જ માત્ર નહિ પણ 'શું તારુણ્યતરુ તણી –' વગેરે પણ રૂપક છે.

આમ, રૂપકના સામાન્ય લક્ષણનો ઉલ્લેખ કર્યા પછી તેના પ્રકારોની ચર્ચા કરી તેની જ વધુ સમજૂતી આપતાં કહે છે— "સમસ્તવસ્તુવિષય". અર્થાત્ રૂપકનો પહેલો પ્રકાર તે સમસ્તવસ્તુ-વિષય, એટલે કે આખા વસ્તુને વિષય કરતું. અહીં અર્થ એવો છે કે પ્રધાનપણે વાચ્યરૂપે વાક્યમાં કહેવાયેલી બધી જ અલંકાર્ય વસ્તુઓને પોતાનું સૌંદર્ય અર્પી રૂપકે આવરી લેવી જોઈએ. વિશેષણોનો આધાર હમેશાં વિશેષ્યો ઉપર હોય છે, એટલે તેમનું અલંકાર્ય તરીકે સ્વતંત્ર અસ્તિત્વ હોતું નથી અને તેથી આ પ્રકારના રૂપકમાં તેમને સ્થાન હોતું નથી. જેમ કે—

> "વિદ્યુર્વલયરૂપી કક્ષ્યા (હાથીને બાંધવાની સાંકળ) અને બકપંક્તિરૂપી માળા ધારણ કરનાર મેઘોનો ગંભીર ધ્વનિ મારી એ પ્રિયાને દુઃખ આપી રહ્યો છે." (ભામહ, ૨–૨૪) ૮૮

આ શ્લોકમાં વિદ્યુદ્વલ્લીને કક્ષ્યાનું અને બકપંક્તિને માળાનું રૂપ આપવામાં આવ્યું છે, પણ વાદળોને હાથીનું રૂપ આપવામાં આવ્યું નથી, એટલે આ એકદેશવિવર્તિ રૂપક અલંકાર છે, એમ માનવું અત્યંત તર્કસંગત છે. કારણ, અલંકારનું કામ અલંકાર્યને શણગારવા સિવાય બીજું કશું નથી. અમે એને જે પ્રકારનો રૂપક અલંકાર કહ્યો છે, તે ઉપરાંત બીજું કશું એમાં મળતું હોત તો આપણે એને રૂપકના બીજા પ્રકાર(સમસ્તવસ્તુવિષય)નું ઉદાહરણ ગણી શકત, પણ એ વાત જવા દો. બલ્કે, કક્ષ્યા વગેરેનું વિદ્યુદ્વલય વગેરેમાં આરોપણ કર્યું છે, પણ મુખ્ય વર્ણ્ય વિષય જે મેઘ તેમાં હાથીનું આરોપણ કર્યું નથી, એટલે એ દોષ અનિવાર્ય બની જાય છે, તેથી અમે જુદી જ રીતે એનું સમાધાન કરીએ છીએ.

અહીં, ખરું જોતાં, સમસ્તવસ્તુવિષય રૂપકનું દૃષ્ટાંત આપવું જોઈતું હતું તેને બદલે એકદેશવિવર્તિનું કેમ આપ્યું છે, તે સમજાતું નથી. પ્રતમાં પાનાં ઉલટસૂલટ થઈ ગયાં હોય કે કંઈ બીજી ગરબડ હોય એવું લાગે છે.

વળી ભામહે આ દૃષ્ટાંતને એકદેશવિવર્તિનું જ ગણ્યું છે છતાં આ એકદેશવિવર્તિ છે એવું નવેસર પુરવાર કરવાની જહેમત શા માટે ઉઠાવી એ પણ સમજાતું નથી. ઉપરાંત પોતે જુદી રીતે એનું સમાધાન કરે છે એમ કહે છે. તે જુદી રીત પણ સ્પષ્ટ થતી નથી.

અહીં 'જેમકે—'થી માંડીને 'જુદી જ રીતે એનું સમાધાન કરીએ છીએ' સુધીનો ભાગ રદ કરીએ તો આ મુશ્કેલી ટળે અને ચર્ચા બરાબર ચાલતી લાગે.

રૂપકાલંકારનું સારતત્ત્વ એ છે કે પ્રસિદ્ધ સૌંદર્યાતિશય ધરાવતા પદાર્થના સૌંદર્યને લીધે વર્ણ્ય વસ્તુના સાદૃશ્યવાળું પોતાનું સ્વરૂપ અર્પણ કરવાની (ઉપમાનમાં) અને તેનું ગ્રહણ કરવાની (ઉપમેયમાં) શક્તિ શંકાથી પર હોવી જોઈએ. એ શક્તિને લીધે જ 'મુખ ચંદ્ર છે' એ વાકયમાં મુખને જ ચંદ્ર બનાવી દેવામાં આવે છે, એટલે કે મુખ ઉપર ચંદ્રનું આરોપણ થતાં તે ચંદ્રરૂપ બની જાય છે. આમ, આ અલંકાર પદપૂર્વાર્ધવક્રતામાં પડે છે અને એને શબ્દના અર્થ સાથે જ સંબંધ છે, એટલે એ, પહેલાં (૨-૧૨) કરેલી પર્યાયવક્રતામાં અંતર્ભાવ પામે, એટલે અહીં વાકયવક્રતાની ચર્ચા પ્રસંગે એને કદી સ્થાન ન જ મળે — એ સ્થિતિ ટાળવા માટે ગ્રંથકાર કહે છે કે રૂપકના બે પ્રકાર છે: (૧) સમસ્તવસ્તુવિષય અને (૨) એકદેશવિવર્તિ. એમાંથી પહેલામાં વાકયમાંના બધા જ શબ્દાર્થોમાંનો પ્રત્યેક અલંકાર્ય બને છે; અને જયારે એ રીતે પ્રત્યેક પદાર્થ અલંકાર્ય બની ગયો હોય ત્યારે આખું વાકય પણ એક રીતે અલંકાર્ય બની ગયું હોય છે. અને તેનું રૂપાન્તર થઈ ગયું હોય છે. જેમ કે—

"મૃદુતનુલતાના વસંતરૂપ, સુંદર મુખચંદ્રના શુક્લ

પક્ષરૂપ, મન્મથમાતંગના મદરૂપ યૌવનનો આરંભ જય પામે છે.” ૮૯

અહીં જ બીજા પ્રકારનો પણ વિચાર કરે છે — “અને એકદેશવિવર્તિ”. અર્થાત્ રૂપકનો બીજો પ્રકાર તે એકદેશવિવર્તિ. પૂર્વાચાર્યોએ એની સમજૂતી આ પ્રમાણે આપી છે — જે કોઈ એક ભાગને લાગુ ન પડતું હોય અથવા માત્ર અમુક એક ભાગને જ લાગુ પડતું હોય તે એકદેશવિવર્તિ કહેવાય. આ બંને અર્થમાંથી એક જ વસ્તુ ફલિત થાય છે કે જે વાકયના અમુક જ સ્થાનમાં પોતાના રૂપના અર્પણરૂપ રૂપણ કરતું હોય, અને તે પણ કોઈક જ વાર, તે એકદેશવિવર્તિ રૂપક કહેવાય. જેમ કે—

“હિમાચલસુતા કહેતાં પાર્વતીરૂપ લતાએ જેને ગાઢ આલિંગન કર્યું છે એવા શરીરવાળા અને સંસારરૂપી મરુભૂમિના માર્ગના એકમાત્ર કલ્પવૃક્ષ એવા આપને નમસ્કાર હો.” ૯૦

આને એકદેશવિવર્તિ શા માટે કહ્યું છે, તે સમજાતું નથી.

જેમાં વાકયના એક ભાગમાં જ વિવર્ત કહેતાં ફેરફાર કે રૂપાંતર થાય છે તે એકદેશવિવર્તિ રૂપક અલંકારમાં વિશેષણોને જોરે પદાર્થોની શોભા પરાકોટિએ પહોંચે છે. જેમ કે—

“રાગયુક્ત શશીએ ચંચલતારકિત નિશામુખને એ રીતે પકડયું (ચુંબન કર્યું) કે રાગને લીધે પહેલેથી જ આખું તિમિરાંશુક ખરી પડયું તેની ખબરે ન પડી.”

આ શ્લોકમાં ‘તિમિરાંશુક’ એ એકદેશવિવર્તિ રૂપક છે. બાકીનું ચંદ્રને પ્રેમીનું અને રાત્રિને પ્રેમિકાનું આપવા ધારેલું રૂપક, શ્લેષયુક્ત વિશેષણો અને વિશિષ્ટ લિંગના જ જોરે વ્યંજનાથી વ્યક્ત થયું છે. એને જો શબ્દમાં મૂકયું હોત તો નકામી પુનરુક્તિ થાત અને ગ્રામ્યતાનો દોષ આવત. તેથી

## ૨૩

**વિદ્વાનો અલંકારના આત્માને ત્રણ પ્રકારનો માને છે: (૧) વાચ્ય, (૨) શબ્દશક્તિથી સમજાતો એટલે કે સૂચિત અને (૩) પ્રતીયમાન.**

એમાંથી વાચ્યનો દાખલો આ પહેલાં સમસ્તવસ્તુવિષય રૂપકનો આપ્યો જ છે. બીજા પ્રકારનું ઉદાહરણ એકદેશવિવર્તિ રૂપકનું "રાગયુક્ત શશીએ" વગેરે છે, અને પ્રતીયમાનનું ઉદાહરણ—

> "હે ચંચળ અને દીર્ઘ નેત્રોવાળી, લાવણ્ય અને કાન્તિથી દિશાઓને ભરી દેનાર તારું મુખ, અત્યારે મંદ મંદ સ્મિત કરી રહ્યું છે, છતાં સાગરમાં લગારે ક્ષોભ પેદા થતો નથી એટલે હું માનું છું કે એ કેવળ જળ(ડ)નો રાશિ છે." (ધ્વન્યાલોક, ૨–૨૭) ૯૧

આ શ્લોકમાં તારું મુખ ચંદ્ર છે એવું પ્રતીયમાન રૂપક કવિએ યોજ્યું છે. રૂપકના આ બે પ્રકારો — એકદેશવિવર્તિ અને અનેકદેશવિવર્તિ — દીપકના જેવું જ દીપકત્વ કહેતાં બીજા પદાર્થને દીપાવવાની શક્તિ ધરાવે છે માટે એમનું નિરૂપણ દીપક પછી તરત કર્યું છે. હવે એની નવી શોભા બતાવવા માટે એને બીજી રીતે વર્ણવે છે—

## ૨૪

**કવિઓ પ્રતિભાને જોરે બીજા અલંકારની યોજના કરી તેની સહાયથી રૂપકને રમણીયતાની કોઈ અપૂર્વ કોટિએ પહોંચાડે છે.**

એને સમજાવતાં કહે છે કે એ જ રૂપક અલંકારને કવિઓ કોઈ અલૌકિક વક્રતા કહેતાં સૌંદર્યની પરાકોટિએ પહોંચેલી રમણીયતાએ પહોંચાડે છે. એટલે તે જ પરમ તત્ત્વ હોય એમ લાગે છે. એ રૂપક અલંકાર કેવો? તો કે બીજા અલંકારના ઉલ્લેખની સહાયવાળો, એટલે કે સસંદેહ, ઉત્પ્રેક્ષા વગેરે બીજા અલંકારના

ઉલ્લેખની જેને સહાય મળી છે એવો. અહીં સહાય એટલે કાવ્ય-શોભા ઉત્પન્ન કરવામાં સહકાર. શાનાથી પહોંચાડે છે? તો કે પ્રતિભાને જોરે. કવિઓ એવા અલૌકિક વિષયમાં એનો એટલે કે રૂપક અલંકારનો ઉપયોગ કરે છે, જેમાં, એવી પ્રથા ન હોવાને કારણે, જાણે એ સિદ્ધ વસ્તુ હોય એમ વ્યવહાર કરવો એ સાહસ જેવું લાગે. પરંતુ બીજા અલંકારની રૂપકના સહાયક તરીકે યોજના કરવાથી સહૃદયોના હૃદયસંવાદને કારણે સુંદર એવી પરમ રમણીયતા તેમાં ઉત્પન્ન થાય છે. જેમ કે—

> "જાણે ગગનરૂપી સર્પે ઉતારી નાખેલી કાંચળી જેવું, જાણે આકાશરૂપી વિટની લીલાલલાટિકા જેવું...." (હર્ષ-ચરિત પૃ. ૧૯) ૯૨

અહીં 'કવિપ્રતિભાના જોરે' એમ કહેવાનો અભિપ્રાય એ છે કે લોકોત્તર સૌંદર્યાતિશયવાળા વર્ણનીય વસ્તુનું બીજી રીતે વર્ણન કરવું જ અશકય હોય છે. આમ, અહીં રૂપક અલંકારની રેખા સ્પષ્ટ દેખાતી હોવા છતાં આપણે બેધડક એને શુદ્ધ રૂપકનું ઉદાહરણ કહી શકતા નથી, કારણ, એવી પ્રથા નથી. પણ અમને આ વર્ણનીય વસ્તુમાં રૂપક અલંકારની રેખા સ્પષ્ટ દેખાય જ છે એટલે અમે અહીં ઉત્પ્રેક્ષા નામના બીજા અલંકારની સહાય છે એવો ઉલ્લેખ કર્યો છે. અથવા જેમ કે—

> "શું તારુણ્યતરુતણી." ૯૩

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૯૨મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૭૯).

અહીં પણ એ જ ન્યાય લાગુ પડે છે, ફેર એટલો કે અહીં બીજો અલંકાર સસંદેહ છે. કવિને એમ લાગે છે કે પોતે જેનું વર્ણન કરી રહ્યો છે તે નાયિકાનું સૌંદર્ય એટલું તો અસાધારણ અને સર્વોત્કૃષ્ટ છે કે બીજી કોઈ રીતે તેનું પૂરું વર્ણન કરી જ ન શકાય. અહીં મુખચંદ્ર જેવું ચવાઈ ગયેલું રૂપક તો ચાલે જ

નહિ. એટલે કવિએ અહીં સસંદેહ અલંકાર વાપર્યો છે. તેનો વ્યંગ્યાર્થ એ છે કે મારું મન એ સુંદરીને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયું છે અને તેને એવો સંદેહ જાગે છે કે 'આ વસ્તુ ખરેખર શું હશે?' અમારું આ અર્થઘટન તદ્વિદો પણ પોતાના અનુભવથી પ્રમાણશે એવી આશા છે.

કેટલાક રૂપકરૂપક નામે એક નવો પ્રકાર ગણાવે છે અને તેનું ઉદાહરણ નીચેનું આપે છે—

"ભ્રૂલતા નર્તકી." ૯૪

પણ એ સ્વીકારી ન શકાય. કારણ, એની કોઈ વિશેષતા નથી. અને માત્ર નવું ઉદાહરણ આપવાથી નવો અલંકાર થઈ ગયો એમ માનવું યોગ્ય નથી. એ રીતે તો રૂપકની વ્યાખ્યાઓ અનંત બની જશે અને એમ કરવાથી રૂપકના બીજા અનેક પ્રકારો સંભવશે અને પરિણામે અનવસ્થા પેદા થશે.

આમ રૂપકનો વિચાર કર્યા પછી તેના જેવા સામ્યઆધારિત અપ્રસ્તુતપ્રશંસા અલંકારનું નિરૂપણ કરે છે—

## ૨૫, ૨૬

**જ્યારે અપ્રસ્તુત એવો કોઈ પદાર્થ કે વાક્યાર્થ સામ્યને કે બીજા કોઈ સંબંધને લીધે પ્રસ્તુતની શોભાનું કારણ બની મુખ્ય વર્ણ્ય વિષય બની જાય ત્યારે તેને અપ્રસ્તુતપ્રશંસા અલંકાર કહે છે.**

વિદ્વાનો એને અપ્રસ્તુતપ્રશંસા નામે અલંકાર કહે છે. કોને? તો કે જેમાં અપ્રસ્તુત એટલે કે અવિવક્ષિત પદાર્થને પણ વર્ણનનો વિષય બનાવવામાં આવે છે. શી રીતે? તો કે પ્રસ્તુત કહેતાં વિવક્ષિત અર્થની શોભામાં વધારો કરીને.

પ્રસ્તુત પદાર્થ બે પ્રકારનો હોય છે: (૧) વાક્યમાંના શબ્દમાત્રથી સિદ્ધ થતો, અને (૨) આખા વાક્યમાં વ્યાપેલો અને પોતાના વિવિધ પ્રકારના સ્વાભાવિક સૌંદર્યથી યુક્ત હોઈ પ્રધાનરૂપે રહેલો. એ બંને પ્રકારના પ્રસ્તુત અર્થને પ્રતીયમાન રૂપે

મનમાં રાખીને તેની શોભામાં વધારો કરવા માટે બીજા અપ્રસ્તુત પદાર્થને આ અલંકારમાં કવિઓ મુખ્ય વર્ણ્ય વિષય બનાવી દે છે.

કેવી રીતે? તો કે સામ્યને આધારે. અહીં સામ્ય એટલે ઉપર કહેલું રૂપકાલંકારને ઉપકારક એવું સામ્ય. તેને આધારે. અથવા કાર્યકારણભાવાદિ બીજા કોઈ સંબંધને આધારે. "વાક્યાર્થને" એટલે કે પરસ્પર અન્વિત શબ્દસમુદાયરૂપ વાક્યના અર્થરૂપ અસત્ય એટલે કે કલ્પિત અર્થને સામ્ય કે બીજા કોઈ સંબંધને આધારે પ્રસ્તુતની શોભા વધારવા માટે મુખ્ય વર્ણ્ય વિષય બનાવવામાં આવે ત્યાં અપ્રસ્તુતપ્રશંસા નામે અલંકાર કહેવાય.

સામ્યને આધારે વાક્યમાંના અપ્રસ્તુત પદાર્થની પ્રશંસાનું ઉદાહરણ—

> "આ કઈ જુદા જ પ્રકારની લાવણ્યની સરિતા છે, જેમાં ચંદ્રની સાથે કમળો તરે છે, હાથીનાં કુંભસ્થળો ઊપસી આવે છે, અને જેમાં જુદી જ જાતનાં કેળનાં થડ અને મૃણાલના દંડ નજરે પડે છે!" (ધ્વન્યાલોક ૩–૩૪) ૯૫

આ શ્લોકમાં સામ્યને આધારે વાક્યમાંનાં પદોમાંની અપ્રસ્તુતપ્રશંસા દ્વારા કવિને વિવક્ષિત મુખ્ય પદાર્થની પ્રતીતિ કરાવવામાં આવી છે.

સામ્યને આધારે આખા વાક્યમાં રહેલી અપ્રસ્તુતપ્રશંસાનું ઉદાહરણ—

> "એને પોતાને જ છાયા મળતી નથી, પછી બીજાને તો એ છાયા આપે જ ક્યાંથી? ગ્રીષ્મના તાપરૂપી આપત્તિમાં એની નીચેની ભૂમિ ઉપર શીતળ વાયુનો સ્પર્શ પણ ક્યાંથી મળે? એને સો વર્ષ વીત્યા પછી ફળ આવશે એવી જે વાત છે તે માત્ર વાત જ છે; એ તાડની ઊંચાઈથી આપણે

મૂર્ખાઓ કેટલા લાંબા સમય સુધી છેતરાતા રહ્યા?"
(સુભાષિતાવલી, ૮૨૧) ૯૬

બીજા સંબંધને આધારે વાક્યમાંના અપ્રસ્તુત પદાર્થની પ્રશંસાનું ઉદાહરણ—

"સીતાની હાજરીમાં ચંદ્ર ઉપર જાણે મેશ ચોપડાઈ ગઈ છે, મૃગલીઓની દૃષ્ટિ જાણે જડ થઈ ગઈ છે, વિદ્રુમલતાની લાલી જાણે ઝાંખી થઈ ગઈ છે, સોનાની કાન્તિ જાણે કાળી પડી ગઈ છે, કોયલના કંઠ જાણે કર્કશ થઈ ગયા છે, અને મોરનાં પીછાં પણ જાણે વિરૂપ લાગે છે."
(રાજશેખરનું બાલરામાયણ, ૧-૪૨) ૯૭

આ શ્લોકમાં ચંદ્ર વગેરે ઝાંખા પડી જવાનું કારણ સીતાના અત્યંત સુંદર અને મનોહર મુખ વગેરે અવયવોનો સમૂહ છે. અને તે, પ્રસ્તુત વસ્તુના અંગભૂત બીજા (ઉત્પ્રેક્ષા) અલંકારની યોજનાની મદદથી પ્રસ્તુતની પ્રશંસામાં ભળી તેના ઉત્કર્ષની પ્રતીતિ કરાવે છે.

એ જ રીતે બીજા સંબંધને આધારે આખા વાક્યવ્યાપી અપ્રસ્તુતપ્રશંસાનું ઉદાહરણ—

"કામદેવ બાણુને અડે છે, ધનુષ ઉપર નજર નાખે છે, પ્રિયતમાના સ્મિતભર્યા મુખ તરફ નિહાળે છે, વસંતને કંઈક કહે છે, અને હું પૃથ્વી ઉપર વિજય મેળવવા નીકળ્યો છું એમ માની ખુશ થતો થતો નાયિકાનાં અંગોને સ્પર્શે છે." ૯૮

આ શ્લોકમાં બીજી કોઈ રીતે વર્ણવી ન શકાય એવો તરુણીના તારુણ્યનો ઉદય પ્રસ્તુત વર્ણ્ય વિષય છે. પણ તેને બદલે તેના નિમિત્તરૂપ કામદેવની ચેષ્ટાઓનું વર્ણન કરીને કાર્યકારણ સંબંધને આધારે તેની વ્યંજનાથી પ્રતીતિ કરાવી છે.

અસત્યભૂત વાક્યાર્થના તાત્પર્યરૂપે જ્યાં પ્રસ્તુતની પ્રશંસા ધ્વનિત થતી હોય એવું ઉદાહરણ—

"એવું કશું નથી જે અવિરત પ્રવાસી કાળપથિકની નિયતિરૂપ પત્નીએ પોતાના પતિના પાથેય તરીકે ન બંધાવ્યું હોય." ૯૯

આ શ્લોકમાં અપ્રસ્તુતપ્રશંસાના ત્રણે આધારો — સામ્ય, કાર્યકારણસંબંધ અને સામાન્યવિશેષ સંબંધ — ઘટાવી શકાય એમ છે. પ્રસંગ પ્રહસ્તના વધના સમાચાર આપવાનો છે. જો અભિધાથી સીધેસીધું કહે તો તે અનુચિત લાગે માટે માત્ર અલંકાર મારફતે જ કામ પતાવ્યું છે.

આમ, કવિઓ આ અપ્રસ્તુતપ્રશંસાનો બહોળો ઉપયોગ કરતા જોવામાં આવે છે. તેથી સહૃદયોએ જાતે જ એ સમજી લેવું.

પ્રશંસા શબ્દ અહીં વિપરીત લક્ષણાથી ઊલટા જ એટલે કે નિંદાના અર્થમાં વપરાય છે, અથવા ફક્ત વર્ણન એવા અર્થમાં વપરાય છે.

આમ, અપ્રસ્તુતપ્રશંસાનો વિચાર કર્યા પછી, જે વિવક્ષિત અર્થના પ્રતિપાદન માટે બીજા પ્રકારના કથનરૂપ હોઈ લગભગ અપ્રસ્તુતપ્રશંસા જેવી શોભાવાળો અલંકાર છે તેની ચર્ચા કરે છે—

૨૭

**બીજા વાક્યથી કહી શકાય એવું વસ્તુ, સૌંદર્ય સાધવા માટે, તેનાથી જુદા જ વાક્ય વડે કહેવામાં આવે ત્યારે પર્યાયોક્ત અલંકાર કહેવાય.**

અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે 'તો પછી પર્યાયવક્રતા કરતાં એમાં વિશેષ શું છે?' તો જવાબ એ કે પર્યાયવક્રતામાં વાચ્ય-વિષય કેવળ પદાર્થ (શબ્દાર્થ) જ હોય છે, જ્યારે પર્યાયોક્તમાં વાક્યાર્થ પણ અંગરૂપે વિષય બને છે. એટલે પર્યાયોક્તનો અલગ

નિર્દેશ કર્યો છે. ઉદાહરણ જેમ કે—

"(વિષ્ણુએ) ચક્રના પ્રહારરૂપી અમોઘ આદેશ દ્વારા, રાહુની પત્નીઓના સુરતોત્સવને આલિંગનના ઉદ્દામ વિલાસ વગરનો અને જેમાં ચુંબન માત્ર જ અવશેષ રહ્યું છે એવો બનાવી દીધો." (ધ્વન્યાલોક, ૨–૧૯) ૧૦૦

એ જ રીતે—

## ૨૮

**જ્યારે પ્રસ્તુત વસ્તુની શોભા વધારવા માટે વાકયરૂપે નિંદા હોય અને વ્યંગ્યરૂપે સ્તુતિ હોય ત્યારે વ્યાજસ્તુતિ અલંકાર કહેવાય.**

જેમ કે—

"હે રાજન, શેષનાગ આજે પણ પોતાની હજારો ફણા વડે પૃથ્વીનો ભાર ઉપાડવાને મથી રહ્યો છે, અને ભગવાન વિષ્ણુ પોતે વિશ્વને કાયમ રાખવા માટે ઉજાગરા વેઠે છે; તમે જે કંઈ કર્યું છે તેમાં અસાધારણ કે અભિમાન લેવા જેવું કશું નથી; હજી સુધી એ બે જણને એક ક્ષણનો પણ આરામ મળ્યો નથી એ તે કેવું કહેવાય!" ૧૦૧

અથવા જેમ કે—

"ચંદ્રમાંનું કલંક...." ૧૦૨

આ શ્લોક આ જ ઉન્મેષમાં ૪૮મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૨૧૪).

જ્યાં આથી ઊલટું હોય એટલે કે વાચ્ય સ્તુતિ હોય અને વ્યંગ્ય નિંદા હોય ત્યાં પણ આ જ એટલે કે વ્યાજસ્તુતિ અલંકાર જ ગણાવો. જેમ કે—

"હે વારાંનિધિ...." ૧૦૩

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૯૦મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૭૮).

અથવા જેમ કે—

"બીજા વૃક્ષનું નામ પણ–" ૧૦૪

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૯૧મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૭૮).

અથવા જેમ કે—

"હે મરુકૂપ, દિવસ પૂરો થયો છે, અમે થાકી ગયા છીએ. તારો ઉપકાર એવો મોટો છે કે શરમના માર્યા અમે કહી શકતા નથી. મુસાફરોના પુણ્યથી તારું પાણી કદી ખૂટો નહિ, અને તારા કાંઠે ઊગેલું શમીનું વૃક્ષ છાંયો આપતું રહો." (જલ્લણની સૂક્તિમુક્તાવલી, પૃ. ૧૧૯) ૧૦૫

આ શ્લોકમાં સ્તુતિ શબ્દ પહેલાંનાં ઉદાહરણની પેઠે વિપરીત લક્ષણાથી નિંદાના અર્થમાં પણ લઈ શકાય.

આમ, વ્યાજસ્તુતિ સમજાવીને, આરંભ અને ઉપસંહાર એકસરખા હોવાને કારણે ઉપમા જેવો જ હોવાથી ઉત્પ્રેક્ષા અલંકારની વાત કરે છે.

૨૯

**સંભાવનાને આધારે કરેલા અનુમાનથી, સાદૃશ્યથી અથવા એ બંનેથી, વર્ણ્ય વસ્તુની અસાધારણ શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી,**

૩૦

**વાચ્યવાચકની શક્તિથી જેનો અર્થ આક્ષિપ્ત થયો છે એવા, 'ઉપમેય ઉપમાન જેવું છે' અથવા 'ઉપમેય ઉપમાન જ છે' એવું પ્રતિપાદન કરનાર ઇવાદિ શબ્દો વડે, વાચક વગર જ એટલે કે વ્યંજનાથી**

## ૩૧

**સારી રીતે વર્ણવવા ધારેલા વાકયાર્થ સાથે તેનાથી જુદો જ અર્થ જોડવો તેને કાવ્યતત્ત્વજ્ઞો ઉત્પ્રેક્ષા અલંકાર કહે છે.**

એને સમજાવતાં કહે છે કે સારી રીતે વર્ણવવા ધારેલા વાકયાર્થ સાથે તેનાથી જુદો જ અર્થ જોડવો તે ઉત્પ્રેક્ષા. વર્ણ્ય વસ્તુ અનેક શબ્દોના બનેલા વાકયના અર્થરૂપ હોય છે. તેની સાથે તેનાથી જુદો જ અર્થ એટલે કે બીજા જ વાકયના તાત્પર્યરૂપ અર્થ જોડવો તે ઉત્પ્રેક્ષા. જેમાં ઉત્પ્રેક્ષા એટલે કે કલ્પના કરવામાં આવી હોય તે ઉત્પ્રેક્ષા એવી એની વ્યુત્પત્તિ આપી શકાય. કયા સાધનથી ? તો કે સંભાવનાને આધારે કરેલા અનુમાનથી. એટલે કે સંભાવ્ય અર્થના અનુમાનથી. એનો અર્થ એ કે વર્ણ્ય વસ્તુને તેના જેવાં જ કાર્ય કરતી બીજી વસ્તુમાં પલટી નાખવી, અર્થાત્ ઉપમેયને ઉપમાનનું રૂપ આપી દેવું.

આ ઉત્પ્રેક્ષા બીજી રીતે પણ સંભવે છે. કઈ રીતે ? તો કે સાદૃશ્યથી. સામ્યને આધારે પણ વિવક્ષિત વાકયાર્થ સાથે તેનાથી જુદા જ વાકયાર્થને જોડવો તે પણ ઉત્પ્રેક્ષા કહેવાય.

સાદૃશ્ય બે પ્રકારનું સંભવે છે: (૧) વાસ્તવિક અને (૨) કાલ્પનિક. એમાંથી વાસ્તવિક સાદૃશ્ય એ ઉપમાદિનો વિષય છે અને કાલ્પનિક સાદૃશ્ય ઉત્પ્રેક્ષાનો વિષય છે, કારણ, એનાથી વિશેષ સૌંદર્ય સધાય છે.

બે વસ્તુના અસ્તિત્વ વગર સાદૃશ્ય સંભવતું નથી, તેમ જ પ્રસ્તુત વસ્તુથી જુદી બીજી કોઈ પ્રસ્તુત વસ્તુ (કાવ્યરચના પ્રસંગે) સંભવતી નથી. સાદૃશ્યને જો ધર્મ માનીએ તો ધર્મ તો પરાશ્રિત હોય છે. એટલે કેવળ (એટલે કે નિરાધાર) ધર્મની કલ્પના તર્કસંગત નથી. તેથી તેના આશ્રય તરીકે બીજી કોઈ વસ્તુની કલ્પના કરવી પડે. તે કઈ હોઈ શકે એનો કોઈ નિયમ નથી. એટલે ગમે તે એક કલ્પી લઈએ તો પછી એનો અંત જ ન આવે અને અનવસ્થા

પેદા થાય. અને એ ગુણ સાથે સંગતિ ન સધાય તો એની પ્રતીતિ જ થઈ ન શકે. એટલે સહૃદયોએ પોતાના અનુભવને આધારે સ્વીકારવું જ રહ્યું કે અહીં અંતે સાદૃશ્યના આધારભૂત કોઈ કાલ્પનિક ધર્મીની કલ્પના કરવી જ પડે. એટલે એવા કલ્પિત ધર્મીના સાદૃશ્યથી એમ અહીં કહેવું છે.

આ બે ઉપરાંત, ખોટું હોવા છતાં પરંપરાને અનુસરીને અમે જણાવ્યું છે કે ત્રીજી રીતે પણ ઉત્પ્રેક્ષા સધાય છે, અને તે "અથવા બંનેથી" એમ કહીને નિર્દેશી છે. બંને એટલે સંભાવના આધારિત અનુમાન અને સાદૃશ્ય. એ બંને કારણો ભેગાં થવાને કારણે પણ પ્રસ્તુત અર્થની સાથે તેનાથી જુદા જ અર્થને જોડવામાં આવે ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર ગણાય. આ ત્રણે પ્રકારે ઉત્પ્રેક્ષાની યોજના કયા અભિપ્રાયથી કરવામાં આવે છે? તો કે વર્ણ્ય વિષયની અસાધારણ શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી. અર્થાત્ કવિ પોતાના વર્ણ્ય વિષયને અસાધારણતાની પરાકોટિએ પહોંચાડવા ઇચ્છતો હોય છે તેથી. એ કેવી રીતે કરે છે? તો કે 'આ (ઉપમેય) તેના (ઉપમાનના) જેવું છે' અથવા 'આ (ઉપમેય) તે (ઉપમાન) જ છે' એ બે રીતે. તેના જેવું એટલે અપ્રસ્તુતના જેવું. વર્ણ્ય વસ્તુની અસાધારણતાનું પ્રતિપાદન કરવા માટે અપ્રસ્તુત સાથેના સાદૃશ્યની યોજના કરવામાં આવે છે. અને 'આ તે જ છે' એટલે પ્રસ્તુત વસ્તુ અપ્રસ્તુત વસ્તુ જ છે — એમ, અપ્રસ્તુતનો પ્રસ્તુત ઉપર અધ્યારોપ વર્ણ્ય વિષયની અસાધારણતાની પરાકોટિની પ્રતીતિ કરાવવા માટે કરવામાં આવે છે. આ ઉત્પ્રેક્ષા શાના વડે દર્શાવવામાં આવે છે? તો કે ઇવાદિ વડે. એટલે કે इव (मन्ये, शंके, ध्रुवम्, प्रायो, नूनम्) વગેરે ઉત્પ્રેક્ષાદ્યોતક શબ્દો યોગ્ય રીતે યોજીને. હવે બીજી રીત બતાવે છે. "વાચ્યવાચકના સામર્થ્યથી જેમનો અર્થ આક્ષિપ્ત થતો હોય એવા ઇવાદિથી" અર્થાત્ ઇવાદિ શબ્દો વાપરીને અથવા તેમને વ્યંગ્ય રાખીને.

સંભાવનામૂલક અનુમાનથી થતી ઉત્પ્રેક્ષાનું ઉદાહરણ—

"માથા પરના પુષ્પહારથી લોભાઈ કાન પાસે આવીને ભ્રમરોએ ગુંજારવ કર્યો તે જાણે રાજાઓને મોહ પમાડવાનો મંત્ર કામદેવે તેને શીખવ્યો." ૧૦૬

કાલ્પનિક સાદૃશ્યવાળી ઉત્પ્રેક્ષાનું ઉદાહરણ—

"જાણે ત્ર્યંબક શિવનું રોજ રોજ ઢગલો થતું રહેલું અટ્ટહાસ્ય." (મેઘદૂત–૫૮) ૧૦૭

અથવા—

"જાણે ગગનરૂપી સાપે ઉતારી નાખેલી કાંચળી જેવી." (હર્ષચરિત, પૃ. ૧૯) ૧૦૮

આ વાક્ય ઉદાહરણ ૯૨મા તરીકે આ જ ઉન્મેષમાં આવી ગયું છે (પૃ. ૨૪૩).

વાસ્તવિક સાદૃશ્યવાળી ઉત્પ્રેક્ષાનું ઉદાહરણ—

પ્રાકૃત ગાથાનો પાઠ ભ્રષ્ટ હોવાથી ડૉ. ભાયાણીએ કલ્પેલી ખંડિત છાયા ઉપરથી એ ગાથાનો અર્થ કંઈક આવો લાગે છે :

તે બાલા કિસલય જેવા કાન સુધી પહોંચતાં, સુંદર પાંપણોવાળાં અને ચંચળ કીકીઓવાળાં પોતાનાં નયનોને કારણે સુંદર અંબુજલીલા પ્રગટ કરી રહી છે. ૧૦૯

બંનેને આધારે થયેલી ઉત્પ્રેક્ષાનું ઉદાહરણ—

તેણે દૂરથી પોતાના શત્રુના લોહીથી ખરડાયલા ખડ્ગ જેવી તીક્ષ્ણ અને રાતી આંખો મધુરિપુ કૃષ્ણ ઉપર માંડી. ૧૧૦

[લોકમાં તીક્ષ્ણ બાણ વગેરે પદાર્થો અંગ ચીરી નાખી લોહીથી ખરડાયેલા જોવામાં આવે છે, તે ઉપરથી તેના સાદૃશ્યને લીધે નયનયુગલની તીક્ષ્ણતા અને લીલાને કારણે પ્રસ્તુત વસ્તુનો ધર્મ અપ્રસ્તુત વસ્તુના ધર્મ તરીકે સંભવી શકે એવું અનુમાન કરેલું છે એટલે અહીં સાદૃશ્ય અને અનુમાન બંનેને અધારે થયેલી ઉત્પ્રેક્ષા છે. (કલ્પલતાવિવેક, પૃ. ૨૫૨)]

અથવા જેમ કે—

"તેના ક્ષણના વિરહથી પણ રમણીઓના હૃદયમાંથી એવા સુરભિત નિસાસા નીકળે છે કે જાણે તેમના હૃદયમાંથી કુસુમબાણ ખેંચી લીધા પછી બાકી રહેલા તેના મકરંદનાં બિંદુ ન હોય!" (ગઉડવહો, ૭૪૮) ૧૧૧

વાસ્તવિક સાદૃશ્યવાળી ઉત્પ્રેક્ષાનું ઉદાહરણ—

"ખીલેલાં સુંદર ફૂલોના ગુચ્છાને લીધે લચી પડેલી મનોહર આમ્રલતાને મૃગનયનીએ હલાવી તે જાણે વિરહિણીઓને મૃદુતાથી મર્દન કરનાર કામદેવ પોતાના પુષ્પચાપને હલાવી ધમકી આપતો હોય એવું લાગે છે." ૧૧૨

અહીં કવિએ વર્ણ્ય વિષયથી જુદી બીજી કોઈ વસ્તુનું કથન કર્યું છે એટલે અહીં અપહ્નુતિ અલંકાર છે એવી ભ્રાંતિમાં ન પડવું. કારણ, અપહ્નુતિના પ્રગટ થવાના મૂળમાં ઉત્પ્રેક્ષા રહેલી છે, અને નહિ કે ઉત્પ્રેક્ષાના મૂળમાં અપહ્નુતિ, એ વાત થોડી જ વારમાં (અપહ્નુતિની ચર્ચા વખતે) સ્પષ્ટ થશે.

इव વગેરે વાચક શબ્દો વિના 'આ તેના જેવું છે' એવું પ્રતિપાદન કરતી ઉત્પ્રેક્ષાનું ઉદાહરણ—

"ચંદન વૃક્ષને વળગેલા સર્પોના નિઃશ્વાસના વાયુથી મૂર્ચ્છિત થયેલો મલય પવન વસંત ઋતુમાં પ્રવાસીઓને મૂર્ચ્છા પમાડે છે." (ધ્વન્યાલોક, ૨-૨૭) ૧૧૩

અથવા જેમ કે—

"હે દેવી, જો, ચંદ્રની શોભાનો તિરસ્કાર કરનાર તારા વદનકમળથી પરાજિત થયેલાં કમળો એકાએક ઝાંખાં પડી જાય છે." (રત્નાવલી, ૧-૨૫) ૧૧૪

આ શ્લોક બીજા ઉન્મેષમાં ૪૪મા દૃષ્ટાંત તરીકે આવી ગયો છે (પૃ. ૧૩૨).

અથવા જેમ કે—

"હે ભીરુ, તને રાક્ષસ(રાવણ) જે માર્ગે થઈને લઈ જતો હતો તે માર્ગ, બોલવાને અશક્ત એવી આ લતાઓએ (રાવણ જે દિશામાં ગયો હતો તે દિશામાં) વળેલાં પાંદડાં-વાળી પોતાની ડાળીઓ વડે મને કૃપા કરીને બતાવ્યો હતો."
(રઘુવંશ, ૧૩-૨૪) ૧૧૫

આ શ્લોક બીજા ઉન્મેષમાં ૮૦મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૧૫૨).

'આ તે જ છે' એવું વાચક વિના સૂચિત થતું હોય તેવી ઉત્પ્રેક્ષાનું ઉદાહરણ—

"બ્રહ્માએ પોતે જે કમળ ઉપર બેઠા હતા તેની પાંદડીઓ એકે એકે ઊંચી કરી ઓરડી બનાવી દીધી;"
(બાલરામાયણ, ૭-૬૬) ૧૧૬

આ શ્લોક પૂરેપૂરો પહેલા ઉન્મેષમાં ઉદાહરણ ૧૦૨ તરીકે આવી ગયો છે (પૃ. ૮૫).

હવે આ ઉત્પ્રેક્ષાનો જ બીજો એક પ્રકાર બતાવે છે—

૩૨

**નિષ્ક્રિય વસ્તુમાં પણ તેના સ્વભાવને અનુરૂપ એવી ક્રિયાનું કર્તૃત્વ, જોનારને એમ લાગે છે માટે, આરોપવામાં આવે ત્યારે ઉત્પ્રેક્ષાનો એક બીજો પ્રકાર થાય.**

ઉત્પ્રેક્ષાનો આવો પણ એક પ્રકાર જોવામાં આવે છે, જેમાં ક્રિયાનું કર્તૃત્વ આરોપવામાં આવે છે. શામાં? તો કે કોઈ વસ્તુમાં, જે નિષ્ક્રિય હોય છતાં. કર્તૃત્વ કેવું? તો કે વસ્તુના સ્વભાવને અનુરૂપ. શાથી આરોપવામાં આવે છે? તો કે જોનારને એમ લાગે માટે. "વર્ણ્ય વસ્તુના અતિશયનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી 'આ તેના જેવું છે' અથવા 'આ તે જ છે' એમ કહેતા વાચક વગર જ" એ વાક્યખંડ અહીં પણ સમજી લેવો.

ઉદાહરણ—

"અંધકાર જાણે અંગોને લીંપે છે, આકાશ જાણે કાજળ વરસાવે છે." (મૃચ્છકટિક, ૧-૩૪) ૧૧૭

અથવા જેમ કે—

"અંગો ઊછળતા સ્વચ્છ લાવણ્યના સાગરમાં તરતાં લાગે છે...." ૧૧૮

આ શ્લોક બીજા ઉન્મેષમાં ૯૧મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૧૫૭).

અથવા જેમ કે—

"ચંદ્રિકા આકાશમાં જાણે કે સરે છે, કુમુદોમાં જાણે કે વૃદ્ધિ પામે છે, સ્રીઓના પાકટ બરુના થડ જેવા પાંડુ ગાલોમાં જાણે પ્રતિબિંબિત થાય છે, પાણીમાં જાણે વિકસે છે, સુધાધવલ ભવનોમાં જાણે હસે છે અને પવનમાં ફડફડતી ધજાના પટમાં જાણે ફરફરે છે." ૧૧૯

ઉત્પ્રેક્ષાના ઇવાદિ વાચકોની યાદી દંડીએ આપેલી છે એટલે અહીં ફરી આપતા નથી. એ ઉત્પ્રેક્ષા, વર્ણનીય વસ્તુના સ્વભાવને અનુરૂપ હોવાથી સુંદર લાગતી કોઈ અપૂર્વ વિશેષતાને પ્રગટ કરે છે. કવિપ્રતિભાના સારના જ બીજા પર્યાય જેવા અન્ય કેટલાક અલંકારો છે, તેમના પણ સારરૂપ આ ઉત્પ્રેક્ષા અલંકાર અને તે બધાના મૂળમાં રહી નવા નવા અલંકારોની કલ્પનાનું કારણ બને છે, અને અલંકારોની વિવિધ સૌંદર્યછટાનો આધાર એ જ છે.

બીજા અલંકારોની સૌંદર્યસંપત્તિ હરી લઈને ઉત્પ્રેક્ષા બધાના જીવિત તરીકે પ્રકાશે છે. ૧૨૦

આ અંતરશ્લોક છે.

આ રીતે ઉત્પ્રેક્ષાને સમજાવીને એની સાથે સૌંદર્યાતિશયનું સાદૃશ્ય હોવાથી ક્રમપ્રાપ્ત અતિશયોક્તિ અલંકાર રજૂ કરે છે—

## ૩૩

**જેમાં સહૃદયોને આનંદ આપે એવા વર્ણનીય પદાર્થના ધર્મોના કોઈ અતિશયનું સૌંદર્યપૂર્વક પ્રતિપાદન કરવામાં આવે તે બધા અલંકારોના જીવિતરૂપ અતિશયોક્તિ અલંકાર કહેવાય.**

આને સમજાવતાં કહે છે કે તે અતિશયોક્તિ કહેવાય. કઈ? તો કે જેમાં પ્રસિદ્ધ લોકવ્યવહારને ટપી જાય એવી કોઈ પરાકાષ્ઠાએ પહોંચેલી વિશેષતાનું સૌંદર્યપૂર્વક એટલે કે વૈદગ્ધ્યભંગિથી વર્ણન કરવામાં આવે તે. શાનું? તો કે વર્ણનીય પદાર્થના ધર્મોનું અર્થાત્ તેના સ્વભાવ સાથે સંબંધ ધરાવતી વિશેષતાઓનું. એ વિશેષતા કેવી? તો કે કાવ્યવિદોને આનંદ આપે એવી. કારણ, સહૃદયોને આનંદ આપે એવી પદાર્થની સુંદરતા એ જ કાવ્યનું પ્રયોજન છે. અને તેથી એ અતિશયને પોષનાર અતિશયોક્તિ અલંકારને આલંકારિકો ખૂબ આદરથી જુએ છે.

## ૩૪

**રસો, પદાર્થો અને અલંકારો જ્યારે અતિશયોક્તિ દ્વારા તેમની શોભામાં વધારો કરવામાં આવે છે ત્યારે સૌંદર્યની પરાકોટિને પામે છે.**

વક્રતા એ જ કાવ્યનું અલૌકિક રહસ્ય છે. અને જ્યારે રસ, સ્વભાવ અને અલંકારની બાબતમાં અતિશયોક્તિનો સાથ મળે છે ત્યારે તે વક્રતા પૂરેપૂરી ખીલી ઊઠે છે. જેમ કે—

> "ચંદ્રકાન્ત મણિના ભવનમાં પોતાના સાથી રાજહંસથી છૂટી પડેલી સારસી અવાજ ઉપરથી તેને પારખવાની અણી પર હતી ત્યાં જ્યોત્સ્નાને લીધે ફરી જાગેલા સંશયથી તે વક્રદૂતીની (?) જેમ વિલાપ કરે છે." ૧૨૧

અથવા જેમ કે—

> "પોતાના પુષ્પની કાન્તિ જેવી ચાંદનીથી ઢંકાઈ ગયેલાં

સપ્તપર્ણનાં વૃક્ષો ભ્રમરોના ગુંજારવને લીધે અનુમાનથી જાણી શકાય છે.” (ભામહ, કાવ્યાલંકાર, ૨–૮૨) ૧૨૨

અહીં વસ્તુના સ્વાભાવિક સૌંદર્યનો જ પરિપોષ કરવામાં આવ્યો છે.

અથવા જેમ કે—

“જેનો પ્રતાપરૂપી સૂર્ય પ્રકાશતો હોય છે ત્યારે બીજા તેજસ્વી પદાર્થોની વાત તો જવા દો પણ મેરુ અને ચંદ્રનું મહત્ત્વ પણ ટકી શકતું નથી. ત્રણે લોકમાં પ્રસિદ્ધ પરાક્રમોથી શોભતા રાજવંશમાં જન્મેલા આ રાજવી પાસે ચંદ્ર અને સૂર્ય પણ ઝાંખા પડી જાય છે.” ૧૨૩

અથવા જેમ કે—

“ઝાકળના શીતળ જળથી નાહેલી અને તરતના ઊગેલા સૂર્યના સ્પર્શથી નિર્મળ બનેલી તથા સૂર્યના તડકાની લાલી લગાવેલી વનસ્થલીનાં અંગોએ કોઈ અપૂર્વ શોભા ધારણ કરી.” ૧૨૪

આમાં પહેલા (૧૨૩) શ્લોકમાં રૂપકાલંકારની શોભા પરાકોટિએ પહોંચી છે. પહેલામાં અને બીજા(૧૨૪)માં રસવદલંકારનો પણ પરિપોષ સધાયો છે. વનસ્થલીમાં ઠંડા પાણીથી સ્નાન કરી સ્વચ્છ થવું, નવા ઊગેલા સૂરજના તડકારૂપી વસ્ત્રથી નિર્મળ દેખાવું વગેરે સ્ત્રીઓના વ્યવહારના આરોપણથી આ વર્ણનમાં અપૂર્વ સૌંદર્ય આવ્યું છે.

વળી જેમ કે—

“ઊગતા ચંદ્રનાં કિરણો તારાં કર્ણપૂર રચવામાં કામ આવશે. કુમળા જવના પીલા જેવાં એ કિરણો તારા નખની અણીથી કાપી શકાશે.” (કુમારસંભવ, ૮–૬૩) ૧૨૫

આ શ્લોકમાં રસના સૌંદર્યની વિશેષતા પ્રગટ થઈ છે. જેમ કે નવા ઊગેલા ચંદ્રનાં કિરણોના સુકુમાર સૌંદર્યની કોઈ

અપૂર્વ વિશેષતા અહીં પ્રગટ થાય છે, જેને લીધે કપોલ, કાન અને અલકના સંસ્પર્શને કારણે વખાણવા લાયક કર્ણપૂર બનવાની શોભાને તે પાત્ર ઠરે છે, એમ પાર્વતીપતિ શંકર પ્રિયાને કહેતાં, તેના વદનચંદ્રને તથા તે જ વખતે ઊગતા ચંદ્રને જોઈને તેમના હૃદયમાં રસ ઊભરાય છે, એવી પ્રતીતિ થાય છે.

આ રીતે પ્રધાનભૂત અલંકાર્ય વસ્તુના અંગરૂપે રહેલા અલંકારો કોઈ વાર વિશિષ્ટ રીતે યોજાવાને કારણે ઘણા મહત્ત્વના બની જાય છે અને ગૌણ હોવા છતાં જાણે મુખ્ય બની જતા હોય એવું લાગે છે અને વિશિષ્ટ યોજનાને લીધે તેમને પ્રધાન ગણવામાં આવે છે.

હવે સામ્યમૂલક અલંકારવર્ગના રચનાસૌંદર્યનો વિચાર કરે છે—

૩૫

**વિવક્ષિત પદાર્થના સ્વભાવનું સૌંદર્ય સાધવા માટે, એ સૌંદર્ય જેમાં ઉત્કૃષ્ટરૂપે રહેલું હોય એવા કોઈ બીજા પદાર્થ સાથે તેનું સામ્ય નિરૂપવું તે ઉપમા અલંકાર કહેવાય.**

૩૬

**ઉપમા જુદી જુદી રીતે વ્યક્ત થાય છે: (૧) સાધારણ ધર્મના ઉલ્લેખથી, (૨) આખા વાક્યમાં તેને ગર્ભિત રાખીને, અને (૩) ઇવાદિ શબ્દોનો ઉપયોગ કરીને. પણ ઉપમાની ખરી શોભા ક્રિયાપદ દ્વારા સધાય છે.**

આને સમજાવતાં કહે છે કે જેમાં વસ્તુનું એટલે કે વર્ણ્ય વસ્તુનું કોઈ અપ્રસ્તુત એવી બીજી વસ્તુ સાથે સામ્ય બતાવ્યું હોય તે ઉપમા અલંકાર કહેવાય. અપ્રસ્તુત વસ્તુ સાથે સામ્ય શા માટે દર્શાવે છે? તો કે વિવક્ષિત વસ્તુનો સ્વભાવ કહેતાં કોઈ વિશેષ ધર્મ, તેનું સૌંદર્ય સિદ્ધ કરવા. બીજા કેવા પદાર્થ સાથે?

તો કે જેમાં એ સૌંદર્ય ઉત્કૃષ્ટ રૂપે રહેલું હોય એવા.

અહીં તાત્પર્ય એ છે કે વર્ણનીય પદાર્થના વિવક્ષિત ધર્મનું સૌંદર્ય સાધવા માટે અપ્રસ્તુત પદાર્થરૂપ ધર્મી સાથે સામ્ય એમ કહ્યું છે, તે તર્કસંગત છે. કારણ, કેવળ ધર્મનું સામ્ય સંભવતું નથી. એટલે ધર્મ સાથે સામ્ય એમ કહ્યું નથી. આમ, ધર્મ દ્વારા ધર્મીઓનું એટલે કે ઉપમાન અને ઉપમેયનું ભેગું સામ્ય ફલિત થાય છે. આવી ઉપમાનું પ્રતિપાદન કોણ કરે છે? તો કે ક્રિયા-પદ. ક્રિયાપદ એટલે ધાતુનો અર્થ. અહીં ક્રિયાપદ શબ્દથી મુખ્યા-મુખ્ય ક્રિયાવાચક સામાન્ય અર્થ જ સમજવાનો છે, કેવળ ક્રિયાપદ જ નહિ. કારણ, જ્યાં ક્રિયા અમુખ્ય ભાવે રહેલી હોય ત્યાં પણ તે ઉપમાની વાચક હોય જ છે. જેમ કે 'પાચક.' એ શબ્દમાં પાકશક્તિનું પ્રાધાન્ય હોઈને એમાં પ્રકૃતિ કહેતાં ધાતુનો અર્થ ગર્ભિત રહેલો જ છે. 'જે પકાવે તે પાચક'. એ જ રીતે पचति ('પકાવે છે') એ શબ્દમાં ક્રિયાનું જ પ્રાધાન્ય છે તેમ છતાં ક્રિયા કરનારનો અર્થ પણ એમાં ગર્ભિત રહેલો છે. આમ, મુખ્ય અને અમુખ્ય એ બંને પ્રકારનાં ક્રિયાપદો ઉપમાનું કથન કરે છે. કેવી રીતે? તો કે વિચ્છિત્તિ કહેતાં વૈદગ્ધ્યભંગિથી. વિચ્છિત્તિ વગરના કથનમાં તદ્વિદોને આનંદ આપવાની શક્તિ હોતી નથી, એવો અહીં અર્થ છે. કેવળ ક્રિયાપદ જ ઉપમાનું કથન કરે છે એમ નથી, ઇવાદિ વગેરે ઉપમાવાચક શબ્દો, બહુવ્રીહિ વગેરે સમાસો તેમ જ वत् વગેરે પ્રત્યયો પણ એનું સૌંદર્યપૂર્વક કથન કરે છે.

શું હોય તો? તો કે સાધારણ એટલે કે ઉપમાન અને ઉપમેય બંનેમાં રહેલો હોય એવો ધર્મ, તેનું કથન કરેલું હોય તો. સમાન ધર્મને આધારે બે ક્રિયાઓનો સંબંધ જોડ્યો હોય છે એટલે બંને કર્તાઓ અથવા નામો પણ સમાન છે એમ માનવામાં આવે છે. ક્યાં? તો કે વાક્યાર્થમાં. પરસ્પર અન્વય-સંબંધથી જોડાયેલો પદસમૂહ તે વાક્ય. એનો અર્થ અથવા વસ્તુ તે અહીં વર્ણનનો વિષય હોય છે. તેમાં. કેવી રીતે? તો કે તેની સાથે સંબંધ હોવાથી.

તે એટલે પદાર્થ, એ પદાર્થોનો સમન્વય એટલે કે પરસ્પર સંબંધ થવાથી.

વાક્યમાં અનેક પદાર્થો હોય છે. તેમની વચ્ચેના પરસ્પર સંબંધને લીધે કોઈક એક જ શબ્દથી ઉપમા કે ઉત્પ્રેક્ષા સધાય છે.

જો એ બંને અલંકારોમાં વસ્તુસામ્ય સમાનપણે રહેલું હોય તો પછી એમની વચ્ચે એટલે કે ઉપમા અને ઉત્પ્રેક્ષા વચ્ચે ભેદ શો? એમ કોઈ પૂછે તો તેનો ખુલાસો એ કે—

## ૩૭

**ઉત્પ્રેક્ષામાં વસ્તુસામ્ય હોય છે છતાં તેનું તાત્પર્ય જુદું જ હોય છે.**

ઉત્પ્રેક્ષામાં સામ્યસંબંધ હોય છે ખરો, તેમ છતાં તાત્પર્ય એટલે કે પદાર્થથી જુદા જ વાક્યાર્થના જીવિતભૂત બીજી જ વસ્તુ એનો વિષય હોય છે, જેનો અનુભવ તદ્વિદોનું અંતઃકરણ કરી શકે છે. એના દાખલા પહેલાં આપી ગયા છીએ. ઉપમા અને ઉત્પ્રેક્ષા એ બંને શબ્દો કેવળ કરણનો કે કર્મનો અર્થ વ્યક્ત ન કરતા હોઈ, એ બંનેનો સંબંધ સામ્ય સાથે જોડી શકાય છે. તેથી ઉપમાનો અર્થ ઉપમિતિ એટલે સરખા હોવાનો ભાવ એટલો જ થાય છે. એટલે ઉપમાની વ્યાખ્યાનો અર્થ એટલો જ થાય કે જેમાં પ્રસ્તુત અને અપ્રસ્તુત વચ્ચે સામ્ય હોય તે ઉપમા. એ બંનેનું નિર્ણાયક રીતે વર્ણન કરે છે.

અમુખ્ય ક્રિયાપદથી સધાતી પદાર્થોપમાનું ઉદાહરણ—

"હે કમલનયને, પૂર્ણચંદ્રને મળતું આવતું તારું મુખ કામદેવની ત્રણે લોકને જીતવાની ઇચ્છાને પોષે છે."

૧૨૬

આમાં संवादि (મળતું આવતું) એ શબ્દમાં અમુખ્ય ક્રિયાપદ છે અને તેને આધારે ઉપમા સધાઈ છે.

એવી જ વાક્યોપમાનું ઉદાહરણ—

"ભ્રમરો અશોકપુષ્પના ગુચ્છોનો રસ ચૂસી રહ્યા હતા અને તેની ડાળે નવાં પાંદડાં હાલતાં હતાં તે, ગાઢ ચુંબન અટકાવવા હાથ હલાવતી વધૂઓની નકલ જેવું લાગતું હતું." (કિરાતાર્જુનીય, ૮-૬) ૧૨૭

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૧૧૯મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૯૫).

આ શ્લોકમાં विडम्बयन्ती શબ્દ અમુખ્ય ક્રિયાપદ છે.

મુખ્ય ક્રિયાપદથી સધાતી પદાર્થોપમાનું ઉદાહરણ—

"પછી અરુણના આગમનને લીધે જેનું બિંબ ઝાંખું પડી ગયું છે એવો ચંદ્ર સંભોગથી થાકી ગયેલી સ્ત્રીના ગાલ જેવો ફીકો થઈ ગયો." ૧૨૮

આ શ્લોક પહેલા ઉન્મેષમાં ૧૯મા ઉદાહરણ તરીકે આવી ગયો છે (પૃ. ૧૫).

આ શ્લોકમાં દધ્રે મુખ્ય ક્રિયાપદથી ઉપમા સધાઈ છે.

એવી જ વાક્યોપમાનું ઉદાહરણ—

"તેનું મુખ કેતકીના પાંદડા જેવું સફેદ થઈ ગયું હતું, શરીર કૃશ થઈ ગયું હતું, તેણે થોડાં જ આભૂષણો પહેર્યાં હતાં, એટલે તે પૂરી થવા આવેલી, થોડા તારા અને ફિક્કા ચંદ્રવાળી રાત્રિના જેવી લાગતી હતી." (રઘુવંશ, ૩-૨) ૧૨૯

व्यडम्बयत् એ મુખ્ય ક્રિયાપદને લીધે અહીં ઉપમા સધાઈ છે.

ઇવાદિ વાચકોથી સધાતી પદાર્થોપમાનું ઉદાહરણ—

"પ્રિયાના પુલકિત કપોલ ઉપર ચુંબન કરતાં જ એ સ્પર્શના ઉલ્લાસથી તેની આંખ મીંચાઈ ગઈ — ચંદ્રના સ્પર્શથી કમલ બિડાઈ જાય તેમ." ૧૩૦

આમાં इव શબ્દ વપરાયો છે.

એવી જ વાક્યોપમાનું ઉદાહરણ—

"અંગે લાલ ચંદનનો લેપ કરેલા અને ખભે લાંબા હારવાળા આ પાંડયના રાજા છે. એ તરતના ઊગેલા સૂર્યનાં કિરણોથી લાલ શિખરો અને ઝરણાંવાળા પર્વતરાજ જેવા દેખાય છે." (રઘુવંશ, ૬–૬૦) ૧૩૧

આ બંને શ્લોકોમાં ઉપમાન અને ઉપમેય વચ્ચે સામ્ય છે, અને એ સામ્યના સંબંધથી બંને પરસ્પર બંધાયેલા છે, તેમ છતાં ફેર પણ છે. પહેલા શ્લોકમાં સામ્યનો સંબંધ સમજાયા પછી વાક્યાર્થ સમજાય છે, પણ બીજા શ્લોકમાં વાક્યાર્થ સમજાયા પછી સામ્યનો સંબંધ સમજાય છે. પહેલા શ્લોકમાં સામ્યનું સૂચન કરનાર કોઈ સમાસ વગેરેનો કે કોઈ પ્રત્યય વગેરેનો ઉપયોગ થયેલો નથી અને એ इव શબ્દ દ્વારા કહેવાયેલું છે. એટલે, અને પદાર્થનો બોધ થયા પછી ઉપમાન–ઉપમેયનું સામ્ય પ્રગટ થાય છે એટલે એને પદાર્થોપમા નામ આપ્યું છે. વળી અહીં શ્લોકના પૂર્વાર્ધમાંથી પૂરો વાક્યાર્થ સમજાતો નથી કારણ, ત્યાં સુધીમાં કવિને વિવક્ષિત (ઉપમા) અલંકારનો અર્થ તો સમજાયા વગરનો જ રહે છે. આ બાબતમાં પહેલાં (૧–૬) કહેલું છે તે લાગુ પડે છે કે સાલંકાર હોય તે જ કાવ્ય કહેવાય. પણ બીજા શ્લોકમાં પરસ્પર અન્વિત શબ્દોના બનેલા વાક્યાર્થનું ગ્રહણ પહેલું થાય છે અને તે પછી ઉપમાન અને ઉપમેયના સામ્યનો બોધ થાય છે એટલે એને વાક્યોપમા કહી છે તે યોગ્ય જ છે. ક્રિયાપદો મારફતે સાધ્ય કેવી રીતે પ્રગટ થાય છે તે દૃષ્ટાંતો સાથે કહી ચૂક્યા છીએ એટલે નકામો વિસ્તાર કરતા નથી.

૩૬મી કારિકામાં 'ઇવાદિ'માં આદિ પદ છે તેનો અર્થ એવો છે કે इव સિવાયના यथा વગેરે બીજા શબ્દોથી ઉપમાની પ્રતીતિ કરાવી શકાય છે, એ પહેલાં કહ્યું જ છે.

જ્યારે સમાસ વપરાયો હોય ત્યારે એ પ્રકારની ઉપમા થાય

છે : (૧) શબ્દથી ન કહેલી એટલે કે ગર્ભિત અને (૨) શબ્દથી કહેલી.

સમાસમાં ગર્ભિત ઉપમાનું ઉદાહરણ—

"પૂર્ણેન્દુના જેવી કાન્તિવાળા મુખવાળી, અને નીલોત્પલના જેવી આંખોવાળી." ૧૩૨

સમાસમાં શબ્દથી કહેલી ઉપમાનું ઉદાહરણ—

"તે જતી હતી ત્યારે તેની ડોક વારે વારે વાંકી વળતી હતી, કમળના જેવું તેનું મોં ચારે કોર ફરતું હતું, તેની લાંબી પાંપણોવાળી આંખના કટાક્ષને અમૃત અને વિષ ચોપડેલું હતું, જે કટાક્ષ મારા હૃદયમાં જાણે દઢ રીતે રોપાઈ ગયો." (માલતીમાધવ, ૧–૨૯) ૧૩૩

પ્રત્યયથી સધાતી ઉપમાનું ઉદાહરણ—

"મજીઠથી રંગેલા રેશમી દોરા જેવાં કિરણોને એકઠાં કરી લઈને ગ્રહોમાં મુખ્ય એવો સૂર્ય સ્વૈર ગતિએ આખરે અસ્તાચળે પહોંચે છે. વંટોળે ચકરાવે ચડાવેલી કમળોની રજ તેના છત્ર જેવી લાગે છે. ક્ષણ વારમાં તેનું તેજ ક્ષીણ થવા માંડે છે અને ભગવાન સૂર્યનારાયણ સાગરમાં ડૂબી જાય છે." (બાલરામાયણ, ૩–૧૦) ૧૩૪

આ શ્લોકમાં छत्रायमाणः રૂપમાંનો પ્રત્યય ઉપમાનો સૂચક બને છે.

અથવા જેમ કે—

"કાલનેમિનાં વચનો સાંભળતાં જ તે અસુરોના રાજાનો કુંજરના જેવો ક્રોધ, ભલભલાની હિંમતના અભિમાનને ધૂળ ચાટતાં કરી નાખતો રણનાદ સાથે ભભૂકી ઊઠયો." ૧૩૫

આ શ્લોકમાં कुञ्जरवत्‌માંનો वत् પ્રત્યય ઉપમા સૂચવે છે.

જેમ કે—

"એ પ્રમાણેનાં (તેનાં) આ (વચન) સાંભળીને તે તપસ્વીકન્યા સામે તેણે ઉત્સુકતાથી ઊંચે મુખે જોયું

અને અતિમુક્તાના પીંખાયેલા પુષ્પ જેવું તેનું હૃદય મૂર્છા પામ્યું" (?). ૧૩૬

ઉદાહરણનો પાઠ ભ્રષ્ટ હોવાથી અર્થ અસ્પષ્ટ રહે છે. અટકળે ઉપરનો અર્થ કર્યો છે. આ શ્લોકમાં ઉપમાવાચક પ્રત્યય कारां છે.

અથવા જેમ કે—

"રામે મુગ્ધભાવે વૃષભધ્વજ શિવનું જર્જર થઈ ગયેલું ધનુષ કમળનો તંતુ તોડે તેમ તોડી નાખ્યું. એથી ત્રણે લોકમાં જેની કીર્તિ ફેલાઈ હતી એવા રાક્ષસરાજ રાવણની ઓછી વિડંબના ન થઈ." (બાલરામાયણ, ૩–૮૦) ૧૩૭

આ શ્લોકમાં मृणालभञ्जम् ('કમળનો તંતુ તોડે તેમ') એ ઉપમાસૂચક પ્રયોગ છે.

પ્રતીયમાન ઉપમાના ઉદાહરણમાં રસની પરાકોટિ સાથેના સંબંધ સહિત ઉપમાન અને ઉપમેયનું, નહિ વધારે નહિ ઓછું એવું સામ્ય, બંનેને લાગુ પડે એવા શબ્દાર્થની શક્તિથી આક્ષિપ્ત થતું, ક્રિયાપદ વગેરે વાચક પદોથી નિરૂપાયું હોય ત્યાં પણ ઉપમાની પ્રતીતિ થાય છે. જેમ કે—

"રાજાને પુત્રો હતા છતાં તેની આંખો આ બાળકને જોઈને જ ઠરતી હતી. વસંત ઋતુમાં ફૂલોનો કંઈ પાર નથી હોતો છતાં ભ્રમરો આંબા ઉપર જ વિશેષ રૂપે ટોળે વળે છે." (કુમારસંભવ, ૧–૨૭) ૧૩૮

આ શ્લોકમાં વસંતની પુષ્પસમૃદ્ધિ અપાર હોવા છતાં તેને આંબા ઉપર વિશેષ પ્રીતિ હોય છે એ વાત, શ્લોકમાં વર્ણવેલી બીજી વાત સાથે સંપૂર્ણ સામ્ય ધરાવે છે, એટલે એને પ્રતીયમાન ઉપમાનું સૂચક ગણીએ એ ન્યાયસંગત છે. અસંખ્ય પુષ્પોની સમૃદ્ધિ રાજાની અનેક સંતતિ સાથે સામ્ય દર્શાવે છે. આમ અહીં ઉપમાનાં લક્ષણો અવિકલ જોવા મળે છે. આ ઉપમાને અર્થાંતરન્યાસ માનવાની ભૂલ ન કરવી, કારણ, કોઈ આખા વાક્યનું તાત્પર્ય બીજા આખા વાક્યના તાત્પર્ય સાથે સામ્ય ધરાવતું હોય તો જ

અર્થાંતરન્યાસ થાય છે.

આ રીતે વિચારતાં, સમાન વસ્તુઓને પાસે પાસે મૂકવાથી થતી પ્રતિવસ્તૂપમા પણ જુદો અલંકાર ગણાવાને પાત્ર નથી, કારણ, તેની અને ઉપરના ઉદાહરણની સ્થિતિ સરખી જ છે. એની વ્યાખ્યા અને ઉદાહરણ પૂર્વાચાર્યોએ આ પ્રમાણે આપ્યાં છે. વ્યાખ્યા: સમાન વસ્તુ પાસે મૂકવાથી પ્રતિવસ્તૂપમા થાય છે. ઉદાહરણ—

> "સજ્જનોની સાથે વહેંચીને સંપત્તિનો ઉપભોગ કરનાર ગુણીજનો કેટલા? માર્ગ ઉપરનાં વૃક્ષોમાં પાકાં ફળથી લચી પડેલાં કેટલાં?" (ભામહ, ૨-૩૬) ૧૩૯

આ શ્લોકમાં સમાન સૌંદર્યવાળા (સજ્જનોની સાથે વહેંચીને સંપત્તિનો ઉપભોગ કરનાર ગુણીજનો અને સ્વાદિષ્ઠ પાકાં ફળોથી લચી પડેલાં વૃક્ષો) બંનેની કવિને વિવક્ષિત વિરલતા ઉપરાંત બીજું કશું મનોહર તત્ત્વ વધારાનું પ્રાપ્ત થતું નથી.

આમ એટલું સાબિત થાય છે કે પ્રતિવસ્તૂપમાનો સમાવેશ પ્રતીયમાનોપમામાં થઈ જાય છે, એટલે હવે ઉપમેયોપમા પણ કેવી રીતે ઉપમામાં જ સમાઈ જાય છે એ જોઈશું.

### ૩૮

**ઉપમાન અને ઉપમેયનું પરસ્પર સાદૃશ્ય જેમાં હોય છે તે ઉપમેયોપમાનો પણ ઉપમામાં સમાવેશ કરવો જોઈએ. કારણ એમાં પણ ઉપમા તો હાજર જ હોય છે, અને તેની કોઈ જુદી વ્યાખ્યા આપી શકાય એમ નથી.**

બીજા આલંકારિકોએ જેને ઉપમેયોપમા કહી છે તે, ખરું જોતાં, ઉપમાથી ભિન્ન નથી. શાથી? તો કે એમાં ઉપમા હાજર હોવાથી. કયા કારણથી? તો કે ઉપમાથી એનું લક્ષણ જુદું પડતું નથી. કોઈ વસ્તુના સ્વરૂપની અસાધારણતાનું વર્ણન તે લક્ષણ. તે અહીં જુદું સિદ્ધ થતું નથી. એ નામનો વિગ્રહ જો આપણે એવો કરીએ કે જેમાં ઉપમાન ઉપમેય બનતું હોય તે ઉપમેયોપમા,

તો એક જ વસ્તુ ઉપમેય અને ઉપમાન બંને બની જાય. એટલે કે એકની એક વસ્તુને ઉપમાન પણ ગણવામાં આવે અને ઉપમેય પણ ગણવામાં આવે.

> "શોકમાં ડૂબેલા માણસને પડી રહેવું અથવા ઊંઘવું એ પણ લોભાવનારું થઈ પડે છે; પ્રેમીઓને એ આશ્વાસન-રૂપ થઈ પડે છે." ૧૪૦

આવા દાખલામાં તુલ્યયોગિતા અલંકાર માનવો કે કેમ એનો હવે વિચાર કરે છે—

### ૩૯, ૪૦

**તુલ્યયોગિતા એ જુદો અલંકાર નથી. એમાં બે કે વધુ સમાન પદાર્થો ભેગા કરવામાં આવે છે, અને તેમાંનો દરેક મુખ્ય વર્ણ્ય વિષય હોવાનો દાવો કરે છે, કારણ, કોઈનું પ્રાધાન્ય સ્પષ્ટપણે કહેલું હોતું નથી. મુખ્ય વર્ણ્ય વિષય તો એક જ હોવો જોઈએ પણ જ્યારે એકથી વધુ પદાર્થો મુખ્ય હોવાનો દાવો કરે ત્યારે કોઈ શી રીતે નક્કી કરે કે કઈ વસ્તુ અલંકાર્ય છે અને કઈ વસ્તુ અલંકાર છે?**

આને સમજાવતાં કહે છે કે જેને તુલ્યયોગિતા કહે છે તે અલંકાર નથી. કારણ, એમાં બે કે વધુ સમાન પદાર્થોને વર્ણ્ય વિષય બનાવવામાં આવે છે. મુખ્ય વર્ણ્ય વિષય કયો છે એ જો નક્કી ન થઈ શકતું હોય તો પછી કોણ કોને શણગારે છે એ શી રીતે નક્કી થઈ શકે? દરેક પ્રધાન છે એમ કહીએ તો કોણ પ્રધાન છે એ નક્કી ન થઈ શકતું હોવાથી કોઈ કોઈનો અલંકાર બની શકતો નથી. જો એમ કહો કે એમાંનો કોઈ પણ એક બાકી-નાનો અલંકાર બને છે, તો તે પણ તર્કસંગત નથી. શાથી? તો કે એમ કરવાથી કોઈનું સર્વોપરિ પ્રાધાન્ય રહેતું નથી. કેમ કે જો કોઈ વસ્તુ અલંકાર હોય તો તે બીજાનું અંગ હોવી જોઈએ, અને તો તેનું પ્રાધાન્ય રહેતું નથી. પ્રધાન વસ્તુ જે રૂપે પ્રાધાન્ય ભોગવતી

હોય તે જ રૂપે બીજાનું અંગ બની ન શકે. કારણ, રૂપાંતર પામ્યા વગર એકની એક વસ્તુ બે પરસ્પરવિરોધી વસ્તુ બની ન શકે. એ તર્કસંગત નથી.

કદાચ કોઈ એમ કહે કે રાજાના અનુચરમાં કોઈક વાર મુખ્ય અને ગૌણ ભાવ એકી સાથે સંભવી શકે. રાજાના અનુચરમાં બે રૂપો સંભવી શકે. જેમ કે, (૧) રાજાની અપેક્ષાએ તે નોકર છે અને (૨) પોતાના હાથ નીચેના માણસોની અપેક્ષાએ તે સ્વામી છે. જો રાજાના અનુચરમાં આવાં બે પરસ્પરવિરોધી રૂપો એકી સાથે સંભવી શકતાં હોય તો અહીં પણ બે પરસ્પરવિરોધી રૂપો હોય એમ માનવામાં બાધ નથી અને એટલે તુલ્યયોગિતા અલંકાર માનવામાં દોષ નથી. ગ્રંથકાર કહે છે કે આ બાબતમાં અમારું કહેવું એમ છે કે તમારી વાત સાચી છે, પણ અમે એમ માનીએ છીએ કે તુલ્યયોગિતા અલંકાર છે એની ના ન પાડી શકાય, પણ પછી એ તુલ્યયોગિતા ન રહે. કારણ એ છે કે—

૪૧

**આ અલંકારમાં બધા જ પદાર્થો વર્ણ્ય છે એમ માનીએ અથવા સમાન છે એમ માનીએ તો સામ્યનું મહત્ત્વ વધી જાય અને એ બે વસ્તુને કારણે જ આપણે એમ માનવું પડે કે આ ચોખ્ખી ઉપમા સિવાય બીજું કશું નથી.**

કાં તો એમ માનવું જોઈએ કે બધા જ પદાર્થો વર્ણ્ય વિષય છે, અથવા તેઓ બધા પરસ્પર સમાન છે, સામ્ય ધરાવે છે; એ સિવાય ત્રીજો કોઈ વિકલ્પ નથી. વર્ણ્ય વિષય તરીકે વિવક્ષિત ન હોવા છતાં કેટલાક પદાર્થોનું વર્ણન સામ્યને કારણે વર્ણ્ય વિષય તરીકે કરવામાં આવે તો સામ્યનું મહત્ત્વ વર્ણ્ય વિષય કરતાં વધી જાય. તો શું થાય? તો કે એ સ્પષ્ટ ઉપમા બની જાય. કેમ કે ભિન્ન પદાર્થો વચ્ચે સામ્યનો સંબંધ હોય ત્યાં ઉપમા ગણાય, એ વાત અહીં લાગુ પડે છે. એટલે એ ઉપમા

સિવાય બીજો કોઈ અલંકાર હોઈ જ ન શકે.

(આવા આલંકારને આપણે કદાચ સમુચ્ચિતોપમાની સમાન કક્ષાના ગણી શકીએ.) સમુચ્ચિત ઉપમા, વર્ણન કરવા માટે ભેગા મૂકેલા પદાર્થો સાથે સંકળાયેલી હોઈ એને સમુચ્ચિત ઉપમા કહે છે. સમુચ્ચિતોપમામાં ઉપમા શબ્દનો અર્થ ફક્ત સમુચ્ચિત ઉપમાન એટલો જ થશે, સમુચ્ચિત સામ્ય નહિ. (એટલે કે અહીં સમુચ્ચય ઉપમાનોનો છે, ઉપમાનો નહિ.)

ઉપમાન પણ જો પ્રસ્તુત વસ્તુ તરીકે વર્ણવાયું હોય તો સામ્યના અતિશયને લીધે અલંકારરૂપ થઈ પડે છે. જેમ કે—

પ્રાકૃત ગાથામાંથી दररइमत्त (ईषत् रतिमत्त 'સહેજ કામથી મત્ત',) पुणोपुणो देइ दिट्ठि पसण्णो विलासिणिजणो (पुनः पुनः ददाति दृष्टिं प्रसन्नः विलासिनीजनः 'પ્રસન્ન થયેલી વિલાસિની સ્ત્રીઓ ફરી ફરી નજર કરે છે') અને दुस्सहे दप्पणे व दिणअरे (दुःसहे दर्पणे इव दिनकरे 'દુઃસહ દર્પણ જેવા સૂર્ય તરફ') એટલા શબ્દો કલ્પનાથી બેસાડી શકાય છે. ૧૪૧

એના ઉપરની કલ્પલતાની ટીકા આ પ્રમાણે છે: અહીં દષ્ટિપાતના વિષય તરીકે જેમ સૂર્ય પ્રસ્તુત છે તેમ દર્પણ પણ પ્રસ્તુત છે. તેથી સામ્યના અતિશયને લીધે એને ઉપમા અલંકાર તરીકે ગણાવ્યો છે.

એ જ રીતે અહીં પણ ઉપમાન જ મુખ્ય વર્ણ્ય વિષય છે, તેમ છતાં સામ્યના અતિશયને લીધે એ ઉપમા ગણાવાને પાત્ર છે, એવો અર્થ છે. જેમ કે—

> "સાકેત કહેતાં અયોધ્યાના નિવાસીઓને, ગુરુદક્ષિણાથી વધુની સ્પૃહા ન રાખનાર યાચક અને યાચકની ઇચ્છા કરતાં વધુ આપનાર રાજા બંને અભિનંદનનાં પાત્ર બની ગયા." (રઘુવંશ, ૫-૩૧) ૧૪૨

એ જ રીતે, ઉપમાનને જેમ વધુ સુંદર ધર્મોવાળું કલ્પવામાં આવે તેમ વિવક્ષિત ઉપમેયના સૌંદર્યમાં વધારો થાય. જેમ કે—

"આકાશમાં જો આકાશગંગાના બે જુદા જુદા પ્રવાહો વહેતા હોય તો તેની ઉપમા, જેના ઉપર મોતીની માળા ઝૂલે છે એવી એની તમાલ જેવી નીલ છાતીને આપી શકાય." (શિશુપાલવધ, ૩-૮) ૧૪૩

આ શ્લોક તુલ્યયોગિતા અને કલ્પિતોપમા બંનેનું ઉદાહરણ છે.

આ જ વાત અનન્યને પણ લાગુ પડે છે. તેમાં વર્ણ્ય વસ્તુનું સૌંદર્ય એટલું બધું હોય છે કે કોઈ કાલ્પનિક ઉપમાન પણ કામ નહિ આવે એવું લાગતાં કવિ તેને તેની પોતાની સાથે જ સરખાવીને ઉપમા રચે છે. જેમ કે—

"તેના મુખને જોયા પછી ચંદ્ર વગેરે પદાર્થો ક્ષુદ્ર લાગે છે અને રસની બાબતમાં(?) તેના મુખ સાથે કમળને સરખાવતાં મારું મન એવા નિર્ણય ઉપર આવે છે કે સૌંદર્યની પરમાવાધરૂપ તેનું મુખ પોતાની જ કાન્તિથી પોતાનું ઉપમાન બનવાનો પ્રયાસ કરે છે." ૧૪૪

આમ, અભિવ્યક્તિના નાનાવિધ પ્રકારો તો અનંત છે, પણ એ બધાની વ્યાખ્યાઓ અનંત નથી (મતલબ કે એક વ્યાખ્યામાં અનેક અલંકારોનો સમાવેશ કરી શકાય છે).

"પ્રતિભાને લીધે અભિવ્યક્તિના પ્રકારો તો અનંત સંભવે છે અને કાન્તાની લીલાના વૈચિત્ર્યની પેઠે તેની સ્પષ્ટ ગણતરી થઈ શકતી નથી." ૧૪૫

આ અંતરશ્લોક છે.

તુલ્યયોગિતાનો પણ આ ઉપમામાં જ સમાવેશ થઈ જતો હોઈ એને જુદો અલંકાર ગણવો ન જોઈએ. પ્રાચીનોએ એની વ્યાખ્યા અને ઉદાહરણ આ પ્રમાણે આપ્યાં છે:

"ગુણસામ્ય દર્શાવવા માટે હલકી વસ્તુને પણ વિશિષ્ટ વસ્તુની સાથે સમાન કાળ અને ક્રિયા વડે વર્ણવવામાં આવે ત્યારે તુલ્ય-યોગિતા અલંકાર થાય." (ભામહ, ૩-૨૭) ૧૪૬

પ્રાચીનોએ આ પ્રમાણે વ્યાખ્યા આપેલી છે. એનો હેતુ સામ્યનો અતિશય સૂચવવાનો છે. જેમ કે—

> "શેષનાગ, હિમાલય અને તું — એટલા જ મહાન, ગુરુ અને સ્થિર છો, કેમ કે તમે જ મર્યાદાનું ઉલ્લંઘન કર્યા વગર ચાલતી પૃથ્વીને ધારણ કરો છો." (ભામહ, ૩-૨૮; ધ્વન્યાલોક, ૪-૪) ૧૪૭

હવે ગ્રંથકાર એ બતાવે છે કે તુલ્યયોગિતાની આ વ્યાખ્યાનો સમાવેશ ઉપમામાં થઈ જાય છે. જેનું સૌંદર્ય જાણીતું નથી એવી વસ્તુનું, જેનું સૌંદર્ય જાણીતું છે એવી વસ્તુ સાથે સાધર્મ્ય જોડવું તે ઉપમા. આ તુલ્યયોગિતામાં બે વસ્તુનું સામ્ય સૂચવવા માટે પ્રસ્તુત અને અપ્રસ્તુત વસ્તુઓને એક જ સમયે સરખી ક્રિયા કરતી વર્ણવવામાં આવે છે. એનું પણ પૃથક્કરણ કરીએ તો પ્રસ્તુત-અપ્રસ્તુલ વચ્ચેના સામ્ય સિવાય બીજું કશું પ્રાપ્ત થતું નથી. ઉદાહરણમાંથી પણ એ જ અર્થ નીકળે છે. કારણ, વર્ણ્ય વિષયમાં શ્લેષાદિથી સામ્ય ઉપરાંત વધારાનું કશું જોવામાં આવતું નથી. પ્રાચીનોએ જે એવો ખુલાસો કર્યો છે કે આ ઉદાહરણમાં પ્રસ્તુત-અપ્રસ્તુત બંનેને સરખી રીતે લાગુ પડે એવા શ્લિષ્ટ ક્રિયાપદના સૌંદર્યનો અનુભવ થતો હોઈ એ તુલ્યયોગિતા સિવાય બીજું કશું નથી, એ પણ તર્કસંગત નથી. જેમ કે—

> "જેમણે એને જોઈ અને જેમણે ન જોઈ તે બંને સરખા જ લૂંટાયા છે. જોનારાનું હૃદય હરાઈ ગયું અને ન જોનારાનું દૃષ્ટિફળ હરાઈ ગયું." ૧૪૮

હેમચંદ્રે આ શ્લોક વિશે લખ્યું છે કે એમાં પ્રિયતમા પ્રસ્તુત છે અને તેને જોનાર અને ન જોનાર બંને અપ્રસ્તુત છે. એ બંનેનો સમાન ધર્મ લૂંટાવાનો છે. એટલે તુલ્યયોગિતાને જુદો અલંકાર ન ગણવો જોઈએ.

આ પણ કાવ્યજ્ઞોને અલંકારનો કક્કો પણ ન જાણનારનો લવારો જ લાગશે. કારણ, વૈદગ્ધ્યભંગિથી નાયિકાના લાવણ્યની વિશેષતાને વર્ણવવા જતાં કવિના મનમાં અપ્રસ્તુતપ્રશંસા સ્ફુરે છે.

જોકે તુલ્યયોગિતાનો દાખલો બીજા ઉદાહરણથી આપી શકાય. જેમ કે—

> "કાવ્યચર્ચા, પ્રિયજન સાથે વાર્તાલાપ તથા એકાંતવાસ, મુક્તકંઠે ગાયેલું મધુર ગીત, અને આદરપાત્ર મિત્ર આગળ અંતરની વેદના ઠાલવવી" (એ કદાચ આશ્વાસનરૂપ નીવડે). ૧૪૯

આમાં અનેક વસ્તુઓ સરખા મહત્ત્વપૂર્વક વર્ણવાયેલી છે એટલે એને તુલ્યયોગિતા કહી શકાય, પણ એ બધી વસ્તુઓ વચ્ચેનું સામ્ય જ વધુ મહત્ત્વનું હોઈ એને ઉપમાનું જ ઉદાહરણ ગણવું જોઈએ, એમ કલ્પલતાવિવેક કહે છે.

અનન્વયનો પણ ઉપમામાં જ સમાવેશ કરવો જોઈએ. પ્રાચીનોએ એની વ્યાખ્યા અને ઉદાહરણ આ પ્રમાણે આપ્યાં છે—

"'એના જેવું બીજું કશું નથી' એવું બતાવવા એની એ વસ્તુને ઉપમાનરૂપે અને ઉપમેયરૂપે વર્ણવવામાં આવે ત્યારે અનન્વય અલંકાર થાય." (ભામહ, ૩-૪૫) ૧૫૦

> "તાંબૂલની લાલીના વલયવાળું, દંતપ્રભાથી ચમકતું અને નીલકમલ જેવી આંખોવાળું તારું મુખ તારા મુખ જેવું જ છે." (ભામહ, ૩-૪૬) ૧૫૧

આ વ્યાખ્યા અને એમાંથી ફલિત થતું અભિવ્યક્તિનું સૌંદર્ય બંને આ અલંકારોનો સમાવેશ ઉપમામાં થવો જોઈએ એવું જ સાબિત કરે છે. કારણ, એમાં ઉપમાન અને ઉપમેયનો ભાવ સ્પષ્ટ રહેલો છે. ઉપમાની વ્યાખ્યા અનન્વયને લાગુ પડે એમ નથી, કારણ કે એમાં બીજા કોઈ ઉપમાનનો ઉલ્લેખ જ નથી, એ દલીલ પણ ટકી શકે એમ નથી. કારણ, તમારી અનન્વયની વ્યાખ્યામાં એકની એક વસ્તુને વિશે ઉપમાન અને ઉપમેયનો કલ્પિત સંબંધ રહેલો જ છે. અમારે તો એ સંબંધ હોય એટલું પૂરતું છે, પછી એ કલ્પિત હોય કે અકલ્પિત હોય. એટલે જ કહે છે કે—

## ૪૨

**વિદ્વાનો કલ્પિતોપમા અને અનન્વયને સરખા ગણે છે.**

કલ્પિતોપમા એટલે એવી ઉપમા જે કવિએ બિલકુલ કલ્પી કાઢેલી હોય. વિદ્વાનો એમ માને છે કે અનન્વય બરાબર કલ્પિતોપમા જેવો છે, એમાં લગારે ઓછુંવત્તું નથી. કલ્પિતોપમામાં વર્ણ્ય વસ્તુ પોતાના કોઈ અત્યંત સુંદર ધર્મની બાબતમાં પોતાની સાથે જ સામ્ય સંબંધથી જોડાય છે. કવિઓ પોતાના વર્ણ્ય વિષયને અતિશય સૌંદર્ય અર્પવા માટે કાલ્પનિક ઉપમાનો શોધી કાઢવામાં રાચતા હોય છે — પછી એ ઉપમાન ખરેખર અસ્તિત્વ ધરાવતાં હોય કે ન ધરાવતાં હોય. કારણ, તેમને એમ લાગે છે કે જગતના કોઈ પણ પદાર્થો એવું સૌંદર્ય અર્પી શકે એમ નથી.

અસ્તિત્વ ન ધરાવતા અને કવિએ કલ્પેલા એ બે વિશેષણો પણ ઉપમાન ઉપમેય વચ્ચેના પરસ્પર સામ્ય સંબંધ ઉપર જ ભાર મૂકે છે. અને કાવ્યસૌંદર્યના કારણ તરીકે એ સામ્ય સિવાય બીજું કશું કલ્પી શકાતું નથી. અહીં આપણે ઉપમેયોપમાની પ્રાચીનોએ આપેલી વ્યાખ્યા અને ઉદાહરણ જોઈએ.

"(જેમાં વારાફરતી ઉપમાન ઉપમેય અને ઉપમેય ઉપમાન બનતું હોય) તે ઉપમેયોપમા કહેવાય. જેમ કે— ૧૫૨

> "સુગંધવાળું, આનંદ આપનારું, મદિરાના મદને લીધે રતાશ પડતું, કમળના જેવું તારું મોં છે અને તારા મોં જેવું કમળ છે." (ભામહ, ૩–૩૭–૩૮) ૧૫૩

આ વ્યાખ્યા એવી છે કે એને કારણે ઉપમા અલંકારથી જુદો અલંકાર બનતો નથી. કારણ, પહેલાં કહેલી રીતે એનું નિરાકરણ થઈ શકે છે. એમાં ઉપમાન અને ઉપમેય વારાફરતી એકબીજાનું સ્થાન લે છે એટલું જ. પરિણામે ઉપમાન અને ઉપમેય વચ્ચે કાં તો ભેદનો કે કાં તો અભેદનો સંબંધ તર્કસંગત રીતે

જોઈ શકાય છે. વળી, ત્રીજા કોઈ ઉપમાનનો નિષેધ કરવાનો અહીં ઇરાદો છે એ હકીકત એને સ્વતંત્ર અલંકાર ગણવા માટે પૂરતી નથી. કેમ કે 'મુખ ચંદ્ર છે' વગેરે રૂપકવાક્યોમાં બીજા કોઈ ઉપમાનની ગંધ સુધ્ધાં હોતી નથી. અહીં માત્ર પ્રતિભામાંથી પ્રગટેલી, વૈદગ્ધ્યથી યોજાયેલી, અત્યંત સુંદર અભિવ્યક્તિની શોભા જ છે, એ કંઈ જુદો અલંકાર નથી. કારણ, એક જ અલંકારનાં જુદાં જુદાં ઉદાહરણોમાં પણ આવું વૈવિધ્ય જોવા મળે જ છે. જેમ કે—

"મંદ મંદ હાલતી કીકીવાળી તારી આંખ અને હાલતા ભ્રમરવાળું કમળ એ બંને મધુર રીતે એકી સાથે ઊઘડતાં હોઈને એકબીજાને મળતાં આવે છે." (રઘુવંશ, ૫-૬૮)૧૫૪

અથવા જેમ કે—

"સાકેત કહેતાં અયોધ્યાના નિવાસીઓને ગુરુદક્ષિણાથી વધુની સ્પૃહા ન રાખનાર યાચક અને યાચકની ઇચ્છા કરતાં વધુ આપનાર રાજા બંને અભિનંદનના પાત્ર બની ગયા." (રઘુવંશ, ૫-૩૧) ૧૫૫

આ શ્લોક આ જ ઉન્મેષમાં ઉદાહરણ ૧૪૨ તરીકે આવી ગયો છે (પૃ ૨૬૮).

આ બંને ઉદાહરણોમાં વર્ણવેલી બંને વસ્તુઓ પ્રસ્તુત હોઈ તેમની વચ્ચે સામ્ય છે, પણ અહીં અલંકાર છે એમ ન કહેવાય.

અથવા જેમ કે—

"એ માણસે રમતવાતમાં શિવનું ધનુષ ભાંગી નાખ્યું છે, જ્યારે આણે પણ રમતવાતમાં શિવને પ્રસન્ન કર્યા છે; જો એ બે વચ્ચે મિત્રતા થાય તો એમાં એ બંનેનું તથા તારું પણ ભલું છે." ૧૫૬

પહેલાં કહેલી વાત જ અહીં પણ લાગુ પડે છે. જોકે

ઉપમા અલંકારની વ્યાખ્યા કરતી વખતે ઉપમાન અને ઉપમેય વસ્તુ વચ્ચેના સામ્યની જ વાત કરી હતી તેમ છતાં ત્યાં ઉપમાન હમેશાં અપ્રસ્તુત હોઈને યોગ્ય રીતે જ ઉપમેયનું અંગ એટલે કે તેની શોભા વધારનારું હોય છે, પણ આ દાખલાઓમાં તો પ્રસ્તુતની જ વાત હોઈ તે બધા પ્રધાન છે. એ કેવી રીતે તેનો વિચાર પહેલાં થઈ જ ગયો છે.

એ જ ન્યાયે પરિવૃત્તિ પણ જુદો અલંકાર નથી, એવું હવે પ્રતિપાદિત કરવામાં આવે છે. પ્રાચીનોએ એની વ્યાખ્યા આ પ્રમાણે આપેલી છે—

"અર્થોનો જે વિનિમય તે પરિવૃત્તિ અલંકાર કહેવાય."

પરિવર્તન અર્થાત્ વિનિમય એટલે પોતાને સ્થાને બીજી વસ્તુને સ્થાન આપવું તે. એમ જ્યાં થતું હોય તે પરિવૃત્તિ અલંકાર કહેવાય. એના અનેક પ્રકારો છે: (૧) એક જ વસ્તુની જગ્યા બીજી વસ્તુ સંપૂર્ણપણે લઈ લે, એ એક પ્રકાર. જેમ કે—

"હે દેવોના ગુરુ બૃહસ્પતિ, જરા ઓછું બોલો. આ ઇન્દ્રની સભા નથી." ૧૫૮

(૨) કોઈ વાર અનેક ધર્મોવાળી કોઈ વસ્તુનો એક ધર્મ ક્રમે ક્રમે બીજા ધર્મમાં પલટાતો જાય છે. જેમ કે—

"તેના હાથ પહેલાં લાલી વગરના હોઠ ઉપર ફરતા હતા અને સ્તન ઉપરના કંકુથી લાલ થયેલા દડાથી રમતા હતા, તે હવે દર્ભના અંકુર ચૂંટે છે તેથી તેની આંગળી ઘવાય છે, અને માળા ફેરવે છે." ૧૫૯

આ શ્લોકમાં ગૌરીનો કરકમળનો ધર્મ પરિવર્તન પામ્યો છે. (એટલે કે જે હાથ પહેલાં કોમળ હતો તે હવે કઠોર બન્યો છે.)

(૩) કોઈ વાર એક જ ધર્મીના (કોઈ વિશેષ સમયને) ઉચિત અને પોતાના સ્વભાવ સાથે સંવાદી ધર્મને સ્થાને બીજો ધર્મ આવી જાય છે. જેમ કે—

"તેં જુવાનીમાં જ શણગારો ઉતારી નાખીને ઘડપણ-માં શોભે એવું વલ્કલ કેમ ધારણ કર્યું છે?" (કુમારસંભવ, ૫-૪૪) ૧૬૦

(૪) કોઈ વાર પરસ્પર સ્પર્ધા કરનાર અનેક ધર્મીઓના પહેલાં કહેલા (વિષય, ધર્મ વગેરે) બધા જ બદલાઈ જાય છે. જેમ કે લક્ષણકારે પોતે જ એનું ઉદાહરણ આપ્યું છે—

"તારા બાહુએ તારા દુશ્મન રાજાઓને શસ્ત્રના પ્રહાર આપીને તેમની લાંબે કાળે મેળવેલી કુમુદ જેવી શુભ્ર કીર્તિ લઈ લીધી." (દંડી, કાવ્યાદર્શ, ૨-૩૫૬) ૧૬૧

આમ, પરિવૃત્તિને સ્વતંત્ર અલંકાર ગણવો યોગ્ય નથી, એટલે કહે છે—

## ૪૩

**એક પદાર્થને હઠાવી દઈ તેને સ્થાને બીજાને લાવવો એ કંઈ અલંકાર ન કહેવાય, કારણ, પહેલાંની પેઠે બંને પ્રધાન બને છે.**

એક પદાર્થને હઠાવીને તેના સિવાયના બીજાને તેને સ્થાને ગોઠવવામાં આવે એથી કાંઈ નવો અલંકાર ન બને. શાથી? તો કે બંનેનો વિનિમય થાય છે એટલે કે બંને મુખ્યભાવે વર્ણવાય છે માટે. કેવી રીતે? તો કે 'પહેલાંની પેઠે,' એટલે કે આ પહેલાંના અલંકાર(ઉપમેયોપમા)માં જોઈ ગયા તે રીતે. જો બંનેને સરખા મુખ્ય ગણવામાં આવે તો, અથવા કયો પ્રધાન છે અને કયો નથી એ નક્કી કરવા માટે કોઈ નિયમ ન હોય તો, એ બેમાં અલંકાર્ય કોણ અને અલંકાર કોણ એનો નિર્ણય નહિ થઈ શકે. એ જ વાત અહીં પણ લાગુ પડે છે. એ બે પદાર્થો ભેગા આવ્યા છે એટલા માત્રથી એમની વચ્ચે અલંકાર્ય-અલંકાર સંબંધ માની ન લેવાય. એમ જો કરીએ તો પ્રાધાન્યનો ખ્યાલ જ છોડી દેવો પડે.

એનું સ્વરૂપ ગમે તે હોય તોયે એમાં સામ્ય હોવાને કારણે,

પહેલાં જોયેલા સમુચ્ચિતોપમા અલંકારની પેઠે અહીં પણ ઉપમા અલંકાર જ માનવો પડશે. જેમ કે—

> "ઉતાવળ કરવાથી રખેને તે ઉદ્વેગ પામે એમ વિચારી તે મહાબાહુ રાજાએ નવી જ હાથમાં આવેલી પૃથ્વીનો નવપરિણીતા વધૂની જેમ મૃદુતાથી ઉપભોગ કર્યો." (રઘુવંશ, ૮-૭) ૧૬૨

અહીં પૃથ્વી રૂપી વધૂને મૃદુતા અને પ્રેમથી ભોગવવાનો રાજાનો પ્રયત્ન પ્રતીત થાય છે, કારણ, (પૃથ્વી અને વધૂ) બંને અહીં વર્ણ્ય વિષય છે, અને બંને અહીં સ્થાન વિનિમય કરે છે, તેમ છતાં સામ્યની પ્રતીતિ થતી હોઈ અહીં ઉપમા અલંકાર જ છે. જેમ કે—

> "આ રણ ચારણોનો જીવ લેનાર છે, ભલે એમાં અર્જુનના સૈનિકો આનંદ લેતા. આ વ્રતમાં તો માથાંનાં બલિદાન અપાય છે. તલવારની ધાર એ કંઈ નીલોત્પલની માળા નથી." ૧૬૩

કલ્પલતાવિવેક આ શ્લોક વિશે કહે છે કે મોટી તલવારની ધાર અને ઉત્પલની માળામાંથી એક હાજર છે અને બીજી હઠી ગઈ છે. એ બંને વચ્ચે નીલત્વ અને દીર્ઘત્વ વગેરેને કારણે સામ્ય પ્રતીત થાય જ છે. તે જ રીતે, મંગલ વાદ્યોવાળો ઉત્સવ હઠી જાય છે અને રણસંગ્રામ હાજર થાય છે. એટલે માથાં હઠી જાય છે અને તલવારની ધાર પ્રવર્તી રહે છે; આમ, એમાં પરિવૃત્તિ કહેતાં વિનિમય છે જ. તેમ છતાં તેમની વચ્ચે, ઉપર કહ્યું તેવું, સામ્ય પ્રતીત થતું નથી, એવું પછી પણ સમજી લેવું.

સામ્યપ્રતીતિને લીધે જ અહીં ચારુતાનો અનુભવ થાય છે, અને માટે જ એને અલંકાર ગણીએ છીએ. આવે પ્રસંગે કવિઓ સૌંદર્ય સાધવા માટે કેવળ વાચ્ય સામ્યનો જ નહિ પણ પ્રતીયમાન સામ્યનો પણ ઉપયોગ કરે જ છે.

પરિવૃત્તિ અલંકાર પણ પ્રતીયમાન જોવામાં આવે છે. જેમ કે—

"કુલપતિએ બતાવેલી કુટીરમાં માત્ર પોતાની પત્ની સાથે કુશના બિછાના ઉપર સંયમપૂર્વક રાત ગાળી — તેના શિષ્યોના અધ્યયનના અવાજથી જ ખબર પડી કે રાત પૂરી થઈ છે." (રઘુવંશ, ૧-૯૫) ૧૬૪

આ શ્લોકમાં બધાં જ પદો બીજાં પરિવર્તનીય પદોનું (જેમ કે કુટીર એ રાજમહેલનું, પત્ની એ પરિજનોનું, કુશનું બિછાનું એ આરામદાયક છત્રપલંગનું, સંયમ એ વિલાસનું) સૂચન કરે છે, તેથી એ પ્રતીયમાનતાને લીધે તદ્વિદોને આનંદ આપનાર થઈ પડે છે. અહીં કોઈ કદાચ એવો પ્રશ્ન ઉઠાવે કે અહીં પરિવૃત્તિ સૌંદર્યનું કારણ નથી? કેમ કે એના વગર આખો અર્થ જ માર્યો જાય છે. એનો જવાબ એ છે કે વાત સાચી છે. અહીં પરિવૃત્તિ છે જ નહિ એવું અમે કહેવા નથી માગતા, પણ તે વર્ણ્ય વિષય હોઈ અલંકાર ન બની શકે એટલો જ અમારો અભિપ્રાય છે. વળી, કેવળ પ્રતીયમાન હોવાને કારણે જ કોઈ અલંકાર બનતો નથી. કારણ, અલંકાર્ય વસ્તુમાત્ર પણ પ્રતીયમાન હોઈ શકે છે. આ શ્લોક જ એનું ઉદાહરણ છે. વળી, જે કંઈ પ્રતીયમાન હોય તે તદ્વિદોને આનંદ આપનાર હોઈ અલંકાર ગણાય, એમ પણ ન કહી શકાય. કારણ, અલંકાર્યમાં પણ તદ્વિદોને આનંદ આપવાનો ગુણ જોવામાં આવે છે. અમે કાવ્યનાં વસ્તુમાત્ર, અલંકાર અને રસાદિ એવાં જે જુદાં જુદાં ત્રણ તત્ત્વો ગણાવેલાં છે તે વ્યવસ્થા પણ તૂટી પડે.

ઉપરાંત, પરિવૃત્તિને જો અલંકાર માનીએ તો એને શણગારવા માટે બીજા કોઈ અલંકારની જરૂર જ ન હોવી જોઈએ. પણ અત્યાર પહેલાં ટાંકેલા ઉદાહરણ (૧૬૦; પૃ. ૨૭૫)માં તો બીજા અલંકારો જોવા મળે છે. એનો પૂર્વાર્ધ એવો છે કે—

"તેં જુવાનીમાં જ શણગારો ઉતારી નાખીને ઘડપણમાં શોભે એવું વલ્કલ કેમ ધારણ કર્યું છે?"

પણ ઉત્તરાર્ધ આ પ્રમાણે છે—

"જરા કહે તો ખરી કે સંધ્યાકાળે ચંદ્ર ને તારા પ્રગટ્યા હોય એવી રાત્રિ મળસકું થઈ જઈ શકે ?" (કુમાર-સંભવ, ૫-૪૪)

જો તમે એમ કહો કે કવિને એક અલંકારથી સંતોષ ન થયો એટલે તેણે બીજો અલંકાર યોજ્યો, તો એ પણ તર્કસંગત નથી. કારણ, જ્યાં બીજું કોઈ અલંકાર્ય વસ્તુ હોય ત્યાં અલંકાર યોજી શકાય અને ત્યાં સંતોષ ન થતાં બીજો અલંકાર પણ યોજવો ઉચિત ગણાય. પણ જ્યાં સ્વતંત્ર અલંકાર્ય વસ્તુ જ નથી ત્યાં એ શી રીતે ઉચિત ગણાય ? વળી, અમે પહેલાં બતાવી ગયા છીએ તે પ્રમાણે એ પ્રત્યેક (વર્ણ્ય વિષય હોઈ) એકબીજાનો અલં-કાર બની શકે એમ નથી, એટલે પરિવૃત્તિ અલંકાર બની શકે જ નહિ. એને જો અલંકાર માનીએ તો એ માત્ર અલંકાર જ બની જશે અને અલંકાર્ય, નહિ થઈ શકે. એટલે અહીં કવિએ પરિવૃત્તિને શોભાવવા ઉપમા અલંકાર વાપર્યો છે, એમ જ માનવું રહ્યું.

એટલે અહીં કહેવાની મતલબ એ છે કે પાર્વતીએ ખીલતી જુવાનીમાં શોભે એવાં આભૂષણો ઉતારી નાખી ઘડપણમાં શોભે એવું વલ્કલ ધારણ કર્યું એ, સંધ્યા સમયે ચંદ્ર ને તારા પ્રગટ્યા હોય ત્યાં જ રાત્રિ મળસકામાં પલટાઈ જાય તેના જેવું છે. આ સામ્ય જ અપૂર્વ કાવ્યસૌંદર્ય દ્વારા તદ્વિદોને આનંદ આપનાર થઈ પડે છે. એટલે અહીં મુખ્ય મુદ્દો એ છે કે વ્યાખ્યામાં જે મર્યાદા બાંધી હોય તેને અનુસરીને અલંકારનો ઉપયોગ કરવો જોઈએ. બેશક, એમાં પ્રતિભાથી સ્ફુરેલા વૈદગ્ધ્યભંગિભણિતિના વિવિધ પ્રકારો પણ ભળી શકે છે. જેમ કે—

सिविणविञ्खेण...૧૬૫

કલ્પલતાવિવેક કહે છે કે આ ગાથા નિદર્શનાના એક પ્રકારનું ઉદાહરણ ગણાય છે, પણ એ ઉપમા જ છે એવું ગ્રંથકાર આગળ જતાં પ્રતિપાદન કરશે.

"यथा, इव, वत् વગેરે શબ્દો વગર જ માત્ર ક્રિયા દ્વારા જ તેના વિશિષ્ટ અર્થને પ્રગટ કરવો તે નિદર્શના." (ભામહ, ૩-૩૩) ૧૬૬

એનું ઉદાહરણ આ પ્રમાણે આપેલું છે—

> "ચડવું તે પડવા માટે જ છે, એવો શ્રીમંતોને ઉપદેશ આપતો આ ઝાંખો પડી ગયેલો સૂર્ય અસ્ત પામે છે." (ભામહ, ૩-૩૪) ૧૬૭

આ શ્લોકમાં સામ્યની પ્રતીતિ 'આ તેના જેવું છે' કે 'આ તે જ છે' વગેરે વાચક શબ્દો વાપર્યા વગર જ કવિપ્રતિભાને બળે કરાવવા ધારી છે અને તે સામર્થ્યયુક્ત વાક્યના જોરે થાય છે, એટલે આને પ્રતીયમાન ઉત્પ્રેક્ષાનું ઉદાહરણ ગણવું જોઈએ. જેમ કે—

> "ચંચળ વીજળીરૂપી મશાલ લઈને રાત્રિઓમાં મેઘો જોઈ રહ્યા છે (ચોકી કરી રહ્યા છે) તેમની ગંભીર ગર્જના સાંભળીને કઈ વિરહી સ્ત્રી જીવતી રહી શકે?" ૧૬૮

મેઘગર્જના સાંભળીને કેટલીક સ્ત્રીઓ....વીજળીના ઝબકારાવાળી કાળરાત્રિએ મેઘો ભણી જોઈ રહી છે, એવું વર્ણન છે.... પણ એ મહિલાઓનો અભિપ્રાય શો છે તે નક્કી ન થઈ શકવાથી અને વાક્યનો અર્થ બીજી રીતે ઘટાવી શકાતો નથી એટલે પહેલાં કહ્યું છે તે જ અહીં પણ લાગુ પાડવું.

એનો અર્થ કલ્પલતાવિવેક એવો કરે છે કે ઉત્પ્રેક્ષાને પ્રતીયમાન ગણી હતી તેમ અહીં પણ ગણવું.

> "ચંદ્રે પોતાના અર્ધા ઊગેલા બિંબના સૌંદર્યથી બલરામના મંદપ્રભાવાળા સૌંદર્યને ઝૂંટવી લીધું." ૧૬૯

અહીં પણ અર્ધા ઊગેલા ચંદ્રના બિંબની શોભાની સાથે બલરામના લલાટની સુંદરતાનું સામ્ય 'મંદપ્રભા' એ વિશેષણને બળે સૂચવાય છે.... એના સિવાય અહીં કાવ્યચમત્કારનું બીજું

કોઈ કારણ નથી. એકથી વધુ અર્થનો બોધ કરાવનારું (आचक्षे) ક્રિયાપદ જ અહીં ગર્ભિત ઉપમાનું સૂચક બની રહે છે. કવિએ એ રીતે ચવાઈ ગયેલા શબ્દનો પ્રયોગ કરવાનું રાખ્યું છે. જે ક્રિયાપદ ખરેખર વપરાયું છે તે અને 'नीलोत्पल' શબ્દ (જે ખંડિત પાઠમાં મળતો નથી તે) સીધી રીતે આંખનો બોધ કરાવતો નથી. ઉપચારપરંપરાથી એ તેનો ધર્મરૂપે બોધ કરાવે છે. આમ, ધર્મ-ધર્મીનો સંબંધ સ્થપાતાં લક્ષણા વ્યાપારમાં આવે છે. પહેલાં તો આ લક્ષણા પદાર્થનો નહિ પણ તેના ધર્મનો જ બોધ કરાવે છે. પદાર્થનો બોધ કરાવવો એ અભિધાનું કામ છે. એ પછી તે (ઉપ-મેય અને ઉપમાનના) ધર્મોના સાદૃશ્યના સંબંધમાં આવે છે, અને તે પછી ધર્મોના સાદૃશ્યને લીધે એ કેવળ 'દૃષ્ટિ'નો જ બોધ નથી કરાવતી પણ તેના સૌંદર્યની છાયાને પણ વ્યક્ત કરે છે.

'नीलोत्पल' જેવા સામાસિક શબ્દમાં વિશેષણવાચક પદ પહેલું આવે છે, કેમ કે એ માત્ર વિશેષણ જ હોય છે. અથવા બહુવ્રીહિ સમાસમાં એ વિશેષણ સાતમી વિભક્તિમાં રહેલા ધારક સાથે જોડાય છે. (જેમ કે पद्मपाणि = पद्मं पाणौ यस्य सः) બાકીનું પહેલાં કહ્યા પ્રમાણે સમજી લેવું.

'ઇન્દુમુખી' સમાસનો અર્થ ઇન્દુ જેવું મુખ જેનું છે તે, એવો થાય છે. અહીં પણ પહેલાં કહ્યું તે પ્રમાણે, ઇન્દુ શબ્દ પોતે જ વિશેષણ બની જાય છે. કારણ, મુખ અને સકલ લોક જેને જોઈ રહે છે એવા પૂર્ણ ચંદ્રના બિંબ વચ્ચેના સાદૃશ્યનું એ નિમિત્ત બને છે. અને એ રીતે એ સમાસની ઉત્પત્તિ પણ સધાય છે. અથવા એ સમાસને આપણે જરા જુદી રીતે પણ સમજાવી શકીએ. ઇન્દુમુખ જેવું મુખ જેનું છે તે. અહીં ઇન્દુ શબ્દ પોતાના જ (એટલે કે 'ઇન્દુમુખ' એ આખા શબ્દના) એક ભાગ(મુખ)-નું વિશેષણ બની જાય છે, જેમ 'ગામ બળી ગયું' એ વાક્યમાં ગામનો અર્થ ગામમાંના લોકો અને વસ્તુઓ એવો થાય છે તેમ. બાકીનું પહેલાંની પેઠે સમજી લેવું

'પુરુષવ્યાઘ્ર' સમાસમાં સાધારણ ધર્મનો પણ બોધ થાય છે. કારણ, ઉપમાન-ઉપમેય વચ્ચે સંબંધ સ્થપાયા વગર ઉપમાન-ઉપમેય ભાવ જ સ્થપાતો નથી. પણ એ સંબંધ તો બે પદાર્થો પાસે પાસે મૂકવા માત્રથી જ સમજાઈ જતો હોઈ સાધારણ ધર્મનું કથન શબ્દો દ્વારા કરવામાં આવતું નથી. એટલે પાણિનિના વ્યાકરણમાં કહ્યું છે કે "જ્યારે વ્યાઘ્ર વગેરે શબ્દો ઉત્તરપદ હોય ત્યારે સમાસ ઉપમિત હોય છે, અને સાધારણ ધર્મ શબ્દથી કહેલો હોતો નથી." 'ઇન્દુકાન્તમુખી' જેવા સમાસમાં (ઇન્દુ જેવું સુંદર મુખ છે જેનું તે) સાધારણ ધર્મ કહેલો પણ હોય છે. એમાં, ઉપમાનો સમાન ધર્મવાળા શબ્દો સાથે સમાસ પામે છે એ નિયમને આધારે, પહેલાં, આગલાં બે પદોનો સમાસ થાય છે, ઇન્દુકાન્ત (ઇન્દુના જેવું સુંદર). એ પછી જેનું મુખ ઇન્દુ જેવું સુંદર છે તે ઇન્દુકાન્તમુખી એવો સમાસ થાય છે. સામાન્ય ધર્મવાચક શબ્દ સમાસમાં કે વાક્યમાં બંનેમાં યોગ્ય રીતે પ્રાપ્ત થતો હોવાથી સામાન્ય ધર્મ શબ્દથી કહેવા ન કહેવા વિશે કોઈ નિર્ણાયક નિયમ નથી. જ્યારે એવા શબ્દની સાથે બીજા શબ્દનો સમાસ રચ્યો હોય, જેમાં સાધારણ ધર્મ સ્પષ્ટપણે કહેલો હોય ત્યારે ત્યાં આક્ષેપ કે વ્યંજના છે એવું શી રીતે કહી શકાય?

આમ, આપણે એવા નિર્ણય ઉપર આવી શકીએ કે વિવક્ષાને આધારે કોઈ વાર સાધારણ ધર્મ સૂચિત હોય છે તો કોઈ વાર કહેલો હોય છે. જ્યારે સાદૃશ્ય ધરાવતા બે પદાર્થો વચ્ચેનો સામાન્ય ધર્મ સૂચિત હોય છે ત્યારે તે શબ્દથી કહેવાયો નથી હોતો. શબ્દનો ઉપયોગ અર્થનો બોધ કરાવવા માટે જ થાય છે. તે જો કવિકૌશલને લીધે બીજી રીતે થઈ જતો હોય તો પછી શબ્દ વાપરવાથી શું? એટલે જો કોઈ વાક્યમાં ઉપમાન અને ઉપમેય વચ્ચેનું સામ્ય, નહિ વધુ નહિ ઓછું એ રીતે, શબ્દથી કે સૂચનથી નિરૂપાયું હોય તો ત્યાં વાક્ય સાંભળતાંની સાથે જ, ક્રમવાર વર્ણો સંભળાય તે સાથે જ અલંકારની પણ પ્રતીતિ થતી હોય છે, અને

ત્યાં इव વગેરે ઉપમાવાચક શબ્દોથી તેનું કથન કરવાની જરૂર નથી, કારણ, તેમનો અર્થ સમજાઈ ગયો હોય છે. જેમ કે—

"રાજાને પુત્રો હતા તેમ છતાં" ૧૭૦

જુઓ આ ઉન્મેષનું ઉદાહરણ ૧૩૮ (પૃ. ૨૬૪).

વળી, જ્યાં બીજો કોઈ અલંકાર વાપર્યા વગર જ, કવિ પદાર્થપરિવૃત્તિનું નિરૂપણ કરે છે ત્યાં પણ બંને વચ્ચેના અત્યંત સામ્યને પ્રગટ કરવા કવિએ યોજેલા કૌશલને જોરે બે વચ્ચેનો ઉપમાનોપમેય ભાવ એકદમ સમજાઈ જતો હોય છે. એવે સ્થાને પણ અભિવ્યક્તિના વૈચિત્ર્યને કારણે અલંકારનું સૌંદર્ય જ તેને સમજનાર તદ્વિદોને ચમત્કારનું કારણ થઈ પડે છે, અને ત્યાં (ઉપમા) અલંકાર પ્રતીયમાન જ હોય છે.

ઉપમાવાચક ઇવાદિ ન વપરાયા હોય એવું ઉદાહરણ—

"તલવારની ધાર એ કંઈ નીલોત્પલની માળા નથી." ૧૭૧

જુઓ આ ઉન્મેષનું ઉદાહરણ ૧૬૩ (પૃ. ૨૭૬).

પણ જ્યાં ઉપમા અલંકાર વાચ્ય હોય છે ત્યાં ઇવાદિ વાચકો અનેક રીતે વૈચિત્ર્યપૂર્વક વાપરી શકાય છે. આમ, પદાર્થ (શબ્દાર્થ) વિષયક ઉપમામાં વાકયના એક ભાગમાં રહેલા ઉપમાન અને ઉપમેય વચ્ચેનો સામ્યસંબંધ દર્શાવવા ઇવાદિવાચક વપરાયા હોય ત્યાં તે જ વાકયના બીજા ભાગમાં બીજા ઉપમાન-ઉપમેય વચ્ચેનો સાદૃશ્યસંબંધ દર્શાવવા ફરી વાર ઇવાદિ વપરાય છે. જોકે ઉપમાન અને ઉપમેયનું પ્રત્યેક જોડકું સંપૂર્ણ હોય છે, તેમ છતાં આખા વાકયના અર્થમાંથી ઉપમાન-ઉપમેય ભાવ પ્રતીત થાય એ માટે ઉપરની રીત જ કામમાં લેવી જોઈએ. જેમ કે—

"પછી સૂર્ય જેમ પોતાનાં કિરણોથી રસોને ખેંચી લે છે તેમ પોતાનાં બાણોથી ઉત્તરના રાજાઓનો નાશ કરવા રઘુ ઉત્તર દિશામાં ચાલ્યો." (રઘુવંશ, ૪–૬૬) ૧૭૨

કોઈ વાર પદાર્થોપમામાં જ વાકયના એક ભાગમાંના ઉપમાન અને ઉપમેય વચ્ચેનો સાદૃશ્યસંબંધ વાચ્ય હોય છે. પણ ઇવાદિ વાચકવાળા તે જ વાકયમાં રહેલા ઉપમાન-ઉપમેયમાંથી કોઈ એકના અન્ય પદાર્થ સાથેના ધર્મસામ્યને કારણે તેમની વચ્ચે ઉપમાનોપમેય ભાવ સંભવે છે. તેવે સ્થાને, પહેલાં કહેલી રીતે, ફરી ઇવાદિ વપરાય છે. જેમ કે—

> "પ્રભાતના રમણીય સૂર્યબિંબ જેવા મહર્ષિના મુખમાંથી નીકળીને અગ્નિના કણના જેવી ચમકતી દીપ્તિ સમી વિદ્યા ખીલેલા કમળ જેવા અર્જુનના મુખમાં દાખલ થઈ." (કિરાતાર્જુનીય, ૩-૨૫) ૧૭૩

કોઈ વાર પદાર્થોપમામાં ઉપમાનો અને ઉપમેયોના સરખી સંખ્યાના બે સમૂહો હોય છે, ત્યારે દરેક સમૂહને સામૂહિક રીતે એક ગણી લઈને તેમની વચ્ચેના સામ્યસંબંધને કારણે ઉપમાન-ઉપમેય ભાવ દર્શાવવા માટે એક જ ઇવાદિ વાચક વાપરવામાં આવે છે. પાછળથી તે દરેક સમૂહમાંનો પ્રત્યેક પદાર્થ પોતાના સહસંબંધી બીજા સમૂહમાંના સહસંબંધક સાથે ઉપમાનોપમેય ભાવે જોડાઈ શકે છે, કેમ કે આખા સમૂહના ધર્મના જ્ઞાનને લીધે તેના એકમોના ધર્મનો પણ પરિચય થઈ જ ગયો હોય છે જેમ કે—

> "પ્રિયાના પુલકિત કપોલ ઉપર" ૧૭૪

જુઓ આ ઉન્મેષનું ઉદાહરણ ૧૩૦ (પૃ. ૨૬૧).

આ શ્લોકમાં વિશેષણો અને ક્રિયાવિશેષણો ઉપમાન અને ઉપમેય બંનેને ઉચિત રીતે વિશેષિત કરે છે અને તેથી તેમની વચ્ચેના (સાધારણ ધર્મના સંબંધને લીધે ઉપમાન-ઉપમેય ભાવ પ્રતીત થાય છે.)

કોઈ વાર પદાર્થોપમામાં એક વસ્તુને અનેક વિશેષણો લગાડી મુખ્ય વર્ણ્ય વિષય તરીકે ઉપમેય રૂપે વાપરી હોય અને બરાબર તેટલાં જ વિશેષણોવાળો બીજો પદાર્થ ઉપમાન તરીકે યોજ્યો

હોય ત્યારે તે બંનેને સરખાં વિશેષણો લાગ્યાં હોવાને લીધે જ તેમનો ઉપમાનોપમેય ભાવ સમજાઈ જાય છે. એ ઉપમાનોપમેય ભાવનું કથન કરવા માટે ઇવાદિ વાચકોનો ઉપયોગ અવશ્ય કરવો જોઈએ. એ વિશેષણોના પરસ્પર સામ્યના કથન માટે પહેલાં કહેલી યુક્તિ જ વાપરવી. જેમ કે—

"અંગે લાલ ચંદનનો લેપ કરેલા." (૧૭૫)

જુઓ આ ઉન્મેષનું ઉદાહરણ ૧૩૧ (પૃ. ૨૬૨).

ઉપમાના આવા બધા જ દાખલાઓમાં સામ્યનો બોધ અભિવ્યક્તિના વૈચિત્ર્યથી તેમ જ ઇવાદિ ઉપમાવાચક શબ્દોના વૈચિત્ર્યથી થતો હોય છે.

ઉપમાદોષોનું તો ઉપમાની વ્યાખ્યા સારી રીતે કરી હોવાથી જ નિવારણ થઈ જાય છે, એટલે નેયાર્થ વગેરેની પેઠે ગણાવતા નથી.

("જ્યારે વિવક્ષિત વિષયનો ધર્મ મનોહર રીતે કહેવામાં આવ્યો હોય છે ત્યારે દોષો આપોઆપ જ દૂર હડસેલાઈ જાય છે.") ૧૭૬

આ અંતરશ્લોક છે.

આમ, પ્રસ્તુત અને અપ્રસ્તુત વચ્ચેનું વાચ્યસાદૃશ્ય જેનું જીવિત છે એવા ઉપમા નામના અલંકારને સમજાવ્યા પછી લગભગ એના જેવી જ શોભા ધરાવતા વાચકસાદૃશ્યમૂલક શ્લેષનું નિરૂપણ કરે છે—

## ૪૪

**જ્યારે બે અર્થો એક જ શબ્દ મારફતે વ્યક્ત થાય ત્યારે વાચકની કહેતાં શબ્દની એ બે અર્થોનો બોધ કરાવનારી શક્તિને શ્લેષ નામનો અલંકાર કહે છે.**

આને સમજાવતાં કહે છે કે કારિકામાં જે तत् શબ્દ છે તે શ્લેષનું કારણ બનનાર દ્વિઅર્થી શબ્દને માટે વપરાયો છે. એ શબ્દમાં બે અર્થ વ્યક્ત કરવાની શક્તિ હોવી જોઈએ. એનાથી બેવડો અર્થ

વ્યક્ત થવો જોઈએ. અહીં શબ્દની સમાનતા એટલે શબ્દના સંભળાતા વર્ણોની સમાનતા. એક જ વર્ણ ઉદાત્તાદિ સ્વરભેદે ઉચ્ચારાય તો તે જુદો લાગે છે અને જુદો ગણાય પણ ખરો. એટલે અહીં જે સામ્ય ઉદ્દિષ્ટ છે તે બે શબ્દો વચ્ચેનું પરસ્પર સાદૃશ્ય છે. વાક્યના એક ભાગમાં આપણને એમ લાગે કે આ શબ્દ આ અર્થનો વાચક છે, અને પછી એમ લાગે કે એ જ શબ્દ બીજા અર્થનો પણ વાચક છે. આમ જ્યારે બને ત્યારે પદાશ્રિત શ્લેષ અલંકાર થાય. આમ દ્વિઅર્થી એક જ શબ્દ દ્વારા બે અર્થોનો બોધ કરાવી શકાય છે. બંને અર્થો એક જ શબ્દ દ્વારા સમજાય છે તેથી ત્યાં શ્લેષ જ છે એમ શી રીતે કહી શકાય ? માટે કહે છે કે શ્લેષનો અનુભવ ત્રણ પ્રકારના પદાર્થોથી ત્રણ રીતે થાય છે (એટલે કે શ્લેષના ત્રણ પ્રકાર છે): (૧) અર્થશ્લેષ, (૨) શબ્દશ્લેષ અને (૩) ઉભયશ્લેષ.

એવા આ ત્રિવિધ શ્લેષનું પ્રતિપાદક શું છે ? એમ કોઈ પૂછે તો કહે છે—

## ૪૫

**કવિઓ એટલે કે વિદ્વાનો કહે છે કે શ્લેષનું પ્રતિપાદક (૧) શ્લિષ્ટ શબ્દ સિવાયનું હોય છે, તેમ જ (૨) આખા વાક્યની વ્યંજના તથા (૩) કોઈ વાર ઇવાદિ વાચક શબ્દો પણ હોય છે.**

વિદ્વાનો એમ માને છે કે શ્લેષાલંકારનું પ્રતિપાદક (૧) શ્લિષ્ટ શબ્દ સિવાયનું કંઈ બીજું જ હોય છે. (૨) કેટલીક વાર ઇવાદિ વાચકો પણ એનું પ્રતિપાદન કરે છે વળી (૩) કોઈ વાર વાક્યાર્થની વ્યંજના પણ એની પ્રતિપાદક બને છે. કહેવાની મતલબ એ કે વિવક્ષિત ગર્ભિતાર્થ પ્રગટ કરવાની શક્તિ આ ત્રણમાંના કોઈ એકમાં હોય છે.

આ ત્રણે પ્રકારોમાં બે અર્થો પ્રધાનપણે વર્ણ્ય વિષય હોય છે. અને જ્યારે શબ્દોના દ્વિઅર્થીપણાને લીધે પ્રાપ્ત થતું સામ્ય

આખા વાક્યની શક્તિથી પ્રતીત થતું હોય છે ત્યારે શ્લેષાલંકાર પ્રતીયમાન હોય છે. પણ જ્યારે ઇવાદિ વાચકો વપરાયા હોય છે ત્યારે તે વાચ્ય હોય છે. પ્રસ્તુત અને અસ્તુત વસ્તુઓમાં એક પ્રધાન અને બીજી ગૌણ હોય ત્યારે પણ બંનેનો બોધ એક શ્લિષ્ટ શબ્દથી થતો હોઈ બંને વચ્ચેનું સામ્ય તો એવું જ રહે છે. બેમાંથી જે એકનું પ્રધાનપણે વર્ણન કર્યું હોય તે ઉપમાન હોય તોયે સમુચ્ચિતોપમાને અંગે જે કહ્યું હતું તે જ લાગુ પાડવું (અને બીજાને ઉપમેય ગણવું).

૪૬

**આ અલંકારમાં એક જ શબ્દ બે અર્થોનો બોધ કરાવતો હોય છે. એ શબ્દ અને તેના એક જ લાગતા બે અર્થો વચ્ચે સામ્ય કવિકૌશલનું મુખ્ય તત્ત્વ છે.**

૪૭

**સમાન અવાજ(શબ્દ)વાળા શબ્દોની સ્મૃતિથી પહેલાં એક અને પછી બીજો અર્થ સમજાય છે. શબ્દ તો ઉચ્ચારાતાંવેંત નાશ પામે છે એટલે જ સ્મૃતિ એ જ અર્થનો બોધ કરાવનાર હોય છે.**

પહેલા પ્રકારનું એટલે કે અર્થશ્લેષનું ઉદાહરણ--

"પોતાનો અભિપ્રાય પ્રગટ કરવામાં કુશળ, માધુર્યની મુદ્રાથી અંકિત, સૌંદર્યને લીધે અભિમતોના હૃદયમાં અપૂર્વ ભાવો જગાડનાર અને રસભાવની પરાકોટિએ પહોંચેલી કવિઓની વૈદગ્ધ્યવક્ર વાણી અને કાન્તાના કટાક્ષ વિજય પામે છે." ૧૭૭

બીજા પ્રકારનું એટલે કે શબ્દશ્લેષનું ઉદાહરણ—

આ શ્લોકમાં વપરાયેલાં શ્લિષ્ટ વિશેષણોને કારણે શબ્દશક્તિથી બે અર્થો થાય છે. (૧) વિષ્ણુને લગતો અને (૨) મહાદેવને લગતો.

વિષ્ણુને લગતો અર્થ—

"અજન્મા એવા જે વિષ્ણુએ બાળપણમાં શકટનો અથવા શકટાસુરનો નાશ કર્યો હતો, પુરાણકાળમાં અમૃત-હરણ સમયે બળવાન રાક્ષસોને અથવા બલિરાજાને જીતનાર શરીરને સ્ત્રીના રૂપમાં પલટી નાખ્યું હતું, ઉદ્ધત કાલિય નાગનો અથવા અઘાસુરનો વધ કર્યો હતો, શબ્દબ્રહ્મરૂપ હોઈ જેનું શબ્દમાં તાદાત્મ્ય થઈ જાય છે, જેમણે ગોવર્ધન પર્વતનું અને વરાહાવતારમાં પૃથ્વીનું ધારણ કર્યું હતું, શશિને મથનાર રાહુનો શિરચ્છેદ કરવાને લીધે દેવો જેમની 'શશિમચ્છિરો હર' કહીને પ્રશંસા કરે છે, જેમણે દ્વારકામાં અંધકો અર્થાત્ યાદવો માટે નિવાસસ્થાન બનાવ્યું હતું અથવા મૌસલપર્વમાં યાદવોનો નાશ કરાવ્યો હતો અને જેઓ બધી કામનાઓ પૂર્ણ કરે છે તે માધવ તમારું રક્ષણ કરો." ૧૭૮

મહાદેવને લગતો અર્થ—

"કામદેવનો નાશ કરનાર, પુરાણકાળમાં ત્રિપુરદહન સમયે બલિને જીતનાર વિષ્ણુના શરીરને અસ્ત્રમાં પલટી નાખ-નાર, મહાભયાનક ભુજંગોને હાર અને કંકણરૂપે અને જટામાં ગંગાને ધારણ કરનાર, જેની દેવો 'ચંદ્રમૌલિ હર' કહીને સ્તુતિ કરે છે એવા અંધકાસુરનો વિનાશ કરનાર ઉમાપતિ શંકર તમારું રક્ષણ કરો." ૧૭૮

ત્રીજા પ્રકારનું એટલે કે ઉભયશ્લેષનું ઉદાહરણ—

શ્લેષને કારણે એ શ્લોકના પણ બે અર્થ થાય છે: (૧) મહાદેવને લગતો અને (૨) પાર્વતીને લગતો.

મહાદેવને લગતો અર્થ—

"પોતે બનાવેલી કમળકાકડી જેવી વાળ વગરની ખોપ-રીઓની માળા ધારણ કરનારી, ત્રીજા નેત્રના અગ્નિથી કામદેવને ભસ્મ કરનારી, સાપને કંદોરાની પેઠે બાંધનારી, વસ્ત્ર વગરની, શિવની દિગંબર મૂર્તિ જગતનું આપત્તિથી રક્ષણ કરો." ૧૭૯

પાર્વતીને લગતો અર્થ—

"પોતે રચેલી ખીલેલાં કમળોની માળા ધારણ કરનારી, વાંકા દષ્ટિપાતથી શોભતી આંખો વડે કામને પ્રજ્જ્વલિત કરનારી, ઢીલાં વસ્ત્રો ઉપર કંદોરો ધારણ કરનારી, શ્વેત વસ્ત્રવાળી શિવના અર્ધાંગ પાર્વતીની મૂર્તિ જગતનું આપત્તિથી રક્ષણ કરો." ૧૭૯

વાસ્તવિક નહિ એવા અર્થશ્લેષનું ઉદાહરણ—

આ શ્લોકના પણ શ્લેષને કારણે બે અર્થ થાય છે.

પહેલો અર્થ—

"'હે કેશવ, ગાયોએ ઉડાડેલી ધૂળથી દૃષ્ટિ હરાઈ ગઈ હોવાથી હું કશું જોઈ ન શકી તેથી હું પડી ગઈ છું; હે નાથ, પડેલી એવી મને કેમ પકડતા નથી ? ખાડાખૈયાવાળા રસ્તા પર જેઓ હિંમત હારી બેઠી છે એવી બધી અબળાઓની તમે જ એકમાત્ર ગતિ છો'–ગોશાળામાં ગોપી વડે આ રીતે સૂચક શબ્દોથી સંબોધાયેલા કૃષ્ણ તમારું સદા રક્ષણ કરો." ૧૮૦

બીજો અર્થ—

"'હે કેશવ, હે સ્વામી (ગોપ), તમારા પ્રત્યેના રાગ કહેતાં પ્રેમમાં આંધળી થઈને મેં કશું જોયું – કર્યું નહિ. તેથી જ મારું સ્ખલન થયું છે (હું ચારિત્ર્યભ્રષ્ટ થઈ છું.) હે નાથ, મારા પ્રત્યે પતિભાવ કેમ ધારણ કરતા નથી ? (મારી સાથે પતિ જેવો વ્યવહાર કેમ રાખતા નથી ? ) કામબાણથી વીંધાયેલી બધી અબલાઓની એકમાત્ર ગતિ ( ઈર્ષ્યારહિત તૃપ્તિ સાધન ) તમે જ છો'–આ રીતે ગોશાળામાં ગોપી વડે સૂચક શબ્દોથી સંબોધાયેલા કૃષ્ણ સદા તમારું રક્ષણ કરો." ૧૮૦

આ રીતે, વાકયબંધનું વૈચિત્ર્ય સાધવાની શક્તિ અને બુદ્ધિથી રચાતો માણવા લાયક શ્લેષાલંકાર પતાવી, સામ્યમૂલક હોઈ ઉપમા, રૂપક અને શ્લેષમાંથી પ્રગટતા વ્યતિરેક અલંકારનું નિરૂપણ કરે છે.

## ૪૮

**શ્લિષ્ટ શબ્દથી સમજાતા બે અર્થો વચ્ચે સામ્ય હોવું જોઈએ. છતાં પ્રસ્તુતનો ઉત્કર્ષ સાધવા માટે, જો એક અર્થનો ધર્મ બીજા કરતાં ચડિયાતો છે એવું બતાવવામાં આવે તો વ્યતિરેક અલંકાર કહેવાય. એના બે પ્રકાર છે: (૧) શાબ્દ અને (૨) પ્રતીયમાન.**

આને સમજાવતાં કહે છે કે 'तच्छब्दः' એટલે શ્લિષ્ટ શબ્દ. એ બે અર્થનો બોધ કરાવતો હોવો જોઈએ. તે ઉપરાંત, એ પ્રસ્તુત અને અપ્રસ્તુતને લગતા અર્થો વચ્ચે પરસ્પર સામ્ય હોવું જોઈએ. આ બંને શરતો બંનેને લાગુ પડે છે, એટલે બંને પદાર્થો જ વર્ણ્ય વિષય હોય એમ લાગે. એ બે પ્રસ્તુત અને અપ્રસ્તુતમાંથી કવિ યથારુચિ કોઈ એકમાં કોઈ વિશેષ ધર્મનું આરોપણ કરી તેને કારણે તેને બીજાથી જુદો જ બતાવે છે, એટલે કે ઉપમાનથી ઉપમેય જુદું છે એમ બતાવે છે, ત્યારે વ્યતિરેક અલંકાર થાય છે. કવિ આમ શા માટે કરે છે? તો કે પ્રસ્તુતનો ઉત્કર્ષ સાધવા માટે, તેના સૌંદર્યમાં વધારો કરવા માટે. એ વ્યતિરેક અલંકાર બે પ્રકારનો હોય છે: (૧) શાબ્દ એટલે કે કવિઓમાં જાણીતો અને તેનો બોધ કરાવવાને સમર્થ એવા શબ્દોથી કહેવાયેલો. (૨) પ્રતીયમાન એટલે આખા વાકયના અર્થને જોરે સમજાતો.

પહેલા પ્રકારના તારતમ્યને વ્યક્ત કરતું ઉપમાવ્યતિરેકનું ઉદાહરણ—

> "લોકો એમ જ તેના કપોલને ચંદ્રની ઉપમા આપે
> છે, પણ ખરું જોતાં, ચંદ્ર તો બચારા ચંદ્ર જેવો છે." ૧૮૧

અથવા જેમ કે—

"તારી હજારો આંખોની પાંપણની મનોહર લીલા જોવાની ઇચ્છાવાળા ભ્રમરો તળાવમાંનાં સુંદર ખીલેલાં નીલોત્પલોથી રીઝતા નથી." ૧૮૨

અથવા જેમ કે—

" 'એને લક્ષ્મી તો મળી ગઈ છે, પછી એ શા માટે મને ફરી વલોવવાનું કષ્ટ ઉઠાવે? એના મનમાં આળસ તો છે નહિ એટલે એ પાછો પહેલાંની માફક નિદ્રામાં પડે એવો પણ મને સંભવ લાગતો નથી; બધા દ્વીપોના સ્વામી એની પાછળ પાછળ આવે છે, એટલે એ ફરીથી સેતુ શા માટે બાંધે?' આપને નજીક આવેલા જોઈને સમુદ્ર કંપી ઊઠયો છે અને ઉપર પ્રમાણે તર્કવિતર્ક કરે છે." ૧૮૩

આ શ્લોકમાં વર્ણ્ય વ્યક્તિમાં નારાયણનો આરોપ કર્યા વગર તેની પ્રવૃત્તિ જ સંભવતી નથી. આથી જ પૂર્વાચાર્યોએ (આનંદવર્ધન વગેરેએ) એમ કહ્યું છે કે રાજામાં કરેલું નારાયણનું આરોપણ એ પ્રતીયમાન રૂપકનો દાખલો છે. તો પછી એને વાચ્ય વ્યતિરેકનો દાખલો શી રીતે ગણી શકાય? એમ કોઈ કહે તો કહેવાનું કે તમારી વાત સાચી છે. પણ એનો ખુલાસો એ છે કે પ્રતીયમાન વસ્તુ બે પ્રકારનું હોય છે: (૧) પોતાનો અર્થ વ્યક્ત કરનાર શબ્દની વાચક શક્તિથી સમજાતું અને તેથી ગૌણ એવું, (૨) અર્થની વ્યંજનાશક્તિથી સમજાતું. પ્રાચીન આચાર્યો એમ માનતા કે વાચક શક્તિથી સમજાતો અર્થ ઉપમાન છે અને વિવક્ષિત અર્થનો બોધ કરાવનાર તો અર્થની વ્યંજનાશક્તિ છે. પણ અમારે મતે, વાચક શબ્દનો વ્યાપાર જુદો જ છે. અહીં પ્રાપ્તશ્રી વગેરે પદો વ્યંગ્યાર્થના સહસંબંધક તરીકે વપરાયેલાં છે. એ પદો પ્રસ્તુત પદાર્થ, વિશિષ્ટ શક્તિ ધરાવનાર દેવતા છે એવું પ્રતિપાદન કરે છે, એટલે એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અહીં રૂપકવ્યતિરેક છે. કહ્યું છે કે—

"જેમાં અર્થ પોતાને અથવા શબ્દ પોતાના અર્થને ગૌણ બનાવી દઈ પ્રતીયમાન અર્થને વ્યક્ત કરે છે, તે કાવ્યવિશેષને વિદ્વાનો ધ્વનિ કહે છે." (ધ્વન્યાલોક, ૧-૧૩) ૧૮૪

શ્લેષવ્યતિરેકનું ઉદાહરણ—

"હાથમાં સુદર્શન ધારણ કરતા (અથવા, સુંદર દેખાતા હાથવાળા), લલિત ચરણારવિંદ દ્વારા ત્રણે લોકને વ્યાપી લેનાર, પોતાના ચક્ષુરૂપે ચંદ્રને ધારણ કરનાર હરિ, આખો દેહ જેનો સુંદર છે, જેણે પોતાનાં સર્વ અંગોની શોભાથી ત્રણે લોકને જીતી લીધા છે, જેનું આખું મુખ ચંદ્ર જેવું છે એવી રુક્મિણીને પોતાના શરીર કરતાં ચડિયાતી માને એ યોગ્ય જ છે. એ રુક્મિણી તમારું રક્ષણ કરો." (ધ્વન્યાલોક, ૨-૨૧) ૧૮૫

હવે વ્યતિરેકનો બીજો પ્રકાર બતાવે છે.

૪૯

**કોઈ વર્ણ્ય વસ્તુના લોકપ્રસિદ્ધ સામાન્ય વ્યાપાર કરતાં ચડિયાતા વ્યાપારનું કથન કરવાની ઇચ્છાથી ઉપમાદિ બીજા અલંકારોની વિવક્ષા વગર જ, તેની વિશેષતા વર્ણવવામાં આવે ત્યારે વ્યતિરેકનો બીજો પ્રકાર થાય.**

વ્યતિરેકનો બીજો પ્રકાર એવો છે, જેમાં કોઈ એક વસ્તુનું જુદાપણું પ્રગટ કરવામાં આવે છે. શાનાથી જુદાપણું? તો કે લોકપ્રસિદ્ધ સામાન્ય વ્યાપારથી. શા માટે? તો કે એની કોઈ વિશેષતાને કારણે. કેવી રીતે? તો કે ઉપમા વગેરે બીજા અલંકારોની વિવક્ષા વગર. એટલે એનો અર્થ એ થયો કે એમાં વ્યતિરેક જ પ્રધાનપણે વિવક્ષિત હોય અને ઉપમાદિ બીજા અલંકારો એને ઉપકારક થઈને જ આવતા હોય.

આ બીજા પ્રકારના વ્યતિરેકનું ઉદાહરણ—

"પુષ્પિત પૃથ્વી તેનું ધનુષ છે, ભ્રમરોની હાર તેની પણછ છે, પૂર્ણચંદ્રોદય એ વિજયનો સમય છે, કમળ અને કેતકી જેવાં પુષ્પો તેનાં બાણ છે અને છતાં એ કામદેવરૂપી યોદ્ધો ત્રણે લોકમાં વિજય મેળવવાનો ભારે સુંદર આગ્રહ સેવે છે." ૧૮૯

આ શ્લોકમાં સકળ લોકમાં પ્રસિદ્ધ એવાં શસ્ત્રાદિ ઉપકરણોથી વિજય મેળવવાની ઇચ્છાવાળા વ્યવહાર કરતાં કામદેવનો સુકુમાર ઉપકરણોથી વિજય મેળવવાની ઇચ્છાવાળો વ્યવહાર ચડી જાય છે.

અહીં કોઈ એવો પ્રશ્ન ઉઠાવે કે પૃથ્વી વગેરેને ધનુષ વગેરેનું રૂપ આપ્યું છે તેથી આ રૂપકવ્યતિરેક જ છે, (એને વ્યતિરેકનો નવો પ્રકાર ન કહેવાય), તો એનો જવાબ એ છે કે એ સાચું નથી. રૂપકવ્યતિરેકમાં પહેલાં રૂપણ એટલે કે વસ્તુ ઉપર બીજી વસ્તુનો અધ્યારોપ કરવામાં આવે છે, અને પછી તેમાંથી જુદાપણું બતાવવામાં આવે છે જ્યારે અહીં તો સકળ લોકપ્રસિદ્ધ સામાન્ય વ્યવહારથી જુદાપણું બતાવવામાં આવે છે. (એટલે કે સામાન્ય રીતે જગતમાં જે સાધનોથી વિજય મેળવવામાં આવે છે તેના કરતાં જુદાં જ સાધનો વડે કામદેવ વિજય મેળવે છે એ તેની વિશેષતા પ્રગટ કરવામાં આવી છે.) પૃથ્વી વગેરે પર ધનુષ વગેરેનું આરોપણ કરવામાં આવ્યું છે તેને માત્ર વિશેષતા બતાવવાનું નિમિત્ત જ ગણવાનું છે. (એ કવિનું મુખ્ય વક્તવ્ય નથી.)

આમ વ્યતિરેકનો વિચાર કર્યા પછી શ્લેષની નિકટ હોવાને કારણે ક્રમપ્રાપ્ત હોઈ વિરોધાલંકારની ચર્ચા હાથ ધરે છે.

## ૫૦

**વિરુદ્ધ અર્થના વાચકોની સંગતિ સાધીને તેની પ્રતીતિને તર્કસંગત કરવામાં આવે ત્યારે વિરોધાલંકાર થાય.**

જે અલંકાર પરસ્પરવિરુદ્ધ અર્થોની પ્રતીતિ કરાવનાર વિધાનો વચ્ચે જ તે જ અર્થના બીજા શબ્દ દ્વારા અથવા અર્થમાં રહેલા

ગર્ભિત અર્થને જોરે સંગતિ સાધી તેને તર્કસંગત બતાવે તે વિરોધાલંકાર કહેવાય છે, કારણ કે ઉપમાન અને ઉપમેય વચ્ચેના વિરોધનું એ નિરસન કરે છે. જેમ કે—

> "કુપતિ હોવા છતાં તે પત્નીને વહાલો હતો, મહાદોષવાળો હોવા છતાં બધી કલાના અધિષ્ઠાન રૂપ હતો."
> ૧૮૭

આમાં વિરોધ લાગે છે, પણ જો 'કુપતિ'નો અર્થ ખરાબ પતિને બદલે પૃથ્વીપતિ એટલે કે રાજા એવો કરીએ અને 'મહાદોષ'નો અર્થ મહાબાહુ કરીએ તો પછી વિરોધ રહેતો નથી. આમ અહીં શ્લેષને કારણે વિરોધનું નિરસન થાય છે.

આ શ્લોકમાં अपि (છતાં) શબ્દથી વિરોધ પ્રગટ થાય છે. કોઈ વાર શબ્દના અર્થમાં રહેલા ગર્ભિત અર્થને લીધે વિરોધ પ્રગટ થાય છે. જેમ કે—

> "गौर्यादि भवता"। ૧૮૮

આખો શ્લોક મળતો નથી.

કોઈ વાર શ્લેષ વગેરે સાથે મિશ્રિત થઈને વિરોધ પ્રગટ થાય છે. જેમ કે —

> "मउलायतन्तिमते..." ૧૮૯

આ પ્રાકૃત ગાથાનો પાઠ ભ્રષ્ટ હોઈ અર્થ થઈ શકતો નથી.

રૂપકાદિમાં પણ વિરોધ સંભવે છે. તે જાતે જ ઉદાહરણોથી સમજી લેવો.

આમ વિરોધનું નિરૂપણ કર્યા પછી સમાસોક્તિ વગેરેમાં વિરોધની છાયાનો અનુપ્રવેશ હોવાથી તેમનો વિચાર કરે છે.

### ૫૧

**સમાસોક્તિમાં અને સહોક્તિમાં બીજા અલંકારનાં લક્ષણ હોવાથી અને કોઈ સૌંદર્ય ન હોવાથી તેમને અલંકાર તરીકે સ્વીકાર્યાં નથી.**

જે સમાસોક્તિ અલંકાર કહેવાય છે તે અમારે મતે અલંકાર જ નથી, કેમ કે તેમાં જુદો અલંકાર થવાની લાયકાત નથી. શાથી? તો કે એમાં બીજા અલંકારનાં લક્ષણ છે માટે. વળી એમાં સૌંદર્ય નથી માટે પણ. આનો અર્થ એ થયો કે જો એમાં રમણીયતા હોય તો એ કોઈ બીજા અલંકારમાં સમાઈ જાય છે અને જો રમણીયતા જ ન હોય તો પછી એ અલંકાર જ રહેતો નથી.

એનાં લક્ષણ અને ઉદાહરણ પ્રાચીનોએ આ પ્રમાણે આપેલાં છે —

જ્યાં કોઈ એક કથનમાંથી તેમાંના સમાન વિશેષણને જોરે બીજો અર્થ પ્રતીત થતો હોય ત્યાં સંક્ષિપ્તતાને કારણે એને સમાસોક્તિ અલંકાર કહે છે. જેમ કે —

> "મોટાં થડવાળું, સીધું, સાપ વગરનું, દઢ અને અનેક મોટાં ફળ આપનારું એ વૃક્ષ ઊંચું થયું ત્યાં જ પવને તેને પાડી નાખ્યું." (ભામહ, ૨–૭૯, ૮૦) ૧૯૦, ૧૯૧

આ શ્લોકમાં વૃક્ષ અને મહાપુરુષ બંને પ્રધાન છે એમ માનીએ તો મહાપુરુષની બાબતમાં જેમ વિશેષણો કહેલાં છે તેમ વિશેષ્ય મહાપુરુષનો પણ બીજા શબ્દથી ઉલ્લેખ કરવો જોઈતો હતો. અથવા વિશેષ્યનો બોધ વ્યંજનાથી થાય છે એમ માની લેવું જોઈએ, કારણ એ વગર વિશેષણોની સંગતિ સધાતી નથી. જો આપણે વ્યંજનાથી આમ કલ્પી લઈએ તો એમાં કશો ચમત્કાર રહેતો નથી. એટલે સૌંદર્યનો પૂરો અભાવ સ્પષ્ટ થાય છે. આમ, એ બંનેના સ્વભાવ જુદા છે એટલે એ બંનેને પ્રધાન વિષય તરીકે એક વાક્યમાં મૂકવા માટે કોઈ સંગત કારણ આપવું જ જોઈએ. કેમ કે બે પ્રધાન વર્ણ્ય વિષયો વચ્ચે પરસ્પર કોઈ સંબંધ જ ન હોય તો એ બંનેને ભેગા કરવા એ તર્કસંગત નથી. ઉપર ૧૭૯મા ઉદાહરણમાં (પૃ. ૨૮૮) 'કામરિપુની મૂર્તિ અથવા ઉમા જગતનું રક્ષણ

કરો'માં બે પ્રધાન વિશેષ્યોનો ઉલ્લેખ છે અને તેમાં કશી અસંગતિ નથી પણ એ ન્યાય અહીં લાગુ પડી શકે એમ નથી. કારણ, એ બંને સર્વશક્તિમાન હોઈ જગતનું રક્ષણ કરવાનું સામર્થ્ય ધરાવે છે એ સમજાય એમ છે, એટલે એ બંને જગતનું રક્ષણ કરો એમ કહેવામાં કશું અસંગત નથી, અને એ બંનેનો નામ દઈને સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે. જ્યારે આ શ્લોકમાં તો પરસ્પર કશા સંબંધ વગર જ બે પદાર્થોને એકી વખતે એક વાક્યમાં ભેગા મૂકયા છે એનું કોઈ વાજબી કારણ નથી અને એટલે એનું કશું મૂલ્ય નથી.

હવે અહીં કોઈ એવી દલીલ કરે કે 'જેમ કોઈ વૃક્ષને પવને તોડી પાડયું હોય તેમ આ મહાપુરુષને વિધિએ પાડી નાખ્યો છે' એવો અર્થ અહીં લેવાનો છે, તો કહેવાનું કે એમ કરવાથી ઉપમાન અને ઉપમેયનો સંબંધ તદ્દન સ્પષ્ટ થઈ જાય છે, અને તો પછી એનો સમાવેશ બીજા (ઉપમા) અલંકારમાં કરતાં કોણ રોકી શકે એમ છે? અથવા જો એમ કહો કે અહીં વૃક્ષનો જ સ્પષ્ટ ઉલ્લેખ હોઈ મહાપુરુષનો અર્થ તો વ્યંજનાથી સમજાય છે, તો એ તો ચોખ્ખો અપ્રસ્તુતપ્રશંસાનો જ દાખલો થયો. આમ બીજો અલંકાર ગણવાની જ સ્થિતિ પ્રાપ્ત થાય છે. વિશેષણો બંનેને લાગુ પડે એવા બે અર્થો દર્શાવતાં હોઈ અહીં શ્લેષ છે એનો ઇન્કાર થઈ શકે એમ નથી. આમ પાછા ઠેરના ઠેર આવી પહોંચીએ છીએ.

આ કહેવાતી સમાસોક્તિનો બીજો એક દાખલો લઈએ, જેમાં એનાં લક્ષણો સ્પષ્ટ જોઈ શકાય એમ છે—

"અનુરાગવતી સંધ્યા, સામેથી દિન આવતો,
અહો દૈવગતિ કેવી! તથાપિ ન સમાગમ."

(ધ્વન્યાલોક, ૧-૧૩) ૧૯૨

આ શ્લોકમાં સંધ્યા અને દિવસ બંને પ્રધાનપણે પ્રસ્તુત હોઈ, સમાન વિશેષણોને કારણે થતી કાન્ત-કાન્તા-વ્યવહારની પ્રતીતિ

બંને પ્રસ્તુત પદાર્થો વચ્ચે સાદૃશ્યનો સંબંધ પ્રગટ કરે છે એટલે એ પ્રતીયમાન ઉપમા સિવાય બીજું કશું નથી. જો એમ માનીએ કે કાન્ત-કાન્તા-વ્યવહાર વ્યંજનાથી પ્રધાનપણે સમજાય છે, કારણ, અપ્રસ્તુત સંધ્યા અને દિવસનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે, તો એ તો અપ્રસ્તુતપ્રશંસાનો દાખલો થયો.

ઉપરનાં જ બે કારણોને લીધે સહોક્તિને પણ અમે જુદો અલંકાર માન્યો નથી. એનાં લક્ષણ અને ઉદાહરણ પ્રાચીનોએ આ પ્રમાણે આપેલાં છે—

"જ્યારે બે ક્રિયાઓ બે કર્તાઓ દ્વારા એકી વખતે થતી એક જ શબ્દથી વર્ણવાય ત્યારે સહોક્તિ અલંકાર થાય, જેમ કે—

"બરફ પડવાને લીધે ઝાંખી થયેલી દિશાઓવાળી, ગાઢ આલિંગનનું કારણ બનતી રાત્રિઓ કામીઓની પ્રીતિની સાથેસાથ વૃદ્ધિ પામે છે." (ભામહ, ૩–૩૯, ૪૦) ૧૯૩, ૧૯૪

અહીં પરસ્પર સામ્યસંબંધની ચારુતાને કારણે ઉપમા અલંકાર જ છે. એવી ચારુતા આવશ્યક ન માનીએ તો 'શિષ્યની સાથે અધ્યાપક વાંચે છે', 'પુત્રની સાથે પિતા ઊભો છે' એવાં ચારુતાશૂન્ય વાક્યોને પણ સહોક્તિનાં ઉદાહરણ ગણવાં પડશે.

એટલે સમાસોક્તિ અને સહોક્તિ એ બે અલંકારોને અલં-કાર ગણવા એ તર્કસંગત નથી એમ બતાવીને હવે ગ્રંથકાર સહો-ક્તિની તર્કસંગત વ્યાખ્યા આપે છે —

### ૫૨

**જ્યાં એક જ વાક્યમાં વર્ણનીય પદાર્થની શોભા માટે, બે પદાર્થોનું એકી સાથે વર્ણન કરવામાં આવે તેને વિદ્વાનો સહોક્તિ અલંકાર કહે છે.**

આનો સાર એ છે કે જ્યારે કોઈ બીજા વાક્ય વડે કહેવા જેવી વસ્તુ, પ્રસ્તુત વસ્તુની ચારુતા વધારવા માટે, એક જ વાક્ય વડે કહેવામાં આવે ત્યારે સહોક્તિ અલંકાર થાય. જેમ કે—

"હે હસ્ત દક્ષિણ, શિશુ દ્વિજનો મરેલો
જિવાડવા કર તું ઘા મુનિ શૂદ્ર માથે.
જે પૂર્ણ ગર્ભિણી સખી ત્યજવે પ્રવીણ
તે રામનો તું કર, ક્યાંથી તને દયા તો ?"

(ઉત્તરરામચરિત, ૨-૧૦; અનુ. ઉમાશંકર જોશી) ૧૯૫

આ શ્લોકમાં મુખ્ય અર્થની શોભા વધારવા માટે બીજા વાકયથી કહેવા જેવી વસ્તુ એકના એક વાકયમાં ગૂંથી લેવામાં આવી છે. આ વધનું કૃત્ય ન્યાયની રીતે જોતાં કરવું જ પડે એમ છે, છતાં એમાં રહેલી કરુણતાને કારણે ન કરવા જેવું લાગે છે, તેમ છતાં એની ઉપેક્ષા પણ થઈ શકે એમ નથી. 'કઠોરગર્ભા પોતાની રાણીને સુધ્ધાં દેશવટો દેવામાં કુશળ એવા રામનો તું હાથ છે, એટલે તારામાં દયા ન હોય એ જ ઉચિત છે. તેથી બ્રાહ્મણના બાળકને બચાવવા માટે આ શૂદ્રમુનિ અવધ્ય હોવા છતાં તેની ગરદન પર તારી તલવાર પડવા દે.' આ એક વિચાર થયો એની સાથોસાથ જ વ્યક્ત થયેલો બીજો વિચાર એ છે કે 'ન્યાયની રીતે જોતાં અવશ્ય કરવા જેવું હોવા છતાં, એમાં રહેલી કરુણતાને કારણે તને ન કરવા જેવું લાગતું હોય તોયે કઠોરગર્ભા પોતાની રાણીને દેશવટો દેવામાં કુશળ એવા ક્રૂરશિરોમણિ રામનો તું હાથ છે, એટલે મુનિને મારવો એની તારે મન શી વિસાત ?' આ બંને અર્થોથી વિપ્રલંભશૃંગારનો પરિપોષ થતો હોઈ 'રામ' શબ્દની કોઈ અપૂર્વ રૂઢિવૈચિત્ર્યવક્રતા પ્રગટ થાય છે.

બીજું ઉદાહરણ—

" 'તારે જે કહેવું હોય તે બધું કહી દે,' 'હે સખિ, પતિ પ્રત્યે કઠોરતા સારી નહિ.' 'તેને સમજાવીને લઈ આવ,' 'જે અપરાધો કરતો હોય તેને સમજાવવો શી રીતે ?' 'જવાનો શો અર્થ ? જવું યોગ્ય નથી.' 'ઓ માનિનિ, પ્રિય સાથે રૂસણું શું ?' સ્ત્રીઓની આવી વાતચીત સાંભળીને પુરુષોને

અનેક રીતે રસ પડ્યો.'' (કિરાતાર્જુનીય, ૯-૩૯, ૪૦) ૧૯૬, ૧૯૭

અહીં વિચ્છિત્તિ કહેતાં શોભાને કારણે તાત્પર્યાર્થ જાણે વાચક બની ગયો છે. જેમ કે — નાયિકા અને સખી બંને ગાઢ મિત્રો હોવા છતાં દરેક જણ પોતાના પ્રેમી સાથે સમાધાન કરવાની પેરવી કરે છે, એટલે આખું વાક્ય જ વાચક હોય એમ લાગે છે.

અથવા—

આ શ્લોકના બે અર્થ થાય છે. પહેલો અર્થ—

''હે પર્વતરાજ, તે સર્વાંગસુંદરીને, આ વનપ્રદેશમાં મેં છોડી દીધેલી તે રમણીય રામાને તેં જોઈ છે?''

આ જ શ્લોકને પર્વતે રાજાને આપેલા ઉત્તર તરીકે પણ લઈ શકાય અને તો એનો આવો અર્થ થાય—

''હે પૃથ્વીપતિ, તેં આ વનપ્રદેશમાં છોડી દીધેલી તે રમણીય રામાને, તે સર્વાંગસુંદરીને મેં જોઈ છે.'' (વિક્રમોર્વશીય, ૪-૫૧) ૧૯૮

આ શ્લોકમાં પ્રધાન એવા વિપ્રલંભશૃંગારના પરિપોષ માટે બે વાક્યાર્થો ગૂંથવામાં આવ્યા છે.

અહીં એવો પ્રશ્ન કોઈ પૂછી શકે કે એકથી વધુ અર્થો થતા હોઈ અહીં શ્લેષ છે એમ કેમ ન કહેવાય? એનો ખુલાસો એ છે કે જો એ બંને અથવા એમાંનો એક પ્રધાન હોય તો શ્લેષ છે એમ કહેવાય, પણ અહીં એવું નથી. અહીં અનેક અથવા બંને અર્થો બધા જ ગૌણ છે અને તેમનું પર્યવસાન બીજા જ એક પ્રધાન અર્થમાં થાય છે. બીજું એ કે શ્લેષમાં એક જ શબ્દ દીવાના તેજની પેઠે એકી સાથે બે અર્થોને પ્રકાશિત કરે છે, અથવા બે શબ્દો અને અર્થોનો બોધ કરાવે છે, અને એમાં શબ્દની બે અર્થોનો બોધ કરાવવાની શક્તિ જ પ્રધાન છે. પણ સહોક્તિમાં

એ બે અર્થોનો બોધ કરાવનારી શક્તિ ગૌણ હોય છે. એનું એ વાકય જ બીજા સ્વરે ઉચ્ચારાય છે અને તે બીજા અર્થનો બોધ કરાવે છે, અને એમાં શબ્દની આવૃત્તિ પ્રધાનતા પામે છે. જો 'सर्वक्षितिभृतां नाथ' એમાં વાકયના એક ભાગમાં શ્લેષ છે એમ કહેવામાં આવે તોપણ એમાં કશો દોષ નથી. કારણ, કોઈ વાર એક અલંકાર બીજા અલંકારને અંગ બનાવતો હોય છે. અહીં વાકયના એક ભાગમાં શ્લેષ છે તે ગૌણ છે, પણ પ્રધાન તો સહોક્તિ જ છે.

અહીં કોઈ એવો વાંધો ઉઠાવે કે જો શબ્દોની આવૃત્તિથી બીજા અર્થનો બોધ સહોક્તિમાં થતો હોય તો એમાં એક સમયે ઉચ્ચારાવાનો ભાવ ન હોવાથી સહોક્તિ નામનો અર્થ સચવાતો નથી. પણ એ વાંધો વાજબી નથી. કારણ, સહોક્તિનો અર્થ 'એકી વખતે થતી આવૃત્તિ' એવો છે, 'એકી સાથે થતો અર્થબોધ' એવો નથી. એટલે એમાં બે અર્થોનું અત્યંત ગાઢ ભાવે એકી સાથે કથન પ્રતીત થતું હોવાથી સૌંદર્ય અનુભવાય છે, એટલે અહીં કશી અસંગતિ નથી.

"કેટલાક એને સમાસોક્તિ કહે છે અને બીજા કેટલાક એને સહોક્તિ કહે છે. પણ બીજા કેટલાક આચાર્યો એમના નામની અન્વર્થતા પ્રમાણે એ બંનેને જુદા અલંકાર માને છે." ૧૯૯

આ અંતરશ્લોક છે.

અત્યાર સુધી જે અલંકારોનું નિરૂપણ કર્યું તે બધાનું સામાન્ય લક્ષણ એ છે કે પોતે ગૌણ હોવા છતાં તેઓ ચારુત્વનો ઉત્કર્ષ સાધે છે. હવે એવા અલંકારોનું નિરૂપણ કરવામાં આવે છે, જેઓ અલંકાર હોવાને કારણે જ ગૌણ હોય છે.

૫૩

**બે વસ્તુના સામ્યને આધારે, ઇવાદિ શબ્દો વાપર્યા વગર, વર્ણ્ય વસ્તુ સિવાયના બીજાનો ઉલ્લેખ કરવો તે દૃષ્ટાંત અલંકાર કહેવાય.**

અહીં બે પદાર્થો એટલે કે દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિક એટલે કે પ્રસ્તુત અને અપ્રસ્તુત વચ્ચે વસ્તુસામ્ય કહેવાનો અર્થ એ છે કે એ બે વચ્ચે લિંગ, વચન કે વિભક્તિનું સામ્ય આવશ્યક નથી. બીજી શરત એ કે એ સંદર્ભમાં ઇવાદિ સામ્યવાચકો ન વપરાવા જોઈએ. એ જ એનો ઉપમાથી ભેદ છે.

જેમ કે—

“કમલ રુચિર લાગે વીંટ્યું શેવાળથીય
મલિન તદપિ ચંદ્રે દેતું શોભા કલંક;
અધિક મન ગમે આ વલ્કલેયે કૃશાંગી
શું નહિ મધુરમૂર્તિને અલંકારરૂપ ?”

(અભિજ્ઞાન શાકુંતલ, ૧-૨૦, અનુ. ઉમાશંકર જોશી) ૨૦૦

આ શ્લોકમાં પહેલાં ત્રણ ચરણો જ દૃષ્ટાંતનાં ઉદાહરણ છે, કારણ ચોથા ચરણમાં બીજો (અર્થાંતરન્યાસ) અલંકાર છે.

દૃષ્ટાંતનું નિરૂપણ કર્યા પછી એને ખૂબ મળતો આવતો અર્થાંતરન્યાસ નિરૂપે છે—

## ૫૪

**મુખ્ય તાત્પર્ય સાથેના સામ્યને લીધે બીજો વાક્યાર્થ સમર્પકરૂપે યોજવામાં આવ્યો હોય ત્યાં અર્થાંતરન્યાસ જાણવો.**

બીજો વાક્યાર્થ એટલે પ્રસ્તુતથી જુદો વાક્યાર્થ. તેની તદ્વિદોને આહ્લાદ આપે એવી યોજના તે વિન્યાસ. એ તદ્વિદોને અહ્લાદ આપનાર થઈ પડે છે એનું કારણ મુખ્ય તાત્પર્ય સાથેનું એનું સામ્ય હોય છે. સમર્પક રૂપે એટલે સમર્થન થાય એ રીતે.

આ અલંકારમાં જ્યારે સામાન્ય સમર્થનીય હોય છે ત્યારે વિશેષ સમર્થક હોય છે અને વિશેષ સમર્થનીય હોય છે ત્યારે સામાન્ય સમર્થક હોય છે. કારણ, તે બંને પરસ્પર અવિનાભાવે સંકળાયેલા હોય છે. જેમ કે—

"નિઃશંક આ ક્ષત્રિય-લગ્ન-યોગ્ય છે,
જે આર્ય મારું અભિલાષી છે મન;
પ્રમાણ શંકાસ્પદ વસ્તુઓ મહીં
સંતોની અંતઃકરણપ્રવૃત્તિઓ."

(અભિજ્ઞાન શાકુંતલ, ૧–૨૧, અનુ. ઉમાશંકર જોશી) ૨૦૧

અથવા—

"શું નહિ મધુરમૂર્તિને અલંકારરૂપ?" ૨૦૨

આ શ્લોક ઉપર (ઉદાહરણ ૨૦૦) આવી ગયો છે (પૃ. ૩૦૦).

આમ અર્થાંતરન્યાસની ચર્ચા કર્યા પછી તેને મળતા આવતા, વિશેષ વાકયનું સૌંદર્ય વધારતા આક્ષેપ અલંકારનું નિરૂપણ કરે છે—

૫૫

**પ્રસ્તુત વસ્તુની શોભામાં અત્યંત વધારો કરવા માટે નિષેધની છાયાથી આક્ષેપ એટલે કે ઇન્કાર કરવો તેને આક્ષેપ અલંકાર જાણવો.**

આક્ષેપ અલંકારમાં શું હોય છે? તો કે પ્રસ્તુત વસ્તુનો આક્ષેપ હોય છે, જે વસ્તુ કહેવાની હોય તેનો જ આક્ષેપ કહેતાં અસ્વીકાર કરવામાં આવે છે. પ્રસ્તુત વસ્તુનો જ અસ્વીકાર તે આક્ષેપ અલંકાર. શાનાથી? તો કે નિષેધની છાયાથી. નકારવાના સૌંદર્યથી. શા માટે? તો કે પરમ સૌંદર્ય પ્રગટ કરવા માટે.

જેમ કે—

"હે સુભગ, થોડી વાર રોકા, જેથી આ વિરહકાતર હૃદયને સ્થિર કરીને હું કહી શકું. અથવા તો ચાલવા માંડ, શું કહેવાનાં હતાં અમે?" ૨૦૩

આ શ્લોકનો વાકયાર્થ એવો છે કે સુભગ એ નાયકને અનેક પ્રિયતમાઓ હોવાનું સૂચન કરનારું સંબોધન છે. નાયિકાનો જવાબ

અહીં આપેલો નથી. તે જો વાચ્યમાં મૂક્યો હોત તો એટલો ચમત્કારક ન થાત, જેટલો આ રીતે આક્ષેપ કહેતાં નિષેધરૂપી વચનવૈચિત્ર્યથી પ્રતીયમાન થતો હોવાને લીધે સહૃદયોને આહ્લાદકારક બન્યો છે.

આ રીતે આક્ષેપનું સ્વરૂપ સમજાવ્યા પછી આ અલંકારો વિશે જે સાધારણ વાતો કહેવાની છે તે કહે છે—

**૫૬**

**જેની વાત કરી રહ્યા છીએ તે દૃષ્ટાંત વગેરે ત્રણે અલંકારોના કવિની વિવક્ષા પ્રમાણે બે પ્રકાર સંભવે છે : (૧) જે વસ્તુ હજી કહેવાની છે તેને લગતો, અને (૨) જે વસ્તુ કહેવાઈ ચૂકી છે તેને લગતો. અને વચલામાં એટલે કે અર્થાંતરન્યાસમાં કોઈ વાર 'हि' શબ્દ હોય છે અને કોઈ વાર નથી પણ હોતો.**

આને સમજાવતાં કહે છે કે હમણાં દૃષ્ટાંત વગેરે (એટલે કે દૃષ્ટાંત, અર્થાંતરન્યાસ અને આક્ષેપ) જે ત્રણ અલંકારોની વાત કરી તે ત્રણેના બે પ્રકાર સંભવે છે. કયા હેતુથી ? તો કે કવિની વિવક્ષાને કારણે. એનો અર્થ એ થયો કે આ પ્રકારો માત્ર સંનિવેશ કહેતાં ગોઠવણીનું વૈચિત્ર્ય જ દર્શાવે છે. એમની જુદી વ્યાખ્યા કરવાની જરૂર નથી. વચલા કહેતાં અર્થાંતરન્યાસની ખાસ વિશેષતા એ છે કે એમાં હેતુવાચક 'हि' શબ્દ હોય પણ ખરો અને ન પણ હોય. અર્થાત્ કોઈ વાર વપરાયો હોય અને કોઈ વાર ન પણ વપરાયો હોય. આમ અર્થાંતરન્યાસના બે પ્રકાર થાય છે. આ બે પેટા પ્રકારો અર્થાંતરન્યાસના જ પડે છે. અર્થાત્ દૃષ્ટાંત અને આક્ષેપના આવા પેટા પ્રકારો પડતા નથી. આ પેટા પ્રકારોનાં ઉદાહરણો અહીં આપ્યાં નથી. એટલે વાચકોએ આ પ્રકારો જાતે જ સમજી લેવા.

આમ સ્વરૂપવિશેષના પ્રતિષેધ કહેતાં ઇન્કાર પર જેના

સૌંદર્યનો આધાર છે એવા આક્ષેપ અલંકારની સમજૂતી આપ્યા પછી જેની શોભાનો આધાર કારણના ઇન્કાર ઉપર છે એવા (વિભાવના) અલંકારનું નિરૂપણ કરે છે—

૫૭

**સૌંદર્ય સિદ્ધ કરવા માટે, વર્ણનીય વિષયની કોઈ વિશેષતા કહેતાં અલૌકિકતાને કારણે, તેના પોતાના કારણનો પરિત્યાગ કરીને જયારે તેનું વર્ણન કરવામાં આવે ત્યારે વિભાવના અલંકાર થાય.**

એમાં પ્રસ્તુત કાર્યની કોઈ વિશેષ (वि) એટલે કે અલૌકિક સિદ્ધિ (भावना) થાય છે એવું કલ્પવામાં આવે છે, માટે એને વિભાવના અલંકાર કહે છે. અર્થ એ છે કે એ કાર્ય કશાક વગરનું (वि) હોવું જોઈએ. શાના વગરનું ? તો કે એને ઉત્પન્ન કરવાને સમર્થ એવા કોઈ કારણના વ્યાપાર એટલે કે ક્રિયા (भावना) વગરનું. કેવી રીતે ? તો કે પોતાના કારણનો પરિત્યાગ કરીને. જે કારણની ક્રિયાને લીધે એ કાર્ય સંભવતું હોય તેનો ત્યાગ કરીને. શા માટે ? તો કે સૌંદર્યમાં વધારો કરવા માટે અર્થાત્ વર્ણનીય વિષયની કોઈ લોકોત્તર વિશિષ્ટતા દર્શાવવા માટે.

ટૂંકમાં કહીએ તો કારણરૂપ ક્રિયા વગર કોઈ કાર્ય થતું કલ્પવામાં આવે તેને વિભાવના અલંકાર કહે છે.

જેમ કે—

> "શરીરના અકૃત્રિમ અલંકારરૂપ, મદના આસવ સિવાયના કારણરૂપ, અને કામદેવના પુષ્પ સિવાયના બાણરૂપ બાલ્ય પછીની યૌવનવસ્થામાં તેણે પ્રવેશ કર્યો." (કુમાર-સંભવ, ૧-૩૬) ૨૦૪

અહીં સામાન્ય પ્રસાધન વગેરે કૃત્રિમ કારણોનો પરિહાર કરીને વર્ણ્ય વિષય પાર્વતીના લોકોત્તર સ્વાભાવિક સૌંદર્યની વિશિષ્ટતા દર્શાવવાનો કવિનો અભિપ્રાય છે.

આમ, અસંભાવ્ય કારણથી અસંભાવ્ય કાર્ય થતું વર્ણવતી વિભાવનાનો વિચાર કર્યા પછી વિચારવા જેવું સ્વરૂપ હોવાથી પોતાના સ્વરૂપ વિશે સંદેહને કારણે સૌંદર્ય ધારણ કરનાર સસંદેહ અલંકારનું નિરૂપણ કરે છે—

## ૫૮

**જેમાં સૌંદર્ય સિદ્ધ કરવા માટે વર્ણ્ય વિષયના એક કલ્પેલા સ્વરૂપ વિશે બીજું રૂપ પણ કલ્પી શકાતું હોઈ સંદેહ જાગતો બતાવ્યો હોય તેને સસંદેહ અલંકાર કહે છે.**

જે અલંકારમાં સંભાવનાને આધારે ને સામ્યને આધારે વર્ણ્ય વસ્તુ પર બીજા જ રૂપનો અધ્યારોપ કરી જે રૂપની ઉત્પ્રેક્ષા કરી હોય, એટલે કે પ્રતિભાથી કલ્પના કરી હોય, તેને વિશે સંદેહ જાગે તેને સસંદેહ અલંકાર કહે છે. સંદેહ શા કારણથી જાગે ? તો કે એવા જ સુંદર બીજા પદાર્થની ઉત્પ્રેક્ષા થઈ શકતી હોવાને કારણે. શા માટે ? તો કે સૌંદર્ય સિદ્ધ કરવા માટે. આવું જે અભિવ્યક્તિનું વૈચિત્ર્ય તે સસંદેહ કહેવાય.

જેમ કે—

> “બધાં વૃક્ષો અને પર્વતોને કાળાં રંગી નાખ્યાં છે, કે પૃથ્વી પરના બધા ખાડા પૂરી દીધા છે, કે પછી બધી દિશાઓને અંધકારે સમેટી લીધી છે?” (કિરાતાર્જુનીય, ૯–૧૫) ૨૦૫

અથવા—

> “(નદીમાં) પ્રિયતમની સાથે સ્નાન કરતી, મીંચાતી અને ચંચળ આંખોવાળી, શરીરે રોમાંચ અનુભવતી, શ્વાસને લીધે ઊછળતાં સ્તનોવાળી સ્ત્રીઓમાં કાં તો શ્રમ કે કાં તો કામ વ્યાપ્યો હતો.” (કિરાતાર્જુનીય, ૮–૫૩) ૨૦૬

અથવા જેમ કે—

ભ્રષ્ટ પ્રાકૃતગાથા. ૨૦૭

અથવા જેમ કે—

"જેમાં વિધિનાં સર્જેલાં સૌંદર્યરૂપી મહામૂલાં રત્નો સંઘર્યાં છે એવા જગતરૂપી ભંડારનું આ એકમાત્ર રત્ન છે, કે શૃંગારસરોવરનું સૌંદર્યની પરાકાષ્ઠારૂપ કમળ છે, કે લાવણ્યના સાગરમાંથી પ્રગટતું અવનવું ચંદ્રબિંબ છે; હે પ્રિયે, તારું સુંદર મુખ શાને મળતું આવે છે એ હું નક્કી નથી કરી શકતો." ૨૦૮

સસંદેહ ઉત્પ્રેક્ષામૂલક અલંકાર છે એટલે એનો એક જ પ્રકાર છે (અનેક પ્રકારો નથી).

આ રીતે, સ્વરૂપને વિશે સંદેહને લીધે સુંદર લાગતા સસંદેહ અલંકારનું નિરૂપણ કર્યા પછી, સ્વરૂપના અપહ્નવરૂપ કહેતાં છુપાવવારૂપ હોઈ સુંદર લાગતા અપહ્નુતિ અલંકારનું નિરૂપણ કરે છે.

## ૫૯

**જેમાં વર્ણનીય વસ્તુને બીજું રૂપ આપવા માટે તેના પોતાના રૂપને છુપાવવામાં આવે તેને અપહ્નુતિ અલંકાર કહે છે.**

આ પહેલાંના સસંદેહ અલંકારની પેઠે આ અલંકાર પણ ઉત્પ્રેક્ષામૂલક છે. સંભાવના આધારિત અનુમાનને આધારે અને એ સાદૃશ્યોનો સંબંધ જોડીને વર્ણનીય વસ્તુને એટલે કે પ્રસ્તુત અર્થને બીજું એટલે કે કોઈ અપૂર્વ રૂપ આપવા માટે તેના પોતાના સ્વરૂપને ઢાંકી દેવામાં આવે એવી ભણિતિભંગિને અપહ્નુતિ અલંકાર કહે છે. જેમ કે —

"આખા જગતના નેત્રરૂપ અને તેજસ્વી પદાર્થોમાં શ્રેષ્ઠ એવો આ સૂર્ય છે, પણ પ્રિયાના મુખના જેવા સૌંદર્યને

લીધે નયનને ઉત્સવ જેવો લાગતો આ ચંદ્ર નથી. વિરહી-ઓનાં મન નિર્દયપણે વીંધીને તેમને જીતી લેવાના હેતુથી પુષ્પબાણોને તીણી ધાર કાઢવા માટે કામદેવે એને પોતાનો પ્રતિનિધિ નીમીને મારી પાસે મોકલ્યો છે." ૨૦૯

જેમાં ધર્મી તેવો ને તેવો રહે છતાં કેવળ ધર્મને ઢાંકી દેવામાં આવતો હોય એવી અપહ્નુતિનું ઉદાહરણ—

"કુસુમશર કહ્યો તું, ને શશી શીતરશ્મિ;
ઉભય દીસતું જૂઠું હું-સમાણા વિશે તો.
કિરણ હિમભર્યાંથી ચંદ્ર અગ્નિ ઝરે છે,
તું પણ કુસુમબાણો વજ્ર જેવાં કરે છે."
(અભિજ્ઞાનશાકુંતલ ૩–૩. અનુ. ઉમાશંકર જોશી) ૨૧૦

આ શ્લોકમાં અભિવ્યક્તિનું વૈચિત્ર્ય સાધવા માટે ઢાંકી દેવાનું કાર્ય સ્પષ્ટ શબ્દોથી નથી કર્યું (વ્યંજિત રાખ્યું છે). કુસુમશરત્વ વગેરે ધર્મોને ઉચિત સુકુમાર કાર્ય કરવાની શક્તિને બદલે તેથી વિરુદ્ધ એવી કરાલ કાર્ય કરવાની શક્તિનું નિરૂપણ કર્યું છે.

કોઈ વાર બે સાદૃશ્યોનો સંબંધ જોડીને પણ અપહ્નુતિ સાધવામાં આવે છે.

જેમ કે—

"આકાશમાં અત્યંત તેજથી પ્રકાશતું, પૂરી કળાએ ખીલ્યું હોઈ સુંદર લાગતું આ કંઈ પૂર્ણચંદ્રનું બિંબ નથી; પણ માનથી ફુલાઈ ગયેલા માણસોના અભિમાનના ચૂરેચૂરા કરવાનો જેનો એકમાત્ર સ્વભાવ છે એવા કામદેવને માથે ધરેલું શ્વેત છત્ર છે." (અલંકારસર્વસ્વ, દ્વિવેદી, પૃ. ૧૬૮) ૨૧૧

આ રીતે પ્રત્યેક અલંકાર અલંકાર્યને કઈ રીતે શોભાવે છે તે જણાવ્યા પછી હવે એ અલંકારો ભેગા થઈને એ કામ શી રીતે કરે છે તે કહે છે—

## ૬૦

**શબ્દાર્થો જેમ વાક્યાર્થમાં એકબીજા સાથે અન્વય.પામે છે તેમ જ્યારે અલંકારો એકબીજા સાથે જોડાઈને શોભે છે, ત્યારે સંસૃષ્ટિ અલંકાર કહેવાય છે.**

જ્યારે અલંકારો પ્રસ્તુત વસ્તુના સૌંદર્યમાં વધારો કરી શોભતા હોય છે ત્યારે તે સંસૃષ્ટિ નામે અલંકાર કહેવાય છે. કેવી રીતે શોભે છે? તો કે જેવી રીતે પદાર્થો વાક્યનું અંગ બની પોતે ગૌણ રહી પરસ્પર સાથે અન્વયરૂપી સંબંધ પામીને મુખ્ય વાક્યાર્થને પરતંત્ર રહી, બધા શબ્દો મળી થતા વાક્યના તાત્પર્યને વ્યક્ત કરે છે તેવી રીતે આ અલંકારો પણ સંવાદપૂર્વક ભેગા થઈને વાક્યના જુદા જુદા ભાગમાં રહેલા હોવા છતાં પરસ્પર અન્વય પામી આખા વાક્યાર્થની જ શોભામાં વધારો કરી સહૃદયોને આનંદ આપનાર થઈ પડે છે, અને આખા વાક્યના સૌંદર્યમાં પોતે ગૌણ થઈને રહે છે. જેમ કે—

> સંધ્યાનો પ્રારંભ રાણીએ દોહદ અર્પેલા કુરવક જેવો અત્યારે શોભે છે. ધ્યાનની વચમાં આકાશના છેડા સુધી વિસ્તરેલી (જેના વસ્ત્રના છેડા લટકે છે એવી) સંધ્યાએ ભુવનમાં આવીને એને આલિંગન આપ્યું છે અને તાજા કેસરના જેવા લાલ સૂર્યકિરણોરૂપી દૃષ્ટિપાતથી એને ખીલવ્યો છે. અને એની ચંદ્રનાં કિરણોરૂપી કળીઓ ઉપર અંધકારરૂપી ભ્રમરો ઊતરી પડ્યા છે. ૨૧૨

આ શ્લોકમાં રૂપક વગેરે અલંકારોમાંનો પ્રત્યેક સુંદર હોવા છતાં તે બધા પરસ્પર એવી સુંદર રીતે ભેગા થાય છે કે આખા વાક્યને અપૂર્વ શોભા પ્રાપ્ત થાય છે.

અથવા જેમ કે—

> "હે ભુજંગરાજ, તારી દૃષ્ટિમાંથી નીકળતા વિષની જ્વાળાથી તેં આ કોમળ પલ્લવોવાળી કેળને એવી તો

સૂકવી નાખી છે કે શિવના શેખરમાં વિરાજતા ચંદ્રનાં કિરણોથી શોભતી ક્યારીવાળા કૈલાસના ઉપવનમાં આવેલી હોવા છતાં એ ફરી કદી અંકુરિત નહિ થાય.” ૨૧૩

ઉપરના ઉદાહરણની પેઠે આમાં પણ રૂપક વગેરે અલંકારો પરસ્પર ભેગા થવાથી પ્રાપ્ત થતી સૌંદર્યશોભા અનુભવાય છે.

આમ, સંસૃષ્ટિનું નિરૂપણ કર્યા પછી એવી જ શોભા ઉત્પન્ન કરનાર સંકર અલંકારનું નિરૂપણ કરે છે—

૬૧

**જ્યારે આ બધા અલંકારો એકબીજા સાથે સેળભેળ થઈને વાક્યમાં અનેક રીતે સ્ફુરાયમાણ થતા હોય ત્યારે સંકર નામે અલંકાર કહેવાય છે.**

આને સમજાવતાં કહે છે કે રસવદલંકારથી માંડીને અત્યાર સુધી જે બધા અલંકારોની વ્યાખ્યા કરવામાં આવી તે બધા એક-બીજામાં એવા તો ભેળસેળ થઈ જાય કે જુદા પાડી જ ન શકાય ત્યારે સંકર અલંકાર કહેવાય. એ બધા સેળભેળ થયેલા હોવા છતાં અપૂર્વ શોભા ધારણ કરે છે. એ અલંકારોની પ્રત્યેકની અલગ શોભાને અવકાશ ન હોવા છતાં એ બધાના સંમિશ્રણથી ઉત્પન્ન થતી અલંકારશોભાને સંકર નામ આપવું ઘટે છે. આમ આ સંકર નામ એવું છે જેમાં બધા જ અલંકારોનો સમાવેશ થઈ જાય છે. જેમ કે—

“હે રાજન, તારી કીર્તિલતાનાં અત્યંત સફેદ મૂળ શેષનાગની ફણાઓરૂપે ઠેઠ પાતાળ સુધી પહોંચેલાં છે, એના નવા ફૂટતા અંકુરો દિગ્ગજોના દંતૂશળરૂપે ચારે દિશામાં જોવામાં આવે છે, એનાં પુષ્પો આકાશમાં તારામંડળરૂપે ખીલી રહ્યાં છે, અને એનું ફળ સુધા ઝરતા ચંદ્રબિંબરૂપે ફળી રહ્યું છે.” ૨૧૪

આ શ્લોકમાં કીર્તિલતાનું રૂપક, સિદ્ધોએ તેના સામ્યને આધારે આશંકા કહેતાં કલ્પના કરી એમ માન્યા વગર ટકી શકે

એમ નથી. એટલે કવિને અહીં પ્રધાનપણે પ્રતીયમાન ઉત્પ્રેક્ષા અભિપ્રેત છે. રાજાની કીર્તિ એવી અદ્ભુત છે કે તે સર્વત્ર વ્યાપી ગઈ છે અને અનેક સંભાવનાઓ ઉત્પન્ન કરે છે અને તેથી સિદ્ધોના મનમાં આશંકા જાગે છે. એ બે (રૂપક અને ઉત્પ્રેક્ષા) અલંકારો એવા તો સેળભેળ થયેલા છે કે એ બેને છૂટા પાડી શકાય નહિ અને એક વગર બીજો અસ્તિત્વમાં આવી શકે નહિ. એ બે સંવાદિતાપૂર્વક એકબીજામાં ભળી જાય તો જ અસરકારક બની શકે. એટલે એને સંકરાલંકાર કહે છે.

વાક્યના એક ભાગમાં સંકર હોય એવું ઉદાહરણ—

"ગગનરૂપી સાપે ઉતારી નાખેલી કાંચળી જેવું." (આ ઉન્મેષમાં ૯૨મું ઉદાહરણ, પૃ. ૨૪૩)

આ દાખલામાં ગગનને સર્પનું રૂપક બેધડક આપી શકાય એમ નથી, તેથી એણે ઉતારી નાખેલી કાંચળી જેવું એવી ઉત્પ્રેક્ષા વડે રૂપક અલંકાર માટે અવકાશ ઊભો કરવામાં આવ્યો છે. એ જ રીતે રૂપકને કારણે ઉત્પ્રેક્ષા અસ્તિત્વમાં આવી શકી છે. એટલે આ પણ સંકર અલંકારનો જ દાખલો છે.

અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે એ રીતે જોતાં તો 'આને રચવામાં.' (આ ઉન્મેષમાં ૧૨મું ઉદાહરણ, પૃ. ૧૮૧ તથા 'શું તારુણ્યતરુ તણી.' (પહેલા ઉન્મેષમાં ૬૨મું ઉદાહરણ, પૃ. ૭૯) વગેરેને પણ સંકરાલંકારનાં જ ઉદાહરણ ગણવાં જોઈએ. પણ એમ ગણી ન શકાય. કારણ, પહેલામાં સસંદેહની સહાય વગર પ્રતીયમાનોત્પ્રેક્ષા સંભવતી નથી અને બીજામાં રૂપકનું પણ એવું જ છે, એટલે એ બંનેનો પ્રકાર સરખો જ છે. એ બંનેમાં સસંદેહનું સૌંદર્ય મોતીના હારમાં ગાંઠેલાં રત્નોના ચંદ્રક જેવું છે. સંસૃષ્ટિનું સૌંદર્ય વિવિધ રત્નોના હારના સૌંદર્ય જેવું છે, જ્યારે સંકરનું સૌંદર્ય વિવિધ રત્નોના હારમાંનાં બધાં રત્નોના મિશ્રણથી પ્રગટતી ઝલક જેવું છે. આમ એ બે વચ્ચે સ્પષ્ટ ભેદ છે.

આમ, તર્કસંગત રીતે અલંકારોની સમજૂતી આપ્યા પછી ગ્રંથકાર કહે છે કે કેટલાક અલંકારોની વ્યાખ્યા કરી નથી તેમ છતાં એમાં અવ્યાપ્તિદોષ નથી. કેમ કે—

૬૨

**જે કેટલાક અલંકારો બીજા અલંકારમાં સમાઈ જાય છે તેમ જ જેમાં સૌંદર્ય નથી તેમને અલંકાર ગણવા જ યોગ્ય નથી.**

જે એટલે કે પહેલાં ન કહેલા એવા કેટલાક અલંકારો અલંકાર ગણાવાને સહેજ પણ પાત્ર નથી. શાથી? તો કે એ અલંકારો બીજા અલંકાર જેવા જ છે, તેનાથી જુદા નથી માટે. અને તેમનામાં સૌંદર્ય કહેતાં શોભા નથી માટે. ઉપરાંત, કેટલાક અલંકારો પોતે જ અલંકાર્ય છે, એટલે તેમને અલંકાર ગણી શકાય જ નહિ. આમ—

૬૩

**પ્રાચીનોએ સ્વીકારેલા યથાસંખ્ય અલંકારને ઉપરનાં બે કારણોસર અમે અલંકાર તરીકે સ્વીકાર્યો નથી.**

પ્રાચીનોએ એનું ઉદાહરણ આ પ્રમાણે આપ્યું છે—

"તેં તારાં મુખ, કાન્તિ, દૃષ્ટિ, ગતિ, વાણી અને વાળથી કમળ, ચંદ્ર, ભ્રમર, હાથી, કોકિલ અને મોરને હરાવ્યા છે." (ભામહ, ૨-૯૦) ૨૧૫

આ ઉદાહરણ એની વ્યાખ્યા કરનારે જ રચેલું છે, તેમ છતાં એમાં અભિવ્યક્તિનું કોઈ સૌંદર્ય નથી તેમ ચમક પણ નથી. જેઓ એમાં ચારુતા છે એમ કહે છે, તેઓ પણ એ ચારુતાનું કારણ સામ્ય કે વ્યતિરેક નહિ પણ સરખી સંખ્યાને ગણાવે છે. જો સરખી સંખ્યાને ચારુતા ગણવામાં આવે તો તો પાણિનિના

"જ્યારે સરખી સંખ્યાની વસ્તુઓનો નિર્દેશ કરવો હોય ત્યારે તેમની ગણના ક્રમસર કરવી." એ સૂત્રનાં બધાં જ ઉદાહરણો અલંકારમાં ગણાઈ જશે, જે બેહૂદું છે.

(ભામહ) વગેરે કેટલાક આચાર્યોએ આશીઃ વગેરેને અલંકાર માન્યા છે, પણ તેમને અલંકાર ગણી શકાય એમ નથી. એટલે અમે આશીઃની વ્યાખ્યા અને ઉદાહરણ અહીં આપતા નથી. કારણ, એમાં ઇચ્છેલી વસ્તુ જ મુખ્ય વર્ણ્ય વિષય હોય છે એટલે તે જ અલંકાર્ય હોય છે, જેથી પ્રેયોલંકારમાં જે દોષો બતાવ્યા છે તે બધા જ અહીં પણ લાગુ પડે છે.

"જો આશીઃને જુદો અલંકાર ગણવામાં આવે તો એની દશા પ્રેયસ્ કરતાં જુદી નહિ થાય. એની પણ બીજા અલંકારો સાથે સંસૃષ્ટિ કે સંકર થઈ શકવાં જોઈએ અને બીજા દાખલાઓમાં પણ એ હોવો જોઈએ." ૨૧૬

(આ અંતરશ્લોક છે.)

વિશેષોક્તિ પણ સ્વતંત્ર અલંકાર નથી કેમ કે બીજા અલંકારમાં એનો સમાવેશ થઈ જાય છે અને એ પણ અલંકાર્ય છે, અલંકાર નથી. એનું ઉદાહરણ—

> "કામદેવ એકલો ત્રણ લોકને જીતે છે. શંભુએ એનું શરીર હરી લીધું પણ એનું બળ ન હર્યું." (ભામહ, ૩–૨૪) ૨૧૭.

આ શ્લોકમાં સકળ લોકમાં પ્રસિદ્ધ વિજેતાપણા કરતાં જુદું જ કામદેવનું વિજેતાપણું એ જ મુખ્ય વાક્યાર્થ એટલે કે વર્ણ્ય વિષય છે. (એ કંઈ અલંકાર નથી, બલકે અલંકાર્ય છે.)

એ જ રીતે સૂક્ષ્મ, લેશ, હેતુ પણ અલંકારો નથી. ભામહે કહ્યું છે કે—

"હેતુ, સૂક્ષ્મ અને લેશ અલંકારો નથી. કેમ કે આખા કથનમાં વક્રોક્તિનો અભાવ હોય છે." (ભામહ, ૨–૮૬) ૨૧૮

સૂક્ષ્મનું ઉદાહરણ—

"વિટ સંકેતકાલ જાણવા આવ્યો છે એમ જાણી ચતુર સ્ત્રીએ હસતાં હસતાં સૂચનપૂર્વક લીલાકમળ બીડી દીધું." ૨૧૯

અહીં સૂક્ષ્મ (એટલે કે ચતુરાઈ) ખરું જોતાં, વર્ણ્ય વિષય છે એ અલંકાર ન હોઈ શકે. શાથી? તો કે જે વસ્તુ સાક્ષાત્ અભિધાથી કહેવાની હતી તે અમુક યુક્તિપૂર્વક કહી દીધી છે.

લેશનું ઉદાહરણ—

"રાજકન્યામાં હું અનુરક્ત છું એ વાત, મને થયેલો રોમાંચ રક્ષકોને જણાવી દેશે. તો હું એમ કહું કે અરે, આ વનમાં પવન કેવો ઠંડો છે!" (કાવ્યાદર્શ, ૨-૨૬૬) ૨૨૦

અહીં પણ એ જ લાગુ પડે છે કે જે વસ્તુ કહેવાની છે તે જ અલંકાર શી રીતે બની શકે? મીમાંસાનો નિયમ છે કે "શબ્દ જે પરક (કહેવા ઇચ્છતો) હોય તે તેનો અર્થ કહેવાય."

હેતુનું ઉદાહરણ—

"ચંદનનાં મોટાં વૃક્ષોને હલાવતો પવન સૌને આનંદ આપે છે." (કાવ્યાદર્શ, ૨-૨૩૬) ૨૨૧

એ જ રીતે ઉપમારૂપક પણ અલંકાર નથી.

"સમગ્ર આકાશના માનદંડ અને સિદ્ધાંગનાઓના મુખચંદ્રોના નવા દર્પણરૂપ વિષ્ણુનો પગ જય પામે છે." (ભામહ, ૩-૩૬) ૨૨૨

અહીં રસવદલંકારની પેઠે અલંકારના નામ અને તેના અર્થ વચ્ચે સંગતિ જ નથી. અહીં આપણે ઉપમા અને રૂપક એવો વિગ્રહ કરી દ્વન્દ્વ સમાસ લઈએ અથવા વિશેષણ સમાસ લઈએ. પહેલો વિકલ્પ સ્વીકારીએ તો વાકયના એક ભાગમાં ઉપમા અને બીજા ભાગમાં રૂપક છે એવો અર્થ થાય અને તો એ બંને એક છે એમ ન કહી શકાય. એ બે અલંકારો ભેગા હોવા છતાં જો

પ્રત્યેક અલંકાર પોતાને રૂપે પોતાને સ્થાને સરખો જ શોભતો હોય તો તેમની વચ્ચે પરસ્પરાવલંબનના અભાવે તે બંને ભેગા મળીને એક વિશેષ્ય બની ન શકે. એટલે અહીં દ્વન્દ્વ સમાસ માની શકાય એમ નથી. વિશેષણ સમાસ માનીએ તોયે આખા વાકયમાં કે વાકયના એક ભાગમાં એ બંને (વિશેષણ અને વિશેષ્ય) ભેગાં રહેલાં હોવાં જોઈએ. પ્રકાશ અને છાયા જેવા પરસ્પરવિરોધી બે પદાર્થો એક જ જગ્યાએ હોય એ તર્કસંગત નથી. આમાંના કોઈ એક વિકલ્પની હિમાયત કરીએ તો સ્પષ્ટ શબ્દોમાં કહેવાયેલી તે બંનેની સ્પષ્ટ ભિન્નતા માનવાનો વારો આવશે, અને પછી બીજાના અસ્તિત્વનો ઇન્કાર કરવાનો પણ અવકાશ રહેશે નહિ. આમ એ બંને પરસ્પરાવલંબી ન હોઈ એને આપણે સમુદાયરૂપ વિશેષણ સમાસ પણ ગણી શકીએ એમ નથી, કારણ કે તેમાં તો બે મળીને એક સમગ્ર વસ્તુ થવી જોઈએ. એટલે આપણે એને બે અલંકારોના સંકરનો દાખલો માનવો રહ્યો, જેમાંના કોઈ એકને નિર્ણાયક ન ગણી શકાય, કેમ કે બીજા અલંકારનો પણ તર્કદોષ વહોર્યા વગર સ્વીકાર થઈ શકે એમ છે.

જોકે આ દાખલામાં તો આપણે એને સંશય પડતાં સંકર અલંકાર તરીકે ઘટાવી શકીએ, જેમાં બે અલંકારો ભેગા થયા છે, પણ જો આપણે ચુસ્ત રીતે તર્કને વળગી રહીએ તો બે અલંકારો વચ્ચે આપણે સંશયની જે દોલાયમાન સ્થિતિ અનુભવીએ છીએ એટલે કે કયો મુખ્ય એનો ચોક્કસ નિર્ણય કરી શકતા નથી, એ હકીકત, બંનેનો સ્વીકાર કરવા છતાં, આપણને મૂંઝવણમાં મૂકયા વગર નહિ રહે. અને જે કંઈ વ્યંજનાથી સમજીશું તે પણ અનિશ્ચિત જ હશે. એટલે આપણે એવા નિર્ણય ઉપર આવવું રહ્યું કે કાવ્યમાં કોઈ વાકયની ચારુતાનો આધાર કોઈ ત્રીજા જ પ્રકારના અલંકાર ઉપર રહેલો છે, જે સ્પષ્ટ પ્રતીયમાન અને સસંશય પ્રતીયમાન સંકર કરતાં તદ્દન જુદો જ હોય.

હવે ગ્રંથકાર સમગ્ર વાકયવક્રતાનું સ્વરૂપ વર્ણવે છે—

૬૪

**લાવણ્યાદિ ગુણોથી ઉજ્જવળ, પ્રત્યેક પદના ન્યાસને લીધે આકર્ષક, સુંદર પણ અલ્પ અલંકારોને લીધે મનોહર લાગતી, અત્યંત રસમય હોવાને કારણે આર્દ્રહાર્દવાળી, સુંદર અભિવ્યક્તિપૂર્ણ સુકવિની વક્રતાભરી વાણી નાયિકાની પેઠે હૃદય જીતી લીધા વગર રહેતી નથી.**

અનેકવિધ રીતે શોભાયમાન વાકયની વક્રતાને સમજાવવા માટે ગ્રંથકાર એક ઉદાહરણ આપે છે. આવું બધી રીતે ચારુતા-યુક્ત વાકય નાયિકાની પેઠે રસમય હોવાને કારણે મન હરી લઈ શકે છે. એ વાણી કેવી? તો કે લાવણ્ય વગેરે ગુણોથી ઉજ્જવળ કહેતાં પ્રકાશતી. પ્રત્યેક પદના વિન્યાસથી એટલે કે પ્રત્યેક નામ, ક્રિયાપદ વગેરેની ગોઠવણીથી શોભતી, વૈદગ્ધ્યભંગિપૂર્વક રચાયેલા અલ્પ અલંકારોથી સૌંદર્યનો ભંડાર બની જતી. વળી કેવી? તો કે ઉદાર કહેતાં સુંદર અભિવ્યક્તિવાળી, એ જ રીતે અત્યંત રસમય કહેતાં અનુરાગમય હોવાને કારણે આર્દ્ર હૃદયની કાન્તા પણ વિવિધ વિલાસોને લીધે આકર્ષક થઈ પડે છે. નાયિકા પક્ષે લાવણ્ય વગેરે સૌંદર્યવાચક ગુણો છે, પદન્યાસ એ પગલાં મૂકવાની રીત છે, વિલાસ એ વિશેષ ચેષ્ટાઓ છે અને વાકય પક્ષે વિચ્છિત્તિ એ વિદગ્ધતા છે, વાણી એ વાકય છે, ભૂષણો એ અલંકારો છે, અને કવિની અભિધા એ વાણી અને પ્રબંધ રચનાનું સામર્થ્ય છે.

**શ્રીરાજાનક કુન્તક વિરચિત વક્રોક્તિજીવિત કાવ્યાલંકારમાં ત્રીજો ઉન્મેષ પૂરો થયો.**

# ઉન્મેષ ચોથો

સકળ સાહિત્યના સર્વસ્વરૂપે વાક્યવક્રતાની રજૂઆત કર્યા પછી હવે ક્રમપ્રાપ્ત પ્રકરણવક્રતાનું અવતારણ કરે છે.

૧

**જ્યારે પાત્રો અનિયંત્રિત ઉત્સાહથી શોભતી અને પોતાના આશયને વ્યક્ત કરે એવી વાણી ઉચ્ચારતાં હોય,**

૨

**જ્યારે કૃતિનો કલ્પેલો અંત શરૂઆતથી (અંત સુધી) અકલ્પ્ય રહે ત્યારે જે અસીમ કૌશલ પ્રગટ થાય છે તે પ્રબંધના અંશ કહેતાં પ્રકરણની વક્રતા કહેવાય.**

પ્રબંધના અંશની કહેતાં પ્રકરણની એટલે કે કોઈ એક પ્રસંગ કે ઘટનાની વક્રતા અર્થાત્ ચારુતા અસીમ હોય છે, તેને કોઈ મર્યાદા હોતી નથી. જ્યારે તે તે કાર્ય કરનારાં પાત્રોની પ્રવૃત્તિ સારી રીતે વર્ણવાઈ હોય છે ત્યારે એ ખીલી ઊઠે છે. એ પાત્રોની પ્રવૃત્તિઓ અનિયંત્રિત ઉત્સાહથી થતી વર્ણવાયેલી હોય ત્યારે સુંદર લાગે છે. આમ થાય ત્યારે તેમની પ્રવૃત્તિ તેમના સ્વભાવને અને તેમના આશયને પ્રગટ કરતી હોય છે. શું હોય તો? તો કે કથાના પ્રારંભથી તે ઠેઠ અંત સુધી કુતૂહલ કાયમ રહેતું હોય તો, અંત શો આવશે એનો કોઈને પહેલેથી ખ્યાલ ન આવતો હોય તો.

એનો અર્થ એ છે કે જ્યારે ઉદાત્ત નાયકો કાર્ય કરતા જોવામાં આવે ત્યારે તેમના અંતરનો આશય શો છે એ વિશેનું કુતૂહલ કથાના મધ્ય ભાગમાં વણસંતોષાયેલું જ રહેવું જોઈએ.

તેમની સતત ચાલુ રહેતી આવી પ્રવૃત્તિઓથી એ પ્રકરણની તેમ જ એકંદરે આખા પ્રબંધની ચમત્કારકતામાં અને તેની ચારુતામાં વધારો થાય છે. જેમ કે 'અભિજ્ઞાનજાનકી' નામના નાટકમાં ત્રીજા અંકમાં વાનરવીરો સમુદ્રને જોતાં જ, પોતાની આવડત અને બળને પિછાન્યા વગર જ અને સીતાપતિ રામનાં દિવ્યાસ્ત્રોના પ્રભાવને જાણ્યા વગર જ, સેતુ બાંધવા મંડી પડે છે, તે વખતે સેનાપતિ નીલ કહે છે—

> "ચારે કોર હજારો પર્વતો પડ્યા છે, જે તમારે મન તો કીડીના રાફડા જેવા છે, તમારી પ્રચંડ ભુજાઓ ભારે પરાક્રમ કરવાને સળવળી રહી છે, તમે સાગરને એક ચાંગળામાં પી જનાર અગસ્ત્ય મુનિની વાત તો સાંભળી છે. તો પછી ગાયની ખરી જેટલા ખાબડા જેવા આ સાગરને પૂરી દેવો એની શી વિસાત? ઓ વાનરો, તમને ઉત્સાહ નથી ચડતો?" ૧

નેપથ્યમાં કોલાહલ પછી વાનરોનો ઉત્તર સંભળાય છે—

> "વાનરોમાંના કેટલાક તો આનંદ અને ઉત્સાહપૂર્વક પર્વતોને દડાની જેમ ઉછાળી રહ્યા છે, લોપામુદ્રાના પતિ અગસ્ત્યની વાત પણ અમે જાણીએ છીએ પણ પવનસુત હનુમાનના ઉચ્છિષ્ટને અડતાં અમને શરમ આવે છે." ૨

આ શ્લોકમાં 'હનુમાનનું ઉચ્છિષ્ટ' એ પ્રયોગમાં પર્યાયવક્રતા જોવા મળે છે. રામે જ્યારે એમ કહ્યું કે 'હે આર્ય, આ વાનરો માટે સાગરને બાંધવો એ મુશ્કેલ કામ છે' ત્યારે જાંબવાને આપેલો ઉત્તર પણ એટલો જ સુંદર છે—

> "નિઃસીમ મનોરથ પણ જેને આંબી ન શકે એવાં કાર્યો મહાપુરુષો આરંભે છે અને તેમાં વિજય પણ પામે છે." ૩

આવાં અભિનવ આસ્વાદને લીધે સુંદર બીજાં સુભાષિતો પણ

ત્યાં જ એટલે કે તે નાટકમાં જ જોઈ લેવાં.

અથવા તો જેમ કે 'રઘુવંશ'ના પાંચમા સર્ગમાં રઘુની વાત આવે છે. તે ચારે સાગરો જેને મેખલાની જેમ વીંટી વળેલા છે એવી પૃથ્વીનો ધણી છે. તેણે વિશ્વજિત યજ્ઞ કરીને હમણાં જ પોતાની સર્વ સંપત્તિ દાનમાં આપી દીધી છે. સ્વભાવગત ઉદારતાના નમૂનારૂપ એ રાજા પાસે એ વખતે વરતંતુનો શિષ્ય ઇચ્છિત દાન મેળવવાની આશાએ આવે છે અને તેને માટીના પાત્રમાં અર્ઘ્ય અપાતાં તેની બધી આશાઓ ધૂળમાં મળે છે અને તે નિરાશ થઈને પાછો વળવા તૈયાર થાય છે, ત્યાં રઘુ તેને રોકીને પૂછે છે—

"હે વિદ્વાન, તમારે તમારા ગુરુને શું આપવાનું છે? અથવા કેટલું ધન આપવાનું છે?" (રઘુવંશ, ૫–૧૮) ૪

ત્યારે જવાબમાં શિષ્ય કૌત્સ કહે છે કે મારે ગુરુને ચૌદ કરોડ સુવર્ણમુદ્રા આપવાની છે. એ સાંભળીને રાજા કહે છે —

"હે માન્યવર, બેત્રણ દિવસ રોકાઈ જાઓ. ત્યાં સુધીમાં હું તમારી ઇચ્છા પૂરી કરવાનો પ્રયત્ન કરું છું." (રઘુવંશ, ૫–૨૫) ૫

આમ, પોતાના મનની મૂંઝવણ છુપાવીને અપાર ગાંભીર્ય અને ઉદારતા બતાવતો તે અગ્નિપૂજાના મંદિરમાં ઊભો હતો ત્યાં તેને વિચાર સૂઝ્યો કે કુબેર મારો સામંત છે, અને તેના ઉપર ચડાઈ કરવાનો તે વિચાર કરે છે. કુબેર ઉપર ચડાઈ કરવાનો વિચાર જ સહૃદયોના હૃદયને આનંદ આપનાર થઈ પડે છે. એ પછી ઉપરાઉપરી આવતાં મોતી જેવાં અમૃતમીઠાં વચનો મૂળ ગ્રંથમાંથી જ માણવા જેવાં છે. એ પ્રકરણના પ્રાણ જેવી સુંદરતાનો પરિચય કરાવવા અહીં થોડું ઉતારીએ છીએ. જેમ કે —

"ચડાઈથી ડરી ગયેલા કુબેર પાસેથી મળેલા સોનૈયાનો ઇન્દ્રના વજ્રથી તૂટેલા મેરુના શિખર જેવો ઝગારા મારતો

રાશિ આખો ને આખો રાજાએ કૌત્સને આપી દીધો.''
(રઘુવંશ, ૫-૩૦) ૬

અહીં સુવર્ણના રાશિને ઇન્દ્રના વજ્રથી તૂટેલા મેરુની ઉપમા આપી છે તે એ રાશિ કેવો મોટો હશે તેનું સૂચન કરે છે. અને એ આખો રાશિ રઘુ કૌત્સને આપી દે છે અને તે પણ પોતે આવી નિષ્કિંચન અવસ્થામાં આવી પડયો હતો ત્યારે. એને લીધે એની ઉદારતા કલ્પતરુને પણ ટપી જાય છે, કારણ તે તો માત્ર ઇચ્છયું હોય તેટલું જ આપે છે. આ ખરું જોતાં ઉદારતાની પરિસીમા છે. એને લીધે રઘુના સ્વભાવ વિશે પહેલાં જે કહ્યું હતું કે તેણે પોતાનું ગૌરવ હણાતાં અનુભવેલી મૂંઝવણ છુપાવી હતી અને તે અદ્વિતીય યશની આકાંક્ષા સેવતો હતો અને પોતા કરતાં બીજા દાતાને સહન કરી શકતો નહોતો, તેને ભારે સમર્થન મળે છે.

વળી—

''સાકેત કહેતાં અયોધ્યાના નિવાસીઓને ગુરુદક્ષિણાથી વધુની સ્પૃહા ન રાખનાર યાચક અને યાચકની ઇચ્છા કરતાં વધુ આપનાર રાજા બંને અભિનંદનના પાત્ર બની ગયા.''
(રઘુવંશ, ૫-૩૧) ૭

આ શ્લોક ત્રીજા ઉન્મેષમાં ૧૪૨ (પૃ. ૨૬૮) અને ૧૫૫મા (પૃ. ૨૭૩) ઉદાહરણ તરીકે આવી ગયો છે.

અહીં પણ ગુરુને આપવાની દક્ષિણા કરતાં લેશ પણ વધુ ન લેનાર કૌત્સ અને માગ્યા કરતાં સેંકડોગણું બલકે હજારોગણું વધુ આપનાર રઘુને પરસ્પર ઝઘડતા જોઈને નિરવધિ નિઃસ્પૃહતા અને ઉદારતા જોઈને સાકેતવાસીઓએ અશ્રુતપૂર્વ મહોત્સવ માણ્યો હતો એવું વર્ણન કરવામાં આવ્યું છે.

આવી રીતે મહાકવિઓની કૃતિઓમાંથી સહૃદય વાચકે પોતે જ આવી રસ નિષ્પન્ન કરનારી પ્રકરણવક્રતા શોધીને માણવી જોઈએ.

(૨) આ જ પ્રકરણવક્રતાનો બીજો પ્રકાર દર્શાવે છે—

૩

**ઐતિહાસિક વસ્તુ લીધું હોય ત્યારે પણ, સૌંદર્ય સાધવા માટે, કવિ જો સહેજ પણ ચારુત્વયુક્ત કલ્પિત વસ્તુ યોજી શકે તો તેથી પ્રકરણવક્રતા એવી તો ઓર ખીલી ઊઠે છે**

૪

**કે જેથી તે પ્રકરણ રસની પરાકાષ્ઠાએ પહોંચી આખા પ્રબંધના પણ જીવિતરૂપ બની જાય છે.**

સહેજ પણ ચારુત્વયુક્ત કલ્પિત વસ્તુ યોજવાથી વક્રતા એવી તો ઓર ખીલી ઊઠે છે— એટલે કે કૃત્રિમ કહેતાં ઉપજાવી કાઢેલા વસ્તુની યોજનાના ચારુત્વને લીધે અલૌકિક વક્રતા ખીલી ઊઠે છે, અર્થાત્ સહૃદયોના હૃદયને આકર્ષક થઈ પડે છે. શામાં ? તો કે કથાનું વૈચિત્ર્ય સાધવામાં. કેવી કથા ? તો કે ઐતિહાસિક એટલે કે પ્રસિદ્ધ વસ્તુવાળી હોય તોપણ. 'એવી તો' કહ્યું છે એટલે જેવીની અપેક્ષા રહે છે, માટે કહે છે કે 'જેથી પ્રકરણ આખા પ્રબંધના જીવિતરૂપ થઈ પડે એવી'. અહીં પ્રબંધ એટલે સર્ગબંધ મહાકાવ્ય વગેરે સાહિત્યપ્રકાર સમજવો. એ કેવો ? તો કે રસની પરાકાષ્ઠાએ પહોંચેલો અર્થાત્ શૃંગારાદિ રસથી ભરપૂર.

આ બધાનો સાર એ કે વિખ્યાત અને વૈવિધ્યસભર રુચિર કથાઓના ભંડાર સમા અને રસોના સાગર સમા મહાભારત વગેરેમાંથી કથાવસ્તુ લીધું હોય તોપણ તેમાંની કથાઓની ઉચ્ચાવચતા નક્કી કરવાનું કોઈ પ્રમાણ ન હોવાથી કવિએ માત્ર એવું જ કથાવસ્તુ પસંદ કરવું જે રસભાવની નિષ્પત્તિ કરવાને અને ભાવકમાં આશ્ચર્ય ઉત્પન્ન કરવાને સમર્થ હોય અને જેમાં પોતાની અત્યંત બંધુર કહેતાં રમણીય પ્રતિભાને ખીલવાનો પૂરો અવકાશ હોય. કવિ જ્યારે પ્રકરણની વક્રતામાં આવા પ્રકારનું સૌંદર્ય લાવી શકે ત્યારે બધા કવિઓ અને રસિકોની પરિષદને પરમ સંતોષ આપી શકે છે.

આખા પ્રબંધમાં પણ કવિપ્રતિભાએ કરેલા આવા નવા સુધારાને લીધે તેના સૌંદર્યની કાન્તિમાં એવો વધારો થાય છે કે જાણે કોઈ ચિત્રકારે જૂના તૂટી ગયેલા ચિત્રને નવી રેખાથી મઠારી ન કાઢ્યું હોય.

'અભિજ્ઞાનશાકુંતલ' નાટકમાં (પાંચમા અંકમાં) શકુંતલાને જોતાં જ તેના અપ્રતિમ લાવણ્યની સ્મૃતિ નાયકમાં એવી રીતે જાગે છે કે તેનો પરદારા તરીકે તિરસ્કાર કરવાની સંભાવના પણ કાયમ રહે. શકુંતલા દુષ્યંતની સ્મૃતિને તાજી કરવા પ્રથમ મિલન વખતના વિશ્રંભાલાપના પ્રસંગો કહે છે, જેમાં બંનેનો પરસ્પર પ્રત્યેનો પ્રેમ પ્રગટ થાય છે અને જે એટલા તો નાજુક અને અંગત છે કે વિશ્વાસ પેદા કર્યા વગર રહે જ નહિ. એ બધું સાંભળ્યા પછી પણ દુષ્યંત શકુંતલાને કેમ ઓળખી શકતો નથી એનું કારણ મહાભારતમાં જણાવેલું નથી. એનો તર્કસંગત ખુલાસો આપવા માટે કવિએ દુર્વાસાના શાપનો પ્રસંગ ઉપજાવી કાઢ્યો છે. દુર્વાસા ક્રૂર સ્વભાવના, ભારે ક્રોધી અને દયામાયા વગરના ઋષિ છે, અને તે થોડા અપરાધથી પણ એકદમ ગુસ્સે થઈ જાય છે. દુર્વાસાના એ પ્રસંગમાં શકુંતલા પોતાના પ્રિયતમના પ્રથમ વિરહના દુઃખથી અસ્વસ્થચિત્ત થઈને પોતાની કુટીમાં સૂતી હોય છે ત્યાં તેને આંગણે આવેલા આ મહર્ષિ પોતા તરફ ધ્યાન ન આપ્યું માટે ક્રોધમાં આવી શાપ ઉચ્ચારે છે—

"જેને રહી ઝંખી અનન્યચિત્ત થૈ
આવેલ જાણે ન તપસ્વીને મને,
સંભારી આપ્યે સ્મરશે ન તોય તે,
પ્રમત્ત પૂર્વે કરી વાતને યથા."

(અ. શા. ૪-૧, અનુ. ઉમાશંકર જોશી) ૮

અને ચાલવા માંડે છે, ત્યાં શકુંતલાની બે સખીઓ ગભરાઈને મુનિને કાલાવાલા કરતાં 'પ્રિયતમાને આપેલ વીંટી જોતાં શાપ પૂરો થશે' એવી શાપની મર્યાદા બાંધી આપે છે. અને કણ્વની દીકરી

શકુંતલા જ્યારે પતિને મળવા જતી હોય છે ત્યારે તેની કિસલય-કોમળ અંગુલિને શોભાવતી એ વીંટી, વાંકીચૂકી વહેતી નદીના પાણીમાં તે નાવા પડી હતી ત્યારે તેની જાણ બહાર સરી પડે છે. તેમાં જડેલા નંગને રસાદાર માંસનો ટુકડો સમજી એક માછલી વીંટી ગળી જાય છે. થોડા દિવસ પછી એક માછી એ માછલીને પકડે છે અને તેને ચીરતાં મળેલી વીંટી પાછી રાજાને સોંપે છે. કથાગૂંથણીનું આવું કૌશલ રસોના ભંડારના કળશરૂપ બની રહે છે. અને એને લીધે આખા નાટકને કોઈ અપૂર્વ શોભા પ્રાપ્ત થાય છે. વળી, યોગ્ય સમયે ભ્રમરને ઉપાલંભ આપતું ગીત રાજા સાંભળે છે અને મુનિના શાપથી તેની સ્મૃતિ લોપ પામેલી હોવા છતાં તેનો ગર્ભિતાર્થ પામી જાય છે. તેના અંતરમાં ઊંડે ઊંડે પહેલાંના પ્રેમની વાસના સ્ફુર્યા કરે છે અને તેથી તે ખૂબ જ અસ્વસ્થ રહે છે. જેમ કે—

"રમ્યો નિહાળી, મધુરા સુણતાં જ શબ્દ,
બેચેન થાય બહુ જે સુખિયોય જીવ,
તે તો સ્મરે મન વડે, વિણ પૂર્વભાન,
સંસ્કારથી સ્થિર ભવોભવ કેરી પ્રીતિ."
(અ. શા. ૫-૨, અનુ. ઉમાશંકર જોશી) ૯

અહીં શકુંતલાનું આ મુગ્ધ અને સુભગ સ્મરણ સહૃદયોના હૃદયને ચમત્કારનું કારણ થઈ પડે છે. એટલું જ નહિ, તેને પાછી કાઢવામાં આવે છે, એંધાણીની વીંટીની વાત ખોટી માનવામાં આવે છે, કણ્વના શિષ્યે કહેલી તેની સાથેના લગ્નની અને શકુંતલા ગર્ભવતી થયાની વાતથી પણ રાજા ભારે રોષે ભરાય છે. ત્યારે સ્વાભાવિક લજ્જાનું ઉલ્લંઘન કરીને તાપસ તેના મોં ઉપરનું અવગુંઠન એકદમ હઠાવી દે છે છતાં રાજા તો એવા ભ્રમમાં જ રહે છે કે આ પરસ્ત્રી છે. જોકે તેણે જોયેલી બધી સ્ત્રીઓના સૌંદર્યને ટપી

જાય એવું એનું ઊભરાતું સૌંદર્ય જોઈને અને તેની સ્મૃતિ તાજી કરવા માટે વનવિહાર વગેરે અંગત પ્રસંગોનું વર્ણન કરતી વીણાના ઝંકાર જેવી તેની મધુર વાણી સાંભળીને પ્રભાવિત થયો હોવા છતાં દુષ્યંત ભરતમાતા શકુંતલાને પાછી કાઢવાની કઠોરતા આચરે છે. એ કઠોરતા પણ શાપની અવધિ પૂરી થયા પછીના તેના પશ્ચાત્તાપને લીધે સહ્ય બને છે, કેમ કે એમાં પરસ્પરનો અનર્ગલ પ્રેમ પ્રગટ થાય છે, અને તે સહૃદયોને આહ્લાદ આપનાર થઈ પડે છે. શાપના અંતનું વર્ણન કરવા પહેલાં કવિએ જૂની વાતોનું સ્મરણ તાજું થવાને લીધે અસહ્ય વિરહવેદના અનુભવતા રાજાની મનોદશાનું વર્ણન કર્યું છે, અને તેની સાથોસાથ જ વીંટી પાછી મળી આવે છે, એ સહૃદયોને અત્યંત આનંદ આપે છે. રાજાનો કંચુકી કહે છે—

"ત્યાગ્યાં મંડન ખાસ સૌ, કનકનું ડાબે પ્રકોષ્ઠે કડું
ધાર્યું એક જ, ને થયો અધર છે ફીકો નિસાસા થકી,
ચિંતા જાગરણે સુરક્ત નયનો,–લાગે સ્વતેજોગુણે
ના તે ક્ષીણ પરંતુ કો મણિ મહા જાણે સરાણે ઘસ્યો."
(અ. શા. ૬–૬, અનુ. ઉમાશંકર જોશી) ૧૦

"સાંખે રમ્ય નહીં, ન નિત્ય સચિવે સેવાય પૂર્વે યથા,
ગાળે રાત્રિ ઉજાગરે જ પડખાં શય્યાતટે ફેરવી,
દાક્ષિણ્યે કરી યોગ્ય ઉત્તર કદી દે દેવીઓને નહીં
નામોમાં કરી ભૂલ, વિહ્વળ રહે કૈં કાળ લજ્જા થકી."
(અ. શા. ૬–૫, અનુ. ઉમાશંકર જોશી) ૧૧

આમાં રાજાનાં વિશેષણોની વક્રતા, અને गोत्रेषु (નામોમાં)-માંની વચનવક્રતા અપૂર્વ ચમત્કારકારી લાગે છે. રાજા પોતે દોરેલા પ્રિયાના ચિત્રને જોઈને પ્રિયાની મુદ્રાથી અંકિત સ્મરણાત્મક વચનો બોલે છે તે પણ એના હૃદયમાંથી આવતાં હોય છે—

"છોડે નવી કૂંપળ શો લલચાવનારો
પીધેલ મેં સદય જે સુરતોત્સવોમાં
બિંબાધર, ભ્રમર સ્પર્શીશ જો પ્રિયાનો
તો હું પુરાવી કમલે તુજને દઈશ."
(અ. શા. ૬–૨૦, અનુ. ઉમાશંકર જોશી) ૧૨

પણ આ રમણીય ઉત્પાદ્ય પ્રસંગ જો ન હોત તો દુષ્યંત શકુંતલાને વગર કારણે ભૂલી જાય છે એને લીધે ઉત્પન્ન થતી વિરસતા મહાભારતની પેઠે આ નાટકને પણ વિરૂપ બનાવવાનું કારણ બનત.

કારિકામાં 'उत्पाद्यलवलावण्य' (સહેજ પણ ચારુત્વયુક્ત કલ્પિત વસ્તુ) એવો શબ્દપ્રયોગ છે તેનો બે રીતે અર્થ કરવાનો છે. (૧) કોઈ વાર મૂળમાં ન હોય એવું વસ્તુ કલ્પી કાઢવું અને (૨) કોઈ વાર મૂળમાં હોય એવું ઔચિત્યરહિત વસ્તુ બીજી રીતે રજૂ કરવું. આ બંનેનો હેતુ સહૃદયોને આનંદ આપવાનો જ હોવો જોઈએ.

જેમ કે 'ઉદાત્તરાઘવ'માં મારીચવધનો પ્રસંગ. એની સમજૂતી આ પહેલાં જ (૧–૨૧) આપી ચૂકયા છીએ. આ પ્રમાણે પ્રકરણ-વક્રતાના સૌંદર્યનાં બીજાં દૃષ્ટાંતો મહાકવિઓની કૃતિમાંથી પોતે જ શોધી લેવાં.

"કેવળ કથામાત્રને જોરે નહિ પણ સતત રસથી ઊભરાતા પ્રસંગોનું નિરૂપણ કરતી હોય તો જ કવિની વાણી જીવતી રહે છે." ૧૩

આ અંતરશ્લોક છે.

(૩) પ્રકરણવક્રતાનો એક બીજો પ્રકાર પણ બતાવે છે—

૫

**પ્રબંધના જુદા જુદા ભાગમાં રહેલાં પ્રકરણો જ્યારે કાવ્યના પ્રધાન કાર્ય સાથે અનુસંધાન ધરાવતાં હોય અને પરસ્પર અંગાંગિભાવે રહેલાં હોય**

૬

**ત્યારે તે કોઈ અસામાન્ય નિરૂપણશક્તિ ધરાવતી પ્રતિભાવાળા કવિની કૃતિમાં નવા જ પ્રકારની વક્રતાનું રહસ્ય પ્રગટ કરે છે.**

નવી જ વક્રતાનું રહસ્ય પ્રગટ કરે છે. શામાં ? તો કે બધા નહિ પણ પ્રસ્તુત વર્ણ્ય વસ્તુના ઔચિત્યને લીધે સુંદર એવી રચના કરવામાં વિચક્ષણ કવિની કૃતિમાં. કોણ પ્રગટ કરે છે ? તો કે અનુગ્રાહ્ય અનુગ્રાહક એટલે કે અંગાંગિભાવની વિશેષતા. કેવી રીતે ? તો કે સ્ફુરિત થઈને, પ્રગટ થઈને. એ અંગાંગિભાવ કેવો ? તો કે પ્રધાન કાર્ય સાથે અનુસંધાન જાળવવામાં નિપુણ. કોની કૃતિમાં ? તો કે અસામાન્ય નિરૂપણ કરનારી પ્રતિભા ધરાવતા કવિની કૃતિમાં. એ નવી વક્રતા કોની ? તો કે પ્રબંધનાં પ્રકરણોની.

એનો અર્થ એ કે પ્રત્યેક પ્રકરણ પોતે જ્યાં ગોઠવાયું હોય છે ત્યાં શોભતું હોય છે, તેમ છતાં એ પ્રકરણોનો પ્રધાન કાર્ય સાથેના અનુસંધાનને કારણે સધાતો અનુગ્રાહ્ય-અનુગ્રાહકભાવ સ્વભાવથી જ સુંદર એવી પ્રતિભાથી પ્રકાશતા કોઈ વિચક્ષણ અને વક્રતાનો ચમત્કાર પેદા કરનાર કવિની કૃતિમાં અલૌકિક વક્રતાનું લાવણ્ય પ્રગટ કરે છે. જેમ કે 'પુષ્પદૂષિત'ના બીજા અંકમાં—

પ્રવાસમાંથી પાછો ફરેલો સમુદ્રદત્ત પોતાની પત્ની પ્રત્યેના ગાઢ અનુરાગને લીધે તે જ દિવસે અંધારી રાતે પ્રબળ કામાવેગથી પોતાની પત્ની નંદયંતીનો સમાગમ સાધવા ચોરની જેમ ઘરમાં પ્રવેશવા જોસભેર ધસી જતો હતો. એવામાં તેનું ઉત્તેજનાથી ધ્રૂજતું શરીર બારણા આગળ સૂતેલા દ્વારપાળ કુવલય ઉપર પડતાં તેની ઊંઘમાં ભંગ પડે છે અને તે ગ્રઘરો કરે છે, એટલે પોતાના હાથ ઉપરથી કાઢીને વીંટી તેને લાંચમાં આપે છે. ચોથા અંકમાં મથુરાથી પાછો ફરેલો તે દ્વારપાળ નંદયંતીના સસરા

સાગરદત્તને સમુદ્રદત્તની વાત જણાવે છે. એટલે કુલકલંકના ભયથી દુઃખી થતો તે સાર્થવાહ વહુને પોતાના પુત્રથી જ ગર્ભ રહ્યો છે એમ જાણી તેના શુદ્ધ ચારિત્ર્ય વિશે નિઃશંક બને છે, એમાં પેલી વીંટી ખૂબ ઉપયોગી થઈ પડે છે. સાગરદત્ત કહે છે—

> "મારા પુત્રના નામવાળી એ વીંટી વહુની ચારિત્ર્ય-શુદ્ધિને સ્પષ્ટ રીતે જાહેર કરે છે. પણ મારા પાપની શુદ્ધિ તો પશ્ચાત્તાપ જ કરશે." ૧૪

દ્વારપાળને જ્યારે એમ પૂછવામાં આવે છે કે તેં અમને પહેલાં કેમ ન કહ્યું, ત્યારે તે કહે છે—

(પ્રાકૃત ભ્રષ્ટ હોઈ અનુવાદ થઈ શકે એમ નથી) ૧૫
વાચકોએ તે મૂળમાં જ જોઈ લેવું.

વળી જેમ કે 'ઉત્તરરામચરિત'માં—

કઠોરગર્ભા સીતાના વિનોદ માટે રામ પહેલાં થઈ ગયેલા રાજાઓનાં ચિત્રો બતાવતાં અમોઘ જૃંભકાસ્ત્રોને વિશે કહે છે—

> "આ તારા સંતાનને પૂરેપૂરાં પ્રાપ્ત થશે."

આ ઉક્તિ પાંચમા અંકમાં સીતાપુત્ર લવને ઓળખવામાં ખૂબ ઉપયોગી થઈ પડે છે. ત્યાં લવ યુદ્ધકળામાં નિપુણ ચંદ્રકેતુ સાથે ક્ષણિક યુદ્ધક્રીડાનો પ્રસ્તાવ કરે છે એ વખતે કોલાહલ મચાવતા વિશાળ સૈન્યને મારી હઠાવવાની ઉત્કંઠાથી ઝળહળતા લવે જૃંભકાસ્ત્ર વાપરવાનો વિચાર કરી કહ્યું—

> "ભલે, તો સમય ન બગડે તે માટે જૃંભકાસ્ત્ર વડે સૈન્યોને જરી નિશ્ચેતન કરી દઉં."

સુમંત્ર (ગભરાટથી) : વત્સ, મને લાગે છે કે આ કુમારે જૃંભકાસ્ત્ર આમંત્ર્યું છે.

ચંદ્રકેતુ : એમાં શો સંદેહ—

તિમિર-વીજળી કેરો યોગ આ શો પ્રચંડ
દુખતી દગ, થતી એ જોઈ ઉઘાડમીંચ

વળી લિખિત શું ચિત્રે સૈન્ય નિષ્પંદ ઊભું
અચીત અમિત શક્તિ પ્રસ્ફુર્યું જૃંભકાસ્ત્ર. ૧૬

આશ્ચર્ય ! આશ્ચર્ય !—

ગાળ્યા પિત્તળની સ્ફુરંત કપિલ જ્યોતિ સમાં દીપતાં,
પાતાલોદરકુંજપુંજિત તમો-શાં શ્યામ તે જૃંભકે
છાયું વ્યોમ, યથા મહા પ્રલયના વાયુથી પ્રેરાયલાં
ભેટયે વાદળ, વિદ્યુને ખીણભર્યાં વિંધ્યારિશૃંગો વડે. ૧૭
(ઉત્તરરામચરિત, ૫, અનુ. ઉમાશંકર જોશી)

આ એક પ્રકરણની વાત થઈ. કારિકામાં 'एकदेशानाम्' (પ્રકરણો) એમ બહુવચન વાપર્યું છે, તેમાં એનો પણ સમાવેશ થઈ જાય છે. અનેક પ્રકરણો એકબીજાને ઉપકારક થતાં હોય એવા દાખલા પોતે જ શોધી લેવા.

"એક પ્રકરણથી બીજું પ્રકરણ શોભતું હોય એવો પ્રબંધ નવા જ પ્રકારનો હોય એવો લાગે છે." ૧૮

આ અંતરશ્લોક છે.

(૪) આ જ પ્રકરણવક્રતાનો બીજો એક પ્રકાર બતાવે છે—

૭

**જ્યારે એકની એક વસ્તુ જુદાં જુદાં પ્રકરણોમાં પ્રૌઢ પ્રતિભાપૂર્વક વર્ણવાઈ હોય**

૮

**અને તેમાં નવા જ રસ અને અલંકારના સૌંદર્યથી આશ્ચર્યજનક વક્રતા પ્રગટ થતી હોય તે (પ્રકરણ-વક્રતાનો) ચોથો પ્રકાર ગણાય છે.**

આ રીતે પણ વક્રતા પ્રગટ થાય છે. કેવી ? તો કે આશ્ચર્ય ઉત્પન્ન થાય એવી, કુતૂહલ ઉત્પન્ન કરે એવી. શું ? તો કે એકની એક વસ્તુ. ક્યારે ? તો કે પ્રસ્તુત ઔચિત્યપૂર્વક રચના કરવામાં આવી હોય ત્યારે. કેવી રીતે ? તો કે વારે વારે. શામાં ? તો કે

પ્રત્યેક પ્રકરણમાં, જુદી જુદી જગ્યાએ. એથી પુનરુક્તિનો દોષ ન આવે? એને ટાળવા માટે ગ્રંથકાર કહે છે કે એ વર્ણન તદ્દન નવા લાગે એવા શૃંગારાદિ રસો અને રૂપકાદિ અલંકારોથી પ્રકાશતું હોવું જોઈએ. કેવા? તો કે પ્રૌઢ પ્રતિભાના પ્રભાવથી રચાયેલા.

કહેવાનો અર્થ એ કે પૂર્ણ ચંદ્રોદય વગેરે જેવાં પ્રકરણોમાં કથાની રચના અનુસાર એની એ વસ્તુ વારંવાર વર્ણવવામાં આવે પણ દરેક વખતે પહેલાં કરતાં જુદા જ રસ અને અલંકારોથી એ વર્ણન શોભતું હોય તો તે કોઈ અપૂર્વ સૌંદર્યવાળી વક્રતાને પ્રગટ કરે છે.

જેમ કે 'હર્ષચરિત'માં — પર્વતોનાં અને રાત્રિના વિરામ વગેરેનાં વર્ણનો એકથી વધુ સ્થાને એવી અભિનવ ભંગિથી સુંદર રીતે કરવામાં આવ્યાં છે કે તે ચમત્કારક થઈ પડે છે. વાચકોએ એ મૂળ ગ્રંથમાંથી જ માણવાં જોઈએ. એવાં વર્ણનો એટલાં બધાં છે કે અહીં વર્ણવી શકાય એમ નથી.

અથવા જેમ કે 'તાપસવત્સરાજ'માં એકનો એક કરુણરસ જુદી જુદી રીતે વ્યક્ત કરાયેલો જોવા મળે છે. એ નાટક તો રસોના વિલાસના નિવાસ જેવું જ છે. દાખલા તરીકે બીજા અંકમાં

> "રાજા (કરુણ રીતે સામે જોઈને): હા દેવી, તું વૃક્ષોથી પણ દૂર ચાલી ગઈ છે.
>
> "કુરબક વૃક્ષ ગાઢ આલિંગનની, બકુલ તારા મોંમાંના આસવની, અને રક્તાશોક તારા પાદપ્રહારની કૃપાના ઉત્સવની આશા રાખતા એ બધા તારા અનુગતો ઝૂરે છે, એમાં કોઈ અમારા જેવો ભારે શઠ નથી." ૧૯

જેમ કે બીજે એક સ્થાને રાણીને વહાલાં બધાં વૃક્ષોને અગ્નિનો કોળિયો થઈ ગયેલાં જોઈને રાજા શોકમાં ડૂબી જાય છે. તેને એમ થાય છે કે "એ બધાં તો તેની પાછળ ગયાં." એને

એમ પણ લાગે છે કે પોતે રાણી પ્રત્યેની વફાદારીમાં એ વૃક્ષો કરતાં ઘણો ઊણો ઊતર્યો છે. તેમણે દરેકે તો તેના એક એક અંગનો જ પ્રસાદ માણ્યો હતો અને એ બધાં તો અચેતન હતાં અને તેમ છતાં તેમણે મૃત્યુ વહોરી લઈને તેના પ્રત્યે ભારે વફાદારી બતાવી છે. જ્યારે મને તો તેની પૂરેપૂરી પ્રીતિ મળી હતી, મેં તો તેના આખા દેહનો ઉપભોગ કર્યો હતો તેમ છતાં તેનું મૃત્યુ થતાં જ હું મરી ન ગયો. આથી અત્યંત લજ્જા પામીને વત્સરાજ પોતાનો તિરસ્કાર કરે છે —

"ધારાગૃહને જોઈને" વગેરે (૩–૨૭; પૃ. ૧૯૨), અને

"હે દેવી," વગેરે (૩–૨૯; પૃ. ૧૯૨) એ બે પહેલાં ઉતારેલા શ્લોકો અહીં જોવા.

ત્રીજા અંકમાં—

"રાજા (અશ્રુ સાથે નિઃશ્વાસ નાખીને):

"બધે મહેલો બળી રહ્યા હતા, દાસીઓ ભયથી ભાગાભાગ કરતી હતી, ત્યારે ભયથી કંપતા હાથવાળી, પગલે પગલે પડી જતી અને વારે વારે 'હા નાથ' એવો પ્રલાપ કરતી દેવી એવી તો દાઝી ગઈ કે તે અગ્નિ શમી ગયો હોવા છતાં મને હજી દઝાડયા કરે છે." ૨૦

આ શ્લોકમાં, માલતીની કળી જેવા કોમળ દેહને બાળી મૂકયો એ ઉપરથી જ જેની ક્રૂરતાનું અનુમાન થઈ શકે છે એવો અગ્નિ શમી ગયો હોવા છતાં, અમારી ઇન્દ્રિયો એક ઝાટકે જડ થઈ ગઈ નહોતી એટલે હજીયે અમને બાળ્યા કરે છે—એ ઉક્તિમાંના નવા જ વિરોધાલંકારને લીધે પહેલાં નિરૂપાયેલો હોવા છતાં કરુણરસ નવું જ સૌંદર્ય પ્રાપ્ત કરે છે. વળી, દેવી કોમળ હોવાથી તત્ક્ષણ બળી ગઈ પણ અમે તો વજ્ર જેવા કઠોર હોઈને હજી પણ બળ્યા કરીએ છીએ, ખાખ થઈ જતા નથી, એ વિશેષતા પ્રસ્તુત રસને ઓર બહલાવે છે.

ચોથા અંકમાં—

"રાજા (સ્વગત વિલાપ કરતો): હા દેવી,

"જેની આંખોને તારા મુખ સિવાય બીજે ક્યાંય પણ સુખ નહોતું લાગતું, જેની છાતી એ જ સતત તારું એકમાત્ર શયન હતું, જે એમ કહેતો હતો કે 'હે પ્રિયે, તારા વગર ક્ષણમાં મારે માટે જગત સૂનું થઈ જાય છે,' તે જ આ જૂઠાં વ્રત લેનારો અત્યારે કંઈક કરવા તૈયાર થયો છે." ૨૧

"એમ બોલીને રાજા ખેદપૂર્વક બેસી જાય છે."

આ શ્લોકમાં 'क्वचित्' (ક્યાંય પણ) કહ્યું છે તેનો વ્યંગ્યાર્થ એ છે કે સુરતશ્રમ ઉતારવા માટે મહેલની અગાસીમાં લહેરથી ફરતાં હતાં ત્યારે અનાયાસ નજરે પડતો ચંદ્ર પણ ભાગ્યે જ તારા મુખની બરોબરી કરી શકતો, બહુ બહુ તો, ચંદ્રની શોભા તારા મુખની શોભાના એકાદ અંશની બરોબરી કરી શકતી,—આ વિચાર રાજાના કરુણરસને જ પ્રગટ કરે છે. વળી, 'જેની છાતી તારું શયન હતું' એ વચન પણ તેમનો પ્રેમ એવો ગાઢ હતો કે અધીં પથારીમાં સૂવા જેટલો પણ વિયોગ સહી ન શકે એમ સૂચવી કરુણરસને જ વ્યક્ત કરે છે. 'ક્ષણમાં' એમ કહ્યું છે તે એ બતાવે છે કે તારા વિયોગ પછી હું આટલો કાળ જીવતો રહ્યો એ મારી કઠોરતા કેવી ભારે હશે. આથી બધો પ્રેમ ખોટો હતો એમ તારે માનવું એવું એ કહે છે. છેલ્લું ચરણ 'તે જ આ' વગેરેની સમજૂતી પહેલાં (૧–૫૦; પૃ. ૪૪) અપાઈ ચૂકી છે.

આમ, વાક્યની અવનવી ભંગિથી વ્યક્ત થતો હોઈ કરુણરસ પહેલાં કરતાં જુદો જ આસ્વાદ દર વખતે કરાવે છે.

પાંચમા અંકમાં—

"રાજા (અત્યંત ઉત્કંઠાપૂર્વક નિસાસો નાખીને):

"શું તે સુંદર લલાટ ઉપર ભવાં ચઢાવશે? શું તે આંસુની ધારાથી ગાલ પરની પીળી પત્રલતા ધોઈ નાખશે?

અથવા મારાં ચાટુ વચનોથી રીઝીને લજ્જાથી નીચું માથું કરીને ઊભી રહેશે ? અથવા આ બધા જૂઠા ઉપચારથી શું ? ગમે તેમ કરીને એ પ્રિયાને શાંત કર." ૨૨

વાસવદત્તાના અવસાનના સમાચાર મળતાં તેની સાથે પુનર્મિલન થવાનું બિલકુલ અશક્ય છે એમ માની વત્સરાજ પદ્માવતીને પરણી ચૂક્યો છે, વાસવદત્તા ફરી મળવાની લેશ પણ આશા રહી નથી, તેમ છતાં ક્ષણિક જાગેલા ઔત્સુક્યને કારણે તે ઉન્માદમાં હોય તેમ માની લે છે કે પ્રદ્યોતરાજની પુત્રી (વાસવદત્તા) પોતાને પાછી મળી છે અને તેને રીઝવવાના જુદા જુદા ઉપાયોનો વિચાર કરે છે. આ બધું કરુણરસને પરાકાષ્ઠાએ પહોંચાડે છે.

એ જ અંકમાં—

"હે પ્રિયે, તારી પાછળ મરવાને હું તૈયાર નહોતો થયો ? જટા ધારણ કરીને રડતો રડતો હું નિર્જન વનમાં નહોતો ભટક્યો ? તને ફરી પ્રાપ્ત કરવાને લોભે જ હું (જીવવાનું) આ થોડું પાપ કરું છું એથી શું ? મેં એવું શું કર્યું છે કે તું ક્રોધે ભરાઈને મને જવાબ પણ આપતી નથી ?" ૨૩

આમ કહીને રડે છે.'' આમ પૂરા થતા પ્રસંગથી સહેજ ઉન્માદાવસ્થા પ્રગટ થાય છે અને તે કરુણરસને જ ઉદ્દીપિત કરે છે.

છઠ્ઠા અંકમાં—

"રાજા : હા દેવી,

તને ફરી પ્રાપ્ત કરવાના પ્રલોભનથી મંત્રીઓએ મને જીવતો રહેવાની ફરજ પાડી. તેમની વાત માનીને મેં આ પાપી દેહનો ત્યાગ ન કર્યો તેથી કંઈ તારા પ્રત્યે મને સ્નેહ નથી એમ માની ન લેવું. તારી પાછળ આવવાનો તે જ અવસર હતો, પણ મેં ધીરજ રાખી અને હવે આ

ખેદ અનુભવું છું. મારું હૃદય તે દારુણ ક્ષણે જ કેમ ચૂરેચૂરા ન થઈ ગયું ?" ૨૪

અહીં રાજા પ્રિયાની વિરહવેદનાના શોકથી બળતો જોવામાં આવે છે. નિરાશાને લીધે લાંબા સમયથી ભેગો થયેલો એનો શોક કાલિંદી(યમુના)ને જોઈને પરાકાષ્ઠાએ પહોંચે છે, કારણ, એમાં ડૂબીને એ પોતાના પ્રાણ છોડી શકે એમ છે. પોતાની પ્રિયાની પાછળ જવાની વાત વારે વારે ઉચ્ચારાવાથી આ પ્રકરણના આભૂષણરૂપ થઈ પડે છે.

અહીં બે લીટી આવે છે તેનો સંબંધ સમજાતો નથી. શ્રીકૃષ્ણમૂર્તિ માને છે કે એ કોઈ કારિકા કે અંતરશ્લોકની સમજૂતી છે. અને એનું પુનર્ગઠન આ રીતે કરે છે:

कथोपकारकं वस्तु सविशेषरसास्पदम् ।
प्रोच्यते कियदुद्भिन्नप्रकरणाभरणोपमम् ॥

અર્થાત્ કથાને ઉપકારક અને સવિશેષ રસયુક્ત વસ્તુ સહેજ વિકસાવ્યું હોય તો પ્રકરણના આભૂષણરૂપ થઈ પડે છે."

શું કહેવાનું છે ? તો કે નાની ઘટના પણ વિશેષરૂપે વિસ્તારથી વર્ણવી હોય તો તે રસનાં દ્વાર ખોલી નાખ્યાં હોય એવી રસમય ઉક્તિને લીધે પ્રકરણની શોભાને અપૂર્વ વક્રતા અર્પે છે. જેમ કે રઘુવંશમાં મૃગયાને પ્રસંગે—

એમાં નદીકાંઠે મૃગયા માટે નીકળેલા રાજા દશરથ ભૂલથી વૃદ્ધ અંધ તપસ્વીના પુત્રને મારી નાખે છે એવો એક વાક્યમાં કહેવાય એવો અર્થ સરસ વાણીના સારસર્વસ્વરૂપ પ્રતિભાકુશળ કવિએ એવી પ્રકરણશોભાથી વિસ્તારીને વર્ણવ્યો છે કે તે ચિત્તમાં ચમત્કારનું કારણ થઈ પડે છે.

જેમ કે, અહીં એમ કહી શકાય એમ નથી કે રાજા અનેક રાતદિવસ થયાં મૃગયાની વિવિધ પ્રવૃત્તિમાં મશગૂલ થઈ ગયેલો હતો એટલે બીજી બધી બાબતો વિશે તે બિલકુલ બેધ્યાન હતો, માત્ર ટેવને લીધે મૃગયાની જ કેટલીક મધુર સ્મૃતિ એના મનમાં

જાગતી હતી, એટલે પોતાનું કૌશલ બતાવવા માટે એ ગમે તે પ્રાણીને મારી નાખી શકે. કારણ એણે મારી નાખેલું પ્રાણી જ્યારે માનવ હોય ત્યારે આ દલીલ ચાલી ન શકે. અને તેમાંયે મારનાર જ્યારે દશરથ જેવી વ્યક્તિ હોય જે સૂર્યવંશનો મુગટમણિ હોય, સર્વવિદ્યાનો ભંડાર હોય, કીર્તિને જ ધન માનતો હોય, આવું ધન્ય નામ ધરાવતો હોય, દેવોના રાજા ઇન્દ્રના અર્ધા ઇન્દ્રાસનનો અધિકારી હોય, તે આવું ન કરવા જેવું કામ કરે એ પહેલી નજરે તો મહર્ષિએ કહ્યું છે તેમ બચાવ ન થઈ શકે એવું જ લાગે. આ બધું એ ગ્રંથમાં ખૂબ સુંદર રીતે પ્રગટ કરેલું છે. અહીં માત્ર થોડા જ શ્લોકો ઉતાર્યા છે—

"પવનથી તૂટી પડેલી રાળના ખીલેલા વૃક્ષની ડાંખળીઓ જેવા (પીળા) વાઘો ગુફામાંથી છલંગ મારીને સામે આવતાં જ એ નિર્ભીક બાણાવલી વિશેષ અભ્યાસથી ઝડપી બનેલા હાથે ક્ષણમાં તેમનાં મોંને બાણોથી ભરી દઈ ભાથાં બનાવી દેતો." ૨૫

"ઘોડાની પાસેથી ઊડી જતા સુંદર પીછાંવાળા મોરને પણ, પ્રિયાના રતિકેલિ દરમ્યાન છૂટી ગયેલા રંગબેરંગી ફૂલોની વેણીવાળા અંબોડાનું એકાએક સ્મરણ થતાં, તે બાણનું નિશાન ન બનાવતો." ૨૬

"ઇન્દ્રના જેવો પ્રભાવી એ રાજા, કોઈ હરણ સામે બાણ તાકે અને જો હરિણી દેહ આડો ધરીને ઊભી રહે તો કામી હોવાને કારણે દયાથી કોમળ મનવાળો એ બાણાવલી કાન સુધી ખેંચેલું બાણ પાછું વાળી લેતો."

(રઘુવંશ, ૯-૬૩, ૬૭, ૫૭) ૨૭

આ બધાં નાનાવિધ વાચ્યવાચકના ઔચિત્યને લીધે સુંદર લાગતાં વાક્યોને લીધે રાજા મૃગયાના વિવિધ વ્યાપારોમાં રમમાણ હતો એની બરાબર પ્રતીતિ થાય છે. જેમ કે—

"કોઈ વાર વનનો શોખીન એ રાજા, પરિજનો અને સામાન વગર જ, એકલો, અંધારામાં ચમકતી વનસ્પતિની દીવી કરી સુંદર ફૂલો અને કોમળ પત્રોની પથારીમાં જ રાત વિતાવતો." (રઘુ. ૯-૭૦) ૨૮

આ શ્લોકમાં રાજાને માટે વાપરેલા 'वनरति' (વનનો શોખીન) વિશેષણમાં વિશેષણવક્રતા જોવા મળે છે. તે વનમાં રહેતો એમ કહેવાથી એવું સૂચવાય છે કે વિલાસભવનમાં, આરામદાયક પલંગમાં, પ્રિયતમા સાથે પાનગોષ્ઠી વગેરે ઉપભોગો કરતાં પણ તેણે વનમાં રહેવાનું વધુ પસંદ કર્યું એને લીધે એના પ્રસ્તુત શિકારના શોખ ઉપર જ ભાર મુકાય છે. 'त्रियामा' (રાત્રિ) શબ્દમાંની વચનવક્રતાને કારણે લાંબા સમય સુધી અંધકાર રહ્યો હતો એ વાત પ્રગટ થાય છે. અને રૂઢિવક્રતાને લીધે એવો વ્યંગ્યાર્થ સમજાય છે કે ગાઢ અંધકારને લીધે બીજી મનગમતી પ્રવૃત્તિ થઈ શકે એમ જ નહોતું, અને તેથી તેની પ્રતિકૂળતા પ્રતિપાદિત થાય છે. આથી જ 'अतिवाहयांबभूव' (વિતાવી) એ રૂપની ક્રિયાવક્રતાના સૌંદર્યથી એમ સૂચવાય છે કે તેણે પથારીમાં સૂઈને શરીરની દારુણ વેદનાથી મુક્તિ મેળવી, અને ભારે પરિશ્રમ પછી ઊંઘ સારી આવે છે એ જોઈને તે આનંદ પામ્યો. વળી જેમ કે—

"આમ સચિવોને માથે બધો ભાર નાખીને પોતાનાં બીજાં કર્તવ્યો ભૂલી ગયેલા રાજાને સતત સેવનને લીધે જેના પ્રત્યેનો રાગ ખૂબ વધી ગયો છે એવી મૃગયા, ચતુર કામિનીની પેઠે હરી ગઈ." (રઘુ૦ ૯-૬૯) ૨૯

આ શ્લોકમાં 'जहार' (હરી ગઈ)ની ક્રિયાવક્રતાના સૌંદર્યથી એવું સૂચવાય છે કે મૃગયાનું આકર્ષણ એટલું બધું હતું કે બીજી પ્રવૃત્તિઓ પ્રત્યે તેને અણગમો થઈ ગયો હતો. એ પછી

"પછી સેવકોની જાણ બહાર તે રાજા મૃગનો પીછો કરતો કરતો થાકથી જેને મુખે ફીણ વળ્યાં છે એવા ઘોડા

સાથે તપસ્વીઓથી ભરેલા તમસાતીરે પહોંચી ગયો.”
(રઘુ. ૯-૭૨) ૩૦

આ શ્લોકમાં ‘तपस्वीगाढाम्’ (તપસ્વીઓથી ભરેલા) એ વિશેષણની વક્રતાને લીધે એવું સૂચવાય છે કે અનેક ધર્માચરણપરાયણ તપસ્વીઓવાળી તમસાને જોઈને પણ કેવળ શબ્દ સાંભળીને તેણે વગર વિચારે કેવી રીતે બાણ છોડ્યું એ સમજી શકાય એમ નથી.

“વિદ્વાનો પણ રાગથી આંધળા થઈ ગયા હોય છે ત્યારે ખોટે માર્ગે પગ મૂકે છે” (રઘુ. ૯-૭૪) એ ન્યાયે આવા મોટા માણસો પણ જ્યારે અદમ્ય રાગના પ્રબળ અંધકારથી વિવેકદૃષ્ટિ આંધળી થઈ ગઈ હોય છે ત્યારે ખોટે માર્ગે ચડી જાય છે, એવું પણ એમાંથી ફલિત થાય છે. વળી એનાથી કથાના આગળના વિકાસને પણ મદદ મળે છે. જેમ કે પાછળથી તાપસ રાજાને શાપ આપે છે—

“ત્યારે વૃદ્ધ પિતા કહે છે કે ઘડપણમાં તું પણ
મારી પેઠે પુત્રશોકથી મરીશ.” (રઘુ. ૯-૭૯) ૩૧

ઘરડા તાપસે આવો શાપ આપતાં કૌસલ્યાપતિ દશરથ જવાબ આપે છે—

“આ શાપ પણ તમે આપેલું સાચે જ વરદાન છે.
કારણ, મેં હજી પુત્રના મુખકમળની શોભા જોઈ નથી.
અગ્નિ ખેતરની ધરતીને બાળી નાખતો છતો તેને વધારે
ફળદ્રુપ બનાવે છે.” (રઘુ ૯-૮૦) ૩૨

અહીં ‘शाप’ શબ્દનું સૂચન એ છે કે રાજા એને પોતાના ભારે અપરાધની સજા તરીકે સ્વીકારી લે છે. પણ ‘सानुग्रह’ (વરદાન) શબ્દ એવું સૂચવે છે કે આ ‘અનુગ્રહ’ આ પરિસ્થિતિમાં અત્યંત અતર્કસંગત કે અનપેક્ષિત છે. ‘भगवता’ (આપે) શબ્દ એમ સૂચવે છે કે ગમે તેવો અનર્થ જોવા છતાં તેઓ સ્વભાવથી જ દયાળુ છે. આને બીજી રીતે પણ ઘટાવી શકાય. ‘शाप’ અને ‘भगवान्’ એ

બે શબ્દો પાસે પાસે મૂકયા છે એનું સૂચન એ છે કે જોકે શાપ દેવો અને વરદાન આપવું એ બે ક્રિયાઓ જળ અને અગ્નિની પેઠે પરસ્પરવિરોધી છે, તેમ છતાં આ માણસ અત્યંત ભલો હોઈ એનામાં એ બંને એકી સાથે સંભવે છે. અત્યાર સુધી મેં પુત્રનું મુખકમળ નિહાળવાનું સુખ અનુભવ્યું નથી તે આ શાપને પરિણામે હવે હું જરૂર લાંબા સમયથી જેની આકાંક્ષા સેવતો હતો તે જીવનના આધારરૂપ પુત્રના જન્મથી એ સુખ પામીશ. પણ હવે વધુ લંબાણ નહિ કરીએ.

(૫) આ જ પ્રકરણવક્રતાનો બીજો એક પ્રકાર બતાવે છે–

૯

**સર્ગબંધ મહાકાવ્યો વગેરેમાં સૌંદર્ય સાધવા માટે મુખ્ય વસ્તુના અંગરૂપે વૈચિત્ર્ય લાવનાર જે વસ્તુઓ વર્ણવવામાં આવે તે પણ વક્રતા જ ગણાય છે.**

એને સમજાવતાં કહે છે કે વક્રતા જ ગણાય છે. કેવી? તો કે કથામાં વૈચિત્ર્ય લાવનાર એટલે કે પ્રસ્તુત કથાની સુંદર શૈલીને યોગ્ય. શું વર્ણવાય છે? તો કે જે જે અંગો મહાકાવ્ય વગેરેના સૌંદર્ય માટે વર્ણવાય છે તે, અર્થાત્ જલક્રીડા વગેરે જે પ્રકરણો મહાકાવ્ય વગેરેની શોભાને માટે વર્ણવાય છે તે.

એનો અર્થ એ છે કે મહાકાવ્ય વગેરે સર્ગબંધ રચનાઓમાં જલક્રીડા, પુષ્પ ચૂંટવાં વગેરે બાબતો પ્રસ્તુત કથારચનાને અનુરૂપ થાય એ રીતે વર્ણવાય તો તે સૌંદર્યસંપત્તિના ભંડારરૂપ થઈ પડે છે.

જેમ કે રઘુવંશમાં—

"એ પછી તેને જેમાં મદીલા રાજહંસો તરંગોમાં તરતા હોય અને તટ પરની લતાઓનાં પુષ્પો વહેતાં હોય એવાં સરયૂનાં ગ્રીષ્મમાં સુખ આપનાર પાણીમાં, નારીઓ સાથે વિહાર કરવાની ઇચ્છા થઈ." (રઘુ. ૧૬–૫૪) ૩૩

વગેરે. રાજા જલક્રીડાના આનંદમાં અને આસવ પીધેલી સ્ત્રીઓ સાથે વિલાસમાં એવો મગ્ન છે કે એનું ઘરેણું ખોવાઈ ગયું તેની ખબર એને જલક્રીડાને અંતે જ પડી. એ ઘટના પછીના નાગરાજની બહેન કુમુદ્વતીના કંદુકક્રીડાના પ્રસંગ સાથે અનુસંધાન સાધવામાં ઉપકારક થઈ પડે છે. (કારણ, પાણીમાં પડતા એ ગોળ આભૂષણને રમતમાં ઉછાળેલો દડો માનીને તેણે પકડી લીધું હતું.) એથી એ સહૃદયોને આનંદ આપનાર થઈ પડે છે.

જરા વિગતે જોઈએ તો, રાજા પાસે ઊભેલી સ્ત્રીઓ ઉપર હાથ વડે પાણીની છાલક મારવી વગેરે જલક્રીડામાં મશગૂલ હતો. એવામાં, તેને ખબર ન પડે એ રીતે, તેનું કડું હાથ પરથી સરી પડ્યું, અને નાગરાજની કન્યા કુમુદ્વતીએ પાણીમાં પડતું એ કડું કુતૂહલથી પકડી લીધું. રાજાને મન એ ઘણું મૂલ્યવાન હતું એટલે તેણે એની પૂરી તપાસ કરાવી પણ કંઈ વળ્યું નહિ. એની શોધ કરતા માછીઓ ખબર લાવ્યા કે પાણીમાં રહેતા પાતાળના રાજા કુમુદે એ લીધું હોવું જોઈએ. એટલે રાવણનો વધ કરનારના પુત્ર કુશે કુમુદને મારવા માટે ધનુષ ઉપર ગરુડાસ્ત્ર ચડાવ્યું. કુમુદે ગભરાઈને પોતાને બચાવવા માટે કુશ પાસે આવીને પેલા કડા સાથે પોતાની બહેન કુમુદ્વતી પણ સીતાપુત્ર કુશને સોંપી દીધી.

આ પ્રસંગને લગતા કેટલાક સુંદર શ્લોકો અહીં ઉતારીએ છીએ—

> "હું જાણું છું કે આપ પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે મનુષ્યરૂપે અવતરેલા વિષ્ણુના તેમના જેવા જ પુત્ર છો. તો પછી એવો હું આપ આરાધનીયની પ્રીતિ ઘટે એવું આચરણ કેવી રીતે કરી શકું ?" ૩૪
>
> આ બાળાએ હાથ વડે દડો ઉછાળ્યો હતો ત્યાં એણે આકાશમાંથી પડતા તારા જેવા આપના કડાને ઉપરથી પડતું જોઈ કુતૂહલથી પકડી લીધું હતું." ૩૫

"તે આ કડું પૃથ્વીની રક્ષા કરતી ભોગળ સમા, આપના ઘૂંટણ સુધી પહોંચતા, માંસલ અને પણછના આંટણવાળા બાહુએ ફરી પહેરી લો." ૩૬

"ને આ મારી જુવાન બહેન કુમુદ્વતીને સ્વીકારવાની ના ન પાડશો. પોતે કરેલા અપરાધને એ લાંબા સમય સુધી આપના ચરણની સેવા કરીને ધોવા ઇચ્છે છે." (રઘુ૦ ૧૬-૮૨, ૮૩, ૮૪, ૮૫) ૩૭

ભુજંગરાજનાં આ વચનોમાંના પહેલા શ્લોકમાં 'વિષ્ણુ' શબ્દમાં રૂઢિવક્રતા છે. વક્રતાની વિશેષતાને કારણે એનો વ્યંગ્યાર્થ એ છે કે આખી પૃથ્વીનો ભાર ઉપાડનાર અને પલંગ બનીને વિષ્ણુને ધારણ કરનાર તથા તેમની આજ્ઞા ઉઠાવવાને સજ્જ રહેનાર અનંત નામના નાગ જેવો હું પણ બીજો નાગ જ છું. 'એવો હું' એમાં સંવૃતિવક્રતા છે. એનો વ્યંગ્યાર્થ એ છે કે આપના રાજ્યમાં સતત રહેતો આવ્યો છું તે જ હું છું. कथम् (કેવી રીતે)માં પદવક્રતા છે. એની વ્યંજના એ છે કે મારી આપના પ્રત્યે ભક્તિ છે. એટલે આપના પ્રત્યેની તાબેદારીથી નિયંત્રિત હોઈ હું કશું દુરાચરણ કરું એવી આશંકાને સ્થાન જ નથી.

બીજા શ્લોકમાં 'આકાશમાંથી પડતા ઉત્પાત મચાવનાર તારા જેવું' એ ઉપમાથી એવું સૂચવાય છે કે એ કડાની આસપાસનું બધી દિશાઓને ઉજાળતું ઉજ્જ્વળ તેજોવલય એવું તો અદ્ભુત હતું કે મારા જેવા પ્રૌઢના મનમાં પણ શંકા અને ભય જાગ્યાં હતાં.

ત્રીજા શ્લોકમાં દર્શક સર્વનામ 'તે આ'ની વ્યંજના એ છે કે આપના પિતાની છાતી પરના કૌસ્તુભમણિની પેઠે આ દિવ્ય કંકણ પણ આપનું અવિચ્છેદ્ય અંગ છે. 'પૃથ્વીની રક્ષા કરતી ભોગળ' એ રૂપકની વ્યંજના એ છે કે રાજાએ સમગ્ર પૃથ્વીનાં દુઃખનું નિવારણ કર્યું છે એટલે એના બાહુ આ આભૂષણને યોગ્ય છે.

'ચરણની સેવા'ની વ્યંજના એ છે કે આપના ચરણની સેવા કરીને પવિત્ર થયેલા હાથથી આપની સાથે હાથેવાળો મેળવવાની એની અભિલાષા છે. 'જુવાન'ની વ્યંજના એ છે કે યૌવનમાં આવતાં તરત જ એ આપના પ્રેમમાં પડી હતી. આ બધાને કારણે આપ સ્વીકાર કરવાની ના ન પાડશો. અર્થાત્ આપે સ્વીકાર કરવો જ જોઈએ, બીજો ઉપાય નથી, એવો અર્થ છે.

"કાકુત્સ્થથી કુમુદ્વતીને અતિથિ નામે પુત્ર થયો."
(રઘુ૦ ૧૭-૧) ૩૮

એ જ રીતે એ જ ૧૬મા સર્ગમાં પહેલાં આવતું ગ્રીષ્મનું નીચેનું વર્ણન પણ યોગ્ય રીતે ગૂંથાયું છે, કેમ કે એને લીધે જલક્રીડાની ભૂમિકા તૈયાર થાય છે—

"ત્યાં તો કુશની પ્રિયાને મણિ-ગૂંથી ઓઢણી, શ્વેત સ્તને પહોંચતો મોતીનો હાર અને નિઃશ્વાસથી ઊડે એવું મલીર પહેરવાનું સૂચવતો હોય એમ ગ્રીષ્મ કાળ આવી પહોંચ્યો." (રઘુ૦ ૧૬-૪૩) ૩૯

વગેરે વર્ણનો કથામાં વૈચિત્ર્ય કહેતાં સૌંદર્ય લાવ્યા સિવાય બીજું કશું કરતાં નથી. આખા પ્રબંધમાં આ પ્રકરણ તો પ્રસંગોપાત્ત ઘટના છે. તેમ છતાં કથાના જુદા જુદા છૂટા રહેલા તંતુઓને ભેગા કરવાનું કામ એ કરે છે. એ વક્રતાના નમૂના પણ પોતે શોધીને સમજી લેવા.

"જલક્રીડા વગેરેનાં વર્ણન પણ માત્ર સંદર્ભને લીધે જ સુંદર લાગતાં હોવા ઉપરાંત પ્રબંધની કથાના પ્રાણરૂપ હોય ત્યારે ભાવકોને આનંદ આપનાર થઈ પડે છે." ૪૦

આ અંતરશ્લોક છે.

(૬) વળી, આ જ પ્રકરણવક્રતાનો બીજો એક પ્રકાર બતાવે છે—

## ૧૦

**જ્યારે અંગ વગેરેની કોઈ અલૌકિક વક્રતા એવી હોય કે જે તેની પહેલાંના કે પછીના કોઈ અંગથી સધાતી ન હોય, ત્યારે તે પ્રધાન રસની કસોટીરૂપ બની જાય છે, અને તે પ્રકરણવક્રતાનો જ એક પ્રકાર ગણાય છે.**

અંગ વગેરેની એટલે કે નાટકના અંકની અને મહાકાવ્યના સર્ગની કોઈ અલૌકિક વક્રતા હોય છે. જેમાં અંગીરસના એટલે કે પ્રધાન રસના નિષ્યંદ કહેતાં પ્રવાહની, સોનાની કસોટી જેવી, પરીક્ષા કરવાની કોઈ અજોડ કસોટી જોવામાં આવે છે. એની વિશેષતા શી હોય છે? તો કે એની પહેલાંના કે પછીના કોઈ અંક કે સર્ગ દ્વારા એ સાધી શકાતી નથી હોતી.

એનો સાર એ કે નાટકના બધા અંકો અથવા મહાકાવ્યના બધા સર્ગો સરખા સુંદર નથી હોતા. કોઈ એકાદ જ એવો હોય છે, જે પ્રધાન રસના સારસર્વસ્વની ક્રીડાભૂમિરૂપ બની રહે. અને તેની વક્રતાની શોભા જ સહૃદયને પ્રભાવિત કરે છે. એના સૌંદર્યનું, એની પહેલાંનાં કે પછીનાં બીજાં પ્રકરણો લેશ પણ અનુકરણ કરી શકતાં નથી હોતાં.

જેમ કે 'વિક્રમોર્વશીય'માંનો ઉન્મત્તાંક નામે જાણીતો ચોથો અંક—

ત્યાં પ્રસ્તુત રસના અસાધારણ વિભાવાનુભાવ વગેરેના માધુર્યને લીધે પ્રધાન એવા વિપ્રલંભ શૃંગારની સહૃદયોને રસ-તરબોળ કરી દે એવી અસર જોવા પામીએ છીએ, જેની શોભાની એક કણીનું પણ અનુકરણ તેની પહેલાંના કે પછીના કોઈ પ્રકરણથી થઈ શકે એમ નથી જેમ કે એની શરૂઆત જ આ રીતે થાય છે—

> "રાજા (ગભરાટમાં) — અરે દુષ્ટ, ઊભો રહે, ઊભો રહે. મારી પ્રિયતમાને લઈને તું ક્યાં ચાલ્યો જાય છે? (જોઈને) શું પર્વતશિખર ઉપરથી આકાશમાં કૂદીને

મારા પર બાણ વરસાવે છે? (ધારીને જોઈને) અરે, હું કેવો છેતરાયો!—

"આ તો નવાં ચડી આવેલાં વાદળ છે, અભિમાની શસ્ત્રસજ્જ રાક્ષસ નથી. આ તો લાંબે સુધી ખેંચાયેલું મેઘધનુષ છે, (રાક્ષસનું) ધનુષ નથી. આ પણ ધોધમાર વરસાદની ધારા છે, બાણોની વર્ષા નથી. સોનાની રેખા જેવી તેજસ્વી આ તો વીજળી છે, મારી પ્રિયા ઉર્વશી નથી." (વિક્રમોર્વશી૦ ૪-૧) ૪૧

આમાં પ્રેમમાં પડેલા રાજાની ઉન્માદાવસ્થા પ્રગટ થાય છે. તેને એમ થાય છે કે ધનુષટંકાર કરતા અભિમાની રાક્ષસનો સામનો તો થઈ શકે, પણ આ નવા ચડી આવેલા મેઘનો ન થઈ શકે. બાણોની વર્ષા કરતાં પણ આ મેઘની વર્ષા હૃદયને વધુ વીંધે છે. આકાશમાં પ્રગટીને જોતાંવેંત અલોપ થઈ જતી વીજળીનું પણ એક ક્ષણભર દર્શન થઈ શકે છે, પણ મારી પ્રિયાની તો એટલીયે સ્થિરતા સંભવતી નથી. તો હવે શું કરવું? એવો અર્થ આ વાક્યાર્થમાંથી સમજાય છે. આ પહેલાં અમે (૩-૨૫; પૃ. ૧૯૧) (૩-૨૬; પૃ. ૧૯૧) અને (૩-૪૧; પૃ. ૨૦૩) જે ત્રણ શ્લોકો ટાંકી ગયા છીએ તે અહીં જોવા.

અથવા જેમ કે 'કિરાતાર્જુનીય'માં બાહુયુદ્ધ પ્રકરણ—

ત્યાં પણ અર્જુન પાસે કવચ વગેરે શરીરની રક્ષા કરવાનાં કોઈ સાધન નથી, છતાં પોતાના સહજ બાહુબળનો ગર્વ બતાવવાની જે તક મળી છે તેથી ખુશ થઈને તે પોતાથી ચડિયાતા યોદ્ધા સામે યુદ્ધે ચડે છે, એમાં કેવળ સાહસ જ જેની સહાયમાં છે એવા પાંડુપુત્ર અર્જુનના અમર્યાદ વીરરસનો જ પ્રકર્ષ પ્રગટ થાય છે. (બીજું બધું જવા દઈએ, પણ સહૃદયોની સમજ એવી છે કે) પરમેશ્વર મહાદેવને પણ કેવળ એક માણસ પોતાના માત્ર બાહુબળથી જ ઉછાળીને આકાશમાં અધ્ધર લટકતા રાખે એવો

કવિએ કલ્પી કાઢેલો પ્રસંગ ચમત્કારનું બીજું કારણ છે, એ સ્પષ્ટ છે. એ રીતે બીજાં પણ ઉદાહરણો શોધી લેવાં.

(૭) વળી એ પ્રકરણવક્રતાનો જ બીજો એક પ્રકાર બતાવે છે—

૧૧

**જેમાં પ્રધાન વસ્તુને સિદ્ધ કરવા માટે બીજી વસ્તુની વિચિત્રતા કહેતાં ચમત્કારક વિશેષતા ઉલ્લેખ-પૂર્વક પ્રગટ થતી હોય તે પણ આ પ્રકરણવક્રતાનો જ બીજો પ્રકાર ગણાય.**

પ્રકરણવક્રતાનો બીજો પણ એક પ્રકાર હોય છે, જેમાં બીજી વસ્તુની વિચિત્રતા એટલે કે નવો જ ચમત્કાર પ્રગટ થાય છે. કેવી રીતે? તો કે ઉલ્લેખપૂર્વક, એટલે કે અભિવ્યક્તિની અવનવી ભંગિથી. શા માટે? તો કે પ્રધાન વસ્તુની સિદ્ધિ માટે. એટલે કે એનાથી પ્રધાન પ્રકરણને કોઈ અપૂર્વ વક્રતા પ્રાપ્ત થાય છે માટે.

જેમ કે— 'મુદ્રારાક્ષસ'ના છઠ્ઠા અંકમાં.

"પછી હાથમાં દોરડાવાળો પુરુષ પ્રવેશ કરે છે"-થી શરૂ થતું પ્રકરણ, ત્યાં એ પુરુષ રાજરમતનું અજોડ કૌશલ ધરાવતા કૌટિલ્યનો મોકલેલો છે અને પોતે પણ ભારે ચતુર છે. મુદ્રાભંગને લીધે સ્વામીની ખફગી ઊતરતાં હારી ગયેલો રાક્ષસ જીર્ણ ઉદ્યાનમાં હાથમાં તલવાર લઈને આવી પહોંચે છે. તેને જોવા છતાં ન જોયો હોય એમ પેલો પુરુષ પોતાને ગળે ફાંસો નાખી આપઘાત કરવાનો પ્રયત્ન કરે છે. એ જોઈને કુતૂહલ અને દયા ઊપજતાં રાક્ષસ તેને પૂછે છે કે "ભલા માણસ, આ બધું શું છે?" ત્યારે તે જવાબ આપે છે, "આહ, મારા મહાદુ:ખનો એક જ ઉપાય આત્મહત્યા કરવાનો છે, તેમાં અંતરાય શા માટે નાખે છે?" પછી રાક્ષસના આગ્રહથી તે પોતાની વાત કહે છે.

"મારો પ્રિય મિત્ર વિષ્ણુદાસ, પોતાના પ્રિય મિત્ર, વીર પુરુષોના મુકુટમણિ, ઝવેરીઓના શ્રેષ્ઠી ચંદનદાસને અત્યારે વધસ્થાને લઈ જવામાં આવે છે, એટલે મિત્રનું દુઃખ સહન ન થતાં પોતે અગ્નિમાં પડવા તૈયાર થયો છે, એટલે હું પણ તેની પેઠે શોક સહન ન થવાથી તેના પહેલાં જ મરી જવા ઇચ્છું છું."

વધારે ઉતારવાની જરૂર નથી. આ સાંભળીને પોતાને જટિલ અને ગૂંચવણભરી રાજખટપટમાં વિચક્ષણ માનનાર રાક્ષસ પણ એવો તો સંભ્રમમાં પડી સંતાપ અનુભવે છે કે પોતાનો દેહ અર્પીને પણ ચંદનદાસને છોડાવવા તૈયાર થઈ જાય છે.

આ સંદર્ભમાંનો એક શ્લોક ઉતારીએ છીએ—

"છ ગુણ(દોરી)થી મજબૂત તથા ચાર ઉપાયોની ગૂંથણીથી બનેલા પાશરૂપ મુખવાળી અને શત્રુને બાંધવાને સમર્થ એવા દોરડા જેવી આર્ય ચાણક્યની નીતિ વિજય પામે છે." ૪૨

આ શ્લોકમાં વિશેષણવક્રતાને લીધે રૂપક દ્વારા એ પુરુષનો એવો આશય પ્રગટ થાય છે કે—

એના એ ગુણો, એના એ ઉપાયો અને એની એ રાજનીતિ હોવા છતાં જ્યારે કોઈક વિચક્ષણ મુત્સદ્દી ભારે કૌશલપૂર્વક દુશ્મનોને ફસાવવા માટે યોજનારૂપી જાળ ફેલાવે છે ત્યારે તેમને ખબરે નથી પડતી અને તેઓ ગમે તેવા જ્ઞાની હોય તોયે ભ્રમમાં પડે છે. અને તેથી જ કહ્યું છે કે એ નીતિ વિજય પામે છે. વળી—

"રાક્ષસ — ભલા માણસ, તારા મિત્રના અગ્નિપ્રવેશનું કારણ શું છે? તેને દવાથી ન મટે એવા મહાવ્યાધિ લાગુ પડયા છે?

પુરુષ — નહિ, નહિ, આર્ય.

રાક્ષસ — તો શું અગ્નિ અને વિષ જેવા ભયંકર રાજાના ક્રોધનો તે ભોગ થઈ પડયો છે?

પુરુષ — તોબા, તોબા, ચંદ્રગુપ્તના રાજ્યમાં ક્રૂર વ્યવહાર થાય જ કયાંથી?

રાક્ષસ — તો શું તે કોઈ અપ્રાપ્ય સ્ત્રીના પ્રેમમાં પડયો છે?

પુરુષ (કાને હાથ દઈ) — તોબા, તોબા, એ એવો અવિનય કરે એવો નથી.

રાક્ષસ — તો પછી તારી પેઠે એને પણ મિત્રનો નાશ એ જ વિષરૂપ થઈ પડયો છે?

પુરુષ — આર્ય, બીજું શું?" (મુદ્રારાક્ષસ, ૪-૧૫) ૪૩

આમાં મહાવ્યાધિ બહુવચનમાં વાપર્યું છે તે વચનવક્રતાનો દાખલો છે. 'અગ્નિ અને વિષ જેવા' એમાં વિશેષણવક્રતા છે. આ બધાને લીધે અહીં જે પ્રધાન વક્તવ્ય છે કે ચંદનદાસે રાજાનું આવું અહિત કર્યું છે અને તેને વધસ્થાને ખડો કરવામાં આવ્યો છે તેમ છતાં તે રાજાના દબાણને અવગણીને રાક્ષસની પત્ની પાછી સોંપવા તૈયાર થતો નથી. અને પરિણામે તેનો વધ થઈ રહ્યો છે, એનું જ સમર્થન થાય છે. 'એને' એવું સર્વનામ વાપર્યું છે એનાથી ચંદનદાસનું સ્વાભાવિક સૌહાર્દ પ્રગટ થાય છે, અને એને નિભાવવા માટે જ એણે મરવું પડે છે. 'તમારી પેઠે' એ પ્રયોગથી એમ સૂચવાય છે કે એ પણ ઝટઝટ બધાં સાધનો ભેગાં કરી આત્મહત્યા કરવા ઇચ્છે છે. આ બધી યુક્તિઓને લીધે અહીં કહેવા ધારેલો અર્થ સારી રીતે પ્રગટ થાય છે અને શોભી ઊઠે છે, તેમ જ નવીનતા ધારણ કરે છે. આ જ રીતે એ નાટકમાંથી બીજાં પણ દૃષ્ટાંતો શોધીને સમજી લેવાં.

પ્રધાન ફલસિદ્ધિ પણ અહીં રાક્ષસની આ ઉક્તિમાં સૂચવવામાં આવી છે કે—

"મારા મિત્રને મરવા દેવો યોગ્ય નથી; એને છોડાવવા માટે બદલામાં હું મારો દેહ અર્પી દઈશ." (મુદ્રા૦ ૬-૨૧ઘ) અને એ

પછીના દૃશ્યમાં તે વધારે સ્પષ્ટ કરવામાં આવી છે, જેમાં રાક્ષસ કહે છે: "મૃત્યુનું સૂચન કરતી વધ્યમાળા (એને બદલે) મારા ગળામાં પહેરાવી દો." (મુદ્રા૦ ૭-૪ઘ)

(૮) એ જ પ્રકરણવક્રતાનો બીજો એક પ્રકાર બતાવે છે–

૧૨

**સામાજિકોને આનંદ આપવામાં કુશળ એવા નટો પોતે તેમની ભૂમિકા ધારણ કરીને બીજા નટોને ભજવણી કરવા દે છે, ત્યારે કોઈ વાર આ રીતે પ્રકરણની અંદર દાખલ કરેલું બીજું પ્રકરણ આખા પ્રબંધના સારસર્વસ્વરૂપ વક્રતાને પોષે છે.**

એક પ્રકરણની અંદર બીજું પ્રકરણ આવે છે ત્યારે તેને લીધે આખા નાટકના સારસર્વસ્વરૂપ ચારુતા પુષ્ટ થાય છે. 'કોઈ વાર' કહ્યું છે તેનો અર્થ એ છે કે કવિકૌશલથી રચાયેલા કોઈ વિરલ નાટકમાં જ, બધાં નાટકમાં નહિ. એક અંકમાં બીજા અંકને ગર્ભિત કરીને રજૂ કરવામાં આવે એને ગર્ભાંક કહે છે. એ કેવો ? તો કે બીજા નટોએ ભજવેલો. કેવા નટોએ ? તો કે સહૃદયોને સંતોષ આપવામાં કુશળ નટોએ. કેવી રીતે ? તો કે તેમની કહેતાં સામાજિકોની ભૂમિકા ધારણ કરીને એટલે કે પ્રેક્ષક બનીને.

એનું તાત્પર્ય એ છે કે – કોઈક જ નાટકમાં અમર્યાદ કૌશલ ધરાવતા નટો પોતપોતાની ભૂમિકાનો વેશ ધારણ કરીને પ્રેક્ષકો બની રંગભૂમિને શોભાવે છે અને એક અંકમાં દાખલ કરેલા બીજા અંકને રંગભૂમિ ઉપરની બીજી રંગભૂમિ ઉપર બીજા નટો વડે ભજવાતું જુએ છે. એ ગર્ભાંકની હિલોળા લેતી વક્રતાને લીધે એમ લાગે છે કે જાણે એ ગર્ભાંકમાં મૂળ નાટકનું જ સારસર્વસ્વ મૂર્ત થઈ રહ્યું છે. અને સામાજિક બનેલા એ નટો નાનાવિધ ભાવભંગિઓ કરી ખરા સામાજિકોને પણ ચિત્તચમત્કારના વૈચિત્ર્યનો અનુભવ કરાવે છે.

જેમ કે 'બાલરામાયણ'ના ચોથા અંકમાં રાવણની ભૂમિકા

ભજવતો નટ પ્રહસ્તની ભૂમિકા ભજવતા નટ સાથે રંગભૂમિ ઉપર આવે છે અને ગર્ભાંકની નાંદી શરૂ થાય છે—

"કર્પૂર શો બળ્યો તોયે
શક્તિમાન જે જને જને,
શૃંગારબીજ એવા એ
નમું કુસુમચાપને."
(બાલ૦ ૩–૨) ૪૪

પછી તે (રાવણ બનેલો નટ), બીજા નટો વડે અત્યંત સુંદર વિવિધ ભાવભંગિઓ દ્વારા ભજવાતો (સીતાસ્વયંવરનો) ગર્ભાંક પ્રેક્ષક બનીને જુએ છે. તેને જોઈને જાગતા વિવિધ ભાવોનો સીતાની સખીઓ ખૂબ સારી રીતે અભિનય કરે છે. અને આ બધાને લીધે સહૃદયોના આનંદમાં અનપેક્ષિત વધારો થાય છે. એ બધાં સુંદર વચનો પોતે જ શોધીને સમજી લેવાં.

નાટકમાં ગૂંથેલા નાટકની વક્રતા વિશે એ નાટકમાં જ કહ્યું છે કે—

"કાનથી પીવા જેવું અને અનેક અપલક આંખોથી જોવા જેવું 'સીતાસ્વયંવર' નામનું આ નાટક આપના આનંદ માટે જ યોજાયું છે." (બાલ૦ ૩–૧૨) ૪૫

અથવા જેમ કે 'ઉત્તરરામચરિત'ના સાતમા અંકમાં રામચંદ્રની ભૂમિકા ભજવનાર અને લક્ષ્મણની ભૂમિકા ભજવનાર નટો રંગભૂમિ ઉપર ભજવાતું બીજું નાટક જુએ છે—

"(નેપથ્યમાં) આર્યપુત્ર, હા કુમાર લક્ષ્મણ! એકલી, નોધારી અને જેની પ્રસવવેદના આવી પહોંચી છે એવી, અરણ્યમાં હતાશ બનેલીને – મને ખાવા હિંસ્ર પશુઓ ટાંપી રહ્યાં છે. હા! તો હવે હું મંદભાગિની મારી જાતને ભાગીરથીમાં ફેંકી દઉં." ૪૬

આ અભિનય બીજા નટો કરે છે.

(૯) આ જ પ્રકરણવક્રતાનો બીજો એક પ્રકાર બતાવે છે—

૧૪

**મુખાદિ સંધિઓની વ્યવસ્થાને લીધે આનંદ આપનાર, સંવિધાનને લીધે સુંદર અને આગળનાં અને પાછળનાં અંગો સાથે સુસંગત એવી ગોઠવણી હોય અને**

૧૫

**અનુચિત હોય તોયે કેવળ નિયમ પાળવા ખાતર અંગોની યોજના કરવાનો દુરાગ્રહ ન રાખ્યો હોય તો એ પ્રકરણ નવું વક્રતાયુક્ત લાવણ્ય પ્રગટ કરે છે.**

અંગોની વિશિષ્ટ ગોઠવણી વક્રતાયુક્ત નવા જ લાવણ્યને પ્રગટ કરે છે. શાથી? તો કે આગળના અંગની અને પાછળના અંગની સંગતિને કારણે. એટલે કે તેમની વચ્ચે ઉપજીવ્ય અને ઉપજીવકનો સુંદર સંબંધ જળવાયેલો હોય છે તેથી. એ સંગતિ કેવી? તો કે મુખ પ્રતિમુખ વગેરે સંધિઓને લીધે સુંદર. વળી કેવી? તો કે પ્રસ્તુત પ્રકરણના સંવિધાનની કુશળતાને લીધે આનંદ આપનાર.

એનો અર્થ એ કે પ્રબંધોમાં દરેક આગલું પ્રકરણ દરેક પછીના પ્રકરણ સાથે સરસ સંધિ સંબંધથી સારી રીતે જોડાયેલું હોય તો એવું સંવિધાન સહૃદયોને વક્રતાને કારણે ખૂબ જ આનંદ આપનાર થઈ પડે છે.

જેમ કે 'પુષ્પદૂતિક'માં. એના પહેલા અંકમાં નાયક સમુદ્રદત્તને આપણે પ્રથમ પ્રિયાવિરહને કારણે પીડાતો અને નિરાનંદ જોઈએ છીએ. એ પોતાની પત્ની નંદયંતીની વિધિસર વિદાય લીધા વગર જ સમુદ્રતીરે આવ્યો છે અને હવે તેને મળવાની ઉત્કંઠા પ્રગટ કરે છે. બીજા અંકમાં આપણે તેને પ્રવાસેથી આવીને મધરાતે, કુલવયને પોતાની વીંટી લાંચમાં આપી, તેનું મોઢું બંધ કરી, બગીચામાં પોતાનું મોઢું ઓળખાય નહિ એ રીતે પોતાની પત્ની

સાથે સમાગમ સાધતો જોઈએ છીએ. ત્રીજા અંકમાં આપણે વિજય-દત્તની પુત્રી નંદયંતીના ચારિત્ર્ય ઉપર શંકા આવતાં તેના સસરા (સમુદ્રદત્તના પિતા) સાગરદત્તે તેને કાઢી મૂકેલી દશામાં જોઈએ છીએ. ચોથા અંકમાં મથુરાથી પાછા ફરેલા કુવલયે વીંટી બતાવીને પુત્રવધૂના શુદ્ધ ચારિત્ર્યની ખાતરી આપતાં પોતે કઠોરગર્ભા પુત્ર-વધૂને વિના કારણ કાઢી મૂકી તે માટે પોતાને મહાપાતકી માનતો સાર્થવાહ સાગરદત્ત તીર્થયાત્રાએ જતો જોવા મળે છે. પાંચમા અંકમાં વનમાં કોઈ વનરક્ષકને આશ્રયે રહેલી નંદયંતીને કુવલય સમુદ્રદત્તના કુશળ સમાચાર આપે છે. છઠ્ઠા અંકમાં ચમત્કારક રીતે બધાંનું ફરી મિલન થાય છે. આમ એમાં પ્રસંગોની ગૂંથણી એવી દૃઢ કરવામાં આવી છે કે અંતે જતાં બધા જ પ્રસંગો કથાના રસની નિષ્પત્તિમાં ઉપકારક થઈ પડે છે અને કોઈ અપૂર્વ સૌંદર્ય-સંપત્તિ પ્રગટ કરે છે.

અથવા જેમ કે 'કુમારસંભવ'માં—

પાર્વતીના પ્રથમ તારુણ્ય કહેતાં નવયૌવનના આગમનનું વર્ણન, તેણે કરેલી શિવની સેવા, તારકાસુરથી પરાભવ પામવાના દુસ્તર સાગરને તરી જવાનો બ્રહ્માએ બતાવેલો ઉપાય, ઇન્દ્રના કહેવાથી વસંતના મિત્ર કામદેવે પાર્વતીના સૌંદર્યના જોરે શિવ ઉપર પ્રહાર કરવો અને શિવના ત્રીજા લોચનમાંથી નીકળેલા અગ્નિએ તેને ભસ્મ કરી નાખવો, તેથી દુઃખી થયેલી સતીનો વિલાપ, માન-ભંગથી ખિન્ન થયેલી પાર્વતીની તપશ્ચર્યા, આદરપાત્ર વૃદ્ધાચાર સાથે કામદહનના સમાચારનું કથન, ચિત્રશિખંડી ઋષિઓએ હિમાલય આગળ માગું મૂકવું, અપાર પ્રેમથી ઊભરાતા હૃદયે શિવે પાર્વતીનું પાણિગ્રહણ કરવું — આમ એક પછી એક આવતાં પ્રકરણો પરસ્પર ગાઢ સંબંધથી સારી રીતે જોડાયેલાં કોઈ અપૂર્વ સૌંદર્ય ધારણ કરે છે. આ રીતે, બીજા મહાકવિઓએ રચેલા પ્રબંધોમાં પણ પ્રકરણવૈચિત્ર્યનો વિચાર કરવો. આ વસ્તુ ઉપર જ ભાર મૂકવા માટે ગ્રંથકાર શું ન કરવું તે પણ કહે છે કે "અનુચિત હોય

તોયે કેવળ નિયમ પાળવા ખાતર અંગોની યોજના કરવાનો દુરાગ્રહ ન રાખવો." એવી રીતે યોજેલાં અંગોમાં વક્રતા પ્રગટ થતી નથી. એક પછી એક આવતાં પરસ્પર સંબંધ ધરાવતાં પ્રકરણોથી પ્રગટ થતો પોતાની રચનાનો મુખ્યાર્થ આ છે એવું વાકયવિચાર એટલે કે વ્યાકરણને આધારે કવિએ નક્કી કરવું જોઈએ. આ અહીં ઉચિત છે એનો નિર્ણય પ્રત્યક્ષાદિ પ્રમાણોને આધારે ન્યાયશાસ્ત્રને અનુસરીને કરવો જોઈએ. નહિ તો ભરતે ગણાવેલાં લક્ષણો યોજવાના અતિઆગ્રહને કારણે સંધ્યંગોનું પ્રતિપાદન કરવા માટે કથાને યોગ્ય ન હોય એવાં વર્ણનો પણ દાખલ થઈ જશે.

જેમ કે 'વેણીસંહાર'માં બીજા અંકમાં પ્રતિમુખ સંધિ તરીકે આ પ્રસંગ વર્ણવ્યો છે: ભાનુમતીના સ્વપ્નની વાત સાંભળીને દુર્યોધનના મનમાં તેના ચારિત્ર્ય વિશે શંકા જાગે છે. એ સમયે પ્રબળ શત્રુઓ સાથે ખૂનખાર યુદ્ધ ચાલી રહ્યું છે, ભીષ્મ શરશય્યા ઉપર પડેલા છે, દુર્યોધનનો પુત્ર, તેના ભાઈઓ અને સંબંધીઓ તથા મિત્રો હણાઈ રહ્યા છે; એવે વખતે દુર્યોધન જેવો વીર અને સ્વમાની પુરુષ નિર્વિકાર મને પણ રાણીવાસમાં જાય એ જ અનુચિત ગણાય, પછી વિલાસની તો વાત જ શી! તેમાં વળી અહીં તો મહારાજા રાણી સાથે વેશ્યા જેવો વિલાસ કરે છે, વિચાર કર્યા વગર જ તેના ચારિત્ર્ય વિશે શંકા સેવે છે, આ બધું જ અત્યંત અનુચિત છે અને ઉપેક્ષાને પાત્ર છે.

જેમ કે 'શિશુપાલવધ'માં—

કૃષ્ણ ઇન્દ્રપ્રસ્થ જવા નીકળી ચૂકયા પછી દ્વારકાનું વિગતે વર્ણન આવે છે.

"કવિએ ઔચિત્ય અને ચારુ વચનથી વર્ણવેલા પ્રસંગો-(પ્રકરણો)થી અલંકાર જેમ રત્નોથી શોભે છે તેમ પ્રબંધ શોભે છે." ૪૭

"કથાના વિવિધ રમણીય વળાંકોનું કારણ બનતા પ્રસંગને વિદ્વાનો રસનું રસાયન માને છે." ૪૮

આ બે અંતરશ્લોકો છે.

આ રીતે પ્રકરણવક્રતાના અનેક (નવ) પ્રકારોનું પ્રતિપાદન કર્યા પછી સમગ્ર પ્રબંધની વક્રતાનું નિરૂપણ કરે છે—

૧૬

**ઇતિહાસમાં જુદી રીતે દર્શાવેલા રસની ઉપેક્ષા કરીને પ્રારંભથી જ જેનું સૌંદર્ય ખીલેલું છે એવા કથાશરીરનું જેમાં બીજા રમણીય રસથી નિર્વહણ કરવામાં આવ્યું હોય,**

૧૭

**જેથી વિનેયો (એટલે કે જેમને બોધ આપવાનો છે તેમ)ને આનંદ પ્રાપ્ત થાય, તેને પ્રબંધની વક્રતા ગણવી.**

(૧) તે પ્રબંધની એટલે કે નાટક, મહાકાવ્ય વગેરેની વક્રતા ગણાય, જેમાં બીજા રમ્ય રસથી ઉપસંહાર કરવામાં આવ્યો હોય. કેવી રીતે? તો કે ઇતિહાસ કહેતાં મૂળ ગ્રંથમાં બીજી રીતે શૃંગારાદિ રસોથી નિર્વહણ કહેતાં ઉપસંહાર કરવામાં આવ્યો હોય તેની ઉપેક્ષા કરીને, એટલે કે તેને છોડી દઈને. શાનો ઉપસંહાર કરવામાં આવ્યો હોય? તો કે તેની તે જ કથાનો. કથા કેવી? તો કે શરૂઆતથી જ જેમાં શબ્દાર્થની રચનાની શ્રી પ્રગટ થતી રહી હોય તેવી. આમ શા માટે કરવામાં આવે? તો કે વિનેયો એટલે કે રાજા વગેરે જેમને બોધ આપવાનો છે તેમને આનંદ મળે એટલા માટે.

કહેવાનું તાત્પર્ય એ કે જેની કથા ઇતિહાસમાંથી લેવામાં આવી હોય તેવી કથાનું મૂળમાં કોઈ એક રસમાં નિર્વહણ થતું હોય એટલે અંત આવતો હોય તેનો પરિત્યાગ કરીને, કવિ અભિજાત વાચકોને આનંદ આપે એવા કોઈ બીજા જ રમણીય રસથી તેનો ઉપસંહાર કરે તો તેથી તે પ્રબંધમાં કોઈ ઓર વક્રતા આવે છે.

જેમ કે 'વેણીસંહાર'માં—

એની કથા મહાભારતમાંથી લેવામાં આવી છે. તેનો પ્રધાન રસ શાંત છે. કારણ, બીજી બધી ભાવનાઓને હઠાવી દઈને સંસારની અનંત વાસનાઓની નિઃસારતાનું જ એમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. પણ નાટ્યકારે એને બિલકુલ ભૂંસી નાખીને પોતાના નાટકને અંતે એને બદલે વીર અને અદ્ભુત રસની નિષ્પત્તિ કરી છે. આ તેણે એવી રીતે સાધ્યું છે કે પાંડવોના બધા શત્રુઓ રણભૂમિ ઉપર હણાયેલા પડયા છે, અને રાજધર્મને વરેલા ધર્મ-રાજનો અભ્યુદય થતો અંતે બતાવ્યો છે તેથી એ પ્રબંધને જે વક્રતા પ્રાપ્ત થાય છે તે સહૃદયોને અપાર આનંદ આપનાર થઈ પડે છે. અને તેમને થાય છે કે અનેક સંકટોનો ભોગ બન્યા છતાં પાંડવો પોતાના પક્ષના સતત વધતા જતા બળને અને પરાક્રમને જોરે દુશ્મનોને હરાવીને રાજવૈભવ ભોગવવા પામ્યા. વિપત્તિમાં પણ હાર્યા વગર ભારે ઉત્સાહથી મચ્યા રહેવું, એવું તેઓ એમાંથી શીખશે.

અહીં 'ઉત્તરરામચરિત'નો પણ દાખલો લઈ શકાય. રામાયણની કથા પણ દારુણ વિરહવેદનાનો ભોગ થઈ પડેલી સીતાના પાતાળપ્રવેશ સાથે પ્રધાન રસ કરુણમાં જ પર્યવસાન પામે છે; રામ પણ પોતાના ભાઈ લક્ષ્મણ સાથે નદીમાં પડે છે; પણ નાટકમાં આ બધું બિલકુલ બદલી નાખવામાં આવ્યું છે. અને નાટકનો અંત સીતા અને રામનું મિલન થતાં સંભોગશૃંગારમાં આવે છે અને દિવ્યાસ્ત્રો વાપરવામાં કુશળ એવા લવનું પરાક્રમ જોઈને રામને આનંદ થાય છે તેથી એ વધારે પુષ્ટ થાય છે. આમ એ નાટકને અંતે આવતો સંભોગશૃંગાર સૌંદર્યથી પોષાઈને અભિજાતોને આનંદ આપનાર થઈ પડે છે. આ જ રીતે બીજે પણ જાતે કલ્પી લેવું.

"વિપત્તિઓ પર વિજય મેળવીને નાયકનો અભ્યુદય થતો

બતાવવામાં આવ્યો હોય એવો પ્રબંધ ભાવકોને આનંદ આપનાર થઈ પડે છે.” ૪૯

આ અંતરશ્લોક છે.

રામાયણ અને મહાભારતનો પ્રધાન રસ કરુણ છે એવું (આનંદવર્ધન વગેરે) પૂર્વસૂરિઓએ જ પ્રતિપાદિત કરેલું છે.

(૨) પ્રબંધવક્રતાનો બીજો એક પ્રકાર પણ બતાવે છે—

૧૮

**સારો કવિ ત્રણે લોકમાં અનોખા એવા નાયકના ઉત્કર્ષને પોષે એવા ઇતિહાસના એક ભાગથી જ પ્રબંધનું સમાપન કરે,**

૧૯

**અને તેનો ઉદ્દેશ એ પછી આવતી કથાને લીધે ઉત્પન્ન થતી વિરસતાને ટાળવાનો હોય, ત્યારે એ પણ પ્રબંધની રમણીય ભંગિયુક્ત વક્રતા કહેવાય.**

તે પણ પ્રબંધની રમણીય ભંગિયુક્ત વક્રતા કહેવાય, જેમાં ઔચિત્ય સાચવવામાં ચતુર કવિ પ્રબંધનું સથાપન કહેતાં ઉપસંહાર કરે. કેવી રીતે? તો કે ઇતિહાસના એક ભાગથી. ભાગ કેવો? તો કે જગતમાં અસાધારણ નેતા હોય તેના ઉત્કર્ષને પ્રગટ કરનારો. શા માટે? તો કે તેના પછી આવતી કથામાં જે વિરસતા હોય, અનાકર્ષકતા હોય તેને ટાળવા માટે.

એનો અર્થ એ કે કોઈ મહાકવિ ઇતિહાસમાંની કોઈ આવી કથાનો આરંભ કરવા છતાં જગતને આશ્ચર્ય પમાડે એવા નાયકના અનુપમ યશને પ્રગટ કરતા કોઈ એક ભાગથી જ, કથાને આગળ લઈ જવાથી થનાર વિરસતાને ટાળવા, ઉપસંહાર કરી દે તો તે પ્રબંધના સૌંદર્યમાં વધારો કરનાર વક્રતા દાખલ કરે છે.

જેમ કે ‘કિરાતાર્જુનીય’માં કવિનો હેતુ દુર્યોધનના મૃત્યુ અને યુધિષ્ઠિરના અભ્યુદયમાં પરિણમતી મહાભારતની આખી કથા કહેવાનો છે, તે કાવ્યની શરૂઆતમાં જ કહેવામાં આવ્યું છે—

"દુશ્મનોનો નાશ કરવાની ઇચ્છા રાખનાર રાજા યુધિષ્ઠિરની ખાનગીમાં અનુમતિ લીધી."

(કિરાત૦ ૧-૩) ૫૦

"શત્રુરૂપી અંધકારને હઠાવી દઈને પ્રાતઃકાળે ઊગતા સૂર્ય જેવા તને ફરીથી લક્ષ્મી પ્રાપ્ત થાઓ."

(કિરાત૦ ૧-૪૬) ૫૧

"દુર્લભ શક્તિ પ્રાપ્ત કરીને અર્જુન આ બધાનો નાશ કરશે." (કિરાત૦ ૧-૨૨) ૫૨

દ્યૂતમાં હારી જવાથી બધી વિભૂતિ હરાઈ ગઈ અને દ્રૌપદીના અપમાનથી ગાંડીવધન્વા અર્જુનનો ક્રોધ પ્રજ્વળી ઊઠયો, કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે તેને વિદ્યા આપી, પાશુપત વગેરે દિવ્ય અસ્રો પ્રાપ્ત કરવા માટે તેણે તપ આરંભ્યું, અને અંતે કિરાતવેશધારી શિવ સાથે તેને યુદ્ધ કરતો બતાવી તેના અનુપમ પરાક્રમને પ્રગટ કર્યું, એમાં કવિનો કોઈ અપૂર્વ અભિપ્રાય કહેતાં આશય પ્રગટ થાય છે.

જરા વિગતે જોઈએ તો અર્જુને પાશુપત વગેરે દિવ્યાસ્રો પ્રાપ્ત કર્યાં તે પહેલાં, તે એકલો હતો ત્યારે પણ તે શિવ સાથે યુદ્ધ કરે છે, જેમાં તે શિવને હાથમાં ઉપાડી આકાશમાં અધ્ધર લટકાવે છે, તેથી ત્રિલોચન શિવ સુધ્ધાં પહેલી જ વાર વિસ્મય, આદર અને ભોંઠપ અનુભવે છે. એ પછી તો, શિવ દર્શન દઈ પ્રસન્ન થઈને તેને દિવ્યાસ્રો આપે છે, કોઈ પણ આપત્તિમાંથી ઉગારી શકે એવા ચક્રધારી કૃષ્ણ તેને સારથિ તરીકે મળે છે અને જ્યારે તે પોતે દિવ્ય રથમાં બેઠો હોય છે અને ચારે બાજુએથી ભીમસેન વગેરે વીર સેનાનીઓવાળી મોટી સેનાથી રક્ષાયેલો હોય છે, વૃદ્ધ પિતામહને પણ તેણે શિખંડીને આગળ રાખીને હરાવ્યા હોય છે ત્યારે ભીષ્મને મોઢે "આ બાણો અર્જુનનાં છે, એ શિખંડીનાં બાણો નથી." એમ કહેવડાવીને વ્યાસે સૂચવ્યું છે કે અહીં અર્જુન એક શ્વપચ કરતાં પણ વધુ ક્રૂરતાથી વર્તી

રહ્યો છે. એ જ પ્રમાણે, ભૂરિશ્રવા જ્યારે બીજી રીતે રોકાયેલો હતો ત્યારે અર્જુને તેનો હાથ કાપી નાખ્યો એ કાર્ય પણ વીરને શોભે એવું નથી અને ઔચિત્યપૂર્વક નિષ્પન્ન થતા વીરરસનું નિરૂપણ કરવા માટે લંબાયેલા પ્રબંધને તો શોભા આપે એવું નથી જ નથી. એ જ રીતે, અંગરાજ કર્ણ જ્યારે યુદ્ધભૂમિ ઉપર કાદવમાં ખૂંપી ગયેલા રથને બહાર કાઢતો હતો ત્યારે, એવે વખતે કોઈના ઉપર બાણ છોડવા એ યુદ્ધનીતિ વિરુદ્ધ છે એવું કર્ણે કહ્યા છતાં, અર્જુન તેનું માથું ઉડાવી દે છે, એ વર્ણન પણ એટલું જ નામોશીભર્યું છે. (મૂળમાંના આવા બધા અનૌચિત્યવાળા પ્રસંગોને યોગ્ય રીતે જ ભારવિએ છોડી દીધા છે.) આવા બીજા ફેરફારો પણ જાતે જ સમજી લેવા.

"નાયકનાં રસને અતિશય પોષક એવાં કાર્યો આડે જે કંઈ વિઘ્નો હોય તે બધાં દૂર કરવામાં આવે તો જ નાયકનું પાત્ર ઝળકી ઊઠે છે." ૫૩

આ અંતરશ્લોક છે.

(૩) પ્રબંધવક્રતાનો વળી બીજો એક પ્રકાર દર્શાવે છે—

૨૦

**પ્રધાન વસ્તુના સંબંધને ઢાંકી દેનાર કોઈ બીજા કાર્યના અંતરાયથી જ્યારે કથાનો દોર તૂટી તે નીરસ થઈ જવાનો ભય જાગે**

૨૧

**ત્યારે ત્યાં જ તે મુખ્ય વસ્તુની સિદ્ધિ થઈ જતી બતાવવાથી પ્રબંધને કોઈ અપૂર્વ સતત રસવાહી ઉજ્જવળ વક્રતા પ્રાપ્ત થાય છે.**

કહેવાની મતલબ એ કે મુખ્ય કથા તેના બાધક જેવા લાગતા કોઈ બીજા કાર્યના અંતરાયથી એકાએક તૂટી જાય અને

પૂરી થઈ ગઈ લાગે તોયે વિકાસ પામતી રહે અને એ બાધક લાગતા કાર્યથી જ પ્રસ્તુત મુખ્ય કાર્ય સિદ્ધ થતાં શ્વેત કમળના જેવા ઉજ્જ્વળ રસથી ભરેલી રમણીયતાને લીધે મનોહર એવી પ્રબંધની વક્રતાને ઉત્પન્ન કરે છે.

જેમ કે સર્ગબદ્ધ મહાકાવ્ય 'શિશુપાલવધ'માં ત્રણે લોકના રક્ષણની જવાબદારીમાં જેના બાહુ રોકાયેલા છે એવા વાસુદેવ દેવર્ષિ નારદને મુખે ઇન્દ્રનો સંદેશો સાંભળે છે, જેની શરૂઆત આ પ્રમાણે છે—

"હે વાસુદેવ, હવે હું તમારી આગળ સૌ લોકોના સાંભળતાં ઇન્દ્રનો સંદેશ તેના જ શબ્દમાં કહું છું."

(શિશુપાલવધ, ૧-૪૧ક) ૫૪

'વારુ, તો કહો' એમ કૃષ્ણે કહ્યું એટલે નારદે કહેલો સંદેશો સાંભળતાં જ પોતાના શત્રુ માહિષ્મતીના રાજા શિશુપાલ ઉપર કૃષ્ણ ક્રોધે ભરાય છે અને ક્રોધની બધી જ ભાવભંગિઓપૂર્વક પોતાની પહેલી ફરજ એને હણવાની છે એવો નિશ્ચય કરી કહે છે—

"ભલે તેમ થતું." (શિશુ૦ ૧-૭૫ખ) ૫૫

પણ પહેલી ફરજ તરીકે નક્કી કરેલા આ કાર્યની તે ઉપેક્ષા કરતા લાગે છે અને તરત જ (માહિષ્મતીના રાજા સામે કૂચ લઈ જવાને બદલે ધર્મરાજના રાજસૂય યજ્ઞમાં ભાગ લેવા) ઇન્દ્રપ્રસ્થ જવા ઊપડે છે. આ ઘટના તે ક્ષણે તો એક વીરના પોતાના શત્રુ સામેના હુમલાની પ્રગતિને બિલકુલ થંભાવી દેતી લાગે છે. પણ ધર્મરાજના એ રાજસૂય યજ્ઞના મંડપમાં જ ભેગા થયેલા રાજાઓમાં ચેદિરાજ શિશુપાલ પણ હાજર હોય છે, અને તે ધર્મરાજે કૃષ્ણને આપેલું અગ્રપૂજાનું સંમાન સહન કરી શકતો નથી અને અત્યંત કઠોર અને અસહ્ય શબ્દોમાં તેમનું અપમાન કરે છે.

આમ જે ઘટના કથાતંતુને ઊલટી દિશામાં લઈ જતી લાગી હતી તેની જ મારફતે મુખ્ય કાર્ય સાધવામાં આવ્યું છે.

(૪) આ પ્રબંધવક્રતાનો જ એક બીજો પ્રકાર બતાવે છે—

૨૨

**નાયક કોઈ એક જ ફલની પ્રાપ્તિ માટે ઉદ્યત થયેલો હોવા છતાં તેના જેવાં જ મહત્ત્વનાં બીજાં અનંત ફલો પ્રાપ્ત કરે,**

૨૩

**જેથી તે પોતાના પ્રભાવના ચમત્કારથી પ્રાપ્ત થતા ભારે યશનું પાત્ર બને, એ પણ પ્રબંધવક્રતાનો એક પ્રકાર છે.**

પ્રબંધવક્રતાના અત્યાર સુધીમાં જે પ્રકારો ગણાવ્યા તે ઉપરાંત બીજો પણ એક પ્રકાર સંભવે છે. એમાં નાયક કોઈ એક જ ફલની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતો હોય છે, તેમ છતાં તે મુખ્ય ફલના જેવાં જ મહત્ત્વનાં અથવા મુખ્ય ફલને લીધે જ મળતાં અનેક અથવા અનંત ફલ પ્રાપ્ત કરે છે. એને લીધે તે વિશ્વવ્યાપી કીર્તિને પાત્ર બને છે, અને એ કીર્તિના મૂળમાં તેના પ્રભાવનો ચમત્કાર રહેલો હોય છે. એનો સાર એ કે નાયક જોકે કોઈ એક જ મુખ્ય ફલ મેળવવા એકાગ્રચિત્તે મથતો હોય છે અને તે પ્રાપ્ત પણ કરે છે, છતાં પોતે જેને માટે પ્રયત્ન કર્યો નથી હોતો એવાં બીજાં અનેક ફલો પણ તેના અસીમ પ્રભાવને કારણે તેને પ્રાપ્ત થાય છે. આવા નિરૂપણને લીધે પ્રબંધને રમણીયતાના શિરમોર જેવી વક્રતા પ્રાપ્ત થાય છે.

જેમ કે 'નાગાનંદ'માં બધા કરુણાવાળા માણસોના ચૂડામણિ જેવો જીમૂતવાહન પોતાનો દેહ અર્પી દઈને કટ્ટર વેરી ગરુડના પંજામાંથી માત્ર શંખચૂડને જ નહિ પણ આખા નાગકુલને બચાવે છે.

અહીં શ્રી કૃષ્ણમૂર્તિ નોંધે છે કે કદાચ અહીં પાઠ તૂટક હોય, કારણ, ગ્રંથકાર અહીં નાયકનાં બીજાં પણ યશપ્રદ કાર્યો — જેવાં કે સમયસર મોતમાંથી બચાવી લેવાયેલાં માતા, પિતા અને પત્ની સાથેનું પુનર્મિલન, અને વિદ્યાધરોના રાજ્ય ઉપરનું એનું આધિપત્ય, જે એણે નાટકના પ્રારંભે જ લગભગ દાનમાં આપી દીધું હતું ને પણ ગણાવી શક્યા હોત.

[(૫) પ્રબંધવક્રતાનો એક બીજો પ્રકાર બતાવે છે—]

૨૪

**વસ્તુમાં વિદગ્ધતાની વાત જવા દઈએ તોયે પ્રધાન સંવિધાનનું સૂચન કરતા નામથી પણ કવિ કાવ્યમાં વક્રતા સિદ્ધ કરે છે.**

કવિઓ પ્રકરણોમાં જે વિદગ્ધતા બતાવે છે, તેની વાત જવા દઈએ, તોયે બીજી પણ એક રીત છે, જેને લીધે કાવ્યમાં એટલે કે નાટક કે મહાકાવ્ય વગેરેમાં કોઈ અપૂર્વ વક્રતા આવે છે. કવિ, પ્રધાન કહેતાં પ્રબંધના પ્રાણરૂપ સંવિધાનના એટલે કે કથાગૂંથણીના સૂચક નામ વડે પણ પોતાની પ્રતિભાનો પરિચય કરાવી શકે છે. 'પણ' શબ્દ વિસ્મય દ્યોતક છે.

કહેવાની મતલબ એ કે વિચારપૂર્વક વિવિધ વસ્તુઓની ચારુતાથી રચાયેલા પ્રબંધમાં વક્રતા પ્રગટ થાય એમાં નવાઈ શી! પણ નવાઈ તો એ વાતમાં રહેલી છે કે તેને એ અત્યંત સૂચક અને સુંદર નામમાં પણ પ્રગટ કરે છે. જેમ કે — 'અભિજ્ઞાન-શાકુંતલ', 'મુદ્રારાક્ષસ', 'પ્રતિમાનિરુદ્ધ', 'માયાપુષ્પક', 'કૃત્યા-રાવણ', 'છલિતરામ', 'પુષ્પદૂષિત' વગેરે. કાવ્યબંધોનાં આવાં નામો પણ નિરુપમ લાગે છે. કારણ, તે કૃતિના અંતર્ગત વિશિષ્ટ સંબંધોને પ્રગટ કરીને તેના સૌંદર્યમાં વધારો કરે છે. પણ 'હયગ્રીવવધ', 'શિશુપાલવધ', 'પાંડવાભ્યુદય', 'રામાનંદ', 'રામચરિત' જેવાં સીધાંસાદાં નામોમાં એવો ચમત્કાર નથી હોતો.

[(૬) પ્રબંધવક્રતાનો બીજો એક પ્રકાર બતાવે છે—]

## ૨૫

**ઉત્તમ કવિઓએ એક જ કથાને આધારે રચેલા પ્રબંધો એકબીજાથી વિલક્ષણતાને લીધે અનંત વક્રતાને પ્રગટ કરે છે.**

અનંત કહેતાં અપાર વક્રતાને પ્રગટ કરે છે. શાને લીધે? તો કે એકબીજાથી વિલક્ષણ એટલે કે જુદા હોવાને લીધે. શું? તો કે નાટક વગેરે કાવ્યબંધો. કેવા? તો કે એક જ કથાને આધારે રચેલા. કોણે? તો કે ઉત્તમ કવિઓએ. તેઓ બીજા કાવ્યમાં વિસ્તૃત હોય તેને ટૂંકાવી નાખે છે અને ટૂંકું હોય તેને વિસ્તારે છે, વળી સુંદર શબ્દ, અર્થ અને અલંકારો યોજીને પણ નવીનતા લાવે છે.

તાત્પર્ય એ કે કોઈ એક જ સુંદર કથા ઉપર આધારિત અનેક પ્રબંધો મોટા કવિઓ રચે તોયે તે દરેકમાં સહૃદયોને આનંદ આપે એવું કોઈ આગવું તત્ત્વ હશે અને તે બધા પ્રબંધો એકબીજાને લેશ પણ મળતા આવતા નહિ હોય.

દાખલા તરીકે દશરથપુત્ર રામની કથાને આધારે 'રામાભ્યુદય', 'ઉદાત્તરાઘવ', '(મહા)વીરચરિત', 'બાલરામાયણ', 'કૃત્યારાવણ', 'માયાપુષ્પક' વગેરે અનેક રચનાઓ રચાયેલી છે. એ બધા ઉત્તમ પ્રબંધો એકની એક જ કથાધારાને નિરૂપતા હોવા છતાં તેમાં જુદા જુદા રસનો પ્રવાહ નિરંતર વહેતો જોવા મળે છે, એટલું જ નહિ, પદે પદે, વાક્યે વાક્યે, પ્રકરણે પ્રકરણે અભિનવ ભંગિ પ્રગટ કરીને પ્રકાશે છે, દર વખતે નાયકના નવા નવા અદ્ભુત ગુણોના ઉત્કર્ષથી આકર્ષે છે અને વારે વારે વાંચ્યા છતાં સહૃદયોને અતિશય આનંદ આપતા રહે છે. આ રીતે બીજાં ઉદાહરણ પણ કલ્પી લેવાં.

"કથાભાગ સમાન હોવા છતાં પ્રબંધો સરખાં શરીરવાળાં પ્રાણીઓની પેઠે પોતપોતાના આગવા ગુણોને લીધે જુદા તરી આવે છે." ૫૬

આ અંતરશ્લોક છે.

(૭) પ્રબંધપ્રક્રતાનો બીજો પણ એક ભેદ બતાવે છે—

## ૨૬

**નવા નવા ઉપાયથી સિદ્ધ થતી રાજનીતિનો ઉપદેશ આપતા મહાકવિના બધા જ સંબંધોમાં વક્રતા હોય જ છે.**

એને સમજાવતાં કહે છે કે મહાકવિઓ એટલે કે નવું નવું નિર્માણ કરવામાં કુશળ એવા પ્રકાંડ કવિઓએ રચેલા બધા જ નવા નવા ઉપાય એટલે કે સામ, દંડ, ભેદ વગેરે પ્રયોગો, તેનાથી સિદ્ધ થતી જે રાજનીતિ તેનો ઉપદેશ કરનાર એટલે કે તે શીખવનારા જે પ્રબંધો તે. કહેવાનો સાર એ કે ઉત્તમ કવિઓએ રચેલા બધા જ પ્રબંધોમાં નવી રીતે રજૂ કરેલી રાજનીતિથી ફલ પ્રાપ્ત થતું બતાવીને ઉપદેશ આપ્યો હોય છે તેથી તે કોઈ અલૌકિક ચમત્કારનો અનુભવ કરાવે છે.

જેમ કે 'મુદ્રારાક્ષસ'માં પાત્રો પોતાની પ્રખર પ્રજ્ઞાના પ્રભાવથી વિચિત્ર રાજનીતિની ચાલ યોજીને પોતાની પ્રગલ્ભતા પ્રગટ કરે છે. અથવા તો જેમ કે 'તાપસવત્સરાજ'ની બાબતમાં અમે જે કહ્યું છે તે અહીં પણ લાગુ પડે છે. એ રીતે બીજાં ઉદાહરણ શોધી લેવાં.

"વક્રતાનો અભાવ ખરાબ કાવ્યોમાં જ જોવામાં આવે છે. મહાકવિઓની કીર્તિના આધારરૂપ પ્રબંધોમાં તો એ હોય જ ક્યાંથી?"

આ અંતરશ્લોક છે.

અહીં હસ્તપ્રત અધૂરી રહે છે. છેલ્લું પાનું મળતું નથી. પણ લાગે છે કે વિષયનિરૂપણ લગભગ પૂરું થયેલું છે એટલે આ પછી વધુ કારિકા નહિ હોય.

# वक्रोक्तिजीवितम्

॥ श्रीरस्तु ॥

श्रीमद्राजानककुन्तकविरचितं

# वक्रोक्तिजीवितम्

## प्रथमोन्मेषः

जगत्त्रितयवैचित्र्यचित्रकर्मविधायिनम् ।
शिवं शक्तिपरिस्पन्दमात्रोपकरणं नुमः ॥ १ ॥

यथातत्त्वं विवेच्यन्ते भावास्त्रैलोक्यवर्तिनः ।
यदि तन्नाद्भुतं नाम दैवरक्ता हि किंशुकाः ॥ २ ॥

स्वमनीषिकयैवाथ तत्त्वं तेषां यथारुचि ।
स्थाप्यते प्रौढिमात्रं तत्परमार्थो न तादृशः ॥ ३ ॥

इत्यसत्तर्कसन्दर्भे स्वतन्त्रेऽप्यकृतादरः ।
साहित्यार्थसुधासिन्धोः सारमुन्मीलयाम्यहम् ॥ ४ ॥

येन द्वितयमप्येतत्तत्त्वनिर्मितिलक्षणम् ।
तद्विदामद्भुतामोदचमत्कारं विधास्यति ॥ ५ ॥

ग्रन्थारम्भेऽभिमतदेवतानमस्कारकरणं समाचारः, तस्मात्तदेव तावदुपक्रमते—

**वन्दे कवीन्द्रवक्त्रेन्दुलास्यमन्दिरनर्तकीम् ।**
**देवीं सूक्तिपरिस्पन्दसुन्दराभिनयोज्ज्वलाम् ॥ १ ॥**

इति ।

देवीं वन्दे देवतां स्तौमि । कामित्याह— कवीन्द्रवक्त्रेन्दु

लास्यमन्दिरनर्तकीम् । कवीन्द्राः कविप्रवरास्तेषां वक्त्रेन्दुर्मुखचन्द्रः स एव लास्यमन्दिरं नाट्यवेश्म तत्र नर्तकीं लासिकाम् । किंविशिष्टाम् — सूक्तिपरिस्पन्दसुन्दराभिनयोज्ज्वलाम् । सूक्तिपरिस्पन्दाः सुभाषितविलसितानि तान्येव सुन्दरा अभिनयाः सुकुमाराः सात्त्विकादयस्तैरुज्ज्वलां भ्राजमानाम् । या किल सत्कविवक्त्रे लास्यसद्मनीव नर्तकी स्वविलासाभिनयविशिष्टा नृत्यन्ती विराजते तां वन्दे नौमीति वाक्यार्थः । तदिदमत्र तात्पर्यम्—यत्किल प्रस्तुतं वस्तु किमपि काव्यालंकारकरणं तदधिदैवतभूतामेवंविधरामणीयकहृदयहारिणीं वाग्रूपां सरस्वतीं स्तौमीति ।

एवं नमस्कृत्येदानीं वक्तव्यवस्तुविषयभूतान्यभिधानाभिधेयप्रयोजनान्यासूत्रयति ।

> वाचो विषयनैयत्यमुत्पादयितुमुच्यते ।
> आदिवाक्येऽभिधानादि निर्मितेर्मानसूत्रवत् ॥ ६ ॥

इत्यन्तरश्लोकः । (?)

> **लोकोत्तरचमत्कारकारिवैचित्र्यसिद्धये ।**
> **काव्यस्यायमलंकारः कोऽप्यपूर्वो विधीयते ॥ २ ॥**

अलंकारो विधीयते अलंकरणं क्रियते । कस्य — काव्यस्य । कवेः कर्म काव्यं तस्य । ननु च सन्ति चिरन्तनास्तदलंकारास्तत्किमर्थमित्याह — अपूर्वः, तद्व्यतिरिक्तार्थाभिधायी । तदपूर्वत्वं तदुत्कृष्टस्य तन्निकृष्टस्य च द्वयोरपि संभवतीत्याह — कोऽपि, अलौकिकः सातिशयः । सोऽपि किमर्थमित्याह—लोकोत्तरचमत्कारकारिवैचित्र्यसिद्धये असामान्याह्लादविधायिविचित्रभावसम्पत्तये । यद्यपि सन्ति शतशः काव्यालंकारास्तथापि न कुतश्चिदप्येवंविध-

वैचित्र्यसिद्धिः । अलंकार-शब्दः शरीरस्य शोभातिशयकारित्वान्मुख्यतया कटकादिषु वर्तते, तत्कारित्वसामान्यादुपचारादुपमादिषु, तद्वदेव च तत्सदृशेषु गुणेषु, तथैव च तदभिधायिनि ग्रन्थे । शब्दार्थयोरेकयोगक्षेमत्वादैक्येन व्यवहारः, यथा गौरिति शब्दः गौरित्यर्थ इति । तदयमर्थः—ग्रन्थस्यालंकार इत्यभिधानम्, उपमादिप्रमेयजातमभिधेयम्, उक्तरूपवैचित्र्यसिद्धिः प्रयोजनमिति।

एवमलंकारस्यास्य प्रयोजनमस्तीति स्थापितेऽपि तदलंकार्यस्य काव्यस्य प्रयोजनं विना सदपि तदपार्थकमित्याह—

**धर्मादिसाधनोपायः सुकुमारक्रमोदितः ।**
**काव्यबन्धोऽभिजातानां हृदयाह्लादकारकः ।। ३ ।।**

हृदयाह्लादकारकश्चित्तानन्दजनकः काव्यबन्धः सर्गबन्धादिर्भवतीति संबन्धः । कस्येत्याकाङ्क्षायामाह—अभिजातानाम् । अभिजाताः खलु राजपुत्रादयो धर्माद्युपेयार्थिनो विजिगीषवः क्लेशभीरवश्च, सुकुमाराशयत्वात्तेषाम् । तथा सत्यपि तदाह्लादकत्वे काव्यबन्धस्य क्रीडनकादिप्रख्यता प्राप्नोतीत्यभिधत्ते — **धर्मादिसाधनोपायः**। धर्मादेरुपेयस्य चतुर्वर्गस्य साधने संपादने तदुपदेशरूपत्वादुपायस्तत्प्राप्तिनिमित्तम्। तथाविध पुरुषार्थोपदेशपरैरपरैरपि शास्त्रैः किमपराद्धमित्यभिधीयते—सुकुमारक्रमोदितः। सुकुमारः सुन्दरः हृदयहारी क्रमः परिपाटीविन्यासस्तेनोदितः कथितः सन् । अभिजातानामाह्लादकत्वे सति प्रवर्तकत्वात्काव्यबन्धो धर्मादिप्राप्त्युपायतां प्रतिपद्यते । शास्त्रेषु पुनः कठोरक्रमाभिहितत्वाद् धर्माद्युपदेशो दुरवगाहः । तथाविधे विषये विद्यमानोऽप्यकिंचित्कर एव । राजपुत्राः खलु समासादितस्वविभवाः समस्तजगतीव्यवस्थाकारितां प्रतिपद्यमानाः श्लाघ्योपदेशशून्यतया स्वतन्त्राः सन्तः समुचितसकलव्यवहारोच्छेदं प्रवर्तयितुं

प्रभवन्तीत्येतदर्थमेव तद्व्युत्पत्तये व्यतीतसच्चरितराजचरितं तन्निदर्शनाय निबध्नन्ति कवयः । तदेवं शास्त्रातिरिक्तमस्त्येव प्रगुणं प्रयोजनं काव्यबन्धस्य ।

मुख्यं पुरुषार्थसिद्धिलक्षणं प्रयोजनमास्तां तावत् अन्यदपि लोकयात्राप्रवर्तननिमित्तं भृत्यसुहृत्स्वाम्यादिसमावर्जनमनेन विना सम्यङ् न संभवतीत्याह—

**व्यवहारपरिस्पन्दसौन्दर्यं व्यवहारिभिः ।**
**सत्काव्याधिगमादेव नूतनौचित्यमाप्यते ।। ४ ।।**

व्यवहारो लोकवृत्तं तस्य परिस्पन्दो व्यापारः क्रियाक्रमलक्षणस्तस्य सौन्दर्यं रामणीयकं तद्व्यवहारिभिर्व्यवहर्तृभिः सत्काव्याधिगमादेव कमनीयकाव्यपरिज्ञानादेव नान्यस्माद् आप्यते लभ्यत इत्यर्थः । कीदृशं तत्सौन्दर्यम्—नूतनौचित्यम् । नूतनमभिनवमलौकिकमौचित्यमुचितभावो यस्य । तदिदमुक्तं भवति—महतां हि राजादीनां व्यवहारे वर्ण्यमाने तदङ्गभूताः सर्वे मुख्यामात्यप्रभृतयः समुचितप्रातिस्विककर्तव्यव्यवहारनिपुणतया निबध्यमानाः सकलव्यवहारिवृत्तोपदेशतामापद्यन्ते । ततः सर्वः क्वचित्कमनीयकाव्ये कृतश्रमः समासादितव्यवहारपरिस्पन्दसौन्दर्यातिशयः श्लाघनीयफलभाग् भवतीति ।

योऽसौ चतुर्वर्गलक्षणः पुरुषार्थस्तदुपार्जनविषयव्युत्पत्तिकारणतया काव्यस्य पारंपर्येण प्रयोजनमित्याम्नातः, सोऽपि समयान्तरभावितया तदुपभोगस्य तत्फलभूताह्लादकारित्वेन तत्कालमेव पर्यवस्यति । ततस्तदतिरिक्तं किमपि सहृदयहृदयसंवादसुभगं तदात्वरमणीयं प्रयोजनान्तरमभिधातुमाह—

**चतुर्वर्गफलास्वादमप्यतिक्रम्य तद्विदाम् ।**
**काव्यामृतरसेनान्तश्चमत्कारो वितन्यते ।। ५ ।।**

चमत्कारो वितन्यते चमत्कृतिर्विस्तार्यते, ह्लादः पुनः पुनः क्रियत इत्यर्थः। केन — काव्यामृतरसेन। काव्यमेवामृतं तस्य रसस्तदास्वादस्तदनुभवस्तेन। क्वेत्यभिदधाति — अन्तश्चेतसि। कस्य — तद्विदाम्। तं विदन्ति जानन्तीति तद्विदस्तज्ज्ञास्तेषाम्। कथम् — चतुर्वर्गफलास्वादमप्यतिक्रम्य। चतुर्वर्गस्य धर्मादेः फलं तदुपभोगस्तस्यास्वादस्तदनुभवस्तमपि प्रसिद्धातिशयमतिक्रम्य विजित्य पस्पशप्रायं संपाद्य। तदयमत्राभिप्रायः — योऽसौ चतुर्वर्गफलास्वादः प्रकृष्टपुरुषार्थतया सर्वशास्त्रप्रयोजनत्वेन प्रसिद्धः सोऽप्यस्य काव्यामृतचर्वणचमत्कारकलामात्रस्यापि न कामपि साम्यकलनां कर्तुमर्हतीति। दुःश्रव-दुर्भण-दुरधिगमत्वादिदोषदुष्टत्वादध्ययनावसरे दुःसहदुःखदायी शास्त्रसन्दर्भस्तत्कालकल्पितकमनीयचमत्कृतेः काव्यस्य न कथंचिदपि स्पर्धामधिरोहतीत्येतदप्यर्थतोऽभिहितं भवति।

> कटुकौषधवच्छास्त्रमविद्याव्याधिनाशनम्।
> आह्लाद्यमृतवत्काव्यमविवेकगदापहम्॥ ७॥
> आयत्यां च तदात्वे च रसनिस्यन्दसुन्दरम्।
> येन संपद्यते काव्यं तदिदानीं विचार्यते॥ ८॥

इत्यन्तरश्लोकौ।

> **अलंकृतिरलंकार्यमपोद्धृत्य विवेच्यते।**
> **तदुपायतया तत्त्वं सालंकारस्य काव्यता॥ ६॥**

अलंकृतिरलंकरणम् अलंक्रियते ययेति विगृह्य। सा विवेच्यते विचार्यते। यच्चालंकार्यमलंकरणीयं वाचकरूपं वाच्यरूपं च तदपि विवेच्यते। तयोः सामान्यविशेषलक्षणद्वारेण स्वरूपनिरूपणं क्रियते। कथम् — अपोद्धृत्य। निष्कृष्य पृथक् पृथगवस्थाप्य, यत्र समुदायरूपे तयोरन्तर्भावस्तस्माद्विभज्य। केन हेतुना —

तदुपायतया। तदिति काव्यं परामृश्यते। तस्योपायस्तदुपायस्तस्य भावस्तदुपायता तया हेतुभूतया। यस्मादेवंविधो विवेकः काव्यव्युत्पत्त्युपायतां प्रतिपद्यते। दृश्यते च समुदायान्तःपातिनामसत्यभूतानामपि व्युत्पत्तिनिमित्तमपोद्धृत्य विवेचनम्। यथा — पदान्तर्भूतयोः प्रकृतिप्रत्यययोर्वाक्यान्तर्भूतानां पदानां चेति। यद्येवमसत्यभूतोऽप्यपोद्धारस्तदुपायतया क्रियते तत् किं पुनः सत्यमित्याह — **तत्त्वं सालंकारस्य काव्यता।** तदयमत्र परमार्थः — सालंकारस्यालंकरणसहितस्य सकलस्य निरस्तावयवस्य सतः समुदायस्य काव्यता कविकर्मत्वम्। तेनालंकृतस्य काव्यत्वमिति स्थितम्, न पुनः काव्यस्यालंकारयोग इति।

सालंकारस्य काव्यतेति संमुग्धतया किंचित् काव्यस्वरूपं सूत्रितम् निपुणं पुनर्न निश्चितम्। किंलक्षणं वस्तु काव्यव्यपदेशभाग् भवतीत्याह—

**शब्दार्थौ सहितौ वक्रकविव्यापारशालिनि।**
**बन्धे व्यवस्थितौ काव्यं तद्विदाह्लादकारिणि ॥ ७ ॥**

**शब्दार्थौ काव्यं** वाचको वाच्यं चेति द्वौ संमिलितौ काव्यम्। द्वावेकमिति विचित्रैवोक्तिः। तेन यत्केषांचिन्मतं कविकौशलकल्पितकमनीयतातिशयः शब्द एव केवलं काव्यमिति केषांचिद् वाच्यमेव रचनावैचित्र्यचमत्कारकारि काव्यमिति, पक्षद्वयमपि निरस्तं भवति। यस्माद् द्वयोरपि प्रत्येकं प्रतितिलमिव तैलं तद्विदाह्लादकारित्वं वर्तते, न पुनरेकस्मिन्। यथा—

